# કલામે ઈમામે મુબીન

## ભાગ-૨

# IMAME MUBIN

# ઈમામે મુબીન



**NOOR MOWLANA**

**SULTAN MAHOMEDSHAH AGAKHAN AL HUSEINI**

**નુર મૌલાના**

**સુલતાન મોહમદશાહ આગાખાન અલ હુસેની**

1950.

# કલામે ઇમામે મુબીન

યાને

મૌલાના હાઝર ઈમામના

# મુબારક ફરમાનો

(પુસ્તક બીજું.)

FOR CIRCULATION AMONGST IMAMI ISMAILIS ONLY.

# KALAM E IMAM E MUBIN

## HOLY FIRMANS OF

## MOWLANA HAZAR IMAM SULTAN MOHOMED SHAH

## THE AGAKHAN.

(FROM 1911 A. D. TO 1951 A. D.)

# 2

BOMBAY

ISMAILIA ASSOCIATION FOR INDIA

1951.

ફક્ત ઈમામી ઈસમાઈલીઓ માટે.

# કલામે ઇમામે મુબીન

યાને

અવ્વલ ઇમામ હઝરત મૌલા મુરતુઝા અલીથી નસલ બ નસલ
ઉતરી આવેલા ઈમામતના ૪૮ મા જેમાના ધણી

## મૌલાના હાઝર ઈમામ
## નુર સુલતાન મહમ્મદ શાહ આગાખાનસાહેબના

# મુબારક ફરમાનો

(ઇ. સ. ૧૯૧૧ થી ૧૯૫૧ સુધીના.)

## ૨

મુંબઇ
ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયાનું
પ્રકાશન
૧૯૫૧.

હદિયો.

આવૃતિ પહેલી — ભારત રૂા. ૫] પોસ્ટેજ પેકીંગ સાથે રૂા. ૬-૪-૦

પ્રત ૩૦૦૦ — બર્મા રૂા. ૫] ,, ,, ,, રૂા. ૭-૦-૦

પાકિસ્તાન પાકિ.રૂા.૫] ,, ,, ,, પાકિ. રૂા. ૬-૪-૦

આફ્રિકા વગેરે શી. ૧૦] પોસ્ટેજ પ્રેકીંગ સાથે શી. ૧૨

**ALL RIGHTS RESERVED.**

આ પુસ્તકના સર્વે હક પ્રગટ કર્તાએ પોતાને સ્વાધિન રાખેલ છે.

★

છાપી પ્રગટ કરનાર:

ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયા વતી

પ્રેસ એન્ડ પબ્લીસીટી ડીપાર્ટમેન્ટના ઓન. સેક્રેટરી

**મી. વી. એન. હુદા** ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ, ભીમપુરા,

ડોંગરી-મુંબઇ, ૯.

# કલામે ઇમામે મુબીન

## પુસ્તક બીજું

# દીબાચો

"તમે જેઓ ઇમાન લાવ્યા છો, તાબેદારી કરો અલ્લાહની તાબેદારી કરો રસુલની અને તાબેદારી કરો તમારા ઉપર હુકમની સત્તા રાખનારની."

—કુરઆને શરીફ, સુરા ૪, આયાત ૫૯

ખુદાતઆલાએ મખ્લુકાત પેદા કરી. એ મખ્લુકાતને દોરવણી-હિદાયત આપવા હરેક ઝમાનામાં, હર વખતે પોતાનો પ્રતિનીધિ દુનિયા ઉપર રાખ્યો. એ પ્રતિનીધિ, અસાસ રૂપે, નબી અને પયગમ્બર રૂપે અને છેવટે ઇમામ રૂપે લોકોને ઝમાનાની જરૂરત પ્રમાણે હિદાયત કરતા આવ્યા છે અને દુનિયાના અંત સુધી કરતા રહેશે. એમની હિદાયત પ્રમાણે ચાલવા, એમના હુકમ પ્રમાણે વર્તવા ખુદાતઆલાએ મજકુર આયાત નાઝિલ કરી છે આ આયાત નાઝિલ થવાનું એક કારણ એ હતું કે દુનિયાના લોકો ઢોંગી અને સ્વાર્થસાધુ ઉપદેશકોથી ખોટે માર્ગે દોરવાઇ ન જાય પરંતુ જેને ખુદાતઆલાએ પોતાની વતી હુકમ આપવાની સત્તા આપી છે તે ઝમાનાના ઇમામના ફરમાન પ્રમાણે ચાલે અને પોતાની જીંદગી સફળ કરે. બીજું કારણ એ છે કે ઝમનો સ્થગિત નથી પણ વિકાસ પામતો રહે છે તેથી એના વિકાસની સાથે લોકો પણ વિકાસ પામે છે. આ વિકાસ અથવા પ્રગતિ સાધવા માટે હરપળે માનવીને દોરવણીની જરૂર છે. આ દોરવણી એવી હસ્તિ તરફની હોય કે જે દોરવણી આપવા માટે સમર્થ અને સત્તાધારી હોય તોજ એ લોકોને ફાયદો પહોંચાડી શકે છે.

આ હેતુઓ માટે ખુદાતઆલાને ઉપરની આયાત મોકલવી પડી હતી.

આ આયાતની જરૂરત એટલા ઉપરથી સાબિત થાય છે કે એના નાઝિલ થવા પછી કેટલાક બિનસત્તાધારીઓએ લોકોને પોતાના મતલબને પાર પાડવા ખોટી દોરવણીઓ આપી હતી અને ખોટે માર્ગે તેઓને દોરવ્યા હતા. વગર વિચાર્યે આવા ગુમરાહ થયેલા લોકો આજે ચોફેર મુંઝાયલા જોવામાં આવે છે. તેમને પ્રકાશ

દેખાતો નથી, માર્ગ સુઝતો નથી અને ખુદાતઆલાના હુકમ મુજબ પોતાના જીવનનું સંચાલન પોતે નથી કરી શકતા એ ખ્યાલથી તેઓ માયુશ રહ્યા કરે છે.

આમ થવાનું કારણ એકજ છે કે તેમણે એની હિદાયત ન માની જેને હિદાયત કરવા માટે ખુદાતઆલાએ સત્તા આપી છે યાને જે 'ઉલીલ અમ્ર" છે.

આ બહુ નાજુક તેમજ બહુ ગંભિર બાબત છે. "ઉલીલ અમ્ર" ને ઓળખવો એ બહુ સહેલું છે છતાં દુનિયાના લોકોને એ મુશકીલ થઇ પડયું છે. અને તેનું કારણ ખુદાઇ કિતાબ —કુરઆને મજીદ—માં ખુદાતઆલાએ ચોકખી રીતે જે ખુલાસાઓ આપ્યા છે તેને કેટલાકોએ જુદી જુદી રીતે અર્થો કરી લોકોને સીધા રસ્તા ઉપરથી-સિરાતીમ મુસ્તકીમ—ઉપરથી ઉતારી પાડવામાં આવ્યા છે.

જેઓ સિરાતીમ મુસ્તકીમ ઉપર ચાલ્યા છે તેઓ ગુમરાહ નથી થયા અને તેમનો રસ્તો સાફ છે.

આ સીધો રસ્તો દેખાડનાર 'ઉલીલ અમ્ર" તે ઝમાનાના ઇમામ છે જેની સાબીતીઓ કુરઆને શરીફ અને હદીસમાં ઘણી આપવામાં આવી છે.

ઝમાનાના ઇમામ એ હાદી છે અને હિદાયત કરનાર છે. મખલુકાત પાસે ખુદાતઆલા ઝમાના અનુસાર શું કરાવવા ચાહે છે તે ઇમામ વગર કોઇ કહી શકે એમ નથી ખુદાની ઇચ્છા ઇમામ જાણે છે કારણ એ ઝમાના સાથેનો ખુદાનો પ્રતિનીધિ છે, ખુદાનો સત્તાધારી છે, જેનામાં ખુદાએ બધી બાબતો સમાવી છે. (કુરઆને શરીફ સુરા ૩૬, આયાત ૧૨)

ઇમામનો દરજ્જો ઘણો બુલંદ છે જેના માટે પયગમ્બર સાહેબે પોતાની હદીસમાં ફરમાવ્યું છે કે "જો ઝમાનાના ઇમામ વગર દુનિયા એક પળવાર પણ ખાલી રહે તો તે હલાક થઇ જાય."

આ ઝમાનાના ઇમામને ઓળખવા માટે જેમણે પ્રયત્નો કર્યા છે તેઓ એને ઓળખી શકયા છે. મૌલાના રૂમી, નાસિરૂદીન તુસી, ઉમર ખૈયામ, નાસિર ખુશરૂ, ફરિદુદ્દીન અત્તાર, ફિરદોશી વગેરે મહાન સંતો અને વિચારકોએ દુનિયા ઉપર રાહબરનું હોવું જરૂરી છે એની ખાત્રી કરી લીધી હતી

**કાઝી નોમાન** જેને આખું ઇસ્લામી જગત એક મહાન ધર્મશાસ્ત્રી, વ્યવહારશાસ્ત્રી, કાયદાશાસ્ત્રી અને ન્યાયશાસ્ત્રી (eminent jurist) તરીકે કબુલ કરે છે તે પોતાની મશહુર કિતાબ "કિતાબુલ હિમા ફી અદાબી અતાબ

અલ એમા" માં ઇમામની ફઝીલત સંબંધી જે લખે છે તે આખી ઇસ્લામી આલમને સમજવા જેવું છે. લખે છે **કાઝી નોમાન:**

ઇમામો,તરફ ઉચ્ચતમ આદરભાવ રાખવાની ફરજ આપણા ઉપર ખુદાતઆલાએ નાંખી છે. ખુદાતઆલાએ પોતા પ્રત્યેના ભક્તિભાવ સાથે અને પયગમ્બર પ્રત્યેના ભક્તિભાવ સાથે ઇમામો પ્રત્યેના ભક્તિભાવને જોડેલો છે. ખુદાતઆલાએ ઇમામો પ્રત્યેના આપણા ભક્તિભાવ ઉપર ભાર મુકયો છે અને વધુમાં આપણા ઝઘડાઓ તેમને સોંપવાનો હુકમ ફરમાવ્યો છે.

"ખુદાતઆલા તરફનો આપણો ભક્તિભાવ જેટલો છે તેટલોજ ભક્તિભાવ આપણને પયગમ્બર તરફ છે તેથી આપણા ઝમાનાના ઇમામ પ્રત્યે આપણે એટલી હદ સુધી પુજ્યભાવ રાખવો વજબ છે જેટલો પુજ્યભાવ પયગમ્બર પ્રત્યે એમના ઝમાનાનાં લોકો રાખતા હતા.

"માટે આપણે સૌને લાઝમ છે કે તેમના પ્રત્યે પુજ્યભાવ રાખવો અને તેમની સામે નમ્રતાથી ઝુકવું. દુનિયાના બાદશાહો તરફ આપણને જેટલું માન છે તેના કરતાં વધુ માન એમના તરફ રાખવું એ આપણી સૌથી અગત્યની ફરજ છે અને દુનિયાના ઉચ્ચ ધર્માધિકારીઓ પ્રત્યે આપણે જે પુજ્યભાવપુર્વકનો ભય સેવીયે છીએ એના કરતાં ઘણો વધુ મોટો પૂજ્યભાવપુર્ણ ભય ઇમામો તરફ સેવવો જોઇએ.

"ઇમામો પ્રત્યેનું આપણું માન અને એમના પ્રત્યેનો ભય, ખુદાતઆલાને રાજી કરવા માટેની ભાવનામાંથી ઉદ્દભવવો જોઇએ, બીજા કશામાંથી નહીં કારણ કે ખુદાતઆલાએ તેમને સૌથી ઉચ્ચ દરજ્જે મુકરર કર્યા છે.

"દુનિયાના લોકો બાદશાહોને તેમના દબદબા અને સત્તા માટે માન આપે છે. પરંતુ ઇમામના મુરીદોએ તેમના રૂહાની સરદાર તરફ પુજ્યભાવ એટલા માટે રાખવો જોઇએ કે ઇમામતની ઇઝઝત તેઓ ધરાવે છે અને તેમણે એમના પ્રત્યે પુજ્યભાવપુર્વકનો ભય એટલા માટે સેવવો જોઇએ કે એમની પેશાનીમાંથી ખુદાઇ ડહાપણની ચકચકિત રોશની પ્રકાશિત થઇ રહી છે.

"આપણે તેમની તરફ દીનના રાજ્યના બાદશાહો તરીકે જોઇએ અને તેમની ઇઝઝત કર્યે કારણ ખુદાતઆલા તેમની ઇઝઝત કરે છે. જો આમ કરવામાં આપણે નિષ્ફળ જશું તો આપણે ખુદાતઆલાનો આઝાબ (કોપ) વ્હોરી લેશું અને એનો અંજામ ભયંકર આવશે.

બી

'ઇમામોના દિદાર આપણે આપણી અક્કલ હુશીયારી અને સંપુર્ણ ભાન સાથે કરીએ. તેમના તરફ આપણે આતુર આંખોથી નિરખીયે અને તેમનો વારંવાર દિદાર કરવાની ઉત્સુકતા અને તાલાવેલી રાખીયે.

"એક હદીસ છે કે 'ઇમામનો દિદાર એ ભકિત છે અને કુરઆનનો દિદાર એ ભકિત છે' આ હદીસમાં જે "દિદાર" નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ગફલતીની કે ચિન્તસુન્ય નજર નથી. એનો અર્થ વિચારપુર્વક જોવું-દિદાર કરવું એમ થાય છે. કારણ કે વિચાર વગરના એક જોનારને કુરઆન તરફ ખાલી જોવાથી કશો ફાયદો થતો નથી. ખુદાતઆલા ફરમાવે છે: "શું તેઓ કુરઆન ઉપર વિચાર-મનન નથી કરતા? શું તેમના દિલો ઉપર તાળા લાગી ગયા છે?"

"એક હદીસમાં પણ ફરમાવેલું છે:

'કુરઆન વગર વિચાર્યે આખી રાત સુધી વાંચવા કરતાં તેમાંની એક આયાત વિચારપુર્વક વાંચવી બહેતર છે.' બીજી પણ એક હદીસમાં ફરમાવેલું છે: 'ખારજીઓ કુરઆન વાંચે છે પણ તેમના દિલોમાં તે ઉતરતું નથી.' આનો અર્થ એ છે કે તેઓ પોતાની જીભથી કુરઆન ગણગણી જાય છે પણ પોતાનું મન તેમાં પરોવતા નથી. આ કારણથી તેમનાં દિલો સુધી એ પહોંચતુ નથી અને એનાથી તેમને ફાયદો થતો નથી

"માટે, જ્યારે આપણે ઇમામના ફરમાનો સાંભળતા હોઇએ ત્યારે આપણું પુરૂં ધ્યાન એમના શબ્દો તરફ રાખવું જોઇએ. જ્યારે તેઓ ફરમાન કરતા હોય ત્યારે આપણે સંપુર્ણપણે કાન દઇને સાંભળીએ અને જ્યારે તેઓ ફરમાન પુરાં કરે ત્યારે એ ફરમાનો ઉપર આપણે વિચાર કર્યે. આપણને ખાસ ધ્યાન રાખવાનું છે કે ઇમામના શબ્દો એ વહેવારીકપણે (practically) પયગમ્બરના પોતાના શબ્દો છે. કારણ ખુદાતઆલાએ ઇમામો પ્રત્યેનો પુજ્યભાવ પોતાના અને પયગમ્બર પ્રત્યેના પુજ્યભાવ સાથે જોડી નાખેલો છે. આપણે તેમના હુકમો અને મનાઇઓને પાળવી જોઇએ તેઓ આપણી પાસે જે કરાવવા માગે તે આપણે કર્યે અને જે આપણે ન કર્યે એમ તેઓ ઇચ્છતા હોય એનાથી આપણે દુર રહીએ.

"જે આપણે તેમની પાસેથી સીધેસીધું નહી સાંભળ્યું હોય પણ સમાચાર મારફતે જાણી શકયા હોઇએ એમાં આપણા ડહાપણ અને વિચારનો ઉપયોગ કરવો જોઇએ. કારણ કે તેમનો એકેએક શબ્દ બુધ્ધિ અને ડહાપણથી ભરપુર છે અને તેમનું એકેએક ફરમાન આપણી બહેતરી માટે છે. આ બાબતોને સમજવી એ ખુદાતઆલા તરફની બક્ષિશ છે. ખુદાતઆલા આ બક્ષિશ તેઓને આપે છે

જેઓને તે ચાહે છે અને જેઓને તે નથી ચાહતો તેઓને એ બક્ષિશ નથી આપતો.

"આપણામાંથી કોઇને ઇમામના ફરમાનો ગુંચવણભર્યા લાગે અને એને સમજવા માટે પોતામાં પુરતી સમજશકિત ન હોય; જો તે એનો અર્થ ન સમજે અથવા એ ફરમાનનો અમુક ભાગ એને ન રૂચે અથવા એને તે નકામુ અને અર્થ વગરનું ગણે ત્યારે એણે સમજવું જરૂરનું છે કે એમાં વાંક એનો પોતાનો છે. તેણે પોતાની નબળાઈ અને અસમર્થપણું સ્વિકારવુ જોઇએ અને તેણે પોતાના કરતાં જે વધુ જાણકાર હોય એને આ બાબતમાં પુછીને માર્ગદર્શન મેળવવું જોઇએ. પોતાની મુશકીલી દુર કરાવવા જો તેને એવો કોઇ જાણકાર ન મળે તો પણ તેણે એ ફરમાનોમાં પોતાનો ભરોસો અને ઇમાન જાળવી રાખવા જોઇએ. તેણે આની જાણ કરી લેવા માટે બીજો જે સારામાં સારો માર્ગ હોય તે અખત્યાર કરવો જોઇએ અને બાકીનું બધું ઇમામને ભરોસે છોડી દેવું જોઇએ."

ઇમામની ફઝીલત અને મરતબો મહાન ન્યાયશાસ્ત્રી કાઝી નોમાને ઘણી સુંદર રીતે દેખાડયો છે.

ઇસમાઇલીઓ ખુશનસીબ છે કે તેમણે ઝમાનાના ઇમામનો દામન ઝાલ્યો છે અને પોતાની આકેબત માટે નચિંતાઇ મેળવી લીધી છે.

ઇસમાઇલીઓની તરક્કી માટે જે વસ્તુઓની જરૂર છે તે ઝમાનાના ઇમામ તેમને ફરમાનો દ્વારા વખતો વખત ફરમાવે છે. જેમ વખત બદલાતો જાય છે તેમ લોકોની જરૂરતો પણ બદલાતી જાય છે તેથી જે વખતે જે ચીજની જરૂર હોય તે ચીજ ફરમાન દ્વારા ઇમામે મુબીન મુરીદોને આપે છે.

૧૯૫૧માં મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું છે:

"સિતેર વર્ષમાં સિતેર વખત અમે અમારા ફરમાન બદલાવ્યા છે."

ઇમામ વગર આ પ્રમાણે બીજું કોણ કરી શકે? ચૌદસો વર્ષો પહેલાના અને અત્યારના ઝમાનામાં ઘણો ફરક છે. તે વખતની પધ્ધતિ અને રૂઢી અત્યારે માફક ન આવે. આજની પધ્ધતિ અને રૂઢી ચૌદસો વર્ષો પછી નકામી હશે. આ બદલાતા જતા વખત પ્રમાણે દુનિયાને હિદાયતની જરૂર રહે છે જે ખુદાતઆલાના કોલ મુજબ એના તરફથી હુકમની સત્તા ધરાવનાર દુનિયાને આપતા રહે છે.

મૌલાના હાઝર ઇમામ, ઇમામતના ૪૮મા જોમાના ધણી, નુર મૌલાના **સુલતાન મહમદશાહ આગાખાન** અલ હુસેનીના મુબારક ફરમાનો, તેઓ નામદાર

ઇમામતના તખ્ત ઉપર ઇ. સ. ૧૮૮૫માં બિરાજમાન થયા ત્યારથી ઇ. સ. ૧૯૧૦ સુધીના "કલામે ઇમામે મુબીન" પુસ્તક પહેલામાં ૧૯૫૦માં પ્રગટ કરવામાં આવ્યા છે. ઇ. સ. ૧૯૧૧થી ઇ. સ. ૧૯૫૧ (જાનેવારી) સુધીના ફરમાનો એકઠા કરી આ બીજા પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યા છે.

જુદી જુદી જગ્યાએથી આ ફરમાનો એકઠાં કરી. કેટલીક જગ્યાએ બીજી ભાષાઓમાંથી તરજુમા કરી વ્યવસ્થિત રીતે ગોઠવવાનું ઘણું મહેનતનું કામ અનુભવી મિશનરી **મામદભાઇ મુરાદઅલી**એ લગભગ એક વર્ષ સુધી જહેમત ઉઠાવી પાર પાડયું છે, જે માટે તેમને ઘણા ધન્યવાદ ઘટે છે.

આ બધા ફરમાનો વાંચીને તપાસી જવાનું કામ ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયાના પ્રેસ અને પબ્લીસીટી ડિપાર્ટમેન્ટના ઓનરરી સેક્રેટરી હુઝુર મુખી **વલીમહુમદ નાનજી હુદા**એ મહિનાઓ સુધી કર્યું અને પ્રુફો તપાસ્યા તે માટે તેમને પણ ઘણા ધન્યવાદ ઘટે છે.

આ ગ્રંથના શબ્દોની અનુક્રમણિકા-ઇન્ડેક્ષ તૈયાર કરવાનું ઘણું કંટાળાભરેલું કામ ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયાના ઓનરરી સુપરવાયઝર **આલીજાહ હુસેનભાઇ મર્ચન્ટ** પાર પાડયું છે. તેમની સેવા માટે તેમને પણ ઘણા ધન્યવાદ ઘટે છે.

શિવાય જેમણે વખતોવખત એસોસિએશનના ફરમાનોના સંગ્રહ કરવાના આ કામમાં સલાહ સુચનાઓ આપી છે તે સર્વેનો અંતઃકરણપુર્વક આભાર માનું છું.

| | |
|---|---|
| "રિક્રીએશન ચેમ્બર્સ" | **ગુલામહુસેન એસ. થાવરભાઇ** |
| મુંબઇ. ૯ | પ્રેસીડેન્ટ |
| **જુન ૧૯૫૧** | ઇસમાઇલીઆ એસોસિએશન ફોર ઇન્ડીયા |

# અનુક્રમણિકા

નીચેની અનુક્રમણિકામાં કકાવાળી પ્રમાણે ગામોના નામોથી ફરમાન નંબર, તારીખ, અને પાના આપવામાં આવેલ છે.


| ફ. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| | અમદાવાદ | |
| ૧૮૩ | ૧-૨-૧૩ | ૧૮ |
| | અરૂપા | |
| ૫૫૪ | ૧૫-૮-૪૬ | ૪૩૨ |
| | અહમદનગર | |
| ૨૩૬ | ૭-૩-૨૩ | ૭૧ |
| ૨૩૭ | ૩૦-૧-૨૪ | ૭૨ |
| ૩૯૫ | ૧૦-૧-૩૮ | ૨૩૮ |
| | આગ્રા | |
| ૫૨૩ | ૨૩-૧૧-૪૫ | ૩૮૬ |
| ૫૨૪ | ૨૭-૧૧-૪૫ | ૩૮૮ |
| ૫૨૫ | ૨૯-૧૧-૪૫ | ૩૮૮ |
| ૫૭૭ | ૨૭-૧-૫૦ | ૪૫૬ |
| ૫૯૮ | ૨૯-૧-૫૧ | ૪૮૪ |
| | આણંદ | |
| ૨૩૫ | ૫-૩-૨૩ | ૭૧ |
| | એન્ટીલસ | |
| ૪૦૬ | ૧૪-૪-૩૮ | ૨૫૦ |
| | કમ્પાલા | |
| ૪૮૭ | ૧૭-૫-૪૫ | ૩૨૦ |
| ૪૮૮ | ૨૨-૫-૪૫ | ૩૨૨ |
| ૪૮૯ | ૨૩-૫-૪૫ | ૩૨૨ |
| ૪૯૦ | ૨૪-૫-૪૫ | ૩૨૩ |
| ૪૯૧ | ૨૫-૫-૪૫ | ૩૨૪ |
| ૫૫૬ | ૧૯-૮-૪૬ | ૪૩૫ |
| ૫૫૭ | ૨૧-૮-૪૬ | ૪૩૬ |
| ૫૫૮ | ૨૨-૮-૪૬ | ૪૩૮ |
| | કરાચી | |
| ૧૬૫ | ૪-૧-૧૨ | ૪ |
| ૧૬૬ | ૫-૧-૧૨ | ૬ |
| ૧૬૭ | ૭-૧-૧૨ | ૭ |
| ૧૬૮ | ૮-૧-૧૨ | ૭ |
| ૧૬૯ | ૧૬-૧-૧૨ | ૮ |
| ૧૭૦ | ૧૮-૧-૧૨ | ૮ |
| ૨૧૨ | ૧૧-૪-૨૦ | ૪૨ |
| ૨૧૩ | ૨૧-૪-૨૦ | ૪૨ |
| ૨૧૪ | ૨૪-૪-૨૦ | ૪૪ |
| ૨૧૫ | ૨૪-૪-૨૦ | ૪૪ |
| ૨૧૬ | ૨૪-૪-૨૦ | ૪૭ |
| ૨૧૭ | ૨૫-૪-૨૦ | ૪૯ |
| ૨૧૮ | ૨૬-૪-૨૦ | ૪૯ |
| ૨૧૯ | ૨૮-૪-૨૦ | ૫૧ |

| ક્ર. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૨૨૦ | ૨૯-૪-૨૦ | ૫૨ |
| ૨૨૧ | ૩૦-૪-૨૦ | ૫૪ |
| ૨૨૨ | ૧-૫-૨૦ | ૫૫ |
| ૨૨૩ | ૩-૫-૨૦ | ૫૯ |
| ૨૨૪ | ૬-૫-૨૦ | ૬૦ |
| ૪૦૧ | ૨૫-૧-૩૮ | ૨૪૩ |
| ૪૦૨ | ૨૬-૧-૩૮ | ૨૪૪ |
| ૪૦૩ | ૨૭-૧-૩૮ | ૨૪૭ |
| ૪૩૭ | ૧૮-૨-૩૯ | ૨૮૦ |
| ૪૩૮ | ૨૦-૨-૩૯ | ૨૮૦ |
| ૪૩૯ | ૨૧-૨-૩૯ | ૨૮૧ |
| ૫૨૨ | ૮-૧૧-૪૫ | ૩૮૫ |
| ૫૭૮ | ૪-૨-૫૦ | ૪૫૮ |
| ૫૭૯ | ૫-૨-૫૦ | ૪૫૯ |
| ૫૮૦ | ૭-૨-૫૦ | ૪૬૦ |
| ૫૮૧ | ૯-૨-૫૦ | ૪૬૦ |
| ૫૮૨ | ૧૦-૨-૫૦ | ૪૬૨ |
| ૫૮૩ | ૧૧-૨-૫૦ | ૪૬૬ |
| ૫૮૪ | ૧૨-૨ ૫૦ | ૪૬૯ |
| ૫૮૫ | ૧૪-૨-૫૦ | ૪૭૦ |
| ૫૮૬ | ૧૮-૨-૫૦ | ૪૭૧ |
| ૫૯૯ | ૪-૨-૫૧ | ૪૮૫ |
| ૬૦૦ | ૫-૨-૫૧ | ૪૮૭ |
| ૬૦૧ | ૬-૨-૫૧ | ૪૮૮ |
| ૬૦૨ | ૭-૨-૫૧ | ૪૮૯ |
| ૬૦૩ | ૯-૨-૫૧ | ૪૯૩ |
| | **કીસુમુ** | |
| ૩૫૩ | ૧૮-૧-૩૭ | ૧૮૭ |

| ક્ર. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૭૯ | ૮-૫-૪૫ | ૩૧૩ |
| ૪૮૦ | ૯-૫-૪૫ | ૩૧૪ |
| ૪૮૧ | ૧૦-૫-૪૫ | ૩૧૬ |
| ૪૮૨ | ૧૧-૫-૪૫ | ૩૧૭ |
| ૪૮૩ | ૧૨-૫-૪૫ | ૩૧૭ |
| ૪૯૩ | ૨૭-૫-૪૫ | ૩૨૫ |
| ૫૩૭ | ૨૩-૫-૪૬ | ૩૯૭ |
| | **ફેરા** | |
| ૪૦૫ | ૧૧-૨ ૩૮ | ૨૪૯ |
| ૪૪૨ | ૪-૨-૪૦ | ૨૮૨ |
| ૪૫૩ | ૨૨-૩-૪૦ | ૨૯૧ |
| | **કેશોદ** | |
| ૨૩૦ | ૧૬-૨-૨૩ | ૬૯ |
| | **જંગબાર** | |
| ૧૯૩ | ૧૫-૭-૧૪ | ૨૫ |
| ૧૯૪ | ૧૬-૭-૧૪ | ૨૬ |
| ૧૯૫ | ૧૭ ૭-૧૪ | ૨૭ |
| ૧૯૬ | ૧૮ ૭-૧૪ | ૨૮ |
| ૧૯૭ | ૧૯-૭-૧૪ | ૨૮ |
| ૧૯૮ | ૨૧-૭ ૧૪ | ૩૦ |
| ૧૯૯ | ૨૨-૭-૧૪ | ૩૦ |
| ૨૦૦ | ૨૩-૭-૧૪ | ૩૦ |
| ૨૦૧ | ૨૪-૭-૧૪ | ૩૧ |
| ૨૦૨ | ૨૫-૭-૧૪ | ૩૧ |
| ૨૦૩ | ૨૬-૧૦-૧૪ | ૩૨ |
| ૨૦૪ | ૨૭-૭-૧૪ | ૩૩ |
| ૨૦૫ | ૨૯-૭-૧૪ | ૩૩ |

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૨૦૬ | ૩૧-૭-૧૪ | ૩૪ |
| ૨૦૭ | ૪-૮-૧૪ | ૩૫ |
| ૨૦૮ | ૬-૮-૧૪ | ૩૮ |
| ૨૩૮ | ૯-૨-૨૫ | ૭૩ |
| ૨૩૯ | ૧૦-૨-૨૫ | ૭૪ |
| ૨૪૦ | ૧૧-૨-૨૫ | ૭૫ |
| ૨૪૧ | ૧૨-૨-૨૫ | ૭૬ |
| ૨૪૨ | ૧૩-૨-૨૫ | ૭૮ |
| ૨૪૩ | ૧૪-૨-૨૫ | ૭૮ |
| ૨૪૪ | ૧૫-૨-૨૫ | ૭૯ |
| ૨૪૫ | ૧૬-૨-૨૫ | ૭૯ |
| ૨૪૬ | ૧૭-૨-૨૫ | ૮૦ |
| ૨૪૭ | ૧૮-૨-૨૫ | ૮૨ |
| ૨૪૮ | ૧૯-૨-૨૫ | ૮૩ |
| ૨૪૯ | ૨૦-૨-૨૫ | ૮૫ |
| ૩૫૯ | ૨૫-૧-૩૭ | ૧૯૮ |
| ૩૬૦ | ૨૬-૧-૩૭ | ૨૦૦ |
| ૩૬૧ | ૨૭-૧-૩૭ | ૨૦૨ |
| ૩૬૨ | ૨૮-૧-૩૭ | ૨૦૬ |
| ૩૬૩ | ૨૯-૧-૩૭ | ૨૦૬ |
| ૩૬૯ | ૩૧-૧-૩૭ | ૨૧૨ |
| ૫૦૪ | ૨૬-૬-૪૧ | ૩૪૬ |
| ૫૦૫ | ૨૮-૬-૪૫ | ૩૪૯ |
| ૫૦૬ | ૩૦-૬-૪૫ | ૩૫૦ |
| ૫૦૭ | ૧-૭-૪૫ | ૩૫૦ |
| ૫૦૮ | ૮-૭-૪૫ | ૩૫૧ |

જામનગર

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૩૦ | ૬-૨-૩૯ | ૨૭૦ |
| ૪૩૧ | ૭-૨-૩૯ | ૨૭૨ |
| ૪૩૨ | ૮-૨-૩૯ | ૨૭૩ |

જીનીવા

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૪૦ | ૬-૯-૩૯ | ૨૮૧ |
| ૪૫૫ | ૩૦-૪-૪૨ | ૨૯૨ |
| ૪૫૬ | ૧૮-૫-૪૨ | ૨૯૩ |
| ૪૫૭ | ૯-૭-૪૨ | ૨૯૩ |
| ૪૫૯ | ૧૬-૧૨-૪૨ | ૨૯૫ |
| ૪૬૦ | ૧૭-૨-૪૩ | ૨૯૫ |

જુનાગઢ

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૩૪ | ૧૦-૨-૩૯ | ૨૭૫ |

ઝુરીચ

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૫૪ | ૭-૧૧-૪૧ | ૨૯૨ |

ટાંગા

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૩૫૮ | ૨૩-૧-૩૭ | ૧૯૭ |
| ૫૦૩ | ૨૫-૬-૪૫ | ૩૪૫ |

ડોડોમા

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૨૫૫ | ૧૫-૭-૨૫ | ૯૦ |
| ૩૭૭ | ૧૧-૨-૩૩ | ૨૨૩ |

તાનાનારીવ (માડાગાસ્કર)

| ક્ર નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૫૩૯ | ૫-૬-૪૬ | ૩૯૯ |
| ૫૪૦ | ૬-૬-૪૬ | ૩૯૯ |
| ૫૪૧ | ૭-૬-૪૬ | ૪૦૦ |
| ૫૪૨ | ૮-૬-૪૬ | ૪૦૩ |
| ૫૪૩ | ૯-૬-૪૬ | ૪૦૫ |
| ૫૪૪ | ૧૦-૬-૪૬ | ૪૦૬ |

| ફ ન | તારીખ | પાનું |
|---|---|---|
| ૫૪૫ | ૧૩-૬-૪૬ | ૪૦૬ |
| ૫૪૬ | ૧૭-૬-૪૬ | ૪૦૮ |
| | દારેસલામ | |
| ૨૫૩ | ૮-૩-૨૫ | ૮૯ |
| ૨૫૪ | ૯-૩ ૨૫ | ૯૦ |
| ૩૭૦ | ૧-૨-૩૭ | ૨૧૩ |
| ૩૭૧ | ૨-૨-૩૭ | ૨૧૫ |
| ૩૭૨ | ૩-૨-૩૭ | ૨૧૬ |
| ૩૭૩ | ૪-૨-૩૭ | ૨૧૮ |
| ૩૭૪ | ૬-૨-૩૭ | ૨૧૯ |
| ૩૭૫ | ૮-૨-૩૭ | ૨૨૧ |
| ૩૭૬ | ૯-૨-૩૭ | ૨૨૨ |
| ૩૭૮ | ૧૪-૨ ૩૭ | ૨૨૪ |
| ૩૭૯ | ૧૫-૨ ૩૭ | ૨૨૫ |
| ૫૦૯ | ૯-૭-૪૫ | ૩૫૪ |
| ૫૧૦ | ૧૦-૭ ૪૫ | ૩૫૧ |
| ૫૧૧ | ૧૧-૭-૪૫ | ૩૫૬ |
| ૫૧૨ | ૧૩ ૭-૪૫ | ૩૫૭ |
| ૫૧૩ | ૧૭-૭-૪૫ | ૩૬૫ |
| ૫૧૪ | ૨૧-૭-૪૫ | ૩૬૮ |
| ૫૧૫ | ૨૭-૭-૪૫ | ૩૭૪ |
| ૫૧૬ | ૨૯ ૭-૪૫ | ૩૭૫ |
| ૫૧૭ | ૩૦-૭-૪૫ | ૩૭૭ |
| ૫૧૮ | ૨-૮ ૪૫ | ૩૭૮ |
| ૫૧૯ | ૩ ૮-૪૫ | ૩૮૨ |
| ૫૫૧ | ૩૦-૭-૪૬ | ૪૧૮ |
| ૫૫૨ | ૧-૮-૪૬ | ૪૨૦ |
| ૫૫૩ | ૧૦-૮-૪૬ | ૪૨૦ |

| ફ. ન. | તારીખ | પાનું |
|---|---|---|
| | નડીયાદ | |
| ૩૩૯ | ૩-૨-૩૫ | ૧૭૪ |
| | નાગપુર | |
| ૫૯૫ | ૧૭-૧-૫૧ | ૪૮૨ |
| | નૈરોબી | |
| ૨૬૫ | ૩-૩-૨૬ | ૧૦૩ |
| ૨૬૬ | ૫-૩-૨૬ | ૧૦૩ |
| ૨૬૭ | ૧૩-૩-૨૬ | ૧૦૪ |
| ૨૬૮ | ૧૪-૩-૨૬ | ૧૦૪ |
| ૨૬૯ | ૧૬-૩-૨૬ | ૧૦૬ |
| ૨૭૦ | ૧૮-૩-૨૬ | ૧૦૬ |
| ૨૭૧ | ૧૯-૩-૨૬ | ૧૦૭ |
| ૨૭૨ | ૨૦-૩-૨૬ | ૧૦૮ |
| ૨૭૩ | ૨૧-૩-૨૬ | ૧૦૮ |
| ૨૭૪ | ૨૨-૩-૨૬ | ૧૧૭ |
| ૨૭૫ | ૨૫-૩-૨૬ | ૧૨૧ |
| ૨૭૬ | ૨૯-૩-૨૬ | ૧૨૨ |
| ૨૭૭ | ૩૦-૩-૨૬ | ૧૨૨ |
| ૩૫૪ | ૧૯-૧-૩૭ | ૧૮૮ |
| ૩૬૪ | ૨૨-૨-૩૭ | ૨૦૭ |
| ૩૬૫ | ૨૫-૨-૩૭ | ૨૦૮ |
| ૩૬૬ | ૧-૩-૩૭ | ૨૦૯ |
| ૩૬૭ | ૯-૩-૩૭ | ૨૧૦ |
| ૩૬૮ | ૧૦-૩-૩૭ | ૨૧૦ |
| ૪૬૪ | ૧૮-૩-૪૫ | ૨૯૭ |
| ૪૬૫ | ૧૮-૩-૪૫ | ૨૯૮ |
| ૪૬૬ | ૨૦-૩-૪૫ | ૨૯૯ |
| ૪૬૭ | ૨૧-૩-૪૫ | ૨૯૯ |

| ક્ર. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૬૮ | ૨૮–૩–૪૫ | ૩૦૦ |
| ૪૬૯ | ૩૦–૩–૪૫ | ૩૦૦ |
| ૪૭૦ | ૯–૪–૪૫ | ૩૦૨ |
| ૪૭૧ | ૧૨–૪–૪૫ | ૩૦૩ |
| ૪૭૨ | ૧૩–૪–૪૫ | ૩૦૪ |
| ૪૭૩ | ૧૪–૪–૪૫ | ૩૦૪ |
| ૪૭૪ | ૧૫–૪–૪૫ | ૩૦૭ |
| ૪૭૫ | ૧૬–૪–૪૫ | ૩૦૮ |
| ૪૭૬ | ૧૭–૪–૪૫ | ૩૦૮ |
| ૪૭૭ | ૧૮–૪–૪૫ | ૩૧૧ |
| ૪૭૮ | ૧૯–૪–૪૫ | ૩૧૨ |
| ૪૯૪ | ૩૦–૫–૪૫ | ૩૨૬ |
| ૪૯૫ | ૫–૬–૪૫ | ૩૨૮ |
| ૪૯૬ | ૧૦–૬–૪૫ | ૩૨૯ |
| ૫૨૧ | ૨૧–૮–૪૫ | ૩૮૪ |
| ૫૪૭ | ૫–૭–૪૬ | ૪૧૧ |
| ૫૪૮ | ૧૬–૭–૪૬ | ૪૧૫ |
| ૫૪૯ | ૨૧–૭–૪૬ | ૪૧૬ |
| ૫૫૫ | ૧૬–૮–૪૬ | ૪૩૩ |
| ૫૬૦ | ૩–૮–૪૮ | ૪૪૨ |
| ૫૬૧ | ૪–૮–૪૮ | ૪૪૩ |
| ૫૬૨ | ૬–૮–૪૮ | ૪૪૪ |
| ૫૬૩ | ૧૦–૮–૪૮ | ૪૪૪ |
| | પુના | |
| ૧૬૨ | ૬–૧–૧૧ | ૨ |
| ૧૬૩ | ૭–૧ ૧૧ | ૩ |
| ૧૬૪ | ૮–૧–૧૧ | ૪ |
| ૧૭૧ | ૨૦–૧–૧૨ | ૧૦ |
| ૧૭૨ | ૨૧–૧–૧૨ | ૧૦ |
| ૨૮૬ | ૨૫·૧૨–૨૭ | ૧૨૮ |
| ૨૯૮ | ૧–૨–૨૮ | ૧૩૮ |
| ૩૯૪ | ૯–૧–૩૮ | ૨૩૭ |
| ૪૪૬ | ૨૧–૨–૪૦ | ૨૮૪ |
| ૫૨૭ | ૬–૧૨–૪૫ | ૩૯૦ |
| ૫૨૮ | ૧૫–૧૨–૪૫ | ૩૯૧ |
| ૫૭૨ | ૧૫–૧–૫૦ | ૪૫૨ |
| ૫૭૩ | ૧૮–૧–૫૦ | ૪૫૩ |
| ૫૯૩ | ૧૪–૧–૫૧ | ૪૮૧ |
| | પોરબંદર | |
| ૪૩૫ | ૧૪–૨–૩૯ | ૨૭૬ |
| ૪૩૬ | ૧૬–૨–૩૯ | ૨૭૯ |
| | મ્બાલે | |
| ૪૯૨ | ૨૬–૫–૪૫ | ૩૨૪ |
| | મ્વાન્ઝા | |
| ૪૮૫ | ૧૪–૫–૪૫ | ૩૧૯ |
| | મસાકા | |
| ૪૮૬ | ૧૬–૫–૪૫ | ૩૨૦ |
| | માજુંગા | |
| ૨૫૦ | ૨૬–૨–૨૫ | ૮૭ |
| ૨૫૧ | ૨૭–૨–૨૫ | ૮૭ |
| ૨૫૨ | ૨–૩–૨૫ | ૮૮ |
| | મારસેલ્સ | |
| ૪૪૧ | ૧૬–૧–૪૦ | ૨૮૨ |
| | મુંબઇ | |
| ૧૬૧ | ૪–૧–૧૧ | ૧ |

| ક્ર. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૧૭૩ | ૩-૩-૧૨ | ૧૧ |
| ૧૮૪ | ૧૮-૨-૧૩ | ૧૮ |
| ૧૮૫ | ૧૯-૨-૧૩ | ૨૦ |
| ૧૮૬ | ૪-૩-૧૩ | ૨૧ |
| ૧૮૭ | ૬-૩-૧૩ | ૨૧ |
| ૨૦૯ | ૧-૩-૧૫ | ૪૦ |
| ૨૧૦ | ૫-૩-૨૦ | ૪૧ |
| ૨૧૧ | ૭-૪-૨૦ | ૪૧ |
| ૨૩૩ | ૧-૩-૨૩ | ૭૦ |
| ૨૩૪ | ૨૩-૩-૨૩ | ૭૧ |
| ૨૫૬ | ૨૨-૧-૨૬ | ૯૩ |
| ૨૫૭ | ૨૫-૧-૨૬ | ૯૪ |
| ૨૫૮ | ૨૬-૧-૨૬ | ૯૫ |
| ૨૫૯ | ૩૧-૧-૨૬ | ૯૫ |
| ૨ ૧ | ૧૦-૧૨-૨૭ | ૧૨૬ |
| ૨૮૨ | ૧૫-૧૨-૨૭ | ૧૨૬ |
| ૨૮૩ | ૧૬-૧૨-૨૭ | ૧૨૭ |
| ૨૮૪ | ૧૯-૧૨-૨૭ | ૧૨૭ |
| ૨૮૫ | ૨૦-૧૨-૨૭ | ૧૨૮ |
| ૨૮૭ | ૩૦-૧૨-૨૭ | ૧૨૮ |
| ૨૮૮ | ૫-૧-૨૮ | ૧૨૯ |
| ૨૮૯ | ૧૩-૧-૨૮ | ૧૩૦ |
| ૨૯૦ | ૧૪-૧-૨૮ | ૧૩૧ |
| ૨૯૧ | ૧૫-૧-૨૮ | ૧૩૧ |
| ૨૯૨ | ૧૭-૧-૨૮ | ૧૩૩ |
| ૨૯૩ | ૧૯-૧-૨૮ | ૧૩૪ |
| ૨૯૪ | ૨૨-૧-૨૮ | ૧૩૫ |
| ૨૯૫ | ૨૫-૧-૨૮ | ૧૩૬ |
| ૨૯૬ | ૨૭-૧-૨૮ | ૧૩૭ |
| ૨૯૭ | ૨૯-૧-૨૮ | ૧૩૮ |
| ૨૯૯ | ૬-૨-૨૮ | ૧૪૦ |
| ૩૦૦ | ૧૨-૨-૨૮ | ૧૪૧ |
| ૩૦૧ | ૧૩-૨-૨૮ | ૧૪૩ |
| ૩૦૨ | ૧૬-૨-૨૮ | ૧૪૩ |
| ૩૦૩ | ૨૦-૨-૨૮ | ૧૪૪ |
| ૩૦૪ | ૨૨-૨-૨૮ | ૧૪૪ |
| ૩૦૫ | ૨૪-૨-૨૮ | ૧૪૫ |
| ૩૦૬ | ૨૯-૨-૨૮ | ૧૪૫ |
| ૩૦૭ | ૧૫-૧૨-૩૩ | ૧૪૫ |
| ૩૦૮ | ૧૮-૧૨-૩૩ | ૧૪૬ |
| ૩૦૯ | ૧૯-૧૨-૩૩ | ૧૪૭ |
| ૩૧૦ | ૨ '-૧૨-૩૩ | ૧૪૮ |
| ૩૧૧ | ૨૨-૧૨-૩૩ | ૧૪૯ |
| ૩૧૨ | ૩૧-૧૨-૩૩ | ૧૫૦ |
| ૩૧૩ | ૧-૧-૩૪ | ૧૫૦ |
| ૩૧૪ | ૩-૧-૩૪ | ૧૫૧ |
| ૩૧૫ | ૪-૧-૩૪ | ૧૫૨ |
| ૩૧૬ | ૫-૧-૩૪ | ૧૫૨ |
| ૩૧૭ | ૯-૧-૩૪ | ૧૫૩ |
| ૩૧૮ | ૧૧-૧-૩૪ | ૧૫૩ |
| ૩૧૯ | ૧૫-૧-૩૪ | ૧૫૪ |
| ૩૨૦ | ૧૬-૧-૩૪ | ૧૫૪ |
| ૩૨૧ | ૨૯ ૧-૩૪ | ૧૫૬ |
| ૩૨૨ | ૩૦-૧-૩૪ | ૧૫૭ |
| ૩૨૩ | ૩૧-૧-૩૪ | ૧૫૮ |
| ૩૨૪ | ૨૦-૨-૩૪ | ૧૫૯ |
| ૩૨૫ | ૨૧-૨-૩૪ | ૧૬૧ |
| ૩૨૬ | ૨૨-૨ ૩૪ | ૧૬૧ |

| ક્ર. નં. | તારીખ | પાનું | ક્ર. નં. | તારીખ | પાનું |
|---|---|---|---|---|---|
| ૩૨૮ | ૮-૧-૩૫ | ૧૬૫ | ૩૮૫ | ૧૯-૧૨-૩૭ | ૨૩૦ |
| ૩૨૯ | ૯-૧-૩૫ | ૧૬૬ | ૩૮૬ | ૨૫-૧૨-૩૭ | ૨૩૧ |
| ૩૩૦ | ૧૦-૧-૩૫ | ૧૬૬ | ૩૮૭ | ૩૦-૧૨-૩૭ | ૨૩૧ |
| ૩૩૧ | ૧૨-૧-૩૫ | ૧૬૭ | ૩૮૮ | ૧-૧-૩૮ | ૨૩૩ |
| ૩૩૨ | ૧૩ ૧-૩૫ | ૧૬૮ | ૩૮૯ | ૨-૧-૩૮ | ૨૩૩ |
| ૩૩૩ | ૧૫-૧-૩૫ | ૧૬૮ | ૩૯૦ | ૩-૧-૩૮ | ૨૩૪ |
| ૩૩૪ | ૨૧-૧-૩૫ | ૧૬૯ | ૩૯૧ | ૪-૧-૩૮ | ૨૩૫ |
| ૩૩૫ | ૨૬-૧-૩૫ | ૧૬૯ | ૩૯૨ | ૫-૧-૩૮ | ૨૩૫ |
| ૩૩૬ | ૨૭-૧-૩૫ | ૧૭૦ | ૩૯૩ | ૬-૧-૩૮ | ૨૩૬ |
| ૩૩૭ | ૨૮-૧-૩૫ | ૧૭૨ | ૩૯૬ | ૧૪-૧-૩૮ | ૨૩૮ |
| ૩૩૮ | ૨૯-૧-૩૫ | ૧૭૨ | ૩૯૭ | ૧૬-૧-૩૮ | ૨૩૯ |
| ૩૪૦ | ૧૨-૨-૩૫ | ૧૭૫ | ૩૯૮ | ૧૮-૧-૩૮ | ૨૪૦ |
| ૩૪૧ | ૧૫ ૨-૩૫ | ૧૭૬ | ૩૯૯ | ૧૯-૧-૩૮ | ૨૪૦ |
| ૩૪૨ | ૧૬-૨-૩૫ | ૧૭૬ | ૪૦૪ | ૧૪-૧૨-૩૮ | ૨૪૮ |
| ૩૪૩ | ૧૮-૨-૩૫ | ૧૭૭ | ૪૦૭ | ૧૫-૧૨-૩૮ | ૨૫૦ |
| ૩૪૪ | ૧૯-૨-૩૫ | ૧૭૭ | ૪૦૮ | ૧૬-૧૨-૩૮ | ૨૫૦ |
| ૩૪૫ | ૨૬-૨-૩૫ | ૧૭૯ | ૪૦૯ | ૧૯-૧૨-૩૮ | ૨૫૧ |
| ૩૪૬ | ૧૯ ૧-૩૬ | ૧૮૦ | ૪૧૦ | ૨૧-૧૨-૩૮ | ૨૫૨ |
| ૩૪૭ | ૨૨-૧-૩૬ | ૧૮૧ | ૪૧૧ | ૨૨-૧૨-૩૮ | ૨૫૨ |
| ૩૪૮ | ૨૩-૧-૩૬ | ૧૮૨ | ૪૧૨ | ૨૩ ૧૨-૩૮ | ૨૫૩ |
| ૩૪૯ | ૨૫-૧-૩૬ | ૧૮૨ | ૪૧૩ | ૨૬-૧૨-૩૮ | ૨૫૪ |
| ૩૫૦ | ૨૬-૧-૩૬ | ૧૮૪ | ૪૧૪ | ૨૭-૧૨-૩૮ | ૨૫૪ |
| ૩૫૧ | ૨૮ ૧-૩૬ | ૧૮૫ | ૪૧૫ | ૨-૧-૩૯ | ૨૫૫ |
| ૩૫૨ | ૯-૨-૩૬ | ૧૮૬ | ૪૧૬ | ૩-૧-૩૯ | ૨૫૬ |
| ૩૮૦ | ૨૫-૧૧-૩૭ | ૨૨૬ | ૪૧૭ | ૧૩-૧-૩૯ | ૨૫૭ |
| ૩૮૧ | ૩૦-૧૧-૩૭ | ૨૨૭ | ૪૧૮ | ૧૪-૧-૩૯ | ૨૫૮ |
| ૩૮૨ | ૬-૧૨-૩૭ | ૨૨૮ | ૪૨૦ | ૧૮-૧-૩૯ | ૨૫૯ |
| ૩૮૩ | ૭-૧૨-૩૭ | ૨૨૯ | ૪૨૧ | ૧૯-૧-૩૯ | ૨૬૦ |
| ૩૮૪ | ૧૮-૧૨-૩૭ | ૨૩૦ | ૪૨૨ | ૨૩-૧-૩૯ | ૨૬૦ |

| ફ. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૪૨૩ | ૨૪-૧-૩૯ | ૨૬૨ |
| ૪૨૪ | ૨૯-૧-૩૯ | ૨૬૨ |
| ૪૨૫ | ૩૦-૧-૩૯ | ૨૬૩ |
| ૪૪૩ | ૯-૨-૪૦ | ૨૮૩ |
| ૪૪૪ | ૧૨-૨-૪૦ | ૨૮૩ |
| ૪૪૫ | ૧૪-૨-૪૦ | ૨૮૩ |
| ૪૪૭ | ૨૨-૨-૪૦ | ૨૮૫ |
| ૪૪૮ | ૨૮-૨-૪૦ | ૨૮૫ |
| ૪૪૯ | ૭-૩-૪૦ | ૨૮૫ |
| ૪૫૦ | ૮-૩-૪૦ | ૨૮૬ |
| ૪૫૧ | ૯-૩-૪૦ | ૨૮૮ |
| ૪૫૨ | ૧૦-૩-૪૦ | ૨૮૯ |
| ૫૨૬ | ૫-૧૨-૪૫ | ૩૮૮ |
| ૫૨૯ | ૨૪-૧૨-૪૫ | ૩૯૨ |
| ૫૩૦ | ૨૯-૧૨-૪૫ | ૩૯૩ |
| ૫૩૧ | ૩૦-૧૨-૪૫ | ૩૯૩ |
| ૫૩૨ | ૩૧-૧૨-૪૫ | ૩૯૪ |
| ૫૩૩ | ૧-૧-૪૬ | ૩૯૫ |
| ૫૩૪ | ૬-૧-૪૬ | ૩૯૬ |
| ૫૩૫ | ૧૧-૧-૪૬ | ૩૯૬ |
| ૫૩૬ | ૧-૨-૪૬ | ૩૯૬ |
| ૫૬૬ | ૪-૧-૫૦ | ૪૪૮ |
| ૫૬૭ | ૫-૧-૫૦ | ૪૪૯ |
| ૫૬૮ | ૭-૧-૫૦ | ૪૪૯ |
| ૫૬૯ | ૮-૧-૫૦ | ૪૫૦ |
| ૫૭૦ | ૧૨-૧-૫૦ | ૪૫૦ |
| ૫૭૧ | ૧૪-૧-૫૦ | ૪૫૧ |
| ૫૭૪ | ૨૬-૧-૫૦ | ૪૫૪ |
| ૫૭૫ | ૨૬-૧-૫૦ | ૪૫૫ |

| ફ. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૫૭૬ | ૨૭-૧-૫૦ | ૪૫૫ |
| ૫૮૭ | ૨૫-૧૨-૫૦ | ૪૭૨ |
| ૫૮૮ | ૩૧-૧૨-૫૦ | ૪૭૨ |
| ૫૯૦ | ૫-૧-૫૧ | ૪૭૪ |
| ૫૯૧ | ૭-૧-૫૧ | ૪૭૪ |
| ૫૯૨ | ૯-૧-૫૧ | ૪૭૯ |
| | | |
| ૪૮૪ | ૧૩-૫-૪૫ | ૩૧૮ |
| | મોઝામ્બીક | |
| ૫૨૦ | ૧૮-૮-૪૫ | ૩૮૩ |
| | મોન્ટ્રો | |
| ૪૫૮ | ૧૬-૭-૪૨ | ૨૯૪ |
| | મોમ્બાસા | |
| ૨૬૦ | ૨૬-૨-૨૬ | ૯૮ |
| ૨૭૮ | ૩૧-૩-૨૬ | ૧૨૩ |
| ૨૭૯ | ૧-૪-૨૬ | ૧૨૪ |
| ૨૮૦ | ૭-૪-૨૬ | ૧૨૫ |
| ૩૫૫ | ૨૦-૧-૩૭ | ૧૮૯ |
| ૩૫૬ | ૨૧-૧-૩૭ | ૧૯૩ |
| ૩૫૭ | ૨૨-૧-૩૭ | ૧૯૫ |
| ૪૯૭ | ૧૨-૬-૪૫ | ૩૨૯ |
| ૪૯૮ | ૧૨-૬-૪૫ | ૩૩૦ |
| ૪૯૯ | ૧૪-૬-૪૫ | ૩૩૨ |
| ૫૦૦ | ૧૭-૬-૪૫ | ૩૩૫ |
| ૫૦૧ | ૨૦-૬-૪૫ | ૩૩૭ |
| ૫૦૨ | ૨૩-૬-૪૫ | ૩૪૨ |
| ૫૫૦ | ૨૭-૭-૪૬ | ૪૧૭ |

| ક્રૃ. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| ૫૬૪ | ૧૪-૮-૪૮ | ૪૪૪ |
| ૫૬૫ | ૧૫-૮-૪૮ | ૪૪૪ |
| | **મોશી** | |
| ૨૬૧ | ૨૭-૨-૨૬ | ૯૯ |
| ૨૬૨ | ૨૮-૨-૨૬ | ૯૯ |
| ૨૬૩ | ૨૮-૨ ૨૬ | ૧૦૦ |
| ૨૬૪ | ૧-૩-૨૬ | ૧૦૧ |
| | **રંગુન** | |
| ૧૮૮ | ૭ ૨ ૧૪ | ૨૧ |
| ૧૮૯ | ૯-૨-૧૪ | ૨૨ |
| ૧૯૦ | ૧૦-૨-૧૪ | ૨૩ |
| ૧૯૧ | ૧૩-૨-૧૪ | ૨૩ |
| ૧૯૨ | ૧૭-૨ ૧૪ | ૨૪ |
| ૩૨૭ | ૧૩-૩-૩૪ | ૧૬૨ |
| ૫૯૬ | ૨૪-૧-૫૧ | ૪૮૩ |
| ૫૯૭ | ૨૬-૧-૫૧ | ૪૮૩ |
| | **રાએવંદ (પંજાબ)** | |
| ૪૦૦ | ૨૪-૧-૩૮ | ૨૪૧ |
| | **રાજકોટ** | |
| ૨૨૫ | ૬—૨—૨૩ | ૬૪ |
| ૨૨૬ | ૭—૨—૨૩ | ૬૪ |
| ૨૨૭ | ૧૦—૨—૨૩ | ૬૫ |
| ૨૨૮ | ૧૩—૨—૨૩ | ૬૬ |
| ૨૨૯ | ૧૪—૨—૨૩ | ૬૭ |
| ૪૩૩ | ૯—૨—૩૯ | ૨૭૪ |
| ૫૮૯ | ૪—૧—૫૧ | ૪૭૩ |

| ક્રૃ. નં. | તારીખ | પાનું |
|---|---|---|
| | **લીંબડી** | |
| ૨૩૧ | ૨૧—૨—૨૩ | ૬૯ |
| ૨૩૨ | ૨૨—૨—૨૩ | ૭૦ |
| ૪૨૭ | ૩—૨—૩૯ | ૨૬૫ |
| ૪૨૮ | ૪—૨—૩૯ | ૨૬૬ |
| ૪૨૯ | ૫—૨—૩૯ | ૨૬૯ |
| | **લીંડી (આફ્રિકા)** | |
| ૫૩૮ | ૩—૬ ૪૬ | ૩૯૮ |
| | **લુગાનો (યુરોપ)** | |
| ૪૬૧ | ૧૭-૧૮—૩—૪૩ | ૨૯૬ |
| ૪૬૩ | ૧૦—૪—૪૪ | ૨૯૭ |
| | **વિરપુર** | |
| ૧૭૮ | ૨૨—૧—૧૩ | ૧૪ |
| ૧૭૯ | ૨૪—૧—૧૩ | ૧૫ |
| ૧૮૦ | ૨૮—૧—૧૩ | ૧૫ |
| ૧૮૧ | ૨૯—૧—૧૩ | ૧૬ |
| ૧૮૨ | ૩૦—૧—૧૩ | ૧૭ |
| | **વેવે (યુરોપ)** | |
| ૪૬૨ | ૨૭—૭—૪૩ | ૨૯૬ |
| | **સિધ્ધપુર** | |
| ૧૭૫ | ૧૩—૧—૧૩ | ૧૨ |
| ૧૭૬ | ૧૪—૧—૧૩ | ૧૨ |
| ૧૭૭ | ૧૫—૧—૧૩ | ૧૪ |
| | **સુરત** | |
| ૧૭૪ | ૧૨—૧—૧૩ | ૧૧ |
| ૪૧૯ | ૧૫—૧—૩૯ | ૨૫૯ |
| | **હૈદરાબાદ (દક્ષિણ)** | |
| ૫૯૪ | ૧૬—૧—૫૧ | ૪૮૨ |

# કલામે ઇમામે મુબીન

## હાઝર ઈમામના ફરમાનો

### પુસ્તક બીજું.

ફરમાન ૧૬૧ મું

મુંબઇ તા. ૪-૧-૧૯૧૧

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"જે હકીકતી દીદાર છે તે તમારા દિલમાં છે. અલહુમ્દો-લિલ્લાહ જાહેરી દીદાર તમે આજે કરો છો.

અમે તમારાથી ઘણા રાજી છીએ. તમે મિજલસમાં ભેગા આવ્યો છો તેથી ઘણા રાજી થઈએ છીએ.

જે મોમન છે તે અમારી આંખોની બરાબર છે. જે મોમન હકીકતી છે તેના દિલમાં અમારૂં રહેઠાણુ છે. હમેશાં અમારૂં દિલ તમારા દિલમાં છે.

તમે એમ નહિ સમજો કે સાહેબ ખુરશી ઉપર બેઠા છે, તેમ નથી; સચા અમલ કરનાર અને હકીકતીનાં દિલમાં અમે છીએ, પણ તેમાં બે શરતો છે.

(૧) ઈમાન સાફ હોય.

(૨) અમલ સારા હોય.

તેના દિલમાં અમે છીએ ખાનાવાદાન."

## ફરમાન ૧૬૨ મું.

પુના તા. ૬-૧-૧૯૧૧.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમોને જે કાયદા કાનુનો બનાવી આપ્યા છે તે પ્રમાણે બરાબર મુસ્તકીમ થઇ ચાલજો, એ કાનુનથી તમે બહાર નહિ જજો.

જાહેરમાં અમે હમેશાં તમારી પાસે રહી શકતા નથી, પણ મોમનના દિલમાં રાત અને દિવસ અમે હાઝર બેઠા છીએ.

મુંબઇ અને બીજા ગામોમાંથી જેઓ અહીં નથી આવ્યા અને તમે જે અતરે આવ્યા છો, તે સઘળા હકીકતી મોમનના દિલમાં અમે હમેશાં હાજર છીએ.

તમો જમાતથી અમે ઘણા રાજી થયા છીએ. તમારામાં ઇસમાઇલી મઝહબ અમે પાક જોઇએ છીએ.

તમે ઘણા સારા છો. જેમ એક ડાકટર નાડ તપાસીને કાંઈ દરદ ન હોય તો દવા લખી ન આપે, તે પ્રમાણે તમારામાં ખરાબી ન હોવાથી અમે તમને દવા આપતા નથી.

હકીકતી મોમન છે તે કોઇથી ડરતો નથી. ફકત ખુદાથી ડરે છે. ખુદા સિવાય કોઇથી ડરવું ન જોઈએ.

તમે ઈસમાઈલી દીનનાં કાનુન પ્રમાણે હમેશાં ચાલજો. અમે તમારામાં ઘણી ખુબીઓ જોઈએ છીએ, તેથી વધારે કાંઇ ફરમાન કરતા નથી.

તમે જમાત જે અતરે આવ્યા છો, તે બધા બંદગીમાં મશ્ગુલ થાઓ અને મિશનરીઓ જે અહીં છે તે ફરમાન, ઇલમની વાએજ, નસીહત કરીને સંભળાવે.

અલહમ્દે લિલ્લાહ ! અમે જોઇએ છીએ કે, તમે બધી ચીજમાં પાક છો, એ કારણથી અમે તમને વધારે ફરમાન કરતા નથી. ખાનાવાદાન."

## ફરમાન ૧૬૩ મું.

પુના, તા. ૭-૧-૧૯૧૧.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"જે જમાતો અહીં આવેલ છે, તે બધી જમાતોને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. જેઓ અહીં આવ્યા છે તેમના ઉપર અમે ઘણા રાજી છીએ. જેઓ અહીં નથી આવી શકયા અને જેઓ હકીકતી છે, તે અમને બાતુનમાં રોશન છે. તેમના બધા કામકાજ અમે કબુલ ફરમાવીએ છીએ."

ત્યારબાદ લાલજી દેવરાજને ફરમાવ્યું :

"તમે ઘણું સારૂં કામ કરો છો. દીન ઇસમાઈલીના વાસ્તે લાઇબ્રેરી અને બીજા જે ખાતાઓ છે તેને તથા મિશનરીઓને અને સ્કુલ વિગેરેને મદદ કરો છો, તે ગોયા દીન ઈસમાઈલીને કુવ્વત આપો છો, આ ઘણુ સવાબનું કામ છે. મિસાલ તમે મોટા જનરલ માફક કામ કરો છો, તે માટે અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

સુગ્તની ગુપ્તી જમાતને ઘણી દુઆ આશિષ ફરમાવી, ફરમાવ્યું :

"તમે હમેશાં જમાતખાને જજો, બંદગી ઈબાદત બરાબર કરજો અને જે ફરજો તમારા ઉપર રહેલી છે તે પ્રમાણે ચાલજો.

તમે બાઈઓ ભાઇઓ જે અહીંયા હાજર છો તે, જેઓ અહીંયા નથી આવી શકયા તેમને, અમારા ઘણા દુઆ આશિષ પહોંચાડજો અને અમારા ફરમાન સંભળાવજો.

જે કોઈ મોમન છે તે ગમે ત્યાં હોય તેનો રૂહ અમારી હકીકતી ઓલાદ છે બધી જમાતોમાં જે મોમન છે, તેના વાસ્તે પણ એમજ છે. ખાનાવાદાન."

## ફરમાન ૧૬૪ મું.

પુના, તા. ૮-૧-૧૯૧૧.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે મુબઇના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે પંજેભાઈઓ વાઘ જેવા અને શેર જેવા છો. તમે પોતાના દિલને ચોકકસ કરીને સરકાર સાહેબની ખિદમત કરો અને દિલાવર થાઓ."

આફ્રિકાવાળા એક ભાઇએ પોતાનું ધાર્મિક કામકાજ પુનામાં ઉકલાવવાની અરજ ગુજારતા ફરમાવ્યું:

"અમે જ્યારે આફ્રિકા પધારશું ત્યારે તમે ત્યાં આવજો."

તે ભાઇએ વધુ અરજ કરતાં હાઝર ઇમામે તેને ફરમાવ્યું:

"જે એમ સમજે છે કે, અમે અહીંયા હાઝર છીએ અને ત્યાં હાઝર નથી તે કાફર છે જેમ અહીં દરખાનું છે તેમ ત્યાં પણ છે. જ્યાં જમાતખાનું છે, ત્યાં સઘળે ઠેકાણે અમારૂં ઘર સમજજો. હકીકતી મોમનની એજ રીત છે.

અમે તમારા બધાના કામો આફ્રિકામાં ઉકલાવશું. જમાતખાનું છે ત્યાં બધા કામો કબુલ થાય છે. અમે અત્યારે જાહેરમાં ત્યાં હાઝર નથી પણ બાતુનમાં હમેશાં તમારી પાસેજ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૧૬૫ મું.

કરાચી તા. ૪-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"કેટલાક દિવસ થયા મુંબઈ અથવા બીજા કોઈ પણ ગામમાં અમે ફરમાન કર્યા નથી તેનું કારણ એ કે, કોઇપણ જમાતમાં બીમારી યાને ખરાબીના કામ અમે નહિ જોયા, તેથી અમે ફરમાન

કર્યા નથી અને ફક્ત ખાનાવાદાન ફરમાવ્યા છે. જે કોઈ ખરાબ નથો તેઓને શું ફરમાન કરીયે? તેઓને ફક્ત ખાનાવાદાન ફરમાવીએ છીએ અને અમે ખાનાવાદાન ફરમાવીએ છીએ તેનું કારણ એ છે કે, તેઓમાં કંઈ પણ ખરાબી નથો અને બધા સારા છે.

જંગબારમાં અમે રોજ ફરમાન કર્યાં છે જે તમે વાંચો છો, એ વાંચવાથી તમને બધું રોશન થશે, પણ અહીંયા જે કામકાજ ચાલે છે તે બધું સારૂં છે માટે એટલુંજ ફરમાવીએ છીએ કે, ખાનાવાદાન.

તમારા મઝહબમાં ગયા દશ વર્ષમાં ઘણી સફાઈ થઇ છે. જે કેસ ચાલ્યો તે તમોએ સાંભળ્યો અને જોયો જેથી તમારો દીન સાફ અને રોશન થયો છે.

ઈસમાઈલી દીનમાં જેની ખુશી હોય તે રહે છે અને જેની ખુશી નથી તે નીકળી જાય છે.

આજે અમે એક વાતનો ખુલાસો કરીએ છીએ તે એ છે કે, કેટલાક માણુસો કહે છે કે ઈમામના રૂહમાં અને મોમનના રૂહમાં ફેરક નથી અને કેટલાક કહે છે કે ઈમામનો રૂહ અને મોમનનો રૂહ જુદો છે, તેનો ખુલાસો એ છે કે:

**જે હકીકતી સાચા મોમન છે, જો તે હૈયાતી સુધી મોમન રહીને ગુજરી જાય તો તેનો રૂહ ઈમામના રૂહમાં દાખલ થાય છે. તે પણ મરણ બાદ થાય છે, પણ જ્યાં સુધી મોમનના બદનમાં રૂહ છે ત્યાં સુધી હયાતીમાં તે એક થઇ શકતો નથી. જેમ મીઠા પાણીની નદી દરિયામાં મળી જાય છે, તેજ પ્રમાણે મરણ બાદ મોમનનો રૂહ ઈમામના રૂહમાં દાખલ થાય છે, પણ હૈયાતીમાં જમીન અને આસમાન જેટલું દુર છે. મરણ બાદ હવાની માફક બીજી હવામાં મળી જાય છે. જેમ વઝીર સાલેહ થઇ** ગયો, તેમ અલબતા એક રૂપ થઈ શકાય છે, પણ મોઢેથી નકામું

વધારે બેલવામાં કાંઈ ફાયદો નથી. ઓછું બોલનાર માણસ સારો છે. જો જરૂર પડે તો જ મોઢામાંથી શબ્દો બોલવા. નકામું બોલવાથી નુકશાન થાય છે.

અમે જોઇએ છીએ કે, બધું સારૂં છે એટલે વધારે ફરમાન કરતા નથી અને ખાનાવાદાન ફરમાવીએ છીએ, પણ જો જરા પણ ખરાબી હોય તો ફરમાન કરીયે છીએ."

ત્યારબાદ ફરમાવ્યું :

"વઝીર સાલેહુ જેવા ઘણા થોડા માણસો છે. તે ગુજરી ગયો છે, હવે તેને તમે જોઈ શકશો નહિ. કારણકે તે નુરમાં મળી નુર થઇ ગયો છે, જેવી રીતે કે નદી દરિયામાં મળી જાય છે. મરણ પછી આ થઇ શકે છે. હૈયાતીમાં નથી બની શકતું, પણ હૈયાતીમાં મહેનત કરવાથી, મરણ બાદ **ઈમામ** સાથે એક થવાય છે.

આ બાબતની એ **માયના** છે."

ત્યારબાદ મસ્કત જમાતને ફરમાવ્યું :

"અમે મામદ રેમુ ગુઆદરવાળાને ઉપરી અમલદાર તરીકે નીમ્યો છે, માટે તમે તેમના હુકમ પ્રમાણે ચાલજો.

અમે જે વઝીર સાલેહના વખાણ કર્યા તે ઉમરમાં ઘણો નાનો હતો પણ તેનામાં તક્કબુરી નહિ હતી અને જમાતની સલાહ પ્રમાણે વર્તતો હતો, તેણે મોટાઇ દેખાડી નથી.

જે ઇબાદત કરે છે અને તક્કબુરી પણ કરે છે, તેના ઉપર લાનતનો તોક પડે છે."

## ફરમાન ૧૬૬ મું.

કરાચી તા. ૫-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે લાઇબ્રેરીની મહેમાનીમાં રીપોર્ટ સાંભળીને ફરમાવ્યું :

"તમે આ લાઇબ્રેરીનું બીજ રોપ્યું છે તો ઇન્શાઅલ્લાહ

તેનું ફળ ઘણું સારૂં નિપજશે. અમે પણ દુઆ કરીયે છીએ કે તમારી લાઇબ્રેરીની હમેશાં ચઢતી થાય."

ત્યારબાદ સિંધવાળા મુખી સાથેની મહેમાનીમાં ફરમાવ્યું;

"હમેશાં ધર્મના કામમાં ચુસ્ત રહેજો. મોમનની નિશાની એ છે કે થોડું બોલે. તમારામાં પણ એવી નિશાની છે."

## ફરમાન ૧૬૭ મું.

કરાચી તા. ૭-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે હમેશાં અમારી ખિદમત કરો છો અને ઘણી મહેનત લ્યો છો, તેથી અમે તમારા ઉપર ઘણા રાજી છીએ. તમે અમારા ફરજંદો છો, તમે અમારા નુર ચશ્મ છો, અમે તમને ઘણા ચાહીયે છીએ અને અમારૂં દિલ ચાહે છે કે, એક એકને બોલાવીને આશિષ આપીયે પણ તમે પંજેભાઈ ઘણા છો, એકને બોલાવીને આશિષ આપીયે અને બીજાને ન બોલાવીયે તો તેનું દિલ દુઃખાય તેથી તમે બધાને સાથે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

જે પંજેભાઇઓ અતરે હાજર નથી તેઓને અમારા તરફથી દુઆ આશિષ અને ખાનાવાદાન પહોંચાડજો."

## ફરમાન ૧૬૮ મું.

કરાચી તા. ૮-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે અત્યારે અમને જેટલા નજીક છો, ઇન્શાઅલ્લાહ કયામતના દિવસે એના કરતાં પણ વધારે નજીક હશો.

અમે તમને દુઆ કરીએ છીએ જે તમારો રૂહ અમારા રૂહ સાથે એક થાય. ખાનાવાદાન."

## ફરમાન ૧૬૯ મું.

કરાચી તા. ૧૬-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે વાસી જમાતના મુખીને સાલ્લ આપી ફરમાવ્યું:

"બુઢાપાના સબબે તમે છુટા થવા માટે અરજી આપી તે ઘણું સારૂં કર્યું છે. તમારી જગ્યાએ મુખી તરીકે નવી નિમણુંક કરીયે છીએ."

ત્યારબાદ સિંધ સાકરા જમાતને ફરમાવ્યું:

"તમારા માટે કાયદા કાનુન બનાવવામાં આવ્યા છે, તે પ્રમાણે તમે ચાલજો અને એવો ઇન્સાફ કરજો કે, તમારા તરફથી કોઈ અપીલ અમારી પાસે કોઈ વખત આવે નહિ, તો અમે સમજશું કે તમારો ઇન્સાફ બરાબર છે અને જો વધારે અપીલો આવશે તો સમજશું જે ઇન્સાફ બરાબર નથી થતો.

આપણા ઇસ્માઈલી દીનમાં બીજા કોઈ દીનની ક્રિયા કરવી વાજબ નથી અને જેને અમારો દીન ન જોઈએ તેને ખુદા હાફેઝ. તે અમને ન જોઈએ ભલે નીકળી જાય."

## ફરમાન ૧૭૦ મું.

કરાચી તા. ૧૮-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે જમાત તમારા ફરઝંદ ઉપર જેટલી મહોબત રાખો છો તે કરતાં હજાર દરજજે અમે તમારા ઉપર વધારે મહોબત રાખીયે છીએ.

જે મોમન છે તે અમારા રૂહાની ફરઝંદ છે તે અમારા નુર ચશ્મ છે જો કે અમે એક એકને બોલાવીને કહેતા નથી, પણ બધાને ફરમાવીએ છીએ.

જેનું ઈમાન દુરસ્ત છે તે અમારા રૂહાની ફરઝંદ છે. અમારા સિધાવ્યાથી તમને ઘણી દિલગીરી થશે પણ તમારા કરતાં અમે વધારે દિલગીર છીએ.

અમે ઘણા દિલગીર છીએ કે, એક એકને બોલાવીને આશિષ આપી શકતા નથી. પણ અમે નાના, મોટા, બાઇ, ભાઈ, બધાને સાથે દુઆઆશિષ ફરમાવીએ છીએ.

જેઓ મોમન છે તે અમારાથી જુદા નથી. તેઓ અમારી સાથે છે. તેઓ અમારી હુઝુરમાં છે. તેઓ અમારાથી જરા પણ દૂર નથી. જેઓ ઇમાનવાળા છે તેઓ હમેશાં અમારી પાસે છે.

અમારા એવા કેટલાક નોકરો છે, જેઓ અમારી હુઝુરમાં રહે છે, તેથી શું થયું? પણ તમે દુર હો છતાં અમારી પાસે છો અને અમારી નજીક છો.

બીજા ઘણા માણસો અમારી પડોશમાં રહે છે પણ જેઓને ઇમાન નથી તેઓ અમારાથી ઘણા દુર છે. તમે કે જેઓ ઇમાન-વાળા છો તે અમારી પાસે છો અને અમારી નજીક છો. જેઓ અમારી નજીક હોય અને તેઓને ઈમાન ન હોય તો તેઓ અમારાથી ઘણા દુર છે; માટે તમે જીસમને નહિ જુઓ પણ અમારા રૂહને જુઓ."

બાદ ફરમાવ્યું:

"તમે હમેશાં જમાતખાને આવવાની આદત રાખો. તમે જાહેરી અને બાતુની દુઆ અને બંદગી અદા કરો. જો તમે નહિ અદા કરો તો ઈમાન જતું રહેશે. દુઆ પડવાની અને જમાતખાને આવવાની આદત છોડી દેશો તો ઇમાન ચાલ્યું જશે.

જેઓ જમાતખાને નથી આવતા તેઓને ઇમાન નથી, એ શક વગરની વાત છે, માટે તમે હમેશાં જમાતખાને આવવાની

આદત રાખો. અમારા આ ફરમાનો કાનેથી સાંભળીને મગજમાં ખુબ યાદ રાખજો. ખાનાવાદાન."

## ફરમાન ૧૭૧ મું.

પુના તા. ૨૦-૧-૧૯૧૨

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ઘણી જહેમત ઉઠાવી અને મહેનત લઇને અતરે આવ્યા છો, તેનો બદલો તમને આ દુનિયામાં અને પેલી દુનિયામાં મળશે.

જે મોમન છે તે હમેશાં આબેસફા પીયે છે, યાને નુરની પ્યાલી હમેશાં પીયે છે."

## ફરમાન ૧૭૨ મું.

પુના તા. ૨૧-૧-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે એક ગામની જમાતની મહેમાનીમાં ફરમાવ્યું :

"તમારી જમાતમાં ઘણા થોડા માણસો છે અને તેટલા થોડા માણસોમાં આપસમાં સલાહ નથી, તે ઘણી દિલગીરીની વાત છે. ખેર, હવે તમે આગલી બાબત છોડી આપો. તમારામાં જે મોટા અમલદારીઓ, જે નાનાઓથી દ્વેષભાવથી વર્તતા હોય અથવા નાનાઓએ ભુલ કરી હોય એ બધું અમે માફ કરીયે છીએ.

તમે થોડા છો તો મળીને ચાલશો તો તમારૂં ઈમાન ઘણું મજબુત થશે."

કચ્છ જમાતની મહેમાનીમાં ફરમાવ્યું :

"ફકત એક મોમન હિંમતવાળો હોય તેને અમે એક લાખ માણસ જેવો સમજીયે છીએ."

## ફરમાન ૧૭૩ મું.

મુંબઇ તા, ૩-૩-૧૯૧૨.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે લોકો પોતપોતામાં હસદ ઘણોજ રાખો છો તે ઘણુંજ ખરાબ છે. જે માણસ હસદવાળો હશે, તેનું ઈમાન બીલ્કુલ રહેશે જ નહિ; જો કે બહુ બહુ તો દશ વર્ષ સુધી તેનું ઇમાન રહેશે; પણ, તે પછી તેવા માણસોનું ઈમાન નાબુદ થશે, બીલ્કુલ રહેશે નહિ, તે ચોકસ જાણજો. તો શા માટે હસદ કરવો જોઇએ? તેથી શું ફાયદો છે? દુનિયામાં શું છે? માટે બીલ્કુલ હસદ રાખવો નહિ.

નીતિથી વર્તવું, કોઇના હક ઉપર તરાપ મારવી નહિ, તેમજ પોતાનો હક હોય તેની બરાબર સંભાળ લેવી. પોતાનો હક બરાબર સંભાળવો, પણ કોઈના હકને નુકસાન કરવું નહિ; એમ કરવાથી ને દુશ્મની રાખવાથી કોઇની તકદીરમાં હશે તે તમે હરગીઝ લઈ શકવાના નથી; જેના તકદીરનું જે હશે તે તેને મળશે; તે ચોકસ જાણજો. તમારા હસદ કરવાથી તેને કાંઇ પણ નુકસાન થવાનું નથી, પણ જે જેના તકદીરનું હશે તેને તેનો લાભ મળશેજ. તમારે કીનો ને હસદ બીલ્કુલ રાખવા નહિ."

## ફરમાન ૧૭૪ મું.

સુરત તા ૧૨-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ગુપ્ત જમાતને ફરમાવ્યું :

"તમે અમારા રૂહાની ફરઝંદો છો, તમે અમારા નુર ચશ્મ છો. જેમ આરસીમાં મોઢું જોઈએ તેમ અમે તમને મહોબતથી જોઇએ છીએ અને આજ તમારો ઘણો ખુશીનો દિવસ છે.

તમે અમને જોઇને ખુશી થાઓ છો, તેમ અમે તમને જોઈ વધુ ખુશી થઈએ છીએ. તમે ઘણું જ સારૂં કામ કર્યું છે. ખાનાવાદાન"

## ફરમાન ૧૭૫ મું.

સિધ્ધપુર તા. ૧૩-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ફરમાવ્યુ :

"તમે મોમીન જમાત તથા બીજા સર્વે જે અહીં આવ્યા છો, નાના, મોટા ભાઈ, બાઈ, સર્વેને અમે ઘણીજ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

તમે અમારા વહાલા ફરઝંદો છો. તમને જોઈને અમારી આંખો ટાઢી થાય છે. તમને ઘણી દુઆઆશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન"

## ફરમાન ૧૭૬ મું.

સિધ્ધપુર તા. ૧૪-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"હમણા અમે તમને ફરમાન નથી કરતા તેનું કારણ એ છે જે, અમે જોઈએ છીએ કે તમે ઘણા સારા છો. તમારા સર્વે કામથી અમે રાજી છીએ, તમારા સર્વે કામ સારા છે, તેથી અમે તમારા ઉપર ઘણા રાજી છીએ; વળી તમારા ઉપર વધારે રાજી થવાનું કારણ એ છે જે તમે કોઇથી કજીયા કે લડાઇ નથી કરતા, કોઈનું બુરૂં કરવાનું તમારૂં દિલ નથી અને કોઇનું બુરૂં કરતા નથી, એજ મોમન છે. કોઈનું દિલ દુઃખવવું નહિ તે નિશાની મોમનની છે. વળી તમે પોતાના દીન ઉપર મજબુત છો, તેથી અમે તમારા ઉપર ઘણા ખુશી છીએ.

ફકત એક બાબતની તમારામાં એબ છે, તે માટે અમે તમને નસિહત કરીયે છીએ, તે બાબતનો તમે સુધારો કરો. તમે છોકરીને નાનપણમાં બે, ત્રણ ચાર વર્ષની હોય ત્યારે પરણાવો છો અને

પછી અઢારથી વીસ બાવીસ વર્ષની થાય ત્યાં સુધી તેને માવતરે બેસાડી રાખે છે, તે વાતથી અમે નારાજ છીએ અને કોઈની ઓરત મરી જાય છે તો તેનાથી જલદી બીજી ઓરત થતી નથી, તેમ તેને મળતી પણ નથી, તે પણ સારૂં નથી,

જો છોકરીઓને માવતર ઘેર બેસાડી રાખે ને સાસરે નહિ મોકલે, તેમજ છોકરીઓ માવતરના ઘરે રહે અને પોતાના ખાવંદના ઘરે નહિ જાય તેથી તેની ઓલાદ પણ ઘની અટકે છે યાને મોમન થાય તે મોમન થતા અટકે છે, એટલા માટે એમાં ઘણા જ ગુન્હા છે.

છોકરીઓ શોળથી અઢાર વર્ષની થયા પછી માબાપે પોતાને ઘેર બેસાડી રાખવી એ ઘણું જ ગુન્હાનું કામ છે.

છોકરો મોટો હોય અને તેની બાયડી ગુજરી જાય અને તેને બીજી નહિ મળે તો પછી તેનથી ગુન્હાનું કામ થાય તેનો બોજો તમારા ઉપર છે તમે મોમન છો તો તમારાથી ગુન્હા નહિ થાય તેમ કરો.

વળી તમે સગપણના સમસામા સાટા કરે છે. તે ઠીક નથી. તે ગુન્હાનું કામ છે.

તેમજ જેઓ પૈસા લઇને છોકરીઓ આપે છે તે પણ ઘણું-જ ખરાબ છે અને ગુન્હાનુ કામ છે. વળી છોકરીઓને જલદી તેમને સાસરે મોકલતા નથી. તે પણ ઘણું જ ગુન્હાનું કામ છે. તેઓને સાસરે જલદી મોકલવાથી તેમને બચ્ચા થાય, તે મોમન થાય, તે મોમન થતા તમે અટકાવો છો તે મોટમાં મોટું પાપ છે.

છોકરીઓને પરણાવીને વહેલી સાસરે મોકલાવી હતે તો હજાર બચ્ચા વધારે પેદા થવા હતે અને એક હજાર મોમન આજે અમે તમારામા વધારે જોતે. તે હજાર મોમન થતાં તમે અટકાવ્યા છે. હવેથી એવા ગુન્હામાં દાખલ ન થઓ તેતી ઘણી ચોકસી રાખજો. ખાનાવાદાન."

## ફરમાન ૧૭૭ મું.

સિધપુર તા. ૧૫–૧–૧૯૧૩:

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમે તમારા ઉપર ઘણા રાજી છીએ અને દુઆ આશિષ ફરમાવીએ છીએ જે તમારા માલમાં, ઓલાદમાં, જમીનમાં, ઈમાનમાં અને તમારી દરેક ચીજમાં ઘણીજ બરકત થાય. ખાનાવાદાન.

ફકત એકજ બાબત માટે વળી તમને નસિહત કરવી પડે છે કે તમે જે સગપણમાં સામસામા સાટા કરો છો તે ઘણાજ મોટા ગુન્હા છે. તમે કોઈની દીકરી લઈને તેને સાટે પોતાની દીકરી આપો છો, એ ઘણુંજ ગુન્હાનું કામ છે. તેમને પેસા આપો છો યાને છોકરી માટે નાણા આપીને છોકરીઓ લ્યો છો એ પણ મોટો ગુન્હો છે.

છોકરીઓ ઉમરલાયક થએથી તમે એના ખાવિંદના ઘેર નથી મોકલાવતા જેથી તેના મરદ જે ગુન્હાના કામ કરે, તેના ગુન્હા છોકરીઓના માવીતરોને થાય છે, માટે એવું કામ કરો જે તમે ગુન્હામાં દાખલ ન થાઓ."

## ફરમાન ૧૭૮ મું.

વિરપુર તા. ૨૨-૧–૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"સઘળા નાના, મોટા, જે કોઇ અહીંયા આવ્યા છે તે સર્વેને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમને જોઇને અમારી આંખો ઠંડી થઇ છે. કારણ કે તમે મોમન છો.

બાઇઓ છે તે અમારી દીકરીઓ છે અને જે મરદ છે તે અમારા દીકરા છે જે મોમન શખ્સ ઈમાનદાર છે અને અમારાં

ઉપરે જેનું ઈમાન બરાબર છે, તે અમારા ફરઝંદ છે, તે અમારા રૂહાની ફરઝંદ છે.

અહીં કોઇની સગાઇ યા નિકાહ યા વિવાહ કરવા હોય તો અહીં અમે જયાં સુધી છીએ ત્યાં સુધી અમારી હુઝુરમાં કરે; તેને મુબારકી આપીયે છીએ, ડબલ મુબારકી આપીયે છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૧૭૯ મું.

વિરપુર તા. ૨૪-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યુ :

"આવા મેળામાં તમે શાદી નથી કરતા તેનું શુ કારણ છે? આવા મેળામાં શાદી નહિ કરો તો પછી કયા મેળામાં કરશો? આવા મેળામાં શાદી કરવામાં તમને ઘણો જ સવાબ છે, માટે જેને શાદી કરવી હોય તે આ મેળામાં શાદી કરે તો ઘણો જ સવાબ થશે. ખાનાવાદાન"

## ફરમાન ૧૮૦ મું.

વિરપુર તા. ૨૮-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"બધી કાઉન્સીલોને અમે હુકમ ફરમાવીએ છીએ કે, જમાતને બચ્ચાંની માફક સંભાળે. કાઉન્સીલોએ ફકત ઈન્સાફ કરવો એટલુંજ નહિ, પણ કોઈને પણ કાંઈ દુઃખ ન થાય તેનું ધ્યાન રાખે અને બધી બાબતોમાં દરેક રીતે મદદ કરે. દુનિયાના કામમાં પણ રસ્તે ચડાવે. બીજી કોઇ પણ બાબત હોય તો મદદ કરે. કોઈ ઠેકાણે કાંઇ વાંધો ઉઠે તો, મિશનરીને તેડાવી ત્યાં મોકલાવી સમજાવી સમાધાન કરે.

અમારી પાસે જે મેમ્બરો આવ્યા હતા તેઓને અમે એટલા

ફરમાન કર્યા છે કે અગર ઇન્સાન હશે તો તે સમજી શકશે, ને એટલામાં નહિ સમજ્યા તો તેઓ કદી પણ નહિ સમજશે.

એક બીજાએ એક દિલીથી ચાલવું અને એક બીજામાં કિન્નો કદી પણ રાખવો નહિ. જે કોઇ અમલદારી, ભગત, તેમજ ગીનાની છે અને હસદ રાખે છે અથવા દુશ્મની કે કિન્નો રાખે છે, અથવા એવાજ બીજા હસદના કામ કરે છે, તે દીનના દુશ્મન છે.

હમણા તમારા માટે કાઉન્સીલો પણ બનાવી છે, તેના અમલદારીઓ જો જમાતને બરાબર નહિ સંભાળે અને બરાબર હક ઇન્સાફ નહિ આપે તો આ દુનિયા અને બીજી દુનિયામાં તેમનું કાળુ મોઢું થશે.

બધી જમાતોએ એવું નક્કી કરવું કે હમેશાં સંપ અને સલાહથી ચાલવું અને કોઇને પણ કદી પોલીસ કે કોર્ટમા જવું ન પડે તેમ કરવું અને કદાચ તેવી ફરજ પડે તો કાઉન્સીલમાં આવે તો ફાયદો થશે. એવી રીતે ચાલવાથી દુનિયામાં તમારી તારીફ અને વખાણ થશે અને એવું બોલાશે કે ઇસમાઇલીમાં એવો સંપ છે કે, તેમનો કેસ કોર્ટમાં કદી આવતો નથી.

જે અમારા હકીકી મોમન છે તેઓ કોઇની હસદ, દુશ્મની કે ગીબત કદી નહિ કરે.

જે હકીકતી મોમન છે તે હમેશાં સચ્ચાઇ પર ચાલે છે અને હમેશાં સલાહ અને નરમાઇથી વર્તે છે. તમે અમારા હકીકી મોમન છો તો એવી રીતે ચોકસી રાખજો અને હમેશાં એવી રીતે ચાલજો. ખાનાવાદાન."

## ફરમાન ૧૮૧ મું.

વિરપુર તા. ૨૫-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદ શાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ભાઇઓ જે કપડા પહેરો છો તેથી અંગ અને પેટ

દેખાય છે; તે ઠીક નથી, માટે તમારૂં અંગ નહિ દેખાય તેના સારૂ બદન પહેરવું યા કબજો પહેરવો, અથવા ગંજીફ્રાક પહેરવું. ગંજીફ્રાક પણ ઘણું ઠીક છે; યા પહેરણ પહેરવું કે જેથી અંગ અને પેટ નહિ દેખાય."

## ફરમાન ૧૮૨ મું.

વિરપુર તા. ૩૦-૧-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે બધા અમારા રૂહાની ફરઝંદના જેવા કામ કરો અને એવા રીતે ચાલો.

**અમલદારીઓની ફરજ છે કે કોઈ ઉપર ગુસ્સો નહિ કરવો અથવા ગુસ્સો કરી કોઇને દુઃખ દેવું નહિ. ગુસ્સો કરીને કોઇ અમલદારી કોઇને દુઃખી કરશે તો તે કાફર છે.**

અમલદારીઓ રાખવામાં આવ્યા છે તે જમાતને સંભાળવા માટે છે. જમાત કે જે અમારા રૂહાની ફરઝંદો છે તેની દુશ્મની જે અમલદાર કરશે તે અમારો દુશ્મન છે.

બધી જમાતોએ કાયદા કાનુન પ્રમાણે ચાલવુ; તે અમારા ફરમાનથી પણ વિશેષ છે; કાયદા કાનુન પ્રમાણે ચાલવું તો તે ફરમાન બરદારી બજાવી લેખાશે."

અમરેલીના વારસ મામદને ફરમાવ્યું:

"તમે ઘણા સારા ઈન્સાફ કરો છો અને તમારી અપીલ અમારી પાસે આવતી નથી. જેની અપીલ કે કેસ અમારી પાસે નહિ આવે તે જમાત સારી છે જે જમાતના કજીયાના કેસ વધારે આવે તો જાણવું કે તે જમાતમાં કજીયા, ફિસાદ અને શેતાની કામ વધારે થાય છે."

ત્યારબાદ ફરમાવ્યું :

"તમો બધાને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે તમને એકજ વખત દુઆ આશિષ નથી આપતા પણ હજાર વખત દુઆ આશિષ આપીયે છીએ. તેમજ હજાર વખત ખાના-વાદાન ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૧૮૩ મું.

અમદાવાદ તા. ૧-૨-૧૯૧૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે અલીમહમદ મનજી નથુ ઘાસલેટવાળા બહુ સારી વાયજ કરે છે તે સાંભળીને ફરમાવ્યું :

**"ખુદા તઆલા તરફથી જ્યારે રહેમત ઉતરે છે ત્યારે અકકલ અને જ્ઞાન આવે છે અને ત્યારે જ વાયજ કરી શકે છે.** ખાનાવાદાન."

## ફરમાન ૧૮૪ મું.

મુંબઇ તા. ૧૮-૨-૧૯૧૩

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે કાન્ડી મહોલાની કન્યાશાળાની છોકરીઓને ફરમાવ્યું :

"છોકરીઓ જે કેળવણી લ્યે છે, તેઓના ભરત ગુંથણના કામના નમુના જોઇને અમે ઘણા ખુશી થઇએ છીએ.

છોકરીઓના માબાપને હુકમ ફરમાવીએ છીએ કે પોતાની દીકરીઓને આ સ્કુલમાં જરૂર મોકલાવે, જેની અમે તેઓના ઉપર ફરજ નાખીએ છીએ; કારણકે છોકરી આ સ્કુલમાં આવશે અને ભરત, ગુથણ તથા લખતાં વાંચતાં વિગેરે શિખસે તો છોકરીઓ ભવિષ્યમાં પોતાનું ગુજરાન ચલાવવાને શકિતમાન થશે અને જો કદાચ કેળવણી નહિ લ્યે અને આ સ્કુલમાં નહિ આવે તો આવા

હુન્નર નહિ શિખે તો, લોકોના વાસણ માંજવા અને કપડા વિગેરે ધોવામાં પોતાના દિવસો ગુજારવા પડશે જેમાં તેમને ચાર થી છ પૈસા મળશે, જેના ઉપર આધાર રાખવો પડશે; માટે કેળવણી લઇને છોકરીઓ હોશિયાર થાય અને કોઈની મહોતાજ નહિ રહે, માટે સ્કુલમાં મોકલી કેળવણી આપવાની જરૂર છે.

છોકરીઓ ભણીને હોશિયાર થશે તો ભવિષ્યમાં પોતાના બચ્ચાંઓને પોતે લીધેલી કેળવણી પોતેજ આપી શકશે; પોતાના બચ્ચાંઓને સારી રીતે કેળવી શકશે; માટે દરેકે પોતાની છોકરીઓને સ્કુલમાં મોકલવી; ભુલવું નહિ જોઇએ.

**આપણી ઇસમાઇલીની છોકરીઓ એવી કોઇપણ નહિ હોવી જોઇએ કે જે ભણેલી અને શિખેલી ન હોય.**

ગરીબ માણુસ ફી નહિ આપે તો હરકત નથી, પણ પૈસા-વાળાના બચ્ચાંઓ છે, તેમણે ખાલી સખાવત ઉપર આધાર રાખવો નહિ જોઇએ. ચેરીટી યાને પારકી સખાવત ઉપર પૈસાવાળાઓએ આધાર રાખવો જોઇએ નહિ યાને તે લોકોએ તો પોતેજ સ્કુલને મદદ કરતા રહેવું જોઇએ.

છોકરો હશે તે તો કયાં પણ જઇને વેપાર કરી શકશે અને શિખી પણ શકશે, પણ છોકરીઓ કયાં જશે? માટે છોકરીઓને શિખવવાની ઘણી જરૂર છે.

આપણું ધાર્મિક તથા ગુજરાતી વાંચવું, લખવું અને હિસાબ કિતાબ, ભરત, ગુથણ વિગેરે શિખવું જોઇએ. છોકરીઓને હિસાબ, વિગેરે શિખવવું ઘણુંજ અગત્યનું છે.

આપણી ઈસમાઈલી ખોજાઓની છોકરીઓ, એવી રીતે ભરતાં ગુથતાં શિખે કે બીજી કોઈ છોકરી એવું સરસ ભરતાં ગુથતાં શિખી ન હોય અને આપણી છોકરીઓની વધારે તારીફ થાય, એવી રીતે શિખાવો."

માબાપો મોટી ઉમરની છોકરીઓને સ્કુલમાં નથી મોકલતા અને ઉઠાડી લે છે અને કહે છે કે "તેમને વધુ ભણી કયાં નોકરી કરવા જવાનું છે?" એવી ફર્યાદ થવાથી ફરમાવ્યું :

"હમણા તેઓના માબાપ પૈસાવાળા હશે પણ કયારેક એવો વખત પણ આવે કે તેઓની છોકરીઓને નોકરી પણ કરવી પડે; એ કુદરતી છે અને આવું ઘણે ઠેકાણે બને છે. જો શિખેલી હશે તો તે કોઈની મહોતાજ નહિ થશે.

અમને એ શોખ વધારે છે કે છોકરા કરતાં છોકરીઓ વધારે શિખે.

હજી ઘણીએ છોકરીઓ કેળવણી વિના અંધારામાં પડેલી છે. આગળ જતાં છોકરીઓ શિખશે તો તેઓના બાળકો પણ કેળવણીમાં વધતા જશે. ખાનાવાદાન."

## ફરમાન ૧૮૫ મું.

મુંબઇ તા. ૧૯–૨–૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"ઇસમાઈલી મઝહબમાં બાપ દીકરાના અબોલા રહે તેથી ઘણુ જ નુકશાન છે. બાપ દીકરાના અબોલા રહેવાથી ઇસમાઈલી દીનની ખુબી કેવી રીતે વધશે? માટે અબોલા અને અણબનાવ રાખવા એ ઘણુંજ ખરાબ છે.

બાપનો હક ઘણો છે. દીકરાએ હમેશાં પોતાના બાપની સલાહમાં રહેવું જોઇએ અને એના હુકમમાં ચાલવું જોઈએ. બાપથી નહિ બોલે તો તેના માટે આ દુનિયામાં પણ સારૂં નથી. અગર બાપ કદી ગુસ્સો કરે કે બે બોલ બોલે તો સહન કરવું જોઇએ અને બાપના સામે થવું જોઇએ નહિ.

બાપ પોતાના દીકરાની સાથે સલાહ અને સંપથી વર્તે તો તેમાં ઘણુંજ સારૂં છે અને ઘણોજ ફાયદો છે. ખાનાવાદાન."

## ફરમાન ૧૮૬ મું.

મુંબઇ તા. ૪-૩-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે બચ્ચાંઓની મહેમાનીમાં ફરમાવ્યું:

"તમે બચ્ચાંઓ અમારા ફરઝંદો છો. અમારૂં ઘર છે તે જમાતખાનું છે, તો બચ્ચાઓની ફરજ છે કે પોતાના બાપના ઘરમાં આવવામાં આળસ ન કરે. હમેશાં આવવું જોઇએ."

## ફરમાન ૧૮૭ મું.

મુંબઇ તા. ૬-૩-૧૯૧૩.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"ચાંદરાતના પંજેભાઇઓ અમે બનાવ્યા છે. આજથી વીસ વર્ષ પહેલા અમે પોતે બનાવ્યા છે. માટે ચાંદરાતના પંજેભાઇઓમાં જેઓએ નામ લખાવ્યા છે, તેઓને અમે ફરમાવીએ છીએ જે હમેશાં ચાંદરાતની મિજલસમાં આવતા રહેજો. ચાંદરાતના પંજેભાઇઓને અમે ઘણી જ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૧૮૮ મું.

રંગુન તા. ૭-૨-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"બરમાની જમાત સારી હતી અને હમેશાં સારી છે. અમે સઘળા મોમનને કહીશું કે તમે જમાત, રંગુન જમાત જેવી થાઓ.

તમે કાઉન્સીલના મેમ્બરો એક બીજા સાથે મળીને ચાલજો. હસદ નહિ કરજો.

જમાતને વાજબ છે કે કાઉન્સીલના ઇન્સાફને કબુલ રાખે. આપણો મઝહબ સચ્ચાઈ ઉપર છે, યાને હકીકી અને રૂહાની છે.

આમાલ સારા કરજો. તમારૂં વતન સમજીને રહેજો. ઘડી ઘડી દેશમાં જાઓ તે ઠીક નથી. અતરેજ તમારૂં પોતાનું વતન સમજીને રહો. ખુદા ન કરે ને કોઈ ખાસ બીમાર હોય અને પાણી બદલો કરવા જાય અથવા કામ પ્રસંગે જાય તો હરકત નથી. ખાનાવાદાન."

## ફરમાન ૧૮૯ મું.

રંગુન તા ૯-૨-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગુર્પતિ જમાતને ફરમાવ્યું :

"કાઉન્સીલમાં એક બીજા વાદ વિવાદ કરે તેમાં ચડ ઉતર થાય તો એક બીજા ઉપર ગુસ્સો નહિ કરવો.

કોઈ પણ મુલકમાં દુનિયાના ધંધા માટે કિન્નો રાખવો નહિ, કારણ કે તે ઘણું ખરાબ છે અને ગુન્હાનું કામ છે.

જેમ વકીલ અને બેરીસ્ટર કોર્ટમાં કેસ વખતે સામસામા લડે છે અને કેસ લડી રહયા બાદ કોર્ટમાંથી બહાર નીકળે છે ત્યારે એક બીજા મળે છે અથવા સાથે ફરવા જાય છે, તેમજ વેપારનો એક જ ધંધો હોય તો તમે દુકાનમાંથી બહાર નીકળો ત્યારે તે વાત ભુલી જાઓ અને દુશ્મની દિલમાં રાખવી નહિ. વેપારનું કામ ખલાસ થયા પછી દિલમાં કાંઈપણ રાખશો નહિ.

ખુદા ન કરે ને એક બીજા સામે તમારો કેસ કોર્ટમાં હોય તો પણ દિલમાં કાંઈ રાખશો નહિ. જો દિલમાં કિન્નો રાખશો તો જમાતમાં તડા પડશે અને અમે તમારા જે વખાણ કરીયે છીએ તે પછી કરશું નહિ, માટે તમારે તેમ કરવું નહિ.

તમારા કોઈના દિલમાં કિન્નો હોય તો હમણા અમારી સામે પંજા લઈ લ્યો."

## ફરમાન ૧૯૦ મું.

રંગુન તા. ૧૦-૨-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"બારભાયા જે થયા તે મઝહબના માટે નહિ પણ બે ભાઇઓમાં જગડો થવાથી થયા. એવી રીતે શેતાનના ફરેબમાં આવશો નહિ.

તમે એક બીજાને મદદ આપો; એમ કરવાથી આખા બરમાની જમાત તમારા હાથમાં રહેશે. જો એકદિલી નહિ હશે તો જમાત તુટી જશે.

એક માણસ જો વેપારમાં નબળો પડે તો તેને મદદ આપો અને ટેકો આપો તો તેનો બદલો તમને આસ્તે આસ્તે મળી જશે.

તમે કોઇને વેપારમાં તોડવા માંગતા હો તો તેથી તમને કાંઈ ફાયદો નહિ થાય, તેથી બીજાને ફાયદો થશે. યાને બીજી કોમને ફાયદો થશે.

મરહુમ મામદ અલીભાઇ હકીમજીને અમે શહીદમાં દાખલ કરીયે છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૧૯૧ મું.

રંગુન તા. ૧૩-૨-૧૯૧૪

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"જુવાનોએ જલ્દી શાદી કરવી જોઈએ. શાદી કરવાથી ગુન્હાના કામ અને બદ ખ્યાલ પેદા નહિ થાય. અહિં વગર શાદી કરેલા ઘણા જુવાનો છે તો તેઓએ જલ્દી શાદી કરવી જોઇએ.

રંગુનથી જુવાન છોકરાઓ દેશમાં જઈ શાદી કરી આવે અને તેના બચ્ચાં થાય તે અમારા મુરીદ થાય તેમાં અમે ઘણાજ ખુશી થઈશું.

આખી દુનિયાનો માલ અમને આપો તો એટલા રાજી અમે થશું નહિ, જેટલા આ કામથી અમે રાજી છીએ.

મોમનની આદત એવી હોવી જોઇએ જે રાતના જલદી સુઇ જાય જેથી નુરના વખતે હાઝર થઈ શકાય. ફઝિલતનો વખત નુરનો છે, તે સચવાય અને દિવસના ધંધાનું કામ પણ સચવાય, તેમ જ મિજાજ અને તબીયત સારી રહે. ખાનાવાદાન.''

## ફરમાન ૧૯૨ મું.

રંગુન તા. ૧૭-૨-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

''અમે અહીંથી રવાના થઇએ ત્યારે તમે આંખમાં પાણી લાવી દિલગીર થશો નહિ. આંખમાં પાણી લાવવા તે ઇસ્નાઅશરીઓનું કામ છે. મોમનને માટે રોવું સારૂં નથી.

અમે તમારી જ પાસે છીએ અને જાહેરમાં તાર, ટેલીગ્રાફ છે; કોઇ પણ પ્રકારની મુશ્કેલી હોય તો તેનો જવાબ અમે તારથી આપીએ છીએ; બાતુનમાં અમે તમારી પાસે જ છીએ.

કલકત્તા અને કાઠીઆવાડમાં જ્યારે અમે જઈએ છીએ ત્યારે રંગુનવાળાઓ ત્યાં હાજર હોય છે.

તમે બાઇઓ અમારી પાસે બીમારીની અરજ લઇ આવો છો પણ આ જમાતખાનુ ચાર મજલાનું છે, તેમાં હમેશાં આવો અને ચાર મજલા ચડશો તો કોઇ દિવસ બીમાર નહિ થશો. ખાનાવાદાન.''

## ફરમાન ૧૯૩ મું.

જંગબાર તા. ૧૫-૭-૧૯૧૪

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મેદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"પહેલે તો અમે તમો સર્વે જમાતને જોઇને ઘણા ખુશી થયા છીએ. તમે જમાત છો તે અમારા રૂહાની ફરઝંદો છો તથા બાઇઓ જે છે તે, અમારી રૂહાની દીકરીઓ છે. તમે ખ્યાલ કરો કે જેમ જીસ્માની ફરઝંદોને તમે જોઇને ખુશી થાઓ છો, તેમ અમે તમને જોઇને ઘણાજ ખુશી થયા છીએ. તમે એવો ખ્યાલ નહિ કરજો કે અમે દશ વર્ષ સુધી અતરે જાહેરીમાં હાઝર નહિ હતા, પણ અમે રાત દિવસ રૂહાની રીતે તો ખરૂંજ, પણ જીસ્માની રીતે તમને હમેશાં રાત અને દિવસ યાદ કરતા હતા અને તમારા હકમાં દુઆ કરતા હતા.

રૂહાની તરીકે જોશો તો રાત અને દિવસ, દરેક વખતે અમે તમારી પાસે છીએ અને હમેશાં આફ્રિકાની જમાતોને વિસરતા નથી, એટલે ભુલતા નથી. **તમારે પણ** અમે જયા હોઇએ ત્યાં, તમારો રૂહ પણ તેવો જ હોવો જોઇએ. તમે ખ્યાલ બીજો નહિ કરતા.

હમેશાં સાંજે અને સવારે બંદગી કરજો. દિવસના દુનિયાના ધંધામાં મશગુલ રહેજો તથા રાતના માટે મેઅરાજની બંદગીમાં મશગુલ થાઓ.

જેવી રીતે તમે અમારા ઉપર મહોબત રાખો છો, તેવી રીતે તમારા દીનભાઇઓ પ્રત્યે મહોબત રાખો, જાણે કે એકજ માબાપના ફરઝંદ હો. પહેલી મહોબત દીનભાઇઓ સાથે કરો ત્યારબાદ અમારી સાથે મહોબત કરો યાને મહોબત રાખો.

તમે એક બીજામાં તેમજ બીજા મઝહબવાળા જેવા કે હિન્દુ, મુસલમાન, ક્રિશ્ચીઅન, ઈસ્નાઅશરી, આર્ય સમાજી વિગેરે કોઈપણ મઝહબવાળા સાથે દુશ્મની નહિ કરતા તેમજ કોઈની બદગોઈ પણ નહિ કરતા. અગર જો તેઓ તમારાથી વિરૂધ્ધ હોય તો તેના વાસ્તે દુઆ કરજો.

તમારા હક ઉપર કોઇપણ તરાપ મારતો હોય, તો તમે કોર્ટમાં લડી હક રીતે લેજો, પણ દુશ્મનીથી નહિ; પણ રીત અને કાયદાસર લેજો.

અગર આપણા ઇસ્માઈલી દીનભાઈઓમાં જો બે ભાઇઓ વચ્ચે વાંધો થાય તો બે જણાએ વચ્ચે પડીને ખુલાસો કરી દેવો, તેથી પણ ન થાય તો ત્રણ જણા, છેવટે તેમ પણ નહિ તો ચાર જણા; જો તેમ કરતાં પતાવટ નહિ થતી હોય તો, કાઉન્સીલની અંદર ખુલાસો કરવો પણ કોર્ટમાં ચડવું નહિ.

જંગબારની કાઉન્સીલને મોટી કાઉન્સીલ ઠેરાવી છે, તેનું કારણ એ કે તે મધ્ય ભાગમાં આવેલ છે. જંગબાર કાઉન્સીલની ફરજ છે કે તેઓ પોતાની ફરજ બજાવે તથા બહારની કાઉન્સીલોની દેખરેખ રાખે. સઘળી કાઉન્સીલો અમારી એક રગ છે. કાઉન્સીલ પોતે ખુદાને હાઝર નાઝર સમજીને ઈન્સાફ આપે અને મેમ્બરો એકદિલ હોય. એવું ન થાય જે જમાતમાં ફિસાદ થાય અથવા કોઇ ફિસાદ કરે; અગર જો કોઈ ફિસાદી નીકળે તો તેને નમનતાઇથી સમજાવો; જો તેવી રીતે તે ન સમજે તો તેને તમે બહાર કાઢો, પણ ખુબી ભરેલી ઝબાનથી, દુશ્મનાઇથી નહિ.

જે ફરમાન મરદોને થયેલ છે તે બાઈઓને વાંચી સંભળાવવા.”

## ફરમાન ૧૯૪ મું.

જંગબાર તા. ૧૬-૭-૧૯૧૪.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે સર્વે બાઇઓ, નાની તથા મોટી, સર્વેને ઘણી જ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન.

તમે સઘળાઓ અમારા રૂહાની ફરઝંદો છો. જેવી રીતે હમણા અમને જુઓ છો, તેવી રીતે હમેશાં અમને જમાતખાનામાં જોજો. જ્યાં સુધી અમે અતરે છીએ ત્યાં સુધી તમે અમને ઈશ્ક દેખાડશો, પણ પાછળથી પણ ઈશ્ક દેખાડજો અને અમને જમાતખાનાથી જુદા નહિ ગણતા, જેનો બદલો આ દુનિયામાં બરકત અને પેલી દુનિયામાં દિદાર છે.

અમે ખરા અંતઃકરણથી એટલે અમારા દિલના અંદરથી ફરમાવીએ છીએ કે તમે જે બાઈઓ છો તે અમારા નુરાની ફરઝંદો છો."

## ફરમાન ૧૯૫ મું.

જંગબાર તા. ૧૭-૭-૧૯૧૪.

હઝ મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"અમે બાતુનમાં હમેશાં તમારી પાસે જ છીએ અને હાલ જાહેરીમાં પણ તમારી પાસે બિરાજ્યા છીએ.

બાઇઓ તથા ભાઈઓ જે કુંવારા છે, તેઓના અમારા હુઝુરમાં વિવાહ કરી આપો તો અમે તમારા ઉપર ઘણા જ રાજી અને ખુશી થઇશું. અમે જાહેરીમાં અહિં જ્યારે હાજર નથી રહેતા ત્યારે તમને વિવાહનો ખર્ચ ઘણો જ થાય છે, પણ હાલમાં અમે અતરે હાજર છીએ જેથી વિવાહનું કામ જો ઉકલાવશો તો તમને ખર્ચ ઘણો જ ઓછો થશે અને અમે પણ તમારા ઉપર ઘણા જ રાજી અને ખુશી થઇશું અને અમારો નુરી દિદાર જોઈને જો એ કામ કરશો તો અમે ઘણાજ રાજી થઇશું.

અમે સર્વે જમાત ઉપર રાત અને દિવસ રાજી છીએ, પણ તમે તમારૂં ઇમાન સલામત રાખજો અને સારાં કામ કરજો."

મનજી લાલજી નાર્યાણીની ઘરવાળી તથા તેનો છોકરો હુસેન અતરે મેળામાં આવીને ખુદાની રહેમતે પહોંચ્યા છે ગેની અરજ હુઝુરમાં કરવામાં આવી ત્યારે ફરમાવ્યું :

"તેઓ સીધા અમારી હુઝુરમાં પહોંચ્યા છે, કારણકે તેઓ અમારી ઉમેદ કરીને અતરે આવ્યા હતા, જેથી તેઓના સઘળા કામ અમે કબુલ કરીયે છીએ અને તેઓ અમારા નુરમાં પહોંચ્યા છે. અગર તેઓ દુનિયામાં હૈયાત રહેતે અને અમારી હુઝુરમાં કામ કરત તો પણ ફરી તેઓથી ગુન્હા પણ થાત ને વળી માફી માંગત; એમ ગુન્હા થયા કરત, પણ એ તો નિર્દોષ સીધા અમારી હુઝુરમાંજ પહોંચ્યા છે. તેઓને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૧૯૬ મું.

જંગબાર તા, ૧૮–૭–૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ભાઇઓ જે હમણા મહોબત ને એખલાસથી રાજી ખુશીથી ખાનામાં બેઠા છો, તેવીજ રીતે પેલી દુનિયામાં તમને મૌલાનો દિદાર હાસલ થશે અને હમણા જેવી રીતે તમે મૌલાની હુઝુરમાં બેઠા છો, તેવી જ રીતે પેલી દુનિયામાં અમારી હુઝુરમાં બેઠા હશો."

## ફરમાન ૧૯૭ મું.

જંગબાર તા. ૧૯–૭–૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ભાઇઓ જે દિદાર કરવા અતરે આવ્યા છો, તે જોઇને અમે ઘણાજ રાજી થયા છીએ. તમે ત્યાં અમારા છત્ર નીચે હશો.

તમે જમાત મહેનત લઇને ઘર તથા વેપાર મુકીને અતરે આવ્યા છો તેના માટે અમે તમને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ. દુનિયામાં એક ગણો તેનો બદલો મળશે, પણ આખરતમાં તેનો બદલો હજાર ગણો મળશે.

કોઈ પણ શખ્સ તમને વધારે સવાલ જવાબ કરે તો મિશનરીઓને પુછે અને સવાલ જવાબ કરે કારણકે તેઓ ઈલ્મથી માહિતગાર છે."

પંજેભાઇઓને ફરમાવ્યું :

"તમે મૌલાનુ લશ્કર છો અને તમારે હમેશાં ફિરસ્તાની માફક ફરમાનમાં રહેવુ જોઇએ અને હમેશાં જમાતખાનામા આવવું. જાગરણમાં હાજર રહેવું.

મુખી કામડીઆની ફરજ છે કે, જેઓ જમાતખાને નહિ આવતા હોય તેઓને ઘેર જઇને વખતો વખત મીઠી જબાનથી સમજાવવુ અને જમાતખાનામાં આવવાની ભલામણ કરવી."

બાગામોયા જમાતને ફરમાવ્યું :

"તમે હમેશાં જમાતખાનામાં ટાઈમસર હાજર થજો. તમે ઘરબાર છોડીને અતરે આવ્યા છો તેનો બદલો અતરે એકવાર તથા આકબતમાં તમને હજાર વાર મળશે. જમાતની ખિદમત બરાબર બજાવજો.

તમે હમેશાં કાઉન્સીલના હુકમમાં રહેજો. કદાચ, ખુદાનખાસ્તા કયાંઈપણ તમારામાં કુસંપ જાગે તો તરત જંગબારની સુપ્રિમ કાઉન્સીલમાં ફેંસલો કરવા લખાણ કરજો."

બાગામોયાની કન્યાશાળાની બાળાઓને ફરમાવ્યું :

"જે ભરત કામ અતરે અમારી આગળ હુઝુરમાં રજુ કરવામાં આવેલ છે, તેમ હમેશાં શિખવવામાં આવે; તેમજ ધાર્મિક અને ગુજરાતી શિક્ષણ પણ બરાબર રીતે શીખવવું.

શીખવવાનો ખર્ચ જેઓ આપે છે તેથી તેમના ઉપર અમે ઘણાજ ખુશી થયા છીએ. તમે એમ નહિ સમજતા જે, આ છોકરીઓ જમાતની છે, પણ નહિ, તે અમારી છોકરીઓ છે, એમ તમે સમજજો."

## ફરમાન ૧૯૮ મું.

જંગબાર તા. ૨૧-૭-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બહારગામથી આવેલી જમાતોને ફરમાવ્યું:

"આપણા મઝહબનો પાયો મહોબત તથા એકસંપી છે. કોઇએ પણ પોતાના દીન ભાઇઓ સાથે ફિતનો નહિ કરવો, જેથી બન્ને જહાનમાં બરકત થશે; અગર જો એકબીજાની ખોદણી કરશો તો ઇમાન તથા મઝહબ તમારા હાથમાંથી નીકળી જશે."

## ફરમાન ૧૯૯ મું.

જંગબાર તા. ૨૨-૭-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મીકીન્ડા જમાતને ફરમાવ્યું:

"તમારી જમાતમાં કેટલાક વખતથી કુસંપ ચાલે છે, તે કુસંપ કાઢી નાખી, એકદિલ થઈ મહોબતથી ચાલો. તમે અમારા રૂહાની ફરઝંદો છો. એક જીસ્માની માવિત્ર પણ પોતાના ફરઝંદોમાં કુસંપ થાય તો નાખુશ થાય છે તો, અમે તો તમારા રૂહાની પિતા છીએ, માટે એકસંપ અને એક દિલ થઇ ચાલજો. ખાનાવાદાન."

## ફરમાન ૨૦૦ મું.

જંગબાર તા. ૨૩-૭-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આવતી કાલે શુક્રવારી બીજ છે, તે તમે રાખજો નહિ કારણકે અમે અતરે હાજર છીએ, માટે મદદ કરજો."

## ફરમાન ૨૦૧ મું.

જંગબાર તા. ૨૪-૭-૧૯૧૪,

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ચાકેયાકે જમાતને ફરમાવ્યું:

"હમેશાં તમે જમાતખાનામાં હાજર રહેજો અને તમારો દીન જે ઇસમાઈલી છે તેના ઉપર મુસ્તકીમ અને મજબુત રહેજો. તમારામાં જે કુસંપ છે તે કાઢીને એકદિલ થઇ પંજા આપો.

વેપારમાં કોઇની દુશ્મની નહિ કરવી. તેમજ કોઇની ખોદણી પણ નહિ કરવી. તમારી રોઝીમાં જે હશે તે તમને મળશે."

એ વખતે આલીજાહ હુઝુર કામડીઆ હાજીભાઇ નજરઅલીએ નીચેનો પાઠ કહી સંભળાવ્યો

'અગરથી જો મગરબ જાવે
આખર લીખ્યા સોહી પાવે

બાદ ફરમાવ્યું:

"તમે જમાતખાનું બહુ જ મોટું બનાવ્યું છે પણ, તમે તેમાં જતા નથી તેથી શું ફાયદો? માટે તમે હમેશાં જમાતખાનામાં જજો. ખાનાવાદાન."

## ફરમાન ૨૦૨ મું.

જંગબાર તા. ૨૫-૭-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

" તમો બાઇઓ ઉપર અમે ઘણા જ રાજી અને ખુશી છીએ અને તમારા હકમાં હમેશાં દુઆ ફરમાવીએ છીએ. જેવી રીતે

અમે હમણા તમને દુઆઆશિષ ફરમાવીએ છીએ, તેવીજ રીતે, અમે જ્યાં હોઇએ છીએ ત્યાં તમારા હકમાં દુઆઆશિષ ફરમાવીએ છીએ.

જેમ એક ઘોડાને પાણીના હવાડા પાસે લઈ જઇએ અથવા એક ઘોડા પાસે પાણીની બાલદી ભરીને રાખીએ, પછી તે ઘોડા પાણી પીયે અથવા ન પીયે તે તેની ખુશી; તેમાં પાણી આપનારનો કંઈ પણ વાંક નથી; તેવીજ રીતે અમે તમને રસ્તો બતાવીએ છીએ પછી તમે તે ઉપર ચાલો યા ન ચાલો તે તમારા હાથમાં છે. એમાં અમારો કાંઈ પણ વાંક નથી.

જુઓ યહુદી લોકો પોતામાં ઘણાજ જોરાવર છે, તેનું કારણ કે, તેઓ એકસંપથી રહે છે. તેમજ તમારામાં પણ સલાહ સંપ હશે તો કોઈ પણ કેસ કોર્ટમાં જશે નહિ. જો તમારામાં એકસંપી હશે તો તમારૂં જોર ઘણુંજ થશે. કાઉન્સીલથી તમને ઘણોજ ફાયદો થયો છે.

અગર જો તમે એકદિલ નહિ રહેશો તો અમે ગમે તેટલી દુઆ કરીયે તોપણ તમને ફાયદો થશે નહિ. કારણકે અમારી દુઆ પણ અર્ધા દિલની થશે.

ઉપરીઓની વાત સહુએ સાંભળવી જોઇએ. અગર કર્નલ કહેશે કે હું જનરલની વાત નહિ સાંભળુ તો લશ્કર પણ ટકી શકે નહિ. અગર તમે પણ એમ કરશો તો બીજા મઝહબવાળા પણ તમારા પર હસશે."

## ફરમાન ૨૦૩

જંગબાર તા. ૨૬-૧૦-૧૯૧૪.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે મુખી કાસમ સીવજી પેમ્બાવાળાને ફરમાવ્યું :

"તમે હમણા આ દુનિયાનો વેપાર છોડી યાને રિટાયર્ડ થઇ ને પેલી દુનિયાનો વેપાર કરો છો, તે ઘણું સારૂં છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૦૪ થું.

જંગબાર તા. ૨૭-૭-૧૯૧૪.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"રાત અને દિવસ અમે તમારા હકમાં દુઆ કરીયે છીએ અને જ્યાં હોઈએ ત્યાં તમને હમેશાં યાદ કરીને દુઆ ફરમાવીએ છીએ.

અમે જાહેર તરીકે અતરેથી રવાના થઇએ તોપણ તમે કાયદા કાનુન અને થયેલા ફરમાન અને રસમ મુજબ બરાબર કામ કરી તમારી ફરજ બજાવજો. અમારા બદનને નહિ જોતા અમારા ફરમાન ઉપર ધ્યાન રાખજો."

માનતાઓની બક્ષામણી માટે અરજ કરવામાં આવતાં ફરમાવ્યું :

"હમણાં તમને બક્ષિયે છીએ. ભવિષ્યમાં તેમજ કોઇપણ વખતે કોઈની પણ માનતા કરતા નહિ. આ ફરમાન અમે સર્વેને માટે કરીયે છીએ. જમાતખાના સિવાયની કોઇપણ માનતા રાખવી નહિ."

## ફરમાન ૨૦૫ મું.

જંગબાર તા. ૨૯-૭-૧૯૧૪.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે વારસ મામદ વારસ રહેમતુલ્લા હેમાણીને ફરમાવ્યું :

"તમે તો ઘણીજ સારી રીતે ખિદમત કરી. આફ્રિકાના લગભગ દશ હજાર ઇસમાઇલીઓની ખિદમત કરીને નામ મશહુર કરેલ છે. તમારા મરહુમ પિતા તથા દાદાએ ફક્ત જંગબારને જ સંભાળવાનું હતું, પણ તમે તો આખા આફ્રિકાના ઇસમાઇલીઓને

સંભાળો છો અને ખિદમત કરો છો જેથી, તમે તમારી જીંદગી સુધી મોટા વઝીર યાને પહેલા વારસ છો."

બાદ પંજેભાઇઓને ફરમાવ્યું :

"તમે અમને મેમાની કરી તેનો અવેજ ખુદાવંદતઆલા તમને બેઉ દુનિયામાં આપશે. તમે મૌલાનું યાને અમારૂં લશ્કર છો. તમારૂં કામ એજ છે કે હમેશાં અમારી યાને હાઝર ઇમામની ખિદમત કરવી. તમારે સમજવું જોઇએ કે તમે પંજેભાઇઓ હાઝર ઇમામનું રૂહાની લશ્કર છો.

દરેક રૂહાનીઓને માટે હમેશાં અમે દુઆ કરાયે છીએ અને દરેક જગ્યાએ જ્યાં અમે હોઇએ ત્યાં દુઆ કરીયે છીએ.

પંજેભાઇઓને હમેશાં પોતાના જાગરણમાં તો હાજર રહેવું જ. તમે કોઇ દિવસ તમારા જાગરણમાં આવવા માટે સુસ્તી નહિ કરતા. જાગરણમાં હમેશાં હાઝર રહેજો.

અમે તમારી દસ્ત બોશી કબુલ કરીયે છીએ."

## ફરમાન ૨૦૬ હું.

જંગબાર તા. ૩૧-૭-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"જંગબાર તેમજ આફ્રિકાની દરેક જમાતોને અમે જ્યાં હોઇએ છીએ ત્યાં રાત અને દિવસ સર્વેને યાદ કરીને દુઆ ફરમાવીએ છીએ.

અલબતા, બચ્ચાંઓનો ઇશ્ક પિતા પર વધારે હોય છે, તેમજ પિતાને પણ બચ્ચાંઓ ઉપર ઇશ્ક હોય છે. તેવી રીતે, અમે પણ પિતા તરીકે તમારા ઉપર ઘણીજ મહોબત રાખીએ છીએ. તમારા કરતાં પણ ઘણી અને વધારે મહોબત રાખીએ છીએ.

પિતા પોતાના બચ્ચાંઓને પાસે બોલાવીને પ્યાર કરે છે. તેવી રીતે અમે તમને એક એકને પાસે બોલાવીને પ્યાર નથી કરી શકતા, કારણ જે તમે અમારા ઘણા ફરઝંદો છો, માટે તમને સામટી રીતે સર્વેને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૦૭ મું.

જંગબાર તા. ૪-૮-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમે તમારા ઉપર હમેશાં રાજી છીએ અને હમેશાં તમને દુઆ આશિષ ફરમાવીએ છીએ અને રાત અને દિવસ તમારા હકમાં દુઆ કરીયે છીએ જે તમારી આલ-ઔલાદ, જાન અને કુટુંબ પરિવાર તેમજ ઈમાન વિગેરેમાં બરકત થાય એવી અમે દુઆ કરીયે છીએ.

તમે હમેશાં મિજલસમાં હાજર રહેજો અને દિલમાંથી હસદ કાઢી નાખજો અને એક દિલગી હાજર થજો.

તમને ખબર છે કે યુરોપમાં લડાઈમાં હજારો માણસો કપાઈ મરે છે. જો કે, તેઓ આપણી જાતના તેમજ દીનભાઈઓ તો નથી, પણ ઈન્સાન તો છે. તે માટે આપણે બધાઓ ઉપર મહોબત અને પ્રેમભાવ તો રાખવાજ જોઈએ અને આ બાબત વિષે અમે ઘણાજ દિલગીર છીએ. આ વખતે તમારી સાથે બેસીને હસવું અને ખુશીથી બોલવું તે પણ અમને સારૂં લાગતું નથી.

લડાઈ સંબંધમાં તમારે ડર અથવા ધાસ્તી બીલકુલ રાખવી નહિ. અમે તમને દુઆ કરીયે છીએ કે તમને વધારે નુકશાની ખમવી પડશે નહિ. દશ થી પંદર દિવસમાં અતરે શાંતિ થઈ જશે.

જો કે લડાઇમાં દુઃખ તો છે, કાંઇ મીઠાઇ ખાવાની નથી; પણ તમને વધારે નુકશાન થશે નહિ. લડાઇ છે માટે મોંઘારત તેમજ ધાસ્તી વિગેરે મુશ્કેલીઓ તો છે પણ આસાન થઇ જશે."

બાદ ફરમાવ્યુ :

"અમે તમારા ઉપર ઘણુ જ રાજી છીએ અને હમેશાં રાત અને દિવસ તમારા હકમાં દુઆ કરીયે છીએ જેવી રીતે તમે હાલમાં જાહેરીમાં અમારી હુઝુરમાં બેઠા છો તેવીજ રીતે પેલી દુનિયામાં એટલે આખરતમાં તમે અમારી હુઝુરમાંજ હશો. તે તમે ખાત્રીથી સમજજો.

તમે કોઇ વખત પણ દિલગીર નહિ થજો કારણ જે મોમન **હમેશાં જ ખુશ હોય, ને એવા મોમનને હમેશાં રાત અને દિવસ દિદારજ હોય છે.**

જાહેર દિદાર જે માણસ યકીન વગર એટલે ઇતેકાદ વગર કરે છે તેઓને કંઇ પણ ફાયદો નથી, પણ જો ઇમાન હશે અને મહોબત તેમજ ઇશ્ક હશે તો જાહેર દિદાર તેમજ બાતુન દિદાર તેઓને રાત અને દિવસ છે.

કદાચ ઇશ્ક અને મહોબત હશે ને ઇબાદત ઓછી હશે તો કંઇ પણ ફિકર નથી, પણ ઇશ્ક અને મહોબત રાખવી તો તેમાં ઇબાદત કરતાં વધારે ફાયદો છે.

કેટલીક બાબતો તમને કહેવાની છે, જે તમારી દીકરીઓ મોટી હોય એટલે પંદર વર્ષની થાય કે તરતજ તેના વિવાહ કરી આપવા, તેમાં બીલકુલ ઢીલ કરવી નહિ. છોકરો ઇમાની હોય અને પોતાનું ખર્ચ ચલાવી શકતો હોય તેને આપજો. તે બાબતમાં અમારી દુઆ છે અને તે ઉપર અમલ કરશો તો તમને દિદાર થશે. પોતાની દીકરી ચૌદ કે પંદર વર્ષની થાય કે તરતજ વિવાહ કરવાની

જરૂર છે. કોઈ પણ બાઇ જુવાન હોય અને વિધવા હોય તો તે પણ પોતે નિકાહ કરી લ્યે. જો જુવાન વિધવા ઘરમાં બેસી રહે તો તેમાં ઘણુંજ નુકશાન છે.

**વિવાહ કરવા તેમાં બીલકુલ વધારે ખર્ચ કરવું નહિ.** કદાચ તમને લુગડા સારા કરવા હોય તો ફકત એક વાગો એટલે એક જોડી સારી રાખજો. પારસી કોમ પૈસે ટકે ઘણીજ આસુદી છે, તો પણ તેઓ લુગડા ઉપર તમારા માફક મોટું ખર્ચ રાખતા નથી કે, જેવી રીતે તમે મોટું ખર્ચ રાખો છો.

લુગડા ઉપર જેવો ખર્ચ તમે કરો છો, તેવો ખર્ચ કોઇ પણ મુલકમાં યાને કોઇ પણ ગામમાં નથી. તમે ફોકટનું ખર્ચ કરો છો તેવું કોઇ પણ ઠેકાણે નથી.

તમે સારા લુગડા કલાબત વિગેરેના બનાવીને પહેરો છો તે જોઈને બીજા ગરીબ માણસો પણ બનાવે છે અને તેઓ કહે છે કે અમને પણ જોઈએ. તે ઠીક કહેવાય નહિ માટે તમે ફોકટનો નાહક ખર્ચ કરો નહિ કે જેથી ગરીબ પણ હેરાન થાય.

છોકરી જુવાન થાય કે તરતજ વિવાહ કરી આપવા. છોકરીઓને વાંચતા, લખતા અને ભરતકામ શિખાડવું અને સ્કુલમાં હમેશાં મોકલવી કે જેથી તેઓ સર્વે વિદ્યા શિખે. જો તેઓ આગળથી શિખે તો તેઓને ભવિષ્યમાં કામ આવે અને દુઃખી થાય નહિ. આ કામ ઉપર તમે વધારે ધ્યાન આપો તો સારૂં છે.

તમે લુગડા ઉપર વધારે ખર્ચ કરો નહિ. તમે સારા લુગડા પહેરીને જમાતખાનામાં આવો છો તે તમને કોણ જુએ છે? જમાતખાનામાં અમેજ બેઠા છીએ. અમે તમારા માવીતર યાને માબાપ છીએ તો તમે અમને દેખાડો છો? તેમાં તમને કાંઈ પણ ફાયદો નથી. તમારા માવીતરોને તથા તમારા ધણીને વધારે ખર્ચ

થાય તેમા અમે રાજી નથી.

પાક નજરથી રહેવું, બદનજર કરવી નહિ, વિગેરે પાકીઝગીના લુગડા પહેરવા યાને દરેક બાબતમાં પાક રહેવું, તે જ સારા લુગડા અને સારો શણગાર તમારા માટે છે.

અમે તમને રાત અને દિવસ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

સ્કુલની બાળાઓને ફરમાવ્યું:

"અમે તમારૂં ભરતકામ જોઇને ઘણુાજ રાજી છીએ, તમે વધારે શિખજો. ભરતકામ તથા ગીનાન ઇલમ બરાબર શિખજો અને ગુજરાતી વાંચી શકો તેમ શિખજો. બચ્ચાઓ ભરતકામ કરે તે વેચીને તેના જે નાણુા ઉપજે તે સ્કુલ ખાતે રાખવા અને તેનો બીજો સામાન લઇને ભરતકામમાં વાપરવો, ખાનાવાદાન."

સ્કુલના છોકરાઓને ફરમાવ્યું:

"તમે મૌલાનું યાને અમારૂં લશ્કર છો અને રૂહાની ફરઝંદ છો. તમે હમેશાં સ્કુલમાં જજો અને સારો અભ્યાસ કરજો અને સારા થઇ સારા સારા કામ બજાવજો. તમે અમારૂં રૂહાની લશ્કર છો. ખાનાવાંદાન."

## ફરમાન ૨૦૮ મું.

જંગબાર તા. ૬-૮-૧૯૧૪.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"સાંભળો, બાઇઓ તમે ઘણીજ નસીબદાર છો, કારણુ જે મોમન છે તે હમેશાં બાતુની દિદાર જુએ છે. ફકત જાહેર રીતેજ તેઓ નથી જોતાં. અમે રાત અને દિવસ તમારી પાસેજ છીએ.

તમે હમેશાં દિલની અંદર ખુશ રહેજો, દિલગીરી નહિ રાખજો; ને ઈમામ હાઝર જોમાને હમેશાં હાઝર દેખજો. દુર નહિ સમજતા અને અમે પણ તમને હાઝર સમજીશું.

હમણા જેવી રીતે અમારી હુઝુરમાં શાદી થાય છે તેવીજ રીતે અમારા રવાના થયા બાદ પણ જેઓ તે પ્રમાણે ટુંકમાં અને થોડા ખર્ચમાં શાદી ઉકલાવશે તેને ઘણો સવાબ થશે. **ઘણા થોડા ખર્ચમાં શાદીનું કામ પતાવવું.** ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું :

"કોઈ હોશિયાર માણુસ હોય તો તેને એક કલમ પણ બસ છે, પણ જે માણુસ હોશીયાર ન હોય તેને રાત દિવસ ફરમાન થાય તો પણ થોડા છે. તે માટે એક બાબતમાં તમને ફરમાન કરીયે છીએ.

જેટલી જમાત આફ્રિકાની છે અને જેઓનો મઝહબ તથા કાનુન પર ઇ-તેકાદ છે, તેઓ સર્વેને અમે અમારા ફરઝંદ તરીકે કબુલ કરીયે છીએ અને અમે તેઓને અમારા ફરઝંદ તરીકે જોઇએ છીએ. તમે ખ્યાલ કરો કે તમારા ફરઝંદ ઉપર તમારી કેટલી મહોબત હોય? એવીજ રીતે તમારા ફરઝંદોની પણ તમારા પર મહોબત હોયજ. તેમજ અમારી મહોબત પણ તમારી ઉપર તેવીજ રીતે છે. જાહેરીમાં તેમજ બાતુનમાં પણ રાત અને દિવસ તમારા ખ્યાલમાં હતા અને અમારૂં દિલ તમારી પાસેજ હતું.

ફકત અમારૂં બદન જોવાથી શું ફાયદો? બદન તો સર્વે કોઈ જોઈ શકે છે; માટે બદનને નહિ જોતાં ફરમાન તેમ જ હુકમ પર વિચાર કરવો જોઇએ ને અમલ કરવો જોઈએ.

આખા આફ્રિકામાં સારૂં થશે. થોડા વખત માટે મહેનત અને મુશ્કેલી તો છે, પણ આસ્તે આસ્તે ઘણું જ સારૂં થઈ જશે."

## ફરમાન ૨૦૯ મું.

મુંબઇ તા. ૧-૩-૧૯૧૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"તમને ફરજ છે કે તમારી છોકરીઓને સ્કુલમાં મોકલો. નાની છોકરીઓને યાને દશ વર્ષની છોકરીઓને ઉઠાડી લ્યો તેમાં શું ફાયદો? તે તો ઉલટું શિખેલું ભુલી જાય; માટે ચૌદ વર્ષ સુધીની છોકરીઓને મોકલો, કારણ કે થોડું શિખેલ હોય ને ઉઠી જાય તો ઉલટું તે શિખેલું પણ ભુલી જાય ને તેમાં કાંઈ લાભ થતો નથી, માટે ચૌદ વર્ષ સુધીની છોકરીઓને મોકલો અને બરાબર હુન્નર શિખવો, તો તેઓને કામ આવશે. અમે આટલા પૈસા ખરચીએ છીએ તેનો તમારા બચ્ચાંને પુરતો લાભ આપો.

આ કાઉન્સીલ કેટલી મહેનત કરે છે, તે પર ધ્યાન આપો. આ છોકરીઓ છે તે અમારા નાના બચ્ચાં છે. અમે તમને એટલે સુધી ભલામણ કરીયે છીએ કે, અગર તમારા બે બચ્ચાં હોય અને તેમાં એક છોકરી અને એક છોકરો હોય અને તમારી પાસે શિખવવા સારૂ પૈસા પણ ન હોય તો પહેલાં છોકરીને શિખાવો, પછી છોકરાને શિખાવો. છોકરીને ચઉદ વરસની ઉમર સુધી શિખાવો, તો તે તેને કામ આવશે

બીજું અમે સાંભળીએ છીએ કે સ્કુલમાં ટીચરો યાને શિખવનારા માસ્તરો બરાબર નથી તો, કમીટી તપાસ કરીને સારા રાખવા માટે બંદોબસ્ત કરશો. આ છોકરીઓ છે તે અમારા નાના બચ્ચા છે તેને બરાબર શિખાવો."

છોકરીઓને ફરમાવ્યું :

"તમે અમારા નાના બચ્ચાં છો, તમે સ્કુલમાં બરાબર શિખો.

અગર તમારા વડીલ તમને કહે કે તમે સ્કુલમાં નહિ જાઓ, તો પણ તમે કહેજો કે નહિ, અમે તો સ્કુલમાં જશું અને બરાબર શિખશું."

## ફરમાન ૨૧૦ મું.

મુંબઇ તા. ૫-૩-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પંજાબની જમાતોને ફરમાવ્યું:

"તમે જે બધા પાકા ઇસ્માઇલીઓ છો તે પોતાની બેટી એક બીજાને ખુશીથી આપો અને તેની બેટી લ્યો અને આપસમાં બધા એક બીજા સાથે ઘણી મહોબત રાખો. જે ઇસમાઇલી છે તે બધા એક જ છે, એમ સમજો અને એક બીજા સાથે મહોબત કરો."

## ફરમાન ૨૧૧ મું.

મુંબઇ તા. ૭-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે વોલન્ટીયર કોરને ફરમાવ્યું:

"તમે અમારી ઘણી ખિદમત કરી છે, અમે તમારા ઉપર ઘણા રાજી છીએ, તમે બધા મૌલાનું લશ્કર છો, અમે તમને મૌલાના લશ્કરમાં દાખલ કર્યા છે. આ દુનિયામાં તમે અમારી સાથે છો અને પેલી દુનિયામાં પણ તમે અમારી સાથે હશો.

અગાઉના વખતમાં લડાઇઓ ઘણી થતી હતી, ત્યારે માથાં આપતા હતા, હવે આ ખિદમત કરો છો તો જાણે કે તમે જહાદ કરો છો.

તમારો મઝહબ રૂહાની છે, જીસમાની નથી.

હિંદુઓના દેવોની મુર્તીમાં જોવાથી એક દેવના દશ હાથ

હોય છે, તે જોઇને નાદાન લોકો હસે છે, પરંતુ તેમાં ફિલોસોફી છે; તેના દશ હાથ હોય છે પણ શરીર યાને બદન એકજ છે; તેવી રીતે તમે પંચાવન વોલન્ટીયરના એકસો દસ હાથ છે, પણ દિલ એક હોવું જોઇએ. જ્યારે તમારા બધાના દિલ એક થશે, ત્યારે અમારૂં દિલ પણ તમારી સાથે થશે."

## ફરમાન ૨૧૨ મું.

કરાચી તા. ૧૧-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"જે કોઈ મુરીદનો ધંધો અહિં ન ચાલતો હોય તે, મેસોપોટેમીયા જશે તો ઘણું સારૂં પેદા કરશે. ત્યાં ઘણા ગામ છે. મામરા, ઇસ્ફલાન, બગદાદ, બસરા ઉપરાંત બીજા પણ ત્યાં નાના નાના ગામ છે, તો જે મુરીદનો ધંધો અહીં ન ચાલતો હોય, તે ત્યાં જશે તો ઘણો સારો ફાયદો થશે. હાલ ઘડી આ વાત કંઇ નવીન નથી, પણ ૨૦ થી ૩૦ વર્ષ અગાઉ આફ્રિકા અને બરમા ટાપુ વગેરેમાં જે મુરીદોનો ધંધો અતરે નહિ ચાલતો હતો, તેઓ અમને આવી અરજ કરતા હતા, ત્યારે અમે તેઓને ત્યાં આફ્રિકા રંગુન, બરમા ટાપુ વિગેરેમાં જવાનો હુકમ કર્યો હતો, જેથી ત્યાં અમારા મુરીદો લખોપતિ થઇ ગયા છે. તેમજ અહીં પણ જેનો ધંધો ન ચાલતો હોય તો તે ત્યાં જશે તો ઘણું સારૂં પેદા કરશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૧૩ મું.

કરાચી તા. ૨૧-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"કરાચીની આખી જમાતને ઘણી આશિષ ફરમાવીએ છીએ.

ઇન્શાઅલ્લાહ જેમ આ વખતે અમારી હુઝુરમાં બેઠા છો, તેમજ પેલી દુનિયામાં પણ અમારી હુઝુરમાં અમારી પાસે જ હશો. હાલ ઘડી જેમ અમારી નજીક બેઠા છો, તેમ પેલી દુનિયામાં પણ અમારી નજીક બેઠા હશો.

પરદેશથી તેમજ ઘણે દુરથી જે જમાત દીદાર માટે મહેનત લઈ તેમજ મઝહબી કામના માટે અહીં આવેલ છે, તે બધાને ઘણીજ આશિષો ફરમાવીએ છીએ."

બાદ ફરમાવ્યું :

"તમારી બધી રસમો સારી છે, પણ એક શાદીની રસમ છે તે સારી નથી. શાદીની રસમને ચાર દિવસ સુધી લંબાવો છો તે બિલકુલ સારી નથી. આપણા ઈસમાઈલી મઝહબમાં આ રિવાજ નથી. હ૦ રસુલિલ્લાહ અને હ૦ અલીના વખતમાં પણ એવા રસમ અને રિવાજ ન હતા.

શાદીનું કામ ચોવીસ કલાકમાં ખલાસ કરવું જોઇએ. ચોવીસ કલાકમાં ખલાસ કરે. ચાર દિવસ સુધી શાદીની રસમ ઇસમાઈલી મઝહબમાં બિલકુલ વાજબી નથી.

તમે કચ્છી જમાત છે, એમ નહિ સમજતા. ઇસમાઈલી બધા એકજ ભાઇઓજ છે. અમારા જે કોઇ મુરીદ છે, કચ્છી, સિંધી, કાઠિયાવાડી તેમ જ બીજા નવા મુરીદો થયા છે, તેમજ કાબુલ, અફઘાનિસ્તાન, ખુરાશાન, અરબસ્તાન, ઇરાન, પંજાબ વિગેરે મુલકોના જે કોઈ અમારા મુરીદ ઇસમાઇલી છે, તે બધા ઇસમાઇલીને પોતાના ભાઇઓ જ સમજજો. જે કોઇ ઈસમાઈલી છે તે બધા અમારા ફરઝંદ છે યાને તમે એક માબાપના ફરઝંદ છો. તમે એકબીજાને પોતાના ભાઇઓ તરીકે સમજજો અને બધા પોતાની દીકરીઓ એકબીજાને આપજો અને તેઓની દીકરીઓ લેજો. તેમાં કંઇ પણ જુદાઈ નહિ સમજતા. જે કોઇ ઇસમાઈલી છે તે બધા

એક જ માબાપના દીકરાઓ યાને સગા ભાઇઓ છે. તે જ પ્રમાણે તમે બરાબર વરતજો."

## ફરમાન ૨૧૪ મું.

કરાચી તા. ૨૪-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમો બધાને લાજમ છે કે, જો તમારા બચ્ચાંઓનું ભવિષ્ય સારૂં ઇચ્છતા હો અને તમારે તેનું ભવિષ્ય સારૂં જોઈતું હોય તો આપણી સ્કુલમાં ધાર્મિક શિક્ષણ આપો અને ધર્મની બાબતો શિખવો.

હવે આગલો જમાનો નથી. અત્યારે શિક્ષણ આપવાનો જમાનો છે, માટે આપણી સ્કુલોમાં બચ્ચાંઓને મોકલો, જો તમે આપણી સ્કુલમાં ધર્મનું શિક્ષણ અને દુન્યવી શિક્ષણ આપશો તો અમે તમારા ઉપર ઘણા રાજી અને ખુશી થઇશું.

એવો બંદોબસ્ત કરો કે આપણું કોઇ પણ બચ્ચું અભણ ન રહે. ખાનાવાદાન."

## ફરમાન ૨૧૫ મું.

કરાચી તા. ૨૩-૪-૧૯૨૦

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે શાદી વખતે કેટલાક અઘટીત રિવાજો જેવાકે. ખોબાખોબીની રમત, વરના પગ ધોઇ પીવા વગેરેના સંબંધમાં ફરમાવ્યું :

"આપણુ મઝહબમાં નિકાહ સિવાય બીજી કોઇ પણ રસમ કે રિવાજ વાજબ નથી. નિકાહ સિવાય બીજી રસમો તરત બંધ કરો."

મેસોપોટેમીયા અને પર્શિયાની હેડકવાટર કાઉન્સીલ સ્થાપી ફરમાવ્યું:

"હજાર વર્ષ પહેલાં ત્યાં પ્રથમ ઈસમાઇલી મઝહબની રોશની ફેલાઇ હતી.

પાંચસો વર્ષ અગાઉ એક વખત ત્યાં ઈસમાઈલીઓની ઘણી જાહોજલાલી હતી. હવે હજાર વર્ષ બાદ ફરીથી તમોએ ત્યાં ઝંડો ખોડયો છે. માટે જે કોઇ હાલ ત્યાં ધંધો ખોલશે, તો ધીરે ધીરે ઘણો ફાયદો મેળવશે, જે કોઇ મુંબઇ, કચ્છ, કાઠીયાવાડ અને આફ્રિકાથી ત્યાં જશે અને ધંધો ચાલુ કરશે તો સારો ફાયદો મેળવશે.

જે ધંધા માટે જાય તે એમ ન સમજે કે અમે ફકત ધંધા માટે ગયા છીએ, પણ તમે હાઝર ઇમામના એલચી તરીકે ત્યાં છો એમ સમજજો અને ઇસમાઈલી દીનનો ફેલાવો થાય તેમ કરજો.

વેપાર ધંધા સારૂ જાઓ, પણ પોતાને ઈસમાઈલી હાઝર ઈમામના એલચી સમજજો અને એવી કોશિષ કરો ને એવા સારા અને સાફ કામ કરો અને પાક ને સાફ રહો. મિસાલ ફિરસ્તા જેવા કહેવાઓ અને પોતાને એમ સમજો કે તમે હાઝર ઇમામના એલચી છો.

હાઝર ઈમામને હાઝર સમજજો. પાક અને સાફ રહેજો, જેથી બીજા તમને જોઈને સમજે કે આ ઇસમાઇલી ઘણા સારા છે. જે લોકો ત્યાં રહે છે, તે તમને જોઈને એમ સમજે કે ઈસમાઇલીઓ ફિરસ્તા જેવા છે અને તેઓનો મઝહબ ઘણો સારો છે અને રીત રસમ ઘણી સારી છે. તમારી રીત રસમ જોઇને તમને ઘણા પસંદ કરે અને તમારા મઝહબને પણ પસંદ કરે ને તમારા મઝહબમાં આવે, માટે ઈસમાઈલી દીનનો વધારો થાય તેમ કરજો.

તમે ત્યાં જાઓ અને ધંધો ખોલો ત્યારે જેમ ચાર પાંચ વેપારીમાં હરીફાઈ થાય છે, તેમ અહીં થાય તેમાં નવાઇ નથી, પણ ત્યાં વેપારમાં હરીફાઈ કરે તે એવી હરીફાઇ કરે કે પોતામાં બધા સંપીને ચાલે અને એક બીજાને મદદ કરે. પોતાનો કોઈ નવો

ભાઈ આવે તેને મદદ કરશો તો ઘણા વધી જશો.

જે કોઇ વેપારી બરમા, આફ્રિકા તથા હિન્દુસ્તાન વિગેરેમાં છે તે પોતાના દીનભાઈને મદદ કરી વેપાર કરવા ત્યાં મોકલે. જેનું ગુજરાન ચાલતું ન હોય તેને ત્યાં તેડાવી નોકરી ઉપર રાખો અને વેપારમાં સામેલ કરો તો ઘણો ફાયદો થશે અને તે પણ શ્રીમંત થશે અને તમે પણ ધનવાન થશો. અહીંયા કેટલાક ગરીબ છે તેને મદદ કરી ત્યાં લઈ જાઓ અને તેને નોકરીમાં અથવા પેઢીમાં સામેલ કરો તો ઘણો ફાયદો થશે.

ત્યાં ઘણા ગામ છે. કિરમાન, મામરા, સિરાઝ, ઈસ્ફાન, કરબલા, બુશેર, બગદાદ, બસરા વિગેરે છે, ત્યાં તમે પેઢીઓ ખોલો અને તેને મુડી આપીને ભાગીદાર બનાવો જેથી તે આબાદ થાય અને તેનાથી તમને પણ ઘણો ફાયદો થાય. એ બાજુ અમારૂં નામ ઘણું મશહુર છે. ત્યાં જમાતખાના બનાવો.

ત્યાં આપણા ઈસમાઈલી ભાઈઓ હશે તેને ખબર પડશે કે આ ઈસમાઈલી આગાખાની યાને આગાખાનના મુરીદો છે, એટલે ત્યાંના ઇસમાઈલીઓ તમને જોઇ તમારી સાથે મળશે.

તમે એક બીજાને મદદ કરશો અને ઘણાજ સંપથી ચાલશો તો ત્યાંના બીજા દીનવાળા તમને જોઇને કહેશે કે, આ ઇસમાઇલીઓ એક બીજાને કેવી મદદ કરે છે? એવી ખુબી બીજા કોઈમાં અને કયાં પણ જોશે નહિ, જેવી ઈસમાઇલીમાં ખુબી છે તેવી ખુબી બીજા મઝહબમાં નથી; તો તેવી ખુબી જોઇને પણ તમારા દીનમાં દાખલ થશે.

ઈસમાઈલી જ્યાં જ્યાં જાય ત્યાં એમજ સમજે કે હું હાઝર ઈમામનો એલચી છું અને નવી ભુમીમાં ઈસમાઈલી તરીકે વધારવા આવ્યો છું, એમ સમજીને ધંધો કરે તો ઘણોજ ફાયદો થશે.

ઈરાનનો જે મુલ્ક છે ત્યાં લાંબી મુદતથી ઘણા ઇસમાઈલીઓ જુદા જુદા નામથી વસે છે, જેમ અહીં ગુપ્તી વિગેરેના નામથી

ઓળખાય છે, તેમ ત્યાં ઈસમાઈલી ખાલુ કહેવાય છે, બીજા ખુરાસાની કહેવાય છે. એવી રીતે જુદા જુદા નામથી ત્યાં ઘણા ઇસમાઇલી વસે છે, ત્યાં તેઓની હાલત તંગ યાને ઝઈફી જેવી છે. સબબ કે ત્યાં બીજી કોમ અરબ, સુન્ની શિયા વિગેરે છે તેનું જોર વધારે છે, તો તમે તેઓને તમારા ધંધામાં સામેલ કરજો, તેઓની ખબર અંતર પુછજો. તેઓથી સારી સોબત કરજો, તેઓને ગોતી કાઢજો અને એક થજો, જેથી તેઓ પણ ફરીથી જોરમાં આવે. પાંચસો વર્ષ પહેલાં જેમ ઇસમાઈલીઓની જાહોજલાલી જોરમાં હતી તેમ, પાંચસો વર્ષ પછી હાલમાં ફરી એવી જાહોજલાલી થશે ને જોરમાં આવશે.

અમે જે કાંઇ ફરમાન કરીયે છીએ તે આ કાને સાંભળી બીજે કાને કાઢી નાખતા નહિ. અમારા આ બોલ ઘણાજ કીમતી છે. અમુલ્ય હીરા માણેક છે, તેની ખબર તમને પછી પડશે, માટે તમે બરાબર ધ્યાન દેશો તો રફતે રફતે પચાસ વર્ષમાં તમે આ ઝાડના ફળ ઘણા જ સારામાં સારા જોશો અને જે જાહોજલાલી અગાઉ ઇસમાઇલીઓની હતી, તેવીજ જાહોજલાલી ફરી જોશો.

ઈસમાઇલી દીનનો રિવાજ એ છે કે, અમારા ઇસમાઈલીઓ બધા તમે અમને જ્યારે માબાપ સમજો છો, ત્યારે ત્યાં ઇરાનમાં ખાલુ વિગેરે બીજા ઈસમાઈલી વસેલા છે તેઓને પોતાના એક માબાપના સગા ભાઇઓ સમજીને મદદ કરવી એ ઘણું સારૂં છે.

અહીં કોઇની શાદી ન થઇ હોય તો ત્યાં તેની છોકરી લઈ શાદી કરે તો રફતે રફતે તેના બચ્ચાં થશે અને બધા ઈસમાઈલી લોહીના થશે.”

## ફરમાન ૨૧૬ મું.

કરાચી તા. ૨૪-૪-૧૯૨૦.

“ મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"કાઠીયાવાડી જમાત જે અહીંયા રહે છે, તેણે ઘણી ખિદમત કરી છે તેને ઘણી આશિષ ફરમાવીએ છીએ.

કાઠીયાવાડી જમાત અને કચ્છી જમાત તેમજ સિંધની જમાત જે કોઇ ઇસમાઇલી છે, તે એક બીજા સાથે હળીમળીને ચાલો અને એક બીજાની દીકરી લ્યો તેમજ આપો. તે બધા અમારા ફરઝંદો છે, માટે કોઇપણ વાતની જુદાઈ એક બીજામાં નહિ રાખવી જોઇએ.

અમે ફરમાન ફરમાવીએ છીએ અને હુકમ કરીયે છીએ કે, તમે તમારા બચ્ચાંને અહીં ધાર્મિક સ્કુલમાં મોકલતા જાઓ. ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું:

"જે કોઈ પોતાની હૈયાતીમાં જમાતખાનું યાને ઇબાદતનુ મકાન બંધાવે છે, તે ઘણા નસીબવાળા છે."

બાદ વેપાર સંબંધમાં ફરમાવ્યું:

"જે કોઇ નાના છે તેને ઇલ્મની તાલીમ આપો, ત્યારબાદ વેપારની તાલીમ આપો અને પછી તેને વેપારમાં જોડો. આ વખતમાં વેપારની તાલીમ માટે ઇલ્મની તાલીમની જરૂર છે; માટે પહેલા ઇલ્મની તાલીમ આપો પછી વેપારની તાલીમ આપો.

તમારા કાન અને આંખો ખુલ્લી રાખતા જાઓ. જ્યાં સાંભળો તેમજ દેખો ત્યાં અથવા બીજે કયાં સારૂ છે, ત્યાં વેપાર ખોલતા જાઓ. જેમ બાઝ પક્ષી આસમાનમાં ઘણે ઉંચે ઉડે છે અને પોતાની નજર નીચે રાખે છે અને પોતાની નજરથી શિકાર જુએ છે, ત્યાં ઝડપ મારે છે અને વગર ઢીલે શિકાર હાથ કરે છે, તેવીજ રીતે તમે તમારી આંખો ખુલ્લી રાખો અને જ્યાં જ્યાં લાભ જણાય ત્યાં ત્યાં વેપારના મથકો ખોલો.

શરૂઆતમાં મોટું બીઝનેસ કરવું નહિ. એવું ન થાય કે શરૂઆતમાં મોટું બીઝનેસ ઉપાડો અને પછી પડી ભાંગે. તેમ કરવું જોઇએ નહિ. જેમ કેટલાક ઝાડ શરૂઆતમાં મોટા થાય છે.

જો તે ઝાડના મુળ મજબુત ન હોય તો તે પડી જાય છે, તેમ કરવું જોઈએ નહિ."

B

## ફરમાન ૨૧૭ મું.

કરાચી તા. ૨૫-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે શાદીની ક્રિયા વખતે ફરમાવ્યું :

"અરબી ઝબાનમાં નિકાહ પડાવવામાં આવી. તેનો અર્થ તમે સમજ્યા નહિ હશો, કારણકે તે નિકાહની ભાષા અરબી છે. તેમાં એક મુદ્દો જે મુખ્ય છે, તેનો તરજુમો તમને સંભળાવીએ છીએ. તેની મતલબ એ થાય છે કે, નિકાહ તવંગર તેમજ ગરીબ બન્ને માટે સરખીજ છે, નિકાહ પડાવવાથી અરૂસી યાને કન્યા ને દામાદ યાને જમાઈના લગ્ન જાયેજ યાને હલાલ થાય છે. ઉમર લાયક છોકરી, છોકરાના નિકાહ પડાવી શાદી કરાવો તો સુખી થાય.

છોકરા અથવા છોકરી જે કોઈ શાદી કરે છે તેને અમે દુઆ કરીયે છીએ. અને જે કોઇ શાદી નથી કરતા તે છોકરો હોય કે છોકરી હોય તેનાથી બદ નજર થઈ જાય છે અને ગુન્હા થઈ જાય છે માટે શાદી કરવાની જરૂર છે,

જેની શક્તિ નથી યાને ગરીબ હાલતમાં છે તેણે પણ શાદી કરવાની જરૂર છે. શાદી કરશો તો ખુદા તેમને બરકત આપશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૧૮ મું.

કરાચી તા. ૨૬-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"જે કોઇ વગર પગારે તેમજ જુજ પગાર લઇને ધાર્મિક શિક્ષણ આપે છે તેના માટે દરેકને અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

અમે જ્યારે અગાઉ કરાંચીમાં આવ્યા હતા ત્યારે મુખી રમઝાન દુઆ પડાવતા હતા, ઘણી સારી દુઆ પડાવતા હતા તેમજ બીજા, પાંચથી સાત અમલદારીઓ દુઆ પડાવી શકતા હતા, પણ ત્યારે ઘણાને દુઆ પડતા આવડતી નહિ હતી; ત્યારબાદ જ્યારે બીજી વખત અમે કરાચી આવ્યા હતા, ત્યારે કેટલાક વધારે જણ દુઆ પડાવતા શિખ્યા હતા છતાં ત્યારે પણ તેઓને દુઆ પડાવતા આવડતી નહિ હતી. હવે અમે ઘણાજ ખુશી થયા છીએ કે નાના છોકરા દુઆ પડાવી શકે છે.

ધર્મના શિક્ષણ સાથે દુનિયાની તાલીમની પણ ઘણી જરૂર છે, તેમાં ખાસ કરીને છોકરીઓ માટે ઘણી જરૂર છે. માવીતરોની ફરજ છે કે બાળાઓને સ્કુલમાં મોકલે.

ખાસ કરી છોકરીઓને શિક્ષણ આપવાની ઘણી જરૂર છે, કારણકે ખુદા ન કરે કે, કદી તેનો ધણી બદ આમાલનો હોય, યા તો નાલાયક હોય, યા તો કમાતો ન હોય અને જો તેણી શિખેલી નહિ હોય તો, તે કયાં મજુરી કરવા જશે? જો વિદ્યા, હુન્નર નહિ હોય તો તે દુ:ખી થશે અને જો શિખેલી હોશિયાર હશે, હાથમાં હુન્નર હશે અને અગર ધણી કમાતો નહિ હશે તો તે પોતાનો હુન્નર કરી તેના ધણીનું ગુજરાન કરશે ને પોતે સુખી થશે. જો પોતે શિખેલી હશે, ઇલ્મ ભણેલી હશે, ધણીનું ગુજરાન કરશે, તે પોતે સુખી થશે, જો પોતે શિખેલી હશે, ઇલ્મ ભણેલી હશે તો તે પોતાના મરદને પણ સારે દરજજે લાવી શકશે અને પોતે સુખી થશે.

બધી જમાતની ફરજ છે કે, પોતાનાં બચ્ચાંને દીન અને દુનિયાની તાલીમ દેવી. તેની ઘણી જરૂર છે. છોકરા માટે પણ ઘણી

જરૂર **છે.** છોકરો ક્યાંય પણ જઇ મહેનત કરશે, યા બહારગામ જઈ મહેનત કરી પોતાનું ગુજરાન ચલાવશે, પણ છોકરીઓ ક્યાં જશે ? માટે છોકરીઓને તો શિક્ષણની ઘણી જરૂર છે. કરમ સંજોગે તેને તેનો ધણી ખરાબ મળ્યો હશે અને તે શિખેલી નહિ હશે તો જરૂર દુઃખી થશે. અગર શિખેલી હશે તો પોતે સુખી થશે ને તેના મરદને પણ સુધારશે. અગર ધણી અભણ હશે તો પણ પોતાના ઈલ્મથી તેને સારે દરજ્જે ચડાવી શકશે, માટે **અમે તમને ખાસ ફરમાન કરીયે છીએ કે છોકરીઓ માટે ઈલ્મ, હુન્નર શિખવાની ઘણીજ જરૂર છે અને શિક્ષણ દેવાની દરેક માવીતરોની પુરી, ફરજ છે.**

**અમારો મુરીદ કોઇપણ અભણ ન હોય.** ખાનાવાદાન."

## ફરમાન ૨૧૯ મું.

કરાચી તા. ૨૮-૪-૧૯૨૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"જ્યારે કાઉન્સીલમાં જાઓ ત્યારે કોઈની પણ તરફદારી નહિ કરતા. પોતાનો સગો ભાઇ હોય તો પણ તેની તરફદારી નહિ કરજો અને સરકારની ને જમાતની ખિદમત કરજો. હક ઈન્સાફથી ચાલજો, ત્યાં જે કાંઈ ઇન્સાફ દેવો તે ખુદાની રાહમાં ઈમાનદારીથી દેવો. કોઈની પણ તરફદારી નહિ કરવી. ખાનાવાદાન."

બાદ વોલન્ટીયરની મહેમાનીમાં ફરમાવ્યું :

**"જેવી રીતે તવંગર અથવા અમલદારોને ત્યાં શાદીમાં મહેનત કરો છો, તેવીજ તરેહથી ગરીબ જમાતના છોકરાની શાદીના કામમાં પણ હમેશાં મહેનત લેશો તો અમે ઘણાજ રાજી થઇશું** અને અમે ઉમેદ રાખીયે **છીએ** કે જમાતના કામમાં પણ સારી મહેનત લેશો. **તેમજ દરેક નાના**

મોટા દિવસે, સાલગ્રેહના વખતમાં જેવી તરેહથી હર વખત મદદ આપો છો, તેમ તમારે હમેશાં ખ્યાલ કરવો જોઈએ કે જમાતના હરેક કામમાં કેવી કેવી મદદ કરવી જોઈએ? અને જે જેને જગ્યાએ મદદ કરવાની જરૂર હોય ત્યાં હંમેશા મદદ કરો.

તમે વોલન્ટીયર મૌલાનું લશ્કર છો અને કાઉન્સીલ, વઝીર, આલીજાહ, મુખી, કામડીયા, કાઉન્સીલના મેમ્બર તે બધા ઓફીસર છે યાને તે તમારા અમલદાર છે. તે માટે એ જરૂરનું છે કે અમલદારોથી હમેશાં એકદિલી રાખવી.

લશ્કર ને અમલદારના વચમાં ઘણીજ એકદિલીની ખાસ જરૂર છે. જો તમારામાં એકદિલી નહિ હોય તો જંગ કયા પ્રકારે થશે? જંગ છે તે શેતાનથી કરવાનો છે. માટે એકદિલથી ફતેહ થાય છે. લશ્કરમાં અને અમલદારમાં એકદિલી ન હોય તો જંગ ફતેહ નહિ થઈ શકે; તે માટે એકદિલીની ખાસ જરૂર છે. જેમ સરકારનો પણ એવો કાયદો છે કે હુકમમાં ચાલવું જોઈએ ને તેનાથી એકદિલી રાખવી જોઇએ.

વોલન્ટીયરને લાજમ છે કે ડ્રીલનું કામ શીખતા જાય. ડ્રીલમાં તમારી મતલબનું કામ શીખતા જાઓ, તેની ઘણીજ જરૂર છે. કવાયેતની તાલીમ જેમ સરકારી ખાતામાં હમેશાં કરે છે, તો વધુ નહિ પણ દર અઠવાડીએ સવારના ૮-૯ સુધી તે તાલીમ જરૂર લેતા જાઓ. એક દિવસ મુકરર કરો યા રવીવારના દિવસે સવારના ૮-૯ કલાકે ડ્રીલનું કામ જરૂર શીખતા જાઓ. તેની ઘણીજ જરૂર છે."

## ફરમાન ૨૨૦ મું.

કરાચી તા. ૨૯-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

**"મિશનરી સબજાલીએ ઘણી સારી કોશિષ કરી છે અને સારી મહેનત લ્યે છે."**

તે વખતે બગીચાની જમાતના મુખી જીવરાજ લધાએ અરજ રાખી જે, ખુદાવીંદ, મિશનરી સબજાલી અહીં રહેવાથી અમને ઘણોજ લાભ થયો છે. હાઝર ઈમામે ખુશી થઇ ફરમાવ્યું:

**"અમને બધી ખબર છે, ફક્ત કરાચી નહિ પણ મુંબઈ, કાઠીયાવાડ, મકરાણુ તરફ પણ ઘણી મહેનત લીધી છે."**

મિશનરી સબજાલીને પોતાની પાસે બોલાવી તેની પીઠ પર પોતાનો મુબારક હાથ રાખી ઘણી શાબાશી દઇ મુબારકી આપી, ત્યારે ખાન બહાદુર ડાકટર એસ. જી. હાજીએ અરજ કરી કે, મેં મિશનરી સબજાલીને "તુતીએ સિંધ" નો લકબ દીધો છે, ત્યારે હાઝર ઈમામે ફરમાવ્યું:

**"અમે તુતીએ સિંધ લકબને બદલે "તુતીએ બાગે બહેશ્ત"નો લકબ આપીએ છીએ."**

બાદ બાઇઓમાં પધારી પૈસાપાત્ર અને આગેવાનની કેટલીક બાઈઓના કાળા અને ગળીવાળા રંગના ભારે કપડા જોઈ ફરમાવ્યું:

**"આવા કાળા રંગના કપડા પહેરી આગળ શામાટે બેઠા છો? આ કાળા ને ગળી રંગના કપડા પહેરી જમાતખાનામાં આવવું સારૂં નથી. તમે અમારા જંગબારના ફરમાન વાંચ્યા હશે. આવા ભારે કપડા પહેરી અહીં આવ્યા છો, તેમાં અમે બીલકુલ ખુશી નથી.**

**તમે પૈસાવાળા છો તેથી તમને વાંધો નહિ હોય, પણ તમને જોઇ બીજા ગરીબ હશે તે પણ શિખશે અને ખર્ચમાં ઉતરશે, તેમાં અમે બીલકુલ રાજી નથી.** કપડા સાદા પહેરો ને સાફ સાદા રંગના પહેરો. એવા રંગવાળા બનાવો કે જે ધોવાથી સાફ ને સારા થાય. મીસાલ ઇંગ્લીશ કલરની માફક ખુલ્લા કલરના પહેરો. જે સાફ થાય અને ધોવાય. એવા કપડા નહિ બનાવો ને નહિ પહેરો કે જેમાં મેલ લાગ્યો હોય ને મેલ દેખવા-

માં આવે નહિ. જે કપડાને મેલ લાગ્યો હોય તેની તરત ખબર પડે, તેને ધોવાથી સાફ થાય એવા કપડા પહેરો. દાગીના ને કપડાનો વધારે ખર્ચ બીલકુલ નહી કરો. શાદીમાં પણ વાઘા યાને ઓઢણ કરો તો બેજ વાઘા કરો અને સાદા કરો. વધારે ખર્ચવાળા નહી કરો. ખર્ચ બીલકુલ વધારે નહી કરવું. અમે જંગબારના ફરમાનમાં પણ કપડા માટે ફરમાન કર્યાં છે, તે પણ તમે વાંચજો.

પૈસાવાળા જો ભારે કપડા પહેરશે ને ખર્ચ વધારે કરશે, તો પછી ગરીબ માણસ પણ તેમને જોઈ વધારે ખર્ચમાં ઉતરશે, માટે હમેશાં સાદાઇ રાખતા જાઓ. ખાનાવાદાન.

બચ્ચાંઓ છે તે જમાતખાને આવવાની હમેશાં ઘણી ઉલટ રાખે ને ઉમંગથી જમાતખાને આવે અને મિજલસમાં પણ હમેશાં આવે."

## ફરમાન ૨૨૧ મું.

કરાચી તા. ૩૦-૪-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"ડીબેટીંગ સોસાયટી ચાલુ કરી છે તે ઘણુંજ સારૂં કર્યું છે, પણ ડીબેટીંગમાં ખાલી દીન બાબતનું કામ કરવું તેમ નહિ, પણ દુન્યવી બાબતનું પણ કામ કરવું. વેપાર, બીઝનેસ, કોમી સુધારા મુલકી સુધારા અને બીજા કોઇપણ બાબતનાં સવાલ જવાબ કરો. એકબીજા સામસામા વાદ વિવાદ કરે અને સવાલ જવાબ ઉભા કરે; એક કહે કે આ કામ સારૂં છે, બીજો કહે કે આ કામમાં આ નુકશાની છે, અથવા આ વાંધો છે. એક જણ લાભ દેખાડે, બીજો તેની વિરૂધ્ધમાં કહે કે તેમાં આ નુકશાની છે. પછી બધા સાથે મળી તેનો તોલ કરવો કે શું વાજબી છે. તો તેમાં ઘણા સુધારા

થશે. એક બાજુવાળા લાભ દેખાડે, બીજા તેની વિરૂધ્ધમાં જાય તો તમને ખબર પડે કે શું લાભ છે ને શું નુકશાની છે.

દાખલા તરીકે જેમ એક કહે કે ઓરતને પડદામાં રાખવી, ત્યારે બીજો તેની વિરૂધ્ધ જાય કે, ઓરતને પડદામાં રાખવાથી આવી રીતે નુકશાન છે. તે તેના ઉપરથી વિવેચન કરે ને પછી તેનો તોલ કરે. આ અમે એક દલીલ આપી છે કે આવી રીતે એક જણ સવાલ કરે અને સામસામા વીવેચન કરે, પણ અમારા ઈસમાઈલી મુરીદ એવી બેવકુફી નહિ કરે કે ઓરતને કેદમાં અને પડદામાં રાખે. તે ઇસમાઈલી નથી કે જે ઓરતને કેદમાં રાખે છે. અમારા ઈસિમાઈલી મુરીદ એવી બેવકુફી ને નાદાની નહિ કરે.

આ પ્રમાણે દરેક બાબત, અને વેપાર વણજની બાબતમાં સામસામા વિવેચન કરે, એક જણ તેનો લાભ દેખાડે તો બીજો જણ તેની વિરૂધ્ધ જાય. તો તેમાંથી તમને ખબર પડે કે શું લાભ છે ને શું નુકશાની છે. તેનો ભેળા થઇને તોલ કરો અને આ પ્રમાણે મત લેવાનું કામ શિખતા જાઓ. મત લઈને આવી બાબતો કરવાથી ઘણોજ ફાયદો થશે."

## ફરમાન ૨૨૨ મું.

કરાચી તા. ૧-૫-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે ધાર્મિક સ્કુલનો રીપોર્ટ રજુ કરવામાં આવતાં ફરમાવ્યું :

"છોકરા અને છોકરીઓ જે અહીં શીખે છે તે અમારા રૂહાની ફરઝંદ છે. તેમને અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. જે કોઈ અહીં સ્કુલમાં શિખે છે તે અમારા રૂહાની બચ્ચાં છે અને તેઓ જમાતનાં પણ બચ્ચાં છે. અમે ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. સ્કુલ બોર્ડે ઘણું સારૂં કામ કર્યું છે. તેઓને અમે દુઆઆશિષ ફરમાવીએ છીએ.

જે કોઈ મોમન છે તેનાથી હમેશાં સારા કામ થાય છે, બીજાથી થતા નથી."

એક બુઝર્ગ ભાઇને ફરમાવ્યું :

"તમે ઘણા બુઢા થયા છો માટે દુનિયાના કામની વધારે મહેનત નહિ કરો, કામ વગર જો તમારો દિવસ નહિ નીકળતો હોય તો, કાઉન્સીલનું કામ કરજો. કાઉન્સીલનું કામ કરશો તો તમારો દિવસ ખુશીથી નીકળી જશે. હવે દુનિયાનું કામ મુકી દીઓ. દુનિયાનું કામ કરશો તો તમારા મગજનો પાવર કમી થઇ જશે. હવે તમે ઝઇફ થયા છો. જમાતના કામમાં હજી તમે નાના છો. તમારી ઉમર એટલી મોટી થઈ તો પણ તમારા ઉપર મહેરબાની કરી ફરમાવીએ છીએ જે હજી જમાતના કામમાં તમે જુવાન છો. જમાતનું ને કાઉન્સીલનું કામ હમેશાં કરતા જજો, તો તમારો દિવસ ખુશીથી નીકળી જશે ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું :

"લસબેલામાં જે તાબુત બનાવે છે, તે બુતખાનુ લઈ બેઠા છે. તાબુત વિગેરે જે કોઇ કામ કરે છે તેને બંધ કરો તે કામ ઘણું ખરાબ છે."

બાદ બાઇઓને ફરમાવ્યું :

"અમે, તમો બધી બાઇઓના રૂહાની પિતા છીએ. અમે તમારા ભલાને માટે હાલ ઘડી જે કંઇ નસિહત ફરમાવીએ છીએ તે બહુજ ધ્યાન રાખીને સાંભળજો અને તેના ઉપર અમલ કરજો.

જેવી રીતે ઈબાદતના વખતમાં સાદા સાફ ને પાક કપડા પહેરવા જોઇએ, તેવીજ રીતે મિજલસમાં તેમજ શાદી મુરાદીના વખતમાં પણ સાદા સાફ ને પાક કપડા પહેરતા જાઓ. તમે અમારી

રૂહાની દીકરીઓ છો અને અમને ઉમેદ છે કે અમે તમને કપડાની બાબતમાં જે કાંઈ ફરમાન જંગબાર અને અહીં કર્યા છે, તે તમે બધાએ સાંભળ્યા હશે. તે છતાં પણ, કિંમતી ને ઝરીયાનના કપડા પહેરવાનો શોખ અહીંની બાઇઓમાં ઓછો થયો હોય એવું અમે નથી જોતા. ફિલહાલ આ મિજલસમાં યાને આ વખતની મિજલસમાં કેટલીક બાઇઓએ એવા કિંમતી કપડા પહેર્યા છે, જરીના ભારી કપડા ઉપર બેફાયદે ખર્ચ કર્યું છે, તે જોઇ અમે ખુશી નથી થતા. કિમતી જરીના કપડા પહેરવા બાબત અમે હંમેશા મનાઇ કરીએ છીએ અને હાલ ઘડી આ વખતે પણ તમારા રૂહાની પિતા તરિકે ફરીથી મનાઇ કરીએ છીએ.

અમારા જંગબારના ફરમાન વાંચવાથી તમને ખબર પડી હશે કે પયગમ્બરે, શરાબ અને નીશો હરામ ફરમાવ્યા છે. જેવી રીતે અમે પણ નસિહત કરી છે જે, દારૂ તેમજ કોઇ પણ કેફી વસ્તુની નજદીક કોઇ પણ બાઇ, ભાઈએ જવું નહિ. નીશો હરામ છે. અમને યકીન છે કે અમારી રૂહાની દીકરીઓ નીશાથી દુર રહે છે. ખાનાવાદાન.

**કપડાની બાબતમાં ફરીથી તમને અમે સખત હુકમ કરીએ છીએ કે એવા કપડા પહેરો કે જેને આસાનીથી ધોઇ શકાય અને સાફ થઈ શકે યાને સાદા સાફ ને પાક કપડા પહેરો.**

**કિંમતી કપડા પહેરવાથી તમારૂં મન તેમાં ગુંથાયેલું રહેશે અને ઇબાદતમાં એક મન નહિ થઇ શકે તે ઉપરાંત કિંમતી કપડા ને જરીવાળા પહેરવાથી નકામું ખર્ચ થશે. પઇસાવાળાની બાઇઓને સારા કપડા પહેરેલા જોઈ ગરીબની બાઇઓને પણ કિંમતી કપડા ને જરીના પહેરવાનો હસદ પેદા થશે; તેમાં તેઓના ધણી અથવા**

માવિત્રો કરજ કરી કિંમતી કપડા તેઓ માટે ખરીદ કરશે, તેમાં અમે ઘણા નારાજ છીએ.

કપડા અને જરીની બાબતમાં પઈસાવાળાની બાઈઓને લાજમ છે કે એવી સાદાઇથી ચાલે અને એવી સાદાઇથી કપડા પહેરે જે, તેને જોઇ ગરીબ બાઇઓના દિલમાં સારો ઘડો બેસે અને બન્નેના યાને પઇસાવાળા અને ગરીબ બાઇઓના પઈસા કિંમતી કપડામાં બેફાયદે ખર્ચ ન થાય અને સારા કામને માટે પઈસા બચે, જેમાં ઘણો સવાબ છે. બહાર કયાંઇ પણ જવા આવવા માટે કપડાની બે જોડી સારી હોય તો બસ છે.

તમે અમારી રૂહાની દીકરીઓ છો માટે અમે તમને બીજી પણ નસિહત કરીએ છીએ, તે ઉપર ધ્યાન આપજો. તે નસિહત એ છે જે ઉમરે પહોંચેલી છોકરીઓને બહુ મોટી ઉમર સુધી બેસાડી નહિ રાખતા; પણ તેની શાદી યાને લગ્ન કરવાની કોશિશ કરો. જલદી લગ્ન કરી આપશો તો અમે ખુશી થઇશું.

ખુદા ન કરે ને કોઇ બાઇ નાની ઉમરમાં વિધવા થાય તો તેની ફરીથી શાદી કરવાની કોશિશ પણ જરૂર કરવી જોઇએ, બલકે જુવાન છોકરી કરતાં વિધવાની શાદી કરવાની ફરજ માવિત્રો ઉપર વધારે છે.

શાદીમાં વધારે ખર્ચ નહિ કરવો જોઇએ. બહુ બહુ તો બે જોડી કપડા કરો તો પણ બસ છે.

અમે ફરીથી તમને ફરમાવીએ છીએ કે કિંમતી કપડામાં નકામા પઈસા નહિ ખર્ચતા અને એવા કપડા પહેરતા જાઓ કે જે ધોઇ શકાય, મતલબ કે સાફ, સાદા અને પાક કપડા પહેરતા જાઓ. એ પ્રમાણે દાગીના ઉપર પણ નકામા પઈસા ખર્ચતા નહિ.

જેવી રીતે તમે અમારી રૂહાની દીકરીઓ અહીંયા અમારી નજીક છો તેવીજ રીતે ઈન્શાઅલ્લાહ પેલી દુનિયામા પણ તમે બધા અમારી નજીક હશો.

કિંમતી લેબાશ નહિ પહેરો, ગીનાન બોલો, માયના કાઢો, જેની જેવી અકલ હોય તે પ્રમાણે માયના કાઢે."

## ફરમાન ૨૨૩ મું.

કરાચી તા. ૩-૫-૧૯૨૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે સ્કુલના વિદ્યાર્થીઓને ફરમાવ્યું :

"તમે હિંમત કરી સ્કુલમાં આવી દીન અને દુનિયાનો ઈલ્મ શીખી, વેપારી થાઓ કે જેથી બીજા મુલ્કમાં, મેસોપોટેમીઆ વગેરેમાં જઈ વેપાર કરી શકો.

તમારા બચપણના વખતથી તમે નેક થાઓ. ખરાબ આદત, બીડી, તંબાકુ ને નશાની ચીજથી દુર રહેજો. એવી ચીજોથી બીમારી પેદા થાય છે, તેમજ તમારા પૈસા હરામમાં જાય છે, તેનો બચાવ કરજો અને હમેશાં સારી આદત રાખજો. બચપણથી જો ખરાબ આદત પડશે તો મોટી ઉમરના થતા તમે છોડી નહિ શકો. તમે પોતપોતામાં મારામારી નહિ કરતા; અગર બચપણમાં મારામારી કરશો તો મોટા થયા પછી પણ તે આદત રહી જશે; માટે તેવું કદી નહિ કરવું. દરેકે હમેશાં સારી આદત રાખવી.

કાઉન્સીલનો કાયદો છે, તે અમારૂં પોતાનું ફરમાન છે. કાઉન્સીલના કાયદાને માન દીધું તો એમ સમજવું કે હાઝર ઈમામના ફરમાનને માન દીધા બરાબર છે."

બાદ ફરમાવ્યું :

"જે હમણા ફરમાન કરીએ છીએ તે બધા કાન દઈ સાંભળો.

જે હૈદરશાહની કોઠી છે, ત્યાં બતી થાય છે અને કેટલાક જણ જઈ ત્યાં માનતા કરે છે. બતી કરે છે ને માનતા કરે છે તે બીલકુલ સારૂં નથી. તે ઘણું ગુન્હાનું કામ છે. તે જગ્યાએ પીર નથી, તેમ પીરની કબર પણ નથી; અગર પીરની કબર હોય તો પણ ઇસમાઈલી મઝહબમાં બીલકુલ રીવાજ નથી; પણ અગર કબર પણ હોય તો, એક વાત છે, કે યાદદાસ્ત રાખે છે, તે પણ નથી.

**ઈસ્માઇલી મઝહબમાં કબર હોય તો પણ બીલકુલ વાજબ નથી, તે બુતખાનું છે.** માટે ત્યાં બતી નહિ બાળે. આવી તરેહ તો હજારો કોઠીઓ હશે. તેમાં શું ફાયદો છે? બીલકુલ નુકશાન છે, માટે અમે મના કરીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૨૪ મું.

કરાચી તા. ૬-૫-૧૯૨૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ઓલ ઇન્ડીઆ ઇસમાઇલી કોન્ફરન્સ ભરવા માટે અરજ થતા ફરમાવ્યું :

"ઓલ ઇન્ડીઆ કોન્ફરન્સની પહેલી બેઠક કરાચી ખાતે ભરજો કારણ કે અમારી જન્મભુમી કરાચી છે; માટે પ્રથમ શરૂઆત ત્યાં થવી જોઈએ.

પીર સદરદીને ઉચ મુલકથી આવી, પહેલાં કરાચીથી શરૂઆત કરી છે. માટે કોન્ફરન્સની શરૂઆત કરાચીથી કરજો. કોન્ફરન્સની જરૂર છે.

જેવી તરેહ હાલમાં તમે અમારી નજીક છો, ઈન્શાઅલ્લાહ, એવીજ રીતે પેલી દુનીયામાં પણ અમારી નજીક હશો. નેક ને સારા કામ જે અહીં તમે કર્યા છો અને કરો છો તેનો આખરતમાં એકનો હજાર ઘણો બદલો મળશે. તમે અમારા રૂહાની ફરઝંદ છો. જેવી રીતે અહી અમારી નજીક છો, તેવીજ રીતે પેલી દુનિયામાં પણ અમારી નજીક હશો.

લોહીના સંબંધે કરી આ દુનિયામાં જેવી તરેહ ઓલાદ પ્યારી છે, તેવીજ રીતે રૂહના સંબંધ તરીકે તમે અમારી રૂહાની ઓલાદ અમને પ્યારા છો. ઇન્સાનના બદનમાં લોહી નજીક છે, રૂહ તેથી પણ વધારે નજીક છે; એ પ્રમાણે લોહીના સંબંધવાળા કરતાં જે કોઇ અમારી રૂહાની ઓલાદ છે, તે અમને વધારે નજીક છે.

જેવી રીતે તમે ઈમાન ઉપર મુસ્તકીમ અને ચુસ્ત રહ્યા છે, તેવીજ રીતે હમેશાં પોતાની જીંદગી સુધી ચુસ્ત રહેજો. હાલમાં તમે સારા ધર્મી ને ચુસ્ત ઈમાની છો અને પછી ધર્મ અને ઇમાન ઉપર ચુસ્ત ન રહ્યા તો તમારો કમાઇ બધી રદ થશે; માટે કમાઇ રદ થાય તેમ કદી પણ નહિ કરતા, પણ જીંદગી સુધી ઈમાન પર ચુસ્ત અને દ્રઢ રહેજો.

ઇસમાઈલી નુરની રોશની જેવી તરેહ અહીં આશકારા થઇ છે યાને ફેલાણી છે, તેવીજ તરેહ જ્યાં જાઓ ત્યાં ઇસમાઇલી મઝહબનું નુર રોશન, આશકારા કરો. મેસોપોટેમીયા, અરબસ્તાન ઈરાન અને બીજા મુલકોમાં જ્યાં જાઓ ત્યાં આશકારા કરો.

ઈસમાઈલી મુરીદો કદીમ વખતથી યાને પુરાણા જમાનાથી ઇરાન અને અરબસ્તાનમાં રહ્યા છે, તે હાલમાં નબળી હાલતમાં આવી ગયા છે, તે ઈસમાઇલી મુરીદોને મદદ કરજો; તેની દીકરીઓ શાદીમાં લેજો અને તેનાથી એક થઇ જજો. એવી રીતે ઇરાન અને અરબસ્તાનના ઇસમાઈલી મુરીદોની સાથે શાદી કરવાથી ઇસમાઇલીનું લોહી એક થશે અને તમને ઘણો ફાયદો થશે.

તે તમારા દીનભાઇ છે. હજાર વર્ષ સુધી દુઃખ વેઠી ઈસમાઇલી મઝહબમાં મુસ્તકીમ રહ્યા છે, પણ જમાનાના દૌરથી કમજોર હાલતમાં આવી ગયા છે; તેની સાથે તમારે સંબંધ રાખવાથી સારો ફાયદો થશે અને તેને પણ ફાયદો થશે.

એક મુલ્કથી બીજા મુલ્કમાં જઈ રહેવું અને ત્યાં પોતાના હમદીનવાળાની વસ્તી વધારે કરવી તેને કોલોનીઝેશન કહે છે.

ખોજા ઇસમાઈલી કાઉન્સીલના કાનુન મુજબ લેવડદેવડના કેસ બન્ને શખ્સના મત પર રાખે છે; બન્ને શખ્સ જ્યારે રાજી થઈ કાઉન્સીલમાં અરજી દઈ, કાઉન્સીલના ઠરાવમાં પોતાની રજામંદી દેખાડે છે ત્યારે એવા મુકદમામાં કાઉન્સીલ હાથ નાખે છે પણ ઘણાખરા લેવડદેવડના કેસ અદાલત યાને કોર્ટમાં દાખલ થાય છે, જેથી કરી ઇસમાઈલી ખોજાઓને વકીલ વિગેરે બીજી રીતે ઘણીજ તકલીફ થાય છે અને મોટા ખર્ચમાં ઉતરવું પડે છે.

આ બાબતમાં ફાયદાકારક વાત તો એ છે જે, લેવડદેવડના વાંધા માટે સલાહથી કાઉન્સીલમાં અમીન મુકરર કરે તો ઘણો લાભ થશે. અમે કાઉન્સીલને પણ હુકમ ફરમાવીએ છીએ કે સારા વિદ્વાન અમીન એટલે લવાદ, એવા કામ માટે નીમે, જેથી લેવડ-દેવડના વાંધાનો ફેંસલો સંતોષકારક રીતથી થાય. આમ કરવાથી પઇસાનો ઘણો બચાવ થશે.

અમે કાઉન્સીલને ફરમાવીએ છીએ કે, આ જમાતમાં કેટલાક બી. એ. અને એલએલ. બી. છે તેને પોતાની મદદમાં લ્યો, જેથી તે પણ જમાતની ખિદમત કરે; કારણ કે એવા વિદ્વાન જવાનોને કામ કરવાની ઘણી ચાહના છે. તેઓને ઉત્તેજન દેવા બોલાવો, જેથી તે જમાતની ખિદમત કરે અને લેવડદેવડના વાંધાના ફેંસલા ઇન્સાફથી કરે. એમ કરવાથી કોર્ટમાં થોડા કેસ જશે અને ઇસ-માઇલી મુરીદના પઇસાનો બચાવ થશે અને પઇસાની ખરાબી નહિ થાય.

બધા વોલન્ટીયરોને ફરમાવીએ છીએ કે, કાઉન્સીલનો હુકમ માને અને કાઉન્સીલની ફરમાનબરદારી કરે; અમે અમારા તરફથી કાઉન્સીલને ઉપરી નીમી છે. જેવી રીતે તમે અમારા ફરમાન માનો

છો, તેવીજ રીતે કાઉન્સીલનો હુકમ માનશો તો તેથી કરી અમારા ફરમાન બજાવ્યા એમ અમે સમજશું. અમે કાઉન્સીલને પણ ફરમાન કરીએ છીએ કે વોલન્ટીયરોને તેડાવી નસિહત કરે ને તેના પર સારી નિગાહ રાખે. ચાર છ મહિને વોલન્ટીયરોને જરૂર તેડાવી કાઉન્સીલ નસિહત કરે.

જેમ વોલન્ટીયરો કાઉન્સીલનો હુકમ માને તેમ બધી જમાત પણ કાઉન્સીલનો હુકમ માને. કાઉન્સીલના ફેંસલાથી કદાચ કોઈ નારાજ થાય તો કાઉન્સીલના કાનુન મુજબ કાઉન્સીલ મારફત અમને અપીલ મોકલે. કાઉન્સીલ મારફત અપીલ જે નહિ મોકલે તેની અપીલ સાંભળવામાં નહિ આવે.

બધી જમાત ઉપર ફરજ છે કે અમલદારોની ઈજ્જત રાખે અને તેના હુકમ માને.

કાઉન્સીલમાં કુદરતી રીતે મતફેર થતા આવે છે અને મતફેર સિવાય કાંઇ સુધારો વધારો નથી થતો. કાઉન્સીલ જ્યારે વધુ મતથી કોઇપણ ઠરાવ કરે, તો તે ઠરાવ બધા મેમ્બરોએ કબુલ રાખવો અને મીજાજ ઠંડો રાખવો. કાઉન્સીલના કામમાં ઘણી નીરાંત અને ઠંડા મીજાજથી ચાલજો.

તમે બધા જુઓ છો કે, અમે કેટલી કોશિશ કરીએ છીએ જે, ઈરાન, અરબસ્તાન, મેસોપોટેમીઆ અને બીજા મુલકના ઈસ-માઈલી મુરીદ બધા એક થઈ જાય અને એક જમાત થાય; તેમ તમે પણ એવી કોશિશ કરો કે કચ્છી, કાઠીયાવાડી, સિંધી બધા સાથે એક થાઓ, એવી તરેહ એક થાઓ જે વળી કચ્છી, કાઠીયાવાડી જુદા નામ ન રહે. તમે એક બીજાને છોકરીઓ આપો અને લ્યો યાને એકબીજાથી શાદીનો વહેવાર રાખો.

તમારા બાળક અને બાળકીને ઘણી કોશિશ કરી સ્કુલમાં મોકલતા જાઓ. એવી રીતે એકદીલી કરજો કે બીજી વખત અમે

કરાચી પધારીએ ત્યારે એકદિલ્લીના સારા સમાચાર સાંભળી અમે રાજી થઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૨૫ મું.

રાજકોટ તા. ૬-૨-૧૯૨૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ખાસ મંડપમાં પધારી ફરમાવ્યું:

"આજે દશ વર્ષે ફરીથી અંહીયા આવી બધા બચ્ચાંઓને જોઇ અમે ઘણાજ ખુશી થયા છીએ. જો કે દુનિયાના હિસાબે અમે તમારાથી દુર હતા, પણ અમે હમેશાં તમને નજદીક રાખતા હતા. અમારૂં ધ્યાન, દિલ, ખ્યાલ તમારામાં હતા. તમને દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે બચ્ચાંઓ ઘણાં છેટેથી અમારા દીદાર કરવા આવ્યા છો, તેને માટે દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે અમારા રૂહાની ફરઝંદોને જોઇ ઘણાજ ખુશી થયા છીએ. જેમ અમે તમને હંમેશા પોતાની પાસે રાખીને ધ્યાનમાં રાખીએ છીએ, તેમ તમે પણ હમેશાં અમારા ધ્યાનમાં રહેજો.

જેઓ આ મેળામાં શાદીના કામ ઉકલાવશે તેઓ ઉપર અમે રાજી થઇશું. સારૂં કામ જલદી થાય તેમાં ઘણું સારૂં છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૨૬ મું.

રાજકોટ તા. ૭-૨-૧૯૨૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"બધા લોકોને જેવી રીતે અમે પ્યાર કરીએ છીએ, તેવી રીતે તમે પણ પ્યાર કરો. ઇસમાઇલીઓ અહીં પછાત છે, તેઓને

તમે વેપાર ધંધે ચડાવો. રંગુન અને મધ્ય પ્રાંતમાં એ લોકોને કામે લગાડો; તમે પોતાનું કામ કરો છો તેમાં પરમાર્થ કરો, કર-કસર કરો; રાજદ્વારી માટે નહિ પણ આપણા ભાઈઓને કામ આપવા માટે, તેઓનાજ હાથના વણેલા કપડા પહેરો, તેઓને ઉત્તેજન આપો.

તેના માટે યાને હાથ વણાટનું કાપડ પહેરવા વિષેનું વિવેચન મિશનરીઓની વાયજ દ્વારા થવું જોઈએ. ખોજા લેબાશ પહેરે એવું પણ વાએઝથી સમજાવો.

બચ્ચાંઓના નામ આપો તે અમારી પેઢીઓમાંથી આપો."

કરાચી ખાતે કોન્ફરન્સ ભરવા બાબત અરજ થતાં ફરમાવ્યું:

"લાંબા લાંબા ભાષણો કરવામાં શું ફાયદો? પચાસ વર્ષ નેશનાલીસ્ટોએ ભાષણ કર્યા તેમાં શું વળ્યું? કામ કરો, કામ જોઈએ, વાતો નહિં જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૨૭ મું.

રાજકોટ તા. ૧૦-૨-૧૯૨૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આજે સંભાનો દિવસ હોવાથી બાઈઓ તથા ભાઇઓને સંભાની મુબારકી ફરમાવીએ છીએ.

મોમનના દિલમાં હંમેશના માટે સંભો છે. મોમનના માટે દરરોજ ઇદ અને સંભો છે. બાઇઓ તથા ભાઈઓને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ."

બાદ ખાદીના મંડપમાં પધારી ફરમાવ્યું:

"અમે પણ ખાદી પહેરી છે."

વઝીર રહીમની સામે જોઇ ફરમાવ્યું:

"આવા મોટા માણુસો ખાદી પહેરશે તો, ઘણું સારૂ ગણાશે. આનાથી બીજાઓ એટલે નાનાઓ અનુકરણ કરશે, તો કરકસર થશે."

બાદ એક વારસને ફરમાવ્યું:

"રીક્રિએશનનાં કામ માટે તમને કેમ શોખ પેદા થતો નથી?"

## ફરમાન ૨૨૮ મું.

રાજકોટ તા. ૧૩-૨-૧૯૨૩

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે ધોરાજીના તંબુમાં પધારી ફરમાવ્યું :

"છોકરીઓને ગુંથવાનું કામ શીખવો, જેથી ભવિષ્યમાં પોતે સુખી થાય.

બહુ મજાનું અને ઉત્તમ કામ છે કે દરેક શખ્સ પોતાની કન્યાને સ્કુલમાં મોકલે. ફકત ધોરાજીમાં કન્યાશાળા છે તે પુરતી નથી. આખા કાઠીયાવાડમાં કન્યાશાળાઓ ખોલવી જોઇએ. તે ઉપર દેખરેખ રાખવાનું કામ તમારૂં છે અને ખાસ કરીને કાઉન્સીલનું છે.

પંજેભાઈઓ હમેશાં જમાતખાને જાય, ને ખિદમત કરે. તેઓ ઇસમાઈલી દીનના આજુબાજુના હાથ છે.

તમે તમારી છોકરીઓને ઉત્તેજન આપો. ગુંથવાનું કામ ઘણુંજ ઉત્તમ છે. જ્યાંથી શીખવાની સગવડ થાય ત્યાં મોકલાવજો. ગવરમેન્ટ સ્કુલ હોય તો ત્યાં પણ છોકરીઓને મોકલજો."

જુનાગઢવાળાની મહેમાનીમાં ફરમાવ્યું:

"જુનાગઢની અંદર વઝીર ઇસ્માઈલ, વઝીર કાસમ, વઝીર હબીબ, એઓની મહેનતથી તમે મોમન થયા છો અને તમે ઘણી

મદદ કરો છો, તેની અંદર જુનાગઢની જમાત ઘણી મહેનત કરે છે."

એક ભાઈ વિષે અરજ કરવામાં આવી કે:

"આ માણસ ત્રણ યતીમ બચ્ચાં જેઓ આપણા ધર્મમાંથી નીકળી જતાં બચાવવા ખાતર પોતે પાળે છે." ત્યારે તેને ઘણી દુઆઆશિષ આપી ફરમાવ્યું:

"તમે બહુ મોટું કામ કરેલ છે. એક રૂહને પૈસા ખર્ચીને ખરીદ કરીને તેને આઝાદ કરવા જેટલો ફાયદો મળશે. શાબાશ ખાનાવાદાન."

## ફરમાન ૨૨૯ મું.

રાજકોટ તા. ૧૪-૨-૧૯૨૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"કાઠીયાવાડ દેશમાં વખતોવખત દુકાળ પડે છે. વેપાર ધંધાની ઘણી હાડમારી છે, જમાત ઘણી છે, તેથી તેઓએ પોતાનો મુલક મુકી બીજે ઠેકાણે જવું. જેવા કે, દખણ, બરમા, બરાડ, વરંગલ, પુનાની આજુબાજુ, એવે સ્થળે જઈ એક બે જણ દુકાન ખોલે.

બહારગામ વસતા મુરીદો પર વાજબ છે કે તપાસ કરે. બે ત્રણ કુટુંબનું ગુજરાન થઇ શકે એમ હોય તો તેને વાજબ છે કે સુપ્રિમ કાઉન્સીલને ખબર આપે અને કેટલી મુડી જોઇએ તેની વિગત સુપ્રિમ કાઉન્સીલને લખે. સુપ્રિમ કાઉન્સીલ લોકલ કાઉન્સીલને ખબર આપે અને લોકલ કાઉન્સીલ, પોતાના ગામમાંથી ગરીબ માણસોને બોલાવીને એ બાબતની ખબર આપે. કાગળ જ્યાંથી આવ્યા હોય તેનો સંતોષકારક જવાબ આપે.

કાઠીયાવાડમાં જુદા જુદા ગામડાઓમાં ગવરમેન્ટ સ્કુલો હોય, ત્યાં ચીવટ અને ખંત રાખી પોતાની દીકરીઓને મોકલે. ત્યાં ભરત,

ગુંથણુ વિગેરે શીખે; પણ જ્યાં સ્કુલો ન હોય તો ઘરે વણવાનું, ગુંથવાનું, કપડા શિવવાનું શીખે, તેથી આગળ જતાં આઠ આના, રૂપીયાનું કામ કરી ગુજરાન કરી શકે.

તમારામાં જુની રસમ પડી ગઈ છે કે, સગાઈની અંદર ચુંદડી, સાકર, મુડો, વિગેરેમાં જે ખર્ચ થાય છે તે હવેથી ઓછો કરવો. પૈસાદાર ખર્ચ ઓછો કરે કે જેથી, ગરીબ માણસ પણ ઓછો ખર્ચ કરે.

આપણી પાસે લશ્કર કે પોલીસ નથી, પણ ફરજ છે કે ઇમામને લાગણી તથા ઇશ્કથી તાબે થવું તથા માનવું, એ જમાતની ફરજ છે.

મેમ્બરો ઉપર ફરજ છે કે કાયદાઓ, ધોરણો વિગેરે ઉપર વગર પક્ષપાતે ઇન્સાફ આપવો; તે તેની ફરજ છે. કેસની અંદર વાદી, પ્રતિવાદી બે પક્ષ હોય છે. કુદરતી રીતે એકના ફેવરમાં અને બીજાની વિરૂધ્ધમાં કેસ જાય છે, ત્યારે તે નારાજ થાય છે; પણ તેણે નારાજ થવું જોઇએ નહિ, પણ ચુકાદો મળે તે સ્વીકારી દિલમાં ખુશી થવું જોઇએ; નથી પોલીસ કે જેના જોરથી કાનુનને અમલમાં લાવીએ.

કોઈને અસંતોષ હોય તો જમાતમાં રહેવામાં શું ફાયદો છે? પ્રેમની લાગણી હોય તો ચુકાદાથી સંતોષ પામી રહેવું, નહિ તો રસ્તો ખુલ્લો છે, જેને જવું હોય તેના માટે ખુદા હાફેઝ, બારણા ખુલ્લા છે.

જે ઇસમાઈલી ખુશી છે તેને રહેવામાં ફાયદો છે, નારાજ હોય તો ફાયદો નથી.

અહીં અમે તમારા મહેમાન છીએ. ઓલી દુનિયામાં તમે અમારા મહેમાન હશો. તમે આ દુનિયામાં અમારૂં લશ્કર છો. તમે અમારા રૂહાની બચ્ચાં છો."

બાદ રાજકોટ જમાતને ફરમાવ્યું:

"તમે જાણે છો કે સુપ્રિમ કાઉન્સીલનું પાયતખ્ત રાજકોટમાં છે. કોઇપણ માણસ, તથા સુપ્રિમ કાઉન્સીલનો મેમ્બર આવે તો તેની ખિદમત કરવી અને અગવડ મટાડવી. ખાનાવાદાન."

## ફરમાન ૨૩૦ મું.

કેશોદ તા. ૧૬-૨-૧૯૨૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે** ફરમાવ્યું:

"તમારૂં નામ મોમન છે, તેમ તમારા કામ અને આમાલ પણ મોમન જેવા હોવા જોઇએ. દીન અને રસમ પ્રમાણે તમારે બરાબર ચાલવું જોઈએ.

તમારૂં નામ મોમન છે તે બહું સારૂં છે, પણ આમાલ પણ મોમન જેવા હોવા જોઈએ."

બાદ ફરમાવ્યું:

"બીચારા લોકો છે, જેને બીજી કોમ અડકતી નથી તે જો આપણા ધર્મમાં આવવા ચાહે તો, તેને માન આપવું. જેમ તમે અમને માબાપ કહો છો તેમ તે લોકો માબાપ કહે છે, તેને ભાઇ જેવા લેખજો. એ બીચારા લોકોને માન આપો, ઈજ્જત આપો, એ લોકો સાથે જમો, તમે જમશો તો બીજા જમશે, તમારૂં અનુકરણ કરશે."

## ફરમાન ૨૩૧ મું.

લીંબડી તા. ૨૧-૨-૧૯૨૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે** ફરમાવ્યું:

"તમોએ અમારા દીદાર માટે ઘણી તકલીફ લીધી. ઈન્શા-અલ્લાહ જેમ તમે અમારી પાસે બેઠા છો તેમ પેલી દુનિયામાં અમારી

પાસે બેઠા હશો. જેમ અમે તમો બધાને યાદ કરીએ છીએ, તેમ તમે અમારી યાદમાં ને ઇબાદતમાં મશગુલ રહેજો, જેથી દીન અને દુનિયામાં તેનો બદલો મળશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૩૨ મું.

લીંબડી તા. ૨૨-૨-૧૯૨૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કન્યા વિક્રય થયાની વાત સાંભળી, તે ઉપરથી ફરમાવ્યું:

"ઇમાનવાળા તેમ કદી નહિં કરશે."

બાદ જમાતને ફરમાવ્યું:

"જેમ હમણા તમે અમારી પાસે બેઠા છો તેમ ત્યાં પણ બેસશો. જેમ બાપને છોકરો ભુલતો નથી, તેમ તમે પણ અમને યાને તમારા રૂહાની બાપને ભુલી જતા નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૨૩૩ મું.

મુંબઇ તા. ૧-૩-૧૯૨૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ચામડા કંપનીવાળાઓને ફરમાવ્યું:

"જ્યારથી અમે ગાદી પર બેઠા, ત્યારથી તમે અમારા ઘરની ખિદમત કરો છો. હવે તમારે શું કરવું જોઇએ? નાના બચ્ચાં, નાવારેસ હોય તેઓને તમે લઇને ઘરમાં રાખો અને તેને પાળો. બીચારાના બચ્ચાં, મોટા નહિ પણ બાર વર્ષ સુધીના એવાઓને માટે તમે જો ખર્ચ કરશો તો, માલેવાજબાત જેટલો સવાબ થશે. તેને તમારા અઝીઝની જેમ રાખવા. તેને ધંધો પણ કરાવો, ઘરનું કામકાજ પણ કરાવો, પણ તમારો અઝીઝ સમજીને. તેમ તેને ખોટી રીતે ચડાવી નહિ દેવો; સાદાઈ રીતે તેને રાખવો અને તેની પાસેથી કામ લેવું, પણ જો તમે એકદમ નોકરની માફક કામ લેશો તો કેવી રીતે માલેવાજબાત જેટલો સવાબ થાય?"

## ફરમાન ૨૩૪ મું.

મુંબઇ તા. ૨–૩ ૯૨૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"જે કોઇ પંજેભાઇ તમારામાંથી આ ફાની દુનિયા છોડી બીજી દુનિયામાં જાય, તેની રૂહાનીની મીજલસ, તેના પછીની ચાંદરાતની મીજલસ ભેળી કરજો, અને તમે સઘળા પંજેભાઈઓએ હાજરી આપવી; કારણકે દર મહીને એક મીજલસ છે, માટે દરેક પંજેભાઇ જરૂર હાજરી આપે. હાજરી આપવી ફરજ છે."

## ફરમાન ૨૩૫ મું.

આણંદ તા. ૫–૩–૧૯૨૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારા ઉપર અમે બહુજ ખુશ છીએ. તમે અમારા બચ્ચાં છો, તમે અમારી ઔલાદ છો; અમારા ધર્મમાં ગરીબ અને પૈસા-વાળાનો ભેદ નથી. સર્વે અમારા બચ્ચાં છે.

અમે તમને એકએકને અમારી પાસે બેસાડત પણ જમાત ઘણી હોવાથી તેમ બની શકે નહિ."

ઉપર મુજબ ફરમાવી હાઝર ઇમામે દરેકની નજીક જઇ દરેકના માથે હાથ મુકી દુઆ આશિષ ફરમાવી હતી.

## ફરમાન ૨૩૬ મું.

અહમદનગર તા, ૭–૩–૧૯૨૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝરઇમામે વારસ ડાહ્યાભાઇ વેલજીને દુઆ આશિષ આપી ફરમાવ્યું:

"તમારા તથા તમારા કુટુંબ ઉપર અમારી કેટલી રહેમત છે તે તમે જાણો છો?

આમાલ (Action) સારા હોવા જોઈએ, જે સહુથી ઉત્તમ છે. પરમાર્થ કરી બીજાને છોડાવવો, એ હજાર વર્ષની બંદગી કરો તે કરતાં વધુ છે. હજાર વર્ષ બંદગી કરો તે કરતાં પણ એ કામ મોટું છે.

વેપાર કરો અને પૈસા કમાવી તેમાંથી પરમાર્થના કામ કરો. જેમ વિરપુર બોર્ડીંગમાં વઝીર ડાહ્યા કરે છે.

**સો વર્ષ બંદગી કરો તે કરતાં બીજા જીવને છોડાવવા એ વધારે છે.**

દુનિયાની બાજી નહી ખાવી, એટલે દુનિયા છોડવી, ધંધો નહિ કરવો એમ નહિ, પણ ધંધો કરો, કરોડો રૂપિયા કમાવી આવા પરમાર્થમાં ખર્ચો.

બચ્ચાઓને વેપાર હુન્નર શીખાવો, તેથી તેઓ પૈસા કમાવી આવા પરમાર્થના કામમાં ખર્ચે.

અમે કાઠીયાવાડમાં ફરમાન કર્યા છે કે, તમે એક બીજાને ખબર આપો કે, અંહીયા કેટલા જણ ધંધે લાગી શકશે? અંહીયા આટલું કામ છે, એવી ખબર સુપ્રિમને આપો. એ બાબત જમાતખાનામાં વંચાવવી અહીંયાથી ખબર મોકલો, એ એક ઈબાદત છે.

દક્ષિણમાં અમુક ગામો છે, સિલોન સુધી ખબર આપો, ધંધા માટે જ્યારે બે માણસોનું નક્કી થાય ત્યાર પછીજ બીજાઓને બોલાવો."

## ફરમાન ૨૩૭ મું.

અહમદનગર તા. ૩૦-૧-૧૯૨૪

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે વારસ ડાહ્યાભાઈ વેલજીને ફરમાવ્યું:

"તમારૂં કુટુંબ આ દુનિયામાં અને પેલી દુનિયામાં આબાદ રહેશે.

બન્ને દુનિયામાં શહીદ જેવા થઇને રહો. આપણો ધર્મ ખુશહાલીનો છે. શહીદ લોકો મથું આપે છે અને તમે જે કામ કરો છો તે શહાદતના કામ છે. આવા સારા કામો કરવામાં આનંદ ભરેલી ખુશહાલી અને મીજાજ ઠંડો અને ખુશ રહે છે.

આ બચ્ચાંઓને જોઇએ છીએ તો તે કરોડો રૂપિયા કરતાં વધારે છે.

લાવારસ બચ્ચાંઓને જોઇને અમે ઘણાંજ ખુશી થયા છીએ. તે લોકો પાસે કામ સારૂં લેવું. વેપાર હુન્નર શીખવો અને પોતાનાં બચ્ચાંની તરફ અને આ નવા બાળકો તરફ બન્ને આંખો સરખી રાખજો. જેમ પોતાના બચ્ચાંને ઉછેરવા, સંભાળવા અને કામ ધંધો, ઉદ્યોગ શીખવવા કોશેશ થાય છે, તેમ આ બચ્ચાંઓ માટે પણ કાળજી રાખજો.

હાલમાં વેપાર ધંધાનો વખત એવો છે કે, પોકલ જમીન જણાતા હાથી પોતાનો પગ પાછો ખેંચી લે છે, તેમ વેપાર રોજગાર માટે હોશિયારીથી કદમ લંબાવજો. વેપારમાં આગળ વધવું છતાં હોશિયારી અને સાવચેતી રાખવી, કારણકે આજે વેપાર માટે એવો કઠણ વખત છે.

રૂહાની પિતા બધાને રૂહાની બચ્ચાં સમજે છે, માટે શરીર સાથે કાંઇ સંબંધ નથી. રૂહાની પિતાના રૂહાની ફરઝંદો છે, તેમ દીનભાઇઓ તે રૂહાની બિરાદરો છે, માટે બદન સામે જોવું નહિ.

આળસ કરીને બેસવું નહિ. કામ કરવું, શીખવું; ઇલ્મ વગર કોઇ કામ થઇ શકશે નહિ. દુનિયાના કામો માટે પણ ઇલ્મ શીખવું જરૂરનું છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૩૮ મું.

જંગબાર તા. ૯-૨-૧૯૨૫.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"જંગબાર અને આફ્રિકાની જમાતોને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

રાત દિવસ અમે તમારા ખ્યાલમાં હતા, જો કે જાહેરમાં અમે તમારાથી દુર હતા, તો પણ હમેશાં તમારા ખ્યાલ કરતા હતા; તમારા માટે સારી સારી મહેરબાનીનો ખ્યાલ હમેશાં રાખતા હતા. તમે પણ હમેશાં યાદ કરતા હશો, તમારા ઇમામને તમે ભુલી ગયા નહિ હો.

નાના મોટા સઘળાઓને દુઆ આશિષ ફરમાવીએ છીએ.

રાત દિવસ અમે તમારા ખ્યાલમાં હતા, રાત દિવસ તમને યાદ કરતા હતા, અમે તમને કદીપણ ભુલી ગયા નહોતા. તમારા ઉપર રાત દિવસ રહેમની નઝર છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૩૯ મું.

જંગબારતા. ૧૦-૨-૧૯૨૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"મોમનને જરૂર છે કે, અમારૂં મન રાજી રાખે. અમે તમારા રૂહાની પિતા છીએ. ઇમાનની સલામતી રાખીને અમારી ખિદમત કરવી.

બધા મોમનને જરૂર છે કે, જમાતખાને આવવું અને રસમ પ્રમાણે વરતી જમાતના કાનુનોને માન આપવું. તમે અમારા બચ્ચા છો. **મઝહબી કિતાબો તમે બરાબર પડો.**

જે માણસની માલેવાજબાત બરાબર હશે તેનું ઇમાન અને ઇશ્ક વધશે. માલેવાજબાત અને દુઆ બરાબર હોવી જોઇએ. દુઆ પડતા ન આવડે તો પાંચ તસબીહ કાઢવી; અગર આ બે ચીજો બરાબર નહિ હશે અને ઉપર જશે તો પણ નીચે આવશે. આ

એ ચીજો મઝહબનો પાયો છે. પાયો મજબુત નહિ હશે તો ઘર મજબુત નહિ થાય.

નાનપણમાં ધાર્મિક શિક્ષણની બહુ જરૂર છે. બચ્ચાંઓને માબાપ તરફથી, અગર બરાબર શિક્ષણ મળે તો તેઓના ઈમાનમાં ફરક નહિ આવે. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૦ મું.

જંગબાર તા. ૧૧-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"વૃદ્ધ, જવાન, છોકરા, બચ્ચાંઓને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

**શાદી માટે વધુ ખર્ચ થાય છે તે નકામું છે. અમે હાથ મેળવી આપ્યા પછી, વધુ શું છે?**

મોમનની ફરજ છે કે અમારો હુકમ માનવો. લગ્નો અંહી થશે તો સારૂં છે. બને તેટલું જલદી ખલાસ કરો.

તમારા માટે બે લગ્ન છે, એક જીસમાની બીજા રૂહાની.

એક શખ્સ કાઉન્સીલનો મેમ્બર હોય અને રિટાયર થાય તો જમાતે તેનું માન જાળવવું જોઈએ અને તે મેમ્બરે હમેશાં ખિલાત પહેરવી. એવાઓ કાઉન્સીલના મેમ્બર તરીકે પછી નથી રહેતા, પણ ખિલાત પહેરી શકે છે. તે યુનિફોર્મ-ચાંદ જેવું છે, જે આખી જીંદગી પહેરી શકાય.

જીવતા છો ત્યાંસુધી જમાતખાને આવો. સારા કામોની આદત રાખો તો ખરાબ કામ નહિ થાય. જીવો છો ત્યસુધી અમારી ખિદમત કરજો, સારા કામ કરો, હમેશાં જમાતખાને આવો અને વેપાર સંભાળો.

તમારા મોટાઓએ અમારી ઘણી ખિદમત કરી છે, જે વખતે જમાત નાની હતી તે વખતે ખિદમત કરી છે. એવા સારા ઘરાણાના છો તો કામ પણ સારાજ કરજો.

વેપારમાં જો તકલીફ નહિ લ્યો તો ફાયદો નથી. બધાઓ કહે છે કે ખુદા છે, ખુદા છે, પણ ખુદા કાંઈ ઉપરથી ફેંકવાનો નથી. તમને હાથ છે, આંખ છે, મહેનત કરશો તો ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૧ મું.

જંગબાર તા. ૧૨-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"કોઇપણ ઓફીસર આવે, તેની ફરજ છે કે મગરૂરી નહિ રાખે. જ્યારે અમે તેઓને ફરઝંદ કહીએ છીએ, ત્યારે તેઓ અમને બાપ સમજે. તેથી બન્ને સગા ભાઇઓ થાય. કંઇબી થાય તોપણ જમાતની ખિદમત કરવી.

કેસનો નિવેડો જલદી આવવો જોઇએ. એવો ઈન્સાફ થવો જોઈએ કે સિવિલ કેસ પણ કોર્ટમાં જવા નહિ જોઇએ. ફકત ઔરત મરદના કેસનો નિવેડો નહિ પણ બધા કેસોનો ફેંસલો થવો જોઈએ. એવો ઈન્સાફ થાય અને જમાતને ભરોસો રહે.

કાઉન્સીલના મેમ્બરોએ ઔરત મરદના કેસમાં ભંગાણ પાડવું નહિ, પણ સલાહ કરાવવા માટે યત્ન કરવો. જો મહોબત નહિજ હોય તો તલાક આપવી. આપણો મઝહબ ઈસ્લામ છે મહોબત નહિજ હોય તો તરત ફેંસલો કરી આપવો.

જવાન વિધવા ઘરમાં રાખવી એ ઘણું ખરાબ કામ છે. ઇસલામનો રીવજ છે કે, છ સાત માસ પુરા થાય કે તરતજ તેઓના નિકાહ કરાવી આપવા કે, જેથી ઔલાદ થાય. ઇન્શાઅલ્લાહ.

ઇસમાઈલીઓએ પોતાની સ્ત્રી સિવાય બીજા કોઇપર વાસના-ભર્યો ખ્યાલ રાખવો નહિ જોઇએ. નજર અને ખ્યાલ બન્ને ખરાબ નહિ જોઇએ

આપણા મઝહબમાં ત્રણ ચીજોની જરૂરછે. એક્તો લગ્ન જલદી કરી આપવા. બીજું મીઠાશ રહે, અને ઓલાદ વધે, કારણકે આપણી સંખ્યા ઓછી છે, તે વધવી જોઇએ. ત્રીજું જો અખલાસ નહિ હોય તો તરત છુટા કરી આપવા, જેથી બન્નેનો રસ્તો સાફ થાય.

જ્યારે નવી નિમણુંક થશે ત્યારે અમલદારોના એબનેજ ગોતતા નહિ, તેઓના ગુણો પણ જોજો. જમાતને લાજમ છે કે તેઓ સાથે સંપથી વરતવું.

જે માણસ મોમન છે તેને ઈમાન છે. ઈમાન છે તે ઇશ્ક છે; જેને ઈશ્ક નથી તેણે મોઢું દેખાડવું પણ ફાયદાકારક નથી.

હાલમાં હવા ઘણી ગરમ છે, તમારા મુલકમાં એક વખત પ્રિન્સ અલી આવશે. તમારા મુલકની હવા પણ સુધરશે. પ્રિન્સ અલી મોટા થશે ત્યારે આવશે."

બાદ મિશનરીઓને ફરમાવ્યું:

"જેટલું બની શકે તેટલું જમાતમાં સારી વાએઝ કરો, સારો રસ્તો દેખાડો, ઈમામની શનાખત આપો. રસ્તો દેખાડવા અગાઉ પોતાને પણ પાકા થવું જોઇએ.

બીજા મિશનરીઓ સાથે વાદ વિવાદ કરો. ટેનીસ રમનાર બીજા સાથે રમશે ત્યારે હોશિયાર થશે. તેમજ મિશનરીઓએ એક બીજા સાથે ડીબેટ કરવી. મિશનરીએ તો દુનિયાનો ત્યાગ કર્યો છે. શાબાશ."

દિલખુશ કલબની મહેમાનીમાં ફરમાવ્યું:

"જ્યાંસુધી જીવો છો ત્યાંસુધી સારા કામો કરજો, તેમાં મશગુલ રહેજો અને દિલ ખુશીમાં રાખજો.

છોકરાઓને કસરતની ઘણી જરૂર છે. ખાસ કરીને તમારા શહેરમાં મોટા રસ્તા નથી, હવા નથી, માટે અંહી આવો. કુસ્તી રમો. કંઈપણ રમતગમત, દોડાદોડી કરવાની જરૂર છે. આ મુલકમાં ખાસ જરૂર છે. જુવાનીયાઓને જરૂર છે. અહીં ત્રણાઓ નમળા બંધના છે, તેઓ કસરત કરશે તો તાકાતવાળા થશે, કલબ બનાવી તેનો મતલબ એ હતો કે જમાત જોરાવર થાય. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૨ મું.

જંગબાર તા. ૧૩-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે ફરમાવ્યું:

"હમેશાં આવી રૂહાની તાકાત રાખજો. હમેશાં અમારા રૂહાની ફરઝંદ રહેજો. નુરાની કુવ્વત હમેશાં રાખજો. અમે તમને ભુલી જતા નથી, તેમ તમે પણ રાત દિવસ ભુલતા નહિ બદનને નહિ જોતા પણ નુરને જુઓ. અમારો ખ્યાલ પણ તમારા માટે રૂહાની છે. અમારો ખ્યાલ રાત દિવસ તમારા માટે છે, તેમ તમે પણ રાત દિવસ અમારા ખ્યાલમાં રહેજો.

જો કોઇ વોલન્ટીયર ડયુટી પર રેગ્યુલર ન હોય અને સરખી રીતે ચલતો ન હોય તો તેને ડ્રેસ પહેરવો પણ અપમાનકારક છે, તેને ખાલી તકલીફ નહિ આપો."

## ફરમાન ૨૪૩ મું.

જંગબાર તા. ૧૪-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમે ખુશી રહો છો, તેથી અમે ઘણા ખુશી છીએ. તમે હમેશાં ખુશ રહેજો. મોમનને જરૂર છે કે ગુસ્સો ન રાખે, હમેશાં ખુશ રહે તેથી અમે રાજી છીએ.

દુનિયામાં જેટલા ઈન્સાન છે, તેટલા બધા ભુલ તો કરશેજ; ભુલ વગરનો ઇન્સાન નથી. જવાનીમાં તમે જે ભુલ કરી છે તે માફ કરીએ છીએ. હવેથી ખ્યાલ રાખો.

તમારૂં કુટુંબ હશે, તમરા બચ્ચાંઓ હશે, વગેરે માટે ગુજરાનની જરૂર છે. તમારી કમાઈમાંથી થોડું જુદું રાખજો, કારણકે કુટુંબીઓની સંભાળ રાખવી જરૂરી છે.

મોમન છે તેમાં કંકાસ નહિં જોઈએ; અલબત જમાતને વાજબ છે કે અમારી ખિદમત કરે.

મોમન માણસ સવારમાં ઉઠીને કહે કે મારૂં ઈમાન સારૂં છે, મારૂં દિલ સાફ છે. અમારી દુઆ એકને માટે નહિ આખી દુનિયા માટે છે. અમારી દુઆથીજ જો સારૂં થવાનું હોય તો સારૂં થાય. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૪ મું.

જંગબાર તા. ૧૫-૨-૧૯૨૫

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામને એક માણસે અરજી આપી તે ઉપરથી ફરમાવ્યું :

"હાથમાં અરજી આપવા એ રીત નથી. સુધરેલા લોકોની એ રસમ નથી કે રસ્તામાં અરજી આપે."

બાદ ફરમાવ્યું:

"મોમનનો રૂહ સીધો દરિયામાંજ જાય છે, તે કંઈ અહીં તંહી નદીમાં જતો નથી. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૫ મું.

જંગબાર તા ૧૬-૨-૧૯૨૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"આ દેશમાં અંગ્રેજી અને સ્વાહીલી ભાષા ઘણીજ ચાલે છે. તે બોલી શીખવી, જેમાં વેપારનો ફાયદો હોય. **ખુદાની ઈબાદત અને તારીફ કોઇબી ભાષામાં થઇ શકે છે.**

જ્યારે કોઈ જવાન છોકરાને વારસો મળે ત્યારે તેની ફરજ છે કે. તેણે પોતાનો વેપાર શરૂ કરવા પહેલાં કોઇ સારી વેપારી પેઢી ઉપર ત્રણ વર્ષ સુધી નોકરી કરવી. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૬ મું.

જંગબાર તા. ૧૭-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઈની મહેમાનીમાં ફરમાવ્યું :

"છોકરાઓને નાની ઉમરથીજ સારૂં એજ્યુકેશન (કેળવણી) આપો, એમ અમે કહીએ છીએ, પણ જો વીસ વર્ષની ઉમરે તે મેટ્રિક થશે તો તેથી શું ફાયદો?"

એક ભાઇની મહેમાનીમાં ફરમાવ્યું:

"તમારા બાપે અમારા બાપની ઘણીજ ખિજમત કરી છે, જ્યારે અહીંની જમાતમાં હિંમત ન હતી, કાંઈ માહિતી ન હતી, કાંઈ ધર્મની ખબર ન હતી, તે વખતે થોડા માણસોએ સેવા બજાવી છે. અલહમ્દોલિલ્લાહ તમારામાં તે હિંમત અમે જોઇએ છીએ. શાબાશ ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું:

"જમાતના લિડરને વાજબ છે કે જમાતને ધંધે લગાડવા મહેનત કરે.

હમણા જોશો તો, ઇસ્માઈલી, વહોરા, મેમણ વિગેરેમાં તો ત્રણ પેઢીઓ સુધી પૈસો સરખો ટકતો નથી. યુરોપિયનોમાં ૩૦૦, ૪૦૦, ૫૦૦, વર્ષો સુધી પૈસા ટકે છે, કારણકે તેઓ શેઠાઇમાં રહેતા નથી.

બયતુલખ્યાલમાં જવું ઘણું જરૂરનું છે. બયતુલખ્યાલમાં દાખલ થાઓ અને નહિ જાઓ તો શું ફાયદો? ડાકટર પાસે દવા લ્યો અને નહિં પીયો તો શું ફાયદો? અગર છેટે રહેતા હો અને એ મુશ્કેલી હોય તો જુદી વાત છે."

બાદ મોંઘીબાઇ ઓર્ફનેજની મહેમાની વખતે એક કાર્યવાહકને ફરમાવ્યું:

"આ બચ્ચાંઓને પોતાના બચ્ચાંની માફક પિયાર કરજો. એ અમારા રૂહાની નાના બચ્ચાંઓ છે. એઓને પોતાના બચ્ચાંની માફક સંભાળજો અને ખ્યાલ કરજો.

છોકરાઓ મોટા થાય ત્યારે તેઓને કામ શિખવજો. આ છોકરાઓને તેમના બાપ અને દાદા સંભાળે, તેવી રીતે સંભાળજો. એમને એવી સારી રીતે સંભાળો કે તેઓ પોતાના બાપ કે દાદાને યાદ નહિ કરે."

રાજકોટવાળાની મહેમાનીમાં ફરમાવ્યું:

"રાજકોટવાળા બહાદુર છે, બહાર દેશાવર ગયા, આફ્રિકા ગયા. શાબાશ ખાનાવાદાન.

ઇમાનની સલામતી માટે તો અમે રાત દિવસ દુઆ આપીએ છીએ. અમારી દુઆ જો ન હોય તો ઇમાન એવી સારી રીતે કેમ રહી શકે?"

એક ભાઇની મહેમાનીમાં ફરમાવ્યું:

"તમારા જેવા બુઢા માણસે હિંમત કરી, હિંદુસ્તાનમાં કામ-કાજ નહિ ચાલવાથી અહીં આવ્યા, તેથી અમે ઘણાજ ખુશી થયા છીએ. બહુજ હિંમત કરી છે, બહુજ સારૂં કર્યું છે."

બાગામોયા જમાતને ફરમાવ્યું:

"બાગામોયા જમાતને કેટલી બધી તકલીફ આવી છે. આ તકલીફથી અમે ઘણાજ દિલગીર છીએ, પણ દુનિયાની રીત છે કે હમેશાં એક જન્મે છે, ફરી તે મરે છે. ઉંચે ચડે છે, તે પાછો પડે છે. એક ગામ આબાદ થાય છે, ફરીથી તે વેરાન થાય છે. અગાઉ થાણા એક વખત મોટું શહેર હતું, તે વખતે મુંબઈ કાંઇ પણ ન્હોતું. હમણાં મુંબઇ મોટું થયું છે, થાણા ટુટયું છે. આગળ જરમનીની કેટલી તાકાત હતી? હમણાં પડી ભાંગ્યું છે.

અગર એક ગામમાં તમારૂં કામ બરાબર ન ચાલતું હોય તો મુકી દીઓ; ચાલે તેટલા સુધી ચલાવો. અગર જુઓ કે રસ્તો તકલીફવાળો છે તો થોડા જણ ગામ બદલો.

તમારૂં ધ્યાન મજબુત અને સારૂં છે. તમને ઇશ્ક છે; તમે અમારા રૂહાની બચ્ચાં છો.

અંદરની લાઇટ છે, તેને જેટલા વખત સુધી સંભાળશો તેટલા વખત સુધી તે રોશની રહેશેજ.

જો ધંધો બરાબર નહિ ચાલે તો ગામ બદલો. જેમ એકને તાવ આવે તો તેની દવા કવિનાઇન છે, તેમ એક મુલક બગડે ત્યારે તેની દવા છે કે તે મુલક બદલવો.

**જમાતની તમે જે રોજ ખિજમત કરો છો તે, રોજની મહેમાની કરો છો.** ખાનાવાદાન."

## ફરમાન ૨૪૭ મું.

જંગબાર તા. ૧૮-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે મિશનરી છો; તમારી જાન માલ અમને અર્પણ કરી છે; મિશનરીની માયના એ છે કે તેણે જાન માલ અર્પણ કરવી."

એક ભાઇને ફરમાવ્યું:

"પાંચે આંગળાઓ સરખા નથી. સરખા હતે તો સારૂં નહિ હતે. સલામતીની કિંમત ત્યારેજ જણાય કે જ્યારે એક દિવસ બિમાર રહે.

સારી પાર્ટીઓમાં ફિતનો હોય તો તેનો સમાધાનીથી જલદી નિવેડો થવો જોઈએ, નહિ તો જમાતમાં ફિતનો થાય છે. જો ધણી બાયડીમાં નહિ બને તો જુદા પાડો.

વિધવા સાથે લગ્ન કરવામાં સારૂં છે. પયગમ્બરે ખુદ નવ વિધવાઓ સાથે લગ્ન કર્યા હતા.

કેસોનો સમજાવટથી નિકાલ કરો, કેસ બુકમાં રહે અને નિકાલ ન થાય એ સારૂં નથી."

એક ભાઇને ફરમાવ્યું:

"કયારે કયારે મઝહબી કિતાબો પડો, ફરમાન પડો તો, રોશની થશે. દિવસના ધંધો કરો પણ રાતના કિતાબો પડો. શાબાશ ખાનાવાદાન."

## ફરમાન ૨૪૮ મું.

જંગબાર તા. ૧૯-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઘણું જરૂરનું છે કે છોકરીઓને શિક્ષણ આપવામાં આવે. છોકરાઓથી પણ છોકરીઓને શિક્ષણ આપવાની વધારે જરૂર છે. છોકરાની કમાઈની લાલચથી તેનો બાપ તેને કોઇપણ સ્કુલમાં મોકલશે, પણ છોકરીઓ માટે તેના બાપની આંખોમાં કંઇપણ લાલચ નથી.

અમે તમારા રૂહાની પિતા હોવાથી છોકરીઓ માટે કેળવણી વિષે ફરમાન કરીએ છીએ. અમે હમેશાં છોકરાઓને કેળવણી

આપવાની ભલામણના ફરમાન કરીએ છીએ, તેનું કારણકે તેના માવિત્રો ભણાવે. આ છોકરીઓ એક વખત અંગ્રેજી પણ શિખશે. **જેટલું પણ ઈલ્મ દુનિયામાં છે તેટલું બધું છોકરીઓને શિખવાને માટે ખુલ્લું રહેવું જોઇએ.**

છોકરીઓને એવી કેળવણી આપવી કે પોતાનું ગુજરાન પોતે ચલાવે. છોકરીઓ અને છોકરાઓ માટેની સ્કુલ એવી હોવી જોઈએ કે, તેને ગવરમેન્ટ ગ્રાન્ટ મળે. ગવરમેન્ટ ગ્રાન્ટ નહિ મળે તો તેની મતલબ એ છે કે, તે સ્કુલ સારી નથી; તો અમે પણ ગ્રાન્ટ નહિ આપીએ. જો સ્કુલ સારી ન હોય તો રાખવાથી શું ફાયદો? તેવી ખરાબ સ્કુલ બંધ થવી જોઈએ.

છોકરી મોટી થાય અને જો તેને તેર વર્ષ સુધી નહિ શીખવો તો શું શિખશે?"

છોકરીઓને ફરમાવ્યું:

"જો તમારો પિતા તમને ભણવા નહિ આપે તો તમે તેને કહો કે અમને ભણવું છે.

ભરતકામની મતલબ એ છે કે પોતાની રોજી પેદા કરવી. ખુદા ન ખાસ્તાહ તમારા માવિત્રો સટ્ટો કરે અને પૈસા ગુમાવે, તો તમારી રોજી તમે મેળવી શકો. એરીથમેટીક યાને હિસાબ શિખવાની બહુ જરૂર છે.

એવી ભાષાઓ શીખો કે, જેથી તમારી ઇન્નતિ માટે ઉપયોગી થાય. **દીની બાબતો માટે બધી ભાષાઓ કામ લાગે છે,** તે દિલની વાત છે."

બાદ વોલન્ટીયરોને ફરમાવ્યુ:

"વોલન્ટીયરે થંડા રહેવાની બહુ જરૂર છે."

બાદ ફરમાવ્યું:

"કેસ જલદી ખલાસ કરો. એક કાયદો બનાવો કે ધણી બાયડીમાં બે વર્ષ સુધી અણબનાવ રહે તો છુટા કરવા."

બાદ એક ભાઇને ફરમાવ્યું:

"મોમન માણસે રોવું ન જોઇએ, બહુ ખુશ રહેવું જોઇએ."

બાદ ધાર્મિક નાઇટ સ્કુલના બાળકોને ફરમાવ્યું;

"છોકરાઓના માવિત્રો ઉપર ફરજ છે કે છોકરાઓને નાઇટ સ્કુલમાં મોકલે; કારણકે દુન્યવિ તાલીમ તેઓ મેળવે છે પણ ધાર્મીક શિક્ષણ નાઇટ સ્કુલમાં મળે છે, જે શિખવવાની ઘણી જરૂર છે.

મિશનરીઓ અને ધાર્મિક સ્કુલના માસ્તરો ઉપર ફરજ છે કે ફકત ગીનાન અને ફરમાન શિખવવા તે પુરતુ નથી; પણ તેની રૂહાની મતલબ પણ શિખવવી. **આપણો મઝહબ રૂહાનીયતનું તખ્ત છે.**

એવો પણ કાયદો રાખો કે, જેટલા મિશનરીઓ છે અથવા આવે તેઓ એક એક ધાર્મિક વિષય ઉપર ભાષણ આપે. ખાનાવાદાન."

## ફરમાન ૨૪૯ મું.

જંગબાર તા. ૨૦-૨-૧૯૨૫.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"અલહમ્દોલિલ્લાહ આજે સંભાના દિવસે, આસમાન, ઝાડ અને વરસાદની નીચે અમે તમારી મુલાકાત લીધી છે; તમે જીવો ત્યાંસુધી એવીજ રીતે રહેજો. ખુદા ન કરે ને તમને સો વર્ષ પુરા થાય ત્યારે એવીજ રહેમતનો વરસાદ, એવોજ બાગ, એવાજ સ્થળે રહેશો.

એવો ખ્યાલ નહિ કરતા કે, અમે તમને એક મિનિટ પણ ભુલીએ છીએ. રાત દિવસ તમારા માટે દુઆ કરીએ છીએ. ખાસ કરીને તમો જમાત માટે; કારણકે જાહેરમાં તમે થોડાક દુર છો, પણ બાતુનમાં ઘણા નજીક છો; બાતુનમાં અમારા બદનના બાલથી પણ વધુ નજીક છો.

ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ; બન્ને દુનિયામાં તમને લાભ થશે. આ દુનિયામાં માલ, ઈમાન, ઓલાદ અને તબિયતમાં ફાયદો થશે.

ત્રણ ચાર ચીજો ઘણી જરૂરની છે. તે તમારા દીન અને આખરત માટે ઘણી જરૂરની છે.

બાઇઓમાં કાંઇ એવો બંદોબસ્ત કરજો કે, તેઓને કયાંય પણ સારી હવા મળે; કારણકે તેઓમાં ક્ષયનો રોગ દેખાય છે અને તેથી ઓલાદ પણ નબળી થાય છે, તેની દવા તાજી હવા છે. પોતાના મરદ અથવા બાપની સાથે હવા ખાવા જવું. મુંબઈની વાત જુદી છે. ત્યાં રસ્તાઓ મોટા છે. તમારે ત્યાં રસ્તાઓ નાના છે. ગામમાં હવા નથી. મરદોને જરૂરનું છે કે ખ્યાલ રાખે.

સ્કુલ ખલાસ થયા પછી છોકરાઓને ૩-૪ વર્ષ સુધી નોકરીએ લગાડો કારણકે તેઓને કામ શિખવાનો તે વખત છે.

મોમન માણસ એવું કામ નહિ કરે કે તે દારૂ પીએ, તેતો નહિજ પીએ; પણ તે ઝેર હોવાથી તેનાથી દુરજ રહે. તેનાથી દુનિયા અને આખરતમાં નુકશાન થાય છે.

તમારે સમજવું જોઇએ કે બે માણસો કાઉન્સીલ પાસે જશે તેમાંથી એક જરૂર નારાજ થશે. જુલમ થયો એવી મતલબની તે બુમો મારશે, પણ જે જીતશે, તે પણ જયારે હારશે ત્યારે જુલમની બુમ મારશે. એ રીત ખરાબ છે; ઇસમાઇલીઓને ફકત બદનામ કરવા માટેની એ રીત છે. તેથી ફાયદો નથી.

તમે હિંમત કરો. વિચાર કરો કે કાઉન્સીલ પોતાના ઈમાનથી કામ કરે છે. ભુલચુક તો ઇન્સાનથી થશે.

કાઉન્સીલને વાજબ છે કે, પોતાના ઈમાનથી, ખુદાને હાઝર નાઝર સમજીને ઈન્સાફ કરવો અને જલદી જલદી ચુકાદાઓ જરૂર આપવા. માણસોને ઘડી ઘડી દોડાવવા અને નાઉમેદ કરવા એ સારી વાત નથી. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૦ મું.

માજુંગા તા. ૨૬-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"માડાગાસકર જમાતની ઘણી ઈંતેજારી અને ખેંચાણને લીધેજ અમે અત્રે આવ્યા છીએ.

તમે અમારી નાની જમાત છો, તે અમને બહુજ પ્યારા છો. જેવી રીતે માવિત્રોનો પ્યાર નાના બાળક ઉપર વધારે હોય છે, તેમ અમારો પ્યાર તમો નાની જમાત ઉપર છે અને તમો જમાતને જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૧ મું.

માજુંગા તા. ૨૭-૨-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આવી નાની જમાતની મુલાકાત લીધી છે તેથી અમે ઘણાજ ખુશી થયા છીએ.

હમેશાં થોડા થોડા વખતના અંતરે જંગબાર કાઉન્સીલ મારફત અમે દુઆ આશિષના તાર મોકલીએ છીએ, તે તારની મતલબ એ છે કે, અમે તમને યાદ કરીયે છીએ.

તમે અત્રે રહો છો, તેમજ નાના નાના ગામવાળાઓ અત્રે આવેલ છે, તે બધાને જેમ અમે ભુલતા નથી, તેમ તમે પણ અમને ભુલી જતા નહિ. તમે આટલા છેટા મુલકમાં આવ્યા છો, તે તમે ભુલી નહિ જાઓ; માટે તમને લાજમ છે કે હમેશાં વખતસર ઇબાદત બંદગી માટે જમાતખાને હાજર થવુંજ જોઈએ અને જો ત્યાં જઇ જમાત સાથે દુઆમાં ન પહોંચાય અને દુઆ પડતા ન આવડતી હોય તો પાંચ તસબીહ પીરશાહના નામની કાઢે એટલે તેની દુઆ કબુલ થશે; પણ દુઆ તો જરૂર પડવી. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૨ મું.

માઝુંગા તા. ૨-૩-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"જાહેરમાં અમે છેટા હોઈએ તો પણ તમારા વાળ કરતાં પણ નજીક છીએ, એમ સમજી, તમે અમારા ઉપર મહોબ્બત રાખો અને ખરાબ કામથી દુર રહો.

વિવાહમાં કામ જેઓ ટુંકા ખર્ચે ઉકેલશે તેઓ ઉપર અમે ઘણા ખુશી થશું અને અમારી ભલામણ છે કે અમારી હુઝુરમાં જેમ વિવાહનું કામ ટુંકે ખર્ચે ઉકેલવામાં આવે છે. તેવીજ રીતે પાછળથી પણ હંમેશાં જેમ બને તેમ ટુંકે ખર્ચે અને કરકસરથી કામ ઉકેલવું, એવી અમે ભલામણ કરીયે છીએ.

નાની ઉમરમાં નિકાહ નહિ પડાવવા, પણ બરાબર ઉમર લાયક થાય તે પછીજ નિકાહ પડાવવા, જેથી ભવિષ્યમાં તેનું પરિણામ નબળું નહિ આવે અને તેની જીંદગી સુખ શાંતિમાં ગુજરશે. ૧૭થી ૨૦ વર્ષથી ઓછી ઉમરમાં વિવાહ નહિ કરવા. ૯-૧૦ વર્ષની નાની ઉમરમાં તો લગ્ન બિલકુલ કરવાજ નહિ; કારણકે આવા બાળ લગ્ન કરવા એતો જુલ્મ કરેલો કહેવાય.

પંજેભાઈઓ છે તે મૌલાના હાથ છે, મૌલાનું લશ્કર છે. તેમાં જો નાઈ-તેફાકી કે દુશ્મની હોય તો ઘણુંજ ખરાબ છે અને ઘણી નુકશાની છે, માટે સંપથી રહેવું.

જે પંજેભાઈઓ છે તેઓ, તકલીફ લઈ મિજલસમાં આવતા નથી, તેથી તેઓનું ઈમાન ઘસાતું જાય તે કુદરતી નિયમ છે.

અસલ મિસરના વખતમાં પંજેભાઈઓએ ખિદમત કરી છે; તેજ રસમ આજ દિવસ સુધી ચાલુ રાખવામાં આવી છે. પંજેભાઈ-ઓની ફરજ છે કે હમેશાં હાજરી આપે અને જમાતની ખિદમત બજાવે, તેથી અમે ઘણા ખુશી થઈશું.

કોઈ ગામમાં એક ઘર હોય અને તે મોમન હોય તો તે હજાર ઘર બરાબર છે."

## ફરમાન ૨૫૩ મું.

દારેસલામ તા. ૮-૩-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમે હમેશાં દિલથી તમારો વિચાર કરતા હતા અને તારથી હમેશાં પુછપરછ કરતા હતા અને દુઆ આશિષ આપતા હતા. એક મિનિટ પણ તમારા ખ્યાલ વગર કાઢી નથી, હમેશાં યાદ કરતા હતા જાહેરમાં તમને જોઈ અમે ઘણા ખુશી થયા છીએ, મગર એમ ખ્યાલ નહિ કરતા કે, બાતુનમાં અમે દુર હતા. અમે હમેશાં હાઝર હતા. રાત દિવસ તમારો ખ્યાલ કરતા હતા. તમારે પણ હમેશાં અમને એવીજ રીતે યાદ કરવા; કારણકે હાઝર ઇમામ જાહેરમાં હમેશાં પાસે નથી હોતા, પણ બાતુનમાં હાઝર હોય છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૪ મું.

દારેસલામ તા. ૯-૩-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમારા રૂહાની ચહેરા જોઇને અમે ઘણાજ ખુશી થયા છીએ. કોઇપણ મુલ્કમાં હોઈએ છીએ, ત્યાં તમને હમેશાં યાદ કરીએ છીએ; એમ નહિ સમજતા કે હમણાજ તમને યાદ કરીએ છીએ. અમારી ઉમેદ છે કે, તમે પણ તેવા થજો, હમેશાં અમને યાદ કરજો."

એક ભાઇએ હાઝર ઇમામ પાસે અરજ કરી કે, "મને દુનિયામાં રહેવુ ગમતું નથી મને અસલમાં વાસલ કરો." ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું:

"દુનિયામાં રહો, દુનિયામાં રહીને મોમનના કામ કરો. આ દુનિયામાં પણ મોમન અસલમાં વાસલ થઇ શકે છે. **આપણા મઝહબમાં દુનિયામાં રહીને અસલમાં વાસલ થવું આસાન બાબત છે.** તમે બયતુલખ્યાલમાં દાખલ છો? દાખલ થતી વખતના હુકમ પ્રમાણે અમલ કરો તો ઇશ્ક પણ પેદા થશે અને સર્વે બની શકશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૫ મું.

ડોડોમા તા. ૧૫-૭-૧૯૨૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"રમત ગમતની જરૂર છે ખરી, પણ અઠવાડીયામાં એક બે કલાક રમતની જરૂર છે; નહિ કે રાત દિન રમતમાં કાઢી નાખવી; જંગબારમાં અમે એવું બહુ જોયું છે. અમે એ જોયું છે કે રૂા. ૫૦૦૦ થી ૬૦૦૦ની મુડીવાળાઓ તેની આવકમાંથી ગુજરાન કરીને રમતગમતમાં જીંદગી પસાર કરે છે; તે ઠીક નથી. તેવી

મુડીવાળાઓને આવા મુલ્કમાં મોકલો. નવા મુલ્કો ખેડો. જુવાન પ્રજાને આ ફરમાન ઉપર ધ્યાન આપવાની અને અમલ કરવાની ઘણી જરૂર છે. રમતગમત તો કામકાજમાંથી માણસો કંટાળે ત્યારે થોડો વખત રમતગમતની જરૂર છે. ૭–૮–૯ કલાક કામ કરો અને અઠવાડિયામાં એકાદ કલાક રમતગમતની વાત હોય તો ઠીક છે, કારણકે તેમાંથી કાંઈ લાભ નહિ મળે.

દશ હજારની મુડી હોય તેમાંથી સટ્ટામાં કદાચ એક લાખ રૂપિયા થઇ જાય, પણ કોઇ વખતે તે સર્વે ચાલ્યા જાય, અને લવિંગનો સટ્ટો કરે તો વખતે સર્વે મિલકત જાય.

થોડીઘણી મુડી હોય તો ટાંગાનિકા, ન્યાંઝાલેન, વિગેરે નવા નવા મુલ્કમાં જાઓ; ઇમીગ્રેટ (દેશાટન) કરો તો આગળ વધી શકશો. તમારા જુના મુલ્કમાં તેમ નહિ બની શકે.

સ્કુલમાં પણ મુખ્ય કરીને એ વાતના વિચાર કેળવો. અમલદારો જઈને, અઠવાડીઆમાં એક બે વખત જરૂર લેકચર આપે કે, બહાર મુલ્કમાં જાઓ, નવા ક્ષેત્રો ખેડો, નોકરીમાં કાંઈ નહિ વળે.

અગર નોકરીમાંજ જોડાઈ જવાનો વિચાર કરશો તો ગળું કપાઈ જશે, એટલે કે આગળ વધી નહિ શકો. એકજ મુલ્કમાં બેસી રહેવાથી ફાયદો નથી. સત્તાવીસ વર્ષ પહેલા પણ અમે એજ ભલામણ કરી હતી.

અંગ્રેજીની વધુ કેળવણી કરતાં વેપાર સંબંધી કેળવણીની વધારે જરૂર છે. અંગ્રેજો નોકરી કરતાં, વેપારમાં ઘણા ટકા વધારે ભાગ લ્યે છે.

વેપાર જંગબારમાં નહિ મળે. જંગબારની એ બિમારીની દવા એ છે કે, કેન્યા, ટાંગાનિકા, ન્યાંઝાલેન જાઓ. જો બરાબર ધ્યાન નહિ આપશો તો તમે પણ મસકત માફક ટુટી જશો.

**પઇસાનો નફો ખાવો તે છેવટ સુધી નથી નભી શકતો અને સલાહકારક નથી.**

તમારા માટે એમીગ્રેશન મુશ્કીલ નથી; ઘણું આસાન છે. અમોએ હિંદમાંથી હજારો માણસો એમીગ્રેટ કીધા, તેઓ કેવા આબાદ થયા છે?! પણ તમે કાંઈ ન કરી શકયાં; કલબ સ્કુલ વિગેરે સર્વમાં પણ એ વાત કરો. હરેક મુલ્કમાં પરસપર આ વિષયનો પત્ર વહેવાર કરો; જો તમે એ કામ કરશો તો બીજી વખત જ્યારે અમે આવશું ત્યારે મોટો બગીચો અમે જોશું.

જંગબારમાં એક એમીગ્રેશન કમિટી બનાવો. હિંદમાં માણસો મોકલવાની જરૂર નથી, પણ આફ્રિકાના મુલ્કોમાં મોકલો એ ઘણી જરૂરની બાબત છે.

મોજ, શોખ અને રમતગમતમાં આખો વખત ધ્યાન નહિ આપો, કારણ કે તેથી ખર્ચ, વખત, દુનિયા, આખરત સર્વે જશે અને બહુ ખરાબ થઇ જશો. રમતમાં ધ્યાન રાખવાથી જરૂર શેતાન તેને પકડશે. આ વાત એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નહિ નાંખજો.

દીનના કામ પછી બીજે નંબરે એમીગ્રેશનનું કામ છે; એથી દીન પણ સાબિત અને મજબુત રહેશે.

સ્કુલમાં પણ ખેતી અને વેપારના શિક્ષણની વધારે જરૂર છે. અગ્રેજોમાં નોકરીનું પ્રમાણ ઘણુંજ ઓછું હોય છે. ખુબ હિંમત કરો. ૧૦૦ છોકરા પહેલા આબાદ થશે, તો તેને જોઇને બીજા ૨૦૦ નીકળશે.

જંગબારમાં વેપારનું ફિલ્ડ બહોળું નથી. બહારના મુલ્કમાં જાઓ. ટાંગાનિકામાં ઘણું ફિલ્ડ છે.

માલેવાજબાત દીનનો પાયો છે, તેમ આ કામ દુનિયાનો પાયો છે. માલેવાજબાત વગર દીનની કોઈપણ બાબત નહિ ચાલે,

તેમ દુનિયાના કામમાં એમીગ્રેશન યાને દેશાટન વિગેરે બાબત વગર કાંઈપણ નહિ ચાલે.

જે ફરમાનો અમે કર્યા છે, તેને જીવતા જાગતા રાખવા તમારા હાથમાં છે; તેને તમે લખો, વાંચો, અમલ કરો તો ફરમાનોને જીવતા રાખ્યા ગણાય. તેમ નહિ કરો તો તેને મારી નાંખ્યા ગણાય.

તમે જંગબારવાળા અત્રે આવી જાઓ, નહિ તો એવો વખત આવશે કે પાછળથી આવવાનું મુશ્કેલ થશે અને ત્યારે તમે પસતાશો.

૧૯૧૪માં અમારે આ ફરમાનો કરવાના હતા પણ લડાઈ થવાનો સંભવ હતો, તેથી તે વખતે ફરમાન કર્યા નહિ, પણ હમણા તમને આ ફરમાન કરીએ છીએ, તે ઉપર જો અમલ નહિ કરશો તો પસ્તાશો અને નીચા પડી જશો."

## ફરમાન ૨૫૬ મું.

મુંબઇ તા. ૨૨-૧-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારી પાસે મિશનરીઓ આવે છે, તેની સાથે વારસ તથા કામડીઆ જઇ જ્યાં કેળવણી આપવાનું યોગ્ય જણાય ત્યાં તેવી રીતની પુરતી તપાસ કરીને અમને રીપોર્ટ આપજો. કેળવણીની ઘણી જરૂર છે.

બીજી બાબત ખેતીવાડીની છે. તમારામાંથી અખતરા તરીકે સકર બેરેજ તરફ માણસો મોકલો અને એકાદ માણસ ગોવા પંજીમ તરફ મોકલો. ત્યાં ખેતીવાડીની ઘણી જમીન છે અને જમીન મફત મળી શકે એમ છે, તો ત્યાં તપાસ કરીને જો સારૂં અને ફાયદાકારક લાગે તો ખેતીનું કામ હાથમાં લેવું, નહિ તો મુકી દેવું.

. આપણામાંથી નીકળી ગયેલાઓ દંડ ભરીને દાખલ થઈ ઈસ્માઈલીની છોકરીઓ પરણી જાય છે, તે વિષે પાકી ખાતરી કરવી અને તે આપણા મઝહબમાં રહેવાનો છે કે નહિ તેની મજબુત અને ચોકસીથી તપાસ કરી, તેનેજ દાખલ કરી, પછી એવા કામ પર ખ્યાલ રાખવો.

અમારા ફરમાનો જમાતને સંભળાવજો. અમારા ફરમાનોનો અમલ થવો. જોઈએ. ખાનાવાદાન"

## ફરમાન ૨૫૭ મું.

મુંબઇ તા. ૨૫-૧-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે સુરત જમાતને ફરમાવ્યુ:

"તમે જુની અને નવી જમાત સાથે મળીને એક જમાત થઈ રહેવા ધારેલ છે, તે સાંભળી અમે ઘણાજ ખુશી થયા છીએ. અમને તમે બધા સરખા છો; જેવી રીતે અમારી બે આંખો છે, તેવી રીતે તમે અમને સરખા છો.

તમારા બે દીકરા હોય તો તમે બન્ને ઉપર સરખી પ્રીત રાખો કે નહિ? તેવીજ રીતે તમે બધા અમને સરખા છો. તમે અમારા રૂહાની ફરઝંદ છો.

રૂહાની ફરઝંદો કોણ છે, તેની બે બાબતો છે; એક માલેવાજબાત આપે, બીજી બંદગી કરે યાને દુઆ પડે. મજકુર બે બાબતો અમારા દીનમાં વાજબ છે અગર એ બે બાબતો જે પાળતો નથી તે અમારો મુરીદ નથી.

જમાતખાને જવાથી એક બીજાને જોશો તો તમને પ્રેમ થશે; એક બીજાના રૂહને જોઈ ઘણા રાજી થશો. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૮ મું.

મુંબઇ તા. ૨૬-૧-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ખાનેવાર મોમન જમાતને ફરમાવ્યુ :

"તમે કાઉન્સીલના મેમ્બરો છો, તે અમારા ચાકર છો. કાઉન્સીલના ટાઇમે તમે ગેરહાજર રહો અથવા કાઉન્સીલમાં વધુ મતે જે ઠરાવ પસાર થાય, તે મેજોરીટીની તમે વિરૂધ્ધ થાઓ, તે ઘણું ખરાબ કામ છે. મેજોરીટી જે ઠરાવ પસાર કરે, તે થોડા મતવાળાઓ (માઈનોરીટી)એ કબુલ રાખવાની ફરજ છે.

શાદી થયા પછી તમારામાં ઝઘડો થાય છે, એ ઘણું ખોટું કામ છે. છોકરીને પ્રથમ આપી, તમે બાર બાર માસ ઘરમાં રાખો છો, પછી કજીયા કરી બીજાને છોકરી આપો છો, એ ઘણું ખોટું કામ છે. છોકરીને વધુમાં વધુ એક માસ સુધી રાખવી, બાદ તેના ધણીના ઘેર મોકલી આપવી. વધુ મુદ્દત રોકવાથી ઓલાદ વધતી નથી; તે ઘણું ખરાબ છે.

અમે ફરમાન કરીયે છીએ કે બાઈ પોતાના ધણીના ઘરમાં રહેશે તો ઘણો ફાયદો થશે.

હવેથી કંજીયા કંકાસ દિલમાંથી કાઢી નાખો. ધણીની ફરજ છે કે, પોતાની ઘરવાળીને લુગડાં લતાં અને ખાવાપીવાના સંભાળ રાખે.

બાઇ માણસની ફરજ છે જે, પોતાના ધણીના હુકમમા રહે. ખાનાવાદાન."

## ફરમાન ૨૫૯ મું.

મુંબઇ તા. ૩૧-૧-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"દુનિયામાં બે રાજ્યો છે; એક દુનિયાનું, બીજું જમાતનું. તેમાં બે ફેંસલા થાય છે, ત્રીજો થતો નથી. કાઉન્સીલ અને કોર્ટમાં ફેંસલા થાય છે.

કોર્ટમાં જે ફેંસલો થાય તેથી બે પક્ષ રાજી થતા નથી. એક પક્ષ રાજી થાય છે, બીજો પક્ષ નારાજ થાય છે. કોર્ટમાં જે હુકમનામું થાય છે, તેમાં ટાંચ પણ આવે છે, પણ નારાજ થયેલાને તે માન્ય રાખવું પડે છે.

જમાતે પોતાની રાજી ખુશીથી અમારી તાબેદારી કબુલ કરી છે.

અમારો તથા કાઉન્સીલ અને જમાતનો હુકમ બહાર પડે તે અંતઃકરણથી કબુલ કરવો, તેમાં ઉજર યાને આનાકાની કરવી નહિ. એવું નહિ કરવું જે બહારથી હા અને અંદરથી ના. તેમ થવું ન જોઇએ.

કદાચ ઇન્સાફમાં જુલમ પણ દેખાય, તો ખરા દિલથી યાને દિલોજાનથી કબુલ કરવું જોઇએ. બુમાબુમ કરવી નહિ. મેજોરીટીને માન્ય રાખવું ને ખરા દિલથી કબુલ રાખવું; બહારથી દેખાવ કરવો નહિ.

કાઉન્સીલનો બહાર પડેલ હુકમ પસંદ નહિ આવે તો રાજી ખુશીથી રાજીનામું આપવું.

મઝહબનો સોદો મહોબતનો છે, તેમાં જોર જુલમ નથી.

આપણો ધર્મ જુની તવારીખથી પુરવાર છે. તે ઈમામ **હાકિમ બી અમ્રે અલ્લાહ** તથા અલા ઝિક્રયાસલામના વખતમાં હતો તેજ છે.

સદરહુ ધર્મ પસંદ નહિ આવે, તો જલ્દી ચાલ્યા જાઓ તો વધારે સારૂં છે, યાને બીજા કોઇ ધર્મમાં ભલે જાઓ. પોતાના ધર્મમાં રહેવા નથી માંગતો પછી તે ધર્મમાં રહે તો તેને ઘણું ઝેર સમાન

છે. તેમાં જે તેઓના સગા વહાલાં તેઓને સમજાવીને ધર્મમાં રાખે છે, તે સારૂં નથી યાને તેઓ ગુન્હામાં સામેલ થાય છે.

જો ધર્મ પસંદ નહિ હોય તો ધર્મ મુકીને ચાલ્યા જાય તો ઘણું સારૂં છે, તેજ માણસ પ્રમાણિક અને સારો છે.

અત્રે ઇશ્નાઅસરીઓ છે, તેઓનું અમે માન રાખીએ છીએ. જો કે તેઓ આપણા ધર્મને માનતા નથી પણ તેઓ આપણને હેરાન કરતા નથી. જેઓ માનતા નથી અને બહારથી દેખાવ કરે છે, તે સાચા નથી.

જે કોઇ ફેંસલો અંતઃકરણથી કબુલ કરે છે, તે પ્રમાણે વર્તે છે, તે ઘણા સારા છે, તે ભલે રહે.

કેટલાક માણસો કાઉન્સીલના નિવેડાથી નારાજ થઈ જુલ્મ જુલ્મની લાંબી લાંબી અરજીઓ લખે છે, તે ઘણું ખરાબ છે. જુલ્મ જુલ્મનો અર્થ શુ છે? તેનો તમને અમે અર્થ પુછીએ છીએ. જુલ્મ તે છે જે પોલીસ આવીને પકડે, તેવી રીતનો તો અત્રે જુલ્મ નથી.

જમાતમાં કોઇબી ચીજ જબરીથી લેવામાં આવતી નથી, અને તેમાં કાંઇ ફાયદો પણ નથી. એવી રીતે નારાજીથી રહે તો ઠીક નથી, તેથી તેમાં નહિ રહે તેજ સારૂં છે.

કાઉન્સીલ અને જમાત જે ગુન્હેગારી ઠરાવે તે પૈસા ગુન્હેગારીના રાજી ખુશીથી મુખીને ભરીને હાથ ચુમે. જો પસંદ નહિ આવે તો ચાલ્યા જાય, તેને ખુદા હાફેઝ છે, ખુદા તેની સાથે છે. નીકળનારને જમાત સલામ કરે યાને "ખુદા હાફેઝ કહે."

બાદ કરાચીના વોલન્ટીયરોને ફરમાવ્યું:

"વોલન્ટીયર મંડળીઓ ઉભી કરી છે, તેમાં કચ્છી, કાઠીયાવાડી, સિંધી એવા જુદા જુદા નામો રાખેલા છે, તે સારૂં નથી. બધા

એકત્ર મળીને જમાતના કાર્યમાં સામેલ થવા જોઇએ. ટોળીઓ ભલે જુદી જુદી રહે, પણ શાદી તથા ગમીના પ્રસંગે મળીને, ભેગા થઈને કામ કરો."

બાદ ફરમાવ્યું:

"જેઓને ઇસમાઇલી ધર્મમાં રહેવાનો વિચાર નથી, તેઓએ હળવે હળવે છુટા થઈ જવું.

સ્કુલ બોર્ડ, કાઉન્સીલ અને કોઈપણ જગ્યાના મેમ્બરો જેઓના વોટ કમતી છે, તેઓએ બહુમતીને અંતઃકરણથી તાબે થવું જોઇએ, નહિ તો રાજીનામુ આપવું. કાઉન્સીલ તથા જમાતમાં જે કોઇ રાજી નથી તે છુટા થઇ જાય અથવા રાજીનામું આપે.

અમારા બગીચામાં જેને ઇશ્ક નથી, તેઓને રહેવાની જરૂર નથી; તેઓ જમાતમાં નુકશાનકર્તા છે. જેઓને ઇમાન છે તેઓ દિવસે દિવસે વધે છે. જેઓનું મન ખરાબ છે તેઓ રહેશે તો સુધારો થશે નહિ. ધર્મ છે તે પ્યારની ચીજ છે.

તમારા સાથે અમારી કોઇપણ જાતની લેણદેણ નથી. અમારો કોઈ સરકારી કબજો નથી. ધર્મ સંબંધી પ્રેમ છે. તેવી રીતે નહિ વર્તો તો જલદી મુકીને ચાલ્યા જાઓ. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૦ મું.

મોમ્બાસા તા. ૨૬-૨-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"એવો ખ્યાલ નહિ કરજો કે જયારે અમે તમને જોઇએ છીએ, ત્યારેજ તમને યાદ કરીએ છીએ; પણ દરેક વખતે રાત દિવસ યાદ કરીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૧ મું.

મોશી તા. ૨૭–૨–૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમને જોઇ અમે ઘણાજ ખુશી થયા છીએ. તમો રૂહાની બચ્ચાંઓને રૂહાની પિતા તરીકેના દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમો જમાતમાંથો કોઇ અત્રે આવવા બાકી રહી ગયા હોય તો તેને પણ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૨ મું.

મોશી તા. ૨૮–૨–૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે બધી જમાતો આ દુનિયામાં અમારી નજદીક છો તે, એવીજ રીતે આવતી દુનિયામાં પણ હશો.

જેવા ઇશ્ક અને પ્યારથી અત્રે આવ્યા છો, તેવાજ ઇશ્ક અને પ્યારથી રહેજો; તેનો બદલો આ દુનિયામાં તથા આવતી દુનિયામાં જરૂર મળશે. તમે ઘણી ખિદમત કરી છે, તેનો બદલો આ દુનિયામાં તથા પેલી દુનિયામાં મળશે."

એક અમલદારને ફરમાવ્યું:

"તમે આવું સુંદર જમાતખાનું બંધાવી આપેલ છે, તે માટે આવતી દુનિયામાં અમે તેથો પણ સુંદર બંગલો તમને આપશું. તમે આ ઘણું નેક કામ કર્યું છે."

બાદ જમાતને ફરમાવ્યુ:

"તમે બધા એકદિલ થાઓ. શેતાનની બાજી નહિ ખાઓ. જ્યાંસુધી હૈયાતી છે, ત્યાંસુધી હાઝર ઇમામ ઉપર દિલમાં ઇશ્ક

રાખો. એવો ઇશ્ક રાખો કે તેવાજ ઇશ્કમાં તમારી જીંદગી ખલાસ થાય. એવી રીતે વર્તશો તો ઓલી દુનિયામાં પણ અમારી સાથે હશો.

હમેશાં બાતુનમાં અમે તમારા વિચારમાં છીએ અને જાહેરમાં જ્યાં હોઇએ છીએ, ત્યાંથી તાલિકા મોકલાવીએ છીએ, તેમાં પણ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ઉપરી કાઉન્સીલના હુકમ પ્રમાણે, તાબાની જમાતોએ વર્તવું જોઇએ, તેમજ કાઉન્સીલની ફરજ છે કે, બધાને જેમ ફાયદો થાય તેમ કરે. કાઉન્સીલના બધા અમલદારીઓની ફરજ છે કે, બધા એક હોય. જો એકદિલ નહિ હશે તો ફાયદો નહિ થાય. જ્યારે અમલદારીઓ પોતામાં એકદિલ નહિ હોય તો જમાતમાં એકદિલી કેમ કરી શકશો ?

જેવી રીતે અમે તમને યાદ કરીએ છીએ, તેવી રીતે તમને વાજબ છે કે તમે પણ અમને હમેશાં યાદ કરો."

બાદ ફરમાવ્યું:

"કોઈની છાતીમાં નબળાઇ હોય, અગર દુ:ખાવો થતો હોય, તેમજ દમ હોય તો, ચાલીસ દહાડા સુધી ગધેડીનું દુધ પીવું અને દરરોજ એક કલાક હવાખોરી કરવા ફરવું, તો આરામ થઇ જશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૩ મું.

મોરશી તા. ૨૮-૨-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"જે ગામમાં હાલ ધંધો રોજગાર સારા ન હોય તો, બીજા ગામમાં જાઓ, જે ઠેકાણે ધંધા રોજગાર સારા ન હોય ત્યાં રહેવાથી શું લાભ છે?

કરકસર, કેળવણી તથા વેપાર પોતાના ગજા કરતાં વધારે ન કરવો. હદ ઓળંગી ન જવી. સટ્ટો પોતાના ગજાથી વધુ ન કરવો.

એક ઠેકાણે સરખાઈ ન હોય તો, બીજે જવું; પણ જો ગુજરાન ચાલતું હોય તો બીજે જવાની જરૂર નથી. આ બાબત માટે વાએજ કરવા મિશનરીઓને જરૂર ભલામણ કરજો.

વેપાર છે તેમાં નફો નુકશાની આવે છે. પણ હદમાં એટલે મુડીના પ્રમાણમાં વેપાર કરવો, કે જેથી ઉલટા સંજોગો થતાં વધારે નુકશાનીમાં ઉતરવું ન પડે. ખાનાવાદાન.”

## ફરમાન ૨૬૪ મું.

મોશી તા. ૧-૩-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

“તમારાથી અમે ઘણા ખુશી થયા છીએ; આવતી દુનિયામાં અંહી કરતાં વધારે નજદિક હશો. તમે એવા ખ્યાલ નહિ કરતા કે, અમે તમો જમાતથી દુર છીએ.

અમે ટાંગાનિકા જમાતને જાહેરીમાં દુઆ આશિષ ફરમાવીએ છીએ અને જયાં હોઈએ છીએ ત્યાંથી તાલિકા મોકલાવીએ છીએ, તેમાં પણ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

આજે અમે જાહેરમાં ખિલાત આપીએ છીએ, પણ બાતુનમાં દરરોજ ખિલાત આપીએ છીએ. જાહેરમાં ઓફીસરોને ખિલાત આપીએ છીએ પણ, બાતુનમાં બધી જમાતને ખિલાત આપીએ છીએ.

મરદની ફરજ છે કે, પોતાના બચ્ચાંને જુદે ઠેકાણે ન રાખતાં બચ્ચાંની મા પાસેજ રાખવા; પોતાની સ્ત્રી સાથે મિઠાશથી વર્તવું.

ખાવાનું, લુગડા વિગેરે આપવા. ઔરતની ફરજ છે કે, ધણીના હુકમ અનુસાર ચાલે."

એક જમાતમાં સુલેહ સંપ નહિ હોવાથી જમાતને ફરમાવ્યું:

"ખટપટ હોય તે ખલાસ કરો. હમણા અમારી રૂબરૂમાં ખલાસ નહિ કરો તો કયારે કરશો? સંપ સલાહ માટે આથી સારો મોકો કયારે મળશે? સંપ સલાહથી ચાલો તો સારૂં છે.

દુનિયાની ખટપટ દીનમાં શા માટે લાવો છો? ગરમ સ્વભાવ નહિ રાખો. એખલાસ, મહોબતથી ચાલો. વકીલ બેરીસ્ટરો તથા બેંકના મેનેજરો એક બીજા સાથે કોર્ટમાં તથા પોતાના ધંધામાં હરીફાઈ કરે છે, પણ ધંધાનો ટાઇમ ખલાસ થતાં, કલબમાં જાય છે. દિલમાં કાંઇ રાખતા નથી, સાથે હરે ફરે છે, ખાય પીયે છે. તેમ તમે પણ કદાચ વેપારમાં હરીફાઇ કરો, પણ જમાતખાનામાં આવો ત્યારે તે બાબત કાંઇપણ દિલમાં રાખવી નહિ.

તમે જમાતખાનું ખોલતા નથી, તે કેટલું શરમ ભરેલું છે?! જમાતખાનું ખોલી હમેશાં ધર્મક્રિયા કરવી જોઇએ તે તમારી ફરજ છે.

હવે તમે એકબીજા પંજા આપો, એકબીજાને અંતઃકરણથી માફી આપો. ફરી તમારે ગામ જઈ ખટપટ નહિ કરજો. જેને જેને વધારે દુશ્મની હોય તે ડબ્બલ પંજો આપે.

મુખી કામડીઆ અમારા હાથ છે. તમારામાં ખટપટ છે તો તમે જમાતને કેમ સંભાળી શકશો? દુનિયાની લડાઈ દીનમાં નહિ લાવો?"

બાદ ફરમાવ્યું:

"તમે, પોતપોતાના ધંધામાં હિંમત રાખો. એક ઠેકાણે સરખાઇ ન હોય તો બીજે જાઓ. નાના નાના ગામોમાં જાઓ; ખુદાવંદ તમને બરકત આપશે.

તમે ઇન્સાન છો, ઝાડ નથી કે, તમે એકથી બીજી જગ્યાએ ન જઇ શકો. એક ઠેકાણે સરખાઇ ન આવે તો બીજે, ત્રીજે ઠેકાણે જાઓ અને ધંધો કરો તો બરકત થશે.

ટાંગાનિકા મુલ્ક ઘણો સારો છે. હાલમાં તે મુલ્કની ઉન્નતિની શરૂઆત છે. અત્યારથી ધ્યાન આપશો તો ભવિષ્યમાં સારૂં થશે. જંગબાર અને હિંદુસ્તાનથી માણસોને અત્રે તેડાવો તો, તેઓ આ મુલ્કમાં આવી વેપાર, ખેતી, નોકરી, જે ઠીક પડે તે ધંધો કરે. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૫ મું.

નઇરોબી તા. ૩-૩-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે તમને જોઇને ઘણા ખુશી થયા છીએ અને અમને ઘણોજ આનંદ થાય છે.

અમે તમને હમેશાં યાદ કરતા હતા. કેટલીક વખતે આઠ દિવસમાં બેથી ત્રણ તાર તમને કરતા હતા. રાત અને દિવસ તમને યાદ કરતા હતા. તમે પણ તમારા રૂહાની પિતા હાઝર ઈમામને યાદ કરજો. ભુલી નહિ જતા.

અહિંનું જમાતખાનું બહુજ મઝાનું છે. પહેલે મુંબઇ અને પછી અત્રેનું જમાતખાનું છે."

## ફરમાન ૨૬૬ મું.

નઇરોબી તા. ૫-૩-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે નૈવાસા અને ફોર્ટહોલની જમાતની મહેમાનીમાં ફરમાવ્યું:

"નૈવાસા ઘણી સારી જગ્યા છે. પ્રથમ જ્યારે અમે ફોર્ટ હોલની મુલાકાત લીધી હતી ત્યારે મર્હુમ વારસ અલાદીના અમારી સાથે હતા.

તમે ફ્રીટ હોલ જમાતે ઘણી મહેનત લીધી છે. તેનો બદલો દીન અને દુનિયામાં મળશે.

છોકરાઓને બરાબર કેળવણી આપજો, ખાસ કરીને આ મુલ્કમાં કેળવણીની ઘણી જરૂર છે."

ઓરત, મરદનાં ઝઘડા સંબંધી વાત નીકળતાં ફરમાવ્યું:

"ઓરતને કોઈ દિવસ પણ મારવું નહિ. કસુર કરે તો પણ મારવું નહિ. અબળાને મારવામાં ખરાબી છે. ઓરતને સારી રીતે સંભાળવી. જબાનથી ખરાબ શબ્દો કહેવા તે કામ ખરાબ છે.

સ્ત્રીઓએ પોતાનો ધણી કહે તે કામ કરવું અને મના કરે તે કામ બીજી વખત ન કરવું. ધણીની તાબેદારી કરવી. જેનું લુણ ખાવું તેની ઘણીજ તાબેદારી અને સેવા કરવી જોઈએ."

## ફરમાન ૨૬૭ મું.

નઝરોબી તા. ૧૩-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે ફરમાવ્યું:

"જ્યાંસુધી હૈયાતી હોય અને જીવતા છો ત્યાંસુધી અમારા ઘરની ખિજમત કરજો અને હમેશાં રૂહાની બચ્ચા તરીકે રહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૮ મું.

નઝરોબી તા. ૧૪-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે એક બાઈને ફરમાવ્યું:

"મોમન છે તે ગુજરી જવા બાદ હાઝર ઈમામના કદમમાંજ રહે છે. તેની જે મુરાદ હતી તે પુરી થઈ છે. જાહેર અને બાતુન એકજ છે. અગર તેની જાહેરમાં ઉમેદ હતી તો બાતુનમાં પણ કબુલ છે."

બાદ નવા ઇસમાઇલીઓને જોઇને ફરમાવ્યું:

"આ નવા મુરીદો કોણે બનાવ્યા છે?"

ત્યારે બે ભાઇઓ હાજર થતાં, તેઓને શાબાશી આપી ફરમાવ્યું:

"તમે માલ નહિ પણ જીવ લાવ્યા છો; તે દુનિયાના માલ કરતાં પણ વિશેષ છે; તમારૂં દિલ અને મહોબત છે તો ઘણા બનાવી શકશો."

જમાતને ફરમાવ્યું:

"તમે દરેક એક એક મુરીદ બનાવો તો કેટલા બધા થાય? તમે નાના બચ્ચાંને નોકરીમાં રાખી, ઇસમાઇલીની તાલીમ આપશો તો ઘણીજ સંખ્યા વધશે.

એક જીવ ઈસમાઇલી મઝહબમાં દાખલ કરવો તે એટલું બધુ કિમતી છે કે આખા આફ્રિકા તથા સાઉથ આફ્રિકાના દરેક બંગલાઓ કરતાં વિશેષ છે."

બાદ બચ્ચાંઓને ફરમાવ્યું:

"સ્કુલના બચ્ચાંઓ અમારા રૂહાની નાના બચ્ચાંઓ છે. મોટા થશે ત્યારે પણ અમારા રૂહાની બચ્ચાં રહેશે. હમેશાં સ્કુલમાં જજો અને મહોબતમાં વધારે કરજો."

વોલન્ટીયરોને ફરમાવ્યું:

"શાદી ગમી વખતે દરેકમાં તમે જમાતની સેવા કરજો, તમે જમાતની સેવા કરો તે ગોયા હાઝર ઈમામની સેવા કરવા બરાબર છે.

અમે જાહેરમાં ત્યાં રહેતા નથી, પણ શાદી ગમી વખતે પણ સેવા કરવી તે અમારા માટે કરજો. જમાતની સેવા અને નોકરી કરવી તે અમારી નોકરી કરી તેમ એમ અમે માનશું. ખાનાવાદાન."

## ફરમાન ૨૬૯ મું

નાઇરોબી તા. ૧૬-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું :

"કેસનો જજમેન્ટ વેલાસર આપવો. આ બાજુ કે પેલી બાજુ કેસનો ચુકાદો જલદી આપી દેવો જોઇએ. કેસને ઝાઝો લંબાવવો જોઇએ નહિ."

## ફરમાન ૨૭૦ મું.

નાઇરોબી તા. ૧૮-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇને ફરમાવ્યું :

"જો તમે આજ દિન સુધી તમારા વતન મંજેવડીમાંજ રહ્યા હોત તો અમને આ પ્રમાણે મહેમાની કરી શકત નહિ."

સ્કુલના કાર્યવાહકને ફરમાવ્યુ:

"સ્કુલ બહુ સારી ચલાવો. બરાબર અનુભવ તમે નહિ ધરાવતા હો તો, કોઇ ઉંચ કેળવણી અપાતી સ્કુલમાં તપાસ કરી તે પ્રમાણે સુધારો કરજો."

માસ્તરને ફરમાવ્યું:

"હિંમત કરો અને સ્કુલને બરાબર સંભાળો. જ્યાંપણ સ્કુલ હોય ત્યાં માબાપની ફરજ છે કે, પોતાનાં બચ્ચાંઓને સ્કુલમાં મોકલાવે. અગર આપણી સ્કુલ ન હોય તો સરકારી સ્કુલમાં મોકલાવજો પણ, બચ્ચાંઓને જરૂર શિખવજો અને કેળવણી આપજો.

છોકરીઓને પણ બરાબર શિખવજો અને કેળવણી આપજો. છોકરાઓ અને છોકરીઓ બન્ને સરખી આંખો છે, તેમાં કાંઇપણ

ફરક નથી. છોકરા માફક છોકરીઓને પણ શિક્ષણ દેજો, એટલે બન્નેને સરખું શિક્ષણ આપવું જોઇએ.

જ્યારે છોકરા નાના હોય ત્યારે ઘરમાં શિખવી શકો છો અને મોટા થાય ત્યારે સ્કુલમાં મોકલજો. જેટલી બને તેટલી કોશિશ કરીને શિખવજો."

બાદ એક બાઇને ફરમાવ્યું:

"હિંમત રાખી ઇમાનથી કોઇપણ સેવા બજાવે તો પુરૂષ અને સ્ત્રીમાં કાંઇપણ ફરક નથી."

એક મોમનભાઇને ફરમાવ્યું:

"તમારા ગામમાં લખો કે આ તરફ થોડા થોડા મોમના આવે. ટાંગાનિકા તરફ કામે લગાડો. હિંદમાં તેઓ બહુજ ગરીબ માણસો છે. તેઓને તેડાવીને ધંધે લગાડો."

ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે હમેશાં મિજલસમાં આવજો તેનો બદલો દીન અને દુનિયામાં મળશે."

## ફરમાન ૨૭૧ મું.

નાઇરોબી તા. ૧૯-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે વોલન્ટીયરોને ફરમાવ્યું:

"જે વોલન્ટીયર ધંધાદારી હોય તે પોતાના ધંધા ઉપર જાય. નોકરી ઉપર હોય તો તે ડયુટી નહિ બજાવે અને દીદાર માટે નહિ આવે. તે રવીવારના આવી દીદાર કરે. નોકરી ખલાસ થયા બાદ દીદાર માટે સાંજે ભલે આવે. એવું કાંઇ નથી કે નોકરીયાત હોય તે પોતાની નોકરી છોડી અંહીયા આવે. જે બુઢા છે, કામ ધંધો નથી કરતા તે વોલન્ટીયરપણું કરશે અને કામ બજાવશે."

બચ્ચાંઓને ફરમાવ્યું:

"જે બચ્ચાં છે તે ભલે સ્કુલમાં જાય. ઘેર ન રહે. અમે છીએ ત્યાંસુધી પણ સ્કુલે જાય. સાંજના આવી દીદાર કરે. ખાનાવાદાન."

## ફરમાન ૨૭૨ મું.

નઇરોબી તા. ૨૦-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇને ફરમાવ્યું:

"તમે અમારી ઘણી ખિજમત કરી છે. તેનો બદલો દીન વ દુનિયામાં મળશે. તમે જયાંસુધી હૈયાત છો ત્યાંસુધી સેવા કરો છો, તેથી વિશેષ સેવા બજાવજો"

છોકરાઓને ફરમાવ્યું:

"તમારા માવિત્રો જેવી સેવા બજાવે છે, તેવીજ રીતે તમે પણ, સેવા બજાવતા રહેજો; એજ મઝહબનો પાયો છે. બચ્ચાંઓ છો તો શિખીને દીન દુનિયાની સેવા કરો અને તમારા બાપદાદાનું નામ છે તે કરતાં પણ તમારે વિશેષ નામના મેળવવી જોઇએ. તમારા બાપથી વિશેષ સેવા બજાવજો, જેથી દુનિયામાં પણ ચડતી થશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૭૩ મું.

નઇરોબી તા. ૨૧-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે નઇરોબીના મરહુમ મુખી રેમતલા વાલજીના કુટુંબની મહેમાનીમાં તેમના ફરઝંદને ફરમાવ્યુ :

"તમે તમારા બાપ અને કાકા માફક ખિદમત કરજો. તમારા ભાઇઓને સંભાળજો. અમારી પણ ખિદમત કરજો; તેમ જમાતની પણ ખિદમત કરો.

મરહુમ મુખીએ ઘણું મહાન કામ કરેલ છે કે જે હૈયાતી સુધી સહુ યાદ કરશે. તે ચેરીટીનો બચ્ચાંઓ ફાયદો લેશે, સ્કુલમાં જશે અને બોડીંગમાં જશે. બધા બચ્ચાંઓ હિંમત કરી તેનો ફાયદો લ્યે.

અમે પહેલાં પધાર્યા હતા ત્યારે મહુંમ મુખીએ ઘણીજ ખિદમત કરી હતી. અમે આશા રાખીએ છીએ કે, તમે પણ, તમારા બાપને પગલે ચાલી જમાતના લીડર યાને આગેવાન થાઓ અને ખિદમત કરો. ખાનાવાદાન."

જંગબારના વારસની મહેમાનીમાં ફરમાવ્યું:

"તમારા પિતા મામદ નાસરે પહેલે ૧૮૯૯માં પંજેભાઈઓની વ્યવસ્થિત રચના કરી હતી, બલ્કે પંજેભાઈઓ સુતા હતા, તેઓને જાગૃત કર્યા હતા. અગાઉ પણ ઘણી મદદ કરતા હતા. તેમજ નાણાની મદદ કરી જમાતની સેવા બજાવતા હતા. તમે પણ દિલોજાનથી તમારા બાપની માફક સેવા બજાવજો."

બાદ ફરમાવ્યું:

"આફ્રિકાના બધા રૂહાની બચ્ચાંઓ માટે પિતા તરીકે કેટલીક નસિહત ફરમાવીએ છીએ.

અમે તમને નસિહત કરીએ છીએ તે તમે ભુલી જતા નહિ. જે અમે નસિહત ફરમાવીએ છીએ તે કાગળ ઉપર લખવા માટે નથી, પણ દિલમાં નકશ કરો અને યાદ કરો અને તે પ્રમાણે ચાલો. આ ફરમાન માત્ર કાગળમાંજ રહે તે માટે નથી પણ દિલમાં નકશ કરવા માટે છે.

પહેલું એ જરૂરી છે કે, કોઈપણ જાતનો દારૂ નહિ પીવો જોઈએ. તે ઘણી ખરાબમાં ખરાબ ચીજ છે. એ ચીજ પીવાથી બદનમાં કમતાકાત થશે. બીજું ઘરમાંથી બરકત નીકળી જશે. ત્રીજું તેથી માણુસ બિમાર અને દર્દી રહેશે.

તમે અત્રે આફ્રિકામાં આવ્યા છો અને યુરોપિયનોથી વેપારમાં હરિફાઈ કરવા માંગો છો; પણ જુઓ કે, તે લોકો કેટલું ઇલ્મ દૌલત અને મુડી ધરાવે છે? જ્યારે તમારી પાસે નતો તે ઇલ્મ છે, ન તો તેટલી મુડી છે, નતો તે દૌલત છે.

તમે એક એવી તલવાર રાખો છો કે, તે બધાથી ઉત્તમ છે. એ તલવાર કઇ છે? કે તમે પાણી પીયો છો અને તેઓ દારૂ પીયે છે. તે તલવારનો ઉપયોગ નહિ કરશો તો મરી જશો.

અગર જો દારૂ પીવાની આદત રહેશે તો બધું બગડી જશે; તેથી ઉમર કમી થશે; ચાલીસ વર્ષની ઉમરમાં તો દારૂ પીનાર મરી જાય છે. ચાલીસ વર્ષની ઉમર થાય ત્યાંસુધી તે માણસ જનાવર જેવી હાલત ગુજારે છે; ગોયા એ ચીજ છે તે, એક ઝેર માફક છે. એ ચીજ કેવી છે કે જાણે ઝેર ખાધું.

અગર તમે ઝેર ખાવા ઇચ્છતા હો, તો ભલે ખાવ. ઝેર ખાવું તો સારૂં, કે જેથી એકદમ જીવ નીકળી જાય, પણ આતો આસ્તે આસ્તે મારે છે. આ ચીજ પીવાથી કુવ્વત, ઈમાન, દૌલત અને તાકાત પણ જાય છે; અને પછી ઇન્સાન મરી જાય છે. આસ્તે આસ્તે બધા દુઃખો પેદા થાય છે અને ખરાબી થાય છે. એનાથી બધે ઠેકાણે ફિસાદના મૂળ રોપાય છે.

અગર ડાકટર કહે અને તે પણ ઘણીજ બિમારી હોય, જેવા કે ન્યુમોનીયા અને પ્લેગ; તેમજ બાઇ માણસને સુવાવડમાં ઘણું દુઃખ હોય તે વખતે સખ્ત જરૂર હોય ને પીયે તો વાંધો નથી.

એવું ન થાય કે સુસ્તી રહે ને પીયે અને બહાનું કાઢે કે દારૂ પીવાથી તંદુરસ્તીને સારૂં લાગે છે, એવું કોઈ ન કરે. તે ચીજ એવી ખરાબ છે કે જેમ ઉધઈ ઝાડને ખાઈ જાય છે, તેમ શરાબ ઇન્સાનને ખાઈને પાયમાલ કરી નાંખે છે.

હવે જેની એવી આદત હોય, તે આજથી હિંમત કરી ચા, શરબત અને મેવો ખાય અને તે ચીજ છોડી આપે. અગર તેનાથી એકદમ મુકી ન શકાય તો પોતેજ પોતાના દિલમાં તૌબા કરી ત્રણ મહિના સુધીમાં એકદમ છોડી આપે.

અમે બાઈઓને નસિહત ફરમાવીએ છીએ, તે બરાબર સાંભળજો અને ધ્યાનમાં રાખજો.

બાઈઓએ બચ્ચાંઓની માવજત માટે કેવી રીતે તજવીજ કરવી જોઈએ તે માટે સુવાવડખાનાની દરેક ગામમાં એક કમિટી નીમવી જોઈએ અને તે કમિટીમાં મોટા ઘરની બાઈઓ સામિલ થાય; અગર કામ કરી ન જાણે તો ખ્રિસ્તી, યુરોપીયન બાઈઓ પાસેથી શીખી લ્યે. તેમને પૈસા આપીને તેમની પાસેથી શીખી લેવું જોઈએ.

અઠવાડીઆમાં એક વખત જમાતખાનામાં આ વિષય ઉપર લેકચર આપવું જોઈએ. તેમણે બાઈઓને ઘરે જવું જોઈએ, અને બચ્ચાંઓને માટે કેવી તજવીજ કરવી જોઈએ, નાના બચ્ચાંઓને કેમ સંભાળવા તે શીખવવું; કેમ હવા ખવરાવવી, કેવી રીતે ખોરાક, ખવડાવવો લુગડા કેમ પહેરાવવા તે શીખવવુ જોઈએ.

આફ્રિકાની કાઉન્સીલોની આ બધી ફરજ છે કે, ઈન્ડીઆમાં બેબી શો વીક ભરાય છે, તેની કિતાબો મંગાવી અને તેમાં જણાવ્યા પ્રમાણે માણસો રાખી શીખવવાનો બંદોબસ્ત કરવો જોઈએ. હમેશાં એ બાબત ખ્યાલમાં રાખજો અને બંદોબસ્ત કરજો.

પચાસ ટકા બચ્ચાંઓ ગુજરી જાય છે; અગર જો માતાઓને તેનું જ્ઞાન હોય તો તેમ ન થાય

અગર તમે એમ સમજો કે હમણા કોઈ શીખેલો નથી તો વીસ વર્ષ પછી હોશિયાર થાય તે પછી શીખાડો; તો તે વીસ વર્ષમાં વીસ હજાર બચ્ચાંઓ ગુજરી જાય; માટે હમણાથીજ

શરૂઆત કરવી જોઈએ, અમે ઈચ્છીએ છીએ કે તમારી ઔલાદ અને જમાત વધે.

અમે બધાને નસિહત ફરમાવીએ છીએ કે, તમારી જમાતમાં બચ્ચાંઓ ગુજરી જાય છે, અગર તે ગુજરી ગયેલા બચ્ચાંઓની સંભાળ લેવાણી હોત તો આજે તમે ડબલ થઇ ગયા હોત.

અમે બધી કાઉન્સીલોને ફરમાવીએ છીએ કે, દરેક કાઉન્સીલ સોગંદ લઇ બંદોબસ્ત કરે કે માતાઓને કેમ શીખવવું, કેમ વર્તવું, તેનું શિક્ષણ આપવાનો બંદોબસ્ત કરે.

સુવાવડ માટે પણ આગળથી બંદોબસ્ત કરવો જોઇએ. કેવી રીતે બંદોબસ્ત કરવો તેની ફિકર પહેલેથી કરવી; અગર સુવાવડ વખતે છેલ્લી ઘડીએ ડાકટર કે દાઈ આવે તો શું લાભ? પણ તેનો છ મહિના અગાઉથી બંદોબસ્ત થવો જોઇએ.

બાઇઓને ખુલ્લી હવામાં જવું જોઇએ અને ખુલ્લી હવા લેવી જોઇએ. તેમ નહિ કરે તો સારૂં નથી. જે નાની છોકરી હોય તેને તેનો બાપ સાથે લઈ જઈ હવા ખવરાવે. બાપ ન હોય તો મોટોભાઈ હવા ખવડાવે. જ્યારે વિવાહ થાય ત્યારે મરદ હવા ખવડાવે. હવાની ઘણી જરૂર છે. હવાખોરી નહિ કરવાથી, બિમારીઓ વધે છે. હવા ખવરાવે તો બિમારીઓ નહિ થાય.

અમે જંગબાર જમાતના હકમાં ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

જંગબારવાળાને અમે ફરમાવ્યું હતું કે પરદેશ ગમન કરો, જેથી બસોથી ત્રણસો માણસો બહાર નીકળી ટાંગાનિકા તરફ ગયા છે; અલહમ્દોલિલ્લાહ તેથી બહુજ ફાયદો થયો છે.

પરદેશગમન કરવાથી દીન અને દુનીયામાં ફાયદો થાય છે. દુનિયાનો ફાયદો અમારા ફરમાનથી એજ વખતે થાય એમ નથી,

પણ, પાંચ દશ વર્ષે થાય છે. જે ઝાડ જલદી ઉંચે જાય છે તે, તુરતમ ખરાબ થઈ જાય છે.

) જંગબારમાંથી બસોથી ત્રણુસો માણુસો બહાર ગયા છે તેથી અમે ઘણા ખુશી થયા છીએ, પણ ઓછામાં ઓછા એક હજાર માણુસો જંગબારથી બહાર જવા જોઇએ. તેમ થશે તો અમે બહુ રાજી થશું.

જેની પાસે પૈસો હોય તે બહાર જાય, તેથી તેને ઘણો ફાયદો થશે, થોડા પૈસાવાળાને તેટલો લાભ નહિ થાય, કે જેટલો વધારે મુડીવાળાને થાય. જેની પાસે પાંચસો, છસો રૂપિયા હોય અને તે બહાર જાય તો તેને ડબલ કે ચાર ગણા થાય, પણ પાંચ હજારવાળાને તેના કરતાં પણ લધુ લાભ થશે.

પરદેશગમનની મતલબ એવી નથી કે દારેસ્સલામ યા છાંભેજ જવું, પણ કયાંયબી જાય; અગર નઈરોબીમાં મંદી હોય તો ગામડામાં જાઓ; કયાંય પણ જાઓ. એવું નહિ સમજો કે, આપણે નઈરોબીમાંજ હાથ ઝાલી બેસી રહીએ; ત્યાં લાભ ન હોય તો આજુબાજુના ગામડામાં જાઓ.

હમેશાં તમારી આંખો અને કાન ખુલ્લા રાખો. જ્યાં લાભ હોય ત્યાં જાઓ; અગર ત્યાં ગયા અને સારૂં ન લાગે તો બીજી જગ્યાએ જાઓ. જેમ પત્થર એકજ ઠેકાણે પડી રહે છે, તેમ એકજ ઠેકાણે ખુંચી રહેવું નહિ જોઇએ. તમે હાથીની માફક થાઓ. હાથી જેમ જંગલે જંગલ ફરે છે તેમ ફરો, પત્થર માફક ન થાઓ. હાથી જેમ જંગલમાં ખોરાક ગોતે છે, તેમ તમે ઠેકઠેકાણે ફરો અને હાથીની માફક ખોરાક મેળવો.

જેઓ વેપારી છે તેઓ હિંદુસ્તાનથી આપણા ઇસમાઈલી દીનદારોને બોલાવશે તેમાં ઘણો સારો લાભ છે. પહેલા જે ફરમાન કર્યાં છે તેની મતલબ એ છે કે આફ્રિકામાં આજુબાજુ પ્રવાસ કરે.

આફ્રિકાનાં જે વેપારીને પોતાની દુકાન માટે નોકર માણસની જરૂર હોય તો, તે હિંદુસ્તાનથી ઇસમાઇલી દીનદારને બોલાવશે તો ઘણો ફાયદો થશે; તેથી તેને તમે જીવનશકિત આપો છો ' અને તેથી તમે પોતાની તાકાત વધારો છો; એટલે તેમાં તમને ડબલ ફાયદો છે. એકતો તમારી તાકાત વધે છે, અને તેઓને પણ ફાયદો થાય છે.

વેપારીને લાજમ છે કે જ્યાં પણ જણાય કે જગ્યા છે, ત્યાં હિંદુસ્તાનથી માણસો જરૂર બોલાવી તેને ધંધે ચડાવે. કયાંય પણ ધંધાનું ક્ષેત્ર જણાય તો, હિંદુસ્તાનવાળાને ખબર આપો; તેઓને તેડાવો.

કોઈપણ ગામમાં વેપારનું મેદાન ખુલ્લું જણાય, એટલે નવું વેપારનું મથક ખુલે તો હિંદુસ્તાનના માણસોને તેની ખબર આપો. આ ખબર ફકત દોસ્ત બીરાદરોનેજ આપવા, તેમ નહિ પણ ઇસમાઇલી અખબારવાળાઓને ખબર આપો કે તે અખબારોમાં છાપે. તેમજ મિશનરી મંડળને પણ જણાવવું, કે મિશનરીઓ મિજલસમાં વાએજ કરીને સંભળાવે. કયાંઈ પણ જમાતખાના હોય ત્યાં ખબર આપો. કાઠીયાવાડની જમાતોને ખબર આપો. હમેશાં લખવું. કયાંઇ પણ વેપારનું ક્ષેત્ર જણાય તો દીનભાઇઓને ખબર આપો.

બીજી બાબત એ છે કે, તમારે એવો ખ્યાલ ન રાખવો કે પૈસા કમાઇ જલ્દી હિંદુસ્તાન જઇએ; હમણા તમારી બરકત, રોઝી આ મુલ્કમાં છે; તમે અત્રે આવી હવે જરીની પાઘડી પહેરો છો. બાઇઓ હલકા કપડા પહેરતી હતી તે હવે કિમતી કપડા પહેરતી થઈ છે.

તમે આ દેશમાં આવી આબાદ થયા, તો હવે આ મુલ્ક ઉપર તમારે વિચાર રાખવો. એવો ખ્યાલ નહિ રાખવો કે પૈસા ભેળા થાય કે તુરત દેશ જવું. તમારે એવો ખ્યાલ રાખવો કે, તમારી પ્રજા આ મુલ્કમાં છે તેથી પણ વધે. ખાલીપીલી, વિના

કારણે દેશ જવાનો વિચાર છોડી આપો. પણ બિમારી હોય, એટલે કે બહુજ બિમાર હોય અને પાણી બદલ કર્યા વગર ચાલે તેમ ન હોય તો દેશ જવામાં વાંધો નથી.

એજ કારણના લીધે માણસો આફ્રિકાથી હિંદુસ્તાન આવે છે, તેમના અમે ધર્મના કામો ઉકેલતા નથી. તેની મતલબ એ છે કે તમે વારંવાર હિંદુસ્તાન નહિ જાઓ. તેઓ એવી હુજ્જત ન કરે કે ધર્મના કામ માટે હિંદુસ્તાન જઈએ છીએ.

તમે પોતાનું દિલ આફ્રિકામાં મજબુત રાખશો તો આબાદ થશો, નહિ તો પત્થર માફક હેરાન થશો. તમે ઈસમાઈલી લોકો આફ્રિકામાં ઝાડ માફક છો.

અમે જે આ ફરમાન તમને કરેલા છે, તે તમારા દિલમાં નકશ કરી રાખજો; નહિ કે બહારનાઓને ખબર આપો. ઘોંઘાટ કરવાથી નુકશાન થશે, કારણકે તમારૂં હથિયાર બીજાઓને બતાવશો તો તેઓ તમારો રસ્તો ભાંગી નાખશે; માટે આપણા દીનભાઈઓને કહેવું અને અમલ કરવો. મિશનરીઓએ એ ફરમાન ઉપર વાએજ કરવી. એવું ન થવું જોઈએ કે બધા બજારવાળાઓને સંભળાવો. આ ફરમાન દિલમાં રાખો.

અમે તમને પિતા તરીકે સારી નસિહત કરી, સારામાં સારી સડક બતાવી છે. એજ સડકથી તમને ઘણો ફાયદો છે.

આ અમારા ફરમાન મખફી છે, તે તમારા માટે રોશની છે; આ રોશનીમાં ચાલશો તો કદીપણ નુકશાન નહિ થાય. આ ફરમાનને રાત દિવસ દરરોજ ખ્યાલમાં રાખજો.

પ્રથમ શરાબ યાને દારૂને છોડી આપજો. જેઓએ દારૂ નથી પીધો તે તો કદીપણ તેમ ન કરે અને જેઓએ પીધો છે, તે તોબાહ કરી મુકી દીએ, કારણકે એથી પોતાનેજ મારી નાખવા જેવું છે.

બીજી બાબત એ છે કે, માતાઓએ બચ્ચાંઓને કેમ ઉછેરવા સુવાવડ વિગેરેમાં, તેમજ નાના બચ્ચાંઓ સાત, આઠ વર્ષની ઉમર સુધી કેમ સંભાળવા, તે બાબતમાં તમારા કરતા યુરોપિયનો હોશિયાર છે, તેથી તેની પાસેથી શીખી લેવું, સારૂં કામ કોઈપણ પાસેથી શીખી લેવું જોઇએ.

હિંદુસ્તાનથી દીનભાઈઓને તેડાવી ધંધે ચડાવો. આફ્રિકાને પોતાની જન્મભુમી સમજીને રહો. આફ્રિકા ઉપર દિલમાં મહોબત રાખવી.

આ ફરમાન બહાર બીજાઓને બતાવવા નહિ. પોતાનું હથિયાર બીજાને નહિ આપવું, પણ પોતાનું હથિયાર પોતા પાસે રાખી પોતેજ લાભ લેવો.

આ ફરમાન તમને પિતા તરીકે કરેલા છે, તે તમારી ઉન્નતિ માટે છે. એમ કરશો તો તમને ઘણોજ લાભ થશે, એટલેકે તમારા માટે નવરોજ યાને નવો જમાનો જારી થશે. જો અમલ નહિ કરશો તો નુકશાન છે.

શરાબ પીવાથી નુકશાન થશે, મિસાલ કે તમારા પગ કપાઇ જવા જેવું થશે, બચ્ચાંઓ મરી જશે.

બાઈઓને હવાખોરી નહિ મળશે, તો ફેફસાની બિમારી થશે અને ખઈ રોગ લાગુ થશે. તે ચેપી રોગ બીજા કુટુંબમાં લાગુ પડશે માટે હવાખોરી કરો.

રીક્રીએશનનું કામ કરશો તો ઈસ્લામને કુવ્વત મળશે અને તેથી ઇસ્માઇલીને પણ કુવ્વત મળશે. નહિ કરશો તો રફ્તે રફ્તે કમજોરી થતી જશે અને નુકશાની થશે.

નવરોજ ઇદની મુબારકી ફરમાવીએ છીએ. ખાનાવાદાન.”

## ફરમાન ૨૭૪ મું.

નઇરોબી તા. ૨૨-૩-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"અગર જેઓ દુર હોય અને તેમના દિલમાં અમારા પ્રત્યે મહોબત હોય, તો તેઓને અમે નજીક સમજીએ છીએ. અમે વીસ વર્ષ સુધી જાહેરીમાં અંહિયા આવી શકયા નહોતા પણ અમે તમને હમેશાં યાદ કરતા હતા અને યાદ કરીએ છીએ અને દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે આપસમાં બે મન કાઢી નાખો; કચ્છી કાઠીયાવાડીનો ભેદ કાઢી નાખો; કચ્છી કાઠીયાવાડી બન્ને એકજ છો. તમે એકદિલ થશો તો સેવા કરી શકશો અને મજબુત થશો. તેથી તમને હાઝર ઇમામ દુનિયામાં પણ મદદ કરશે, નહિ તો બીજાઓ તમારૂં ગળું કાપશે.

તમે બધા ઇસમાઇલી છો. હિંદુસ્તાનથી તમે અંહી આવ્યા છો, હવે તેમ નહિ કરો અને એકદિલ થાઓ. પટેલ વિગેરે કોમો આગળ વધતી જાય છે અને તમે પછાત પડતા જાઓ છો, માટે હવે તેમ નહિ કરો.

અમારી સ્કુલને બરાબર સંભાળો અને ચલાવો. કચ્છી અને કાઠીયાવાડી અરસપરસ એકબીજાને છોકરીઓ ખુશીથી આપો અને લ્યો. એવી બાબતમાં દિલમાં જુદાઇ રાખવી નહિ જોઇએ. કચ્છી કાઠીયાવાડીમાં સંપ નહિ હશે તો, તમો બધાનું જોર તુટી જશે."

બાદ બાઇઓને ફરમાવ્યું:

"કચ્છી કાઠીયાવાડીનો ખ્યાલ દિલમાંથી કાઢી નાખો. તમે બધા ઇસમાઇલી એકજ છો. તમે બધી બહેનો છો. હળીમળીને ચાલો. બધા ઇસમાઇલી માટે એકજ બંધારણ હોવું જોઇએ.

તમે હિંદુસ્તાનથી અત્રે આવી એકસંપ નહિ કરતા, આમ જુદાપણું કરશો, તો બીજા તમારૂં જોર તોડી નાખશે. એક બીજાને છોકરીઓ આપો, સંપથી ચાલો. અમે તમને બરકત આપશું. એક સંપ નહિ કરશો તો બીજાઓ તમને મારશે. પહેલાં એકને પછી બીજાને મારશે.

શાદી ગમીમાં તો જરૂર જવું જોઈએ. કચ્છી, કાઠીયાવાડીમાં જાય અને કાઠીયાવાડી કચ્છીમાં જાય. એમ નહિ કરશો તો વોલન્ટીયરપણું કેમ કરી શકશો? તમારે ગામ જઇને આ ફરમાન બધી જમાતને સંભળાવજો."

મહેમાની પ્રસગે એક બાઇ લાજ કાઢીને આવેલ તેને જોઇને બધી બાઇઓને ફરમાવ્યું:

"આ રસમ બહુજ ખરાબ છે, માટે લાજ કાઢવાની રસમ કાઢી નાખો, લાજ કાઢવી તે ઇસમાઇલી માટે ઠીક નથી, માટે કોઈ પણ લાજ નહિ કાઢે. સર્વે ખુલ્લે મોઢે ચાલે. લાજ કાઢવી તે બહુજ ખરાબ છે, માટે લાજ નહિ કાઢવી.

લાજ કાઢી તમે સડક પર ચાલશો તો, મોટરમાં સપડાઇ જશો લાજ કાઢવાથી પડી જશો. તેથી શું લાભ છે? માટે કોઈ લાજ નહિ કાઢે. તમે કેની લાજ કાઢો છો? ખુદાની? પીર મુરશીદની? કે બીજાની? લાજ કાઢવાથી હવાનો ફાયદો નહિ મળે; માટે આજથી કોઇ લાજ નહિ કાઢે."

કાઉન્સીલના મેમ્બરોની અરજ ઉપરથી ફરમાવ્યું:

"બેંક ચલાવવાના સંજોગો હમણા અમે જોતા નથી, માટે જમાતને બેંક માટે નાણા ભરવા અમે ફરમાન કરશું નહિ. બેંક તુટતાં જમાતના પૈસા જાય તે સારૂં નહિ. નાને પાયેથી કામ શરૂ કરો. જેટલી બની શકે તેટલી મદદ કરી, દીનભાઇઓને રસ્તે ચડાવો. કમીશન એજન્સી વિગેરેનું કામ અપાવો કે જેથી બન્ને આબાદ થાય એ કુદરતી છે."

સોસાયટીના ઓફિસરોને ફરમાવ્યું:

"નવા માણસો જે હિંદુસ્તાનથી આવે તેને મોટર ડ્રાઈવરનું કામ શીખવો, તેઓ આગળ વધે તેવી કોશિષ કરો, ખસુસ કરીને ઉંચી જાતનું ફિઝીકલ યાને અંગ મહેનતનું કામ શીખવો. પૈસા નહિં હોય તો ડ્રાઈવરનું કામ શીખવો. તમે ઈસમાઈલીઓને રસ્તે ચડાવવાનું કામ કરો છો, તે કામથી અમે ઘણા ખુશી છીએ. બહુજ હિંમત કરો; તમે જે જહેમત લીધી છે તેનો બદલો હાઝર ઈમામ દીન અને દુનિયામાં આપશે."

બાદ છોકરાઓને ફરમાવ્યું:

"તમે હિંમતથી અને સારી રીતે શીખજો. દીન, દુનિયા બન્નેનું શિક્ષણ લેજો. દુનિયાનું શિક્ષણ સારી રીતે લેજો."

છોકરીઓને ફરમાવ્યું:

"તમે એવું શિક્ષણ લ્યો કે તમારૂં ગુજરાન તમે પોતે કરી શકો. છોકરીઓએ એવું શિક્ષણ લેવું જોઇએ કે, પોતાના વિવાહ ન થયા હોય તો પણ પોતાનું ગુજરાન પોતે કરી શકે.

છોકરીઓને બહુજ શિખવજો. બની શકે તો છોકરીઓને ઇંગ્લિશ શીખવજો."

છોકરાઓના શિક્ષણ માટે ફરમાવ્યું:

"દુન્યવી શિક્ષણ ભલે ગવરમેન્ટ સ્કુલમાં લ્યે, દીનનું શિક્ષણ આપણી સીંધી ધાર્મિક સ્કુલમાં બરાબર દેજો અને દરેક છોકરીઓને પોતાનું ગુજરાન પોતે કરી શકે તેવું શિક્ષણ આપજો."

બાદ વોલન્ટીયરોને ફરમાવ્યું:

"જ્યારથી અમે અત્રે પધાર્યા છીએ ત્યારથી તમે ઘણીજ ખિદમત કરી છે અને ઘણુંજ સારૂં કામ બજાવેલ છે. બંગલામાં પણ બધે ઠેકાણે સારી સેવા બજાવેલ છે, તેનો બદલો દીન અને

દુનિયામાં મળશે. વરસાદમાં તેમજ તડકામાં ઘણી જહેમત ઉઠાવી છે. તમે વેપારી માણસ છો, છતાં ડયુટી વખતે દરવાજામાં ઉભા રહી ઘણીજ સેવા કરેલી છે. થાકી રહેવા છતાં ડયુટી બજાવો છો, તે માટે ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ."

બાદ ફરમાવ્યું:

"છોકરા, છોકરીઓને સ્કુલે મોકલજો. છોકરીઓને ભરત ગુંથણ વિગેરેનું શિક્ષણ મળે તેમ કરવું. શાદી ગમીમાં સેવા બજાવી તેઓને મદદ કરવી. વિવાહ પ્રસંગે ખર્ચ ઘણોજ ઓછો થાય તેમ કરજો.

તમે વોલન્ટીયરો જુવાન છો. તમારે શરાબ પીવો ન જોઈએ. તમે પીશો તો તમને જોઇને બચ્ચાંઓ પણ તેમ કરશે, તેથી જમાતનો પાયો નબળો થશે.

બચ્ચાંઓ તમને જોઈ સારા કામ કરે તેમ તમે કરો. દર ત્રણ ત્રણ વર્ષે બચ્ચાંઓમાંથી નવા જુવાનીઆઓનો નવો જથ્થો તૈયાર થાય છે, તેને સારી સલાહ આપજો.

ખાસ મોટી બીમારી પ્રસંગે ડાકટર તમને સલાહ આપે કે દવા તરીકે શરાબ પીઓ તો ઠીક છે, નહિ તો બીલકુલ પીવો નહિ. તમે એવા આચરણ નહિ કરો કે વગર કારણે દુનિયામાં તમારી નામોશી થાય.

છોકરાઓને ભલામણ કરો કે મચ્છર હોય ત્યાં મચ્છરદાનીમાં સુએ, જેથી તેઓ નબળા નહિ પડે. ગરીબ હોય તે પણ એક એક મચ્છરદાની રાખી શકે છે. આ ફરમાન દરેકે યાદ કરી બચ્ચાંઓને શીખવજો અને સારી સલાહ આપજો.

વોલન્ટીયરો કસરત કરે, ડંબેલ્સયાં કસરત કરે અને દંડની કસરત કરે.

જ્યાંસુધી બને ત્યાંસુધી મચ્છરદાનીમાં સુવું. રાતનાં મચ્છરદાની લઇ મચ્છરદાનીમાં સુવું. ખાનાવાદાન."

## ફરમાન ૨૭૫ મું.

નઇરોબી તા. ૨૫-૩-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇને હુઝુર મુખીનો ટાઇટલ આપીને ફરમાવ્યું:

"બધા એકદિલ થઇને રહે તેમ કરજો. ઠંડાઇથી બધાને સમજાવજો. ઠંડી જબાનથી સમજાવવાથી વાત મગજમાં બેસે છે. લાકડી લઇને કોઇને કાંઇ સમજાવાતું નથી.

હિંદુસ્તાનના માણસોને અમોએ ફરમાન કરેલ છે કે, કેનીયા આવે; દેશાટન માટે રાત અને દિવસ ફરમાન કરેલ છે. લાકડી લઇને મરાતું નથી, પણ મોઢેથી ફરમાન કરીએ છીએ.

શરાબ ખરાબમાં ખરાબ ચીજ છે. મોમીને શરાબ નહિ પીવો જોઇએ. મોમીને શરાબ પીવો વાજબ નથી. કોઇપણ વખત શરાબ પીશો નહિ; અગર કોઇ બીમાર હોય અને ડાકટર કહે ને દવા તરીકે પીએ તો વાંધો નથી, નહિ તો તે હરામ ચીજ પીવી નહિ. એ ખરાબમાં ખરાબ અને હરામ ચીજ છે.

એ શરાબ એટલી ખરાબ ચીજ છે કે પહેલાં દુનિયાના સર્વે કામ ખરાબ કરી નાખે છે અને પછી આખરતના કામ ખરાબ કરી નાખે છે.

જ્યાંસુધી તમે હૈયાત છો ત્યાંસુધી સેવા બજાવજો અને અમારા ઘરની ખિદમત કરજો. અમે પણ રાત અને દિવસ તમારા ખ્યાલમાં છીએ.

અમે હમેશાં તમને ઇશ્ક અને મહોબતથી ફરમાન કરીએ છીએ અને હમેશાં ઇશ્ક અને મહોબતથી તમારા ખ્યાલમાં છીએ. તમે પણ અમને ભુલી નહિ જજો. ખાનાવાદાન."

## ફરમાન ૨૭૬ મું.

નઇરોબી તા. ૨૯-૩-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે એવો ખ્યાલ નહિ કરજો કે, કાલે અમે રવાના થઇએ છીએ; તમારા રૂહાની પિતા તરીકે ઇશ્ક, મહોબત અને દિલ તમારી પાસે રાખી જઇએ છીએ, તેમ તમે પણ અમારી યાદમાં રહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૨૭૭ મું.

નઇરોબી તા.૩૦-૩-૧૯૨૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે એવો ખ્યાલ નહિ કરજો કે, અમે તમને ભુલી જશું. અમે એક પણ મિનિટ તમને ભુલતા નથી. રાત અને દિવસ તમને યાદ કરીએ છીએ. તમારા હકમાં રાત અને દિવસ દુઆ કરીએ છીએ, જેથી તમારૂં ઇમાન મજબુત રહે છે.

તમારે એવો ખ્યાલ નહિ કરવો કે, અમે અત્રેથી જઇએ છીએ, પણ બાતુનમાં હમેશાં તમારી સાથે છીએ. દિવસ અને રાત તમારી સાથે છીએ.

નઇરોબીમાં જેને સરખાઇ ન હોય, તે કમ્પાલા યુગાન્ડાના કોઇપણ ગામડાઓમાં અથવા ટાંગાનિકા તથા બેલજીયમ કોંગો તરફ ધંધો કરવા જાય અને જેનું કામ સારૂં ન ચાલતું હોય તેજ બહારગામ જાય.

અમે નવરોજ ઇદના દિવસે ફરમાન કર્યાં છે, તે આખા આફ્રિકાને માટે મિસાલ એક વૃધ્ધ માણસને લાકડીના ટેકા સમાન છે. જો તમે તે લાકડીને પકડી રાખશો યાને અમલ કરશો તો કદીપણ પડી નહિ જાઓ. ખાનાવાદાન.”

## ફરમાન ૨૭૮ મું.

મોમ્બાસા તા. ૩૧-૩-૧૯૨૬.

૯૪ મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સ્કુલના વિદ્યાર્થીઓને ફરમાવ્યું :

“તમે વિદ્યાર્થીઓ બરાબર હિંમત રાખજો અને વેપારમાં બરાબર ધ્યાન રાખજો અગર તમે બી. એ. થાઓ કે એમ. એ. થાઓ અથવા એલ. એલ. બી. પણ થાઓ તો પણ વેપાર અને ખેતીવાડીને બીલકુલ નહિ મુકતા.

દસ્તબોશી કરવા અમારી હુઝુરમાં તમે આવો છો ત્યારે કોઇ માણસે જમીન પર માથું રાખી સિજદો નહિ કરવો. માથાથી નમન કરી હાઝર ઇમામના ચહેરા તરફ જોવું અને અમે તેના માથા ઉપર હાથ રાખશું.”

બાદ સાફસુફ કરનાર બાઇઓની મંડળીને ફરમાવ્યું:

“તમે ઘણી ખિદમત કરો છો. અમારા ઘરમાં તમે રોશની કરો છો, જેનો બદલો બે જહાનમાં મળશે. તમારા દિલમાં રોશની થશે. તમે મરદ કરતાં વધારે કામ કરો છો.”

બાદ કલબમાં જવા બાબત ફરમાવ્યું:

“જમાતના બધા માણસો કલબના મેમ્બરો થાય એવી કોશિશ કરવી ફી ઓછી રાખવી પણ એકદમ ફ્રી નહિ રાખવું. બાઇઓ અને ભાઇઓ પોતાની ફેમીલી સાથે એટલે બાઇઓ પોતાના મરદ, ભાઈ અથવા પિતા સાથે ભેગા મળીને કલબમાં આવે અને પગે ચાલીને આવવું, જેથી લોહી ફરવાથી તંદુરસ્તી રહેશે. કલબના

ખર્ચ માટે કાંઇ ખ્યાલમાં ન લેવું, કારણ અગર કલબમાં ન આવવાથી બીમારી થશે તો બમણા પૈસા ડોકટરને આપવા પડશે.

બાઈઓએ છેડો અથવા ઘુમટો કાઢવો નહિ. લાજ કાઢવાથી નાક બંધ રહે જેથી નાકમાં હવા કેમ જાય? માટે લાજ યાને ઘુમટાનો રીવાજ કાઢી નાખો.

કન્યાશાળામાં ભરત ગુંથણ વિગેરે ચીજો એવી તૈયાર કરો કે તેનું તરત વેચાણ થઈ જાય.

છોકરીઓને કેળવણી આપવાની બહુજ જરૂર છે, કારણકે છોકરાઓ આગબોટ પર કામ કરીને જમીન પર સુઇ રહેશે અને ગમે તેમ પોતાનું પેટ ભરશે; માટે પહેલી કેળવણી છોકરીઓને આપવાની જરૂર છે.

ઇસમાઇલી બાઇઓને પોતાના માબાપ, ધણી કે કોઈની પણ, ખુદા સિવાય અમે મોહતાજ જોવા માંગતા નથી. માટે છોકરીઓને અંગ્રેજી અને ટાઇપરાઇટીંગ પણ શીખવો અને છોકરીઓને એવી કેળવણી આપો કે તે પોતાનું જાતે ગુજરાન કરી શકે. ખાનાવાદાન."

## ફરમાન ૨૭૯ મું.

મોમ્બાસા તા. ૧-૪-૧૯૨૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમારૂં બદન હમેશાં અંહિ રહેતું નથી પણ અમારો ઇશ્ક, ખ્યાલ, મહોબત હમેશાં તમારી સાથે છે. અમે તમારા રૂહાની માતાપિતા છીએ.

અગર છોકરો મુસાફરીમાં હોય અને માતાપિતાને ભુલી જાય. પણ માતાપિતા કોઇ વખતે પણ વિસારતા નથી. તમે દરરોજ કલાક બે કલાક અમને યાદ કરતા હો યા નહિ, પણ અમે તો એક

સેકંડ પણ તમને વિસરતા નથી. તમે સમજો છો કે માતપિતા અને બચ્ચાં વચ્ચે કાંઇ જુદાઈ નથી.

તમે યકીન રાખજો કે, અમે તમારા રૂહાની માતપિતા છીએ અને તમે રૂહાની બચ્ચાંઓને રૂહાની આશિષો હમેશાં આપીએ છીએ."

બાદ ફરમાવ્યું:

"નઈરોબીમાં ઇદે નવરોજના દીને અમે જે ફરમાન કર્યાં છે તે તમે બરાબર યાદ રાખજો. આ ફરમાનો મિસાલ "અસા" યાને લાકડી માફક છે, જે લાકડી તમને ટેકા અને મદદરૂપ છે.

તમો જમાત ઉપર અમે ઘણાજ રાજી થયા છીએ. તમે હમેશાં કલબમાં આવજો, તેમજ તમારી સાથે બાઇઓને તેડી લાવજો."

બાઇઓને ફરમાવ્યું:

"તમે પણ કલબમાં આવજાવ કરજો. તમારા પતિ, ભાઇ કે પિતા સાથે આવજો. તમે બાઇઓ, ભાઈઓ અત્રે કલબમાં આવી અમને ખુશ કરેલ છે તે માટે દુઆ ફરમાવીએ છીએ અને ઉમેદ રાખીએ છીએ કે તમે હમેશાં કલબમાં આવશો.

કલબમાં આવી કંઈક રમત રમો, જેથી તંદુરસ્તી રહેશે અને અને સ્વચ્છ હવા મળશે. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૦ મું.

મોમ્બાસા તા. ૭-૪-૧૯૨૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે વોલન્ટીયરોને ફરમાવ્યું:

"વોલન્ટીયરોએ યુનિફોર્મ માત્ર, હાઝર ઈમામના જન્મ દિવસની ખુશહાલી પ્રસંગે અથવા કિંગ જ્યોર્જના જન્મ દિવસની ખુશહાલી પ્રસંગે અને તેવાજ મોટા દિવસોએ પહેરવો જોઈએ. હમેશાં પહેરવાથી તેનો મોભો રહેતો નથી."

બાદ કન્યાશાળાના ભરત ગુંથણના શિક્ષણ માટે ફરમાવ્યું:

"કન્યાઓને એવું કામ શિખવો કે જેમાંથી પેદાશ થઇ શકે; સીવવાનું કામ સારી રીતે શિખવવું. બાળાઓને દરેક જાતનું શિક્ષણ આપવું, તેઓને અંગ્રેજી તથા ટાઇપરાઈટીંગ શિખવવું.

અમલદારો ઉપર ફરજ છે કે તેઓએ જમાતખાનામાં હમેશાં અવારનવાર બાળાઓની કેળવણી બાબતમાં ભાષણો આપવા અને તે માટે પુરેપુરી કોશિશો કરવી."

## ફરમાન ૨૮૧ મું.

મુંબઇ તા. ૧૦-૧૨-૧૯૨૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો સર્વે જમાતને જોઇ અમારી આંખો ઠંડી થઇ છે. તમને જોઇ અમે ઘણા ખુશી થયા છીએ અને દુઆ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૨ મું.

મુંબઇ તા. ૧૫-૧૨-૧૯૨૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કરાચીના મરહુમ વારસની મહેમાનીમાં ફરમાવ્યું:

"વારસ બસરીયા, વારસ રહીમ અને વારસ રહીમની માતાએ અમારી ઘણી ખિદમત કરી છે. વારસ રહીમે અમારી ખિદમત ઈશ્ક, મહોબત અને દિલોજાનથી કરેલ છે, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

હમેશાં એ ત્રણે અમારા ખ્યાલમાં જીવતા છે અને અમે હમેશાં યાદ કરીએ છીએ. જો કે એ ત્રણે આ ફાની દુનિયા મુકી ગયા છે પણ તે અમારા દિલમાં હૈયાત છે. ખાનાદાવાદાન."

## ફરમાન ૨૮૩ મું.

મુંબઇ તા. ૧૬-૧૨-૧૯૨૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જુનાગઢના પંજેભાઇઓની મહેમાનીમાં ફરમાવ્યું :

"જુનાગઢની જમાતે અમારી ઘણી ખિદમત કરી છે, તેનો બદલો દીન વ દુનિયામાં મળશે, તમે મોમન છો.

વારસ કાસમ અને વારસ ઈસમાઈલના વખતથી ખિદમત કરતા આવો છો. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૪ મું.

મુંબઇ તા. ૧૯-૧૨-૧૯૨૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાનપુરવાળા એક ભાઇને ફરમાવ્યું :

"બહાર વેપાર વાસ્તે વધારે જવું જોઈએ. પહેલાં એક બે વર્ષ તો નુકશાની જશે, પણ પછી ફાયદો થશે. તમે કાનપુરમાં પહેલે નોકરી કરતા હતા. પહેલે તકલીફ ભોગવી, હવે આરામ છે."

બાદ એક ભાઇને ફરમાવ્યું:

"તમે તમારી નોકરી પર આજે રવાના થઇ જાઓ. પહેલાં નોકરી. પહેલા વેપાર અને નોકરી જે કરતા હો તે કરો.

ઠાકોર સાહેબને કહો કે લીંબડીનું જમાતખાનું ખુલ્લું મુકે. નઇરોબીનું જમાતખાનું ત્યાંના ગવર્નરે ખુલ્લું મુકયું હતું. તમે બીજા લોકોને જમાતખાનું દેખાડશો, તો તે રાજી થશે. ઠાકોર સાહેબને કહેશો તો જમાતખાનું રાજી થઈને ખોલશે."

કાન્ડી મહોલ્લા બુધવારના પંજેભાઇઓએ, ઘણા પંજેભાઇઓ ગુજરી ગયા છે, એવી અરજ કરતાં ફરમાવ્યું:

"તેઓ હૈયાત છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૫ મું.

મુંબઇ તા.૨૦–૧૨–૧૯૨૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આગ્રાવાળા એક ભાઇને ફરમાવ્યું :

"આ છોકરાના લગ્ન પહેલીજ વખતના છે? આવડી મોટી ઉમર સુધી બેસી રહી, લગ્ન કરવા તે ઠીક નહી. લગ્ન જલદી કરવા. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૬ મું.

પુના તા. ૨૫–૧૨–૧૯૨૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"નવી જમાતની બાઇઓ કે ભાઇઓને અલગ બેસાડવું ખરાબ છે. તમે તેઓને પોતાની સાથે બેસાડો, જરાપણ જુદાઈ ન હોવી જોઇએ, બધા અમારા બચ્ચાં છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૭ મું.

મુંબઈ તા. ૩૦–૧૨–૧૯૨૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મદ્રાસ જમાતના એક અમલદારને ફરમાવ્યુ :

"મદ્રાસમાં તમે અમારા ઇસમાઈલી દીનના વાવટા છો. તમે બહુજ ખિદમત બજાવો છો. જાહેર અને બાતુન અમને ખબર છે."

બાદ કરાચી બગીચા જમાતને ફરમાવ્યું.

"તમે ફકત જમીનના બગીચા નહિ, પણ અમારા રૂહાની બગીચાના ફુલ તરીકે રહેજો. આ ફરમાન બધી જમાતને જાહેર કરજો."

બાદ સાકરાના એક અમલદારને ફરમાવ્યું :

"તમે અસલથી ઘણી ખિદમત બજાવો છો. હમેશાં ખુશ રહો. મોમન હમેશાં ખુશ રહે છે અને ખિદમત કરે છે. દિલોજાનથી, મહોબતથી સેવા બજાવશો તો અલબત કબુલ કરશું."

કરાચીના એક ભગતને ફરમાવ્યું:

"અમે ઘણાજ રાજી છીએ, તમે જુના માણસ છો, તમારૂં કામ કબુલ ફરમાવીએ છીએ; કેમ કબુલ નહિ કરીયે? મોમન માણસનું કામ કબુલ કરવા અમે બંધાયેલા છીએ."

## ફરમાન ૨૮૮ મું.

મુંબઇ તા. ૫-૧-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે પંજાબના સીયાલકોટ ગામની જમાતને ફરમાવ્યું:

"બચ્ચાંઓને તમે શા માટે સ્કુલમાં નથી મોકલતા? સ્કુલમાં મોકલવાની ઘણી જરૂર છે. બધા ગામડાઓમાં એક એક સ્કુલ થઇ શકે નહિ. જ્યાં ૧૦૦-૨૦૦ બચ્ચાં હોય ત્યાં આપણી સ્કુલ થઇ શકે છે, પણ જ્યાં નાની સંખ્યામાં બચ્ચાં હોય ત્યાં આપણી સ્કુલ થઇ શકે નહિ."

બાદ, આપસ આપસના ઝઘડાની બાબતમાં ફરમાવ્યું:

"જ્યારે તમે આપસમાં તકરાર કરો છો, કોર્ટમાં પૈસા ખર્ચો છો તો કેવી રીતે પૈસાદાર થશો? જો આમ હશે તો મઝહબનો પણ શું ફાયદો થશે?

આપસમાં તકરાર હોય તો કોર્ટમાં નહિ જતાં, કાઉન્સીલ બનાવેલ છે તેમાં જાઓ. લવાદ રાખો અને ફેંસલો કરો. કોર્ટમાં જવાથી શું ફાયદો?

એવી રીતે લડાઈ કરવી, મારામારી કરવી, એથી કાંઇ ફાયદો નથી; આ કાંઇ સારૂં નથી; આવી વાત અમે કોઇ દિવસ

સાંભળી નથી. તમે લડાઈ કરો છો તે સારૂં નથી. હમેશાં આપસમાં સુલેહ સંપથી રહો.

આવા આલીશાન જમાતખાનામાં તમે ઇબાદત કરવા નહિ આવો તે ખરાબ છે.

મારામારી નહિ કરવી જોઇએ. કોઇના ઉપર હાથ પણ ઉપાડવો નહિં. જ્યાંસુધી તમે અંદર અંદરના ટંટા ફિસાદ નહિ છોડશો ત્યાંસુધી ઇન્સાન થઇ શકશો નહિ. હમેશાં એકદિલથી રહેવું. ખાનાવાદાન."

## ફરમાન ૨૮૯ મું.

મુંબઇ તા. ૧૩-૧-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાન્ડી મહોલ્લા શનિવારના નાના પંજેભાઇઓને ફરમાવ્યું :

"તમે સારા રૂહાની મોમન છો, તો રૂહાનીના તરીકા ઉપર ચાલો; ઇમાનમાં પાબંદ રહો; તમે હાઝર ઈમામનું લશ્કર થાઓ અને સેવા બજાવો.

જે પંજેભાઈ મિજલસમાં નહિ આવતા હોય, તેને ઘરે તમારા મુખી કામડીઆ જાય અને સમજાવે."

બાદ, ગુજરાનવાલા જમાતમાં મિશનનું કામ કરતી એક બાઇને ફરમાવ્યું:

"તમે દશ મરદથી વધારે કામ કરો છો; તમે અમારા ઘરની ઘણી ખિદમત કરો છો. એક મિશનરીથી વધારે કામ કીધું છે. તમારા જેવા તો મરદ પણ કમતી હશે. મોમન કયાંઇ પણ હોય તો પણ તે અમારી પાસે છે."

બાદ સુરત જમાતને ફરમાવ્યું:

"ઇશનાઅસરીઓ સાથે દુશ્મની કરવી નહિ. તમે તમારૂં સંભાળો. તેઓને વહોરા, મેમણ વિગેરે અવર કોમ માફક ગણજો.

નવી જમાત ને જુની જમાત એક છો? તમારામાં એકદિલી છે? સાચું કહો! એકદિલી રાખજો.

નવા ભાઈઓએ ખોજાનો ડ્રેસ પહેર્યો છે તેથી ઓળખાતા નથી; એ ઘણું સારૂં છે. ખાનાવાદાન."

## ફરમાન ૨૯૦ મું.

મુંબઇ તા. ૧૪-૧-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે કરાચી લેડીઝ વોલન્ટીયર કોરને ફરમાવ્યું

"તમે હિંમતથી કામ કરજો; હમેશાં બરાબર સંભાળજો, કચ્છી, સિંધી, કાઠીઆવાડી એવો ખ્યાલ નહિ રાખજો.

તમે અમને માબાપ કહો છો, તેમ તમે અમારા રૂહાની બચ્ચાં છો. એકદિલ રહો, કજીયા નહિ કરજો. ખાનાવાદાન."

## ફરમાન ૨૯૧ મું.

મુંબઇ તા. ૧૫-૧-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ધાનધાર મોમન જમાતને ફરમાવ્યું:

"છોકરા, છોકરીઓને સ્કુલમાં નથી મોકલતા તો પછી રાજ્ય તરફથી ગ્રાન્ટ બંધ થશે તેથી શું ફાયદો? તો પછી અમે પણ ગ્રાન્ટ બંધ કરશું. માટે બચ્ચાંઓને સ્કુલમાં જરૂર મોકલજો. તે સ્કુલમાં ગુજરાતી તાલીમ લ્યે.

ધાર્મિક શિક્ષણ આપણા તરફની સ્કુલમાં આપણો શિક્ષક શિખવે તે જ ઘણું સારૂં. એ મુજબ બધા ગામોમાં થવું જોઇએ. સ્કુલની ગ્રાન્ટ અમે ચાલુ રાખીએ છીએ. કેળવણી ફરજીયાત કરો.

છોકરાઓને પણ સ્કુલમાં મોકલો. છોકરીઓ અજ્ઞાન રહે તેથી ફાયદો નથી, તેને કેળવણી આપવી એ પહેલી ફરજ છે છોકરીઓને સ્કુલમાં મોકલી કેળવણી જરૂર આપવી જોઇએ.

કાઉન્સીલમાં સાથે બેસી સલાહ સંપથી ઇન્સાફ કરવો અને કાનુન પળાય તેવી રીતે બધાએ મદદ કરવી. ઐકયતા રાખીને રહેવું. કાઉન્સીલના હુકમ માનવા."

બાદ, મઝગામ વાડી જમાત તથા ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"વઝીર રહીમનો ફોટો જમાતખાનામાં રાખવો.

જેઓ બેકાર હોય તો તે નૈરોબી, ટાંગાનિકા, દારેસ્સલામ તરફ વેપાર અર્થે જાય.

બચ્ચાંઓને સ્કુલમાં મોકલજો. બાઇઓએ પણ કાંઇ ધંધો કરવો જોઇએ. ઓરતો મરદની મહોતાજ ન થાય, માટે હુન્નર ઉદ્યોગ શીખવો, એ જરૂરનું અને લાજમ છે. પાંચ પૈસા પેદા કરે તેવી કાળજી રાખવી જોઇએ.

હાલ દુનિયાનો વખત એવો છે કે બે હાથ મજબુત રાખવા જોઇએ. એક હાથ મરદ એક હાથ ઓરત છે.

મુખી કામડીઆની ઇજ્જત રાખો અને તેના હુકમ પ્રમાણે ચાલો."

બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ એજ્યુકેશનને ફરમાવ્યું:

"મુંબઇની સ્કુલે છેલ્લા કેટલાક વર્ષોમાં જે પ્રગતિ કરી છે, તે જાણી અમને ઘણો આનંદ થયો છે. જ્યારે સ્કુલની શરૂઆત થઇ, ત્યારે તે એક નજીવી શરૂઆત હતી. તે વખતે મુખી લાલજી દેવરાજ અને બીજાઓએ ઘણી મહેનત લઇને કામ કર્યું છે, તેથી હાલમાં મુંબઇના પરાઓમાં આ સ્કુલની શાખાઓ છે.

આ સ્કુલ કોમ માટે ઘણી સારી સેવા કરી રહી છે. અમે તેની વધુ ફતેહ અને કલ્યાણ ઇચ્છીએ છીએ.

ગુથણુ, શીવણુ અને રાંધણુકળા છોકરીઓને શીખવવામાં આવે છે, એ જાણી અમે ઘણા ખુશી થયા છીએ. વ્યવસ્થા કરનારી બોર્ડને અમે ભાર દઇ ભલામણુ કરીએ છીએ કે તેઓને એવા પ્રકારની કેળવણી આપવી જેથી બાળાઓ આર્થિક રીતે સ્વતંત્ર બની શકે.

બાળાઓના હાથે જે ચીજ બનાવો છો, તે એવી કરકસરથી બનાવો કે તેનો પબ્લીકમાં ઉઠાવ થઇ શકે.

ભવિષ્યની પ્રજા જો મજબુત અને બળવાન બનાવવી હોય તો, તે માટે એક તંદુરસ્ત પિતાની જરૂર છે, તેના કરતાં પણુ એક નિરોગી માતાની વધુ જરૂર છે. તેટલા માટે અમે ભલામણુ કરીયે છીએ કે બાળાઓને માફક આવે તેવી ખુલ્લી હવામાં કસરત કરવાની રૂઢી ચાલુ કરવી."

બાદ ધાર્મિક શિક્ષણુ બાબતમાં ફરમાવ્યું:

"શાળામાં શીખેલી ધર્મભાવના એક માણુસનાં જીવન અને ચારિત્ર ઘડતરમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે.

યુવાન અને વૃધ્ધ બન્નેના રૂહાની ભાવનાનું મુલ્ય કદીએ આંકી શકાતું નથી."

બાદ બચ્ચાંઓને ફરમાવ્યું:

"સ્કુલમાં હાજરી આપવામાં તમે ઘણાજ નિયમીત રહેજો. અમારા **દીદાર માટે જમાતખાને આવવા કરતાં, નિયમસર સ્કુલે જાઓ એ અમને વધારે પસંદ છે.** દીદાર રજાના દિવસોમાં કરી શકો છો."

## ફરમાન ૨૯૨ મું.

મુંબઇ તા. ૧૭-૧-૧૯૨૮.

હઝ મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"દુનિયામાં ઘણા મઝહબ છે. પોતાના દિલને સાબિત રાખવું એ પોતાના હાથમાં છે. કોઇ ખરાબી કરશે એ તેની પોતાની તકસીર છે. તમારૂં ઇમાન મજબુત રાખો.

ખાસ કારણ સિવાય બીજી ઔરત કરવી નહિ. સગા સગપણના ઝઘડા મુકી દો અને નવેસરથી રહો."

બાદ પંજાબની જમાતને ફરમાવ્યુંઃ

"જેઓ અહિંયા છે અને પોતાને ગામ છે, તે બધાને દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે હિંમતથી રહેજો અને એકબીજામાં મહોબત, બિરાદરી રહે એવા કામ કરજો.

બચ્ચાંઓને સ્કુલમાં મોકલાવજો. જ્યાં ગવરમેન્ટ સ્કુલ છે ત્યાં, છોકરા અને છોકરીઓ શીખે, છોકરીઓ પણ સ્કુલમાં જાય."

બાદ કરાચીના અમલદારોને ફરમાવ્યુંઃ

"જમાતની પબલીક મિટીંગ હોય, ત્યારે બાઇઓની કમિટીને બોલાવો, તેઓને જેમ મુંબઇમાં છે તેમ ઇજ્જત આપો."

## ફરમાન ૨૯૩ મું.

મુંબઇ તા. ૧૯-૧-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ પાણી કુંપનીના પંજેભાઇઓને ફરમાવ્યું :

'અમે હસનાબાદ આવીએ છીએ ત્યારે ગરમી અને ઠંડીના વખતમાં જમાતને પાણી પીવડાવો છો, તેના માટે ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે બધા પંજેભાઈઓ જમાતને પાણી પીવડાવો છો, તેવીજ રીતે તમે પેલી દુનિયામાં પાણી પીશો. પેલી દુનિયામાં અમે અમારા હાથથી પાણી પીવડાવીશું."

ગુઆદરની જમાતને ફરમાવ્યુ :

"ધરતીકંપ બધે ઠેકાણે થાય છે. હિંદુસ્તાન, કલકત્તા, બરમા, રંગુન વિગેરે ઠેકાણે થાય છે. ધરતીકંપ થાય ત્યારે બહાર નીકળી જાઓ. વરસાદ હોય ત્યારે ઈલાજ કંઇ નથી, ત્યારે છત્રી લઈને બહાર નીકળો છો તેવીજ રીતે બહાર નીકળી જાઓ. જાપાનના માફક જમાતખાના લાકડાના બનાવો."

બાદ, ખાલુ યાને ધરાની મુરીદોને ફરમાવ્યુંઃ

"હસનાબાદમાં સ્કુલ છે ત્યાં તમારા બચ્ચાંઓને મોકલાવો. મફત સ્કુલ છે તો શા માટે મોકલતા નથી? શકિતવાળા હોય તે બચ્ચાંને પોતાની પસંદગીની સ્કુલમાં ભલે મોકલે.

મુખીએ જમાતને મીઠાશથી કહેવું, પણ કોઈ ભુલ કરે તો મુખીને સત્તા છે કે તેને દબાવે. મુખી મહેનત કરવાવાળો જોઇએ. મુખીની ફરજ છે કે મીઠાશથી કહે.

યઝદી કોમે તરકકી કરી છે; તમે પણ તેવી રીતે કરો, એકદિલી રાખો. ખાનાવાદાન."

## ફરમાન ૨૯૪ મું.

મુંબઈ તા. ૨૨-૧-૧૯૨૮.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ધમામે મોટા જમાતખાના પાણી કુંપનીને ફરમાવ્યું :

"આ દુનિયામાં તમે જમાતને પાણી પીવડાવો છો, પેલી દુનિયામાં અમે અમારા હાથે તમને પાણી પીવડાવીશું.

અમારૂં દિલ ઇચ્છે છે કે અંહીયા તમને પાણી પીવડાવીએ; પણ પેલી દુનિયામાં હોઝે કૌસરમાંથી "આબે રૂહાની" પીવડાવીશું.

તમે ઘણી મહેનત કરી છે, બધાને પાણી પીવડાવો છો તેનો બદલો દીન વ દુનીયામાં મળશે."

બાદ સમીસાંજના પંજેભાઇઓને ફરમાવ્યું:

"સાંજના વખતે તમે ઘણી મહેનત કરો છો, જમાતખાને આવો છો, દુઆ પડો છો અને પોતાના ઇમામના ખ્યાલમાં રહો છો, જે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમારા રૂહાની પિતા તરફના ઇશ્ક અને મહોબતથી જમાતખાને આવો છો, એવી રીતે અમે જ્યાં હોઇએ છીએ ત્યાં તમને યાદ કરીએ છીએ."

બાદ, કરીમભાઇ મીલના સ્ટાફને ફરમાવ્યું:

"જ્યારે મીલો સારી ચાલે છે, ત્યારે મુંબઈમાં સારો વેપાર ચાલે છે. આખા હિંદુસ્તાનના વેપારનો પાયો મીલ ઉપર છે.

**તમે બધા જેની પાસે નોકરી કરતા હો તેની દિલોજાનથી નોકરી બજાવો."**

## ફરમાન ૨૯૫ મું.

મુંબઇ તા. ૨૫-૧-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ગોંદીયાના એક ભાઇને ફરમાવ્યું:

"બચ્ચાંની બહુ સંભાળ રાખો; બરાબર સંભાળ લેતા નથી તે માબાપની કસુર છે. ખુલ્લી હવામાં રાખો,

જ્યારથી તમે કાઠીયાવાડથી બરાડમાં આવ્યા છો ત્યારથી તમારૂં કામ આબાદ થયું છે. બીજા પણ કાઠીઆવાડથી હિંમત કરી જશે તો ત્યાં આબાદ થશે, બરકત થશે."

બાદ મુખી મેગજી મુળજીને ફરમાવ્યું:

"તમને જ્યારથી મુખીપણું મળ્યું છે, ત્યારથી દિલોજાનથી નિમકહલાલીથી સેવા બજાવેલ છે. પોતાના જીગર અને જાનથી ઘણી નોકરી બજાવેલ છે. જમાતખાનું તમારા હસ્તક બંધાણું છે

અને મોટી રકમ પોતા તરફથી ખરચી છે. કોઈની પણ સુચનાથી કે કહેવાથી કામ કરેલ નથી, પણ પોતાના પ્યાર અને મહોબતથી આ ટાવર બાંધી અમને અર્પણ કરેલ છે. ટાવર બાંધી લીધું ત્યાંસુધી પણ અમને ખબર આપી નથી. અમે ઘણુંજ ખુશી છીએ. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

મુખી મેગજી મુળજીનો ફોટો ટાવરમાં રાખવામાં આવે; અગર, મુખીયાણી ખુશી હોય તો એવણનો ફોટો પણ ટાવરમાં રાખવો. અમે ઘણા રાજી થઈશું.

આ પહેલો પ્રસંગ છે કે બાઈ માણસનો ફોટો મુકીએ છીએ."

## ફરમાન ૨૯૬ મું.

મુંબઈ તા ૨૭-૧-૧૯૨૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ભાવનગરના પંજેભાઇએને ફરમાવ્યુ :

"બધા પંજેભાઈઓને દુઆઆશિષ ફરમાવીએ છીએ, જ્યાં સુધી તમે બધા હયાત છો, ત્યાં સુધી જેવા ઈશ્કથી સેવા બજાવો છો, તેવો ઇશ્ક રાખી અમારી સેવા કરજો.

ભાવનગર છોડી અત્રે આવ્યા છો, તે ઘણું સારૂં કર્યું છે. તમારા મુલ્કથી અમારા ઘરની ઘણીજ ખિદમત થયેલ છે. જ્યારે મિશનરીઓ પણ નહિ હતા ત્યારે વારસ ઇસાએ ભગતો મારફતે અમારા ઘરની ઘણી ખિદમત કરી છે.

વેપાર સંભાળીને કરવો. હાથીની માફક ચાલો. દરેક કામમાં સંભાળીને પગ રાખો. હિંમતથી ખિદમત કરો."

બાદ, કટક ગામના એક અમલદારને ફરમાવ્યું:

"કચ્છમાં તમે અમારી ઘણી ખિદમત કરી છે.

દુનિયાનું સોનું થવું તે તો સહેલ છે, પણ આખરતનું સોનું થવું જોઈએ.

તમે ઘણો વેપાર કરો છો તેથી અમે ઘણા ખુશી છીએ, પણ એકદમ દોડશો તો ધાસ્તી છે. હાથીની માફક ચાલો, હાથી પહેલે પગ મુકે છે, પછી વજન રાખે છે. આસ્તેથી ચાલો, અમારી વાત સાંભળો. ખાનાવાદાન."

## ફરમાન ૨૯૭ મું.

થાણા તા. ૨૯-૧-૧૯૨૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સ્કુલના કાર્યવાહકોને ફરમાવ્યું :

"છોકરીઓનું બહુ ધ્યાન રાખો; છોકરીઓને શીખાવો. અમે રાત દિવસ દુઆ કરીયે છીએ. તમે ધ્યાન રાખો, ખુલ્લી હવામાં ફેરાવો. છોકરીઓને કસરત કરાવવી તે માટે વિચાર કરો. છોકરીઓ માટે ખુસુસન ડ્રીલ, બ્રીધીંગ, એક્ષરસાઇઝ કરાવવી.

છોકરીઓના માબાપની ફરજ છે કે, ૧૪ વર્ષ સુધી શીખાવવું; સંસારની સર્વે બાબતો સ્કુલમાં રહી શીખાવવી જોઇએ. ફિઝીકલ ટ્રેનીંગ બરાબર આપો."

## ફરમાન ૨૯૮ મું.

પુના તા. ૧-૨-૧૯૨૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સ્કુલના કાર્યવાહકોને ફરમાવ્યું :

"અલબત, જમાત નાની હોવાથી વધારે શીખવવાનું બની શકતું નથી, પણ આ સ્કુલનું શિક્ષણ પુરૂં થયા પછી તેઓની કેળવણી ચાલુ રહેવી જોઇએ.

ગવરમેન્ટ સ્કુલ અથવા ખાનગી કોઇપણ હિંદુ અગર બીજી સ્કુલમાં તેઓએ જઇને આગળ શીખવું જોઇએ; બાળાઓને તેવા શિક્ષણની ખાસ જરૂર છે. બાળાઓ ઉપર એ શિક્ષણ બનતની વધારે ફરજ નાખો કે, અત્રેનું તેમનું શિક્ષણ પુરૂં થયા બાદ તેઓ પણ આગળ શીખે. એવી રીતે કે શીખીને પોતાનું ગુજરાન તેઓ ચલાવી શકે.

પૈસા તો કોઈપણ આપે છે. પૈસો હમણાં શું ચીજ છે? પણ એ પૈસો આપવાની સાથે તમારી આંખો એ કામની ઉપર આપો એટલે અંહીયા આવીને આ કામમાં ઉમંગ લ્યો અને પૈસા આપ-વાનો જે તમારો મુદ્દો છે તેને તમે અમલમાં લાવો. તે મુદ્દા ઉપર તમે બરાબર ધ્યાન આપો અને જુઓ કે તમે જે પૈસા ખર્ચો છો તેનો બરાબર ઉપયોગ થાય છે કે નહિં?

બાળાઓનું અત્રેનું શિક્ષણ ખલાસ થાય તો તેઓને બીજી સ્કુલમાં મોકલો અને જો ગવરમેન્ટ ગ્રાન્ટ બંધ થાય તો તમે પણ મદદ આપવાનું બંધ કરો.

મરાઠી કરતાં ગુજરાતી શીખવું વધારે સારૂં છે, કારણકે ગુજરાતી ભાષા તમારી માદરી જબાન છે અને ગુજરાતી શીખેલો મરાઠી લખી તથા વાંચી શકે છે; માટે મરાઠી કરતાં ખાસ કરીને ગુજરાતી શીખવું જોઇએ.

ઓછામાં ઓછા ૪–૫ વર્ષની ઉમર સુધીના બચ્ચાંઓને જરૂર સ્કુલમાં લ્યો અને તેવા છોકરાઓને યુરોપની માફક સ્કુલના એક ખુણામાં બેસાડીને, તેમને રમતગમતના સાધનો આપીને તેઓને શીખાવો.

બહુજ નાના છોકરાઓને નહિ લેવા કે જેઓ પોતાની મેળે ઉઠબેસ નહિ કરી શકે, અથવા પડી જાય. પાંચ વર્ષથી નાની ઉમર-નાઓને નહિ લેવા."

## ફરમાન ૨૯૯ મું.

મુંબઈ તા. ૬-૨-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ઘોડાગાડીવાળા મોમીન ભાઇઓને ફરમાવ્યું:

"તમે મોમન જમાતને જોઇ અમે ઘણા રાજી થયા છીએ. તમે બધા મોમીન જમાત તથા ઈસમાઇલી બધી જમાત અમારા રૂહાની બચ્ચાં છો. તમે એક બીજામાં છોકરીની લેવડદેવડ કરો.

જ્યારે તમે અમને રૂહાની પિતા તરીકે સમજો છો, ત્યારે જાતી ભેદ નહિં રાખતાં, છોકરીની લેવડદેવડ કરવી જોઈએ. તમે બધા એક બીજામાં લગ્ન સંબંધી લેવડદેવડ શરૂ કરો. તમે કાકાની તેમજ મામાની છોકરી લ્યો, તે તમારી ખુશી ઉપર છે. જો કોઇને તેમ કરવા વિચાર હોય તો તેને બંધ નહિ કરવા; એવી છુટ થવાથી ઘણો ફાયદો છે."

બાદ ક્રિકેટ કલબની મહેમાનીમાં ફરમાવ્યું:

"અમે ઘણાજ દિલગીર છીએ કે, હજારો ઇસમાઇલીઓમાંથી ફકત ૪૦ મેમ્બરો ક્રિકેટ કલબમાં જોડાણા છે. અમે ઉમેદ રાખીએ છીએ કે તમે હિંમત કરી, જહેમત લઇ, ચળવળ (પ્રોપેગન્ડા) કરીને બીજા મેમ્બર બનાવો.

તમે બધા છોકરા છોકરીઓ મઝહબના જંગ વાસ્તે તૈયાર થાઓ. કસરત કરો તો ઘણું સારૂં છે, તે તાલીમ ક્રિકેટ કરતાં પણ ઘણી સારી છે."

બાદ કાઠીયાવાડ મોમીન જમાતને ફરમાવ્યું:

"દશ દિવસ, વીસ દિવસ, એવી રીતે તમે થોડો ટાઈમ પરદેશમાં રહો અને પાછા ચાલ્યા આવો, તો તમને ફાયદો કેમ થાય? તમે દેશાટન કરો, ફાયદો થશે. પહેલા નોકરી કરો. પહેલે દક્ષિણ વિગેરેમાં જઈ નોકરી કરો, પછી વેપાર કરો. જે વધ્યા છે તેઓએ પહેલાં નોકરી કરી છે. બુઢાઓ તો અલબત ખેતીનુંજ કામ કરશે.

અમે તમને દુઆ કરીએ છીએ અને રસ્તો બતાવીએ છીએ. બન્ને કામ કરીએ છીએ. તમે રસ્તો તો લેતા નથી; રસ્તો પણ લ્યો અને દુઆ પણ લ્યો, બન્ને લ્યો. ખાનાવાદાન.".

## ફરમાન ૩૦૦ મું.

મુંબઇ તા. ૧૨-૨-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટમાં પધારી ફરમાવ્યું :

"રિક્રીએશન શબ્દનો ખરો અર્થ રિક્રીએટીંગ યાને કાંઇક ફરી ઉત્પન્ન કરવું અથવા નવું બનાવવું એવો થાય છે. અમે આશા રાખીએ છીએ કે રિક્રીએશન શબ્દનો ખરો અર્થ ધ્યાનમાં લઇને તમે સમજી શકશો કે ખરૂં રિક્રીએશન એજ છે કે જે શરીરની અંદર નવુ ચેતન આપે છે, અથવા તો નવી જીંદગી મુકે છે.

આ દુનિયામાં તમને તદ્દન ખરી રીતે કહેવામા આવ્યું છે કે, બાઇ માણસોએ ઘણો આગળ પડતો ભાગ લેવો જોઇએ, નહિ તો ભવિષ્ય અમે ઘણું ખરાબ જોઇએ છીએ.

એ ઉપરાંત, પરદેશગમન કરવાની પણ ઘણી જરૂર છે. અમે હમણા ઇસમાઇલી કોમનીજ વાત કરતાં નથી પણ બધી કોમ માટે કહીએ છીએ. પરદેશગમન અને સાહસિકપણાના જુસ્સાને લીધે છેલ્લા ૪૦ વર્ષ થયા ઇસમાઇલીઓ ઝળકી ઉઠયા છે, તે સામાન્ય થઇ પડે અને જે જે ઠેકાણે આપણો મોટો જથ્થો ભેગો થઈ ગયો હોય, તે તે ઠેકાણેથી આપણે નવા મુલ્ક અને નવા ક્ષેત્રો વસાવવા જોઇએ. ઇંગ્લાન્ડે એજ રીતે વરતીને મોટી ફતેહ મેળવી છે.

દેશાટન કરવાથી તેમજ દરેક જગ્યાએ ફરી વળવાથી અમને ખાત્રી છે કે, ઇસમાઇલી કોમનું ભવિષ્ય વિતી ગયેલા જમાના કરતાં વધું સારૂં બનશે.

તમે બધા જાણો છો કે, ઇસમાઇલી કોમના માટે ગયા ૩૦ વર્ષમાં દેશાટન અને વેપારી સાહસોને ઉત્તેજન આપવાની અમે કોશિશ કરી છે.

આફ્રિકામાં હવે પછી રાજદ્વારી અને બીજી મુશ્કેલીઓ ઘણી દેખાય છે, અને આપણે જે કાંઇ મેળવ્યું છે, તે નિભાવી શકીએ તો આપણા માટે તે એક મોટી વાત છે.

દક્ષિણમાં દેશાટન કરવાથી લાભ થાય તેમ છે. નિઝામની સરહદ, બરાડ, મહિસુર એવા દક્ષિણ હિંદુસ્તાનમાં એજ ધોરણે ખિલવણી થઇ છે. આગળ વધવાના આ કેટલાક રસ્તાઓ છે, જે ઉપર ચાલીને કલબના કાર્યકર્તાઓ ઘણું કામ બજાવી શકશે, પણ તે માટે ઘણી જોશભેર ચળવળ કરવી જોઇએ.

જેમ કોઈ સરકારના એલચી, વેપારને લગતી ખબર પુરી પાડે છે, તેવી રીતે તમે પણ કલબની બ્રાન્ચો મારફતે હિંદુસ્તાનનાં એક ભાગમાંથી બીજા ભાગમાં બધી હકીકત પુરી પાડી શકો છો.

આફ્રિકામાં પણ ખેડયા વગરની ઘણી જગ્યા પડેલી છે, જ્યાં જવાથી ઘણો લાભ મેળવી શકાશે. હિંદુસ્તાનમાં પણ તેવી ઘણી જગ્યાઓ છે.

તંદુરસ્તીના માટે તમારે બેદરકાર રહેવું જોઇએ નહિં. બાઈ માણસોની તંદુરસ્તી બાબતમાં પણ પુરતી સંભાળ લેવી જોઇએ, કે જેથી ક્ષય અને છાતીના રોગોથી વિમુખ રહે અને પુરતી હવા મળે, તેટલા માટે બારી બારણા ખુલ્લા રાખવા અને બાગ બગીચામાં જઈને તાજી હવાનો લાભ મેળવવા તેમને સમજાવવા જોઈએ.

ક્ષય અને એવા છાતીના દર્દોનો ફેલાવો આપણી કોમમાંથી ઘણો ઘટયો છે, પરંતુ એ સંબંધીના સાહિત્યનો છુટથી ફેલાવો થાય એ ધોરણે, કલબની બાનુ મેમ્બરોએ બાઈ માણસોમાં જઇ પ્રચાર કરવાથી, હજુ વધુ કાર્ય થઇ શકશે.

હુસનાબાદની માફક ખુલ્લી જગ્યાઓવાળી ચાલીઓ જ્યાં જ્યાં હોય, ત્યાં બપોર પછી બાઈઓનો મેળાવડો થાય, એવી ગોઠવણને ઉત્તેજન આપવું જોઈએ. જ્યાં બધી ખુલ્લી જગ્યા હોય ત્યાં બને ત્યાંસુધી ફુરસદના વખતમાં સંસારીક મેલાવડા કરવા જોઇએ.

અલબતા, એ પ્રમાણે કામ કરવા માટે, બનવા જોગ છે કે જોઇએ તેટલી બાનુ મેમ્બરો ન પણ મળે; પણ તેથી તે તરફ બેદરકાર રહેવું ન ઘટે. બધી ખુલ્લી જગ્યાઓ આવા મેળાવડા માટે વાપરવી જોઇએ. મુંબઈમાં પણ જો એ પ્રમાણે થશે તો તેનો દાખલો બીજાઓ પણ લેશે.'

## ફરમાન ૩૦૧.

મુંબઇ તા. ૧૩–૨–૧૯૨૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે અંધેરીના એક ભાઇને ફરમાવ્યું:

"સોપારી ખાવી ઘણીજ ખરાબ છે. સોપારી ઝેર છે, લોહી ખરાબ કરે છે, લોહીનું પાણી કરે છે; અગર ખાઓ તો ઘણીજ થોડી ખાઓ."

બાદ એક ભાઇને ફરમાવ્યું:

**"વેપારમાં ઠીક ન હોય તો એક જગ્યાએથી બીજી જગ્યાએ જાઓ.** અગર એમ પણ ન બને તો થોડા દહાડા સુધી વેપાર બંધ કરો. ધંધાનો મકસદ નફો કરવાનો છે; અગર ફાયદો નહિ થાય તો બંધ કરો. **જે ધંધો ફાયદાકારક હોય તે ધંધો કરો. નુકશાન થાય તો ધંધાને આગળ ચલાવવાની જરૂર નથી.** ખાનાવાદાન."

## ફરમાન ૩૦૨.

મુંબઇ તા. ૧૯–૨–૧૯૨૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફિદાઇ મંડળને ફરમાવ્યું :

"તમે મિજલસમાં આવો છો, રાતના ઉઠો છો, ઉઠાડવાને જાઓ છો, તકલીફ લ્યો છો, જે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

## ફરમાન ૩૦૩.

મુંબઇ તા. ૨૦-૨-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મહુંમ સુંદરજી કુરજી સંબંધી ફરમાવ્યું :

"મરહુમ ઘણા સારા માણુસ હતા, મઝહબનો પાયો હતા. મઝહબના ઝાડ જેવા હતા. ઘણી ખિદમત કરી છે. ઇસમાઈલી મઝહબમાં એક રૂહ હતા, રોશનાઇ હતી, હવારીયુન જેમ હતા. ખાનાવાદાન."

## ફરમાન ૩૦૪.

મુંબઇ તા. ૨૨-૨-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ઈસમાઇલીઆ સોસાઇટીને ફરમાવ્યું :

"બહાર ગામથી નોકરી અર્થે અત્રે આવતા ભાઈઓને પાછા તેઓના વતન નહિ મોકલતાં બરાડ, દક્ષિણ નિઝામ સ્ટેટ તથા સતારા જીલ્લામાં મોકલવા."

બાદ આઇમીલા ઓટોમોબાઇલ મોટર કંપનીવાળાઓને ફરમાવ્યું:

"સેન્ટ્રલ એશિયામાં મોટરોના વહેવારની ખિલવણીની જરૂર છે, ત્યાં પણ ઈસમાઇલીઓ વસે છે, જેમાંના કેટલાક હાલ મુંબઈમાં છે; તમે તેઓને મોટરોના વ્હેવારના લાભો વિષે સમજાવજો અને મોટરો ચલાવવાનું કામ તેઓમાંના કેટલાકોને શીખવજો."

## ફરમાન ૩૦૫ મું.

મુંબઇ તા. ૨૪-૨-૧૯૨૮.

2 હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કોલાબા જમાતને ફરમાવ્યુ:

"અમારા રૂહાની બચ્ચાંઓને જોઇ અમે ઘણાજ ખુશી થઇએ છીએ."

બાદ, મુખી કામડીઆને ફરમાવ્યું:

"તમે જુવાન છો, અમારા લશ્કરના ઓફીસરો છો. એખલાસ અને મહોબત હશે તો સારૂં થશે."

## ફરમાન ૩૦૬ ઠું.

મુંબઇ તા ૨૯-૨-૧૯૨૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મદ્રાસ જમાતને ફરમાવ્યું :

"અમારા ફરમાન સાંભળી ત્યાં ગયા તેથી અમે ઘણા ખુશી થયા છીએ."

બાદ રંગુનના એક ભાઇને ફરમાવ્યું:

"નાવારસ ઇસમાઇલી બચ્ચાને પોતાના ફરઝંદની માફક સંભાળો. પોતાના ફરઝંદને જેમ કેળવણી આપો છો, ગોદમાં લ્યો છો, તેવી રીતે તેઓને સંભાળો. ખાનાવાદાન."

## ફરમાન ૩૦૭ મું.

મુંબઇ તા. ૧૫-૧૨-૧૯૩૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"સઘળી જમાતોને દુઆ ફરમાવીએ છીએ. તમે બધા રૂહાની બચ્ચાંઓને જોઇ, અમે ઘણુા ખુશી થયા છીએ. તમે અમારા દીદાર કરીને ખુશી થયા છો, તેના કરતા અમે તમને જોઇને વધારે ખુશી થયા છીએ. બહારગામથી જે મહેનત લઇ આવ્યા છે, તેઓને દુઆ આશિષ ફરમાવીએ છીએ.

અમારી હિંદુસ્તાનની પાંચ વર્ષની ગેરહાજરી દરમ્યાન આજ દિવસ સુધી જેટલા શંભા થયા તે બધા શંભાની તમારા દસ્તબોશી કબુલ કરીએ છીએ. તેવીજ રીતે હિંદુસ્તાનના રૂહાની ફરઝંદો ભાઇ ભાઇ નાનાં મોટાં સર્વની દસ્તબોશી કબુલ કરીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૦૮ મું.

મુંબઇ તા. ૧૮-૧૨-૧૯૩૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાન્ડી મહોલ્લા જમાતમાં પધારી ફરમાવ્યું:

"તમો જમાત જે હાજર છો તેઓને દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમો બધી જમાતને જોઇને અમે રાજી થયા છીએ."

સિંધ હઇદ્રાબાદના ભાઇઓને ફરમાવ્યું:

"સિંધમાં સિંધી ભાષા બચ્ચાંઓને શિખવવાની ઘણી જરૂર છે. સિંધ હવે જુદો પ્રાંત થશે ત્યારે ઘણી તરકિક પર આવશે. તમે હમેશાં અમારી ખિદમત કરો છો. અમે તમો જમાતને રાત દિવસ હમેશાં દુઆ કરીએ છીએ. તમે વિચાર કરો કે અમે આફ્રિકા બહુ લાંબા વખતે જઇએ છીએ, માટે તમારે નારાજ થવું જોઇએ નહિ."

ગુઆદર જમાતના ભાઇઓને ફરમાવ્યું:

"ગયા વર્ષે પ્રિન્સ અલી જ્યારે ગુઆદર આવેલ ત્યારે તમે એમની ઘણી ખિદમત કરી હતી અને એવણે તે માટે તમારી અમારા પાસે તારીફ કરી હતી.

તમે જુની જમાત છો, તેની અંદર એખલાસ, મહોબત હોવી જોઈએ; હસદ તથા કિન્નો હોવો ન જોઇએ. હસદ કિન્નો હોય એ ઘણું ખરાબ છે. હિંદુસ્તાનની જમાત થોડી છે, તેમાં પોતપોતામાં જો લડે તો કેમ ચાલે? એમ ખ્યાલ ન કરવો કે આ વોલન્ટીયરનો દોષ છે કે આ ફલાણી પાર્ટીનો દોષ છે.

ધંધા વેપારમાં એક બીજાને મદદ કરવી જોઇએ. પોતાના માણુસોને મદદ કરી ધંધે લગાડો. ત્યાંની બીજી કોમ સાથે તમારે દોસ્તી રાખવી.

તમે તમારી સ્કુલમાં બચ્ચાંઓને ગુજરાતી નહિ શીખવતા ઉર્દુ અને ફારસી શિખાવો.

કેલાત તરફ સરકારી નોકરીમાં જોડાઓ અને વેપારમાં પ્રગતિ કરો. તમે તમારી સ્કુલમાં બચ્ચાંઓને સરકારી કાયદા મુજબ શીખાવો. યુરોપથી જ્યારે અમે હવાઇ વિમાનમાં આવશું ત્યારે તમારે ત્યાં આવશું."

ઇન્દોર જમાતના મુખીને ફરમાવ્યું:

"તમે જમાતખાનું બંધાવ્યું અને જમાતમાં વધારો કર્યો છે, તે માટે અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૦૯ મું.

મુંબઇ તા. ૧૯-૧૨-૧૯૩૩

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગુજરાત મોમીન જમાતને ફરમાવ્યું:

"એ જરૂરનું છે કે નવા ભાઇઓને જુના ભાઇઓએ શાદીમાં મદદ કરવી જોઇએ. જેઓએ શાદીમાં મદદ કરી છે, તેઓએ ઘણું સારૂં કામ કર્યું છે. સગપણુમાં એવી મદદ કરનાર અમને સો વર્ષ મહેમાની કરે તેનાથી પણ વધુ ફાયદો છે. ગુજરાતની બધી જમાતને અમારા તરફથી દુઆ આશિષ કહેજો.

આપણા મઝહબમાં કોઈ સૈયદ હોય, મોટો હોય, નાનો હોય બધા મોમન છે. તમે પણ મોમન છો. **એ લોકો સારા છે કે જેના આમાલ સારા છે.**

ઉંચા ખ્યાલ રાખો. ઇન્સાન છે તેનાથી ભુલ થશે; જ્યારે ઇન્સાન નાની ભુલ કરે છે, ત્યારે અમે મોઢું ફેરવી લઈએ છીએ. પણ લીફ્ટ જેવડી મોટી ભુલ સજાને પાત્ર છે."

મુંબઈની જુનાગઢ જમાતને ફરમાવ્યું:

"આકા શાહ હસનઅલીશાહ જ્યારે હિંદુસ્તાનમાં આવ્યા ત્યારથી જુનાગઢની જમાત ઇમાનમાં મજબુત રહી છે. આખી જમાત અને વઝીર ઇસમાઈલ, વઝીર કાસમ, નાના, મોટા, બાઇ, ભાઈ સર્વેએ અમારા ઘરની ઘણી ખિદમત કરી છે. દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે ઘણા રાજી છીએ કે તમે મુંબઇ આવ્યા છો. ઇમાનમાં પાકા છો અને મજબુત રહેજો."

રંગુન જમાતના અમલદારને ફરમાવ્યું:

"રંગુનની સઘળી જમાતની દસ્તબોશી અમે કબુલ ફરમાવીએ છીએ. છેલ્લે જ્યારે અમારા ફરજંદ રંગુન આવેલ ત્યારે તમે ઘણી ખિદમત કરી હતી. તમે ઘણી મહેનત લીધી છે. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

કરાચીવાળાઓને ફરમાવ્યું:

"તમે કરાચીવાળાઓએ ઘણી ખિદમત કરી છે. સુપ્રિમ કાઉન્સીલ, બધી જમાત, વોલન્ટીયર, બાઈ ભાઇ, નાનાં મોટા સર્વેએ અમારી ઘણી ખિદમત કરી છે. બધાને અમારા તરફથી આશિષ કહેજો. સિંધની બધી જમાતને અમારા તરફથી હકીકી દુઆ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૦ મું.

મુંબઇ તા ૨૧-૧૨-૧૯૩૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મસકત જમાતને ફરમાવ્યું :

"શાબાશ! તમે મસકત જમાત ઘણી હિંમતવાળી છો. મસકતના સુલતાનના રાજ્યમાં તમારા કરતા ઇસનાઅશરીઓની સંખ્યા પંદરગણી વધુ હોવા છતાં, રાજયમાં તમારી ઇજ્જત છે, એનું કારણ એ છે કે તમે રાજ્યને કશી તકલીફ આપતા નથી અને તમે એના ત્રણ ખલીફાઓને ખરાબ બોલતા નથી; એ અમે પસંદ કરીએ છીએ અને એજ અમે ઇચ્છીએ છીએ.

હિંમતથી વેપાર કરો, મોટો નહિ તો નાનો પણ વેપાર કરો. કમિશનનું કામ કરો. અદેખાઇ હસદ નહિ રાખજો. આબાદ રહો."

બાદ એક ભાઇને ફરમાવ્યું:

"ઇન્સાનના ગુજરી જવા માટે મોમનને અફસોસ ન હોય. દુનિયામાં એવું બન્યા કરે છે કે આવે અને જાય. સબર કરો, મોમને અફસોસ કે ગમ નહિ કરવો જોઈએ.

પોતાના ધંધામાં મશગુલ રહેજો. સટ્ટો હરગીજ નહિ કરતા. સટ્ટો નથી રમતા તે ઘણું સારૂં છે. સટ્ટાનું કામ કોઇએ કરવું નહિં જોઈએ. સટ્ટો બહુ ખરાબ છે."

રાજકોટના એક ભાઇને ફરમાવ્યું:

"તમે રાજકોટના વતનીઓને જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. તમે હમેશાં સંપ સલાહ, રાજી ખુશીમાં હો તે જોવા અમે ઇચ્છીએ છીએ. તમે જયારે પોતાને ગામ જાઓ ત્યારે અમારા ઘણાં ઘણાં પ્રેમભર્યા દુઆ આશિષ કહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૧ મું.

મુંબઇ તા. ૨૨-૧૨-૧૯૩૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બુરહાનપુર જમાતને ફરમાવ્યું:

"તમે ઘણી જહેમત લઇ આવ્યા છો, જે માટે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ખુલ્લી રીતે બહાર પડયા છો, એ ઘણુંજ હિંમતનું કામ કર્યું છે. અમે દુઆ કરીયે છીએ કે, તમારી જમાત ઘણી વધશે. ૩૦૦ કાચા કરતાં ૩૦ પાકા વધારે છે. એક પાકો માણસ, એકસો કાચા કરતા વધારે છે. નામ બદલાવેલ છે, હિંમત કરી છે. શાબાશ.

સી. પી. જમાતની ફરજ છે કે આ લોકોને સગપણના કામમાં મદદ કરવી. શાદી કરવા માટે બહુ તકલીફ છે. બને તેટલી મદદ આપવી. ક્રિશ્ચીયન લોકો પોતાના માણસોને કેટલી મદદ આપે છે? આ લોકોને ગુપ્તી નહિ કહો; નામ બદલાવ્યા પછી ખલાસ થયું. નામ બદલાવ્યા તેના કરતા વધારે શું જોઈએ.? બધા રૂહાની ફરજંદ છે. આ લોકો પણ રૂહાની ફરજંદ છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૨ મું.

મુંબઇ તા. ૩૧-૧૨-૧૯૩૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ભાવનગર જમાતને ફરમાવ્યું :

"તમે ઘણે છેટેથી આવ્યા છો, ઘણી મહેનત લીધી છે, તેનો બદલો આ દુનિયામાં તથા પેલી દુનિયામાં મળશે. તમો બધાને જોઈ અમે ઘણાં ખુશી થયા છીએ. તમને જોઈ અમારી આંખો ઠંડી થઇ છે. બાઈ ભાઈ નાના મોટાને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

વારસ ઇસા, નુરનો વાવટો હતો; ઇસા વારસના વખતમાં ત્યાં ખાતે મઝહબનો ફેલાવો ઘણો નહિ હતો. વારસ તથા દાઉદ ખાનમામદ તથા બીજા ચાર પાંચ જણાઓએ ધર્મનો સારો ફેલાવો કર્યો હતો. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૩ મું.

મુંબઇ તા. ૧-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે મોટા જમાતખાનાના સમીસાંજના પંજેભાઇઓને ફરમાવ્યું :

"તમે ઘણી ખિદમત કરી છે. અમે બહુજ રાજી છીએ. જુવાનીયાઓએ સાંજના વખતે જમાતખાનામાં હાજરી આપવી એ બહુજ જરૂરનું છે."

ફ્રન્ટીયર જમાતને ફરમાવ્યું:

"તમે અમારા ફરમાન મુજબ ચાલી હિંમત કરી નામ બદલાવ્યા, બહાર પડયા, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમને જોઇ અમે ઘણા રાજી થયા છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૪ મું.

મુંબઇ તા. ૩–૧–૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સીંધના એક અમલદારને ફરમાવ્યું :

"તમે આપણા ભાઈઓને મદદ કરીને ખેતીવાડી કરવા માટેં જમીન ભાગમાં આપી છે, તે સારૂં કામ કર્યું છે; પણ કોઈને નોકરી બતાવવી તે પણ ઘણું સારૂં અને ફાયદાકારક છે. આસ્તે આસ્તે બધા જમીનદાર થઇ જશે. હાલ વખત બહુ ખરાબ છે. ઉતાવળે ન થાય. આસ્તે આસ્તે પ્રગતિ થશે; થોડા વર્ષ લાગશે.

ઝબાન ફારસી વાપરવાનું ચલણ રાખો; ગુજરાતી કાઢી નાંખો. જ્યારે સિંધ છુટું થશે ત્યારે બહુ પ્રગતિ થશે. સિંધ ઇસલામનો પાયો છે. બધું ત્યાંથી થયું છે. આકા શાહ હસનઅલીશાહ પણ પહેલે સિંધમાં આવ્યા હતા. અમારો જન્મ પણ સિંધમાં થયેલ છે.

તમારે સઘળાએ કેળવણી લેવી જોઇએ. મુસલમાનો કેળવાયલા હશે તો ધર્મ પણ સાંચવી શકશે. પાકું શિક્ષણ હશે તો કોઇ ખરાબ કરી શકશે નહિ અને મઝહબમાં પણ તેને કોઈ ગોથું ખવાડી શકશે નહિ.

અમારા સિંધના બચ્ચાંઓને હમેશાં યાદ કરીએ છીએ. અમારા તરફથી બધાઓને દુઆ આશિષ કહેજો ખાનાવાદાન."

## ફરમાન ૩૧૫ મું.

મુંબઇ તા ૪-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાન્ડી મહોલ્લા ગુરૂવારના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે પંજેભાઇઓ જવાન છો. હૈયાતી સુધી અમારા ઘરની સેવા કરજો અને અમારા રૂહાની ફરજંદ તરીકે રહેજો. રૂહાની પિતા હાઝર ઇમામને ભુલીં નહિ જજો. તમે તમારા રૂહાની પિતાની યાદમાં હમેશાં રહેજો અને ખિદમત કરજો.

મિજલસમાં હાજરી ૫૦ ટકા હોવી જોઇએ, અમારા બચ્ચાંઓને કહો કે ૫૦ ટકા હાજરી હોવીજ જોઇએ. પંજેભાઇઓ હમેશાં હાજરી આપે."

મરચી મસાલાવાળા પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે પંજેભાઈઓ લગભગ ૫૦ વર્ષ થયા ખિદમત કરો છો. તમે તમારા રૂહાની પિતાને ભુલી નહિ જજો. હમેશાં યાદ કરતા રહેજો. અમે હમેશાં તમને યાદ કરીએ છીએ. તમેં સઘળા ફરમાન બરદાર છો."

મદ્રાસના એક અમલદારને ફરમાવ્યું:

"આપણા અખબારના યાને પેપરના અધિપતીઓને મળીને વેપાર સંબંધી પેપરોમાં પ્રોપેગેન્ડા કરો અને બહાર કાઠીયાવાડ વિગેરેને વેપારના સમાચાર આપો. ટ્રાવનકોર, કોચીન, ટ્રીવેન્ડ્રમ વિગેરેમાં ધંધાનું ક્ષેત્ર સારૂં છે. ત્યાંના સમાચાર બહાર પાડો. અમે તમને આગળ પણ એ વિષે ફરમાન કરેલા હતા. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૬ મું.

મુંબઇ તા. ૫-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કુરલા જમાતને ફરમાવ્યું:

"તમે જમાત હિંમતવાળી છો. બહુ જહેમત લ્યો છો. સવાર સાંજ જમાતખાને આવો છો, ખિદમત કરો છો. અમે ખુશી છીએ.

તમે જમાત હમેશાં સહકાર અને સલાહ સંપથી વર્તજો અને સલાહ સંપથી સેવા કરતા રહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૭ મું.

મુંબઇ તા. ૯-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોટા જમાતખાના સુબુહના પંજેભાઇઓને ફરમાવ્યું :

"મિજલસમાં હાજરી ઓછામાં ઓછી ૫૦ ટકા હોવીજ જોઇએ. તમે સવારમાં વહેલા ઉઠીને અમારૂં નામ લ્યો છો, ઇબાદત કરો છો, તેથી તમારો આખો દિવસ નુરાનીમાં જાય છે."

શાહતુરેલ જમાતને ફરમાવ્યું:

"હલાલથી કામ કરશો તો ઘણો ફાયદો થશે. હિસાબ સાફ રાખજો. ઝાઝા નફા સામે નહિ જોજો. ગરીબનું ભલું થાય અને તેનો હક બરાબર મળે તેમ કરજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૧૮ મું.

મુંબઇ તા. ૧૧-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બરાડ તરફના એક ભાઇને ફરમાવ્યું :

"ઇન્સાનના મરણ પછી રડવાથી શું ફાયદો થશે! હવે રડવાથી પાછો આવશે નહિ; સબર કરો, દિલગીર નહિ થાઓ.

ઇમામના ચરણે જે સેવા કરે છે, જે અંહીયા સારો છે, તેને ત્યાં પણ સારૂં છે. જે અંહીયા ખરાબ છે, તે ત્યાં પણ ખરાબ છે, જે ધર્મ પ્રમાણે ચાલે છે તેને ત્યાં પણ સારૂં છે. ખાનાવાદાન."

૧૯

## ફરમાન ૩૧૯ મું.

મુંબઈ તા. ૧૫-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મરહુમ વઝીર મુખી મેઘજીના સંબંધમાં ફરમાવ્યું:

"મરહુમ વઝીરે અમારી ઘણી ખિદમત કરી છે. દિલોજાનથી પોતાની જીંદગી અમને અર્પણ કરી હતી. જમાતખાનામાં એમનો ફોટો રાખવામાં આવે કે જેથી મોમન શખસો જુએ અને એમની સેવાનો ધડો લે. કરાચીમાં પણ અમે એ માટે ફરમાન કરેલ છે."

દરખાના પંજેભાઇ ટોળીના એક અમલદારને ફરમાવ્યું:

"બુધવાર અને રવીવારનાં પંજેભાઈઓની મિજલસ એક કરી નાખવાની ઇચ્છા છે તે ઘણું સારૂં છે; અમે તેની બહાલી આપીએ છીએ.

ઝાઝી ટોળીઓ હોય અને મિજલસમાં માણસોની હાજરી ઓછી થાય તેના કરતાં આ પ્રમાણે એક કરવું સારૂં છે અને તેથી હવે રવીવારના દિવસે મિજલસ કરવી અને બુધવાર અને રવીવારના પંજેભાઇઓએ સાથે મળી જવું અને તેનું નામ "આતબુધ" પંજેભાઇ રાખવું. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૦ મું.

મુંબઇ તા. ૧૬-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ખોજા જમાતને ફરમાવ્યું:

"જમાતને અમે હમેશાં દુઆ કરીએ છીએ, અમારી ઘણી ખિદમત કરેલ છે. આફતાબ પણ સારી ખિદમત કરે છે.

અખબાર છે તે જીભ છે, અખબાર નથી તો જીભ નથી. સઘા પર ફરજ છે કે પેપરને મદદ કરવી.

દુનિયાની અને મઝહબની ખબરો પેપરમાં આપવી. વેપારની, ભાવતાલની અને નાણા સંબંધી જાહેરાત પેપરમાં આપવી. પેપરવાળાનું આ કામ છે. એથી મઝહબને ફાયદો થાય છે. પોતાના ધંધા માટે વેપારીઓ જાહેર ખબર આપે એથી ફાયદો પહોંચે છે.

દેશાટનની ઘણી જરૂર છે. કેટલાક વ્હેમી લોકો ખોજા કોમ ઉપર બચ્ચાંઓનું તહોમત ચડાવે છે, એનો જવાબ શું હોય? એ હસવા જેવી—શરમ ભરેલી વાત છે. એના ઉપર ક્રોધ નહિ કરતાં એમને કહો કે એ ખ્યાલ નાદાની ભરેલો છે અને એ મુર્ખાઈ ભરેલી વાત છે.

ખાહેશ દેખાડે તેને આપણો મઝહબ દેખાડવો. મઝહબ અનાદિનો છે, તેમાં સુધારો થઈ શકતો નથી.

મઝહબને મુકી દેવો, યા કબુલ કરવો એ ખુશીની વાત છે. એ એવી ચીજ નથી કે જે દરેક વખતે બદલાય. મઝહબ આસમાનથી આવ્યો છે. વિશ્વાસ ન હોય તે મુકી દે. તેમાં નુકશાન નથી."

મિશનનું કામ કરતી એક બાઈને ફરમાવ્યું:

"અમે તમને જોઈએ છીએ ત્યારે બહુ ખુશી થઈએ છીએ તમારા જેવી એક મોમન દશ મોમનની બરાબર છે. શાબાશ."

સિંધ સાકરાવાળી નવી ઇસમાઇલી બાઈને ફરમાવ્યું:

"તમે અમારા રૂહાની ફરજંદ છો. અમારા શરણે આવ્યા, અમારા રૂહાની બચ્ચાં થયા. તમે જન્મથી ઇસમાઇલી નથી, પણ તમે ઘણા નસીબવાળા હોવાથી હાલ તમે ઇસમાઇલીમાં દાખલ થયા છો. તમને જોઈ અમે ઘણા ખુશી થઈએ છીએ. તમે હિંમતવાળા છો અને મર્દથી વધારે છો. તમારી ખિદમત જોઇ ખુશી થયા છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૧ મું.

મુંબઇ તા. ૨૯-૧-૧૯૩૪

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે દરખાના ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું :

"પંજેભાઇના ઓફિસરો આગળ આવો અને હાજરીનો ખુલાસો કરો. મિજલસમાં હાજરી ઘણી ઓછી છે. ૨૫ ટકા હાજરી જોઇએ. ઓછી હાજરીનું શું કારણ છે? હાલના સંજોગોમાં પંજેભાઇઓની ઝાઝી ટોળીઓ હોવાથી શું ફાયદો? ટોળીનું પ્રમાણ ઓછું કરવું જોઇએ. તમે એક કરી શકતા નથી? હિંદુસ્તાનમાં પહેલે આતવારના પંજેભાઇઓની સ્થાપના થઈ અને તે બહુજ મજબુત હતી. તમારી ચાંદરાતના પંજેભાઇની ટોળીમાં માત્ર એકસો પંજેભાઈનીજ હાજરી છે અને જે મહિનામાં એક વખતજ મિજલસ થાય છે.

ચાંદરાતના પંજેભાઇઓએ પોતાને મિશનરી સમજવું અને મિજલસમાં હાજરી આપવી. ચાંદરાતના પંજેભાઇઓની મકસદ એ છે કે, જેઓ પંજેભાઈ હોય અને જમાતખાનામાં હાજરી ન આપતા હોય, તેઓને સમજાવી જમાતખાનામાં હાજરી આપે તે માટે કોશિશ કરવી. એ પ્રમાણે સમજાવવાથી હાજરી વધીને ત્રણ ગણી થશે.

**દરેક મોમને પોતાને મિશનરી સમજવાની ફરજ છે.**

પંજેભાઇઓ હાજરી નથી આપતા તેઓની સાથે દોસ્તી કરીને તેઓને જમાતખાને લાવવા."

કાન્ડી મહોલ્લા શનીવારના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે જવાન છો, બધા મિજલસમાં બરાબર આવો. દરેક પંજેભાઈની ફરજ છે કે, મિજલસમાં બરાબર હાજરી આપે. હિંમત

રાખો. ઓછામાં ઓછી પચાસ ટકા જેટલી હાજરી ચોકસ હોવી જોઇએ. તમારી પાસેથી અમારે ઘણી સેવા લેવાની છે."

આફ્રિકાના વતની મિશનરી તરીકેનું કામ કરતા એક ભાઇને ફરમાવ્યું:

"મિશનરીનું કામ અને સ્કુલ માસ્તર તરીકેનું કામ ઘણું સારૂં છે. જુવાન માણસોએ મિશનરી તથા સ્કુલ માસ્તરના કામ ઉપર ધ્યાન આપવું જોઇએ."

એક બાઇએ મેટ્રિક પાસ કરેલ હોવાની વિગત રજુ થતાં ફરમાવ્યું:

"અમારી રૂહાની છોકરીઓ આ પ્રમાણે શિક્ષણ લે એથી અમે ઘણા રાજી થઇએ છીએ. વધુ અભ્યાસ કરી એજ્યુકેશન ઇન્સપેક્ટર થાઓ તો રૂા. ૨૦૦-૩૦૦-૪૦૦ જેટલો પગાર મળે."

કાન્ડી મહોલ્લા પાણી કુંપનીના પંજેભાઇઓને ફરમાવ્યું:

"હમેશાં અમારા રૂહાની મોમન ફરજંદ તરીકે રહેજો. તમે નાના બચ્ચાંઓ મહેનત અને તકલીફ લ્યો છો, તે માટે દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમે જમાતને પાણી પાઓ છો અમે તમને રૂહાની ઘટપાટ આપીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૨ મું.

મુંબઇ તા. ૩૦-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક બાઇને ફરમાવ્યુ:

"તમે બહુ સારૂં કામ કરો છો અને તમે ઘણાં હુન્નરમંદ છો. સો મર્દના બરાબર છો.

અમે ફરમાવીએ છીએ કે જેનો મરદ ગુજરી ગએલ હોય, વિધવા હોય અને જેને ફરજંદ નહિ હોય અને ખાલી ટાઇમ પસાર કરતા હોય, બિમાર હોય તેઓ આવા કામમાં મદદ કરે; બચ્ચાં સંભાળવા, શાદી કરી આપવી, નાવારસ હોય તેની સંભાળ લેવી, એનાથી તંદુરસ્તી રહેશે અને બિમારી નહિ થાય.

મિશનરી લોકોને વાજબ છે કે અમારા આ ફરમાન જમાતમાં બધી જગ્યાએ કહેવા. ખાનાવાદાન.''

## ફરમાન ૩૨૩ મું.

મુંબઇ તા. ૩૧-૧-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ધાનધાર અને પાટણવાડા ડીસ્ટ્રીકટની કાઉન્સીલના મેમ્બરો, ડીવીઝનના મુખી કામડીયા તથા જમાતને ફરમાવ્યું:

"કાઉન્સીલના મેમ્બરો, પંજેભાઇઓ તથા જમાતમાં સંપ નથી. કાઉન્સીલ ઇન્સાફથી કામ કરતી નથી, એ ઘણું ખોટું છે. તમે એક બીજામાં કજીયા કરો છો, તમે એક બીજાને નિંદો છો, આ કામ ઘણું ખોટું છે. તમારા કજીઆ અને ઝગડાની બાબત સાંભળી અમને ઘણું લાગી આવ્યું અને ઘણો સંતાપ થયો.

અમે તમને ૪૦ વર્ષથી જાહેર રીતે જાણીએ છીએ. જેમ તમે મોમનનો ઇલ્કાબ ધરાવો છો તેવાજ તમારા સારા કામ હોવા જોઇએ. તમે એક બીજામાં પક્ષપાત કરો છો, એ ઘણું ખરાબ કામ કહેવાય. તમે એક બીજાની કન્યા ઉપાડી જાઓ છો તે ઘણું ખરાબમાં ખરાબ કામ છે.

જો તમે આપસ આપસમાં સંપ સલાહ નહિ કરશો તો તમારી તંદુરસ્તી, તેમજ માલમાં બરકત થશે નહિ. જો તમે સંપ સલાહ કરશો તો તમારા જાન અને માલમાં બરકત થશે.

પંજેભાઇઓને લાજમ છે કે કાઉન્સીલનાં બાજુબંધ થાય. એવું ન થવું જોઇએ કે, કાઉન્સીલ પર તમે હુમલો કરો. જો તમે દોસ્ત થઇને હુમલો કરશો તો દુશ્મન શું નહિ કરે? એટલે દુશ્મનો વધુ હુમલો કરશે. પંજેભાઇઓને લાજમ છે કે કાઉન્સીલને મદદ કરે તમારા બંધારણમાં આજે અમે થોડો સુધારો કરીયે છીએ, તમે તે મુજબ અમલ કરજો અને ઇજ્જત કરજો.

અમારા હુકમ અને ફરમાન પ્રમાણે ચાલશો તો તમે આબાદ અને સુખી થશો અને જો નહિ ચાલશો તો દુઃખી થશો અને હવેથી તમે જુની બાબતો ભુલી જાઓ."

જામનગરવાળી એક બાઇને ફરમાવ્યુંઃ

"તમારા ફરજંદને લાજમ છે કે, પહેલે ધંધો કરે, પછી જમાતખાને જાય અને પછી ટાઇમ મળે તો હરવા ફરવા થોડો વખત જાય. ખાલી હરવા ફરવામાં કાંઇ સાર નથી. પારસી, અંગ્રેજનો દાખલો લ્યો.

બીઝનેસ પર બરાબર ધ્યાન આપો. કુટુંબમાં મોટો હોય તેણે આખા ઘરનો ખ્યાલ પહેલે રાખવો જોઇએ."

અંધેરી શનીવારના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે સર્વે રૂહાની બચ્ચાંઓને રૂહાની પિતા તરીકે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

અમે તમારા દુનિયાના પિતા નહિ પણ રૂહાની પિતા છીએ. તમે અમારા રૂહાની બચ્ચાં છો, તમે જેટલી મહોબત તમારા દુન્યવી માબાપ સાથે રાખો છો, તેથી એક હજાર ગણી મહોબત અમારા તરફ રાખો. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૪ મું.

મુંબઇ તા. ૨૦-૨-૧૯૩૪.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મુંબઇની સેન્ટ્રલ પંજેભાઇ કમિટીને ફરમાવ્યું :

"તમે પંજેભાઈ કમિટી હમેશાં સેવા કરતા આવ્યા છો તેજ પ્રમાણે સેવા કરતા રહેજો. જુવાન લોકોને ઉત્તેજન આપજો. **દરેક પંજેભાઇએ પોતાને મિશનરી સમજવો.** હમેશાં અંહીતંહી જવું. મઝહબની સચ્ચાઇ સમજાવવી. રસ્તો બતાવવો. દરેક પંજે-ભાઈની ફરજ છે કે, પોતાના દોસ્ત બિરાદર જે જમાતખાને ન

આવતા હોય, મિજલસમાં ન આવતા હોય તેઓના ઘેર અથવા દુકાને જઇ સમજાવવા.

તમે એમ નહિ સમજતા કે, એ કામ મિશનરીઓનું છે, પણ **દરેક પંજેભાઈ પોતે મિશનરી છે** અને આ બાબતમાં મિશનરી જેટલી જ તેની ફરજ અને જવાબદારી છે.

તમે હિંમત કરો. મુંબઇ ટાપુમાં ૮૦૦૦ પંજેભાઇઓ છે. જો તમે સહકાર કરી, ધાર્મિક બાબતમાં પ્રચાર કરશો તો એ આઠ હજાર પંજેભાઇ આઠ લાખથી પણ વધારે છે.

તમે બીજા મુસલમાનો સાથે સહકાર કરો, જરૂર સહકાર કરો. એ લોકો સાથે સહકાર કરવાની જરૂર છે.

પંજેભાઇ કમિટીના બધા મુખી કામડીયા ઉપર ફરજ છે કે, દરેક પંજેભાઈને ઘરે જઇ રૂબરૂ મળી તેઓની ફરજ સમજાવવી, મિજલસમાં લાવવા, પોતાની ટોળીને હાથમાં રાખવી. ટોળીના બધા મુખી કામડીઆની ફરજ છે કે, લશ્કરને પિછાણ કરાવે; કારણ તમે સરદાર છો; પિછાણ વગર નકામું છે. તમારી એ ખાસ ફરજ છે. એમ નહિ થાય કે મુખી કામડીયા ઘરે બેશી રહે.

અગર મિજલસો વધારે હોય અને હાજરી ઓછી હોય, તકલીફ થતી હોય તો, તેવી મિજલસોને એક બીજા સાથે જોડી આપો જે પ્રમાણે, અંગ્રેજ લોક બે રેજીમેન્ટને એક બનાવે છે, તે પ્રમાણે એક બનાવવી. જ્યાં ઓછી હાજરી હોય તેઓને સાથે જોડી દેવી.

મુખી કામડીઆ પર ખાસ ફરજ છે કે, ગેરહાજરી હોય તો પંજેભાઇઓને હાજરી આપવા માટે પુરતી કોશિશ કરી સમજાવવા.

રોમન કેથોલીક માફક, જેઓ ચર્ચમાં નથી આવતા તો પાદરી લોક ઘરેઘર જાય છે અને પુછે છે, "શું તકલીફ છે? તે પ્રમાણે તમે ઘરેઘર જાઓ અને સમજાવો. ખાનાવદાન."

## ફરમાન ૩૨૫ મું.

મુંબઇ તા. ૨૧-૨-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઈમામે ઓરમાડાવાળા એક ભાઇને ફરમાવ્યું:

"તમે મોમન શખ્સ ખિદમત કરો છો. તમે અમારા રૂહાની ફરજંદ છો.

કાયદો છે તે પાયો છે. કાનુનમાં ફેરફાર કરવાની જરૂર હોય તો અમને કહો.

કિસ્સો છે, તેમા રડવું કુટવું છે. તેમાં કાંઈ ફાયદો નથી. હઝરત ઇમામ હુસેને ઈસ્લામ માટે જાન આપી, બહાદુરી બતાવી. એવા બહાદુરીના કામ કરો, સારા કામ કરો. બીજા માણસોને મઝહબમાં લાવો. હઝરત ઈમામ હુસેને આવા કામ માટે જાન આપી છે, નહિ કે રોવા પિટવા માટે જાન આપી; કિસ્સાની બદલીમાં બીજા સારા કામ કરો. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૬ મું.

મુંબઇ તા. ૨૨-૨-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે મોમીન જમાતને ફરમાવ્યું:

"મોમીન જમાતથી અમે રાજી અને ખુશી છીએ. અમે વિક્ટોરીયાવાળાને જ્યાં જ્યાં જોઇએ છીએ ત્યાં ઘણા રાજી થઈએ છીએ.

અમારી વર્ષગાઠને દિવસે તમે ધધો બંધ કરો છો તે બરાબર નથી, પણ વધારે કામ કરો. પહેલાં તો અમને લાગ્યું હતું કે, સાલગ્રેહને દિવસે તમે મહુજ ફાયદો કર્યો હશે, પણ પાછળથી જાણ્યું કે તમે કામકાજ બંધ રાખ્યું હતું.

ઘોડાગાડીવાળાને સાલગ્રેહને દિવસે ધંધો કરવાની અમે છુટ આપીએ છીએ."

આગાખાન ક્રિકેટ કલબના મેમ્બરોને ફરમાવ્યું:

"તમે વર્ષમાં બેથી ત્રણ જાહેર મેળાવડા કરો અને તેમાં સ્કુલના બધા બચ્ચાંઓ, સ્કાઉટો વિગેરેને સામેલ કરો.

તમે બીજી ભાઇબંધ કોમ, ખાસ કરીને વ્હોરા તથા મેમણ કરતાં વધારે એજ્યુકેટેડ છો.

અમને તમારામાં ઘણી આશા છે. તમે જુવાન છો અને તમે ઘણું કરી શકો તેમ છો. તંદુરસ્ત શરીર અને મનથી ઘણા આગળ વધી શકશો. જુઓ, બીજી કોમોમાં વહોરા મુસ્લિમોમાં આગળ પડતા છે.

તમે ખોજા લોકો પૈસાદાર છો, છતાં ઘણા પાછળ છો. પૈસો જે કરી શકે છે તેના કરતાં મન તથા શરીર ઘણું વધારે કરી શકે છે.

અમે ઇચ્છીએ છીએ કે, તમે આગળ વધો, જગ્યા મેળવો. તમે સઘળા એકત્ર થઇ કામ કરજો. અમે તમો બન્નેને સહકારથી કામ કરાવવા માંગીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૭ મું.

રંગુન તા. ૧૩-૩-૧૯૩૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે ઘણાખરા વેપારી છો, અને ભવિષ્યમાં તમારા બચ્ચાં પણ વેપારી બનશે, તે માટે તમારા બચ્ચાંને સારી તાલીમની જરૂર છે.

તમે બરમાના મુલ્કમાં રહો છો, એટલે તમારે બરમીઝ ભાષા જાણવાની ખાસ જરૂર છે. નાના બચ્ચાંને દીનની તાલીમ દેવાની જેટલી જરૂર છે, તેટલીજ બરમીઝ ભાષા શીખવવાની જરૂર છે. મોટા છોકરાઓ જેઓએ નિશાળ છોડી દીધી છે તેઓને માટે હરકત નહિ, પરંતુ નિશાળમાં જે બચ્ચાં ભણે છે, તેમને તો આ ભાષાનું જ્ઞાન જરૂર આપવુંજ જોઇએ, કારણ કે જ્યારે બરમાં છુટું થશે ત્યારે બરમીઝ ભાષા ઘણીજ અગત્યની દેખાશે અને જો તમારા બચ્ચાં બરમીઝ શીખેલા હશે તો તેઓને મુશ્કેલી પડશે નહિ. ગામડાઓમાં રહેતાં બચ્ચાઓને બરમીઝ સ્કુલમાં મોકલો."

રંગુનથી રવાના થતી વખતે જમાતખાનામાં પધારી ફરમાવ્યું:

"અમારા શરીરના વાળની માફક રંગુન જમાતને હમેશાં અમારી નજીક સમજીએ છીએ. રૂહાની પિતા પોતાના ફરજંદને ભુલી જતા નથી અને ફરજંદની ફરજ છે કે, તેઓએ પોતાના રૂહાની પિતાને ભુલી જવું નહિ. તમે અંહીયા જેમ અમારી નજદીક બેઠા છો, તેમ ત્યાં પણ અમારી નજદીક બેઠા હશો."

બાદ બાઇઓને ફરમાવ્યું:

"તમે ઘરમાં ખર્ચ ઘણો ઓછો રાખજો. મોટરગાડી હોય તો પણ જમાતખાને તો ચાલીનેજ જવું. ઘરમાં પહેરવા માટે સાદા અને સસ્તા કપડા રાખો. મેળાવડા અથવા પાર્ટીમાં જવા માટે એક સાડી રાખવી, તમારા કપડાનો રંગ પણ સાદો હોવો જોઇએ.

સુવાવડ ઘરમાં નહિ કરતાં પબ્લીક હોસ્પિટલમાં જવું; કારણકે ત્યાંની સારવારથી તમારા બાળકો સુખી અને તંદુરસ્ત નિવડશે.

રંગુન જમાતને હરહમેશાં અમારી નજદીક સમજીએ છીએ. તમે બધા અમને ઘણા વહાલા છો. તમને અમે ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

રંગુનથી રવાના થતી વખતે સ્ટીમર પર કદમ મુબારક કરીને જમાતને ફરમાવ્યું:

"જુઓ, આ બેગમ સાહેબા છે, એવણુ પાસે શું નથી?! તેઓ ખર્ચ કરવા માંગે તો, ખર્ચી શકે તેમ છે, તેમજ બધું પહેરી શકે તેમ છે, પણ જુઓ એવણુનો ડ્રેસ કેટલો સાદો છે?! બાઈઓ માટે આ દાખલો લેવા જેવો છે. જેવી રીતે પોતાનો ધણી ખર્ચ કરાવે તેવી રીતે ખર્ચ કરવો.

આજે દુનિયામાં બેકારી ચાલે છે અને તે હજી પાંચ વર્ષ સુધી રહેશે. તે દરમિયાન થોડું ઘણું સારૂં થશે, બગડયું છે તેના કરતાં વધારે નહિ બગડે.

કોઇપણ ઇસમાઈલીએ સટ્ટો કરવો નહિં

કેટલાક માણસો અમારી પાસે અરજ કરે છે કે, વેપારમાં નુકશાન થયું છે, માટે દુઆ કરો કે અમને ફાયદો થાય. તમે ઘણાખરા કાઠિયાવાડથી આવેલા છો. તમારી પોતાની અસલ સ્થિતિનો વિચાર કરો. કેવી હાલતમાં આવ્યા હતા અને હાલમાં તમારી કેટલી સારી હાલત છે?!

અત્યારે બેકારીના સબબથી આખી દુનિયા દુઃખી છે; માટે કુદરત જે હલતમાં રાખે તેમાંજ સંતોષ માનવો.

અંગ્રેજો અથવા બીજી શિક્ષણુ પામેલી કોમો તરફ નજર કરો. તેઓ પાસે લાખો રૂપિયા છે, છતાં નોકરી કરે છે; માટે તમારી ફરજ છે કે, વેપારનું જોખમ વહોરી લેવા કરતાં, નોકરી કરવી સારી છે, પણ જેઓ વેપાર કરે છે અને પોતાની પાસે જે મુડી હોય તે તમામ વેપારમાં ન રોકતાં, થોડી મુડી અલાહેદી રાખવી અને વેપારમાં રોકેલી રકમમાંથી ફાયદો કરવો.

અલગ મુડી રાખવાથી તમારામાં મજબુતી અને હિંમત રહેશે. કેટલાક શખસો પોતાની બધી મુડી વેપારમાં રોકે છે અને નુકશાન જતાં પાયમાલ થાય છે, તો તેમ થવું જોઇએ નહિં.

કેટલાક માણસો અમારી પાસે આવીને આજીજી કરે છે કે દુઆ કરો; પરંતુ અમે રંગુન જમાતને હમેશાં દુઆ કરીયે છીએ, માટે સંતોષ પકડો. જુઓ કે, બાજ પક્ષી પક્ષીઓનો રાજા કહેવાય છે. તે પક્ષી, પોતાની જરૂરત જેટલુંજ ખાય છે અને વધું ખાવા જતાં તેને મરણને શરણ થવું પડે છે.

કુદરતે તમારા માટે જેટલું નિર્માણ કર્યું હોય, તેમાંજ સંતોષ માનો; વધુ લેવા જતાં નુકશાનીમાં ઉતરી જશો. ખાનાવાદાન."

## ફરમાન ૩૨૮ મું.

મુંબઇ તા. ૮-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મસકત જમાતને ફરમાવ્યું :

"ગયે વર્ષે અમારી ઉપર બહુ અરજીઓ આવી હતી કે, કાઉન્સીલ બરાબર કામ કરતી નથી.

મોટું ગામ હોય, પાંચેક હજારની વસ્તી હોય તો જુદી વાત છે, પણ નાની જમાતમાં સંપ સલાહ ન હોય તે ઠીક ન કહેવાય. તમારે હિંદુ મુસલમાન સાથે સંપ સલાહથી રહેવું જોઈએ આટલી નાની જમાતમાં ૫-૧૦ પાર્ટીઓ હોય તે ઠીક નથી. હિંદુ મુસલમાનને શા માટે દુશ્મની હોવી જોઇએ? બધા સાથે સંપ સલાહથી ચાલો. તમારાથી યુરોપિયનો પણ નારાજ છે."

બરાડ સતસંગીયા પંજેભાઇઓને ફરમાવ્યું:

"અમારી હમેશાં દુઆ છે. તમે પણ હિંમત કરો. નિઝામના મુલ્કમાં ઘણી જમીન વધારે છે. આગળ વધો. નિઝામ તરફ આગળ વધો, ચાન્સ મળશે. ત્રીસ વર્ષ અગાઉ ત્યાં કોઈ નહતું.

વેપારમાં મંદી બધે ઠેકાણે છે. પાછળથી સારો વખત આવશે. વેપાર ધંધા પર બરાબર ધ્યાન આપો. વેપારી વેપાર પર બરાબર ધ્યાન આપે. નોકર પોતાના શેઠની બરાબર સેવા બજાવે.

બચ્ચાંઓને સ્કુલમાં બરાબર મોકલજો. શીખવવા પર બરાબર ધ્યાન આપજો અને દરેક માણસ પોતાના ધંધામાં હોશિયાર રહે.

તમે અમારા રૂહાની ફરજંદ છો. હમેશાં ઈબાદત કરો. ધર્મ ઉપર મજબુત રહો. ખાનાવાદાન"

## ફરમાન ૩૨૯ મું.

મુંબઇ તા. ૯-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પંજાબ કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"અમે દુઆ કરીએ છીએ. બધા એકજ ગામમાં રહો તેના કરતાં જ્યાં નવા ગામ હોય, ત્યાં વેપાર ધંધા માટે જાઓ. જ્યાં નહેર થએલ છે, ત્યાં જાઓ. આખા હિંદુસ્તાનમાં પંજાબમાં પાણી વધારે મળે છે.

દરજીનું કામ કરો. ખોજા લોકો મરચી મસાલાનુ કામ કરે છે. હોટલ છે એવું કામ કરો. નવા ગામોમાં જાઓ, હોટલ કરો. હમેશાં એક કામ કરવાથી ફાયદો નથી. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૦ મું.

મુંબઇ તા. ૧૦-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બરાર, સી. પી. કાઉન્સીલ તથા જમાતને ફરમાવ્યું:

"અમે તમને ડબલ રીતે યાદ કરીએ છીએ; એક તો મોમન તરીકે અને બીજું તમે અમારા ફરમાનને આધીન થઇ, બરાડ તરફ આવ્યા અને ધંધો રોજગાર શરૂ કર્યો તે માટે અમે ડબલ રીતે યાદ કરીએ છીએ."

## ફરમાન ૩૩૧ મું.

મુંબઇ તા. ૧૨-૧-૧૯૩૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ઇસમાઇલીઆ કોઓપરેટીવ બેન્કના અમલદારોને ફરમાવ્યું:

"અમે ગઇ કાલે બેન્કની મુલાકાત લીધી હતી. કોઓપરેટીવનું કામ ઘણું સારૂં છે. ઘણા ખુશી થયા છીએ. મુડીનો વધારે થયો છે એ સંતોષકારક છે અને ઉમેદ છે કે આસ્તે આસ્તે મેમ્બરો વધશે. બાનુ મેમ્બરોને સરખા હકો બેન્કમાં મળે છે તે જાણી અમે ઘણા ખુશી થયા છીએ.

બહારગામના મેમ્બરોને તમે ધીરધાર નથી કરતાં, એ વાજબી છે. દરેક મેમ્બરોની પોઝીશનથી બોર્ડે વાકેફ રહેવું એ જરૂરનું છે.

શા માટે તમે મુસ્લિમ બેન્ક બનાવવા માટે કોશિશ ન કરી શકો?

ધીમે કદમે આગળ વધવાના તમારા વિચારો અમે પસંદ કરીએ છીએ. મુમનાઓ અને બાઇઓ પણ મેમ્બર છે, એ ઘણું સારૂં છે. ખાનાવાદાન."

અમદાવાદ મોમીન જમાતની મુખીયાણીને ફરમાવ્યું:

"તમે બેબી વીક એકઝીબીશન જુઓ અને તમારે ગામ બાઈઓમાં તે વિષયનો પ્રચાર કરો. બચ્ચાંઓને બરાબર સંભાળો તથા તેઓને કેમ પાળવા પોષવા, તે બાઈઓને સમજાવો. ૨૫ ટકા બચ્ચાંઓ બેદરકારીથી ગુજરી જાય છે. જો સંભાળ રાખવામાં આવે તો ઘણાં બાળમરણ થતાં અટકે. આમાં એક તો દુન્યવી તથા બીજો મઝહબી, એમ બન્ને લાભ સમાયેલા છે. આ બાબત બહુજ જરૂરી છે.

વાએજ કરી આ સંબંધી જમાતને સમજાવો. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૨ મું.

મુંબઇ તા. ૧૩-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે રિક્રીએશન મીશન ખાતામાં અભ્યાસ કરતા આફ્રિકાના વતની એક ભાઇને ફરમાવ્યું :

**"સર્વે પોતાના ખ્યાલથી ફરમાનની માયના કરે છે; તમે હકીકી માયના કાઢો. ખાનાવાદાન."**

## ફરમાન ૩૩૩ મું.

મુંબઇ તા. ૧૫-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કેરમાડાવાળા એક ભાઇને ફરમાવ્યું :

"કાયદાને બરાબર અમલમા મુકો અને ખિદમત કરો. નવા કાયદા પ્રમાણે બરાબર ચાલો. કાયદા કાનુન તમારા પોતાના ફાયદા માટેજ છે, કાયદા નહિ હોય તો માંસ અને હાડની માફક જુદા થઇ જશો.

તમે અમારા રૂહાની બચ્ચાંઓ છો, અઝીઝ છો. કામ એવા કરો કે મિસાલ જેમ એક બીજમાંથી વૃક્ષ ઉત્પન્ન થાય. તમે એવા કામ કરો.

કાયદા લખેલા નહિ હોય તો ૧-૨-૪ દિવસ ચાલશે, પછી નાબુદ થઇ જશે. લખેલી ચીજ હમેશાં કાયમ રહે છે. ખાનાવાદાન."

કચ્છ જમાતને ફરમાવ્યુ:

"અમે હમેશાં કચ્છ જમાતની યાદમાં છીએ. કચ્છમાંથી એક હકીકી સાચો મોમન નીકળે તો દુનિયામાં તેના જેવો બીજો કોઈ મોમન નીકળી શકતો નથી.

અમે ઘણા રાજી થયા છીએ કે, તમારા માટે કચ્છ કમિટી છે, કાનુન બનાવ્યા છે.

જ્યારે કચ્છની મિજલસ થાય, ત્યારે જુવાનોની ઘણી જરૂર છે. તમે બધા મિજલસ પર જજો.

કાયદા બનાવ્યા એ ઘણી સારી ચીજ છે, કાયદા માફક કામ કરજો. જીસમમાં હાડકા અને ગોસ છે, તે કાયદાથી ભેળા છે, નહિ તો ટુકડા થઇ જાય.

જ્યારે કોઇ ચીજ લખેલ નથી, કાનુન નથી, ત્યારે બધા મરજી માફક વર્તે છે; જો કાનુન ન હોય અને કાનુન પર ન ચાલે તો, જમાત આખી ટળી જાય છે, ઇમાન ખરાબ થઇ જાય છે; તેની દુનિયા પણ ખરાબ થઇ જાય છે.

કચ્છમાં જ્યાં જ્યાં સ્ટેટની સ્કુલો હોય, તેમાં છોકરાઓને મોકલો. છોકરીઓને પણ મોકલો અને શીખવો.

તમે કાનુન માફક કામ કરજો. કાનુનથી બધી ચીજ આગળ જાય છે. જ્યારે તમે તેમાં સામિલ છો, મહેનત લ્યો છો, તો કાયદા માફક કામ કરજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૪ મું.

મુંબઇ તા. ૨૧–૧–૧૯૩૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જુનાગઢના એક ભાઇને ફરમાવ્યું:

"ધંધો પરબારો કરવાથી નુકસાન જવાનો સંભવ છે, માટે પહેલે નોકરી કરો, અનુભવ મેળવો અને પછી ધંધો કરો, એ અમારૂં ફરમાન છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૫ મું.

મુંબઇ તા. ૨૬–૧–૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે વેસાવાવાળા એક ભાઇને ફરમાવ્યું:

"તમારૂં શરીર જાણું વધી ગયું છે, માટે સાત દિવસમાં એક દિવસ જમો નહિ. રાતના વખતે ચા પીવી નહિ. ફ્રુટ તથા ટમેટાં ખાઓ. ખાસ કરીને ચા નહિ પીઓ તેને બદલે કાફી પીઓ. થોડી ચાલવાની કસરત કરો. પહેલાં એકસો વાર, પછી બસો વાર, પછી ત્રણસો એમ ચાલવાની આદત પાડો. શરીરને બહુજ સંભાળવાની જરૂર છે. શરીર એવી વસ્તુ છે કે તેને સંભાળવી જોઈએ."

એક બાઇને ફરમાવ્યું:

"તમે જે માનતાઓ બજાવવાની અરજ કરો છો, તે ઘણીજ સખ્ત માનતાઓ છે. એ પ્રમાણે ત્રણ ચાર જાતની માનતાઓ નહિ કરવી જોઈએ. આસાનીવાળી માનતા હોય અને કરો, કે જે બજાવી શકાય. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૬ મું.

મુંબઇ તા. ૨૭-૧-૧૯૩૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મિશન ખાતામાં શિક્ષણ લેતા એક ભાઇને ફરમાવ્યું:

"તમે ઓનરરી મિશનરી છો, તમે તમારી ઉમર અમને આપી છે. આવા મિશનરીઓની ઘણી જરૂર છે. ક્રિશ્ચીયન લોકોનો પાયો આ છે. એ પ્રમાણે હઝરત મૌલા મુર્તઝાઅલી વાસ્તે કરવું ઘણું જરૂરનું છે. બધા બચ્ચાંઓને કહો. તમે જુવાન છો, હિંમત કરો.

જ્યાં સુધી આપણે ક્રિશ્ચીયન લોકોની માફક જીંદગી અર્પણ કરી નથી, ત્યાંસુધી આપણે આગળ વધી શકશું નહિં. તેઓ હ૦ ઇસા માટે તારીફ કરે છે, તેવી રીતે તમે મૌલા મુર્તઝાઅલીની તારીફ કરો. તેઓએ બાર માણસથી કામની શરૂઆત કરી છે; હવારીયુન જો પોતાની હૈયાતીનો ખ્યાલ કરતે, તો કામ નહિ કરી શકતે.

તમે પણ હિંમત રાખો. એવો ખ્યાલ નહિ કરવો કે તેનું ફળ તમે તમારી હૈયાતીમાં મેળવી શકો. આગળનો ખ્યાલ કરવો. જો તમે તમારી હૈયાતીમાં તેનું ફળ જોવાની ઇચ્છા રાખશો તો કામ નહિ થઈ શકશે. તમારે હજાર વર્ષ આગળનો ખ્યાલ કરવો જોઇએ.

પીર સદરદીન પોતાના વખતના ઇમામનો ખ્યાલ કરતે, તો ઇમામ ઇરાનથી હિંદુસ્તાન નહિ આવી શકતે. પોતાની હયાતીમાં ફળ મેળવવાની ઇચ્છા રાખતા હો, તો તે નહિ મળી શકે. પોતાના છોકરાની હયાતીમાં ફળ મેળવવા ઇચ્છા રાખતા હો, તો તે નહિ મળી શકે; આગળનો ખ્યાલ કરવો જોઇએ. ખાનાવાદાન."

કાઠીયાવાડ મોમીન મેવાવાળા પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે અમારા ઘરની ઘણી ખિદમત કરો છો. હુમેશાં આબાદ હશો. જેવી રીતે સુદામાના કોદરા કબુલ કર્યા તેવી રીતે તમારા અને તમારા ગામના કોદરા કબુલ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

પંજાબી જમાતને ફરમાવ્યું:

"તમે મસજીદમાં જાઓ છો તે સારૂં છે. દર જુમાના દિવસે જતા રહો અને મુસલમાનોથી મળતા રહો. સિયાલકોટ જમાત અને પેશાવરની જમાતને અમારા દુઆ આશિષ લખજો.

ખોજાઓ પીર સદરદીનના બોધથી ઇસમાઇલી તરીકે જાહેર થયા છે. જ્યારે તમે અમારા ફરમાનથી ઇસમાઇલી તરીકે જાહેર થયા છો. તેવી રીતે સુરતી જમાત પણ અમારા ફરમાનથી જાહેર થયેલ છે.

અમે પંજાબની અને સુરતની જમાત ઉપર બહુ રાજી છીએ. ઘણી ઘણી મુબારકી આપીએ છીએ. શાબાશ. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૭ મું.

મુંબઇ તા. ૨૮-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સ્કાઉટોને ફરમાવ્યું :

"તમે ઘણા હિંમતવાળા છો. અમારી ઘણીજ ખિદમત કરો છો. અમારૂં નાનું લશ્કર છો. તમે મોટા થાઓ ત્યારે વોલન્ટીયરમાં દાખલ થાઓ. એક વર્ષ પછી વોલન્ટીયર તરીકે દાખલ થજો. તે વખતે નાના સ્કાઉટો મોટા થશે અને બધું સંભાળી લેશે.

તમારી કવાયત તેમજ બેન્ડ એ બહુજ સરસ છે. ઉપરાંત તમે તંદુરસ્ત છો, તે જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. ખાનાવાદાન."

સુરત જમાતને ફરમાવ્યું:

"તમે જાણો છો કે, અમે તમારા ઉપર કેટલો પ્યાર ધરાવીએ છીએ? ગઇ કાલે પંજાબી જમાતને ફરમાવ્યું હતું અને આજે પણ ફરમાવીએ છીએ કે, જુના મુરીદો પીર સદરદીનના વખતના છે, તમે નવા હાઝર ઇમામના છો.

સુરતનો તો ખરેખર મોજીઝો થયો છે. હિંદુસ્તાનમાં એવું કામ કયાંઇ થયું નથી. સુરતનું બીજાઓ અનુકરણ કરે, તો કામનું પ્રમાણ મોટું થઇ જાય. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૮ મું.

મુંબઇ તા. ૨૯-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ ચાંદરાતની પંજેભેણુંને ફરમાવ્યું :

"તમને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ. માશાઅલ્લાહ તમને જોઇ અમે ઘણાજ રાજી થયા છીએ.

ઈસમાઈલીઓને અમારા બાપદાદાઓએ દાખલ કર્યા છે, પણ તમને અમે દાખલ કર્યા છે. શાબાશ ખાનાવાદાન."

સેન્ટ્રલ પંજેભાઇ કમિટી ઓફ બોમ્બેના ઓફિસરોને ફરમાવ્યું:

"પંજેભાઇઓ અમારૂં લશ્કર છે. તમે અમારા લશ્કરના ઓફિસરો છો, સરદાર છો. સરદારોએ તકલીફ અને જહેમત ઉઠાવી બીજાઓને રસ્તો બતાવવો; તે તમારી ફરજ છે.

ઓફિસરોએ ડીસિપ્લીન જાળવવી જોઇએ. ઓફિસરો ડીસિપ્લીન નહિ જાણે તો બીજાઓને શું શીખાડશે? ઓફિસરો હરએક નાના મોટા, ડીસિપ્લીન જાળવે અને જનરલની માફક કાયદેસર ચલાવે. પહેલાં ડીસિપ્લીનની આદત પાડવી જોઇએ, તેમાં ખુદનો યાને પોતાનો ખ્યાલ ન કરવો જોઇએ. લશ્કર પોતાની ખુશી મુજબ કામ કરે તે લશ્કર નહિ કહેવાય.

અંગ્રેજના દશ માણુસોએ નવાબના હજાર માણુસોને તોડી પાડયા, એ ડીસિપ્લીન હતી. ડીસિપ્લીનનો મતલબ એ છે જે, ખુદ પોતાની અકકલ હોશિયારીથી નહિં પણ પોતાના ઓફિસરના હુકમ પ્રમાણે ચાલે. જનરલ પબ્લીકે તેઓને મદદ કરવી તથા ઓફિસરોના હુકમ પ્રમાણે ચાલવું. પોતપોતાની અકકલ પ્રમાણે નહિ ચાલવું. ઈમાનદાર વધારે હોય, પણ ડીસિપ્લીન છોડી આપે તો શું કામનું? તેવા પંજેભાઈ તરીકે નહિ રહે; તેઓ ભલે જમાતમાં રહે.

પંજેભાઇ મૌલાનું લશ્કર છે. પોતાના જનરલને તાબે રહે. તમે બધા મિલીટરી જેવો બંદોબસ્ત રાખો. પહેલું એ કે, તમે ઘરેઘર જાઓ.

નાની ટોળીના મુખી કામડીયા, પંજેભાઇઓને ઘરે જાય અને સત્સંગ તરફ પંજેભાઇઓનું વલણુ ખેંચે. મહિનામાં ચાર પાંચ કલાક આવા કામ પાછળ ખર્ચો. તમે તેઓની દુકાન પર જાઓ. દરેક પંજેભાઈઓને ઓળખવાંની રસમ રાખવી જોઇએ.

ઇસમાઇલીઓ હમણા થોડા છે, પણ ડીસિપ્લીન હશે તો ઘણા થઇ પડશે. ડીસિપ્લીનની આદત હોવી જોઇએ. અગ્રેસરોને જરૂર છે કે દરેકે દરેક પંજેભાઇને ઓળખે.

સુસ્તીની આદત પડી ગયેલાની સાથે વાતચીત કરો. તેને ખબર અંતર પુછો. ઇમાનમાં ફરક હોય તો, તેઓના દિલ જીતી લ્યો, એ તમારી ફરજ છે.

મિશનરીઓ તથા રીક્રીએશન કલબ સાથે હમેશાં આવજાવ કરવી જોઇએ. લશ્કરની માફક તેઓ સાથે મઝહબની વાત કરો. એક બીજા સાથે નજીક રહો. લશ્કર એક હારમાં ચાલે તેમ ચાલો. એક અહીંયા તથા બીજો ત્યાં, તેમ ન થવું જોઇએ.

કાયદાની માફક કામ કરવું જોઇએ. લશ્કર કાયદા પ્રમાણે ચાલે. તમારી લડાઇ બદનની નહિ પણ રૂહની છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૩૯ મું.

નડીઆદ તા. ૩-૨-૧૯૩૫.

"મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ગુજરાતના મોમીન ઇસમાઇલી જમાતને ફરમાવ્યું :

"તમે તકલીફ લઈ અત્રે આવ્યા છો; બહુજ મહેનત લીધી છે; ખર્ચ કરેલ છે; અમારા દીદાર માટે આવો મંડપ બનાવ્યો છે, તે માટે અમે તમારાથી બમણા ખુશી થયા છીએ. અમને જોઇને તમે ખુશી થયા છો, તેનાથી બમણા અમે તમને જોઇને ખુશી થયા છીએ.

તમને અમે અમારા મુરીદ નહિ પણ અમારા રૂહાની ફરજંદ ગણીએ છીએ. અમારા ઉપર ફરજ છે કે તમને કહેવું.

તમે અમારા મઝહબમાં આવ્યા તો આ મઝહબમાં દુનિયાનું ફળ લ્યો. આખરતનું ફળ જરૂર મળશે.

દુનિયાનું ફળ એ છે કે, ગુજરાત ખાતે જે સ્કુલો ચાલે છે, તેમાં બચ્ચાંઓને જરૂર મોકલો. છોકરીઓ જ્યારે મોટી થાય ત્યારે તેઓએ લખતાં વાંચતાં બધું શીખવું જોઇએ. તેઓના માબાપની માફક અભણ નહિં રહેવું. બધા બચ્ચાંઓને સ્કુલમાં મોકલાવો. ખાનાવાદાન.

## ફરમાન ૩૪૦ મું.

મુંબઈ તા. ૧૨–૨–૧૯૩૫.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યુ:

"એક હજાર પંજેભાઇઓમાં સવાસોની હાજરી બહુજ કમતી છે. મહિનામાં એક મિજલસ થાય છે, તે હિસાબે હાજરી બહુજ ઓછી છે; અગર અઠવાડીએ મિજલસ થતી હોય તો અમે નહિ કહેતે, પણ મહિનામાં એક વખત મિજલસ થાય તો પંજેભાઈઓએ હાજરી આપવી જોઇએ. ૫૦૦ પંજેભાઈઓએ તો હાજરી આપવી જોઈએ. એક મહિને એક મિજલસ છે, તો હાજરી આપવી એમાં શું તકલીફ છે?

આ સાલમાં જે ૨૫ જણાઓ ગુજરી ગયા છે, તેઓને અમે દુઆ કરીએ છીએ. તેઓ અમારી હજુરમાં છે."

કમિટીના મેમ્બરોને ફરમાવ્યું:

"તમે એક બીજા પંજેભાઈની વીઝીટ લ્યો; નહિ આવતા હોય તેઓને સમજાવો. આ કમિટીની ફરજ છે."

સુબુહના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે સવારના અમને યાદ કરો છો, અમારા દીદાર કરો છો, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૪૧મું.

મુંબઇ તા. ૧૫-૨-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે રંગુન વોલન્ટીયર કોરને ફરમાવ્યું :

"તમે ભેગા થઈ રમત ગમત કસરત કરો, જેથી તંદુરસ્તી મેળવાય. જો તંદુરસ્તી હશે તો વધારે સારી રીતે ખિદમત કરી શકસો. ક્રિકેટ, હોકી, ફુટબોલ વિગેરે બધી રમતગમતોના સાધન છે ? જો તમે એ પ્રમાણે ખેલશો તો તમારામાં ઝાઝી કુવ્વત થશે, જેથી તમે સારી ખિદમત કરી શકશો."

બાદ વિક્ટોરીઆ ગાડી હાંકનાર મોમીન ભાઇઓને ફરમાવ્યું:

"હાલ મુંબઈમાં મોટરો વધારે ચાલે છે, માટે તમે પણ મોટર લ્યો. બે ત્રણ જણા સાથે મળી મોટર ખરીદો.

વખત બદલાય છે તેમ તમે પણ બદલો. આગળ માણસો બેરિસ્ટર થતા નહિ હતા, હવે થાય છે. તેમ તમે પણ વખત પ્રમાણે ચાલો; વખતને જુઓ.

મોમીન ભાઈઓ એક બીજા સાથે હળીમળીને ચાલો. મોટર એક જણ નહિ રાખી શકે તો બે ત્રણ જણ ભાગમાં મોટર રાખો. બરાબર દિલ રાખી કામ કરો.

દર વર્ષે ઘોડાગાડી કમી થતી જાય છે, તમે મોટર ડ્રાઈવીંગ શીખો તો સારૂં છે. જુવાન લોકો શીખે, બુઢાઓ નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૩૪૨ મું.

મુંબઇ તા ૧૬-૨-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ગુઆદરના એક ભાઇને ફરમાવ્યું :

"ખુદાતઆલા બધી ભાષા જાણે છે, પણ જે દેશમાં રહેવું, તે દેશની ભાષા શીખવી જોઇએ. માણસોને માટે તો જે માણસના

સહુવાસમાં રહેતા હોઇએ તેની ભાષા શીખવીજ જોઇએ. ઇંગ્લિશ પણ શીખવું અને ઉર્દુ પણ જરૂરનું છે. ખાનાવાદાન."

4

## ફરમાન ૩૪૩ મુ.

મુંબઇ તા. ૧૮-૨-૧૯૩૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગુઆદરના એક ભાઇને ફરમાવ્યું:

"બરમા મોટું ક્ષેત્ર ધરાવે છે; ત્યાં ઇસ્માઇલીઓનો વસવાટ કરો અગર એક ઘર હોય તો પણ વાંધા જેવું નથી. આપણા લોકો માટે ચાન્સ છે. આફ્રિકામાં જુના માણસો હળીમળીને આસાનીથી રહે. બાકી ત્યાં ખાતે નવા માટે ચાન્સ નથી.

માણસો માડાગાસ્કર જાય છે, પરંતુ ચીનની આ બાજુ મલાયા, સિંગાપોર, ફ્રેન્ચ ઇંડોચાયના વિગેરે મુલ્ક માડાગાસ્કર કરતાં વધારે સારા છે. બરમામાં દરિયા કાંઠાના મુલ્ક તરફ વસવાટ કરો. ખાનાવાદાન."

## ફરમાન ૩૪૪ મું.

કુરલા તા. ૧૯-૨-૧૯૩૫

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કુરલા જમાતને ફરમાવ્યું:

"કુરલા નાનું ગામ છે, તેમાં તમારે સંપીને ચાલવું જોઇએ. આપણા મઝહબમાં એવું છે કે આગલી વાત હોય, તેને ભુલી જવી જોઇએ તે આપણો મઝહબ છે.

કોઇ તમને નુકશાન કરે તો પણ માફ કરો, અગર તમને કોઇએ માર્યો હોય, તોપણ એક બીજાને માફ કરવું જોઇએ. આમ નહિ કરશો તો આપણા મઝહબનો ફાયદો શું?

એક બીજાએ દિલમાંથી દુશ્મની કાઢી નાખવી જોઇએ, તોજ મઝહબનો ફાયદો થાય. કોઇ દુઃખ આપે તો પણ તેને મીઠી જબાનથી સમજાવવું જોઇએ કે, આ ઠીક નથી થતું. જુની વાતો મુકી આપો.

દુનિયાની બાબતો ધર્મમાં લાવો છો, તે ઠીક નથી. જમાતખાનામાં તો બંદગી, ઝીકર, ઈબાદત વિગેરે કરવું જોઇએ. અંહી દુનિયાની બાબતો લાવો તે કેમ કામ આવે?!

મુખી કામડીઆ ઇન્સાફના કામમાં હાથ ન નાખે. એ કામ કાઉન્સીલનું છે.

તમે અમારા રૂહાની ફરઝંદ છો. અમે તમારા પિતા છીએ. અમે તમારા ઉપર ગુસ્સે થયા નથી, તમે પણ તેવીજ રીતે ચાલો. ખાનાવાદાન."

થાણા જમાતને ફરમાવ્યું:

"અમે થાણાની જમાતને જોઈ ઘણા ખુશી થયા છીએ. જમાત ઘણી જુની છે અને બધા મોમન શખ્સ છે. જમાતને અમે રાત દિવસ યાદ કરીયે છીએ.

કાઉન્સીલની મીટીંગ જમાતખાનામાં ભરવી. ઘરમાં મીટીંગ નહિં ભરો; અગર જો પ્રેસિડેન્ટ હાજર નહિ હોય, તો મેમ્બરોનું કોરમ બનાવી તેમાં કોઇ એકને પ્રેસિડેન્ટ મુકકર કરો.

તમારી જમાત બહુ નાની છે; ઈન્શાઅલ્લાહ કોઇ કેસ નહિ હશે. નાની જમાતમાં કોઇ કેસ નહિ હોવો જોઇએ.

અગર જો કોઈ બિમાર હોય અને નહિ આવે, તો પણ કાઉન્સીલની જગ્યા નહિ બદલાવવી.

તમે બધા પ્રેસિડેન્ટ સાથે સંપ સલાહથી ચાલજો અને પ્રેસિડેન્ટ પણ બધા સાથે મીઠાશ મહોબતથી વર્તે.

જેવી રીતે મોટર છે, તેમાં ડ્રાઈવર છે અને તે મોટરને સંભાળથી ચલાવે છે, તેવી રીતે જમાત મોટર છે અને પ્રેસિડેન્ટ ડ્રાઇવર છે. તેને સંભાળથી ચલાવવી એ કામ પ્રેસિડન્ટનું છે.

કોઇપણ ધાર્મિક બાબત હોય અથવા મિજલસ વિગેરેની બાબત હોય તો તે કામ જમાતના મુખી અને કામડીઆનું છે અને કોઈ પબ્લીક બાબત જેવી કે, મેળાવડા, જમાતને જમણુ, ફાળો કરવો વિગેરે છે તે કાઉન્સીલના હદની વાત છે, તે માટે કાઉન્સીલની પરવાનગી લેવી જોઇએ.

તમને હજુ કંઇ ખુલાસો કરવો હોય તો કરો, અગર જો સમજવામાં નહિ આવ્યું હોય તો, અમે સમજાવવાને તૈયાર છીએ. ખાનાવાદાન."

**ફરમાન ૩૪૫ મું.**

મુંબઇ તા ૨૬-૨-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગુઆદર જમાતને ફરમાવ્યું :

"બલુચિસ્તાનમાં હિંમત કરી જાઓ અને ત્યાં વેપાર કરો. બલુચી લોકો વેપારી નથી.

એકજ ગામમાં બધા ભેગા નહિ જાઓ, પણ જુદા જુદા ગામમાં થોડા થોડા જાઓ. જો એકજ ગામમાં જશો તો હરીફાઇ કરી, એક બીજાના ગળા દાબશો; જેમ આફ્રિકામાં જુદા જુદા ગામમાં, એક ગામમાં એક બે જણ જાય છે, એવી રીતે કરો.

એજ ફરમાન અમે કેટલાક વર્ષો થયા કરીએ છીએ, તે વખતે માન્યું હોત, તો તમે આબાદ થઇ જાત, પણ હજી સુધી વખત નીકળી ગયો નથી. ખાનાવાદાન."

## ફરમાન ૩૪૬ મું.

મુંબઇ તા ૧૯-૧-૧૯૩૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગોલ્ડન જ્યુબીલીના હસનાબાદ ખાતે ભરવામાં આવેલા ખાસ દરબારમાં પધારી, એવણ નામદારને ભારોભાર સોનામાં જોખવામાં આવ્યા બાદ ફરમાવ્યું :

"હિંદુસ્તાનના અમારા વહાલા બાળકોએ અમને ભેટ કરેલું સોનુ અમે ઘણી ખુશીથી સ્વિકારીએ છીએ અને માતાપિતા તરીકેના મહોબતભર્યા રૂહાની દુઆ આશિષ ફરમાવીએ છીએ.

અમારા રૂહાની બાળકોની ઉન્નતિ થાય, એ માટે આ સોનાની વપરાશ કરવાનો અમે નિર્ણય કર્યો છે. અમારા રૂહાની બાળકોની જેશભેરની ઉન્નતિના કાર્ય માટે, ખાસ કરીને બધી જાતની સ્કોલરશીપો તેમજ ગીચ વસવાટવાળા ઇલાકાઓમાંથી દેશાટન કરાવી રાહત આપવા માટે અને બાળહિત જેવા અન્ય જનહિતકારી કાર્ય માટે, આ સોનાનો સારો ઉપયોગ થાય તે માટે અમે એક કમિટી મુકરર કરીએ છીએ.

તમો જમાતને જણાવવાનું કે, નામદાર શહેનશાહની ગંભિર માંદગીના સબબે અમારી ગોલ્ડન જ્યુબીલીની ઉજવણીની કેટલીક યોજનાઓ ફક્ત ધાર્મિક ક્રિયાઓમાં મર્યાદિત કરવામાં આવી છે અને બીજા કાર્યક્રમો મુળતવી રાખવામાં આવ્યા છે. અમારા રૂહાની બચ્ચાંઓને અમે આ શુભ મોકે જે મેડલો ઇનાયત કરવાના હતા, તે હવે ખાનગી રીતે વહેંચી આપવામાં આવશે, કારણ કે એ કાય ધાર્મિક નથી.

હિંદુસ્તાનના બધા રૂહાની બચ્ચાંઓ, નાનાં મોટાં સર્વેને ઘણી ઘણી દુઆ આશિષો તેમજ મુબારકીઓ ફરમાવીએ છીએ. ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન."

## ફરમાન ૩૪૭ મું.

મુંબઇ તા. ૨૨-૧-૧૯૩૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ઓલ ઇન્ડીયા ગોલ્ડન જ્યુબીલી કમિટીના મેમ્બરોને ફરમાવ્યું :

"પચાસ વર્ષ થયા, તમે અમને મહોબતથી, કોઇ જાતના દબાણ વગર ચાહતા આવ્યા છો, તેમ રૂહાની પિતા તરીકે અમારી પણ તમારા ઉપર ઘણી મહોબત છે.

જેમ તમે દુનિયાના માબાપોને ચાહો છો, તે કરતાં તમારા રૂહાની પિતાને વધારે ચાહો.

આજે તમારી ખુશહાલીમાં નામદાર શહેનશાહના વફાતથી ખલલ પહોંચી છે, એ કારણે શોક પ્રદર્શિત કરવો એ ફરજ છે.

એવણ નામદાર અમારા ગાઢ મિત્ર હતા અને અમારા ઉપર બહુજ મહોબત રાખતા હતા. અમે તેમના માટે દુઆ કરીએ છીએ. તમે પણ તેમના હકમાં બંદગી ગુજારજો.

દુનિયામાં દિલગીરીના બનાવો બને છે, તેવી રીતે આ બનાવ પણ જે બન્યો, તેથી અમે પણ દિલગીર છીએ તેવીજ રીતે આપણી બધી જમાત દિલગીર છે.

તમે અમારી સાથે પચાસ વર્ષ સુધી અમારા રૂહાની ફરજંદો તરીકે રહ્યા છો અને અમે તમારા રૂહાની બાપ તરીકે રહ્યા છીએ.

ઇન્શાઅલ્લાહ! બીજા પચાસ વર્ષ તમે એમજ રહેશો એવી અમે દુઆ કરીયે છીએ.

જ્યુબીલી મેડલો, જે તમને બક્ષીસ કરવામાં આવ્યા છે, તે યાદગીરી હમેશ માટે જાળવી રાખજો.

આખા હિંદુસ્તાનની બધી જમાતોની વતી તમોએ જેટલા ઇશ્કથી મહેમાની પેશ કરેલ છે, તેટલાજ ઇશ્કથી અમે મહેમાની કબુલ

કરીએ છીએ અને રાજી થયા છીએ. અમે દુઆ કરીએ છીએ કે, તમારી દુનિયા અને આખરતની આબાદી થશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૪૮ મું.

મુંબઇ તા. ૨૩-૧-૧૯૩૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગુજરાતના મોમીન ઇસમાઇલીઓને ફરમાવ્યું :

"તમે પણ અમારા બચ્ચાં છો. અમે રૂહને જોઇએ છીએ. કોઇપણ કોમનો હોય, ગમે તે ધંધો કરતો હોય, પણ અમારા ધર્મમાં હોય તે અમારા બચ્ચાં જેમ છે.

તમારા માટે મહેનત કરશું. નારાજ નહિ થતાં. ધિરજ રાખો, એકદમ આગળ વધી શકાતું નથી. તમે એવો ખ્યાલ નહિ કરતા કે, તમે અમને યાદ નથી આવતા. જેમ બીજાઓ દુર છે તેઓને યાદ કરીએ છીએ તેમ તમને પણ યાદ રાખીએ છીએ.

આખા હિંદુસ્તાનની હાલત ખરાબ છે, માટે ધિરજ રાખો. ખાનાવાદાન."

## ફરમાન ૩૪૯ મું.

મુંબઇ તા. ૨૫-૧-૧૯૩૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મદ્રાસ જમાતને ફરમાવ્યું :

"તમે બધા એકજ વેપાર નહિ કરો. તમારામાં હરીફાઇ થશે. માટે જુદો જુદો વેપાર કરો.

તમે જાહેરમાં અમારા મુરીદો છો અને બાતુનમાં અમારા રૂહાની ફરજંદો છો અને હમેશાં અમારી સાથે ફરજંદો માફક ચાલજો.

તમે પોતાનો મુલ્ક છોડીને મદ્રાસ આવ્યા તેથી અમે ઘણા ખુશી થયા છીએ.

તમારી જમાતનું પ્રમાણ નાનુ છે, તે વધવું જોઇએ અને એ કેમ વધે તેની એ શરત છે કે, તમે પોતપોતામાં ધંધાની હરીફાઇમાં નહિ ઉતરો, અગર હરીફાઈ કરશો તો ફાયદો નહિ થાય. તમે જુદી જુદી જાતના અને જુદી જુદી ચીજોના ધંધા કરો. બધા એકજ ગામમાં નહિ રહો. જુદા જુદા ગામોમાં ફેલાઇ જાઓ, તો આબાદ થશો.

મુંબઇ તથા કાઠીયાવાડથી જે માણસો આવે છે, તેઓને પૈસા નહીં આપો, પણ રસ્તો બતાવો અને તેઓને ધંધા વિષે સારી સલાહ આપો. જેવી રીતે પરદેશના એલચીઓ બીજાઓને ખબર આપે છે, તેવી રીતે તમે ખબર આપો અને આપણા કોમી પેપરોમાં પણ એ મતલબના ખબરો મોકલાવો. ખાનાવાદાન."

બરાડ સતસંગીયા પંજેભાઇઓને ફરમાવ્યું:

"બરાડમાં પચાસ વર્ષ પહેલાં કોઈ ઈસમાઈલી નહિ હતો. હાલમાં જે ભાઇઓ ત્યાં વસે છે, તે અમારા ફરમાન સાંભળીને ગયા છે અને તેથી ત્યાં સારી જેવી જમાત ઉભી થઇ છે.

ફરમાનની બરકતથી તમે આબાદ થયા. ફરમાન માનવું એ ઈમાનની સલામતી છે. જો ફરમાન ઉપર ધ્યાન નહિ આપ્યું હોત તો તમે આ સ્થિતિએ ન હોત. હવે અમે નસિહત કરીએ છીએ તે સાંભળો.

જે ગામમાં જાઓ ત્યાં છુટા છુટા ધંધા કરો, છુટી છુટી જગ્યા ઉપર બીઝનેસ કરો. હરીફાઈ નહિ કરો.

આપણો કોઇ ભાઇ આવે, તેને સ્થળ તથા બીઝનેસની લાઇન બતાવવી. તેને હરેક પ્રકારની ખબર આપવી કે, અંહીયા વેપાર સારા છે. ભલે, પૈસા નહિ આપો, પણ સારી સલાહ તથા સુચના આપો."

દરખાના સુબુહના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે ઘણા નસીબવાળા છો કે સવારે જમાતખાને આવો છો અને અમારા દીદાર કરો છો."

જે સવારે જમાતખાને આવે છે, તેને અમારો દીદાર હાસલ થાય છે. કોઈબી સવારે જમાતખાને આવે છે, તેને જાહેરી અને બાતુની દીદાર હાસલ થાય છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૦ મું.

મુંબઇ તા ૨૨-૧-૧૯૩૬.

૪૮ મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે કાઠીયાવાડ સુપ્રિમ કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"કાઠીઆવાડના રજવાડાઓ કેળવણી આપે છે, તેનો લાભ લ્યો. બીજું ઘણા માણસો બાળાઓને કેળવણી આપે તેવો પ્રચાર કરો છોકરીઓને વધુ પ્રમાણમાં કેળવણી મળે તેવો બંદોબસ્ત કરો. બીજી કોમો તેની દીકરીઓને ભણાવે છે અને તેના ફળ મેળવે છે. તમે પણ તમારી દીકરીઓને શીખાવો અને તેનું ફળ હાસલ કરો.

તમે ગવરમેન્ટ પાસેથી ગ્રાન્ટ મેળવો. ગવરમેન્ટ પાસેથી ગ્રાન્ટ નથી મેળવતા તે તમારૂં પોતાનું નુકશાન કરો છો.

મિશનરીઓ, અમલદારીઓ અને કાઉન્સીલના મેમ્બરોને કહો કે, આ બાબત માટે જમાતમાં નસિહત કરે. બાળાઓને જેમ વધારે ભણાવશો તેમ તેમ ફાયદો છે.

બીજું શાદીમાં ખરચ ઓછો કરો. સ્કોલરશીપ વધુ આપો. દેશાવર જાય તેને મદદ કરો. આપણું બંધારણ ઘણું મોટું છે, તેનો લાભ ઉઠાવો.

મિશનરી લોકોને વાજબ છે કે ગવરમેન્ટ તરફથી તરફથી જ્યાં જ્યાં હુન્નરશાળા હોય, ત્યાં ત્યાં તેનો લાભ લેવાનું સમજાવે.

જ્યાં જ્યાં રજવાડાઓની હુન્નરશાળા હોય, ત્યાં બની શકે તેટલા વિદ્યાર્થીઓને મોકલાવો. ખેતીવાડી પર જોર આપજો.

કાઠીયાવાડના મોમનભાઈઓ બહાર જાય. સિંધમાં જાય. સકર બેરેજમાં ખેતીવાડી માટે ઘણી જગા છે, તેનો લાભ લેવડાવો. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૧ મું.

મુંબઈ તા. ૨૮-૧-૧૯૩૬.

હક મૌલાના ધણી સઆસત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે કચ્છ જનરલ કમિટીના મેમ્બરોને ફરમાવ્યું:

"તમે જાણો છો અને દુનિયા જાણે છે કે, કચ્છ ઉપર અમારો કેટલો પ્યાર છે? રાત અને દિવસ અમે તમને નજદીક સમજીએ છીએ. જ્યાં પણ હોઈએ ત્યાં બાઈ ભાઇ, બચ્ચાંઓને યાદ કરીએ છીએ, પ્યાર કરીએ છીએ, દુઆ આશિષ ફરમાવીએ છીએ.

જાહેરમાં દુનિયાના કામમાં પણ ધ્યાન આપવાનું છે. ઇમિગ્રેશન વિગેરે બાબત, તમે જ્યારે કમિટીની મિટીંગમાં જાઓ ત્યારે, કલાક બે કલાક આગળ અથવા પાછળ વિચાર કરો, જમાત માટે ખ્યાલ કરો. વેપાર માટે તથા આર્થિક સુધારા માટે શું જરૂરીઆત છે, તેનો ખ્યાલ કરો. જેટલો બને તેટલો રાજ પાસેથી ફાયદો મેળવો.

રાજ્યની સ્કુલમાં બચ્ચાંઓને મોકલો અને કેળવણીની ગ્રાંટ મેળવો. બાળાઓની કેળવણી માટે ખાસ ધ્યાન આપો. અમે જ્યુબીલી કમિટી નીમી છે. તે કચ્છ અને કાઠિયાવાડ બેઉ માટે છે અને એ બન્ને અમારી આંખ જેવા છે.

આગળ જમાતનું કામ આસાન હતું, ઈબાદત બંદગી વિગેરે. હવે આજના જમાના પ્રમાણે બેઉ બાબતોનું ધ્યાન રાખવાનું છે, ધાર્મિક તેમજ દુનિયાનું.

અમારા જનરલ હુકમ મુજબ ચાલો. માણસોને રસ્તો બતાવો. તમે લેકચર કરો, તેમ વેપાર વણજ અને નવા મુલ્ક વસાવવા ઉપર ભાષણ કરો અને દીન અને દુનિયામાં આબાદ થાઓ.

મિજલસમાં દીન તથા દુનિયાની બાબત ચર્ચજો. બાઇ લોકોને કરકસરના મુદ્દા અને બચ્ચાંને કેમ સંભાળવા તે શીખવો.

મિશનરીઓ ઉપર હજારો રૂપિયાના ખર્ચ થયા છે, તેની મતલબ એ છે કે, તેઓ આલિમ બને. દીન અને દુનિયાની બન્ને બાબતોથી ખબરદાર રહે.

જુના વિચારના ભગત, ખાલી ગીનાનની માયના કરે તે નહિ, પણ ક્રિશ્ચયન મિશનરી માફક તમારા ઉપર પણ ફરજ છે કે, મિજલશમાં એવી રીતે બન્ને બાબતોની ચર્ચા કરો. મિશનરી ઉપર ફરજ છે કે, બન્ને મુદ્દા ઉપર વાએજ કરે.

કાઉન્સીલ ઉપર ફરજ છે કે, નવા કાયદા સમજાવવાની વાત કરે. ભાષણો કરે. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૨ મું.

મુંબઇ તા. ૯-૨-૧૯૩૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાન્ડી મહોલ્લા પ્રભાતિઆ પંજેભાઇઓને ફરમાવ્યું :

"તમે અમારા રૂહાની ફરજંદો છો. તમને જોઇને અમે ઘણા રાજી થયા છીએ. તમે હુમેશાં અમારા ઉપર ઇશ્ક અને મહોબત રાખજો. જેમ અમે તમારા ઉપર મહોબત રાખીએ છીએ, તેમ તમે તમારા રૂહાની પિતા તરફ ઇશ્ક રાખો.

સવારમાં હુમેશાં ઉઠો, ઇબાદત કરો. દુઆ પડો. તમે જેમ સવારના ભાઇઓને ઉઠાડો છો, તેમ ઉઠાડતા રહેજો."

સેન્ટ્રલ પંજેભાઇ કમિટી ઓફ બોમ્બેના મેમ્બરોને ફરમાવ્યું :

"પંજેભાઈઓને બહુ સંભાળો, બચ્ચાંઓની તંદુરસ્તી અને બાળ ઉછેર ઉપર તમારે ધ્યાન આપવાનું છે. આપણા ઈસ્માઈલી બચ્ચાં ખરાબ થાય છે, માવજતની ખામીના અંગે મરી જાય છે. મોમનના બચ્ચાં શા માટે ખરાબ થવા જોઈએ?

તમારો જુનો મઝહબ ભુલી મ જાઓ. તળાવના કાંઠા બદલાય છે, પણ પાણી બદલાતું નથી. નદીનું પાણી વહેતું છે. ઇમામતનો સિલસિલો બંધ પડતો નથી, ચાલુજ રહે છે.

તમે પંજેભાઈઓએ જ્યુબીલી ઉજવવામાં ઘણી મહેનત કરી છે. શાબાશ તમારૂં કામ ખલાસ થયું નથી.

જે વિદ્યાર્થીઓ હાજતમંદ અને લાયક હોય તેઓને આગળ વધવા માટે સ્કોલરશીપ મળે એટલા માટે ગોલ્ડ ગ્રાંટ કમિટી જે અમે મુકરર કરી છે તેના ઉપર તમે ભલામણ કરજો.

જેમ લશ્કરમાં ઘોડેસ્વાર પલટન હોય છે, તેમ તમે પંજેભાઈઓ છો. ડીસિપ્લીનની જરૂર છે. દરેક પોતાના મતથી કામ કરશે તો મરી જશે, એક બીજાને લાગશે. તમે અમારા ઘોડેસ્વાર લશ્કર છો. ઘોડેસ્વાર લડાઇને વખતે દુર ઉભા રહી, દુરથી દુશ્મનની ખબર લાવવી વિગેરે કામ કરે છે.

જમાત લશ્કર છે. ઘોડેસ્વાર ખબર આપે છે કે, અંહી ડર છે, ચેતો. જવાન હુમેશાં અમારી ઘોડેસ્વાર પલટન છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૩મું.

કિસુમુ તા. ૧૮-૧-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું :

"શાબાશ, અમે અંહીયા ૩૨ વર્ષે આવ્યા છીએ. અમારા રૂહાની ફરજંદોની, બધી જમાતની મુલાકાતથી અમે ઘણાજ ખુશી

થયા છીએ. અમારા રૂહાની બચ્ચાંઓને જોઇને ઘણાજ ખુશી થયા છીએ. અમે હમેશાં તમને યાદ કરતા હતા. એક પિતા પોતાના ફરજંદને મળે, તેમ અમે તમારા રૂહાની પિતા રૂહાની ફરજંદોને જોઈને બહુજ ખુશી થયા છીએ.

તમે ટુંક મુદતમાં ગર્લ્સ ગાઇડની તૈયારી અને સ્થાપના કરેલ છે, જેથી અમે ઘણાજ ખુશી થયા છીએ.

જ્યારે અમે ફરી કિસુમુ આવશું ત્યારે, એક એકની મુલાકાત લેશું. અમે તમારા રૂહાની પિતા છીએ. અમારા રૂહાની ફરજંદોને જોઇને ઘણાજ ખુશી થયા છીએ.

જ્યારે અમે પહેલાં અંહી આવ્યા હતા, ત્યારે આટલા બચ્ચાંઓ ન હતા. અત્યારે આટલી મોટી જમાતને જોઈ અમે ઘણાજ ખુશી થયા છીએ.

તમો વોલન્ટીયરોએ ઘણી ખિદમત કરી છે. અમે તમારા રૂહાની પિતા છીએ અને તમે તમારા રૂહાની પિતાની બહુજ ખિદમત કરી છે. શાબાશ."

નૈરોબી જમાતખાનામાં પધારી ફરમાવ્યુ

"તમારી મુલાકાતથી અમને ઘણોજ આનંદ થયો છે; જો કે જાહેરમાં અમે અંહીયા નહિ હતા, છતાં બાતુનમાં તમને હમેશાં, રાત દિવસ યાદ કરતા હતા. એકપણ દિવસ તમને અમે ભુલ્યા નથી અને તાર મારફતે તમને દુઆ આશિષો ફરમાવતા હતા. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૪ મું.

નૈરોબી તા ૧૯-૧-૧૯૩૭

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે કન્યાશાળામાં પધારી ફરમાવ્યું :

"તમે બધાં ખુશી આનંદમાં રહેશો. અમારી બાળાઓ ઉપર તો ખાસ ફરજ છે કે, તેઓ કેળવણી લે, કારણકે તેઓને બચ્ચાં-ઓની સંભાળ લેવાની છે.

કેળવાએલ માતા બચ્ચાંનું રક્ષણ કરી શકે છે. બાળાઓ પર માતા તરીકેની ફરજો હોવાથી, તેઓના પર વિશેષ ધ્યાન આપવું. માતા જો કેળવાયલી નહિ હશે, તો બચ્ચાંને તકલીફ થશે, આ લોકો પર કેળવણી ફરજીયાત છે. કેળવણી વિના કંઈ થઇ શકતું નથી.

અભણ રહેવું એ નાદાનિયત છે અને એવી નાદાનીથી બચ્ચાં-ઓને હવા ખાવા મળતી નથી. ખુદાવંદતઆલાએ હવા પેદા કરી છે, તો તેનો પુરેપુરો લાભ લેવો જોઇએ.

કમિટીને જરૂર છે કે, બરાબર મહેનત કરે. તમે બરાબર કોશિશ કરો. બીજી કોમોથી પછાત નહિ રહી જાઓ.

હાથના હુન્નરની કેળવણીની ઘણી જરૂર છે. મગજની કેળવણી એકલી પુરતી નથી. અમે બહુજ રાજી છીએ કે, નાનપણથી હુન્નર કળા શીખવવામાં આવે છે. નાનપણથીજ હુન્નર કળા શીખવવી જોઈએ. શાબાશ."

જમાતખાનામાં પધારી ફરમાવ્યું:

"અંહિ આવવામાં તમે ડ્રેસ બાબતમાં, જરાપણ અચકાશો નહિ. કરકસર થાય એવો લિબાસ પહેરવો. સૌની મરજી માફક પહેરવો, કારણકે અમે લિબાસ નથી જોતા, પણ રૂહને જોઈએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૫ મું.

મોમ્બાસા તા. ૨૦-૧-૧૯૩૭.

૪૮ મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે** જ્યુબીલી હોલના ડોનરોને ફરમાવ્યું:

**"અમારી જ્યુબીલીની યાદગીરીમાં તમે જે આ હોલ બંધાવી અમને અર્પણ કરેલ છે, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.**

હોલના ખરચમાં જે છ જણાઓએ રકમ ભરેલ છે, તેઓના નામની તકતી આ હોલમાં રાખવી અને આ હોલ તમે જમાત વપરાશમાં લેજો, એવું ન બને કે માત્ર મોટા દિવસોએજ એનો ઉપયોગ કરો; પણ હમેશાં વપરાસમાં લેજો. આવો સુંદર હોલ બનાવ્યો અને તેનો ઉપયોગ ન થાય તો તેથી કાંઇ ફાયદો નહિ."

બાદ જમાતને ફરમાવ્યું:

"આજે અમે તમને પિતા તરીકે થોડી નસિહત ફરમાવીએ છીએ, તે તમે બરાબર દિલમાં રાખજો. જે ફરમાનો અમે અત્રે કરશું તે આખા આફ્રિકા માટે છે અને અમે આફ્રિકાના બીજા ગામોમાં પણ આ ફરમાન કરવાના છીએ.

અલહમ્દોલિલ્લાહ ઘણું સારૂં છે કે, આપણી જમાત કેળવણીનો સારો લાભ લે છે, પણ એ પુરતું નથી. કેળવણી એ કુસ્તી નહિ પણ કસરત છે. જ્યારે હૈયાતી છે તે કુસ્તી છે, માટે હૈયાતી સુધી કેળવણી લેવી જોઇએ. કેળવણી તે છે કે, જેનાથી હયાતીમાં બીજા સાથે હરીફાઈ કરી શકાય છે.

કોમના યુવાનોની ફરજ છે કે, સ્કુલમાંથી નિકળ્યા પછી પોતાની, કોમની અને ઇમામની ખિદમત કરે. **પોતાનો વેપાર ધંધો કરવો એ પણ અમારી ખિદમત છે.** વેપારમાં પણ એવું શીખવું કે બીજી કોમો કરતાં આગળ વધવું, પણ પાછળ હઠવું નહિં.

તમે પોતામાં એક કો-ઓપરેટીવ સોસાયટી બનાવો. આ કામ આજે અથવા આવતી કાલે નહિ થાય, પણ તેની ઉપર બરાબર ખ્યાલ કરો, વિચાર કરો અને પાકો બંદોબસ્ત કરીને કામ કરો. આખા આફ્રિકાના ઇસમાઇલીઓને આ સ્કીમથી નવું જીવન મળશે.

તમે અંહી આફ્રિકામાં વીસ હજાર ઇસમાઇલીઓ છો અને જો તમે એવી સંસ્થા બનાવશો, તો તમે હાલ જે બંદીવાનની

સ્થિતિમાં છો, તેમાંથી આઝાદ થશો અને તમારી દુન્યવી હાલત પણ સુધરશે.

તમે એક વખત આર્થિક બન્ધનમાંથી છુટશો, તો અમારી ખિદમત પણ કરી શકશો, તમારી જાતની પણ ખિદમત કરી શકશો અને કેળવણી વિગેરે બધા કામમાં પણ ફાયદો થશે. કો–ઓપરેટીવ સોસાયટી વિષે ખ્યાલ કરશો તો તમને ખબર પડશે કે તેમાં કેવો લાભ સમાયલો છે? આ કામ આવતી કાલે અથવા બે દિવસમાં નહિ થાય.

તમારી પાસે શીખેલા અકલવાળા માણસો અને અમલદારો પણ છે. જો બધા એક દિલથી, હસદ વગર, બિરાદરી અને દોસ્તીથી વિચાર કરશો, તો ઘણોજ ફાયદો થશે.

કો–ઓપરેટીવ સોસાયટીનો લાભ દરેકને સરખી રીતે મળવો જોઇએ. એવું ન થવું જોઇએ કે, એક મોટો થાય અને પોતાના સગાં વહાલાંઓનેજ લાભ આપે. પક્ષાપક્ષીથી ફકત દોસ્ત બિરાદરોને લાભ મળે એવું નહિ કરતા.

કોઇપણ માણસે સોસાયટી સાથે બે ઇમાની કરવી નહિ; તેમજ પૈસા કરજેથી લઇ પાછા ન આપવા એ બરાબર નથી.

બીજું: તમે આફ્રિકાના મુરીદો, લગભગ વીસ હજાર છો, તેમાં એક વીમા કંપની બનાવો. તમે બહાર વીમા ઉતરાવો છો, તે સર્વે ઓલ આફ્રિકા ઇન્સ્યુરન્સ કુંપની બનાવો અને તેમાં વીમા ઉતારો.

આ બન્ને બાબતો કો–ઓપરેટીવ સોસાયટી અને ઇન્સ્યુરન્સ કુંપની વિષે તમને નસિહત ફરમાવેલ છે, તે ઉપર તમે અમલ કરશો તો દશ વર્ષમાં તમારી હાલત ઘણી સુધરી જશે. અમારા ફરમાન આંબાના ઝાડ મિસાલ છે.

જુઓ, પંજાબ અને મુંબઇમાં કેટલીક બેંકો તુટી ગઇ તેનું કારણ એ હતું કે, તેની શરૂઆત બરાબર હતી નહિ. જો આગળ

જતાં તુડી પડે તેવું કામ કરવાનું હોય, તો બહેતર છે કે શરૂ નહિ કરો.

અમારા આ ફરમાનો તમારા હાલના સંજોગો માટે દવા છે, તે બરાબર ખાશો તો ફાયદો થશે, નહિતર ઝેર થશે.

પહેલા પોતાનો બરાબર ખ્યાલ કરો અને કો–ઓપરેટીવ સોસાયટી બનાવો. શરૂઆત નાની મુડીથી કરો. આ કામ માટે ફકત મોમ્બાસા એકલું બસ નથી, પણ બધા સાથે મળી બનાવો તો જરૂર ફતેહમંદ થશો. અમે આ ફરમાનો બીજે પણ કરવાના છીએ પણ તમે આજે સાંભળી ભુલી જતા નહિ.

તમે તમારી આગળની સ્થિતિ તપાશો. અમારા ફરમાન ઉપર ચાલવાથી હાલ તમે કેટલા સારે તબકકે છો? હજુ તમે આગળ વધો, નહિ તો નીચે પડી જશો અને પાછળ રહી જશો.

અમે જોઈએ છીએ કે, તમારામાં કેટલાક યુવાનો છે, જે કેળવાયલા છે અને આ કાર્ય કરી શકે તેવા છે, તેથી આ ફરમાનો કરેલ છે.

મુંબઇમાં આવી સોસાયટીની શરૂઆત બહુ નાના પાયા પર થઇ હતી. તમે પણ એવી નાની શરૂઆત કરજો; તેવીજ રીતે ઇન્સ્યુરન્સ કુંપનીના કામની પણ નાને પાયેથી શરૂઆત કરજો. આ બાબત ફકત શોખને માટે નથી, પણ ઘણો વિચાર કરીને કરવાની છે. હાથીની જેમ પગલું મુકી આસ્તેથી કામ કરજો.

એક વખત સોસાયટીનું કામ શરૂ થયું, તો બધાને વાજબ છે કે હલાલીથી તેના પૈસા લેવા અને ઇમાનદારીથી પાછા વાળી આપવા, એવી નિયતથી કામ કરવું.

આખા આફ્રિકાનો યુવાન વર્ગ હસદ છોડી આપી એક દિલીથી કામ કરશે, તો ઘણોજ ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૬ મું.

મોમ્બાસા તા ૨૧-૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આગાખાન કલબમાં પધારી બાઇઓને ફરમાવ્યું:

"વીસ વર્ષ થયા છોકરીઓ સ્કુલમાં જાય છે અને સારો ફાયદો ઉઠાવેલ છે. હવે ત્રણ ચાર કામ કરવાની ઘણી જરૂર છે.

પહેલું તો એ છે કે, અંહી બેબીવીકની ઘણી જરૂર છે અને તે માટે બેબી વીક શો ગોઠવવાની હરેક તજવીજ કરવી.

બીજું: આઠ કે પંદર દિવસે જમાતમાં બેબી વીક સંબંધી ભાષણો કરવા. કાઉન્સીલને વાજબ છે કે, હફ્તામાં કે પંદર દિવસે એક વખત બાઇઓમાં બેબી વીકને લગતા લેકચરો ગોઠવવા. એ વિષયમાં બહારની કોઇ બાઇ કેળવાયલી હોય અને જમાતખાનામાં એનું ભાષણ ગોઠવવામાં આવે તો અડચણ જેવું નથી.

ત્રીજું: બાઇ માણસ પોતે પોતાની રોજી કમાવી શકે એવો હુન્નર ઉદ્યોગ શીખવવાની બહુ જરૂર છે અને તે ફરજ અમે એજ્યુકેશન બોર્ડને સોંપીએ છીએ.

આ ત્રણ વાત દુનિયામાં બહુજ જરૂરી છે. આખરતની વાત, દુનિયાના માબાપ કરતાં દીનનો માબાપ વધારે જાણે છે; જ્યારે તમારો ઇશ્ક એવો થશે ત્યારે બધું સારૂં થઇ રહેશે; કારણ કે આપણા ધર્મનો પાયો ઇશ્ક ઉપર રચાયલો છે."

જમાતને ફરમાવ્યું:

"તમે એવો ખ્યાલ નહિ કરતા કે, અમે અત્રે ફકત ત્રણ દિવસ તમારી સાથે હતા, પણ અમે હમેશાં તમારી સાથેજ છીએ અને તમો સઘળાને હમેશાં યાદ કરીએ છીએ. બેત્રણ દહાડા સુધી જે ફરમાનો તમને કરેલ છે, તે ઉપર તમે જો અમલ કરશો તો,

દીન દુનિયામાં અને આખરતમાં તમને ઘણો ફાયદો થશે. અમે અમારા રૂહાની ફરજંદોને કદી ભુલી જતા નથી."

બાઇઓને ફરમાવ્યું:

"તમે અમારી હકીકી દીકરીઓ છો.'

ભાઇઓને ફરમાવ્યું:

"તમે અમારા હકીકી અને રૂહાની ફરજંદો છો. ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

એક ભાઇને ફરમાવ્યું:

"તમે પરકોમના પાંચ ભાઇઓને ઇસમાઇલી બનાવ્યા છે, તે ઘણું સારૂં કામ કર્યું છે. પાંચ કરોડથી વધારે મુરીદો બનાવ્યા તેટલો સવાબ છે."

નવા ભાઇઓને ફરમાવ્યુ:

"અમારો મઝહબ રૂહાની છે. **અંહીયા લાકડી કે પત્થરનો મઝહબ નથી, પણ રૂહાની મઝહબ છે.** ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

ઇસમાઇલીઆ મિશન સોસાયટીના મેમ્બરોને ફરમાવ્યું:

"તમે વાએઝ શીખો છો અને વાએઝ કરો છો એ સારૂં કામ છે અને વળી ઓનરરી કામ કરો છો, તે ઘણું સારૂં કામ છે. અઠવાડીઆમાં એક વખત આ કામ કરવું એ બહુ સારૂં છે અને તે તમને વાજબ છે. મિશનનું કામ એ છે કે બીજાને સમજાવવું.

અમારા એક ફરમાનના ઘણા અર્થ નીકળે છે. માલેવાજબાત એ દારૂગોળો છે. તેનો અર્થ કરીને સમજાવવું એ તમારૂં કામ છે.

વાજબ છે કે, દરેક ફરમાનની તમારી અકલથી માયના કરો. એક માણુસ એક અર્થ કરે, ત્યારે બીજો, બીજો અર્થ કરે. વધુ માણુસો વધુ અર્થ કરશે.

કુરઆને શરીફના પણ એવી રીતે ઘણા અર્થ થયા છે. આગળના ઈમામના ફરમાનની પણ તેવી રીતે માયના કરવામાં આવતી હતી.

મિશનનું કામ કરવું એ મઝહબનો પાયો છે. વેપાર કરવો, આરામ કરવો અને બેથી ત્રણ કલાક મિશનરીનું કામ કરવું તે તમને વાજબ છે. અઠવાડીઆમાં બે કલાક વાએઝ કરવી, એ કંઈ મોટી બાબત નથી. યુવાન લોકો વારા ફરતી વાએઝ કરે. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૭ મું.

મોમ્બાસા તા. ૨૨-૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સ્કુલના માજી વિદ્યાર્થીઓને ફરમાવ્યું:

"ઘણુંજ સરસ. સ્કુલના માજી વિદ્યાર્થીઓના એસોસીએશન હોવાજ જોઇએ. ઓક્ષફર્ડ, ઇટન, અલીગઢ વિગેરે દરેક ઠેકાણે માજી વિદ્યાર્થીઓની એસોસીએશનો છે. માજી વિદ્યાર્થીઓએ વર્ષે અથવા છ મહિને એક વખત ભેગા થવું જોઇએ. બહારગામના મેમ્બરો હોય તો તેઓ પણ આવે અને ભેગા થાય."

લેડીઝ લેકચરીંગ સોસાયટીના મેમ્બરોને ફરમાવ્યું:

"સાબાશ, ખાનાવાદાન. ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

બાળ ઉછેરને લગતી બાબતો ઉપર તમારે જમાતખાનામાં ભાષણો આપવા. જમાતખાનું ફક્ત બંદગી કરવાની જગ્યા છે એમ સમજવાનું નથી, પણ જમાતખાનામાં બાળ ઉછેરને લગતા અને એવા બીજા વિષયો ઉપર ભાષણો ગોઠવવા.

પહેલા તમારે શીખવું જોઇએ કે, બચ્ચાં કેમ સંભાળવા, તેમને શું ખવડાવવું, શું પીવડાવવું, તેને કપડા કેમ પહેરાવવા. ખરચ ઘણો થાય છે, છતાં ખોરાક હલકો મળે એ એક નાદાનિયત છે.

હવે તમારે હોશીયાર બનવું જોઇએ. અગાઉની માફક હવે નથી કે મરદ આગળ અને સ્રી પાછળ, પણ હવે તો ઓરત અને મરદ એકજ હારમાં છે.

કપડા સાદા અને સ્વચ્છ પહેરવા. તમે કપડા એવા પહેરો કે, સારા પણ લાગે અને ખરચ પણ ઓછો થાય કે જેથી બન્ને હેતુ સચવાય."

લોન રોવર્સ યાને યુવાન સેવાધારીઓને ફરમાવ્યું:

"તમારા જેવા યુવાનો અમારી ખિદમત કરે છે, તે જોઇ અમે ઘણા રાજી થઈએ છીએ. અમને તમારા જેવા મજબુત યુવાનો જોઇએ છે. તમે અમારી સ્કુલમાં કેળવણી લીધેલ છે, તે જાણી અમે ઘણા ખુશી થયા છીએ.

અમે તમને અમારા રૂહાની ફરજંદો સમજીએ છીએ. તમે સર્વે અમારા રૂહાની ફરજંદો છો. અમે રાજી થઇએ એવા કામ કરતા રહેો.

**જો તમારા દુનિયાના માબાપ તમારા પર રાજી હશે, તો યકીનથી સમજજો કે અમે પણ તમારા પર રાજી થશું."**

લેડીઝ કમિટીને ફરમાવ્યું:

"શાબાશ. અમે તમને જોઇને ઘણા રાજી થયા છીએ. તમે જુવાન બાનુઓ અમારી ઘણી ખિદમત કરો છો. તમે અમારી દીકરીઓ જેવી છો. તમારા જેવી જુવાન બાનુઓ બહાર આવે.

બધાને સમજાવો કે ઈમામના ઘરની ખિદમત કરો, કોમની સેવા કરો.

ઈમામને જુવાન, ભણેલી, તંદુરસ્ત દીકરીઓ કાર્ય ક્ષેત્રમાં બહાર પડે એ જોવાની ખાહેશ છે, તમો બેટીઓને ભણતરમાં

પહેરવેશમાં અને દરેક ચીજમાં આગળ વધેલી જોઇને અમે ઘણા ખુશી થયા છીએ.

તમે હમેશાં ખુશીમાં રહેજો, અને તમારો ચહેરો હમેશાં હસ્તો રાખજો. એવા ગુણો કોમનું નુર છે અને એ અમારો ફ્લેગ છે.

તમે જેવી રીતે કામ કરો છો, તેવી રીતે હમેશાં કરતા રહેજો. તમે અમારી બીજી બેટીઓને સમજાવો કે, તેઓ દુનિયાની અને કોમની પ્રગતિમાં આગળ વધે. બાળહિતના વિષયો બધા તેમને સમજાવો અને તેમને આગળ લઇ આવો.

તમારો પહેરવેશ ફુલની માફક સારો છે. તમે ખાલી પહેરવેશને ફુલની માફક નહિ રાખજો, પણ તમે ખુદ ફુલની માફક થજો. તમે બધી બાઇઓ ફુલની માફક છો. ફુલોમાં ગુલાબનું ફુલ ઉત્તમ ગણાય છે, તેમ તમે આ દુનિયામાં ઉત્તમતાથી રહેજો અને એ ઉત્તમતાથી આખરતમાં અમારી હુઝુરમાં હશો."

પંજેભાઇ કમિટીના મેમ્બરોને ફરમાવ્યું:

"તમે અમારા હકીકી ફરજંદો છો. અમારા રૂહાની ફરજંદો છો. તમારા પર ફરજ છે કે જમાતની ખિદમત કરવી.

અમારા ફરમાન સાંભળશો અને તે મુજબ ચાલશો તો ઉંચા જશો અને તમને ઘણું ફળ મળશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૮ મું.

ઠાંગા તા. ૨૩-૧-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું:

"ઠાંગા જમાતની મુલાકાતથી અમે ઘણાજ ખુશી થયા છીએ. અમે તમને હમેશાં યાદ કરીયે છીએ. એમ નહિ સમજતા કે, આજેજ તમને યાદ કરીયે છીએ, પણ હમેશાં રાત અને દિવસ

યાદ કરીયે છીએ. હમેશાં તમો જમાત સાથેજ અમારી દુઆં આશિષ છે. અમારી દુઆ આ દુનિયામાં તેમજ આખરત માટે છે.

લેકચરીંગ કમિટીની જરૂર છે, જે બાળ ઉછેરના કાર્ય માટે બાઇઓને સમજાવે. બીજી કોઇ કોમની હુશિયાર બાઇ હોય તો તે આવી ભાષણો કરે તો પણ ઘણું સારૂં છે. બાળઉછેર માટે બાઇઓએ લેકચર કરવાની ખાસ જરૂર છે.

વોલન્ટીયર અમારૂં લશ્કર છે. વોલન્ટીયરોને જોઇ ઘણા ખુશી થયા છીએ. વોલન્ટીયરોએ ઘણીજ મહેનત લીધી છે. તમે આખી જમાત અમારા રૂહાની બચ્ચાં છો."

કરોડવે જમાતને ફરમાવ્યું:

"ગામ નાનું છે અને હરીફાઇ મોટી છે. કોઇ વખત બજાર ઉંચે લઇ જવાની કોશિશ કરો, તમે એક બીજામાં સંપ કરો. પંજા લ્યો. ભાવ એવા રાખો કે, બીજાઓ તેનો લાભ ન લઈ જાય. હરીફાઇ એ જાતની છે.

ભાવ એકદમ ઉંચા લઇ જાઓ નહિ. જો તેમ કરશો તો, ઘરાકો બીજી કોમવાળા પાસે જશે; તેમજ ભાવ એવા ઓછા રાખો નહિ, કે એક બીજાને તોડી પાડવા."

બોયઝ સ્કાઉટને ફરમાવ્યું:

"તમે અમારૂં નાનું લશ્કર છો અને અમારી ખિદમત, તમારી હૈયાતી સુધી કરજો; અમને ભુલતા નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૩૫૯ મું.

જંગબાર તા. ૨૫-૧-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે એક અમલદારને ફરમાવ્યું:

"હેલ્પીંગ સોસાયટી અમારી ખિદમત કરે છે. તમે ખાસ અમારી ઘણી ખિદમત કરી છે. આખી ઉમર ખિદતમ કરજો.

વેપાર એવો નહિ કરતા કે, એક વર્ષમાં દશ વર્ષની પેદાશ ચાલી જાય. આપણા લોકો એવા છે કે, એક વર્ષમાં પચીસ વર્ષની કમાઈ ગુમાવે છે.

તમારી જમાતને જરૂર છે કે, સવાહીલી તથા અરબો સાથે મળીને રહે. જેમ હિંદુસ્તાનમાં તથા પંજાબમાં આપણી જમાત મુસલમાનો સાથે મળીને રહે છે."

એરોપ્લેનના પાયલેટ તરીકેનું કામ શીખી આવેલ ભાઇને ફરમાવ્યું:

"બહુ સારૂં કામ છે. તમારા દિલમાંથી ધાસ્તી નીકળી જશે, હિંમત આવશે. જે પોતાના જીસમથી રમે છે, તે બધાથી ઉપર જાય છે."

એજ્યુકેશન બોર્ડના મેમ્બરોને ફરમાવ્યું:

"કોઈ મુરશીદ પોતાની ભેટમાંથી પાછું નથી આપતો, તેમજ. બીજા કોઈ ધર્મગુરૂ પણ આપતા નથી.

આ ઈમામના પૈસા છે, ગવરમેન્ટના પૈસા નથી. શીલીંગના સોળ આના લાભ મળવો જોઇએ.

કેનિયા, યુગાન્ડા અને ટાંગાનિકામાં કયાંઇ યુનિવર્સિટી નથી, તેમજ કોલેજ પણ નથી, જેથી અંહીનું એજ્યુકેશનનું સ્ટેજ ઉપર લઇ જાઓ. તમે આગળ વધો. આટલું પુરતું છે કરીને સંતોષ નહિ પકડવો, બલ્કે આગળ વધવું.

ઓલ્ડ બોય્ઝ એસોસીએશન બનાવવાની ઘણી જરૂર છે. સ્કુલમાંથી ફારગ થયેલા છોકરાઓ ઘણા હોય છે. તેઓ હળેમળે, કલબમાં આવજા કરે, પોતાની અકકલથી સુચના કરે.

ફકત નામને વાસ્તે મેમ્બર થાય તેમ નહિ, પણ તેમાં રસ લ્યે. સ્કુલમાં જે બાબતમાં વધારે ફાયદો હોય, તે વાત કરો. કલબમાં જગ્યા ઘણી છે. આખી જમાતને બોલાવશો તો ફાયદો છે ખાનાવાદાન."

## ફરમાન ૩૬૦ મું.

જંગબાર તા. ૨૬-૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પંજેભાઈઓને ફરમાવ્યું :

"આગળ જવાનો ખ્યાલ કરો. યુવાન લોકોને જરૂરનું છે કે લેકચર કરે, વાએઝ કરે. દરેક ફરમાનની ઘણી માયના નીકળે છે. ઓનરરી મિશનરી તરીકે વાએઝ કરવાની જરૂર છે. ભગત લોક લેકચર કરે.

અમારા ફરમાનની જીસમાની માયના કાઢો તેમજ રૂહાની માયના પણ કાઢો. જેવી રીતે સફરચંદ જાહેરમાં બંધ છે; અંદર ખાવાની વસ્તુ જુદી છે, બહાર જુદું છે. બહારનો સ્વાદ જુદો છે, અંદરનો સ્વાદ જુદો છે.

સ્કુલની નોકરી ઘણી સારી ચીજ છે, પણ બધા નોકરીમાં જાય તો કંઈ ફાયદો નહિ. તેનું પ્રમાણ ૨૦ થી ૩૦ ટકા હોય તે વાજબી કહેવાય, પણ જો ૮૦ ટકા જેટલો ભાગ નોકરીમાં જોડાય તો સારૂં નહિ.

નોકરી બે પ્રકારની છે. એક તો પૈસાવાળો વર્ગ પોતાના બચ્ચાંઓને નોકરી કરાવે; જેમ યુરોપમાં પૈસાવાળાના છોકરાઓ બીજી વેપારીની પેઢીની નોકરીઓ કરી પછી પોતે વેપાર કરે છે, એવી રીતે તમે પણ નોકરી કરી પછી દુકાન કરી આગળ વધો.

હજી મોડું થયું નથી ટાંગાનિકામાં યુવાન લોક શીખીને જાય, તો ત્યાં ઘણું સારૂં છે. એક મોટા શહેરમાં જઈને નહિ રહેતા.

આખા આફ્રિકામાં કોશિશ કરો કે, શરાબ બિલકુલ નહિ પીવો. તેને બદલે ફ્રુટનો રસ પીઓ. શરાબ ઘણો ખર્ચાળ છે તે ઘણો નુકશાનકારક છે. યુવાન લોક શરાબ પીવાનું બંધ કરે, તેને

બદલે બીજી કોઇ ચીજ પીએ; ફ્રુટ જ્યુસ, છાશ વિગેરે પીઓ તેથી મગજને તેમજ બદનને ઘણી તાકાત મળશે.

પંજેભાઈઓની ફરજ છે કે લેકચરમાં તેના ફાયદા સમજાવે અને શરાબના ગેરફાયદા સમજાવે. જુઓ, તંબાકુ પીવામાં ફાયદો નથી. ઈમામ કાંઇ તંબાકુના દુશ્મન નથી, પણ તેના વપરાશથી ઘણા ગેરફાયદા છે, તે સમજાવો. તેનાથી ગળામાં બીમારી થાય છે, પૈસા જાય છે.

જુઓ, અમે તમને એક દાખલો આપીએ; અમે દારેસ્સલામથી એક પ્રખ્યાત ડોકટરને બોલાવેલ હતો. તેણે અમારૂં શરીર તપાસ્યું. તેણે કહ્યું કે તમોએ બીલકુલ તંબાકુ વાપરીજ નથી. અમે સવાલ કર્યો કે, તમે શા ઉપરથી કહો છો? ત્યારે તેણે કહ્યું કે, તમારા ગળા તથા શરીરમાંથી જે શ્વાસ બહાર આવે છે, તે ઘણો સારો છે. તંબાકુ પીવાવાળાનો શ્વાસ સારો હોતો નથી.

તમે વાએઝમાં નાદાન લોકોની માફક હરામ છે એમ નહિ કહેતા, પણ તે નહિ પીવાથી શું ફાયદો છે, તે સમજાવો; જેવી રીતે કે દિલ, છાતી જોરાવર થાય છે. ફાયદા સમજાવો કે દિલ, છાતી, મગજ, આંખો વિગેરેને ફાયદો થાય છે. શરાબ અડધો કલાક જોર આપે છે, પછી નીચે લઇ જાય છે; મેવાનો રસ પીઓ.

જેટલા પંજેભાઇઓ છે, તે એક બીજાને કહો, સંભળાવો, આખા આફ્રિકામાં એક બીજાને લખો, બહેશ કરો."

૪૦ પંજેબેણુંને ફરમાવ્યું:

"હવેથી સતાડો નહિ નાંખતા પણ ખુશહાલી કરજો. મિજલસ કરજો. મિજલસમાં ફરમાન લેકચર વિગેરે કરજો. ખાલી સતાડો નાખશો તો ફાયદો નથી. જ્યારે જરૂર પડે ત્યારે નાખજો. જો એમ ને એમ સતાડો નાખ્યા કરશો, પછી જ્યારે દુઃખ પડે ત્યારે સતાડો

નાખશો ત્યારે ફાયદો નહિ થાય. જ્યારે જરૂર પડે ત્યારે સતાડો નાખજો. દુઃખ નહિ હોય ત્યારે ખુશી કરો, મિજલસ કરો, ગીનાન પડો. ફરમાન વાંચો. બાર મહિનામાં ત્રણ ચાર મિજલસ કરો. દુઆ આશિષ ફરમાવીએ છીએ."

હેલ્પીંગ સોસાયટીના મેમ્બરોને ફરમાવ્યું:

"આ દુનિયામાં મોમનોને મદદ કરો છો, આવતી દુનિયામાં ખુદા તમને મદદ કરશે, તેમાં શક નથી. તમારા મ્હોં ઉપર ખુદાનું નુર દેખાય છે. દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમારા દીન ભાઈઓ દારેસ્સલામ, નઈરોબી તથા મોમ્બાસામાં છે, તેમને તમારા કાયદા મોકલાવો તથા ત્યાં પણ આવી સોસાયટીની સ્થાપના કરો. તેઓને લખો કે, ત્યાં પણ સોસાયટી બનાવે. તમારા રૂલ છે અને કામ કરો છો તે બંધારણ છે, તે મોકલાવો.

રસમ પ્રમાણે વર્તો. રસમ પ્રમાણે નહિ વર્તવું તે અપમાન કરવા બરાબર છે, ગાળો દીધા બરાબર છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૧ મું.

જંગબાર તા. ૨૭-૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સ્કુલના બાળકો તથા બાળાઓને ફરમાવ્યું:

"અમે તમને જોઈને ઘણા ખુશી થયા છીએ, તમે તમારી કેળવણી લેવાની ઉમેદ બહુ ઉંચી રાખો. તમારે છોકરાઓ કરતાં કોઈપણ રીતે ઓછી કેળવણી લેવાની નથી."

છોકરાઓને ફરમાવ્યું:

"તમે અમારા રૂહાની બચ્ચાંઓ છો. નોકરી કરતાં સાહસ કરવું વાજબી છે. કેળવણી લીધા પછી હિંમત કરવી જરૂરી છે. ટાંગાનિકા તરફ જાઓ, ત્યાં તમારા માટે ઉજળું ભવિષ્ય છે. નાના નાના ગામડાઓમાં જાઓ તમે લોકો સાહસિક બનો.

હિંદી સમુદ્રથી લઇને ટાંગાનિકા, કોંગોથી લઇને છેટે અંગોલા સુધી, નાની નાની જગ્યાએ, નાના નાના ગામડામાં જઇને દુકાન ખોલો અને સાહસ કરો.

તમે લોકો ઓફીસોમાં અથવા બીજી વેપારી પેઢીઓમાં સાધારણ કલાર્ક તરીકે કામ કરો, તે અમે બીલકુલ ઇચ્છતા નથી. નોકરીમાં દમ નથી પણ તમે ભરમાં જાઓ. ભરમાં પુષ્કળ જગ્યા છે. ભરમાં જઇ એક ઠેકાણે તમે સાહસ કરશો તો બહુ મજબુત થઇ શકશો."

સ્કુલના ઇન્સપેકટરને ફરમાવ્યું:

"આપણા મઝહબની રૂહાનીયત બચ્ચાંઓને શીખવો."

એચ. એચ. ધી આગાખાન સ્કુલના બાળકો તથા બાળાઓના મેળાવડામાં ફરમાવ્યું:

"આજે સવારે લીધેલી તમારી સ્કુલની મુલાકાતથી અમે ઘણા ખુશી થયા છીએ.

તમે આ ટાપુની અત્યારના વખતની જરૂરીયાત પુરતી સુંદર કોશિશ કરી રહ્યા છો તેમજ બીજી સરખામણીઓમાં પણ તમને કોઇ જાતની ધાસ્તી રાખવાની નથી.

પણ અમારે જરૂર કહેવું પડશે કે, ભવિષ્ય માટે અમુક અંશે ચિંતાનું કારણ જણાય છે અને અમને ધાસ્તી છે કે, આ નિશાળમાંથી શીખીને બહાર પડતા છોકરાઓનો મોટો ભાગ કલાર્કની અને એવી બીજી ખાત્રી પુર્વકની ફકત ગુજરાન પુરતી લાઇનો લેવા તરફ દોરાય છે, જ્યારે સાહસનો જુસ્સો તેઓમાં હોતો નથી.

ઇસમાઇલી પ્રજાની અત્યારની હાલત તેઓના સાહસીકપણાનેજ આભારી છે. એ જુસ્સો હાલ માત્ર અભણ અને અજ્ઞાનોમાંજ દેખાય છે. આફ્રિકાના ભરનાં ઈસમાઈલીઓને પુછતાં તેઓએ જણાવ્યું કે, જ્યારે તેઓએ કાઠીયાવાડ મુકયું ત્યારે તેઓ પાસે જે મુડી હતી તેના કરતાં આજે દશ ગણી વધારે છે; એ તેઓનો તે વખતનો

જુસ્સો હતો, જે વખતે તેઓ અંહી આવ્યા. જંગબાર તે વખતે વેપારનું મુખ્ય ધામ હતું પણ હવે તે રહ્યું નથી.

આજે કેળવણીનો ખરો હેતુ ગણત્રીના આંકડાઓ અને હકીકતોના જ્ઞાનને નહિ પણ ઈન્સાનના તેના ખરા જુસ્સાને સુધારવાનો અને વધારવાનો છે. એ જુસ્સાને દાબી કે રૂંધી દેવામાં નજ આવવો જોઈએ. એ જુસ્સો દિવસે દિવસે વધુ મજબુત બનાવવો જોઈએ, તેમજ દુરના મોટા દેશોમાં જઈ સંપુર્ણ સુખી થવાની પ્રેરણાને જરૂર ઉ-તેજન આપવું જોઈએ.

કદાચ કોઈ એમ કહે કે, ઘણા યુરોપિયન ગૃહસ્થો અને હોદ્દેદારો તો કલાર્ક છે; પણ એ લોકોને બીજાઓની સંભાળ રાખવાની હોય છે. તેઓને હજારો વસાહતીઓ અને વેપારીઓને મદદ કરવાની હોય છે. જ્યારે વેપારીઓ અને વસાહતીઓને વહેવાર ધંધા તથા તેના સાધનો સ્થાપિત કરવાના હોય છે.

જ્યારે આના જેવું કંઈ પણ કારણ તમારી પાસે નથી કે તમે તેવી કલાર્કશીપ યાને ગુમાસ્તાગીરી તરફ દોરાઈ જાઓ.

આ ટાપુના યુવાનોમાં સાહસીકતાને ઉ-તેજન અપાવવું જોઈએ. આફ્રિકાના પ્રદેશની હજુ કાંઈ પુરતી ખોજ થઈ નથી, જે કાંઈ કેનિયા, ટાંગાનિકા અને થોડું યુગાન્ડામાં દેશાટન થયું છે તે, બાકી રહેલા કાર્યના પ્રમાણમાં બીલકુલ જુજ છે.

તમારા યુવાનો ટાંગાનિકા કોંગો અને પશ્ચિમ તરફના દરેકે દરેક ગામોમાં શા માટે ન જાય? એ અમે સમજી શકતા નથી. જેમ થારીયા ટોપણ કાઠીયાવાડ જેવા દુર પરદેશથી અંહી આવીને વસી શકયા, તો તમે આટલાંટીકના પ્રદેશ સુધી શા માટે ન જઈ શકો?!

આવી રીતના દેશાટન માટે અમે તમને છેલ્લા ૪૦ વર્ષ થયા કહેતા આવ્યા છીએ. પહેલે ૧૮૯૯માં અમે તમને કહ્યું હતું કે,

પશ્ચિમ તરફ દેશાટન કરો; પણ કમનસીબે ઘણા થોડા માણસો બહાર નીકળ્યા. ૧૯૦૫, ૧૯૧૪ અને છેલ્લા ૧૯૨૫માં પણ અમે ફરીથી આવી સલાહ તમને આપી હતી.

જો આ સ્કુલના શિક્ષણનું પરિણામ માત્ર સાહસીકતાના જુસ્સાને દુર કરવાનો હોય, જે જુસ્સો મુશ્કેલીઓ સહન કરવા, ભવિષ્યમાં ફતેહથી મળતા મોટા બદલા માટે શરૂઆતમાં થોડી અગવડો વેઠી લેવાનું શીખવતો હોય તેને મારી નાંખવાનું અને માત્ર કલાર્કશીપ તરફ ઘસડી જવાનું હોય, તો અમારી શાળાએ ફાયદા કરતાં નુકશાન વધારે કર્યું છે.

અમારા આ શબ્દો ઘણા ભારપુર્વકના છે અને અમે ખાસ કરીને શિક્ષક વર્ગને કહીએ છીએ કે, તેઓ બાળકોને સમજાવે કે, લડાઇમાં નહિં પણ શહેરી અને સુધરેલા જીવન માટે લડવું અને મરવું તે, ચાલુ જીંદગી જીવવા કરતાં વધુ માનભર્યું છે.

ઉઠો, જાગો, આફ્રિકાના ખંડનો વિચાર કરો. મહાન જીત અથવા તો સંપુર્ણ હાર. જેની સ્વપ્ને પણ ખ્યાલમાં ન આવે તેવી હરેક શકયતાઓ છે અને તે તમને પરીણામના મોટા બદલા તરફ દોરી જવા માટે પુરતી છે. જો કદાચ તેમ કરતા તમે હારો અને મોતને ભેટો તો તે મોત પણ માનભર્યું હશે.

જ્યારે, વેપારી પ્રજા તરીકે તમારો દરજ્જો નકકી થઇ જાય, ત્યારે તમે પણ પશ્ચિમની પ્રજાની માફક કલાર્કની મદદ લઇ શકો છો, પણ કલાર્કની ઇચ્છા તમને આફ્રિકા ખંડની ખોજમાં જવાના સાહસથી દુર રાખનારી હોવી ન જોઇએ.

તમારામાંથી ઘણાખરા આ દેશમાંજ જન્મેલા છે. જેવી રીતે આસ્ટ્રેલીયા અને કેનેડામાં વસતા અંગ્રેજો પોતાને તેજ દેશના વતની ગણે છે; તેવી રીતે તમે પણ આફ્રિકાને મહોબત અને દિલથી પોતાનું ઘર બનાવો.

કદાચ તમે કહેશો કે, ઓસ્ટ્રેલીયા અને કેનેડા અંગ્રેજી વાવટા હેઠળના દેશો છે, પણ અમે એવા ઘણા અંગ્રેજ કુટુંબોને ઓળખીયે છીએ, જેઓ આરજેનટાઇનમાં વસે છે અને પોતાને ત્યાંનાજ વતની તરીકે ગણે છે.

અમે ઇચ્છીએ છીએ કે, તમે પોતાને કેનિયન, ટાંગાનિકન અથવા જંગબારી તરીકે ઓળખાવો અને તેને પોતાના વતન તરીકે ગણો. સચ્ચાઇ, પ્રેમ અને કંઇપણ સંકોચ વિના તમે આ દેશને પોતાના વતન તરીકે માન્ય રાખશો નહિ, તો તમને તમારો દેશ બદલો આપશે નહિ, કારણ કે **એક દેશ તે શખ્સનેજ નવાજે છે, જે પોતાનું વતન તેને બનાવે છે.**"

## ફરમાન ૩૬૨ મું.

જંગબાર તા. ૨૮-૧-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇને ફરમાવ્યું :

"તમે એવા વ્યાજ નહિ ખાઓ કે જેથી મુડી ચાલી જાય. દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૩ મું.

જંગબાર તા. ૨૯-૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇને તંદુરસ્તી સંબંધમાં ફરમાવ્યું :

"ગરમ ચીજો નહિ ખાવી. ખાઓ તો પછી અજરાઇલની શું તકસીર? મસાલાવાળી ચીજ નહિ ખાઓ. ઠંડી અને સાદી ચીજ ખાઓ. તમો લોકને વાજબ છે કે આ વાતનો વાએજમાં પ્રચાર કરવો."

લેડીઝ વોલન્ટીયર કોરને ફરમાવ્યું:

"તમે અમારી રૂહાની દીકરીઓ છો. અમે રાત અને દિવસ તમને બાતુની રીતે જોઇએ છીએ, તેમ તમે પણ અમને બાતુની જોતા રહેજો."

એક ભાઇને ફરમાવ્યું:

"હિંદુસ્તાનની હવા અને અંહીની હવામાં ઘણો તફાવત છે. તમે ગરમ ચીજો મસાલા વિગેરે ખાઓ છો. તે અંહીના માટે ઠીક નથી. અત્રે એવી ગરમ ચીજો ઝેર સમાન છે. સાદો ખોરાક ખાઓ ખાનાવાદાન."

## ફરમાન ૩૬૪ મું.

નૈરોબી તા. ૨૨-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે લેડીઝ કમિટીને ફરમાવ્યું:

"તમે ઘણું સારૂં કામ કરો છો. તેનું ફળ અમે જોઇએ છીએ.

દારેસ્સલામ અને મોમ્બાસા કરતાં, અંહી નાના બચ્ચાંઓ ડબલ મજબુત છે.

બાળ ઉછેરને લગતી સીનેમા સ્લાઇડ બતાવવી એ ઘણુંજ સારૂં છે. બેબી શો વારંવાર ભરો છો તે બહુજ સારૂં છે. તમે અમારા ફરમાન અનુસાર કામ કરો છો તેથી અમે ઘણા રાજી છીએ.

બાળ ઉછેરનો ઘરોઘર પ્રચાર કરો, બચ્ચાંઓને ઇનામો આપો, વજન કરો અને મુંબઇથી સાહિત્ય મંગાવી તે પ્રમાણે અમલ કરો."

યુથ લીગના મેમ્બરોને ફરમાવ્યું:

"તમે તમારા રૂહાની પિતાની ખિદમત બરાબર કરજો. અમે તમને ત્રણ કામ સોંપીએ છીએ.

પહેલુંઃ મઝહબની ખુબી પહેલાં સમજાવો. ઈસલામ મઝહબ સારો છે, તેમાં ઈસમાઇલી મઝહબ તારીફલાયક છે. બીજા મઝહબો આમતેમ થયા, પણ ઇસમાઇલી મઝહબની રસ્સી બરાબર છે. હઝરત નબી સાહેબથી સીધેસીધી ચાલી આવે છે. આ ખુબી જવાનીઆઓના મગજમાં બરાબર બેસાડો.

જવાનીઆઓને ખુબ સમજાવો કે, માલેવાજબાત આપવી વાજબ છે, એ મઝહબની પહેલી વાત છે. માલેવાજબાત નહિ આપો તો, તમારા જાહેરી રાજ્યને ધકો પહોંચશે. જાહેરી રાજ્ય અમારા માટે નથી, ગવરમેન્ટ ટેક્ષ છે. માલેવાજબાત નહિ આપો તો, જાહેરી રાજ્ય કેમ ચાલશે? આ પ્રથમ સમજાવો.

બીજુંઃ બાઇઓ પોતાના બચ્ચાંઓને કેમ સંભાળે અને બિમાર ન થાય એ બાબતમાં દારેસ્સલામ ખાતે વિગતવાર ફરમાનો કર્યા છે, તેનો પ્રચાર કરો.

ત્રીજુંઃ કરકસરના મુદ્દા ઉપર કોન્ફરન્સ ભરાય અને જે ઠરાવ નકી કરવામાં આવે, તે ઠરાવનો અમલ થાય તે માટે દિલોજાન કોશિશ કરજો અને તે બાબત માણસોના દિલમાં બરાબર બેસાડજો.

આ ત્રણ કામ કરશો તો, દીન દુનિયામાં ચડતી થશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૫ મું.

નૈરોબી તા. ૨૫-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મબાલે જમાતને ફરમાવ્યું:

"તમે જમાતના ઘણાં તારો વિલાયતમાં મળે છે ત્યારે અમે ઘણા ખુશી થઇએ છીએ. અમે હમેશાં તમો જમાતને યાદ કરીયે છીએ, પણ તમારા તાર આવે છે ત્યારે વધારે યાદ કરીએ છીએ.

તમારે ત્યાં કાઉન્સીલ મુકરર કરેલ છે, તેનો ફાયદો લઇ દુનિયામાં ઉંચે આવવા કોશિશ કરો.

આખરતમાં અમારી પાસે છો અને ઉંચે છો, તેવીજ રીતે દુનિયામાં ઉંચે આવવું જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૬ મું.

નૈરોબી તા. ૧-૩-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે સુવર્ણ તુલાવિધી માટેના ભરાયેલ દરબારમાં પધારી ફરમાવ્યું :

"જે મહોબત અને ભકિતભાવને લીધે આખા આફ્રિકામાંથી તમે બધા, અમારા રૂહાની બચ્ચાંઓ અત્રે આવ્યા છો અને જે જહેમત ઉઠાવી છે, તેના માટે અમે તમને ઘણી મુબારકબાદી ફરમાવીએ છીએ.

આજે તમે અમને સોનાની ભેટ કરેલ છે તે, ઘણી ખુશી સાથે સ્વિકારીએ છીએ અને કબુલ ફરમાવીએ છીએ.

જેવી રીતે હિંદુસ્તાનમાં ગયે વર્ષે કરવામાં આવ્યું તેમ, અત્રે પણ આ સોનાની રકમ આખા આફ્રિકાનાં અમારા રૂહાની બચ્ચાંઓની ઉન્નતિ માટે આવતા પાંચ કે છ વર્ષ દરમિયાન વપરાશમાં લેવી એવી અમારી ઇચ્છા છે, અને તે માટે ઉંચા પ્રકારનું શિક્ષણ મેળવવા માટેની વિદ્યાર્થીઓને સ્કોલરશીપની સગવડ, સ્કુલો, સ્કુલો માટેના મકાનો, બાળહિત, સુવાવડખાતાઓ અને બની શકે તો, દવાખાનાઓ વિગેરે બીજા ભલાઇના કાર્યોમાં, તેનો વપરાશ કરવા માટે હિંદુસ્તાન પ્રમાણે અત્રે પણ એક કમિટી મુકરર કરીએ છીએ, જે એની સારી રીતે વ્યવસ્થા કરે અને એની બધી જવાબદારી એ કમિટી ઉપર મુકીએ છીએ.

તમો સઘળાને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન. ખાનાવાદાન. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૭ મું.

નૈરોબી તા ૯-૩-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હેલ્પીંગ સોસાઇટીના મેમ્બરોને ફરમાવ્યું:

"મોટી વાત એ છે કે, બેકારોને કામે લગાડો. તમારો દુશ્મન છે, તે બેકાર છે; માટે બેકારોને કામે લગાડો. કોઇ બુઢી વિધવાને મદદ કરો, તે ઘણું સારૂં છે, પણ જુવાન મરદને મદદ કરશો તો તે આળશું થઇ જશે. બની શકે તેટલું તેવાઓને નોકરીએ લગાડો, કામે ચડાવો. બચ્ચાંઓની માવજત માટે હમેશાં પ્રચાર કરતા રહેવું કે બચ્ચાંઓને સારો ખોરાક આપવામાં આવે. જ્યાં સુધી બચ્ચાંઓને સારો ખોરાક નહિ આપો, ત્યાં સુધી બચ્ચાંઓ સારા નહિ થાય. પચાસ ટકા બચ્ચાંઓ સારા ખોરાક વગર બિમાર પડે છે."

સ્કુલના છોકરા અને છોકરીઓને ફરમાવ્યું:

"તમે હમેશાં યાદ રાખજો કે, તમે અમારા રૂહાની ફરજંદો છો. આ વાત ભુલી નહિ જજો.

તમે સવારે ઉઠો, તેમજ રાત્રે સુવા જાઓ, ત્યારે મનમાં કહેજો કે અમે જમાનાના ઈમામના ફિદાઇ ફરજંદો છીએ. દુનિયાનું શિક્ષણ પણ બરાબર લેજો.

આપણો મઝહબ રૂહાની છે. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૮ મું.

નૈરોબી તા. ૧૦-૩-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યુ:

"તમે ઘણી ખિદમત કરી છે. અત્રે જ્યુબીલીના પ્રસંગે, નૈરોબીની જમાતે ઘણોજ સુંદર અને તારીફ લાયક બંદોબસ્ત કરેલ છે, તેથી અમે ઘણા ખુશી થયા છીએ. યુરોપના સુધરેલા દેશોમાં પણ એવી સુંદર વ્યવસ્થા ભાગ્યેજ બની શકે છે.

જ્યુબીલી ઇન્સ્યુરન્સ કુંપનીની સ્કીમ અમે કબુલ ફરમાવીએ છીએ. હફતામાં એક વખત દરેક જમાતખાનાઓમાં જાહેર કરજો કે, જ્યુબીલી ઇન્સ્યુરન્સ કુંપની સ્થાપવામાં આવેલ છે, તે જ્યારે ચાલુ થાય, ત્યારે દરેક પોતાનો ઇન્સ્યુરન્સ તે કંપનીને આપે. વીમા કુંપનીનું કામ કો-ઓપરેટીવ સોસાઇટીથી ઘણું આસાન છે.

કો-ઓપરેટીવ સોસાઇટીમાં માણસને, તેની ઇજ્જતને, તેના ઈમાનને જોવું જોઇએ. જ્યારે વીમા કંપનીમાં તેવું કાંઇ 'નથી આતો ચાલુ કામ છે.

આફ્રિકામાં વર્ષમાં છ લાખ શીલીંગોનો વીમો ઇસમાઇલીઓ બીજી કંપનીઓમાં આપે છે, તે છ લાખમાંથી તમને બે લાખનો પણ ફાયદો નથી; ચાર લાખ બહાર જાય છે, તે તમારા પાકીટમાં રહે તો સારૂં છે."

કરાંચીના ભાઇઓને ફરમાવ્યું:

"હજુ સુધી સિંધીઓને સિંધથી બહારના મુલ્કમાં અમે કયાંઈ જોયા નથી. સિંધીઓની આદત છે કે, તેઓના મુલ્કની રેતી રહે ત્યાં સુધી પણ તેઓ ખસતા નથી. તમે સિંધી થઇ પોતાનો મુલ્ક છોડેલ છે અને દેશાટન કરેલ છે તે અજબ કરેલ છે. એક સો જીવ તો શું? કાંઇ નથી; પણ હજાર માણસ આવે તો પણ થોડાં છે. હજી પણ તમે હોશિયાર થાઓ અને કોંગો વિગેરે તરફ જાઓ. જે જે સિંધથી આવેલ છે, તે સર્વને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

એક ભાઇને ફરમાવ્યું:

"સાહસ કરીને તમે જે મોટું કારખાનું ખોલવાની હિંમત કરી છે, તો અકકલ કરતાં હિંમત વધુ કરવી તે સારૂં નથી.

હુન્નરમંદી શીખવી હોય તો, વાઘનો દાખલો લ્યો. જંગલમાં પહેલાં તે શિકાર જુએ છે, પછી આસ્તે આસ્તે પગ મુકે છે. જંગલમાં વાઘ ચાલે છે, તે પણ જોઇ જોઇને ચાલે છે, માટે અકકલ કરતાં હિંમત વધુ કરવી તે સારૂં નથી.

અમારા ફરમાન વાંચજો અને હજમ કરજો. જ્યારે અમારા ફરમાન ઉપર વિચાર કરશો, હજમ કરશો ત્યારે રૂહાની, જીસ્માની અને દુન્યવી ફાયદો જોવામાં આવશે.

જ્યારથી અમે આફ્રિકાની મુસાફરી શરૂ કરેલ છે, ત્યારથી અમારા થયેલ ફરમાનો વાંચજો, તેના ઉપર અમલ કરજો, ખ્યાલ કરજો અને તેની માયના કાઢજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૬૯ મું.

જંગબાર તા. ૩૧-૧-૧૯૩૭.

હક મૌલાના ધણી મલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બાઇઓને ફરમાવ્યું:

"તમે અમારી રૂહાની દીકરીઓને જોઇને અમે ઘણા ખુશી થયા છીએ. તમને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. રાત અને દિવસ અમે તમારી સાથેજ છીએ. જેમ હમણા તમે અમારી સાથે છો, તેથી પણ વધારે નજદીક તમને જોઇએ છીએ; તેમ તમે પણ અમને નજદીક જોજો.

કોઇ ઉપર બાપનો પ્યાર હોય છે, કોઇ ઉપર માનો પ્યાર હોય છે, પણ અમે તો તમારા બાપ અને મા બન્ને છીએ અને તેટલાજ પ્યારથી તમને ચાહીએ છીએ.

અમે જોઇએ છીએ કે, આપણા બચ્ચાંઓ ઘણા નબળા છે; તેમને જોઇએ તેવી ખોરાકી પુરતા પ્રમાણમાં મળતી નથી; બચ્ચાંઓ જન્મે છે અને માતાનું દુધ પીએ છે; ત્યારબાદ ૫–૭ વર્ષનો થાય ત્યાંસુધી ગાયનું દુધ જરૂર આપવું જોઇએ; ગાયનું દુધ અત્રે ઘણું સસ્તું છે; તાકાતવાન અને સારૂં દુધ પણ ગાયનુંજ દુધ છે.

દરેક બીમાર અને નબળા માણસે, હમેશાં સવારના ગધેડીનું દુધ ચાલીસ દિવસ સુધી પીવું; પછી ૪૦ દિવસ સુધી બંધ રાખવું, પછી ફરીથી ૪૦ દિવસ સુધી પીવું. એમ વર્ષમાં બે વખત પીવાની બહુ જરૂર છે અને પીધા પછી અર્ધો કલાક ખુલ્લી હવામાં ફરો. ગધેડીનું દુધ ઘણું તાકાતવાન છે, પણ તે ફકત બીમાર અને નબળા માણસ માટેજ સારૂં છે. જે બીમાર અને નબળા હોય તેજ પીએ. વધારામાં ફ્રુટ ખાઓ અને દંહી છાસ જરૂર પીઓ. થોડું થોડું ટોપરૂં પણ દરેક જણે જરૂર ખાવું. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૦ મું.

દારેસ્સલામ તા. ૧–૨–૧૯૩૭.

૯૬ મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું:

"પહેલી વાત એ છે કે, જે જુવાનિયાઓ છે, કે જેને કામ નથી, તેઓ વેપાર માટે ભરમાં જાય; કોંગો સુધી જાય, લેક સુધી જાય. દરેક નાના નાના ગામમાં જાય. દરેક નાના નાના ગામમાં ઇસમાઇલીની નિશાની હોવી જોઇએ.

બીજી વાત એ છે. કે, જંગબાર અથવા ઇંડીયાથી જે ઇસમાઇલી આવે તેને મદદ કરી, ટાંગાનિકાના નાના નાના ગામમાં મોકલવા. એક બીજાના વેપારમાં હસદ કરવો સારૂં નથી, પણ એક બીજાને વેપારની ખબર આપવી કે કયાં સારો વેપાર છે, તેવી જગ્યાએ તેઓને મોકલવા. જેમ ગવરમેન્ટ કરે છે તેમ ખબર આપવી.

સ્કુલમાંથી બચ્ચાંઓ શીખીને નીકળે છે, તેઓ નોકરી કરે છે તે ઠીક નથી, પણ નુકશાન કરે છે. ઝાઝું શીખેલ હોય તેણે ઝાઝું કામ મેળવવું. નવો હુન્નર શોધી બહારગામ જવું જોઇએ.

બીજી કોમની સાથે સલાહ સંપથી રહેવું. કાયદાને માન આપવું. ગવરમેન્ટના કાયદા કાનુનને તોડવા તે સારૂં નથી. બીજી કોમ આફ્રિકન, ઇન્ડીયન, યુરોપિયન બધાની સાથે સંપ સલાહથી ચાલવું, જેથી તેઓ તમારા માટે સારૂં બોલે અને તારીફ કરે કે તમે હકપરસ્ત અને સાચા છો.

અમે તમારા પર ઘણા રાજી છીએ. આખાં ટાંગાનિકાની જમાત ઉપર ઘણા રાજી અને ખુશી છીએ. ટાંગાનિકાની જમાત ઉપર હમેશાં દિલોજાનથી મહોબત રાખીએ છીએ. રાત અને દિવસ યાદ કરીએ છીએ.

આ મુલ્કમાં આપણા પગ ઉંડા, બહુજ ઉંડા હોવા જોઇએ અને તે માટે બે ચીજની જરૂર છે. એ માટે ખાસ જરૂરનું છે કે, હાથીની માફક ચાલજો. પહેલે પગ મુકજો, પછી ચાલવાનું શરૂ કરજો. બહુ ઉતાવળ કરવાની જરૂર નથી. પહેલી બાબત એ છે કે, પહેલાં તો ઓલ આફ્રિકા કો–ઓપરેટીવ સોસાયટીની જરૂર છે. મુંબઇની અંદર ઇસમાઇલી કો–ઓપરેટીવ સોસાયટી છે, તેણે ઘણા ગરીબ ઇસમાઇલીઓની જીંદગી સુધારી છે. એવી સંસ્થા પુરી મેનેજમેન્ટથી ન ચાલી શકે, તો ન કરવી; અગર જો એવી સંસ્થા ઉભી કરવી હોય, તો રાત અને દિવસ તેની પાછળ મહેનત કરવી અને ધ્યાનપુર્વક કામ કરવું, કારણકે ક્રેડીટ પર કામ કરવાનું છે.

હિંદુસ્તાનમાં ઘણી ઇન્ડીયન બેંકો સારી મેનેજમેન્ટ ન હોવાના લીધે, તુટી પડી છે અને કરોડોનું નુકશાન થયું છે.

અગર જો કો–ઓપરેટીવ સોસાયટી અંહી ઉભી થાય, તો તેમાં જોખમ ન હોવું જોઇએ. ગવરમેન્ટ સાથે સહકાર કરીને જે

કાયદા કાનુનો ઘડવામાં આવે, તે પ્રમાણે સરકારની મદદથી કામ કરવું. ગવરમેન્ટની મદદ નહિ હશે તો કો-ઓપરેટીવ સોસાયટી નહિ ચાલે. હિંદુસ્તાનમાં ગવરમેન્ટની મદદથી ચાલે છે.

અમને ખાત્રી છે કે સરકાર તમને જરૂર મદદ કરશે. જ્યારે આ સંસ્થા પાકી થાય, ત્યારે જેઓ નોન ઇસમાઇલી હોય તેઓ પણ ભલે લાભ લ્યે; કારણકે આ સંસ્થા વેપારી સંસ્થા છે.

અમે જ્યારે આફ્રિકાથી રવાના થઇએ, ત્યારબાદ જો થઇ શકે તો "ઓલ આફ્રિકા ઇસમાઇલીઆ ઇન્સ્યુરન્સ કંપની" ઉભી કરજો. પહેલાં સ્કિમ બનાવી, તમોને ખાત્રી થાય તોજ મજકુર કંપની ઉભી કરજો. આફ્રિકામાં અમારી તેમજ તમારી પણ ઘણી મિલકતો છે અને બધા મિલકતદારો કામ આપે, તો ઘણો લાભ થાય. આ પ્રમાણે જ્યારે આ સંસ્થા પગભર થાય, ત્યારે બહારનાઓનું પણ કામ લેજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૧ મું.

દારેસ્સલામ તા. ૨-૨-૧૯૩૭.

હક્ક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે રિલીજીયસ સોસાયટીના મેમ્બરોને ફરમાવ્યું:

"જ્યારથી અમે આફ્રિકામાં આવ્યા છીએ, ત્યારથી અમે જે જે ફરમાન કરેલ છે, તેની માયના કાઢજો. ફરમાનના ઘણા અર્થ થાય છે, ઘણી માયના નીકળે છે. દરેક પોતાની અકકલથી સમજણ મુજબ માયના કાઢે.

તમે પોતાને ઓનરરી મિશનરી સમજજો. દુઆના વખત પછી અર્ધો કલાક હમેશાં અમારા ફરમાન તથા ગીનાનની માયના કાઢો. હિંદુસ્તાન તથા આફ્રિકા, બીજે જ્યાં ફરમાનો થયા છે, તે વાંચી તે ઉપર વિવેચન કરજો, ઘણો ફાયદો થશે."

જમાતને ફરમાવ્યું:

"સ્કુલમાંથી શીખી બધા નોકરી કરશે, તો શું ફાયદો? વિલાત જઇ વકીલ બેરિસ્ટર થાઓ, તેના કરતાં હુન્નર ઉદ્યોગ શીખો તે વધારે સારૂં છે.

જમાતમાં નબળાઇ ઘણી છે, માટે દહીં ખાઓ તો ફાયદો થશે, કુરૂટનો રસ પીઓ અને દહીં ખાઓ, તો ઘણો ફાયદો થશે."

જામફળ હાથમાં લઇ ફરમાવ્યું:

"આ કુરૂટ કાચું ખાવું નહિ, પણ બાફીને ખાવું. કાચું ખાવાથી પેટમાં દુ:ખાવો કરે છે. ચાવલ ખાવાની આદત હોય, તેની સાથે બકાલું ખાવું. કુરૂટ ખાવું, જેથી બદનની નબળાઇ નીકળી જશે.

અમે જે ફરમાનો કરીએ છીએ, તે ઉપર બરાબર અમલ કરો; અમલ નહિ કરો તો નુકશાન થશે. અમે જે દવા બતાવીએ છીએ તે જરૂર તમે કરજો, નહિ કરશો તો નુકશાન થશે.

દુધ અને દહીં હાલ જેટલું ખરીદ કરો છો, તેનાથી ડબલ ખરીદ કરી ખાશો તો તમારી બિમારી દુર થઇ જશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૨ મું.

દારેસસલામ તા. ૩-૨-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાજર ઇમામે જમાતને ફરમાવ્યું :

"ટાંગાનિકાના અમારા રૂહાની ફરજંદોને જોઈને અમે ઘણા રાજી અને ખુશી થયા છીએ.

શરૂઆતમાં અમે દુનિયાના ફરમાન કરીએ છીએ, ત્યારપછી દીન અને આખરતના ફરમાનો કરશું.

દુનિયાનું પહેલું ફરમાન એ છે કે, અમે અમારા ફરજંદોને જોઇએ છીએ, તો તેઓ નમળા અને બીમાર માલમ પડે છે. બધા બચ્ચાંઓ બીમાર થાય એ કાંઇ ખુદાઇ હુકમ નથી. જો બીમાર પડે તો એક પડે, નબળો હોય તો એક હોય, પણ અમે અત્રે ૫૦ ટકા છોકરા છોકરીઓને બીમાર જોઇએ છીએ, એનું કારણ એ છે કે, નાના બચ્ચાંઓની માતાઓને સમજ નથી કે, નાનપણમાં તેઓની સંભાળ કેમ રાખવી? કેટલું અને કેવું ખાવાનું આપવું? તે પણ તેઓને સમજ નથી; તેમજ કેવી હવા અને રોશનાઇ જોઇએ? તેની સમજ તે માતાઓને નથી.

એના માટે અમે ઘણા વર્ષોથી ફરમાન કરેલ છે. હિંદુસ્તાનમાં પણ એ માટે અમે ઘણાં ફરમાનો કર્યા છે. વર્ષમાં બે વખત બેબી વીક એકઝીબીશન ભરવું ઘણું જરૂરનું છે. આ વાત એવી નથી કે, ઘણા નાણા ખર્ચવા પડે, પણ થોડા ખર્ચમાં ઘણું સારૂં થાય.

માતાઓએ બચ્ચાંઓની કેમ માવજત રાખવી, એની સમજણ હોવી જોઇએ; એ વાત જરૂરની છે. એમ કરવાથી બચ્ચાંઓને ઘણો ફાયદો થશે અને તેઓ ઉમરમાં ઘણા વધશે. ડાકટરની દવાની જરૂર નહિ પડે. મોટા થશે તો પણ બિમાર થશે નહિ; તેઓ તંદુરસ્ત રહેશે.

સુવાવડખાતામાં જે બાઇ હોય તેને પણ મહિનામાં એક બે વખત બોલાવી, ભાષણ કરાવો અને એનો તરજુમો કરી બાઇઓને સમજાવો. તમારી જાણમાં આવે કે, લેડી ડાકટર અથવા બીજી કોઇ કોમની બાઇ હોશિયાર છે, તો કાઉન્સીલ તેને આમંત્રણથી તેડાવે, તો તે ખુશીથી આવશે અને તમને લેકચર આપી સંભળાવશે.

આવા બિમાર બચ્ચાંઓને જોઇને, અમે ઘણા દિલગીર થઇએ છીએ. બચ્ચાંઓને ખાવનું નહિ દેશો, સંભાળશો નહિ તો ખુદા શું કરે? આ બાબતમાં હોશિયાર થાઓ.

ઇન્ફન્ટ વેલફેર સોસાયટી સ્થાપવાની ઘણી જરૂર છે. એક બચ્ચું મોટું થઈને બીમાર થાય છે, તેનું કારણ એ છે કે, નાનપણથી તેની સંભાળ બરાબર લેવાણી હોતી નથી.

જે છોકરાઓ ભણેલા છે, તેના માટે જરૂરનું છે કે, ભરમાં નાના નાના ગામમાં જાય અને તેના બાપદાદા માફક પરચુરણ વેપાર શરૂ કરે. તમારા બાપદાદાઓ જ્યારે આવ્યા, ત્યારે બંદરોમાં વેપાર શરૂ કરેલ. તમે બધી જગ્યાએ ભરમાં જાઓ, વેપાર શરૂ કરો; પણ જેઓનો વેપાર અંહી સારો ચાલતો હોય, તેઓના માટે નથી કહેતા, પણ જેઓના વેપાર બરાબર ન હોય, તેઓના માટે આ ફરમાન ફરમાવીએ છીએ.

સ્કુલમાંથી છોકરાઓ નીકળે છે, તે ભલે નોકરી કરે, પણ તેઓનો ઉદ્દેશ બીઝનેસ કરવાનો હોવો જોઈએ. તમારે યાદ રાખવું જોઈએ કે, તમારા બાપદાદા વેપારી હતા અને હવે જો તમે વેપાર હાથમાંથી છોડશો, તો બધું ખોઇ બેસશો અને વેપાર હાથમાંથી ચાલ્યો જશે.

આ માટે મુડીની જરૂર છે અને તેના માટે કો-ઓપરેટીવ સોસાયટીની જરૂર છે. તેમાં ઈમાનદાર માણસો દાખલ થાય અને ઇમાનદારીથી કામ કરે, અને તેઓ સમજે કે, અમે મઝહબી કામ કરીએ છીએ અને દીનદારના નાણા પોતાના પૈસા માફક સંભાળે; જાન માફક સંભાળવાની જરૂર છે.

તમને જે ફરમાન કર્યા છે, તે તમારી દુન્યવી બહેતરી માટે છે, દીની બહેતરી માટે અમે તમને એક વાત કરીયે છીએ, તેમાં બધું સમાઇ જાય છે.

**બધાથી મહત્વની વાત એ છે કે, મા, બાપ, માલ અને જાન કરતા પણ મહમ્મદ અને અલીના ગાદી વારસ પર તમારૂં ઈમાન મજબુત રાખજો. મહમ્મદ અને અલીના વંશ જેઓ બીરાજે છે તેના ઉપર પ્યાર રાખશો તો તમને**

**દુનિયામાં કોઈ ડર રહેશે નહિ. આ એક ફરમાનમાં ઈબાદત, બંદગી અને મઝહબની બધી ખુબીઓ આવી જાય છે.**

તમે સર્વે જમાતને ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન.'

## ફરમાન ૩૭૩ મું.

દારેસ્સલામ ત. ૪–૨–૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇને ફરમાવ્યું :

"દુનિયા એવી છે કે, જ્યાં **હાઝર ઈમામની હસ્તી જરૂર હોવી જોઇએ.** ખાનાવાદાન."

## ફરમાન ૩૭૪ મું.

દારેસ્સલામ તા. ૬–૨–૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું :

"જ્યાં સુધી ખાવા પીવાની રીત નહિ બદલાવો, ત્યાં સુધી બીમારી નહિ મટે. તમે જ્યાં સુધી મરચાં અને એવો ગરમ ખોરાક નહિ છોડો ત્યાં સુધી બીમારી રહ્યા કરશે. અત્રેના કાળા લોકો ગરીબ છે, છતાં તમારા કરતાં તંદુરસ્ત છે. તમે હિંદુસ્તાનના ખોરાક અત્રે ખાશો તો કેમ ચાલશે ? જુવાન લોકો પણ આ માટે ખ્યાલ કરે.

બીમાર માણસ સારૂં કામ નહિ કરી શકે. બીમારીથી રૂહાની શકિત ખરાબ થાય છે. બીમાર માણસથી ઇબાદત પણ થઇ શકતી નથી. પચાસ ટકા અમે તમારામાં બીમાર જોઇએ છીએ. વીસ પચીસ લાખ રૂપિયા કમાણા, પણ બીમારી હશે તો સારૂં નથી. ખોરાકની આદત નાનપણથીજ સુધારવી જોઇએ, તો બીમારી બહુજ

ઓછી આવે. દહીં ફ્રુટ અને એવી ચીજો ઘણો ફાયદો કરે છે સવારના તડકામાં ફરવું અને ખુલ્લી હવામાં ફરવું તે ઘણું સારૂં છે.

લડાઇમાં જેમ દુશ્મન સામે લડવું પડે છે, તેમ તમે બીમારી માટે સંભાળ રાખો. અંહીની સીઝન પ્રમાણે તમે ખોરાક રાખો, તો તંદુરસ્ત રહેશો. **મેવાના ખોરાકથી અક્કલમાં વધારો થશે, હિંમત આવશે, તન્દુરસ્તી વધશે;** અને તંદુરસ્તી હશે તો સારા સારા વિચારો આવશે, પણ નબળાઇ અને બીમારી હશે તો સારા ખ્યાલો આવશે નહિ.

વાએઝની બદલીમાં અમારા ફરમાનો વાંચી, તેની માયના કરશો અને તે પ્રમાણે ચાલશો, તો ઘણો ફાયદો થશે. ખાવાપીવાના ફરમાન છે, તે સર્વે જમાત વાસ્તે છે. અઠવાડીઆમાં એક વખત જરૂર વાંચો. એવી રીતે પાંચ છ વર્ષ, જ્યાં સુધી તમને આદત પડી જાય ત્યાં સુધી ચાલુ રાખો.

મેવો, દહીં, દુધ, રોટલી ખાઓ. ચોખા કરતા બાજરી સારી અને સસ્તી છે, માટે તે ખાઓ."

કિલેસા ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"દર ચાંદરાતના હમણા જેવી રીતે અમે હાજર છીએ, તેવી રીતે અમને હાજર સમજજો. અમારો પણ દિલનો ખ્યાલ તમારી તરફ છે. તમારા દિલનો ખ્યાલ પણ અમારી તરફ રાખશો. હમેશાં અમારો ખ્યાલ રાખજો."

લાઇબ્રેરી કમિટીના મેમ્બરોને ફરમાવ્યું:

"૫૦ ટકા બચ્ચાં અમે બીમાર જોઇએ છીએ. આ બીમારી કુદરતી નથી, પણ પોતાની ભુલ છે. ગરીબીનું કારણ પણ નથી, કારણ કે કાળા લોકોના બચ્ચાં તંદુરસ્ત છે. આપણી બાઇઓને બચ્ચાંઓની કેમ સંભાળ રાખવી, તેની આવડત નથી. બચ્ચાંઓને

ખવરાવવું, સંભાળવું, દુધ આપવું, હવામાં ફરવા મોકલવું વિગેરે બાબતોની તેમને બીલકુલ ખબર નથી.

બચ્ચાંઓને હવામાં થોડો થોડો વખત બહાર ફરવા મોકલવા. પહેલાં માતાઓએ પોતાનું શરીર તંદુરસ્ત રાખવું. સારો ખોરાક ખાવો. ગાજર વિગેરે ખાવાથી, દુધ સારૂં આવે, બચ્ચું દુધ પીએ, તંદુરસ્ત બને. તમે લેકચર આપો અને સમજાવો. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૫ મું.

દારેસ્સલામ તા. ૮-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાજર ઇમામે લાયબ્રેરી કમિટીના મેમ્બરોને ફરમાવ્યું:

"અમે અગ્રેસરોને ફરમાન કર્યા છે, તે તમારા માટે પણ છે. બધી મંડળીઓ માટે છે. હાલ કઠણ વખત છે. કટોકટીનો વખત છે. અમારા ફરમાનોનો પ્રચાર કરજો.

લાયબ્રેરી ફકત કિતાબો માટેજ નથી, પણ ફરમાનો સાંભળવા માટે પણ છે. લેકચર આપવું તે સારૂ છે, હવે આગળ વધવાનો ટાઇમ છે. કરકસર, તંદુરસ્તી વિગેરે વિષયો પર ભાષણ આપો."

બોર્ડિંગ કમિટીના મેમ્બરોને બચ્ચાંઓને આપવામાં આવતા ખોરાક સંબંધી ફરમાવ્યું:

"સવારમાં ચા આપો છો, તે નુકશાન કરે છે, તેના બદલે દુધ આપો. બપોરના ચોખાને બદલે બાજરાના રોટલા આપો. ચોખા કરતાં બાજરો સારો છે. ચોખામાં તાકાત નથી. ઘઉં કરતાં પણ બાજરો સારો છો. રાતના દુધ, દહીં, ફુરૂટ આપો, તમારો ખોરાક બદલાવો. ખોરાક બદલાવવાની ખાસ જરૂર છે. રાતના ફુરૂટ કેળાં આપો. પાંઉમાં તાકાત નથી. પપૈયા પણ આપો. બાજરાની રોટલી બહુ ફાયદો કરે છે."

સ્કુલ સ્કાઉટોને ફરમાવ્યું

"તમે અમારૂં લશ્કર છો. તમે પોતાને હલકા માનશો નહિ. તમે અમારા રૂહાની ફરજંદ છો. તમારા માબાપ ઉતમ છે. હાઝર ઇમામને માબાપ સમજજો. આમાલ પણ તેવા રાખજો. ઈમામ ઉપર માબાપથી પણ વધારે પ્યાર રાખજો.

તમારા માટે દુન્યવી ફરમાનો ઘણા કર્યા છે. દુન્યવી ફરમાન તમારી મિટીંગમાં વાંચજો. તમે ફરમાન પ્રમાણે વર્તજો. તમારો દરજ્જો ઘણો ઉંચો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૬ મું.

દારેસ્સલામ તા. ૯-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે છોકરા છોકરીઓની સ્કુલની એજ્યુકેશન બોર્ડના ઓફિસરોને ફરમાવ્યું :

"તમારા પર મોટી ફરજ છે, તમારા પર મહાન બોજો છે. બચ્ચાંઓને કેળવણી આપ્યા બાદ કઇ તરફ દોરવવા તે તમારા હાથમાં છે.

જુઓ તવલુદ થતાં બાળકોના પગ ચીના લોકો નાના બનાવે છે, જ્યારે અંગ્રેજો અને બીજાઓ મોટા પગ બનાવે છે, તેથી તેઓ ટટાર ઉભા રહી શકે છે, શિકાર કરવા જઇ શકે છે. ચીનાઓ ચાલી પણ શકતા નથી.

તેવી રીતે બચ્ચાંઓના મગજ એવા કુમળા છે કે, તેઓને જેમ કેળવવા હોય તેમ કેળવી શકાય છે.

બચ્ચાંઓને ત્રણ ચાર બાબત જરૂર શીખવો; કરકસર માટે સમજાવો; ભરમા જઇ વેપારી બને, હિંમતવાન થાય, તેવી કોશિષ કરો. બચ્ચાંઓને ખેતીવાડીનું શિક્ષણ પણ આપો. તંદુરસ્તી માટે જુવાનો પાસે લેકચર અને વાએઝ કરાવો.

**હાલમાં** ૫૦ ટકા બિમારી જોઈએ છીએ, પણ ફરી અમે આવીએ ત્યારે તે બિમારી નાબુદ થયેલી હોવી જોઈએ. જો તે નાબુદ નહિ થાય તો તમારી કસુર સમજશું.”

એક ભાઇને ફરમાવ્યું:

“ઇમાનની સલામતી માટે અમારી પાસે જે માંગણી થઈ છે તો, અલબત ઇમાન સલામત રહેશે. જો માલેવાજબાત આપશે તો તેઓનું ઇમાન કદીપણ જશે નહિ. ખાનાવાદાન.”

## ફરમાન ૩૭૭ મું.

ડોડોમા તા. ૧૧-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

“જાહેરમાં માબાપ તરીકેનો અમારો પ્યાર અને આશિષ તમને પહોંચાડવામાં આવે છે, તમને તાર મારફત એ આશિષો આવે છે. અઠવાડીયામાં એકજ વખત નહિ પણ જેવી રીતે માબાપ પોતાના બચ્ચાં ઉપર સતત પ્યાર રાખે છે, તેવી રીતે અમારો તમારા તરફ સતત પ્યાર છે.

યકીન કરજો કે, જ્યારે તમે જમાતખાનામાં આવો છો, ત્યારે વાયરલેસની માફક તમારો પ્યાર અમને પહોંચે છે. તમારો રૂહાની ઇશ્ક અમારાથી દુર નથી. અમારો રૂહાની ઇશ્ક તમારા પર એથી પણ વિશેષ છે. હમણા છો, તેના કરતાં પણ બીજી દુનિયામાં તમે અમારી વિશેષ નજીક હશો.

દુન્યવી ફાયદા માટે અમે દારેસ્સલામમાં ઘણા ફરમાન કર્યાં છે. તમારી તંદુરસ્તી, વેપાર અને શરીરની તાકાત વધે, તથા તમે દુનિયામાં આગળ વધો, તે માટે અમે તે ફરમાન કર્યાં છે.

અમારી દારેસ્સલામની આઠ દસ દિવસની રોકાણ દરમિયાન, અમે રાત દિવસ એ ફરમાન કર્યાં છે. એ ફરમાન તમે વાંચજો

અને રાત દિવસ સાંભળજો. જો તમે તે ફરમાન પર અમલ કરશો, તો તમને કેટલો ફાયદો થાય છે તે જોશો."

ડોડોમા જમાતમાં વાએઝ કરતા ચાર શખ્સોને ફરમાવ્યું:

"જ્યારે તમે વાએઝ કરો, ત્યારે અમે દારેસ્સલામમાં જે ફરમાન કર્યા છે, તે જમાતને સંભળાવજો. હવે એવો વખત છે કે, જ્યારે તમે વાએઝ કરો ત્યારે અર્ધો વખત રૂહાની બાબત પર અને અર્ધો વખત અમે જે નવા દુન્યવી ફરમાન કર્યા છે, તે પર વાએજ કરજો.

આપણા બચ્ચાં, બાઈઓ વિગેરે ભણેલા છે, તેઓ તે ફરમાન વાંચી શકશે. ફરમાન માત્ર વાંચજોજ નહિ, પણ તેનો અર્થ સમજજો; અમે ઘણા ફરમાન કર્યા છે."

કીગોમા જમાતને ફરમાવ્યું:

"જ્યાં વેપાર હોય ત્યાં જાઓ. તમે ઈન્સાન છો, ઝાડ નથી કે ફરી ન શકો. અમે ઈ. સ. ૧૯૦૫માં જંગબારમાં કરેલ ફરમાન પ્રમાણે જો તે લોક વરત્યા હોત તો, તેઓ ઘણા આગળ વધ્યા હોત. જો તમે હોશિયારીમાં રહેશો, તો આગળ વધશો. કોંગો જાઓ. કીગોમાને અમે હમેશા યાદ કરીયે છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૮ મું.

દારેસ્સલામ તા. ૧૪-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમારા રૂહાની બચ્ચાંઓને અમે કદીપણ ભુલતા નથી. રાત અને દિવસ યાદ કરીયે છીએ. અમારા રૂહાની બચ્ચાંઓને રાત અને દિવસ દુઆ કરીયે છીએ.

જેમ દુન્યવી રીતે માબાપ પાસે નાના તેમજ મોટા બચ્ચાં સરખાં છે અને પ્યાર કરે છે, તેમ અમે પ્યાર કરીએ છીએ.

જાહેરમાં તમને દીદાર ન મળે, ત્યારે ભુલી નહિ જતાં. રૂહાની દીદાર જરૂર કરજો. બાતુની દીદાર કદી પણ નહિ ભુલતા, ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૭૯ મું.

દારેસ્સલામ તા. ૧૫-૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું:

"અમે તમારી પાસેથી રવાના થઇએ છીએ તેથી દિલગીર છીએ.

અમારા રૂહાની ફરજંદોને જીસમાની ફરજંદ માફક પ્યાર કરીએ છીએ. અમારા રૂહાની ફરજંદોને અમારા ખરા ફરજંદ તરીકે ચાહીએ છીએ.

અમારા દુનિયાના ફરમાનો અમલમાં લાવશો, તો કદી ખરાબ થશો નહિ, પણ સુખી થશો.

કોઇને મોટો વેપાર અથવા મોટી કંપની કરવી હોય, તો અમને પહેલે કાગળ લખીને પુછાવે. ભરમાં નાની દુકાનો ખોલો, દરેક પોતે નાનો નાનો વેપાર કરે. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

મોશી જમાતને ફરમાવ્યું:

"તમને રાત અને દિવસ હમેશાં યાદ કરીએ છીએ. ભલે અમે તમારી પાસે જાહેરમાં રહેતા નથી, તો પણ તમને રાત અને દિવસ યાદ કરીએ છીએ.

**તમે તમારા હાઝર ઇમામ પ્રત્યે ઇશ્ક રાખો, તેથી ઉ-તમ બીજું કાંઇ નથી. તમે મૌલાના ઇશ્કમાં હમેશાં મદહોશ રહો. ઇમામે ઝમાનના ફરમાન હમેશાં નવા આવે**

**છે તમે છેલ્લા ફરમાન ઉપર અમલ કરો. આ આખરતનું ફરમાન છે.**

દુનિયાનું એ ફરમાન છે કે, તમારા બચ્ચાંને સ્કુલમાં મોકલો. તમારા બચ્ચાંને મફ્ત ભણતર મળે છે.

બીજું એ છે કે તમારા બચ્ચાં ભણી ગણીને નોકર અને કલાર્ક થાય, તેમાં કાંઇ લાભ નથી. એ છોકરા નાના નાના ગામમાં જઈ વેપાર કરે તેમાં વધારે લાભ છે.

એક ગામમાં ઝાઝી વસ્તી કરી હરીફાઇ કરવી ખરાબ છે. નાનાં નાનાં ગામમાં જ્યાં ઈન્ડીયન તથા ઇસમાઈલી નથી, ત્યાં દુકાન કરો તો વધારે લાભ થાય.

પાંચ કે દશ જણા મળી, એક કંપની કરી છાંભો કરો; અથવા વેપાર કરો. છાંભો જે છે તેમાં તમે જાત મહેનત કરો. તેમાં તમે પોતે મહેનત કરશો, તો તમારા બદનને લાભ થશે અને મજા આવશે. એક માણસ પાસે એટલી મુડી ન હોય તો પાંચ દશ જણા મળી વેપાર કરો."

એક ભાઇને ફરમાવ્યું:

"ગયબ ઇમામ કાંઇ રસ્તો દેખાડી શકતો નથી, માટે હાઝર ઇમામની દામન પકડો, કે જે તમને રસ્તો દેખાડી શકે. પયગમ્બરનું ફરમાન છે કે જે ઇમામ ગાદી પર હાઝર હોય તેને માનો."

એક ભાઇને ફરમાવ્યું:

"માલેવાજબાત બરાબર આપજો. માલેવાજબાત બરાબર નથી તે મોમન નથી. ખાનાવાદાન."

## ફરમાન ૩૮૦ મું.

મુંબઇ તા. ૨૫-૧૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતમાં પધારી ફરમાવ્યું :

"અમે જાહેરમાં અમારા રૂહાની બચ્ચાંથી દૂર હતા, પણ આફ્રિકા યુરોપમાં અમે તમને યાદ કરતા હતા. અમે તમને જોઇ ઘણાં રાજી થયા છીએ. અમારી આંખો ઠંડી થઇ છે. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૮૧ મું.

મુંબઇ તા ૩૦-૧૧-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સિધપુર ડીવીઝનની મોમન જમાતને ફરમાવ્યુઃ

"તમે પોતપોતામાં પાર્ટી કરી ફિસાદ કરો છો, મારામારી કરો છો, તેથી અમને દુઃખ થાય છે, તે સારૂં કામ નથી, માટે સંપ સલાહથી ચાલો. આવું કામ કરવાથી અમારા દિલને રંજ થાય છે, માટે આવું કામ મોમન નહિ કરે.

દુનિયાનો દાખલો લ્યો; એક પિતાના ફરજંદો હોય, તે આપસ-આપસમાં સંપ સલાહમાં ન હોય, લડતા હોય, તો તેમના પિતાનું દિલ કેવું નારાજ થાય? અને તેને કેવું દુઃખ થાય? તેજ પ્રમાણે તમારા લડવાથી અમને દુઃખ થાય છે.

મારામારી થાય, એક બીજાની ઓરતને ઉપાડી જવી અને ખુન થાય, આતો હદજ આવી ગઇ, આનાથી વધુ જુલમાત શું હોઇ શકે?!

જાહેરમાં ૪૦ વર્ષથી તમે અમને ઓળખો છો અને અમે તમને ઓળખીએ છીએ. તમે હમેશાં અમારા ઘરની ખિદમત કરો છો, છતાં મારામારી, ફિસાદ, મતફેરી જે થાય છે. તેથી બરકત થતી નથી અને દુઃખમાં વધારો થાય છે; માટે સંપ સલાહથી રહેશો તો આબાદ થશો અને કાનુનસર ચાલશો તો ફાયદો થશે.

આજ રોજ અમે તમારી કાઉન્સીલમાં જે અમલદારો નિમીયે છીએ તેની ઇજ્જત રાખજો.

ગાયકવાડ રાજ્યમાં મફત કેળવણી મળે છે, માટે રાજ્યમાં માંગણી કરી નિશાળો ચાલુ કરો. ગાયકવાડ સરકારમાં ફરજીયાત શિક્ષણ અપાય છે, માટે તેનો લાભ લેવો જોઇએ.

અમારા આ ફરમાન સાંભળી તેના પર અમલ કરશો, તો ઘણો ફાયદો થશે; રાતમાંથી દિવસ થાય છે એટલો ફાયદો થશે.

પંજેભાઈઓનું કામ છે કે, સુલેહ રાખે. પાર્ટી પડાવે નહિ. તેમનું કામ સોલજરનું છે. પંજેભાઇઓ તો કાઉન્સીલના હાથરૂપ હોવા જોઈએ, નહિ કે કાઉન્સીલને અડચણ કરે, જો તેમ થાય તો દુશ્મની કરી ગણાય."

## ફરમાન ૩૮૨ મું.

મુંબઇ તા. ૬-૧૨-૧૯૩૭

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે સી. પી. અને બીરાર કાઉન્સીલ અને જમાતને ફરમાવ્યું:

"તમારા જીલ્લામાં બીડીનો વેપાર ઘણો સારો ચાલે છે અને તે ધંધો કરો તો ઘણું સારૂં છે. બીડી બાંધવાનું કામ કરો તો પણ સારૂં છે.

નાના નાના ગામોમાં જાઓ અને ત્યાં દુકાન કરો. જ્યાં હરીફાઇ નહિ હોય ત્યાં નાને પાયેથી શરૂઆત કરો, ચામડાનું કામ કરો ચામડાનો ધંધો યુરોપમાં યુરોપીયનો પણ કરે છે. કટલરી, મિરચી મસાલાનો ધંધો કરો.

અમે સો વખત કહ્યું છે, હજાર વખત કહ્યું છે, તોપણ પુરો બંદોબસ્ત થયો નથી.

જુઓ બ્રિટીશ ગવરમેન્ટનાં એલચીઓ ફર્યા કરે છે, જ્યાં જ્યાં વેપાર ધંધાનું ક્ષેત્ર છે, ત્યાં ત્યાં પોતાના માણસોને બોલાવે છે. તમને કેટલી વખત ફરમાન કર્યા છે કે, જ્યાં જ્યાં વેપારના ક્ષેત્રો સારા

હોય, ત્યાં ત્યાંની માહિતી આપણા પેપરોમાં કોમની જાણ માટે મોકલાવતા રહો. એવી રીતે એક બીજા પાસેથી ખબરો મંગાવો અને મોકલો.

તમને ફરમાન કરીયે છીએ પણ તેનો પુરો અમલ થતો નથી. નિઝામના મુલ્કમા જાઓ, ત્યાં વેપાર ધંધાનું સારૂં ક્ષેત્ર છે. ખાનાબાદાન."

## ફરમાન ૩૮૩ મું.

મુંબઈ તા. ૭-૧૨-૧૯૩૭.

હક મોલાના ધણી સલામત સરદાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાઠિયાવાડ સુપ્રીમ કાઉન્સીલને ફરમાવ્યું:

"અમે તમારાથી બહુ રાજી છીએ, કાઠીયાવાડમાં હમણા બચ્ચાંઓની માવજતની તાલીમ વિષે હીલચાલ કરવાની બહુ જરૂર છે, કારણ કે ઘણા બાળકો મરી જાય છે.

ત્યાંની બાઇઓ જોઈએ તેટલા પ્રમાણમાં આ વિષયમાં સમજદાર નથી અને જરૂરીઆત તપાસ્યા વગર વઇદ, હકીમ અને તબીબોની સલાહ લેવામાં આવે છે. એવી રીતથી બચવા અને મરણનું પ્રમાણ ઓછું થાય, તેટલા માટે બચ્ચાંઓની માવજત અને તંદુરસ્તીના નિયમો શીખવાની ઘણીજ જરૂર છે.

એ બાબતમાં અમે અત્રે એ ખાતાના અમલદારો સાથે વાતચીત કરશું. એ તમને મદદ કરશે, તો પણ તમે આ કામમાં શરૂઆત જરૂર કરજો. એનો બોજો અમે તમારા પર મુકીએ છીએ. દિલોજાનથી કામ કરજો.

ઇમિગ્રેશન છે, તે કાઠીયાવાડના ભાઈઓ માટે છે, તેઓએ પરદેશગમન કરવું જોઈએ. ખાસ કરીને આફ્રિકામાં જાઓ. ટાંગાનિકામાં

ક્ષેત્ર ઘણું વિશાળ છે, ત્યાં જાઓ. તમે લોકો હિંમત કરી આફ્રિકા જાઓ."

## ફરમાન ૩૮૪ મું.

મુંબઈ તા. ૧૮-૧૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ સતપંથી પંજેભાઇઓને ફરમાવ્યું:

"મોમીન ઇસમાઈલી જમાત બધા અમારા ફરજંદ છે. અમારા દુન્યવી બચ્ચાંઓ અને રૂહાની બચ્ચાંઓમાં અમે કાંઇ ફરક રાખતા નથી. અલબત તમે ઘણા માણસો છો, જેથી અમારી ગોદમાં લઈ દરેકના માથા પર અમે હાથ ફેરવી શકતા નથી, પણ અમારો પ્યાર હમેશાં તમારા ઉપર છે.

આ દુનિયામાં તકલીફ નહિ ઉઠાવશો, તો આખરતમાં શું લેશો? દુનિયામાં હમેશાં તકલીફ છે. તમે જુઓ છો કે, આપણી કોમમાં ઘણા શેઠીયાઓ છે, જેઓના બાપદાદાઓએ એક બળદના માફક મજુરી કરી, ઘણી જહેમત ઉપાડેલી છે, ત્યારે તેઓ હમણા આ સ્થિતિ પર આવેલ છે.

અમારો મઝહબ આ દુનિયામાં મફત નથી, આ દુનિયા છે અને અંહીયા તકલીફ પણ છે. ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૮૫ મું.

મુંબઇ તા. ૧૯-૧૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે વાંદરા જમાતની સાફસુફ કરવાવાળી બાઇઓને ફરમાવ્યુ:

"તમે અમારૂં જમાતખાનું સાફસુફ કરો છો યાને કે તમે અમારો બગીચો સાફસુફ કરો છો. અમે તમને દુઆ કરીયે છીએ. હમદર્દીથી સેવા કરો. ખાનાવાદાન.

## ફરમાન ૩૮૬ મું.

મુંબઇ તા. ૨૫-૧૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે અંધેરી જમાતને ફરમાવ્યું :

"અંધેરી જમાત, નાના, મોટા બાઈઓ, ભાઇઓ, સર્વેને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે અંધેરીમાં રહી, અંધારામાં નહિ રહેજો. સેવા કરજો, જમાતને બરાબર લાઈટમાં રાખજો. ખાનાવાદાન."

## ફરમાન ૩૮૭ મું.

મુંબઇ તા. ૩૦-૧૨-૧૯૩૭.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોમન જમાતના એક અમલદારને ફરમાવ્યું :

"તમે હવે ખોજા જેવા કપડા પહેરો છો, તે ઘણું સારૂં છે. જુવાન લોક ટોપી પહેરો. ખેતીના કામમાં ફાળીયા બાંધવા તે ઠીક છે. તડકો નહિ લાગે."

એક ભાઇના માટે દરખાના જમાતના મુખીને સંબોધીને ફરમાવ્યું:

"જમાત પોતાનું કામકાજ ઈસમાઇલીને શા માટે નથી આપતી? ઇસમાઈલીનું કામ ઈસમાઇલીને આપવું જોઇએ."

ઇસમાઇલીયા વેલફેર સોસાયટીના મેમ્બરોને ફરમાવ્યું:

"જુઓ આપણામાં કોઈ સલામતીભર્યું ખાતુ નીકળે છે, તો બધા તેને તોડી પાડવાની કોશિશો કરે છે. બીજી કોમોમાં જ્યારે એવું કોઇ ખાતું નીકળે છે તો બધા તેને મદદ કરે છે, માટે એવી બાબતોથી સાવચેત રહેવું."

બુરહાનપુર જમાતને ફરમાવ્યું:

"તમે ઇસમાઈલી ખોજાઓ સાથે દીકરીઓ લેવા દેવાનો વહેવાર કરો. એ માટે અમે ફરજ નાખીએ છીએ, એ ઘણું જરૂરનું છે.

અમે જયારથી તખ્ત પર આવ્યા છીએ, ત્યારથી તમો જમાતની ખિદમત જોઇએ છીએ.

બચ્ચાંઓને સ્કુલમાં જરૂર મોકલજો. છોકરીઓને પણ મોકલજો. તમારી જમાત છે, તે મોમન જમાત છે.

મુસલમાનો સાથે અને વહોરાઓ સાથે સારો સંબંધ રાખજો, અને ઈદ કે એવા તહેવારોએ મસજીદમાં જઇ, તેઓ સાથે નમાઝ પડજો; જરૂર પડજો."

થાણા જમાતને ફરમાવ્યું:

"અમને ઘણી દિલગીરી પેદા થાય છે અને રોવા જેવું લાગે છે, જયારે અમલદારો, અગ્રેસરો અને જમાતમાં પોતપોતામાં કુસંપ ઝઘડા અને કજીયા હોવાનું સાંભળીએ છીએ. એ શું વાત છે? એમ થવાથી ન પૈસા મળે છે, ન રોજી મળે છે, ન કોઈ જાતનો ફાયદો થાય છે. એનો ન્યાય જરૂરનો નથી, પણ સંપ જરૂરનો છે, અને એટલુંજ અમને જોઇએ. ખાલીપીલી પોતપોતામાં દુશ્મની શા માટે હોવી જોઇએ? પોતપોતામાં હળીમળી ચાલો. તમારા લીડર બીજે ન્યાય કરવા જાય, આપણું નામ ઉચું થાય, જયારે લડાઇ ફિતના ફિસાદ જેવી બાબતો તમને શોભે નહિ. એ લુચ્ચાઓનું કામ છે; ગ્રહસ્થ માણસોનું એ કામ નથી.

તમે અમારા રૂહાની ફરજંદો છો. અમારી તમારા પર રહેમ છે, તમારૂં એ કામ હોવું જોઇએ કે, એક બીજાને મદદ કરવી, નહિ કે એક બીજાને નીચે પાડવા.

તમારી બાઇઓમાં સંપસલાહ છે. તેઓની પાસેથી શીખવા જેવું છે. બાઇઓ હુશિયાર છે. ઘણી હુન્નરવાળી છે, તે માટે તેઓને અમે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

કાઉન્સીલના સુકાનીએ પોતાનો મિજાજ ઠંડો રાખીને સંભાળભરી રીતે દબાણ કર્યા વગર કામ લેવાનું છે. આપણું ધર્મનું

કામ છે, દબાણુ નહિ. તમે અમારા ઓફિસરો કાનુનથી કામ લ્યો, અમે જેમ ચલાવીએ છીએ તેમ. ખાલીપીલી એક બીજાની વાત સાંભળવી અને પોતપોતામાં ખેંચાખેંચી અને ઝગડા કરવા એ ગેરવાજબી છે, સુલેહ સંપથી ચાલો. અમે કાઉન્સીલની નવી નિમણુંક કરીએ છીએ અને તમે બધાંને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

હવે પોતપોતામાં અદેખાઇ નહિ કરતા. કોઇ આગળ વધે તો તેને તોડી પાડતા નહિ અને સંપીને રહેવું. થાણા જમાત મોમન જમાત છે અને અમારા નજદીક છે. શાબાશ.

તમારે રાત અને દિવસ એવા ખ્યાલ કરવા જોઇએ કે, એક બીજાને મદદ કરવી, નવા વેપારની શોધ કરવી, એક બીજાને દેશાવર મોકલવા, કયાં કામ છે અને કયાં નથી, તેની એક બીજાને ખબર આપવી, કયા ગામમાં વેપાર સારો છે અને કયાં નથી, એ બધી ખબરો લ્યો અને પેપરમાં મોકલાવો. ખાનાવાદાન."

## ફરમાન ૩૮૮ મું.

મુંબઇ તા. ૧-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે અમદાવાદની ગુપ્તિ જમાતને ફરમાવ્યું :

"ગુપ્તિ જમાત ઘણી મોમન જમાત છે. અમે તમારા પર ઘણા રાજી થયા છીએ.

મોમન લોકો જેઓ આ દુનિયા છોડી જાય છે, તેની જગ્યા અમારા કિલ્લામાં હોય છે, બીજે કયાંઇ હોતી નથી. શાબાશ ખાનાવાદાન."

## ફરમાન ૩૮૯ મું.

મુંબઇ તા. ૨-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગુજરાત મોમીન ઇસમાઇલી જમાતને ફરમાવ્યું :

."તમે અમારા રૂહાની બચ્ચાંઓ છો, અમારી હુજુરમાં આવ્યા છો, તેથી અમે ઘણા ખુશી થયા છીએ. તમે અમારા બચ્ચાંઓ છો. નવા અને જુના, નાના અને મોટા એ વિચાર છોડી આપો. તમે એક બીજા સાથે શાદી નહિ કરતા હો તો એક બીજા સાથે શાદી કરો."

સિધપુર ડીવીઝનની મોમન જમાતને ફરમાવ્યું:

"આખી ધાનધાર જમાતની કો-ઓપરેટીવ સોસાયટી કાઢવાની ઘણી જરૂર છે અને ઇમાનદારીથી તે કામ કરવાનું છે. નહિ કે એમાં ચોરી થાય. આ બાબતમાં અમે ગોલ્ડ થ્રાંટ કમિટીને ભલામણ કરી છે."

રંગુનના એક અમલદારને ફરમાવ્યું:

"તમે બ્રહ્મદેશમાં રહેતા હોવાથી ત્યાંના બરમીઝ લોકો સાથે મળતા રહેજો. તેઓને સહકાર આપો. તેઓને સારા પ્રસંગે બોલાવો. તમારામાં જેઓના ઘરમાં બરમીઝ સ્ત્રીઓ હોય, તેઓને તેઓની પાર્ટિમાં જાઓ, ત્યારે સાથે લઇ જાઓ. મોટા દિવસોએ બરમાના મુખ્ય માણસોને બોલાવો. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૦ મું.

મુંબઇ તા.૩-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ભાવનગરના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે ગરીબીની બાબતમાં ફર્યાદ કરો છો, પણ પરદેશ ગમન કરતા નથી, પછી શું થાય?!

માણસો ઘણા અને વેપાર થોડો, એટલે શું થાય?! દેશાટન કરવું જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૧ મું.

મુંબઇ તા. ૪-૧-૧૯૩૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પંજાબની એક બાઇને ફરમાવ્યું:

"તમે બહુ જુના મોમન છો. અમે પંજાબી મોમન પર બહુજ ખુશી છીએ. તેઓએ અમારા ફરમાનથી નામ બદલાવ્યા અને મઝહબને ખુલ્લો કર્યો અને પોતાના કુટુંબની કોઇપણ જાતની પરવા કર્યા વગર ખુલ્લી રીતે મઝહબને વળગી રહ્યા અને તેથી આજે દુનિયાનો પણ ફાયદો થયો. આગળ બીક હતી હવે બીક નથી. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૨ મું.

મુંબઇ તા.૫-૧-૧૯૩૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે અંધેરીના એક ભાઇને ફરમાવ્યું:

"તમારામાંના કેટલાક દરજીનું કામ જાણે છે, તેઓ મુંબઇની આજુબાજુના નાના નાના ગામડાઓમાં દરજીની દુકાન ખોલે તો, સારૂં કામ ચાલે. મુંબઇમાં ઘણી હરીફાઇ છે, માટે આવી હુન્નર-વાળી દુકાનો ખોલવાની ભાઇઓએ હિંમત કરવી જોઇએ."

કાઠીયાવાડ એજ્યુકેશન સેન્ટ્રલ બોર્ડના મેમ્બરોને ફરમાવ્યું:

"જે સ્કુલોને રાજ્યની ગ્રાંટ મલતી હોય, તેવી સ્કુલોમાં છોકરાઓને મોકલો. જ્યાં કોમ્પીટીશન થાય ત્યાં છોકરાઓ આગળ વધે. રાજ્યને ટેક્ષ અપાય છે, તેનો લાભ લ્યો. ફ્રી યાને મફત સ્કુલ હોય ત્યાં બાળકોને જરૂર મોકલો.

ધાર્મિક સ્કુલો છે તે ચાલુ રાખવી જોઇએ. તમે જવાન લોકો છો. જેટલું બને તેટલુ તમારા દીનભાઈઓને આફ્રિકા મોકલવા આગ્રહ કરો.

મઝહબી કામ કરો છો તે ઘણું સારૂં છે, પણ દુન્યવી કામ નહિ છોડો અને તમારા ભાઈઓને સમજાવો. હિંદુસ્તાન તરફ દક્કન, સાઉથ, મદ્રાસ તરફ મોકલવા ભલામણ કરો. તમારે એજ્યુકેશનનું કામ કરવાનું છે, એમ સમજવાનું નથી, પણ પરદેશગમન માટે તેઓને સમજાવો એ પણ તમારી ફરજ છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૩ મું.

મુંબઈ તા. ૬-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે સુરતનાં ચાંદરાતના પંજેભાઈઓને ફરમાવ્યું:

"અમે સુરત જમાતનું નામ સુરજ જમાત રાખ્યું છે. ચાંદ અને સુરજ બેઉ તમારામાં છે.

ચાંદરાતના પંજેભાઈની મહેમાની કરી એટલે ચાંદ સમાન છે.

બીમારીની શરૂઆતમાં ઈલાજ નથી કરતા અને જ્યારે બીમારી વધી જાય છે, ત્યારે અમારી પાસે અરજ કરવામાં આવે એ વાજબી નથી."

બડોદર તથા ચિત્રાવડ ડીવિઝનની જમાતને ફરમાવ્યું:

"તમે મોમન છો. તમારૂં કામ પણ મોમન છે. અમે જાણીએ છીએ કે, તમને ભારે વ્યાજ આપવું પડે છે અને તેથી અમે ગોલ્ડ ગ્રાંટ કમિટીને કેટલીક સુચનાઓ કરેલ છે.

ધાનધારના મોમન ભાઈઓમાં કો-ઓપરેટીવ સોસાયટીની હિલચાલ થયેલ છે, તેમ તમે પણ કરો. એમાં હિસાબ રાખવાની આવડતની જરૂર છે. જો તેમ નહિ થાય અને તુટી જાય, તો સો વર્ષ પછાત રહી જશો. બહુજ ઈમાનદારીથી કામ કરવું. સંસ્થામાં ચોરી થાય નહિ, તેનું ધ્યાન રાખજો. જો એ સંસ્થા સલામત હશે, તો તમારી કુવ્વત ઘણી વધશે.

જેમ પોતાના બચ્ચાંને સંભાળો છો, તેમ એ સંસ્થાની સંભાળ રાખજો. કામ કરવાવાળા તમને મળી રહેશે, પણ ધીરધાર કરવામાં બહુ સંભાળવાનું છે. એમ નહિ થાય કે, ગમે તેને પૈસા આપી દેવા."

રિક્રીએશનની લેડીઝ સપોર્ટરને ફરમાવ્યું :

"તમે રિક્રીએશનની બાઈઓ સારી રીતે મહેનત કરો. તકલીફ લ્યો અને રિક્રીએશનના કામમાં રસ લ્યો; અમે તમારાથી ઘણા રાજી છીએ. તમે ઘણી તકલીફ લઈ મહેનત લઈ અમારી ખિદમત કરી છે, તે માટે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

રિક્રીએશનનું જે કામ છે, તે બુઢાઓનું નથી પણ જુવાનોનું કામ છે. આજે વખત એવો છે કે જુવાન લોકો અમારી ખિદમત કરે. જુવાનની માયના એ છે જે મોમન છે તે કદી બુઢો થતો નથી, પણ હમેશાં જવાન રહે છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૪ મું.

પુના તા. ૯-૧-૧૯૩૮.

હ૰ મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું :

"મોમીન ઇસમાઇલીઓ, જેઓ આપણા ધર્મમાં દાખલ થાય છે, તેઓ ધંધા અને હુન્નર વગર આગળ વધી શકશે નહિ. તમે તેઓને શીખાવો અને ધંધે લગાડો. નોકરીમાં તો બીજા લોકમાં પાંચસો વર્ષથી રખડયા છે. તેના માટે ધંધાની જરૂર છે.

એ માટે તમો જમાત ઉપર અમે ફરજ નાખીએ છીએ કે, આ લોકોને રસ્તે ચડાવો.

મુખી કામડીઆની ફરજ છે કે, જમાતને આગળ વધારે અને કામ ધંધા પર લગાડે. જમાતને લાજમ છે કે, મુખી કામડીઆને મદદ કરે અને પૈસાવાળાની ફરજ છે કે, જમાતને સલાહ આપે,

પૈસાવાળા ફાળાફુળીમાં મદદ નહિ કરે તો એઓથી શું થઈ શકશે ?! ખાનાવાદાન."

## ફરમાન ૩૯૫ મું.

અહમદનગર તા. ૧૦-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે વઝીર ડાહ્યાભાઈ સંબંધી ફરમાવ્યું:

"મોમીન ઇસમાઈલીના છોકરાઓ, જે અમે અત્રે જોઈએ છીએ, તે એક એક જીવ કરોડ રૂપિયા કે બંગલા સમાન છે અને તેથી અમને ઘણી કિંમત આપેલ છે, એમ અમે સમજીએ છીએ.

ઓર્ફનેજના બચ્ચાંઓને ખાટા લીંબુના રસનું શરબત દાંત માટે ફાયદાકારક થશે અને બચ્ચાંઓને એક બીજા સાથે કુસ્તી કરાવવી એ પણ ફાયદાકારક છે. ગરમીના વખતમાં એઓને બહાર સુવરાવવું તે ઘણું સારૂં છે.

આપસમાં તમારા ધંધાની હરીફાઈ જોઈને દિલગીરી થાય છે, માટે હરીફાઈ કરવી એ સારૂં નથી.

મર્હુમ વારસે ઇસલામનું ઘણું સારૂં કામ કર્યું. ઘણાને દીનમાં લાવ્યા. એવણની કબર પાસે ગુલાબનું ઝાડ રોપજો. ગુલાબ છે તે ગુલે મહમ્મદ છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૬ મું.

મુંબઇ તા. ૧૪-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પિનાંગ જમાતને ફરમાવ્યું:

"તમારા પર અમે ઘણા રાજી છીએ અને તમને યાદ કરીએ છીએ. જે લોકો દુર દેશાવર જઈ વેપાર કરે છે, તેઓને પણ યાદ કરીએ છીએ.

આ વખત એવો છે કે, હોશિયારીથી કામ કરવું જોઈએ. પૈસા થાય ત્યારે તમને એમ થાય કે, ચાલો દેશમાં, હવે બહુ કમાયા; પણ એમ નહિ કરતા; દેશમાં નહિ આવો; સટો કરી જોખમ નહિ લેતા. પૈસો નહિ હોય અને સટ્ટો કરે, એ જુદી વાત છે. નાણું નહિ હોય ત્યાં ખોવાનું શું? પૈસા હોય અને સટ્ટો કરો તો નુકશાન પહોંચે.

અમે ફરમાન કરીયે છીએ, પણ ફરમાન પ્રમાણે ન ચાલવાથા તેઓ દુઃખી અને બરબાદ થાય છે, ત્યારે તેઓ પસ્તાય છે અને ફરમાનને યાદ કરે છે, પણ તેમાં શું ફાયદો?!

**માલેવાજબાત બરાબર હશે તો, કદીપણ નુકશાન નહિ થાય.** ખાનાવાદાન."

## ફરમાન ૩૯૭ મું.

મુંબઇ તા. ૧૬-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે માણસા વિશનગર, ખરલડા, મોમન જમાતને ફરમાવ્યું:

"તમારે અકકલ પણ રાખવાની જરૂર છે; કેટલાક માણસો એવા છે કે, પાછળથી ફિતના ઉભા કરે છે, અમે એ જાણીએ છીએ. ૫૦ વર્ષ થયા અમે જાહેરમાં જાણીએ છીએ.

જ્યાં અમને નાદાનિયત જોવામાં આવે છે, ત્યાં અમે ફરમાન કરતા નથી. અમારા સામે હા પાડવી અને પાછળથી ફરી જવું એ નાદાનિયત છે.

અકકલની વાત તો એ છે કે, દરિયામાં ભળી જવું તો ૨૦ વર્ષમાં કોઇ નહિ જાણે. જો તમે એ પ્રમાણે નહિ ભળશો, તો તમારો શાદી વહેવાર ૨૦ વર્ષમાં અટકી જશે. અમારી ખુશી તે તમારી ખુશી.

તમારા માટે કયો રસ્તો આસાન છે, એ તમારે પોતાને નક્કી કરવાનું છે કે ખોજાઓ સાથે ભળવું કે મોમન સાથે; ખોજા સમુહ દરિયા સમાન છે. અલબત દરિયા સાથે ભળવું વધારે સારૂં છે, દુન્યવી ફાયદો છે. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૮ મું.

મુંબઇ તા. ૧૮-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ડોંબીવલી શનીવારના પંજેભાઇઓને ફરમાવ્યું :

"અમારા ફરમાનથી નાના નાના ગામમાં આવી, દુકાનો ખોલી, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે કાઠીયાવાડમાં હુતે તો આવી ખિદમત નહિ કરી શકતે.

અમે જાણીએ છીએ, તમે પંજેભાઇઓ છો. તમે પંજેભાઇઓ નાના મોટા સર્વેને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે હમેશાં તમારી મિજલસમાં હાજર છીએ. જેમ તમારી પાસે હમણા બેઠા છીએ, તેજ માફક અમે મિજલસમાં હાજર હોઈએ છીએ."

જાપાનીસ માલનો વેપાર કરતા એક ભાઇને ફરમાવ્યું:

"તમે જે દેશનો માલ મંગાવો છો, એ ફાયદાકારક અને સસ્તો છે, તેથી એ સારો છે.

ભણેલા છોકરાઓ પોતાના બાપનો ધંધો અખત્યાર કરે એ ઘણુંજ સારૂં છે. અમે જે ખોરાક બતાવીએ છીએ તે ખોરાક આપવાથી છોકરાઓની તાકાત વધશે. ખાનાવાદાન."

## ફરમાન ૩૯૯ મું.

મુંબઇ તા. ૧૯-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોટા જમાતખાના ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે લોકો હિંમત રાખો. એક બીજાને ઘરે જાઓ અને મિજલસમાં લાવો. મિજલસમાં પંજેભાઇઓની ૪૦-૫૦ ટકા હાજરી હોવી જોઇએ. એક બીજાને ઘેર જઇ બોલાવી આવો. જે માણસ બોલાવવા જાય, તેની સાથે એક લીડર પણ હોવો જોઇએ.

બે વર્ષમાં જે પંજેભાઈઓ ગુજરી ગયા છે, તે અમારી હુઝુરમાં છે; તેઓના રૂહ માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તેઓનાં નામ બંધ કરો અને જે ચડતર નહિ આપે, તેઓના નામ પણ બંધ કરો. ખાનાવાદાન."

## ફરમાન ૪૦૦ મું.

રાએવંદ તા. ૨૪-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે પંજાબ અને ફ્રન્ટીયરની જમાત દુર દુરથી તકલીફ લઇ અત્રે આવ્યા છો. તમને જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. તમને મુબારકી અને આશિષો ફરમાવીએ છીએ.

તમારા ભલાના માટે કાયદા કાનુનો, લોકલ કાઉન્સીલ અને સુપ્રિમ કાઉન્સીલના બંધારણોની અમે મંજુરી આપી છે.

તમારી તરકકી કેમ થાય તે માટે તમે વિચાર કરો; અને તમે આગળ કેમ વધી શકો તેનો હમેશાં ખ્યાલ કરો. લોકલ કાઉન્સીલ અને સુપ્રિમ કાઉન્સીલનું પણ કામ છે કે, જમાત પ્રગતિ કેમ કરે તેનો વિચાર કરે.

અંદર અંદર ઝગડો ટંટો ફિસાદ કરો નહિ. જ્યારે હિંદુ મુસલમાન એક થવા ઇચ્છે છે, ત્યારે અંદર અંદર લડીને કમજોર બનો નહિ. તમે કાંઇ ચીન જાપાન નથી; જો તમે લડશો અને સુલેહ સંપ નહિ જાળવો તો ખલાસ થઇ જશો.

કોઇએ એક બીજાને પોતા કરતાં હલકો સમજવો એ ઘણું ખરાબ છે; ઇસલામમાં ઉંચ નીચનો ભેદભાવ નથી. ઇસમાઇલી મઝહબમાં પણ નથી. જયારે અમે તમને અમારા રૂહાની બચ્ચાં કહીએ છીએ, ત્યારે જુદાઇ કયાં રહી?! પેપરમાં એક બીજાને હલકા ચીતરવા, એ ઘણું ખરાબ છે, એ મોટું ગુન્હાનું કામ છે.

જે બાઇએ જમાતખાના માટે મકાન ખરીદ કરી, અમને અર્પણ કરેલ છે, તેના હકમાં અમે દુઆ કરીયે છીએ. ખુદા તેને બહેસ્તમાં મકાન આપશે."

સિયાલકોટ લેડીઝ વોલન્ટીયર કોરને ફરમાવ્યું:

"તમે અમારી ઘણી ખિદમત કરો છો. જમાતખાને જાઓ છો, વાર્ષિક મિજલસમાં સતર વર્ષ થયા તમે ખિદમત કરો છો, તેથી અમે ઘણા રાજી છીએ અને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

ફ્રન્ટીયર લેડીઝ વોલન્ટીયર કોરને ફરમાવ્યું:

"તમે લોકો છોકરા માંગો છો, પણ જુઓ બાઇઓ કેટલી ઇમાનદાર છે જે અમારી ખિદમત કરે છે.

છોકરીઓ આવે તો તેથી તમે નારાજ નહિ થાઓ. અમારી નજરમાં બન્ને સરખા છે. નિકાહ વગરની શાદી હરામ છે.

મિજલસ પ્રસંગે શાદીના કામ ઉકેલવા, તે બહુ સારૂં કામ છે અને તેથી અમે ખુશી થઇએ છીએ અને તેમાં ઘણો સવાબ છે.

તમારી ઉન્નતિ માટે કો-ઓપરેટીવ સોસાયટી સ્થાપવામાં આવે, એ સારૂં છે. એ ગરીબો માટેજ છે.

બાઈઓના હિસ્સા વારસા શરિયત મુજબ થવા જોઇએ. હવે એ કાયદો પસાર થયો છે. ખોજા લોકોને પણ એ લાગુ થશે. જો શરિયત પ્રમાણે ઓરતને હક નહિ મળે તો તે ભુખે મરી જાય. ખાનાવાદાન."

## ફરમાન ૪૦૧.

કરાચી તા. ૨૫–૧–૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું :

"અમારા કરાંચીના રૂહાની બચ્ચાંઓને જોઈને અમે ઘણાજ ખુશી થયા છીએ. અમારા રૂહાની બચ્ચાંઓને જોઈ અમારી આંખો રોશન થાય છે અને એથી આજે અમારો ખુશીનો દિવસ છે.

તમે આપસમાં કો–ઓપરેશન યાને સહકાર કરતા શીખો. જેટલું બને તેટલું તમારા બચ્ચાંઓને કો–ઓપરેશન રાખતા શીખાડો. તેમાં ઘણોજ ફાયદો છે. એક વખત તમે એ ચીજમાં ફાયદો જોશો ત્યારેજ ખબર પડશે કે એમાં ઘણોજ ફાયદો છે.

તમે જુવાન લોકો નજર રાખો. હિસાબ કિતાબ બરાબર રાખો તો નુકશાન નહિં થાય. ફરી કો–ઓપરેશન કરો."

થાવર રાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"મુખી કામડીઆને વાજબ છે કે, ક્રિશ્ચીઅન લોકોના પાદરી માફક પંજેભાઈઓના ઘરોઘર જઇ તેઓને સમજાવે. તેઓની રસમ મુજબ તમે પણ પંજેભાઈઓના ઘરે જાઓ અને મિજલસમાં આવવા સમજાવો.

અમે તમને હમેશાં યાદ કરીયે છીએ. તમે મિજલસમાં નહિ આવો એ સારૂં નથી, તમારે જરૂર આવવું જોઇએ.

તમે સ્કુલમાં બચ્ચાંઓને સિંધી ફારસી શીખાવો, તેથી આગળ જતાં ઘણો ફાયદો થશે. તમે સિંધમાં વસવાટ કરો છો તેથી સિંધી ફારસી બચ્ચાંઓને શીખવવું જોઇએ.

જેવી રીતે ઇરાન અને તુર્કસ્તાન જેવા દેશોમાં બીજી ભાષાઓ બંધ કરવામાં આવી છે, તેવી રીતે તમે સિંધી ઝબાનમાં વેપાર વિગેરે, આખો વહીવટ રાખો. એમાં ઘણોજ ફાયદો છે."

બગીચા જમાતને ફરમાવ્યું :

"તમો જમાત અમારા બગીચામાં રહો છો. જેમ આ દુનિયામાં અમારી હજુરમાં, અમારા બગીચાં રહો છો, તેમ પેલી દુનિયામાં પણ અમારા બગીચામાં હશો."

કરાંચીના એક હોદ્દેદારને ફરમાવ્યું:

"જેની આંખો દુઃખતી હોય અને મોતીઓ ન હોય તો, કાળા ચશ્મા પહેરો; દુધ વગરની ચાનું ગરમ પાણી કરી, તેનો ધુમાડો યાને બાફ આંખોમાં લ્યો અને તે પાણીથી આંખોને સાફ કરો તો, તેથી આંખોમાં ઠંડક થશે. આ ફરમાન બધાને માટે છે."

લસબેલા કાઉંસીલના પ્રેસીડેન્ટને ફરમાવ્યું:

"મુખીની જગ્યા ખાલી રાખવી જોઇએ નહિ. મુખી અમારો પ્રતિનિધિ છે. મુખીની જગ્યા ખાલી થાય તો, તેની જગ્યાએ બીજાની નિમણુંક તરત કરવી જોઇએ, મુખી જરૂર જોઈએ."

ઓરમાડાના એક ભાઇને ફરમાવ્યું:

"જમાતખાનામાં આપણા મઝહબની ક્રિયાઓ સિવાયની બીજી ક્રિયાઓ કરવી તે ઘણું ખરાબ છે. બીજી ક્રિયાઓ થવી જોઇએ નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૪૦૨.

કરાંચી તા. ૨૬-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક અમલદારને ફરમાવ્યું :

"કોઇ પણ બીમારી થાય તો તેનો ઇલાજ તરત કરવો જોઇએ. બીમારી વધે તેનો અટકાવ કરવા માટે ઇંજકશન લગાવવા જોઇએ, જેથી નુકશાન થતું અટકે. કોઇ પણ બીમારી નજદીક આવે કે તરતજ તેનો રસ્તો કરવો જોઇએ."

કાઉન્સીલને ફરમાવ્યું:

"જ્યારે બીમારી આવે ત્યારે તરત રસી મુકાવવાની ગોઠવણ કરજો. હમેશાં ધ્યાન રાખશો તો વધારે નુકશાન નહિ થાય."

મર્હુમ વઝીર મામદ રેમુના બચ્ચાંની શાદી પ્રસંગે ફરમાવ્યું:

"અમે આજે ઘણા ખુશી છીએ જે મર્હુમ વઝીર મામદ રેમુના બચ્ચાંઓની શાદી જોઇએ છીએ.

વારસ મામદ રેમુએ અમારી ઘણીજ ખિદમત કરી છે. એ મિસાલ અહેલે બેતના મેમ્બરમાં છે, જેવી રીતે વઝીર બસરીયા, વઝીર રહીમ અહેલેબેત થયા છે.

તેઓના બચ્ચાંઓ દીનદારીથી ને સચ્ચાઈથી કામ કરશે તો તેની દુનિયા સારી થશે. દુનિયામાં પણ સારી રીતે હશે. હોશિયારીથી અને દીનદારીથી ચાલવામાં ઘણોજ ફાયદો છે."

ટંડોમહમદખાનના એક અમલદારને ફરમાવ્યું:

"તમે કરાંચીમાં, મુંબઇમાં, બધે ઠેકાણે ખિદમત કરો છો. તમારા બાપદાદાની માફક હસનાબાદ વિગેરેમાં ખિદમત કરો છો, તેથી અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.

તમે જમીનદાર છો અને કરજદાર નથી, એ જાણી અમે ઘણા ખુશી છીએ, કારણ કે જમીનદાર હમેશાં કરજદાર હોય છે. માલે-વાજબાત દેનાર હમેશાં આબાદ રહેશે.

લોકલ બોર્ડ વિગેરેમાં મેમ્બર થવું એ ઘણુંજ સારૂં છે; તેમાં અમે ઘણા ખુશી છીએ; એમાં જમાતની ઇજ્જત છે; જરૂર થવું જોઇએ; તેથી તમારી અક્કલ વધશે. વાતચીત કરવાથી અક્કલ વધે છે. તમે અમારી ખિદમત કરો."

કરાંચીના એક અમલદારને ફરમાવ્યું:

"વેપાર ધંધાની બાબત પુછી, તેથી અમે ખુશી થયા છીએ. હરેક ઇસમાઇલીઓ અમને પુછે છે; અમે સલાહ આપીએ છીએ અને

સર્વે ઈસમાઈલીઓને એ હક છે, અમે ખુશીથી તેઓને હમેશાં સલાહ આપીએ છીએ. આફ્રિકાવાળાઓ પણ અમારી સલાહથી કેટલા આબાદ થયા?!"

ઓરમાડા જમાતને ફરમાવ્યું:

"અમે સેંકડો વખત તાજીયાદારી નહિં કરવા વિષે ફરમાવેલ છે. હજારો વખત ફરમાવ્યું છે જે નહિ કરો. એ મહોરમની ક્રિયા કરવી તે ઇસમાઇલીનો પાયો નથી.

ઇસમાઈલી મઝહબ હમેશાં સામે યાને આગળ જુએ છે, પછવાડે નથી જોતો. હજાર વર્ષ પહેલાં જે થવાનું હતું તે થયું. હવે મઝહબની ખિદમત કરો. જુની વાતોની જરૂર નથી.

અગાઉ સિંધમાં મીર લોકોની બાદશાહી હતી, હમણા આ ગવરમેન્ટે જુદું કરી કેટલીક સત્તાઓ પ્રજાના હાથમાં સોંપી છે.

શિયા સુન્નીની દુશ્મની કરવી એ ઇસ્લામને કમજોર કરવા જેવું છે. યઝીદ કોણ હતો તે મુકી દિયો. આપણું એ કામ નથી. આપણે તો કલમેગો "લા ઈલાહા ઈલ્લલ્લાહ મહમ્મદ રસુલિલ્લાહ" કહેનારા બધા ભાઈઓ છે.

હમણાના યઝીદથી સંભાળો. ઈસલામને નહિ તોડો.

હજાર વર્ષ પહેલાનું બયાન પડવાથી શું ફાયદો? લાનત શા માટે કરવી? એથી ખાલીપીલી ઇસલામમાં ફિતનો થાય, શિયા અને સુન્ની રંજીદા થાય એમ ન કરો. તેઓને પણ માનવાવાળા છે. માવીયાને સુન્નત જમાત માન આપે છે. આપણે શા માટે દુશ્મની કરવી જોઈએ?!

આપણા બચ્ચાંઓને ઇલમની તાલીમ આપો; એમને સંભાળો.

હજાર વર્ષ પહેલાં થઈ ગયા તેને નહિ જુઓ. હવે પછી તમારા કામ ધંધાની તરકકી કેમ થાય, તેનો ખ્યાલ કરો, આવતા

વર્ષોની વાત કરો; હવે શું થવાનું છે, તેનો ખ્યાલ કરો, જમાનો કેવો સખ્ત છે, તેમાં વાજબી રીતે ચાલો. ઝઘડા ફિતના નહિ જોઇએ. એકદમ ખલાસ કરો. અમલદારો, જમાત, કાઉન્સીલ તે ઉપર પુરતું ધ્યાન આપે."

કરાચીના મેજરને ફરમાવ્યું:

"આવી રીતે અમારી હજુરમાં થોડા ખર્ચમાં કરકસરથી શાદી કરો છો, તે જોઇ અમે ઘણા રાજી થઇએ છીએ."

યંગ ખોજા ઇસમાઇલી સ્પોર્ટસ કલબના મેમ્બરોને ફરમાવ્યું:

"તમારી સંસ્થાની પ્રગતિ જોઇ, અમે ઘણા ખુશી થયા છીએ. તમે હમેશાં જમાતખાને જાઓ. જમાતખાનાના ટાઇમ વખતે રમવું નહિ. રમવાના વખતે રમવું અને જમાતખાનાના ટાઇમે જમાતખાનામાં જવું. ખાનાવાદાન."

**ફરમાન ૪૦૩.**

કરાચી તા. ૨૭-૧-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું:

"તમે ઘણીજ તકલીફ લીધી છે. અમે તમારા પર ઘણા ખુશી છીએ. જેવી રીતે તમે હમણા અમારી નજીક છો, તેવી રીતે ત્યાં પણ અમારી હજુરમાં હશો.

મુંબઇમાં જેવી રીતે અમે બેબી હેલ્થ વીકની ગોઠવણ કરી છે, તેવી રીતે અંહી પણ કરવાની અમારી ઇચ્છા છે અને તે સારૂં અમે ખર્ચ પણ કરશું; જો એનો ફાયદો તમે નહિ લ્યો તો બધું ફોગટ જશે. બેબી વીકની શરૂઆત સારા પાયા પર કરવાની છે અને તેથી તેમાં ખર્ચ પણ સારી રીતે થશે, તેથી તમે તેનો સારી રીતે લાભ લેજો. બચ્ચાંની માવજત કેવી રીતે કરવી એ બધું જ્ઞાન ત્યાંથી મેળવવું.

હફતામાં ત્રણ વખત એ બાબતના લેકચરની ગોઠવણ કરો અને એની ગોઠવણ કરાચીના મધ્ય ભાગમાં કરો, કે જેથી કરાચીની બધી જમાત તેનો લાભ લઇ શકે. ખાનાવાદાન."

ફરમાન ૪૦૪.

મુંબઇ તા. ૧૪-૧૨-૧૯૩૮.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે જમાતને ફરમાવ્યું :

"ઇતમાદી સબજાઅલી ખુદાની રહેમતે પહોંચ્યો. તેના હકમાં અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તેનું નામ તવારિખમાં હમેશાં કાયમ અને દાયમ રહેશે. અગાઉ જેઓ દાઇ થઇ ગયા છે, તેની માફક હાલની જમાતમાં તે મોટો દાઇ હતો.

આફ્રિકા, સિંધ, પંજાબ, ગુઆદર, હિંદુસ્તાનમાં ઇસમાઈલી મઝહબને તેણે રોશન કરેલ છે.

ઇતમાદી સબજાઅલીએ પોતાની રૂહાનીનું બળ હજારો માણસોને, તેમજ બહારની કોમને દેખાડેલ છે. આપણા મઝહબની રૂહાની માયના બીજી કોમને તેણે દેખાડેલ છે. ગોલ્ડન જ્યુબીલીના વખતમાં એણે મુલ્કો મુલ્ક ફરીને આપણી કોમ તેમજ બીજી કોમોને નસિહત કરેલ છે.

ઇતમાદી સબજાઅલી હકીકતી મોમનનો અલમદાર હતો. દુનિયામાંથી એ રહેલત કરી ગયો છે, તેથી દુનિયાને ઘણું નુકશાન થયું છે, પણ તેની પોતાની રૂહાનીને ઘણો ફાયદો થયો છે. એ હકીકતી ખુશહાલીમાં ગયો છે.

ખુશીની વાત તો એ છે કે જીંદગીના છેલ્લે વખતે તેને જાહેરનું કોઈ દુઃખ હતું નહિ.

તમો જમાતને ફરી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

**ફરમાન ૪૦૫.**

કેરો તા. ૧૧-૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે તાલિકા દ્વારા આફ્રિકાની જમાતોને ફરમાવ્યું :

"જ્યુબીલી ઇન્સ્યુરન્સની કેપીટલ બમણી કરવાની ડાયરેકટરોની સુચના અમે કબુલ ફરમાવીએ છીએ. ઇન્સ્યુરન્સ તથા કો-ઓપરેટીવ સોસાયટીની વ્યવસ્થા ડાયરેકટરોએ બહુજ સંભાળપુર્વક કરવી એ અતિશય જરૂરનું છે, નહિતર જો તેઓ નિષ્ફળ નીવડશે, તો તમામ ઇસમાઇલીઓ ઉપર તકલીફ આવી પડશે; જેથી ડાયરેકટરો તરીકેની તમારી ફરજો બહુજ સંભાળપુર્વક અદા કરજો.

દરેક સ્કુલોમાં ધાર્મિક કેળવણી આપવા માટેનો વખત નિયમિત હોવો જોઇએ, અંને જે જે સ્કુલોને અમારી ગ્રાંટ મળતી હોય, તે દરેકમાં ધાર્મિક કેળવણી ઘણો વધુ વખત નહિ ગુમાવતાં બરોબર રીતે અપાવવી જોઇએ કે જેથી બધા વિષયોને સરખો લાભ મળે.

અમે હમણાજ મુંબઇ ખાતે ફરમાન કર્યું છે કે ગરિબ માવિત્રોના બચ્ચાંઓને નામું ઠામું અને બીજા ધંધા ઉપયોગી વિષયો તથા હુન્નર ઉદ્યોગ તેમજ કારીગરને લગતું જ્ઞાન આપવામાં આવે, જેથી જુદી જુદી એજ્યુકેશન બોર્ડોને એ તેમજ દુન્યવિ અને ધાર્મિક વિષયોની નિરંતર વૃધ્ધિ કરતા રહેવાની ભલામણ કરવામાં આવે.

હવે મોટા શહેરોમાં પ્રોવીન્સીઅલ કાઉન્સીલોમાં બાઇઓની નીમણુંક કરવાનો વખત આવી પહોંચ્યો છે, જેથી જંગબાર, મોમ્બાસા, દારેસલામ અને નૈરોબીની પ્રોવીન્સીઅલ કાઉન્સીલોમાં બાનું મેમ્બરોની નીમણુંક કરીએ છીએ"

## ફરમાન ૪૦૬.

એન્ટીબ્સ, તા. ૧૪-૪-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે તાલિકા દ્વારા આફ્રિકાની જમાતોને ફરમાવ્યું :

"કો-ઓપરેટીવ સોસાયટી (ની સ્થાપના) પ્રસંગે મોશીને આશિર્વાદો અને અમારી ખુશી જાહેર કરો. આશા રાખીયે છીયે કે બાહોશીથી પ્રમાણીક (અને) સાવચેતપણે કારોબાર ચલાવવામાં આવશે, અને ફતેહ મેળવવામાં આવશે, નહિંતર આફત આવી પડશે. તેજ પ્રમાણેનો સંદેશો ઇન્સ્યુરન્સ માટે સમજવો."

## ફરમાન ૪૦૭ મુ.

મુંબઇ તા. ૧૫-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાન્ડી મહોલ્લા જમાતને ફરમાવ્યું:

"મર્હુમ ઈતમાદી સબજાઅલીનો ફોટો જમાતખાનામાં રાખજો, વધુમાં એમનો ફોટો કરાંચીના જમાતખાનામાં તેમજ પંજાબ, સીયાલકોટ જમાતખાનામાં રાખવા ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૦૮ મું.

મુંબઈ તા. ૧૬-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ જમાતને ફરમાવ્યુ:

"તમે બધી જમાત, મોમના, ખોજા, કાઠીયાવાડી, કચ્છી વિગેરેનો ભેદભાવ ન રાખતાં એકસંપ અને મહોબતથી રહો. તવંગર અને ગરીબ વચ્ચેનો પણ ભેદભાવ રાખવો નહિ; કારણકે આજે જે ગરીબ છે તે કાલે તવંગર હશે અને આજે જે તવંગર છે તે કાલે ગરીબ હશે.

તમે એક બીજામાં હસદ નહિ રાખતા. સંપસલાહથી ચાલજો.

એક માણુસ પગે ચાલે છે, બીજાની પાસે મોટર છે. કાલે પગે ચાલનારા પાસે પણ મોટર હશે. મહેનત કરશો તો ખુદા તમને તેનો બદલો આપશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૦૯ મું.

•મુંબઇ તા. ૧૯-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોટરનું કામ કરનાર એક ભાઇને ફરમાવ્યું :

"માણુસ પાસેથી કામ લેશો તો પુરતો ફાયદો નહિ થાય. પોતાના હાથે ચલાવો. મોટર ચલાવવી એ મજબુત માણુસનું કામ છે."

સી. પી. બરાર કાઉન્સીલને ફરમાવ્યું:

"વર્ષ સારા થવાનો આધાર જમીનના પાક ઉપર છે. એક વર્ષ ખરાબ જાય, બીજું વર્ષ વરસાદ થતાં સારૂં જાય, માટે ધીરજ રાખવી જોઈએ.

એક માણુસ પાસે રૂ. ૫૦૦ હોય અને ૧૦૦૦નો સટો કરે, તો એ ત્રણ ચાર વર્ષે ખલાસ થઈ જાય; માટે સટો કરવો નહિ. સટો કરનાર આખરે ખલાસ થઇ જશે.

તમારે ત્યાં ધંધામાં કાઠીયાવાડ કરતાં બમણો નફો છે માટે ધંધામાં વધારે ધ્યાન આપવું.

વેલફેર સોસાયટીનું કામ શીખો અને તેનો પ્રચાર કરો. બચ્ચાંઓ ખાલીપીલી નાહક બીમાર પડે છે અને મરી જાય છે.

અકકલથી તેની સંભાળ રાખો. માતાઓને પણ બચ્ચાંઓની માવજત રાખવાનું શીખવો. બેબી હેલ્થ સેન્ટર કમિટી સાથે પત્ર વ્હેવાર કરો."

જુનાગઢવાળા એક ભાઇને ફરમાવ્યુંઃ

"તમારી દુકાનના ધંધામાં, તમારો છોકરો ભાગીદાર છે, એમ જણાવ્યું પણ છોકરો કુટુંબીજ લેખાય. ભાગીદાર ન ગણાય, બહારનો માણસ ભાગીદાર હોય તે ભાગીદાર કહેવાય."

## ફરમાન ૪૧૦ મું.

મુંબઇ તા. ૨૧-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ ખાતે મોમન બાઇઓને ફરમાવ્યુંઃ

"મોમન જમાત ગુપ્તી જમાત માફક છે અને તે અમારી નાની જમાત છે. અમે તેને અમારા નાના બચ્ચાં માફક સમજીએ છીએ.

ખોજા, મોમનાની વાત દિલમાં નહિ રાખજો બધી બ્હેનો માફક સમજીને રહેજો. શાબાશ. ખાનાવાદાન."

## ફરમાન ૪૧૧ મું.

મુંબઇ તા. ૨૨-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બિલાવાળા એક ભાઇને ફરમાવ્યુંઃ

"તમે દરજીનું કામ જાણો છો, એ બહુ સારૂં છે. આપણી કોમમાં દરજીનો ધંધો જાણનારની ઘણી જરૂર છે. આફ્રિકાથી પણ તે માટે માંગણીઓ થયા કરે છે. દરજીનો ધંધો શીખવો એ સારૂ છે."

મુંબઇના એક ભાઇને ફરમાવ્યુંઃ

"તબીયતના સુધારા માટે વરસાદની રૂતુમાં દેવલાલી જાઓ. મુંબઇના રહેવાવાળાએ કાઠીયાવાડ હવા ફેર કરવા જવું ઠીક નથી. મુંબઇ અને કાઠીયાવાડ લેવલમાં નીચા પ્રદેશો છે. જ્યારે દેવલાલી

અને પંચગની એ લેવલમાં ઉંચા હોવાથી, તે હવાફેર માટે લાયક સ્થળો છે."

જોહન્સબર્ગ જમાતને ફરમાવ્યું:

"તમે અમારા રૂહાની બાળકો છો અને અમે તમારા પિતા અને માતા બન્ને છીએ. તમે મોમીન હો, ગુપ્તી હો, પણ અમારા બચ્ચાં છો. અમે સદા તમારો ખ્યાલ કરીયે છીએ. આશિર્વાદ અને શાંતી હમેશાં તમારા હૃદય માટે મોકલીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૧૨ મું.

મુંબઇ તા. ૨૩-૧૨-૧૯૩૮.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે હસનાબાદમાં કરીયાણાના એક વેપારીને ફરમાવ્યું:

"અત્રે બચ્ચાંના હાથમાં અમે પૈસા જોઇએ છીએ, એવી રીતે બચ્ચાંને પૈસા આપવા નહિ જોઇએ. બચ્ચું રમતા રમતા એ પૈસા ગળી જાય તો બહુજ નુકશાન થાય, માટે કાળજી રાખવી જોઇએ."

એક બાઇને ફરમાવ્યું:

"તમારો મર્હુમ ફરજંદ અમારી હુજુરમાં છે અને અમારી જમણી બાજુ છે. તે બહુ ખુશીમાં છે. અંહી ખુશીમાં હતો તે કરતાં પણ વધુ ખુશીમાં છે."

ઇરાની જમાતના માજી મુખીને ફરમાવ્યું:

"ઇરાનની આપણી જમાતમાં બે પક્ષો નહિ જોઇએ. બધી જમાત ખુલ્લા સિરથી દુઆ ગુજારે. ખુરસી પર બેસી દુઆ પડે. તમે એ પ્રમાણે લખો.

બધા ઇરાનવાળાને જણાવો કે, જે દેશમાં જે ઇલ્મ જારી હોય, તે સંપાદન કરવાની ખાસ જરૂર છે. ગામની જેવી રીત હોય તેવી રીતે રહેવું જોઇએ. રીત પ્રમાણે વર્તો."

## ફરમાન ૪૧૩ મું.

મુંબઇ તા. ૨૬-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે મરચી મસાલાવાળા ભાઇઓને ફરમાવ્યું :

**"આસરે ૪૦ વર્ષ અગાઉ અમે ફરમાન કર્યાં હતા અને મરચી મસાલાના ધંધાના ફાયદાઓ અમે સમજાવ્યા હતા. તમે એ મુજબના ફાયદાઓ અનુભવ્યા છે. હવે એ ફાયદા વધુને વધુ થયેલા છે અને તમારી ચડતી થયેલી અમે ઇચ્છીએ છીએ."**

એક બાઇની રૂહાનીની મહેમાનીમાં ફરમાવ્યું:

**"એ બાઇ અમારી હજુરમાં છે અને તમે ખાત્રીથી માનજો કે તે ખુદ પોતેજ અમને મહેમાની કરે છે અને એ પોતે અંહી હાજરછે. ખાનાવાદાન."**

## ફરમાન ૪૧૪ મું.

મુંબઇ તા. ૨૭-૧૨-૧૯૩૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે દરખાના શનીવારની પંજેભેણુંને ફરમાવ્યું :

**"તમે સર્વે અમારી જવાન દીકરીઓને અમે ઘણી દુઆ આશિષો ફરમાવીએ છીએ.**

**અગર તમારી સો વર્ષની ઉમર થાય, તો પણ તમે જુવાન રહેશો યાને તમારા દિલ જુવાન રહેશે, મોમન કદીપણ બુઢો થશે નહિ.**

**ઘણી હિમત રાખજો. પોતાના ઇમામને કદીપણ ભુલજો નહિ."**

દરખાનાની રવીવારની પંજેભેણુંને ફરમાવ્યું. :

**"તમને જોઇ અમે ઘણા રાજી થયા છીએ.**

જમાનાનો ઇમામ છે તે રૂહાની માબાપ છે. ઇમામને હમેશાં હાઝર નાઝર સમજજો. તમે દરેકે દરેક અને એકેએક બચ્ચાંઓને દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૧૫ મું.

મુંબઇ તા. ૨-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બીંડી બજાર મોમન જમાતને ફરમાવ્યું:

"જે કોઇપણ અમારી ખિદમત કરે છે, તે કયાંઇ પણ હોય, તેને અમે ભુલતા નથી."

બરમા જમાતને ફરમાવ્યું:

"અમે હમેશાં તમને યાદ કરીયે છીએ. જો કે તમારે ત્યાં હજુ તકલીફ છે, પણ હિંમત રાખી કામકાજ કરશો તો તકલીફ નીકળી જશે. ડરો નહિ. હિંમત રાખીને બધુ કામ બરાબર સંભાળીને કરો.

દરેક પોતાના વસવાટનાં ગામોમાં, એ લોકોથી સમજુતી સાથે વાત કરો કે, અમે ઘણા વખતથી બરમા વસાવ્યું છે અને અમે એ દેશને પોતાનું ઘર સમજીએ છીએ. સાથે સાથે કહો કે અમે પણ તમારા સાથે છીએ. જો કે આ વાત તરત તેઓના મગજમાં નહિ બેસે, પણ આસ્તે આસ્તે સમજુતીથી કામ લેશો તો તેઓ સમજી જશે.

મારગેજ મુકાએલી જગ્યાઓ વેચી નાંખો, પણ એ સિવાયની બીજી જગ્યા હાલ તરત વેચવી નહિં કારણ કે વખત જતાં તેનો સારો ભાવ આવશે.

તમે ફરમાન ઉપર વિચાર કરી તે પ્રમાણે અમારો પ્રિન્સીપલ સમજીને કામ કરો.

અમે તમને સચ્ચાઇના બીજ આપેલા છે, તેનો ફાયદો ઉઠાવવો એ તમારા હાથમાં છે. તમે તેના ફળ ચાખો; અમારા ફરમાનની સ્પીરીટ યાને તાત્પર્ય સમજો. અમે તમને બી આપ્યા છે અને રસ્તો બતાવ્યો છે, તે તમે ભુલી જતા નહિ. યુવાન લોકો અમારી ખિદમત પર ધ્યાન આપજો.

બધી જમાતોને દુઆ આશિષ ફરમાવીએ છીએ. જે તમે ત્યાં પહોંચાડજો. ખાનાવાદાન."

## ફરમાન ૪૧૬ મું.

મુંબઇ તા. ૩-૧-૧૯૩૯.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બરમાના એક ભાઇને ફરમાવ્યું:

"હાલ બરમામાં મુશ્કેલી છે વખત જતાં તે નીકળી જશે. ગવરમેન્ટથી સલુક યાને મેળ રાખજો અને ત્યાંના લોકોને એવો ભાસ ન થવો જોઇએ કે, તમે માત્ર પૈસા કમાવવા માટેજ ત્યાં વસો છો. તેઓને એ ખ્યાલ આવે કે, તમે બરમામાં હમેશ રહેવાવાળા છો, એવી રીતે વર્તજો કે જે ખરી બીના છે.

જે ઇસમાઇલી પોતાની સ્ત્રી તજી દઇ, બીજી બરમીઝ સ્ત્રી કરે, એવો વર્તાવ કરનાર, અમને મહેમાની કરે તો તેમાં કાંઇ લાભ નથી."

હસનાબાદ ચાંદરાતની પંજેભેણુંને ફરમાવ્યું:

"તમે ઘણું સારૂં કામ કરો છો, બાળ ઉછેરની બાબતમાં ભાષણ કરો છો, મિજલસમાં આવો છો, તેથી અમે બહુ રાજી થઇએ છીએ.

જ્યારે તમે મિજલસમાં આવો ત્યારે આવા સુંદર બાગમાં બેસી ઘણા ઉંચા ખ્યાલ રાખજો. તમે તે વખતે આસમાની બાગનો ખ્યાલ રાખજો. ખાનાવાદાન."

## ફરમાન ૪૧૭ મું.

મુંબઇ તા. ૧૩-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મસકત જમાતને ફરમાવ્યું:

"મસકતે દીનનો તરીકો પકડી રાખ્યો છે, થોડી જમાત છે. તકલીફ બહુજ પડી છે. દુશ્મનાવટ પણ ઘણીજ છે. આવા સંજોગોમાં પણ પોતાનું ઇમાન મજબુત રાખ્યું છે, તે માટે અમે ઘણી ઘણી દુઆ ફરમાવીએ છીએ.

યાદ રાખો કે, ખર્ચ કરીને અમારી હજુરમાં આવવાની જરૂર નથી. તેવી રીતે ખર્ચ કરવાથી અમે રાજી નથી. હમેશાં અમે તમને યાદ કરીએ છીએ.

તમે અલમદાર છો. અલમદાર હમેશાં વાવટાને સંભાળે છે.

તકલીફ હોય તો અમારા દીદાર માટે અંહી આવવાની જરૂર નથી.

તમારે ત્યાં બાળ ઉછેર તથા સુવાવડની બાબતમાં સારૂં જ્ઞાન મેળવવા માટે કોઇ વિધવા બાઇને મુંબઇ મોકલો.

અમે દુઆ કરીયે છીએ અને રસ્તો પણ બતાવીએ છીએ. અમે જે રસ્તો બતાવ્યો હોય, તે રસ્તા પર ચાલવાથી દુઆ કામ આવે છે; ખાલી દુઆ કામ આવતી નથી."

ગોંદીયાના એક ભાઇ ગુજરી જવાથી તેના માટે ફરમાવ્યું:

"મર્હુમ અમારી હજુરમાં છે. અમે એને ઓળખીએ છીએ. એણે એક વખત પોતાની બીમારી માટે અરજ પણ કરી હતી, જે અમને બરાબર યાદ છે. તે અમારી હજુરમાં છે. જન્નત કરતાં પણ વધારે દરજ્જે છે અને ઘણીજ ખુશીમાં છે. તમે પણ ખુશીમાં રહો. ખાનાવાદાન."

## ફરમાન ૪૧૮ મું.

મુંબઇ તા. ૧૪-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ધારીવાલા હેલ્પીંગ સોસાયટીના મેમ્બરોને ફરમાવ્યું :

"તમે જે અશક્ત, લુલા, લંગડાં, મહોતાજ અને બુઢ્ઢા હોય તેઓને મદદ કરો. બાકી જવાન અને કામ કરી શકે તેવા માણુસોને મદદ આપવા કરતાં, તેઓને કામે ચડાવી દેવાની તજવીજ કરો તો તેઓ કમાઇ કરી પોતાને મદદ કરી શકશે; અગર જો તેવા જવાન સશકત માણુસોને મદદ કરશો તો તેઓ આળસુ અને સુસ્ત બની જશે, એ સારૂં નથી માટે તેનો ખ્યાલ રાખજો.

ઘરબાર વગરનો ગરીબ મરદ માણુસ રાતના ફુટપાયરી પર પણ સુઇ શકે, પણ બાઇ માણુસ કયાં જાય? માટે એવી મોહતાજ બાઇઓને મદદ કરો અને તેઓને કામ અપાવવા માટેની કોશિશ કરો, શોધખોળ કરો; ઈસમાઈલી છાપામાં એ વિષે જાહેરાત આપો અને એવી રીતે તેઓને મદદ કરો.

તમારી સોસાયટીને "ઓલ ઇન્ડીયા હેલ્પીંગ સોસાયટી" બનાવો, એ બહેતર છે. ખાસ કરીને કાઠીયાવાડના ભાઇઓની હાલત મદદ કરવા લાયક છે, તો તેઓને તેમજ મોમના ભાઈઓને મદદ કરો.

તમે અમારા ફરમાનને એક કાનથી સાંભળી બીજે કાનથી કાઢી નહિ નાખતા, ફરમાન પર બરાબર અમલ કરજો."

કાન્ડી મહોલ્લા રવીવારના પંજેભાઇઓને ફરમાવ્યું:

"મિજલસનો ટાઈમ ટુંકો કરો; મોડી રાત સુધી મિજલસ ચલાવવી એ જુલમ છે. પંજેભાઇઓ અમારૂં લશ્કર છે, હવે નવો ટાઇમ મુકરર કરો; પંજેભાઈઓને અનુકુળ થાય તેવો ટાઈમ રાખો.

તમારી ફરજ છે કે, નવું ચૈતન્ય દાખલ કરો. બહુ તો રાતના ૧૦ વાગે મિજલસ શરૂ કરીને ૧૧ વાગે ખલાસ કરો.

આ સઘળું અમે પંજેભાઇ કમિટી ઉપર રાખીયે છીએ. ૧૦થી ૧૧ વાગાનો મિજલસનો ટાઇમ ઘણોજ સારો છે."

દરખાના સુબુહના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે સવારના જમાતખાને આવો છો, તે અમારી હુજુરમાં આવો છે. જમાતખાનામાં અમારા દીદાર કરો છો. સવારના અમારી નુરાની દીદાર કરો છો."

બરમાના મરગવી ગામની જમાતને ફરમાવ્યું:

"હવે પછીથી બરમીઝ અથવા યુરોપિયન પહેરવેસ પહેરવા કોશિશ કરો એ સારૂં છે. તમારા જુના પહેરવેસને ફેંકી નહિ દેજો પણ તે ઘર વપરાસમાં પહેરજો અને જ્યારે કપડા સિવડાવવાની જરૂરત ઉભી થાય ત્યારે બરમીઝ કે યુરોપિયન પહેરવેસ સિવડાવજો ખાનાવાદાન"

## ફરમાન ૪૧૯ મું.

સુરત તા. ૧૫-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોમીન ઇસમાઇલી ભાઇઓને ફરમાવ્યું:

"તમે અમારા રૂહાની ફરજંદો છો. અમારા પોતાના બચ્ચાં જેવા અમે તમને સમજીએ છીએ. ઓલી દુનિયામાં તમે અમારી હુજુરમાં હશો.

અત્યારે દુનિયામાં તકલીફ છે અને તમે ગરીબ હોવાથી તમને વધારે તકલીફ છે, તે અમે જાણીએ છીએ.

બચ્ચાંઓને કેળવણી આપશો તો તકલીફ દુર થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૦ મું.

મુંબઇ તા. ૧૮-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે રિક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટના હોલમાં મર્હુમ ઇત્માદી સબજાઅલી રમજાનઅલીનો ફોટો ખુલ્લો મુકતાં ફરમાવ્યું:

"ઇત્માદી સબજાઅલીએ અમારી એવી ખિદમત કરી છે કે,

તેને મરણ બાદ પીરનો દરજ્જો અમે આપ્યો છે. બીજા પણ જો એ મુજબની ખિદમત કરશે તો તેને પણ એવો દરજ્જો મળશે.

અમારી ૫૪ વર્ષની ઇમામતના વખત દરમ્યાન એકજ જણને અમે આવો દરજ્જો અર્પણ કર્યો છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૧ મું.

મુંબઇ તા. ૧૯-૧-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સાલગ્રેહ મુબારકની દરબારમાં ફરમાવ્યું:

"વઝીર, મુખી, કામડીઆ, પંજેભાઇઓ, પ્રેસિડન્ટ, કાઉન્સીલના મેમ્બરો, જમાતના અમલદારો જેઓ અમારી ખિદમત કરે છે, તેઓ સર્વેને દુઆ ફરમાવીએ છીએ. અમારી જન્મ ખુશહાલીનો દિવસ જે ઓફિસીયલી નકકી કરવામાં આવ્યો છે તેની આજે ઉજવણી છે.

અમે ઘણાજ ખુશી છીએ કે, તમારો ઇશ્ક ઝમાનાના ઇમામ માટે એટલો બધો છે કે, આખી દુનિયાને જાહેરમાં તેની ખબર પડે છે.

હિંદુસ્તાનની બધી જમાતોને ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

૫૪ વર્ષની અમારી ઇમામત દરમિયાન તમે સઘળાએ ઘણીજ ખિદમત કરી છે.

જેવો અમારો ઇશ્ક તમારા ઉપર છે, તેવી તમારી મહોબત અમારી ઉપર જોઇ અમે ઘણાજ ખુશી થઇએ છીએ.

ફરીથી બધાઓને દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૨ મું.

મુંબઇ તા. ૨૩-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કુરલા, સોમવારની પંજેભાઇને ફરમાવ્યું:

"તમે સઘળા અમારા રૂહાની બચ્ચાં છો. જમાતખાનાને હમેશાં યાદ રાખો. જેમ એક દીકરો પોતાના માવિત્રનું ઘર યાદ કરે છે, તેમ

જમાતખાનું એ તમારા પિતાનું ઘર છે, માબાપનું ઘર છે. તે અમારૂ ઘર છે."

થાણા જમાતને ફરમાવ્યું:

"થાણા જમાતે અમારી ઘણીજ ખિદમત કરી છે. ખાલીપીલી પોતપોતામાં ઝગડો કરવો, એ દીવાનાનું કામ છે. ખાલીપીલી ઝગડો નહિ કરો. જેટલો વખત ઝગડામાં જાય છે, તેટલો વખત તમે તમારા વેપાર ધંધામાં પસાર કરો. પોતામાં ઝગડો કરવાથી વેપાર ધંધાને હાની પહોંચે છે. ઝગડામાં વખત પસાર કરો છો તેમાં ઘણુંજ નુકશાન છે."

બરમાના ઓનરરી મિશનરીને ફરમાવ્યું:

"તમે ઘણીજ ખિદમત કરો છો, ઘણીજ શાબાશી ફરમાવીએ છીએ.

અમને રંગુનવાળાઓને ફરમાન કરવા છે, જે અમે અત્રે ફરમાવીએ છીએ.

ત્યાંની બરમીઝ ભાષા અને હુન્નર શીખો. તેઓના દિલ તમારી તરફ ખેંચો. તેઓ સાથે હળીમળીને રહો.

ઘણા વર્ષો ખુશીથી પસાર કર્યા અને ફાયદો પણ થયો. વતન એ લોકોનું છે. દિલ મોટું રાખો. દિલ ટુંકુ નહિ રાખો. જે થોડી તકલીફ હવે છે તે ચલાવી લ્યો.

તમે બધા તમારા ઓફિસરોને હમેશાં માન આપતા રહેજો. અમલદારીઓ કહે તેમ કરજો, હમણા વખત ખરાબ છે, ડિસી-પ્લીન યાને શિસ્ત જાળવજો. ઓફિસરોનો હુકમ માનવામાં નુકશાન પણ થતું હોય, તો ચલાવી લેજો. તમને અન્યાય થતો હોય તો કાયદા પ્રમાણે કાઉન્સીલ મારફતે અમને અરજી કરજો.

આગળ તો જેમ તેમ ચાલતું હતું, પણ હાલ બરમાનો મામલો સારો નથી, જેથી ડિસિપ્લીન જાળવવાની અને ઓફિસરોને માન આપી તેઓને સલાહ મુજબ ચાલવાની જરૂર છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૩મું.

મુંબઇ તા. ૨૪-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે થાજી (બરમા) જમાતના એક અમલદારને ફરમાવ્યું :

"અમે અગાઉ જે પોષાક અને ડિસિપ્લીનના બારામાં વખતો વખત ફરમાન ફરમાવ્યા છે, તે બરમાની બધી જમાતો માટે છે, તેથી એ ફરમાનો બધી જમાતોને લખી મોકલવા તથા જમાતખાનામાં વાંચી સંભળાવવા.

તમારો પોષાક બદલવાથી તમને ઘણોજ લાભ થશે અને વિરોધ થવા નહિ પામે."

દરખાના લેડીઝ વોલન્ટીયર કોર અને ગર્લ્સ ગાઈડને ફરમાવ્યું:

"તમે ઘણુંજ સારૂં કામ કરો છો, અમે ઘણાજ રાજી થયા છીએ.

તમે પોતાના ખોરાકમાં મીઠો ખોરાક નહિ ખાઓ. સાદો ખોરાક ખાઓ. કુરૂટ, દહીં, ગોસ, બટાટા, રોટલી પ્રમાણમાં ખાઓ. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૪ મું.

મુંબઇ તા. ૨૯-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે જરી પુરાણાની ફેરી કરનાર ભાઇઓને ફરમાવ્યું :

"તમે ઘણીજ હિંમત કરી છે. ગરીબીમાં પણ આટલી મહેનત લઇ ખિદમત કરી છે, તે દેખાડે છે કે, તમારો અમારા પર ઘણોજ ઇશ્ક છે. અમે તમો બધાં નાના બચ્ચાંઓ, બધાંને ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

ચામડા કંપનીના મેમ્બરોને ફરમાવ્યું:

"તમારી માંગણી છે કે અમે દુઆ કરીયે અને તમારા વેપારમાં આબાદી આવે. અમે દુઆ કરશું પણ તમે સુઇ નહિ રહેતા. સુઇ

નહિ રહેવાનો મતલબ એ છે કે, તમે વેપારની હકીકતો સંબંધી જાણીતા થાઓ અને આખા હિંદુસ્તાનમાંથી વિગતવાર સમાચાર મેળવો. તમારા બાપદાદાઓ જે પ્રમાણે કરતા હતા, તે પ્રમાણેની જુની રૂઢીઓ છોડી દેજો અને નવી પ્રવૃતિમાં સામેલ થાઓ. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૫ મું.

મુંબઈ તા. ૩૦-૧-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સેન્ટ્રલ પંજેભાઇ કમિટીના મેમ્બરોને ફરમાવ્યું :

"તમે પંજેભાઇઓની કમિટી વોલન્ટીયર કોરની માફક છો. તમારૂં કામ ફરજ બજાવવાનું છે. કાઉન્સીલ કહે તે પ્રમાણે કરો.

લશ્કરમાં જેમ કર્નલ અને જનરલ છે, તે લશ્કરની સાથે રહે છે, પ્રધાન મંડળમાં જતા નથી, લશ્કર સાથે રહી સેવા કરે છે.

પંજેભાઈઓ, કાઉન્સીલ અને મુખી કામડીયાના જમણા હાથ મિસાલ છે.

તમે જાગૃત થાઓ. હોશિયાર થાઓ. વેપાર ધંધાની બાબતમાં એક બીજાને શું શું સલાહની જરૂર છે, તે આપો. હિંદુસ્તાનમાં બેકારી છે. બેકારોને દેશાટન કરવા કહો. યુ. પી. અને બરાર તરફ ધંધાનું ઘણુંજ ક્ષેત્ર છે. તે બાજુ આપણા વેપારીઓ ઘણા થોડા છે, ત્યાં મરચી મસાલાની નાની દુકાનો કાઢવા કહો, આ બાબત પર વિચાર કરો.

પંજેભાઇઓએ દીન અને દુનિયાના કામો કરવા. એવું કામ ન થાય કે, જેથી જમાત પંજેભાઈઓથી અને પંજેભાઈઓ જમાતથી નારાજ થાય.

મુખી કામડીઆનો હોદ્દો ધરાવી, મિજલસમાં હાજરી ન આપે, તે ઘણું અને ઘણુંજ ખરાબ છે.

અમે સેંકડો વખત ફરમાવ્યું છે કે, ગેરહાજર રહેતા પંજે-ભાઈઓને ક્રિશ્ચયન મિશનરીઓની માફક ઘરોઘર જઈ સમજાવો અને મિજલસમાં આવવા સલામણુ કરો. ખાનાવાદાન.”

## ફરમાન ૪૨૬ મું.

લીબડી તા. ૨-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

“તમે જમાત નાનાં મોટાં, બાઈ ભાઇ બધાંને ઘણીજ દુઆ આશિષો ફરમાવીએ છીએ. અમે અમારા રૂહાની બચ્ચાંઓને હમેશાં યાદ કરીયે છીએ.

દરેકને દીન મઝહબની ખબર છે, તે વિષે કંઇ કહેવાની જરૂર રહેતી નથી. જો તમને ખબર નહિ હતે, તો અમારૂં અત્રે આવવું થતે નહિ.

હવે દુનિયાની બે ત્રણ વાતોની જરૂર છે, જે અમે તમને ફરમાવીએ છીએ.

અગાઉ ફરમાવ્યું છે તે માફક બચ્ચાઓને કેળવણી આપવાની બહુજ જરૂર છે. તમો દરેકને ખબર છે કે, બચ્ચાંઓને કેળવણી આપવામાં કેટલો બધો ફાયદો છે? !

બીજી બાબત, બચ્ચાંઓની માવજત છે અને તે બાબત હેલ્થ કમિટીના ઓફિસરો તમને લેકચર દ્વારા સમજાવશે.

ત્રીજી બાબત, પરદેશગમન છે. જેટલું બની શકે તેટલું ધંધા માટે બહાર ગામ જવું અને રોજગાર કરવો.

તમારામાંના જેટલા પણુ બહાર ગયા છે, તેટલા બધા આબાદ થયા છે અને તેઓની હાલત પહેલા કરતા સારી છે. બરાર કે કે સી. પી. જીલ્લામાં જ્યાં જ્યાં એ લોકો છે, ત્યાં તેઓની ઘણીજ આબાદી થઇ છે. આ ત્રણે બાબતો સમજીને તેનો અમલ કરજો. ખાનાવાદાન.”

## ફરમાન ૪૨૭ મું.

લીંબડી તા. ૩-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે કાઠિયા જમાતને ફરમાવ્યું:

"તમે ઇમામશાહી ભાઇઓ, જે અત્રે આવ્યા છો, તે સર્વેને અમે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ઇમામશાહે ખરી રીતે, તેઓ પોતે જે માનતા હતા, તે મુજબ ઝમાનાના ઇમામની ઓળખ તમને બતાવી છે અને તેથી ઇમામશાહીયો આ પંથને ઘણાજ નજદીક છે.

જેમ એક શખ્સના માબાપ ન હોય અને તેને મુંઝવણ ઉભી થાય ત્યારે, તે કોના સાથે વાત કરે, તેમ તમને પણ રૂહાની માબાપ જોઇએ. તે રૂહાની માબાપ અમે છીએ.

ઈબાદત બાતુની કરો; કદી દેખાવથી કરતા નહિ. કોઇને દુઃખ આપતા નહિ. જે હકીકતી છે તેને બાતુની ઇબાદત કરવી જોઇએ.

તમે ઇમામશાહી જીવતા ઇમામને માનો."

ભાવનગર જમાતને ફરમાવ્યું:

"દિલગીર છીએ કે, અમે ભાવનગર આવી શકયા નહિ. રસ્તો પણ બીજો છે. તમે ભાવનગર ડીસ્ટ્રીકટની જમાતોને ઘણી દુઆ આશિષો ફરમાવીએ છીએ.

અમે એ જોઇને ખુશી થયા છીએ કે, તમારામાંની કેટલીક લગ્ન કરતી કન્યાઓનો ઘુમટો કાઢી નાંખવામાં આવ્યો છે. લાજ યાને ઘુમટો કાઢવાથી પડી જવાનો અને તેથી હાથ પગને નુકશાન થવાનો સંભવ છે."

ભાવનગર લોકલ કાઉન્સીલને ફરમાવ્યું:

"તમે અકકલવાળા છો. તમારો મુલ્ક છે, ત્યાં પાણી ઉપર

આવે છે, એટલે રૂમેટીઝમની બીમારી થઇ જાય છે. આખરતમાં તમે અમારી પાસે છો.

ભાવનગર જમાત મોમન છે. વેલસી ધનજી, ઈસા વારસ, દાઉદ ખાનમામદ જેવા લોકો મોમન થઇ ગયા છે. પચાસ સાઠ વર્ષ ઉપર ગડબડ થઈ હતી, ત્યારે તેઓએજ વાવટો પકડી રાખ્યો હતો. જો તે વખતે હિંમત નહિ કરતે તો અડધી જમાત પણ નહિ હતે.

તમે પણ એવા કામ કરો કે પાછળથી ઇમામ તમારા નામ યાદ કરે. ૫૦ વર્ષ પછી તમારા નામ પણ લેવાય, એવા કામ કરો શાબાશ. ખાનાવાદાન."

## ફરમાન ૪૨૮.

લીંબડી તા. ૪-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે શામિયાનામાં પધારી ફરમાવ્યું :

"ઇમિગ્રેશન માટે લગભગ સો જેટલા ગામો હિંદુસ્તાનમાં છે, અમે ઘણી વખત એ વિષે ફરમાવેલ છે.

જુઓ સેન્ટ્રલ પ્રોવિન્સમાં બે હજાર જેટલા માણસો ધંધા અર્થે ગયા છે, અત્યારે તેઓ આબાદ છે. મરચી મસાલો અને કરિયાણાની વસ્તુઓની દરેકને જરૂર પડે છે.

મુંબઇમાં પણ મસાલાવાળા ઘણા છે અને તેઓ સુખી છે, માટે તમે એ બાબત પર જરૂર ધ્યાન આપજો."

સિધ્ધપુર ડીસ્ટ્રીકટના મેથાણ ગામની જમાતને ફરમાવ્યું:

"તમારા માટે એક સોસાઇટીની જે શરૂઆત થઇ છે, તેને બરાબર સંભાળજો અને તેનો પુરેપુરો ઉપયોગ કરજો. સોસાઇટી છે, તે તમારી હૈયાતી છે. ઇમાનદારીથી કામ કરજો. શાબાશ."

ધંધુકા જમાતને ફરમાવ્યું:

"તમે તમારા બચ્ચાંઓને સાત ગુજરાતી ભણાવી, વેપારમાં જોડાવા બહારગામ મોકલો. તમે જુવાનો બહાર દેશાવર ફરો, તમારા માબાપ સાથે બેસી નહિ રહો.

ઈમિગ્રેશન વિષે રિફ્રીએશનમાં પુછા કરો. સી. પી. બરાર તરફ જાઓ.

જો તમે સુખી હશો તો અમે ઘણા ખુશી થશું. તમને ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ."

વિઠ્ઠલગઢ જમાતને ફરમાવ્યું:

"તમે જેવું દીનનું કામ કરો છો, તેવું દુનિયાનું કામ કરો. તમે થોડા બચ્ચાંઓને હિંદુસ્તાનના કોઇ ઠેકાણે મોકલો, મદ્રાસ, સી. પી. બરાર, વરધા, હૈદ્રાબાદ વિગેરે ઠેકાણે મોકલો. આફ્રિકા અને બરમામાં હમણાં સારૂં નથી.

તમે તમારાં નાનાં બચ્ચાંઓને બરાબર ઇલ્મ શીખાડો. દુઆ આશિષ ફરમાવીએ છીએ."

ધાટીલા જમાતને ફરમાવ્યું:

"તમે દેશાટન કરો. હમણા બરમા કે આફ્રિકા નહિ જાઓ. હિંદુસ્તાનમાં કોઈ પણ જગ્યાએ જાઓ. તમે ત્યાં જે કમાણી કરશો તે ધર્મ દાનમાં ખરચી શકશો અને તમને સુખી જોઇ અમે ઘણા ખુશી થઈશું.

અમે જે ફરમાન કરીયે છીએ, તે તમારા ફાયદા માટે છે, નહિ કે અમારા માટે. એક ઠેકાણે બેસી રહેશો તો શું ફાયદો થશે?!"

બોટાદ જમાતને ફરમાવ્યુ:

"કેટલા માણસો છે? વેપાર શું છે? આટલા નાના ગામમાં બધાને પુરતી રોજી કેવી રીતે મળે? અમારા ફરમાન સાંભળો. તમારી ઓલાદમાંથી પચાસ ટકા હિંદુસ્તાનમાં ધંધા અર્થે મોકલો. અમે આફ્રિકાની વાત કરતા નથી.

તમે ૪૦૦ માણુસ એકજ જગ્યાએ રહો છો પછી પુરતી રોજી કયાંથી મળે? તેમાં અમારો શું વાંક? તમે સુખી તો અમે સુખી."

ભાવનગર જમાતને ફરમાવ્યું:

"જો તમારા વેપાર સારા નથી તો તમે બહારગામ જાઓ. તમે બહાર ગામ નીકળશો તો સુખી થશો. જો તમે સુખી હુશો તો અમે ખુશી થઈશું. તમે તમારૂં ઈમાન મજબુત રાખો.

અમે જે ફરમાન ફરમાવીએ છીએ, તેના પર તમે ધ્યાન આપો તે તમારા ફાયદા માટે છે. તે ફરમાનો એક કાને સાંભળી બીજે કાને કાઢી નહિ નાંખતા.

હાલ આફ્રિકા નહિ જાઓ. મદ્રાસ, હઈદરાબાદ તરફ જાઓ. મદ્રાસ ધંધા માટે ઘણું સારૂં છે. મરચી મસાલાનો વેપાર કરો. ત્યાં જઇ એક જણ બીજા જણને બોલાવે.

અમે તમારા માટે કેટલું કરીયે છીએ? જો તમે ખુશી હુશો તો અમે ખુશી થઇશું.

તમે લોકો કહો છો કે, "દુઃખ છે, દુઃખ છે," તો તેની અમે તમને દવા આપીએ છીએ. તે દવા તમે લ્યો અને તે દવા આલેવાજબાત છે. ફરમાન પ્રમાણે વર્તતા શીખો."

કુકડા જમાતને ફરમાવ્યું:

"શું વેપાર છે? સારો ધંધો ચાલે છે? એક ધંધા ઉપર બેસી નહિ રહેવું. એકને ત્યાં રાખો, બીજાને બહારગામ મોકલો. તમારે ત્યાં વખત ખરાબ આવે ત્યારે બહારગામ જનાર બીજો ઉપયોગી થઇ પડે."

અમદાવાદ ઇસમાઇલી કોલોનીના ભાઇઓને ફરમાવ્યું:

"દુનિયામાં જેની વ્યવસ્થા સારી છે, તેનો વેપાર પણ સારો થાય છે. ખાતાને જે સારી રીતે ચલાવે છે, તે સારો છે. જે ખરાબ રીતે ચલાવે છે, તે ખરાબ થાય છે. નુકશાની નહિ થવા દો. એક

પાઇ પણ ખોટી રીતે જવા નહિ દેવી. સંપ સલાહથી કામ થાય, તો આબાદી થશે. ઇન્ડીયન લોકો આ ખ્યાલ કરતા નથી.

અમે દુઆ કરીયે છીએ અને રસ્તો પણ બતાવીએ છીએ. અમે એવાને દુઆ કરીયે છીએ કે, જેઓ હિંમતવાળા છે. જેને હિંમત નથી તેને દુઆ શું કરવી?!

કોલોનીનું કામ શરૂ થાય પછી બેંક કાઢો. દર એક વર્ષે અમને રિપોર્ટ મોકલજો. અમે જ્યાં હોઇએ ત્યાં રિપોર્ટ મોકલાવજો. અમે રિપોર્ટ તપાસતા રહેશું. શાબાશ.”

ભાવનગર સુક્રવારીયા પંજેભાઇઓને ફરમાવ્યું:

“તમે બધા પંજેભાઇઓ અમારા નાના બચ્ચાંઓ છો, તમે બધા રૂહાની બચ્ચાંઓ છો. તમે બચ્ચાંઓ હમેશાં સ્કુલમાં જતા રહેજો.

જે માબાપો પોતાના બચ્ચાંને સ્કુલમાં નથી મોકલતા તેઓ અમારા ગુન્હેગાર છે.”

તળાજા જમાતને ફરમાવ્યું:

“વેપાર કરો. સારા સારા ધર્મના કામ કરો. જમાતના મુખીનું માન રાખો. માન નહિ રાખશો તો, તે અમારૂં અપમાન કરવા બરાબર છે. ખાનાવાદાન.”

## ફરમાન ૪૨૯ મું.

લીંબડી તા. ૫-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સવારના મંડપમાં પધારી ફરમાવ્યું :

“રૂહાની બેટા બેટીઓને ઘણીજ દુઆ આશિષો ફરમાવીએ છીએ. તમે સર્વેને દિલોજાનથી દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમારા રૂહાની ફરજંદોને અંતઃકરણની દુઆ ફરમાવીએ છીએ.

હવે નવા નવા કામમાં આપણું ચિત પરોવવાનું છે. દરેક બાઈઓ, ભાઈઓ તેમજ કાઠીયાવાડના તમામ ફરજંદોની ફરજ છે અને અમારી ભલામણ છે કે, બચ્ચાંઓને સંભાળવાની ઘણીજ જરૂર છે, કારણકે તેઓ બહુ બિમાર પડે છે, સંભાળ ન લેવાથી ઘણીજ ખરાબી થાય છે, ખાલીપીલી બીમારી ભોગવી મરી જાય છે.

બચ્ચાંઓની સંભાળ અને ખબર લેવા માટે એક ખાતું ચલાવવા અમે ૧૬,૦૦૦ હજાર રૂપીયા આપ્યા છે, તેની બહુજ સંભાળ કરજો. વેલફેર અને હેલ્થ સેન્ટરનું કામ બહુજ ખંતથી કરજો.

જ્યાં જ્યાં ગવરમેન્ટ સ્કુલ હોય, ત્યાં બચ્ચાંઓને જરૂર મોકલજો અને વર્નાકયુલર સ્કુલનો પણ જરૂર ફાયદો મેળવજો.

બચ્ચાંઓને માતા જરૂર કઢાવજો; એ બહુજ જરૂરનું છે. બચ્ચાંઓની સંભાળ નહિ કરવાથી તેમજ ખાલીપીલી માબાપોની નાદાનીથી બચ્ચાંઓને તકલીફ થાય છે અને સ્મોલ પોક્ષ યાને માતા નીકળી આવે છે, તેથી બચ્ચાંઓ દુઃખી થાય છે; તો વેક-સિનેશન યાને શીળી બચ્ચાંઓને જરૂર કઢાવવી; એ અમારૂં ફરમાન છે.

તમે સર્વેને મુબારકી આપીએ છીએ."

## ફરમાન ૪૩૦ મું.

જામનગર તા. ૬–૨–૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે શામિયાનામાં પધારી ફરમાવ્યું:

"બેબી હેલ્થ કમિટીના મેમ્બરો આવ્યા છે, તેઓના ભાષણો સાંભળજો અને તે પ્રમાણે ધ્યાન રાખજો. બચ્ચાંઓ વગર મોતે મરી જાય છે, તેની કેમ સંભાળ લેવી તે બરાબર ધ્યાનથી સાંભળી, સંભાળ રાખજો. બચ્ચાંઓને સંભાળવું એ માબાપનું કામ છે. બચ્ચાંઓના કેસ બગડી જાય છે તે માટે માબાપો ઉપર ભાર છે."

[૨૭૧]

ગાડુકા સુક્રવારના પંજેભાઇઓને ફરમાવ્યું:

"તમે ઘરમાં બે ભાઈઓ હો, તો એક દેશમાં રહે અને બીજો પરદેશ જાય. પરદેશમાંથી તમારા ભાઇ કે છોકરાઓ ખરચી મોકલે, તે પેન્શનની માફક ખાઈને બેસી રહો, એ ઠીક નથી. તમે પોતે પણ ધંધો રોજગાર કરો."

સાંજે શામિયાનામાં પધારી ફરમાવ્યું:

"ઈમિગ્રેશન યાને દેશાટન માટે ફરમાનો ફરમાવીએ છીએ તે ધ્યાનમાં લ્યો. ઇમિગ્રેશનના ફાયદા શું છે? તે તમને સમજાવીએ છીએ.

જુઓ, અગર તમારામાંના કેટલાક જે હાલ પરદેશમાં છે, તેઓ જો પરદેશ નહિ જતે તો શું સ્થિતિ હતે? ઘણી ખરાબ સ્થિતિ થતે. જેવી રીતે યુરોપથી અંગ્રેજ લોકો અંહી આવે છે, પછી એ લોકો પોતાના માબાપોને પૈસા મોકલાવે છે, તેવીજ રીતે આફ્રિકાથી પણ ત્યાંના વતનીઓ પોતાના લોકોને અંહી દેશમાં પૈસા મોકલાવે છે, એવો રીવાજ છે. એ ઉપર મદાર રાખી બેસી રહેવું એ ઠીક નથી.

અમે ૪૦ વર્ષ ઉપર ફરમાન કર્યાં હતા, તે વખતે ૧૦ ટકા જેટલા પણ નહિ ગયેલા; અગર જતે તો યુગાન્ડા તેમજ આફ્રિકાના બીજા ભાગોમાં ઈસમાઈલીઓની જાહોજલાલી થઇ જાત.

કાઠીયાવાડના લોકો બે ટકા જેટલાજ ગયા છે. હવે હજારો માણસો જાય એ સમય નથી. એ સમય વિતી ગયો. અમે લડાઇ પહેલાં ફરમાન કર્યાં હતા, તે વખતે જતે તો ઘણો ફાયદો થતે. તે વખતે અમારી વાત સાંભળતે તો લોકો પાસે ઘણાં પૈસા હોત. અત્યારે એ ટાઇમ નથી.

હવે એ ટાઇમ છે કે, જેઓના સગાવહાલા હોય, એવા માણસો આફ્રિકા દર વર્ષે સો દોઢસો જાય તો સારૂં. એક કામધંધા માટે ત્રણ ચાર માણસો ગુંથાઈ રહે, તે ઘણું ખોટું છે. એક ઘરમાં જો

બે ભાઈઓ હોય તો એક ભાઈ દેશમાં કામ કરે અને બીજો પરદેશ જાય. આફ્રિકામાં સગાવહાલા અથવા કોઇ સંબંધી પણ નહિ હોય, એવા માણસો માટે ત્યાં જવું હાલ સારૂં નથી.

તમે દક્ષિણ હૈદ્રાબાદ તરફ જાઓ. ત્યાંના રાજ્યની વ્યવસ્થા સારી છે, અને ત્યાંનો મુલ્ક પણ ફળદરૂપ છે. થોડું અંગ્રેજી જ્ઞાન હોય, તેવા શખસો મદ્રાસ તરફ જાય એ સારૂં છે. તેઓ ફાયદો મેળવી શકશે. યુ. પી. તરફ જાઓ.

મુંબઈમાં કેટલાક મરચી મસાલાના વેપારીઓ છે, તેઓની હાલત સારી છે. જ્યારે તેઓ કાઠિયાવાડમાં હતા તે વખતે તેઓની હાલત સારી હતી નહિ. હવે મુંબઈમાં વધુ ક્ષેત્ર નથી. દક્ષિણ હૈદરાબાદ તરફ એ વેપાર ચાલશે. યુ. પી. અને સી. પી.માં પણ આ વેપારમાં ફાયદો થશે.

દરેક પૈસાપાત્ર થાય એ બનવા જોગ નથી, પણ અંહી કરતાં ૧૦ ટકા જરૂર સારી હાલત થશે.

અંહીના લોકોમાં એકજ કુટુંબના ચાર પાંચ જીવ, એકની કમાઈ પર નિર્વાહ કરતા રહે છે, એ ઠીક નથી. હવે બીજા મુલ્કોમાં જાઓ. મુંબઇમાં હવે નવા માણસો માટે સગવડ ભરેલું નથી. હા, બે ચાર માણસો જાય એ જુદી વાત છે. આફ્રિકાની માફક નવા નવા જાય અને પછી હરીફાઇ થઇ પડે, એમ થવું નહિ જોઈએ. બીજા ઘણા મુલ્ક છે ત્યાં જવું. અમે ગોલ્ડ ગ્રાંટ કમિટીને પણ ઇમિગ્રેશન માટે મદદ કરવા ફરમાન કરેલ છે.

કેટલાક લોકો પરદેશથી કંટાળીને પાછા આવતા રહ્યા છે તે ઠીક નથી થયું. એવા આળસુ માણસો હોય, એ તો ખોટું કહેવાય. દરેક લોકોને સારા જોવા એ સારૂં છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૧ મું.

જામનગર તા. ૭-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કંઠાર જમાતને ફરમાવ્યું:

"તમારી જમાતના ઘણા માણસો આફ્રિકામાં છે. તેઓ તમને

ખર્ચ મોકલે છે અને તમે અંહી બેસીને ખાઓ એ ઠીક નથી. તમે પણ ધંધો કરો. તમે પચાસ ટકા જેટલા અત્રે છો, તેમાંથી ૨૫ ટકા જેટલા હિંદુસ્તાનમાં જાઓ.

અલબત એક માણસ પૈસાદાર થયો, તેથી શું વળ્યું?! બધા થાઓ. એમ નહિ સમજો કે આફ્રિકામાંજ પૈસા છે, દરેક જગ્યાએ છે."

પંજાબ કલ્યાનવાળા ગામના એક ભાઇને ફરમાવ્યું:

"તમે ચાર ભાઈઓ, ચારેચાર મેટ્રીક પાસ થયેલા છો અને ધંધો નથી, એથી મેટ્રિકની કંઈ કિંમત નથી. મુશ્કેલી એ છે કે તમને ખોજાઓની જેમ વેપાર કરવાની ટેવ નથી કે જે જરૂરનું છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૨ મું.

જામનગર તા. ૮-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે લોકલ કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"તમો કાઉન્સીલ ઉપર ઘણી જવાબદારી છે, તમારા કેસ આગળ જવા જોઇએ નહિ. તમે બધા શીખેલા છો, હોશિયાર છો, જંગલી નથી, તેથી તમારા ઉપર અમને ઘણોજ ભરૂસો છે.

બચ્ચાંઓની તંદુરસ્તી માટે ગધેડીના દુધનો ઉપયોગ કરો. જો તે ન મળી શકે તો બકરીનું દુધ વાપરો, પણ ગધેડીનું દુધ બકરીના દુધ કરતાં વધારે સારૂં છે. શાબાશ."

આફ્રિકાથી આવેલ એક ભાઇને ફરમાવ્યું:

"મહુંમ કે જેના માટે તમે અરજ રાખેલ છે તેના હકમાં અમે ઘણીજ દુઆ કરીયે છીએ.

તમે આફ્રિકાથી શા માટે આવ્યા? જયારે વધારે ફાયદો હોય, ત્યારે તો ત્યાં રહેવું જોઇએ. પૈસા ભેગા થાય, પછી ચાલ્યા આવો છો, તેથી અમને ઘણોજ ગુસ્સો આવે છે."

સામિયાનામાં પધારી ફરમાવ્યું:

"અમે ઇચ્છીએ છીએ કે, આ સ્ટેટની જે રઇયત છે, તેઓએ સોલેરિયમનો ફાયદો જરૂર લેવો જોઇએ.

અંહી કાઠીયાવાડમાં એવી ઘણી જગ્યાઓ છે, જ્યાં તમને ગધેડીનું દુધ મળી શકે છે; એનો ઉપયોગ કરો. બકરીનું દુધ પણ સારૂં છે. એ ખરૂં છે કે બકરીના દુધ કરતાં ગધેડીનાં દુધમાં ફાયદા વધુ છે, તેમ જુદા છે.

જે માબાપો પોતાના બચ્ચાંઓને વેકસિનેશન યાને માતા કઢાવતા નથી તે ઘણું ખરાબ છે. એવા બચ્ચાંઓ શીતળાના ભોગ બને છે, એ ગુન્હા એમના માબાપ ઉપર ચડે છે, માટે વેકસિનેશન યાને માતા જરૂર કઢાવો. માતાના યાને શીતળાના દશ કેસ અમે જોયા; હર વખત દેખાય છે, માબાપોની આ કસુર છે. હવે એવું નહિ થવું જોઇએ. દરેક બચ્ચાંઓને માતા કઢાવવીજ જોઇએ. ગામડાના લોક થઇને રહેવું નહિ જોઇએ. મુંબઇના લોકોની માફક રહેવું જોઇએ.

અમે હમેશાં દુઆ કરીયે છીએ, તે સાથે રસ્તો પણ બતાવીએ છીએ, એ પ્રમાણે જરૂર ચાલજો. ઘણીજ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૩ મું.

રાજકોટ તા. ૯-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પેન્ડોલમાં યાને સામિયાનામાં પધારી ફરમાવ્યું:

"તમે એમ નહિ માનતા કે, અમે ફકત મઝહબ માટેજ ફરમાનો કરીયે છીએ; જાહેરમાં તમારી પાસે અમે આવ્યા છીએ. તમારામાંના કેટલાકો જ્યારે બયતુલખ્યાલમાં દાખલ થયેલ છે અને બયતુલખ્યાલમાં હાજરી આપતા નથી, તો એથી શું ફાયદો ?

જેમ તમે અંહિ અમને જુઓ છો તેમ જમાતખાનામાં હમેશાં અમને જુઓ. તમારા રૂહાની પિતા તમને ભુલી જતાં નથી, પણ તમે અમને ભુલી જાઓ છો. તમે અમને હમેશાં જમાતખાનામાં યાદ કરજો.

રાજકોટમાં તમારામાંના કેટલાક વેપાર તેમજ કન્ટ્રાકટનું કામકાજ અને બીજા પરચુરણ કામકાજ કરે છે, તે બધા પર અમે રાજી છીએ.

કોઇ પોતાના કુટુંબના માણસ ખર્ચી મોકલાવે અને ખાવું, એવી રીતે પેન્શન પર નભવું, એ ઠીક નથી. હા બુઢા માણસો, જે કામ કરી ન શકે, તેઓની વાત જુદી છે.

તમારામાંથી બહારગામ જવા માટે તમે કયારે પણ વિચાર કરો છો? દેશાટન કરવું જરૂરનું છે. હિંદુસ્તાન, યુ. પી, ગ્વાલિયર, મદ્રાસ, એ તરફ ધંધા માટે જવાની અમે ભલામણ કરીએ છીએ.

તમારામાંના કેટલાક વધુ ભણવું અને ગ્રેજ્યુએટ થવું એવો શોખ ધરાવતા હોય, પણ હમણા ગ્રેજ્યુએટ માટે કમાવવાનું સારૂં ક્ષેત્ર કયાં છે? બે ત્રણ અંગ્રેજી ચોપડીઓ શીખવો; અઢાર વર્ષ સુધી જો મેટ્રિક થઇ જાય તો તેને આગળ વધારો. મોટી ઉમર હોય તો બીઝનેસ શીખવો.

તમને અમે કેટલાક દુનિયાના અને મઝહબના ફરમાનો કર્યા છે, તે લક્ષમાં રાખજો, કદી ભુલતા નહિ. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૪ મું.

જુનાગઢ તા. ૧૦-૨-૧૯૩૯.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે શામિયાનામાં પધારી ફરમાવ્યું:

"આજે સાંજના તમને અમારા હાથનું આબેસફા પીવડાવવામાં આવશે, જે તમે બહુ ઇજ્જતથી પીજો.

અત્રે હેલ્થ સેન્ટરની કમિટી આવેલ છે, તે તંદુરસ્તી અને બચ્ચાંઓની માવજત બાબતમાં જે ભાષણો કરે તે સાંભળજો. ઇમિગ્રેશન યાને દેશાટન માટે અમે લીંબડી અને જામનગર ખાતે ફરમાનો કર્યા છે, તે તમે લક્ષમાં લેજો અને તે મુજબ અમલ કરજો.

હવે અમે ધોરાજીના મર્હુમ આલીજાહ કાસમ બુધવાણી માટે ફરમાવીએ છીએ.

આલીજાહ કાસમ માટે જે બન્યું છે, તેથી તે શહીદને દરજ્જે ગયો છે. જેવી રીતે હ૦ ઇમામ હુસેન અ૦ના વખતમાં જે શહીદ થયા તે પ્રમાણે મર્હુમે ઇમામના માટે જાન આપેલ છે, તેથી તેના કુટુંબીઓએ હવે તે માટે ગમ કરવો જોઇએ નહિ. મર્હુમ ઘણો નસીબદાર હતો કે, તેણે જાન આપી અને શહીદોમાં મળી ગયો.

જે શખ્સે આ કામ કર્યું છે, તેને દિલોજાનથી માફ કરવું. તેમે માફ કરવાથી ડબલ સવાબ થશે અને એમ કરવાથી, એના કુટુંબીઓને પણ ડબલ ફાયદો થશે.

મર્હુમને મોકો મળી ગયો કે, પોતાના મઝહબના માટે તેણે જાન આપી.

બધી જમાતોને દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૫ મું.

પોરબંદર તા. ૧૪-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સામિયાનામાં પધારી ફરમાવ્યું :

"અત્રે જેઓની શાદી છે, તેઓને મુબારકી ફરમાવીએ છીએ. અમે ઇમામ છીએ અને તમારા દરેકના બાપ છીએ તથા મા છીએ.

તમને ત્રણ બાબતના ફરમાન ફરમાવીએ છીએ. તે તમે ધ્યાન રાખીને સાંભળો અને તે જમાતખાનામાં વંચાવજો.

(૧) રૂહાની ઇબાદત કદીપણ છોડશો નહિ. તમે હમેશાં બાતુની ઇબાદત ચાલુ રાખજો.

(૨) તમને માતાની માફક ફરમાવીએ છીએ કે, બચ્ચાંઓ જે હમેશા પરવશ છે, તેને કેમ સંભાળવા તે માબાપનું કામ છે. તે માટે અમે કાઠીયાવાડના દરેક પરગણાને એક એક હજાર રૂપિયા ગ્રાંટ આપી છે, એમ બધી મળીને, કાઠીયાવાડની ગ્રાંટ, સોળ પરગણાની સોળ હજાર મંજુર ફરમાવી છે અને એની વ્યવસ્થા માટે બેબી હેલ્થ કમિટી બનાવી છે. તેઓ બાળ ઉછેરની બાબત તમને સમજાવશે.

બેબી હેલ્થ કમિટીને એ ગ્રાંટ એક વર્ષ માટે આપી છે, તેનો સદઉપયોગ કરી સારૂં કામ થશે, તો ગ્રાંટ વધારીશું. સંતોષકારક કામ નહિ થશે તો ગ્રાંટ બંધ કરશું.

કાઠીયાવાડમાં જુદી જુદી જગ્યાઓએ કામ કરવા માટે અલગ અલગ કમિટીઓની નિમણુંક કરીયે છીએ. એ કમિટીઓએ પ્રોપેગન્ડા કરવો, ઘરોઘર જઇને સમજાવવું, પેમ્ફલેટ છપાવીને પણ બેબી હેલ્થનો ફેલાવો કરવો. નાના ગામોમાં પણ મજકુર બાબતનો ફેલાવો કરવો.

વિટામીનવાળી વસ્તુઓ માટે સમજાવવું અને મચ્છીનું તેલ વિગેરે મફત આપવું. ગરીબ હોય તેવાઓને દુધ પણ મફત આપવું. જે બચ્ચાંની માને દુધ નહિં આવતું હોય અને બહુજ નબળો હોય તેવા બચ્ચાંઓને ગધેડીનું દુધ આપવું. દશથી બાર વર્ષના છોકરાને ગધેડીનું દુધ આપવું. આ દેશમાં ગધેડીનું દુધ સસ્તું છે માટે જરૂર લેવું. એક વર્ષમાં ૧૦૦ દિવસ અનુક્રમે આપવું. અત્રે સ્થાનિક પણ બેબી હેલ્થ કમિટી બનાવેલ છે, તેઓ બેબી હેલ્થ માટે સમજાવશે.

(૩) તૂમને બાપની માફક દુનિયા માટે ફરમાન કરીએ છીએ તે ઉપર ધ્યાન રાખો. બે ચાર ભાઇઓ હો, તે બધા એકજ ધંધા માટે રોકાય તે ઠીક કહેવાય નહિ, પણ અલગ અલગ જગ્યાએ જઇ, બીજો ધંધો કરવો. દેશાટન કરો અને ત્યાં જઇ ધંધો કરો.

અંહીના રાજ્યમાં કેળવણી મફત છે, માટે દરેકે તેનો લાભ લેવો. જેઓ ખેતીનું કામ કરતા હોય, તેઓએ બે ત્રણ ગાઉ શિક્ષણ માટે દુર જવું પડે, તો પણ બચ્ચાંને શિક્ષણ માટે ત્યાં મોકલે. જેની ઉમર અઢાર વર્ષની હોય અને મેટ્રિક પાસ થાય તે ભલે આગળ અભ્યાસ કરે, પણ જેની ઉમર મોટી હોય પછી આગળ જાય તેમાં શું ફાયદો?

સોળ વર્ષનો હોય અને પાંચ ચોપડી ભણ્યો હોય, તેને હિંદુસ્તાનમાં વેપાર માટે મોકલો; અગર આફ્રિકા ખાતે જેનો વહેવાર અને ત્યાં સગાવહાલા હોય, અગર સંબંધી હોય તોજ મોકલવા; નહિ તો હિંદુસ્તાન, બરાર, યુ. પી, જ્યાં પણ ઠીક જણાય ત્યાં જઇ વેપાર કરો તો સારૂં છે. હિંદુસ્તાનમાં ઘણો ફાયદો છે.

હમણા મુંબઈમાં ત્રણસો જેટલા મરચી મસાલાના ઇસમાઈલી વેપારીઓ છે અને તેઓ પોતાની રોજી કમાય છે, હવે ત્યાં ફાયદો નથી.

હિંદુસ્તાનમાં જેઓ ધંધો કરે છે, તે લોકો ખોજાઓની માફક હોશિયાર નથી, માટે આપણા લોકોએ ત્યાં જઇ એ ધંધાની તજવીજ કરવી જોઇએ. ચામડા અને એવા બીજા ધંધામાં મુડી ઘણી જોઇએ છે અને જો ભાવ બેસી જાય તો ઘણું નુકશાન થાય, માટે આવી નાની મુડીવાળા મરચી મસાલાનો વેપાર હિંદુસ્તાનમાં જઈને કરશો તો સારૂં ચાલશે.

મુંબઈનો દાખલો લ્યો. આ ધંધાવાળા સુખી છે, અલબત બધા લાખોપતિ નહિં બને, પણ કાઠીયાવાડ કરતાં જરૂર સુખી

થશે. આ ફરમાન પોરબંદર માટેજ છે એમ નથી, પણ કાઠીયાવાડની દરેક જમાત માટે છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૬ મું.

પોરબંદર તા. ૧૬–૨–૧૯૩૯.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પોરબંદર લોકલ કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"તમારી જમાત ઉપર અમારો ઘણો પ્યાર છે. એમ નહિ ખ્યાલ કરજો કે અમે પોરબંદરમાં ૧૫ વર્ષે આવ્યા છીએ. અમે હમેશાં અંહી છીએ. જેમ તમારા બચ્ચાં આફ્રિકા હોય અને તમે ભુલતા નથી તેમ અમે પણ તમને ભુલતા નથી.

તમારા પોરબંદરવાળા ઘણા આફ્રિકામાં છે, માટે ધંધા અર્થે તમારે આફ્રિકા જવું જોઇએ. અમે ઘણાંઓને ધંધા માટે હિંદુસ્તાન જવા ફરમાન કર્યા છે, કારણ કે તેઓના સગા વહાલાં ત્યાં નથી. તમે હમેશાં અમારા ફરમાન કાનમાં રેડો, ભુલી જાઓ નહિં.

બેબી હેલ્થ કમિટીની વાત પણ ધ્યાનમાં રાખજો. ઘણા બચ્ચાં વગર મોતે મરી જાય છે, તેમ નહિ બનવુ જોઇએ. અમે કાઠીયાવાડમાં હાલ શીતળા નીકળેલા ૨૦ જેટલા બચ્ચાં જોયા. તમારે બચ્ચાંઓને માતા યાને શિતળા કઢાવવી જોઇએ. શીતળા કઢાવતી વખતે બચ્ચાંઓને છુપાવો છો એ ઘણું ખરાબ છે. તમે જમાતખાનામાં આ બાબતની ચર્ચા કરો. માતા નીકળેલા એવા બચ્ચાંઓ કાઠીયાવાડમાં મોટી સંખ્યામાં હશે એમ લાગે છે. માટે એ બાબતનો સુધારો કરો."

આફ્રિકાથી તુરતમાં આવેલા રાણાવાવના રહીશ એક ભાઇને ફરમાવ્યું:

"તમે અત્રેનું કામ ઉકેલીને પાછા આફ્રિકા જાઓ, ત્યારે આફ્રિકાના જે રાજ્યમાં તમે રહેતા હો તેની રઇયત બની જાઓ, અમારૂં આ ફરમાન જેઓ સાંભળી અમલ કરશે તેઓ સુખી થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૭ મું.

કરાંચી તા. ૧૮-૨-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બગીચા જમાતખાનામાં પધારી ફરમાવ્યું :

"તમે જે લોકો સિંધથી તથા પંજાબથી તકલીફ લઇને આવ્યા છો, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. કરાંચી, ખારાધર, લાસીની જે જમાતો આવેલ છે તે બધાને માટે આજે ઇદનો દિવસ છે. અંહી ઘણી ખુશી કરજો અને પછી ઘરે જજો.

આખી જમાત વતી ચીફ મુખીને અમે દસ્ત ચુમાવીએ છીએ, મુબારક. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૮ મું.

કરાચી તા. ૨૦-૨--૧૯૩૯.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સુલતાનાબાદ જમાતને ફરમાવ્યું:

"તમારા ગામનું નામ પણ અમારા નામ પરથી છે, તેથી તમે હમેશાં સુલેહ સંપથી ચાલો. એકદિલથી રહેશો તો સુખી થશો. એક દિલથી ચાલો. તમે તમારા કામ પર ખ્યાલ રાખો.

રાત દિવસ બાતુનમાં ઇમામના દીદાર કરો. અમે તમારા ઉપર બાપ કરતાં વધારે પ્યાર રાખીએ છીએ. તમે અમારા રૂહાની ફરજંદ છો. તમે અમારા ફરમાનથી ત્યાં ગયાં છો, તો એક સંપથી ચાલો."

ગાર્ડન ક્વાર્ટરના ફિદાઇઓને ફરમાવ્યું:

"હર વખત જ્યારે તમે અમને યાદ કરો છો, ત્યારે તમારી મહેમાની કબુલ કરીથે છીએ. **ફિદાઇની મહેમાની વાયરલેસથી પણ જલદી પહોંચે છે.** જ્યારે તમે અમારો ખ્યાલ કરશો, ત્યારે તમારામાં રૂહાની પાવર આવશે અને તમને નુરાની જાહેર બાતુન દીદાર થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૩૯ મું.

કરાંચી તા. ૨૧-૨-૧૯૩૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે "યુનાઇટેડ સોસાયટી"ના મેમ્બરોને ફરમાવ્યું:

"ગરીબ લોકોને મદદ આપવી એ સારૂં છે, પણ એ લોકોને કામ શીખાડો. બચ્ચાંઓને કામે લગાડો, જેઓને કામ નથી તેઓને ધંધે લગાડો, અગર જવાન લોકોને ધંધો હશે તો ઝઇફ લોકોને સંભાળશે; નગર નોકરીવાળાઓને નોકરીએ લગાડો. બેરોજગારને ધંધે લગાડો. તેને કોઈક નાની દુકાન કરાવી આપો.

અમે દુઆ કરીએ છીએ. અમારી રહેમ છે, પણ દવા પણ લ્યો. બહારગામ નાના ગામડાઓમાં તેઓને કામે લગાડો કેમ કે મોટા શહેરમાં ખરચો વધારે છે."

## ફરમાન ૪૪૦ મું.

જીનીવા, તા. ૬-૯-૧૯૩૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતને તાલીકા દ્વારા ફરમાવ્યું :

"અમારા સઘળા રૂહાની બચ્ચાંઓની સૌથી પહેલી અને ધાર્મિક તેમજ વ્યવહારીક ફરજ છે કે તેઓ વફાદારીથી તેમજ પોતાની બધી શકિત સાથે (સામ્રાજ્યને) સહકાર આપે.

સામ્રાજ્ય કે જે આપણા ધર્મ અને સ્વતંત્રતાનું રક્ષક છે, તેના હેતુને અત્યારે ખરા અંતઃકરણ પુર્વક વફાદારી ભરેલી અખુટ સેવા આપવીજ જોઇએ.

આ સંદેશો દરરોજ બંદગી પછી વાંચવો જોઇએ અને પ્રગટ કરવો જોઇએ."

## ફરમાન ૪૪૧ મું.

મારસેલ્સ તા. ૧૬-૧-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે આફ્રિકાની જમાતને તાલીકા દ્વારા ફરમાવ્યું:

"નવા વર્ષના શુભ પ્રસંગે અમારા સઘળા માજી અધિકારીઓ કે જેઓએ વફાદારીપુર્વક અમારી સેવા બજાવી છે, તેઓને પ્યાર ભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ. તેમજ અમારા નવા ઓફીસરોને પણ આશિર્વાદો મોકલાવીએ છીએ અને અમને આશા છે કે તેઓ પણ તેટલીજ વફાદારીથી અમારી સેવા બજાવશે. અમે અમારા રૂહાની બચ્ચાંઓને ચેતવીએ છીએ કે ચળવળીઆઓથી અને તેમના દુષ્ટ ભાવનાવાળા મીઠાં શબ્દોથી તેમજ તેવીજ પત્રિકાઓથી ખોટી રીતે દોરવાઇ જતા નહિ.

વેપાર ઉદ્યોગ ધંધા અને દેશાટન (પરદેશગમન)ની બાબતો ઉપર એકાગ્રતા પુર્વક તમારૂં સઘળું ધ્યાન આપો, અને દુન્યવી સ્થિતિ સુધારો. આમ હવે તોજ બની શકશે કે જો વેપાર અને ઉન્નતિ માટે સઘળા એકત્ર થઇને કામ કરશો.

અમારા સર્વે રૂહાની બચ્ચાંઓ વચ્ચે દુન્યવી બાબતોમાં પ્રમાણીક સહકાર હશે તો તમોને અપુર્વ તક સાંપડશે.

આ ફરમાનો થોડા વખત સુધી (જમાતખાનામાં) બંદગી પછી નિયમિત વાંચવામાં આવે."

## ફરમાન ૪૪૨ મું.

કેરો તા. ૪-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે આફ્રિકાની જમાતને તાલીકા દ્વારા ફરમાવ્યું:

"આખા આફ્રિકાના રૂહાની બચ્ચાંઓને માવિત્ર તરીકે એક વખત ફરીથી સલાહ આપીએ છીએ કે આ સમય દરમ્યાન તમે

તમારૂં સઘળું ધ્યાન વેપાર ધંધામાં અને અરસપરસ મદદ તથા સહકાર આપવામાં રોકો અને અમારા બચ્ચાંઓ તરફથી અમારી હાજરીમાં ઘડવામાં આવેલ કાયદાઓનું ઉલંઘન કરશો નહિ."

## ફરમાન ૪૪૩ મું.

મુંબઇ તા ૯-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે અઉરંગાબાદના એક ભાઈઓને ફરમાવ્યું:

"જો તમારો વેપાર સારો અને ફાયદાવાળો હોય, તો ફક્ત જમાતખાના માટેજ સેન્ટર બદલાવવાની જરૂરત નથી. મોમન જ્યાં પણ હોય છે અને અમને યાદ કરે છે, ત્યારે તે અમારી હુજુરમાં છે. શાબાશ ખાનાવાદાન."

## ફરમાન ૪૪૪ મું.

મુંબઈ તા. ૧૨-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે સી. પી. જમાત અને કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"અમે તમને હમેશાં યાદ કરીએ છીએ, કારણ કે એક તો તમે અમારા રૂહાની ફરજંદો છો અને વધુમાં તમારામાંના લગભગ ૮૦ ટકા જેટલા અમારા ફરમાન માનીને, સી. પી.માં વેપાર માટે આવેલા છે, તેથી તમે અમારા ડબલ રીતે રૂહાની બચ્ચાં છો, એવી અમને ખુશી ઉપજે છે."

## ફરમાન ૪૪૫ મું.

મુંબઇ તા. ૧૪-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઈમામે ગીનાન બોલનાર એક ભગતને ફરમાવ્યું:

"તમે ગીનાન બહુ સારા બોલી શકો છો. મોમન રાત દિવસ અમારી હુજુરમાં છે. મોમન હમેશાં બગીચામાં છે. મોમનનું રડવું

પણ ખુશીનું હોવું જોઇએ. દુઃખ આવે તો પણ પરવા કરવી નહિ. અમે તમારા ઉપર બહુ ખુશી છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૪૬ મું.

પુના તા. ૨૧-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોમીન ઇસમાઇલી ભાઇઓને ફરમાવ્યું :

"તમે પાકા થયા છો તેથી અમે ઘણાજ ખુશી થયા છીએ. અને તેથી તમારામાંનો એક માણસ ઇસમાઇલીઆ કાઉન્સીલનો મેમ્બર હોવો જોઇએ, જેથી બીજાઓને પણ આપણા મઝહબમાં નવા જુના વચ્ચેનો તફાવત નથી એવું સમજાય; માટે તમારા ચાલુ મુખીને અમે પુના કાઉન્સીલના એક મેમ્બર તરીકે નિમણુંક કરીયે છીએ અને મુબારકી ફરમાવીએ છીએ.

તમારા માટે જ્યારે સ્કુલની મફત સગવડ રાખવામાં આવી છે, ત્યારે તમારા પોતાના બચ્ચાંઓને સ્કુલમાં બરાબર મોકલતા રહો. જો એમ નહિ બને તો અમને ગુસ્સો લાગશે. મફત સ્કુલ હોવા છતાં જો તેનો લાભ નહિ ઉઠાવો તો તમારે શું ઉજર યાને બાનુ રહેશે?

જરૂરની એક ચીજ એ છે કે તમે ટોપી કાળી નહિ પહેરો કે જેથી કોઇને અણગમો ઉત્પન્ન થાય નહિ.

તમે જ્યારે આવી રીતે મઝહબને પકડયો છે, તો બીજા ભાઇઓની પણ ફરજ છે કે, તમને આર્થિક સહાય આપે. જો દુન્યવી ફાયદો ન થાય તો શું કામનું?

હેલ્થ સેન્ટરના આગેવાનોએ નવા ભાઇઓની પણ સંભાળ રાખવાની છે અને એમના બચ્ચાંઓની તંદુરસ્તીનો ખ્યાલ રાખવો જોઇએ."

## ફરમાન ૪૪૭ મું.

મુંબઇ તા. ૨૨-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ જમાતને ફરમાવ્યું :

"તમે મુખી કામડીઆ બધાંને નસિયત કરો કે, હસનાબાદની આવી મોટી વિશાળ જગ્યામાં બચ્ચાંઓને તડકામાં મોકલે અને તડકો ખવડાવે. સવારના વખતે બચ્ચાંઓને બગીચામાં મોકલવું એ ઘણું સારૂં છે. સવારનો તડકો બહુ ફાયદાકારક હોય છે; સાથે એ પણ ધ્યાનમાં રાખવું કે, વરસાદના દહાડામાં બચ્ચાંઓને મોકલવા નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૪૪૮ મું.

મુંબઇ તા. ૨૮-૨-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ મોમન જમાતને ફરમાવ્યું:

"ઘોડાગાડી, ગાડી અને મોટર, તમારા આ બધા ધંધાઓમાં જાતે મહેનત કરવાથી વધુ ફાયદો ઉઠાવી શકાય છે.

અમે કદીપણ એમ નથી ફરમાવ્યું કે, તમે એવું બિઝનેસ શોફર કે કોચમેન યાને મોટર તથા ગાડી હાંકનાર પાસેથી લ્યો. એ સમજણ ભુલ ભરેલી છે."

## ફરમાન ૪૪૯ મું.

મુંબઇ તા. ૭-૩-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હસનાબાદ ચાંદરાતની પંજેભાઇને ફરમાવ્યું :

"બેબી હેલ્થ કમિટી તરફથી બચ્ચાંઓની માવજત બાબતમાં જે લેકચરો ગોઠવવામાં આવે, તે તમે બરાબર સાંભળજો અને તેનો અમલ પણ કરજો. એવા લેકચરની બહુજ જરૂર છે. માવજતની

બાબતમાં બચ્ચાંઓ માટે જે જે ભલામણો કરવામાં આવે, તે મુજબ ચાલજો અને જો તમે તમારાં બચ્ચાંઓને ચાહતા હો, તો તેઓની બરાબર માવજત કરજો અને સંભાળ પણ રાખજો."

બીરાર કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"તમારી ડીસ્ટ્રીકટમાં તુરતમાં ધંધા અર્થે આપણા જે ભાઈઓ આવ્યા છે, તેઓ ખાસ કરીને કટલેરી, કાપડ, કરિયાણું, મરચી મસાલાનો વેપાર કરે તો બહુજ સારૂં છે અને તે રોજની જરૂરિયાતની ચીજો હોવાથી એનો ઉઠાવ સારો થાય છે અને તેમાં મોટી રકમની પણ જરૂર રહેતી નથી.

ખાસ કરીને એ ધ્યાનમાં રાખવાનું છે કે, તમારી ડીસ્ટ્રીકટમાંના કોઈ પણ મોટા શહેર આપણા ઇસમાઈલીઓની વસ્તી વગરના નહિ હોવા જોઇએ, કારણ કે એથી ધંધામાં ચડતી થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૫૦ મું.

મુંબઈ તા. ૮-૩-૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે દરખાના જમાતના ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું:

"સાલ દરમિયાન તમારામાંના જેટલા પંજેભાઇઓ જે આ ફાની દુનિયા મુકી ગયા છે, તે હકીકી બહેશ્તમાં દાખલ થયા છે.

મહિનામાં એક વખત મિજલસ થાય છે, તેમાં જરૂર હાજરી આપો. એક મહિનામાં એક વખત આવી મિજલસમાં હાજરી આપવી, એમાં કોઇ ખાસ તકલીફ નથી."

"ઓલ ઇન્ડીઆ હેલ્પીંગ સોસાયટી"ના મેમ્બરોને ફરમાવ્યું:

"તમારો રિપોર્ટ ઘણો સારો છે. રોકડ રકમ લોકોને આપવાનું હજારો વર્ષથી થતું રહેલ છે, તેથી ગરીબાઇ ઘટી ગઇ નથી, બલ્કે વધી છે. ઇંગ્લાંડમાં વર્કશોપમાં એવા માણસોને મોકલવામાં આવે છે, પરીણામે એથી તેઓ ઘણા પૈસાદાર થઇ ગયા છે. જ્યારે

મુસલમાન મુલ્કમાં રોકડ મદદ આપવામાં આવે છે, એટલેજ તેઓ ગરીબ રહે છે.

વાજબી એ છે કે, એવા હાજતમંદો ધંધા અર્થે બહાર જાય અને તેઓને ખર્ચ માટે રોકડ પૈસા આપવા, પણ તે વિષે રિક્રીએશન કલબમાં મિશનરીઓને પુછી ખબર કાઢી પછીજ તેમ કરવું. બુઢા અને જઇફ હોય તેઓને પૈસાની મદદ કરો એ વાજબી છે. જો વિધવા હોય અને જુવાન હોય તેઓને પરણાવી આપવી, એ રીતની મદદ કરવી સારી છે. હમણા જીમખાના અને ઈંડસ્ટ્રીઅલ હોમમાં મોકલી કામ શીખાવો, તો તેઓ પોતાના કુટુંબનું પાલન કરી શકશે.

ખુદાએ દરેક કોમને સારી માઠી ખાસિયત આપી છે. આપણી કોમને ધંધાદારીની ખાસિયત આપી છે, તેઃ બહારગામ જવું અને ધંધો કરવો એ સારૂં છે. એ કામમાં તમને ફાયદો થશે, બીજાથી નહિ. યુ. પી. અને સી. પી.માં એવી જાતના ધંધાથી આપણા ભાઇઓ સોએ સો ટકા સારી હાલતમાં છે.

તમારાથી બની શકે તો, એ મુજબ કામ કરો. ખબર અંતર કાઢો અને એમ કરવાથી અને બહારગામ હાજતમંદોને મોકલવાથી ઘણો ફાયદો થશે. મદદ એવી કરો કે જેથી તેઓ પોતાની રોટલી કમાય. શાબાશ."

સરથાણ અને ઉંટીઆદરાની ગુજરાત જમાતને ફરમાવ્યું:

"ગઇ સાલ અમે વડોદરે આવેલ તે વખતે પણ તમે બધા ત્યાં આવ્યા હતા. જ્યારે એવી મુલાકાત થાય ત્યારે તમારામાંના જે મોટા હોય, તેઓએ અમારી પાસે રજુ થવું જોઇએ. તમે નવા ભાઇઓ હમણા જેમ બેઠા છો તેમ બેસી રહો. અમે તમારા બધાના માથા ઉપર હાથ મુકશું. તમે સર્વ અમારા ફરજંદો છો. નાના મોટા બધાં અમારા બચ્ચાંઓ છે.

આપણા મઝહબમાં આવવાથી તમને મોટો ફાયદો એ થયો છે કે, અત્રે નાના મોટાનો ફરક નથી.

તમે હિંમત કરી બીજાઓને પણ આ સાચે રસ્તે વાળો. ક્રિશ્ચયન મિશનમાં કાળા અને સફેદનો ભેદભાવ છે, જ્યારે તમારી અસલી હાલતનો પણ તમને ખ્યાલ હશે, અંહી તેવું કાંઈ નથી, ઉલ્ટી તમારી ઇજ્જત વધી છે. શાબાશ."

કટક જમાતને ફરમાવ્યું:

"ધંધા માટે શરૂઆતમાં તમારે બહાર જવું. જો કે પહેલાં તકલીફ ભરેલું લાગતું હતું, પણ તમે હવે જાણી શકો છો કે, ફરમાન માનવાથી કેટલો લાભ થયો છે?! મોટા મોટા ગામોમાં તો લોકો શોખથી જાય છે, પણ નાના નાના ગામોમાં જવું એ કેટલીક વખત ઘણું ફાયદાકારક નીવડે છે; કારણ કે બધાઓને એનો ખ્યાલ હોતો નથી.

તમારી આજુબાજુ ઘણાં ગામો છે, ઓરીસા પ્રાંત ઘણોજ સારો છે. વધુમાં રજવાડાઓના ગામો પણ ધંધા માટે ઠીક છે. તમે બીજા ભાઈઓને પણ ધંધા માટે બોલાવો અને તેઓને પણ મદદ કરો એ બાબતમાં ખુબ કોશિશ કરજો. ખાનાવાદાન."

## ફરમાન ૪૫૧ મું.

મુંબઇ તા. ૯–૩–૧૯૪૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે દરખાનામાં મુબારક સાલગ્રેહના દરબાર પ્રસંગે પધારી ફરમાવ્યું:

"અમે ઘણા ખુશી છીએ કે, ખુશહાલીના દિવસે રૂહાની બચ્ચાંઓ વચ્ચે આવ્યા છીએ. આજે જાહેરમાં અમે તમારી પાસે હોવાથી અમને ઘણી ખુશી પેદા થાય છે.

મોમનને હમેશાં ખુશી હોય છે અને ખુશહાલી સાથે મુબારકી પણ હોય છે. આજે અત્રે રાખવામાં આવેલી બધી મહેમાનીઓ અમે કબુલ ફરમાવીએ છીએ અને આજના બખતાવર પ્રસંગે ઘણી દુઆ આશિષો ફરમાવીએ છીએ.

તમારે દરેક રૂહાની બચ્ચાંઓએ જાણવું જોઇએ કે, અમારી નજરમાં બધા સરખાં છે.

અમે કરેલા ફેરફારથી હવે નાની નાની બાબતોમાં તકરાર જેવું રહેશે નહિ.

કાઉન્સીલના મેમ્બરો અથવા કોઈ પણ ખાતાના મેમ્બરો હોય, તેઓની ફરજ છે કે, દરેક બાબતમાં મહેનત કરે અને ઈસ્માઈલી કોમ અને જમાનાના ઇમામની સેવા કરે. અમે દરેક પાસે આવી ઉમેદ રાખીએ છીએ.

જે કામ અમે સોંપીએ તે હોશિયારીથી પોતાની યથાશકિત પ્રમાણે જોખમદારી સમજી સેવા કરે. **જોખમદારી ભરી વધુ સેવા કરનાર અમારી વધુ નજદીક છે.**"

## ફરમાન ૪૫૨ મું.

મુંબઇ તા. ૧૦-૩-૧૯૪૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સેન્ટ્રલ પંજેભાઇ કમિટીના મેમ્બરોને ફરમાવ્યુ:

"તમે મઝહબી કામ કરો છો, મઝહબી કામમાં કે ખિદમત કરવામાં ફળની આશા નહિ રાખવી જોઇએ. અમારી ખિદમત દિલોજાનથી કરવી એ ઘણુંજ સારૂં કામ છે. મઝહબી કામ સાથે લેકચર કરવા અને સલાહ દેવી સારી વાત છે.

હમણા આપણા ઈસ્માઇલીઓમાં રહેણી કરણીમાં બહુ ફેરફાર થઇ ગયો છે, માટે કરકસરથી રહેવા ભલામણ અને સલાહ આપવી.

જમાનો હરિફાઇનો છે. આપણાથી હિંદુ કોમમાં ખરચો ઘણો ઓછો છે, તે જુઓ. તમે કપડા પણ એવા પહેરો કે, જેથી ખરચો ઓછો થાય અને તમને ફાયદો થાય. હલકા કપડા બનાવો, ભારી બનાવવા નહિ.

એબી હેલ્થ કમિટીના ડાકટરની સલાહ લઈ એક ચોપડી બનાવો, જેથી ખાવા પીવા અને રહેણી કરણીમાં સુધારો થાય. તબિયતમાં સુધારો થાય, શકિત અને તાકાત પણ મળે. પકાવવા પકાવવામાં પણ ઘણો ફેર હોય છે. કેવીરીતે પકાવવાથી ખોરાક તાકાતવાળો બને, એ બધું, એ ચોપડીમાં સમાવેશ થાય અને એનો પ્રોપેગન્ડા યાને ફેલાવો કરો. જો એમ નહિ બને તો તમારા કામથી શું ફાયદો?

આજે તમને અમે જે નસિહતો કીધી છે, તે ભુલી નહિ જતા અને તેના માટે તમે એક વર્ષમાં કેટલું કામ કરો છો તેનો રિપોર્ટ આવતે વર્ષે અમને આપજો.

તમારી કમિટીની મિટીંગો વખતે દરેક મિટીંગમાં ૫ થી ૧૦ મિનિટ આ કામ માટે લેજો.

ગોસનો ખોરાક ૫૦ ટકા ઓછો કરી નાંખો. ગોસથી ખાસ કાંઇ ફાયદો નથી. મોટા ભાગે બકાલું વાપરો. અમે પોતે પણ બકાલું ખાઇએ છીએ, પણ શરીરે તંદુરસ્ત છીએ. કાચા ગાજર પણ શકિત વાળા છે અને ગોસ કરતાં પણ વધારે તાકાતવાળા છે; એવી કેટલીક ચીજો બકાલામાં શકિતવાળી હોય છે અને તેથી તમને કુવ્વતમાં ઘણોજ ફાયદો થશે અને ખર્ચ પણ અર્ધો થશે."

પંજાબ અને ફ્રન્ટીયરના ભાઇઓને ફરમાવ્યું:

"અમારી છેલ્લી મુલતાનની પધરામણી વખતે અમને એટલા માટે દિલગીરી થઇ હતી કે, તમે ઘણી તકલીફ લીધી પણ વ્યવસ્થા પુરતી નહિ હોવાથી કાંઈ ફાયદો થયો નહિ અને તમને મુલાકાત અપાણી નહિ. અમે કોઇ રીતે ગુસ્સે થયા નથી. તમારો ઇશ્ક બહુ હતો એ અમે જાણીએ છીએ.

જેટલી રકમમાં એક વિદ્યાર્થી બી. એ. સુધી ભણી શકે, તેટલીજ રકમમાં ત્રણ કે પાંચ, જો મેટ્રિક પસાર કરી શકતા હોય, તો તે શા માટે ન બનાવવા? એ તો એવું થયું કે, એક માણસને દોલતમંદ બનાવવો અને દશને ભુખ્યા રાખવા, એનો શું અર્થ?!

બી. એ. બનીને પણ નોકરીજ કરવાનો હેતુ હોય અને તમે લોકો શીખીને નોકરીનાજ ખ્યાલમાં હો, તો પછી પૈસાદાર કેમ થશો? માત્ર શીખવાથીજ પૈસાદાર થવાનું નથી. વેપાર કરીને માણસ પૈસાદાર થાય છે. તમે વેપારમાં કેમ ધ્યાન આપતા નથી?

ખુદાએ એકને ગરીબ, બીજાને પૈસાદાર બનાવ્યા છે, એ ખરૂં છે કે, બધા એક માફક થઇ શકતા નથી. શીખીને સરકારી નોકરીના વિચારો કરવાં કરતા, મરચી મસાલા અને એવા નાના ધંધા તરફ ધ્યાન આપો. જુઓ ખોજા લોકો એવા નાના ધંધાઓમાં કેટલા આગળ વધ્યા છે? તેઓને ખુદાએ અક્કલ આપી છે.

મુસલમાનોની સાથે નોકરી મેળવવા અથવા બીજા કામમાં તેઓની જ્યારે જરૂરત ઉભી થાય, ત્યારે શરમ રાખ્યા વગર તમે જો એમ જણાવશો કે, અમે નવ મુસ્લિમ છીએ તો ભલે તુરત નહિ તો કયારે પણ ફાયદો થશે. એવી રીતે એક વખત કીધેલું પુરતું નથી. વખતોવખત એમ તેઓને કહો અને એ ખુલાસો તમારા માટે બહુ ફાયદાકારક થશે. ખાનાવાદાન.”

## ફરમાન ૪૫૩ મું.

કેરો, તા. ૨૨–૩–૧૯૪૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાલીકા મારફત ફરમાવ્યું:

“સઘળા રૂહાની બચ્ચાંઓને ખબર આપો કે, જો કે રાત અને દિવસ અમે તમારો વિચાર કરીએ છીએ અને આફ્રિકાની રૂતુ પણ અમને માફક છે, અને આફ્રિકામાં રહેવાને પણ અમે ચાહીએ છીએ પણ અમે ધારીએ છીએ કે હાલમાં અમે આફ્રિકા પધારીએ તે તમારા હિતમાં સલાહ ભરેલું નથી. અમે ધારીએ છીએ કે હાલના વખતમાં અરસપરસ સહકારથી તમારા વેપાર અને આર્થિક હાલત સુધારવા પાછળ તમારૂં સઘળું ધ્યાન અને શકિત તમારે વાપરવી જોઈએ. જો કેળવણીની પધ્ધતીને સઘળા

વફાદારીથી અમલમાં લેશો તો તે તમને સંપુર્ણ સંતોષ આપશે. વીમા કંપનીને ઈમાનદારીથી આગળ વધારવાનો તથા વેપારમાં અરસપરસ મદદ આપવાનો અને અમારી ગોલ્ડ ગ્રાંટનો સદઉપયોગ લેવાનો હવે વખત છે. ફીતનત કરનારાઓની વાતો ઉપર કદીપણ ધ્યાન આપતા નહિ અને અમે જ્યાં સુધી નવા ફેરફારો માટે હુકમ મોકલાવીએ નહિ ત્યાંસુધી પવિત્ર કાયદાઓનું વફાદારી પુર્વક પાલન કરો. અમે આશા રાખીએ છીએ કે બધા અમે ફરમાવીએ છીએ તેમ કરશો."

## ફરમાન ૪૫૪ મું.

ઝુરીચ, તા. ૭–૧૧–૧૯૪૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાલીકા મારફત ફરમાવ્યું:

"સઘળી મહેમાનીઓ માટે પ્યારભર્યા દુઆ આશિષો ફરમાવીએ છીએ આફ્રિકાના રૂહાની બચ્ચાંઓને દુઆ આશિષો અને નીચે મુજબનો સંદેશો ફરમાવીએ છીએ.

વેપાર અને આર્થિક સ્થિતિની સુધારણા ઉપર સઘળું ધ્યાન આપો. બધા નકામા ખર્ચાઓ બંધ કરો. બેંકો (અને) વીમાઓમાં એક બીજાને મદદ કરો. ખર્ચાળ આદતો છોડી આપો, કેફી પીણું (અને) તમાકુ છોડી આપો, કે જે બન્ને, તંદુરસ્તી માટે નુકશાનકારક છે. સારો તાજો ખોરાક દુધ (અને) ફ્રૂટ ખરીદો દુઆ બંદગી વખતે હાજર થાઓ અને તાજી હવા મેળવો."

## ફરમાન ૪૫૫ મું.

જીનીવા, તા. ૩૦-૪–૧૯૪૨.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાલીકા મારફત ફરમાવ્યું:

"આફ્રિકાના રૂહાની બચ્ચાંઓને પિતા તરીકેના દુઆ આશિષો ફરમાવીએ છીએ.

સઘળી મહેમાનીઓ તેમજ સંકટ ભર્યા પ્રસંગની ખાસ મહેમાનીઓ માટે પ્યાર ભર્યા આશીરવાદો ફરમાવીએ છીએ.

સઘળાઓને અમારા હુકમો છે કે વેપાર ઉપર સઘળું ધ્યાન આપો, હિંમતથી તકલીફોનો સામનો કરો અને અગર જો કમનસીબી સાંપડે તો તે માટે ખુદાના શુકરાના અદા કરો. અમે રૂહાની બચ્ચાંઓને અમારા પોતાના બચ્ચાંઓની માફક ચાહીએ છીએ."

## ફરમાન ૪૫૬ મું.

જીનીવા તા. ૧૮-૫-૧૯૪૨.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાર મારફત ફરમાવ્યું :

"આ દિવસોમાં રૂહાની બચ્ચાંઓ દોરવણી માટે અરજ કરે છે. નીચે મુજબની અમારી સલાહ છે, પણ હુકમો નથી, ફકત દુન્યવી સલાહ છેઃ-

યુરોપના અમારા અનુભવ મુજબ કદીપણ તમારા ઘરબાર-વેપાર છોડશો નહિ. હિંમતથી ચાલુ રાખજો. અગર જો બીજા નાસભાગ કરે તો પણ તમે ત્યાં રહી તેઓનો વેપાર અને કામકાજ મેળવજો."

## ફરમાન ૪૫૭ મુ.

જીનીવા તા.૯ -૭-૧૯૪૨.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાર મારફત ફરમાવ્યું:

"નીચેનો સંદેશો દારેસલામ મોકલાવોઃ—

અમારા સઘળા સાચા મુરીદો, કાયદાઓ ચુસ્તપણે પાળશે અને બધા પ્રસંગોએ અમારા અમલદારો સાથે સહકાર કરશે. વેશધારી પંજેભાઇઓ, જેઓ ઉપરથી વફાદારી બતાવે છે, પણ ખરાબ હૃદયો ધરાવે છે, અને ઉશ્કેરણી તથા કાવાદાવા કરે છે, તેવાઓથી ઠગાશો નહિ. એકત્ર થઇ આવા માણસોને મિત્ર તરીકે તજી દેવા

જોઇએ. વેપારનો ખ્યાલ કરો, અને નકામી ચળવળ તથા કાવા-દાવાથી દુર રહો. જેઓ સાચી નીષ્ઠા ધરાવે છે, તેઓ સઘળાઓને આશીરવાદો અને પ્યાર ફરમાવીએ છીએ.

નીચેનો સંદેશો આખા આફ્રિકા માટે છેઃ–

સુપ્રીમ કાઉન્સીલે સુચવેલા લગ્ન જમણુ સંબંધી કાયદાઓ પ્રકરણુ પાંચમાની કલમ પાંચમીના પેટા કાયદા બી. સી. ડી. ઇ. ક્યુ. આર. ટી. યુ. ડબલ્યુ. (અને કલમો) છઠી, ચઉદમી અને પંદરમી રદ કરવાની અમે મંજુરી ફરમાવીએ છીએ, પણુ જ્યારે આ રદ થાય છે, ત્યારે રૂહાની પિતા તરીકે અમે ઈચ્છીએ છીએ કે, અમારા ભલા રૂહાની બચ્ચાંઓ હકીકતમાં ઘણુાજ સારા કાયદાઓને વળગી રહેશે અને તે પ્રમાણે કરકસર કરશે; જો કે તે કાયદાઓ તરીકે હવે રહ્યા નથી પણુ તે અમારા અંતઃકરણુની ઈચ્છાઓ છે, અને જેઓ લગ્ન અને તેવા પ્રસંગોએ ઘણા સારા ધારાઓ પ્રમાણે વર્તવાનું ચાલુ રાખશે, તેઓ આ દુનિયામાં ખુશનસીબી પ્રાપ્ત કરશે, અને બીજી દુનિયામાં આશીરવાદો મેળવશે.

## ફરમાન ૪૫૮ મું.

મોન્ટ્રો તા. ૧૬–૭–૧૯૪૨.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે આફ્રિકાની જમાતોને તાલીકા મારફત ફરમાવ્યું :

"પિતા તરીકેનો નીચે પ્રમાણેનો સંદેશો આખા આફ્રિકા માટે છેઃ–

એકઝીક્યુટીવ અને પ્રોવીન્શીઅલ કાઉન્સીલોએ અંગત લાગણીઓ ભુલી જઈ અમારી સેવા હાથમાં હાથ મીલાવી (હળીમળી)ને કામ કરવું જોઇએ. પવિત્ર કાયદાઓનું પાલન થવુંજ જોઇએ. જેઓને અમુક કાયદાઓ અંગત રીતે કદાચ પસંદ ન પણ હોય, તેઓએ પણુ અમારા મુરીદો હોય તો, અમે એકલા તેમાં ફેરફાર ન કરીએ

ત્યાં સુધી તેનું પાલન કરવુંજ જોઇએ. દુન્યવી ખર્ચાઓ અને તમાકુ તથા કેફી પીણાનો ત્યાગ કરો. સારો ખોરાક ખાઓ કે જે તંદુરસ્તી માટે ઉતમ છે."

## ફરમાન ૪૫૯ મું.

જીનીવા તા. ૧૬-૧૨-૧૯૪૨.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાલિકા મારફતે ફરમાવ્યું :

"નીચે મુજબનો જાહેર સંદેશો સઘળા રૂહાની બચ્ચાંઓને મહીનામાં એક વખત વાંચી સંભળાવો:-

અત્યારના સમયમાં આર્થીક સંજોગો સારા છે, પણ ઈતિહાસ દેખાડે છે, તેમ ગઇ લડાઇ પછીની માફક, બ્રિટીશ ફતેહ બાદ અનિવાર્યપણે પ્રત્યાઘાતી અને મંદીનો સમય આવશે; જેથી દરેક કુટુંબ માસીક નાની રકમની પણ કંઇક બચત કરી મીલકત અથવા સરકારી કે બીજા કોઇ સારા શેરો ખરીદે. રોજીંદા જીવનના ખર્ચાઓ ઓછા કરો. કેફી પીણા અને બીડી તંબાકુ પછવાડે પૈસા નહિં ગુમાવો.

મંદીના વખતનો હમણાંથીજ ખ્યાલ કરો."

## ફરમાન ૪૬૦ મું.

જીનીવા તા. ૧૭-૨-૧૯૪૩.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાર મારફત ફરમાવ્યું :

"દરેક કાઉન્સીલ પોતાનો મેમ્બર ન હોય તેવા એક ગૃહસ્થની ત્રણ વર્ષ માટે નિંમણુક કરે કે જે કરકસરથી વહેલાસર શાદીઓ તેમજ વિધવા અને છુટાછેડા થએલ બાઇઓની નિકાહઓની ગોઠવણ કરે."

## ફરમાન ૪૬૧ મું.

લુગાનો તા. ૧૭-૧૮-૩-૧૯૪૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે આફ્રિકાની જમાતોને તાર મારફત ફરમાવ્યું:

"નીચે મુજબનો પિતા તરીકેનો ખાસ સંદેશો આખા આફ્રિકામાં રૂહાની બચ્ચાંઓને દર અઠવાડીએ એક વખત વાંચી સંભળાવો :-

આપણે અસાધારણ સમયમાં રહીએ છીએ, જેથી કરીને દુન્યવી બાબતમાં સખત કરકસર કરવાની ઘણી જરૂર છે. નવા કપડા લતા અને બુટ ખરીદતા અટકો, અને મેવો તથા બકાલું ખાઓ, તેમજ માંસ અઠવાડીયામાં ફક્ત બેથી ત્રણજ વખત ખાવું જોઈએ. તમાકુ અને કેફી પીણું વાપરવામાં પાપ છે, તેટલાજ માટે નહિ પણ તંદુરસ્તી માટે ઝેર સમાન છે, તેમજ નાણાંનો નકામો વ્યય છે, જેથી તેને તજી દીઓ.

નિયમિત રીતે પૈસાની બચત કરો અને ભવિષ્યની આર્થીક મંદી અને ખરાબ વખત માટે જમીન મકાન અને સલામત જામીનગીરીની ખરીદી વડે તેની સંભાળપુર્વક રોકાણ કરો.

દુન્યવી બાબતોમાં દરરોજના ખર્ચમાં તમે એક શિલીંગ વાપરો, તે પહેલાં બે વખત વિચાર કરો.

શાદી ગમી અને એવા બીજા પ્રસંગોએ કાંઈપણ ખર્ચ કરો નહિ. દુન્યવી ખાણીપીણીઓ (મીજબાનીઓ) બંધ કરો અને દર મહીને કરકસર કરી તેવા નાણા વીમાની પોલીસી, જમીન ઉપર ધીરધાર અને સરકારી જામીનગીરીઓમાં રોકો."

## ફરમાન ૪૬૨ મું.

વેવે તા. ૨૭-૭-૧૯૪૩.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે આફ્રિકાની જમાતોને તાર મારફત ફરમાવ્યું:

"નીચે મુજબનો સંદેશો આખા આફ્રિકા માટે છે:-

ફતેહ થાય ત્યાંસુધી બ્રીટીશ સરકારને સંપુર્ણ પણે વફાદારીથી સહાય આપવી એજ આપણું રાજદ્વારી કર્તવ્ય હોવું જોઇએ. લડાઇ પછી તૈયાર થવા માટે આર્થીક ઉન્નતીનો અધુરો રસ્તો અખત્યાર કરો નહિ. સખ્ત કરકસર અને દુન્યવી ખર્ચાઓમાંથી બચત કરવાની જરૂર છે. પેન્સની સંભાળ લીઓ, પાઉન્ડસ પોતાની સંભાળ પોતેજ લેશે. સીનેમાઓ, રીકશાઓ, ઇલેક્ટ્રીક લાઇટ, પંખાઓ, વિગેરે સઘળી ચીજોમાં વધુમાં વધુ ઘટાડો કરો. મુસાફરી ફકત થર્ડ કલાસમાંજ કરો. ઉછીનું ન લેતાં. કરકસરથી કરેલ બચતોનો લેન્ડ બીલ્ડીંગ કંપનીના શેરોમાં અથવા સરકારી ધીરધારમાં અથવા તો સીધી મીલકતો અને માલમાં રોકાણ કરવામાં આવે."

## ફરમાન ૪૬૩ મું.

લુગાનો તા. ૧૦-૪-૧૯૪૪.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાલિકા દ્વારા ફરમાવ્યું :

"નીચે મુજબનો સંદેશો આખા આફ્રિકા માટે છે :-

માતા અને પિતા તરીકે દુઆ આશિષ ફરમાવીએ છીએ.

દુન્યવી રોજીંદા જીવનમાંથી સખત કરકસર કરી, ભાઇઓ તેમજ બાઇઓ બેંકના શેરોમાં ભરપાઈ કરે. સખત કરકસર કરવાની ફકત થોડા વધુ વર્ષો માટે જરૂર છે."

## ફરમાન ૪૬૪ મું.

નૈરોબી તા. ૧૮-૩-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કમ્પાલા જમાતને ફરમાવ્યું :

"તમો અમારા સઘળા રૂહાની બચ્ચાંઓને જોઇને અમે ઘણાજ ખુશી થયા છીએ. તમો સઘળાઓને જોઇને અમારૂં હૃદય આનંદથી ઉછળે

છે. તમો સઘળાઓને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન.

તમે સઘળા તકલીફ લઇને અત્રે આવ્યા છો, તે માટે તમને ખાનાવાદાન ફરમાવીએ છીએ. અમને ઉમેદ છે કે અમે જ્યારે કમ્પાલા મુસાફરી ઉપર પધારીશું ત્યારે તમો સઘળાઓની એક એકની મુલાકાત લઇને દરેકના સમાચાર પુછીશું. બાઇઓને પણ ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૬૫ મું.

નૈરોબી તા. ૧૮-૩-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે કીસુમુ અને ડીસ્ટ્રીકટની જમાતોને ફરમાવ્યું:

"તમે કિસુમુ જમાત તેમજ ડીસ્ટ્રીકટની જમાતના નાના મોટા સર્વે રૂહાની બચ્ચાંઓને જોઇને અમે ઘણાજ ખુશી થયા છીએ અને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે રાત અને દિવસ તમો સઘળાઓને યાદ કરતા હતા, અને આજે અત્રે જાહેરમાં તમો સઘળાઓને જોઇને ઘણાજ ખુશી થયા છીએ.

લાંબી મુસાફરીથી ઘણી તકલીફ પડી છે, અને બે ત્રણ દિવસ મુસાફરીની તકલીફ સહન કરી અમે અત્રે આવ્યા છીએ. તમે જે પ્રોગ્રામ બનાવ્યો છે, તે અમને મળેલ છે. જ્યારે કિસુમુ મુસાફરી ઉપર પધારીશું ત્યારે તમો સર્વેની મુલાકાત લઇશું, અને દરેક સાથે વાતચીત કરીશું. તેમજ દરેકની વિગતો અને સમાચાર પુછીશું.

અમે તમને વખતો વખત તાર મારફત નસિહતો કરતા હતા તે તમો જમાતના બરાબર ખ્યાલમાં હશે, તે તમે ભુલી જશો નહિ, અને તે ઉપર બરાબર અમલ કરશો. ખાનાવાદાન."

એક જુવાન બાઇનું શરીર ઘણુંજ નબળું જોઇને મૌલાના હાઝર ઈમામે ફરમાવ્યું:

"તેણી ગધેડીનું દુધ પીએ અને દુધ પીધા બાદ દરરોજ અડધો કલાક હવાખોરી માટે ફરવા જાય તો સારૂં છે."

## ફરમાન ૪૬૬ મું.

નૈરોબી, તા. ૨૦-૩-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"જાહેરમાં અમે તમારી પાસે હાજર નહિ હતા, પરંતુ બાતુનમાં તેમજ જાહેરમાં તમો સઘળાઓને હંમેશા યાદ કરતા હતા. જમાત અમને જોઇને જેટલી ખુશી થઇ છે, તે કરતા ઘણાજ વધારે અમે અમારા રૂહાની બચ્ચાંઓને જોઇને ખુશી થયા છીએ.

જેઓ બંદગી કરે છે, તેઓની તો અમે નજીકજ છીએ. જેઓ ઇબાદત બંદગી કરે છે, તેઓને અમે હમેશાં યાદ કરીએ છીએ. તેમજ જેઓ નથી કરતા, તેઓને પણ યાદ કરીએ છીએ. જાહેર અને બાતુનમાં હમેશાં તેઓના ખ્યાલમાં રહીયે છીએ."

## ફરમાન ૪૬૭ મું.

નૈરોબી તા. ૨૧-૩-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો જમાતને ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમને જોઇને ઘણાજ ખુશી થયા છીએ. આજે નવી સાલ યાને ઈદે નવરોજની તમો જમાતને ઘણી ઘણી મુબારકીઓ ફરમાવીએ છીએ.

અમે અહીંયા છીયે તે દરમ્યાન કોઇએ પોતાનો ધંધો કે નોકરી છોડવા નહિ. દરેક નોકરીઆત દિદાર કરી તરતજ પોતાના કામ ઉપર ચાલ્યા જાય. તેઓના શેઠીયાઓને એમ ન થાય કે, અમારી પધરામણી અત્રે થયેલ છે, તેથી નોકરો કામે નથી આવતા. શેઠો નારાજ થાય તેમ કદી કરશો નહિ. દિદાર માટે ધંધા અગર નોકરી ઉપર ન જવું તે બરાબર નથી. તેથી અમે ઘણાજ નારાજ છીએ. અમારા દિદાર તમે રસ્તામાં અગર મોટરમાં પણ કરી શકો છો.

દરરોજ તમારી હાજરી તમારી નોકરી ઉપર જરૂર હોવીજ જોઈએ. નોકરીઆત માણસોને રવિવારે રજા મળે છે, ત્યારે તેઓ દિદાર કરી શકે છે. વેપાર હોય તેઓ પણ વારાફરતી આવી અડધો કલાક દિદારનો લાભ લઇ શકે છે, પણ વેપાર બંધ કરવો નહિ. અમે હમેશાં બરાબર વખતસર પધારીયે છીએ, જેથી કોઈએ પણ પોતાનો કામધંધો છોડવો નહિ. અમે દર રવિવારે જમાતને દિદાર આપવા માટે ચોકકસ પધારીશું, જેથી કામ ધંધાવાળા તેમજ નોકરીઆત સર્વે તે દિવસે અમારા દિદારનો લાભ લઇ શકશે. આ બાબત મુખી જમાતને હમેશાં જરૂર યાદ આપતા રહે. ખાનાવાદાન."

## ફરમાન ૪૬૮ મું.

નૈરોબી, તા. ૨૮-૩-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"હવે ખાસ અગત્યની બે કોન્ફરન્સો ભરવાની છે, જેમાં એક ઇકોનોમીક વેલફેર અને બીજી એજ્યુકેશન કોન્ફરન્સ બોલાવવામાં આવશે. આ બન્ને કોન્ફરન્સોમાં જે મેમ્બરોની નિમણુંક કરવામાં આવેલ હોય તેઓજ ભાગ લઇ શકશે. તે સિવાય બીજા કોઈપણ મુરીદને એમ લાગે કે તેની પાસે આ કોન્ફરન્સોને લગતી કોઇ પણ સુચનાઓ અગર મુદ્દાઓ છે, તો તેવી સુચનાઓ અગર મુદ્દાઓ જે કંઇ હોય તે, લખીને કોન્ફરન્સના સેક્રેટરી અગર તો અમારા પ્રાઈવેટ સેક્રેટરીઓને મોકલી આપે. આવા મેમોરેન્ડમો કોન્ફરન્સમાં રજુ કરી તે ઉપર વિચારણા કરવામાં આવશે જો કોઇ પણ મેમોરેન્ડમમાં જણાવેલ સુચનાઓ અગર મુદ્દાઓ કોન્ફરન્સને ઉપયોગી જણાશે, તો તેવા મેમોરેન્ડમ મોકલનારને રૂબરૂ બોલાવી તે સંબંધી વધુ વિગતવાર ખુલાસાઓ પુછવામાં આવશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૬૯ મું.

નૈરોબી તા. ૩૦-૩-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"સર્વે જમાતને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ઇકૌનોમીક અને એજ્યુકેશન કોન્ફરન્સો જે ભરવાની છે, તે આપણી જમાતની આર્થીક અને દુન્યવી બહેતરી માટે બહુજ ઉપયોગી અને ફાયદાકારક થશે.

દુનિયાની આબાદીની જરૂર છે પણ આકબતની આબાદીની તેથી પણ ઘણીજ વધુ જરૂર છે. દુનિયાના કામકાજની જરૂર છે, પણ આકબતના કામકાજો તેથી પણ વધુ જરૂરના છે, તે ભુલવું જોઇએ નહિં. દરેક મઝહબમાં આકબત માટે ચોકકસ દવાઓ બતાવવામાં આવેલ છે. આપણો ઈસમાઈલી મઝહબ ઘણોજ જુનો છે, અને તેની આકબતની દવા, બાતુની પાકાઇ અને સફાઈની જરૂર છે. અંગ્રેજ, જર્મન, ફ્રેન્ચ, ક્રિશ્ચીઅનો, અને ઇરાની વિગેરેની માતબર કિતાબોમાં તેમજ પ્રોફેસરોના પુસ્તકોમાં આપણા મઝહબની તવારીખ, સિધ્ધાંતો અને દરેકના વર્ણનો બરાબર કરવામાં આવેલ છે અને તેઓ બરાબર જાણે છે કે, આપણો મઝહબ શું છે. તેઓ એ પણ જાણે છે કે ઇમામ શું છે અને તેની તાબેદારી કેવી રીતે કરવી જોઇએ, તે તેઓ બરાબર જાણે છે.

આપણા શરીરમાં દુનિયાના માવિત્રોનું લોહી અને ગોસ છે, જેથી દુનિયાની બાબતમાં એક માવતરનાં બે બચ્ચાંઓમાં અંદરો અંદર ઝઘડો થાય, તો બહુજ નુકશાન થાય છે, માવતરોને ઘણુંજ દુઃખ અને તકલીફ થાય છે; તેવીજ રીતે અમારા રૂહાની બચ્ચાંઓ અંદરોઅંદર ઝઘડો અને ટંટો ફિસાદ કરે તો રૂહાની પિતાને કેટલું દુઃખ થાય? તમે મૌલાના હાઝર ઈમામને ફકત જીભથી રૂહાની પિતા કહો તેથી કંઈ ફાયદો નથી. જેમ દુનિયાનાં માવતરોનું લોહી અને ગોસ ઇનસાનના બદનમાં છે, તેવીજ રીતે રૂહાની પિતાનું તમારા રૂહમાં છે, જેથી તમારે સમજવું જોઇએ કે, તમે રૂહાની પિતાના રૂહાની બચ્ચાંઓ છો.

દુન્યવી ઇન્સાફ એક ચીજ છે અને બાતુની ઇન્સાફ પણ જુદી ચીજ છે. દુન્યવી ઈન્સાફ તમને કોઈ મારશે અગર દુઃખ દેશે તો

તમે કહેશો કે, આ માણસે મને આ પ્રમાણે દુઃખ દીધું, પરંતુ બાતુની ઇન્સાફમાં તો પોતે પોતાની જાતનેજ એમ સમજે છે કે, મેંજ મને દુઃખ દીધું છે.

વેપારની અંદર તેમજ જમાત અને ઈમામની ખિજમત કરવામાં દરેક ઠેકાણે હરિફાઇ થાય તે સારૂં છે, પણ તેની અંદર એક બીજાની હુસદ અગર તો દુશ્મની કરવી તે ઘણુંજ ખરાબ છે. અમારી ખાસ ઇચ્છા છે કે, જમાતમાં કોઇ પણ દીનદારોને અરસ પરસ મતભેદ અગર દુશ્મની હોય યાતો ફલાણો મારાથી મોટો છે તેવી હુસદ હોય, તો આજે અમારી હાજરીમાં હવે કાઢી નાખે, અને પંજા લીએ. તેમાં પણ ખાસ કરીને આગેવાનો પહેલા પંજા લીએ. દરેક ઇનસાન પોતાના દિલમાં સમજે છે કે, તેને કોની સાથે હુસદ અગર તો દુશ્મની છે. તે પોતાના ખરા અંતઃકરણથી કિન્નો કાઢી નાખી, સાફ દિલથી અરસ પરસ પંજા લીએ. ખાનાવાદાન. આ ફરમાન એકલા ભાઈઓ માટે નથી, પણ બાઈઓ માટે પણ બહુ જરૂરી છે."

જે ઉપરથી બાઈઓમાં પંજા લેવાનું કામ શરૂ થએલ, અને વધુ વખત ન હોવાથી મૌલાના હાઝર ઈમામે મુખીને ફરમાવ્યું:

"અમારા સીધાવી ગયા બાદ અમે અત્રે હાજર છીએ તેમ સમજી જે ભાઈઓ અગર બાઈઓ વચ્ચે હુસદ અગર દુશ્મની હોય તેઓને પંજા લેવડાવજો."

## ફરમાન ૪૭૦ મું.

નૈરોબી તા. ૯-૪-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમારી દુનિયાની બહેતરી માટે અમે હમેશાં વિચાર કરીએ છીએ અને તેની શોધમાંજ રહીએ છીએ.

અમને ઘણીજ દિલગીરી થાય છે કે, આફ્રિકામાં મરદ અને ઓરતમાં મીઠા પેશાબની બિમારી બહુજ વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. આ બિમારી જેઓને લાગુ પડે છે તે તેઓની કમનસીબી છે. આ દુન્યવી બિમારી છે. તેને લગતી દવા તો પરહેજી અને ઇન્સ્યુલીનના ઇંજેકશનો ચાલુ રાખવાના હોય છે. જેઓને આ બિમારી નથી તેઓને લાગુ ન પડે તેટલા માટે તેને અટકાવવાના પ્રયત્નો કરવા જોઇએ.

કોમની બહેતરી માટે ડોકટરોની પુરતા પ્રમાણમાં સારવાર મળે તેટલા માટે અમે ઈકોનોમીક કોન્ફરન્સમાં મોટી ગ્રાંટ મંજુર ફરમાવેલ છે, અને તેનો લાભ ઉઠાવવા આપણી કોમના દરેક માણસો, મરદ, ઓરત, બચ્ચાંઓ વિગેરે ડોકટરોની સલાહ લઇ આ બિમારી લાગુ ન પડે તેની કાળજી રાખે. આમ કાળજી રાખવાથી જો ચાર માણસોને આ બિમારી લાગુ પડવાની હશે તો એકને પડશે. નાના બચ્ચાંઓનું બચપણથીજ ધ્યાન રાખવામાં આવે તો, આ બિમારી લાગુ પડે નહિ કારણ કે બચ્ચાંઓ જ્યારે મોટાં થાય અને શરિરમાં તાકાત વધે ત્યારે આ બિમારી લાગુ પડવાની ધાસ્તી ઓછી રહે.

આ ફરમાનો ફકત નઇરોબી માટે નથી પણ આખા આફ્રિકાની સર્વે જમાતો માટે છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૧ મું.

નૈરોબી તા. ૧૨–૪–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે ફરમાવ્યું :

"આવતી કાલે શુક્રવારી બીજ છે, જે અમે સર્વે જમાતને બક્ષી આપીએ છીએ એટલે આવતી કાલે જમાતમાં કોઇએ બીજ રાખવી નહિ, કારણ કે અમે સર્વે જમાતને બક્ષી આપીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૨ મું.

નૈરોબી, તા. ૧૩-૪-૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પોતાના પવિત્ર હાથથી આબે સફા (ન્યાઝ) કાઢી આપી ચાંદરાતના પંજેભાઇઓને ફરમાવ્યું :

"આ નીઆઝ સઘળી જમાતે શાંતીથી લેવાનું છે. આ નીઆઝ પીવાથી તમારી દુન્યવી અને આખરતની બધી સફાઇ માટે બહુજ સારૂં છે. સઘળા પંજેભાઇઓને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૩ મું.

નૈરોબી તા ૧૪-૪-૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ઇસમાઇલી નર્સોને ફરમાવ્યું :

"ટાંગાનીકામાં ફકત ચાર ઇસમાઇલી નર્સો છે, તે બહુજ ઓછી છે, જેથી ટાંગાનિકા અને યુગાન્ડામાં આપણી ઇસમાઇલી નર્સોની ઘણી જરૂર છે. તમારો કૌર્સ પુરો થયેથી ટાંગાનીકા અને યુગાન્ડા તરફ જે જઇ શકે તે જરૂર જાય. ત્યાં આપણી ઇસમાઇલી નર્સોની ઘણી જરૂર છે."

એક ભાઇને મર્હુમની રૂહાની બાબતમાં ફરમાવ્યું:

"તે અમારી હજુરમાં છે, અને તેની રૂહાની આ મહેમનીમાં હાજર છે અને મહેમાની જુએ છે."

બાદ ફરમાવ્યું:

"ભગત જુમાભાઈ ઇસમાઇલે અમારા ઘરની ઘણી સારી સેવા બજાવી છે. આફ્રિકામાં ૧૯૦૫માં મિશન મંડળ સ્થાપવામાં એમણે ઘણી મહેનત કરેલ અને મિશનરીઓનો પાયો તેઓએ નાખ્યો હતો."

બાદ ફરમાવ્યું:

"જેમને મીઠા પેશાબની બિમારી લાગુ પડેલ છે તે તેઓની કમનસીબી છે, કારણકે હમણાં જે ફરમાનો અમે કરવાના છીએ તે (ફરમાનો) તેઓને લાગુ પડી શકશે નહિ. તેઓએ તો ડોકટરોની સલાહ મુજબ ઇંજેકશનો અને દવા લેવાની હોય છે.

ઘરની અંદર ખોરાક પકાવવો તે બાઈઓનું કામ છે. બાઈઓએ જાતે ખોરાક રાંધવાથી અનાજ જોઈતા પ્રમાણમાં વપરાશે, બગાડો ઓછો થશે અને કરકસર પણ થશે. બાઈઓએ શીખવું જોઇએ કે કેવા પ્રકારનો ખોરાક પકાવી પોતાના પતિ અને બચ્ચાંઓને ખવડાવવો કે જેથી શરિરમાં લોહી અને તાકાત વધે અને બિમારી થાય નહિ.

ખોરાકની અંદર ઘી, તેલ અને બટર જેમ બને તેમ ઓછા પ્રમાણમાં વાપરવું, કારણ કે તેનાથી ફાયદો થતો નથી તેમજ ઘી અને તેલમાં તળેલી ચીજો જેમ બને તેમ ઓછા પ્રમાણમાં ખાવી જોઇએ. કોઇ કોઇ વખતેજ ફકત સ્વાદ માટે ખુશી અને આનંદ મનાવવા તેવી તળેલી ચીજો ખાવામાં વાંધો નથી.

ગોસ જેમ બને તેમ ઓછા પ્રમાણમાં ખાવું અને તેમાંનું લોહી બળી ન જાય અને લોહીનું સત્વ હજી તેમાંજ હોય તેવી રીતે પકાવીને ખાવું. ગોસના બદલે કલેજી અને ગુડદા ખાવાથી વધુ ફાયદો થાય છે અને તે પણ તેમાનું લોહી અને સત્વ તેમાંથી નાબુદ ન થઇ જાય, તેવી રીતે અઠવાડીઆમાં એકાદ બે વખત પકાવીને ખાવાથી ફાયદો થશે.

બકાલું જેમ બને તેમ વધુ પ્રમાણમાં ખાવાથી વધારે ફાયદાકારક છે. કોબી, ગાજર, ટમાટા, સલાડ અને દરેક લીલો ભાજી પાલો કાચો ખાતા શીખવું જોઇએ. જેઓને આ ચીજો કાચી માફક ન

આવે, અગર કબજીયાત થતી હોય તો તેઓ તેમાંનું સત્વ નાબુદ ન થઈ જાય તેવી રીતે પકાવીને ખાય.

તમાકુ અને દારૂ શરીરને ઘણાજ નુકશાનકર્તા છે. યુરોપીઅન લોકોની એ કમનસીબી છે કે તેઓ આ ચીજોનો બહુજ ઉપયોગ કરે છે. જેમ ચીનાઓ અફીણનો ઉપયોગ કરે છે, તેમ યુરોપીઅનો દારૂ અને તમાકુનો ઉપયોગ કરે છે. તમે આ બન્ને ચીજો છોડી આપશો તો તમને ઘણો ફાયદો થશે, તેમજ તમારી ઓલાદને પણ ઘણો ફાયદો થશે. યુરોપીઅનોની હરિફાઈમાં આગળ વધવા જો આ બન્ને ચીજો છોડી આપશો તો એ તમારૂં બહુજ સારૂં હથિઆર બનશે. દારૂ અને તમાકુ અમારા અથવા અમારા બાપદાદાના દુશ્મન નથી. અમને તેમાં કાંઈ નુકશાન નથી પણ તમે તેનો ઉપયોગ કરો છો, જેથી તમારા શરીરને અને તમને પોતાને નુકશાન થાય છે, માટે આ બન્ને ચીજો છોડી આપશો તો તમને ઘણો ફાયદો થશે.

ચાહ અને કોફી જેમ બને તેમ ઓછી પીઓ અને તેની બદલીમાં દુધ, દહીં અને છાશનો વધુ ઉપયોગ કરો તો તમારી તંદુરસ્તીમાં ઘણોજ ફાયદો થશે. તેમજ તડકો લેવાથી પણ શરીરને ઘણોજ લાભ થાય છે અને તમારી તંદુરસ્તી વધે છે.

તમારા કુટુંબમાં કોઇ નાનું બચ્ચું બિમાર પડે તો તમને કેટલું બધું દુઃખ પેદા થાય છે? તેવીજ રીતે તમે તમારી તંદુરસ્તીનું ધ્યાન નહિ રાખતાં બેદરકારીથી ચાલી બિમાર પડો અને પછી અમારી પાસે અરજ લાવો જે અમોને આ દરદ છે તેથી અમને કેટલું બધું દુઃખ પેદા થાય છે?! જેથી અમારા ઉપર જણાવેલા ફરમાનોનું વાંચન કરી અમલ કરશો તો બિમારી માટેની અરજીઓ અમારી પાસે ઓછી આવશે.

હમેલવાળી બાઇઓએ કઇ કઈ જાતનો ખોરાક લેવા જોઇએ તે તેઓને સમજ પાડવી અને તેને માટે પેમ્ફલેટો બહાર પાડી

પ્રચાર કરવો. આ સર્વે ફરમાનો તમો જમાતના ફાયદા માટે છે જેથી તેના ઉપર અમલ કરશો તો ફાયદો મેળવશો.

બાઈઓ અને ભાઈઓમાંથી વોલન્ટીઅરોએ બહાર પડી, આ બાબતનો જમાતોમાં પ્રચાર કરવો જોઇએ, અને જમાતમાં વખતો વખત ભાષણો કરી જમાતને પુરતી રીતે સમજાવવું જોઇએ. ખાનાવાદાન."

"ભુખમરો વેઠી પાતળા થવાની કોશિષ કરવી એ તંદુરસ્તીને હાનીકારક છે. જુવાન સ્ત્રીઓમાં આથી કમરનો ઘેરાવો ઓછો થઇ જાય છે, અને ભવિષ્યમાં ગર્ભ ધારણ કરવામાં મુશ્કેલી પડે છે.

ઘડપણમાં તબીઅત સારી રહેવાનો આધાર, બચપણ અને જુવાનીમાં પાડેલ સારી ટેવો પર રહે છે. માવિત્રોની ફરજ છે કે તેઓ પોતાના બચ્ચાંની તંદુરસ્તીની ખાસ સંભાળ રાખે અને નાનપણથીજ તેઓમાં સારી ટેવો પાડે. આપણી કોમ યુરોપીઅનો અને અમેરિકનો કરતાં ખોરાકના સુધારામાં બહુ પાછળ છે, તેથી ખોરાકીમાં સુધારા વધારા તુરતમાં શરૂ કરી તેઓથી પણ આગળ વધી જવું જોઇએ.

ઉપરના પ્રમાણેના નિયમો જો અખત્યાર કરવામાં આવશે, તો માત્ર તબીયત સારી રહેશે એટલુંજ નહિ પણ લાંબુ અને તંદુરસ્ત જીવન તમે ગાળી શકશો."

## ફરમાન ૪૭૪ મું.

નૈરોબી. તા. ૧૫-૪-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સુલતાન હમુદ સ્કુલના બચ્ચાંઓને ફરમાવ્યુ:

"તમે અમારૂં લશ્કર છો. તમે હંમેશા ખિજમત કરજો. રૂહાની મા બાપને ભુલી જશો નહિ."

મચાકોસની જમાતને ફરમાવ્યું:

"તમો મચાકોસ જમાત ઉપર અમે બહુજ રાજી છીએ. અમારૂં ઘર તમારા ઘરમાં છે, જેની રૂહાની માએના એ છે કે, અમારૂં ઘર તમારા દિલમાં છે. અમે કોઇપણ દિવસ તમને ભુલી જતા નથી. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૫ મું.

નૈરોબી તા. ૧૬–૪–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે લેડીઝ કમિટીને ફરમાવ્યું:

"તંદુરસ્તી માટે અમે જે ફરમાનો કરેલા છે, તે દરેક બાઇ-ઓને સમજાવવા એ તમારી ખાસ ફરજ છે. અત્યારની બાઇઓ જે અંગ્રેજી ફેશનનું આંધળુ અનુકરણ કરે છે તેના કરતાં ઇસ્લામી રીતોનું અનુકરણ કરે, તે વધારે ઇચ્છવા યોગ્ય છે."

સાફસુફ કરનાર બાઇઓને ફરમાવ્યું:

"તમે આ દુનિયામાં અમારૂં ઘર સાફ કરો છો તો ઓલી દુનિયામાં અમે તમારૂં ઘર સાફ રાખશું."

મૈયતને ગુસલ દેનાર કમિટીને ફરમાવ્યું:

"શાબાશ, ખાનાવાદાન, તમારૂં કામ ઘણું તકલીફવાળું છે. તમે જે કામ કરો છો, તેમાં દુનિયાની કંઇ મજા નથી, પણ તમને ઓલી દુનિયામાં તેનો ઘણો લાભ મળશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૬ મું.

નૈરોબી તા. ૧૭–૪–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બાઇઓને ફરમાવ્યું:

"અમારે તમને નસીહત કરવી છે, તે તમે બરાબર ધ્યાન દઇ સાંભળો અને તેના ઉપર પુરતો અમલ કરજો. યુરોપમાં દરેક

બાઇ પોતાનું ઘરકામ બધું પોતાને હાથે કરે છે એટલે કપડા ધોવા, ઠામ સાફ કરવા, ઝાડું કાઢવું, કપડાને પાસી યાને ઇસ્ત્રી કરવી વિગેરે દરેક પોતાનું ઘરકામ બાઇઓ પોતાના હાથેજ કરે છે. આવી રીતે યુરોપમાં યુરોપીઅન બાઇઓ સર્વે કામ પોતાના હાથે કરે છે.

અત્રે આ મુલકમાં આવી યુરોપિઅનો જે જીવન જીવે છે અને આફ્રિકન નોકરો હસ્તક કામ લે છે, તે જીવન યુરોપમાં નથી. ત્યાં સઘળું ઘરકામ રાંધવું, કપડા ધોવા, બચ્ચાં સંભાળવા અને ઘરની નાણી સાફ કરવી વિગેરે બાઇઓ પોતાના હાથે કરે છે. તમે પણ આફ્રિકન નોકરો ઉપર આધાર નહિ રાખતાં તમારા ઘરનું બધું કામ જેવું કે રાંધવું, કપડા ધોવા, ઝાડુ કાઢવું, બચ્ચાં સંભાળવાં અને ઘર સાફસુફ રાખવા વિગેરે ઘરના સઘળા કામો તમે તમારા હાથેજ કરતાં શીખો.

અત્રે યુરોપીઅન બાઇઓ જે આફ્રિકન નોકરો મારફત પોતાનું ઘર કામ કરાવે છે, તેનું આંધળું અનુકરણ તમે કરો નહિ, પણ જેમ યુરોપમાં ત્યાંની બાઇઓ જીવન જીવે છે, તેનું અનુકરણ કરો. આફ્રિકન નોકરો ઉપર આધાર નહિ રાખતા સ્વાશ્રયી બનો. ખાસ કરી જુવાન બાઇઓએ પોતાનું ઘર કામ બધું પોતાના હાથેજ કરતા શીખવું જોઇએ.

જે બાઇઓ મીડવાઇફ, નર્સ અથવા દુકાનમાં કે ઓફીસમાં નોકરી કરતી હોય, તેઓ કદાચ આફ્રિકન નોકર હસ્તક કામ લે તો તેમાં ખરાબ નથી, પણ જેના મરદો પુરૂં કમાઇ લાવે છે તેવી સ્ત્રીઓએ આફ્રિકન નોકરો હસ્તક ઘરનું કામ સોંપી બહાર બજારમાં ફરવા જવું બીલકુલ બરાબર નથી. તેઓ બધાં કામ પોતાના હાથેજ કરે. તમારા બચ્ચાંઓને પણ બધાં કામો પોતાના હાથેજ કરતા શિખવો કે જેથી સ્વાશ્રયી બને. અમારીબેગમ પણ ઘરના કામ પોતાના હાથેજ કરે છે, જેવા કે રાંધવું, કપડા ધોવા, ફલીટ છાંટી

મચ્છર માખીઓ મારવી, ઘરમાં સાફસુફ રાખવું વિગેરે બેગમ પોતાન હાથેજ કરે છે."

આ સાંભળી બાઇઓ હસી પડતાં મૌલાના હાઝર ઇમામ પણ ખુબ હસ્યા હતા. બાદ ફરમાવ્યું :

"ભલે તમે હસો પણ અમારી બેગમ પોતાના ઘરના કામ પોતાના હાથેજ કરે છે, અને તમે પણ હવે આફ્રિકન નોકરોનો આસરો છોડી આપો અને ઘરના બધા કામો જાતેજ કરતાં શીખો."

ઓલ્ડ ગર્લ્સ એસોસીએશનની બાળાઓને ફરમાવ્યું :

"મોમન હમેશાં જુવાન રહે છે. તે કોઇ દિવસ ઘરડા થતા નથી, માટે તમારી એસોસીએશનનું નામ 'ઓલ્ડ' ને બદલે 'યંગ' ગર્લ્સ એસોસીએશન રાખો. **મોમનનું દિલ હમેશાં જુવાન છે. તે કદી ઘરડું થતું નથી.**"

મીલીટરીમાં કામ કરતા ઇસમાઇલી મુરીદોને ફરમાવ્યું:

"અમે તમારા માટે ઘણાંજ વિચારમાં છીએ. તમારી સ્થિતિ ઘણીજ નાજુક છે. તમને તમારી પુરેપુરી ગ્રેચ્યુઇટી (બક્ષીસ પગાર) મળે તેના માટે તમારે પુરતી કોશિષ કરવી જોઈએ, અને હમણાં જે પગાર તમને મળે છે તેમાંથી કરકસરથી બચત કરી નાણા એકઠાં કરો તેમજ ગ્રેચ્યુઇટી મળે તે રકમ સાથે ઉમેરતાં સારી રકમ તમારી પાસે એકઠી થશે. તેમાંથી ત્રણથી ચાર મિત્રો સાથે મળી ધંધા માટે કંપની ઉભી કરો અને કોઇ હુન્નર કે ધંધો શરૂ કરો.

તમે એક એક માણસ નાના નાના ગામડામાં જઇ ધંધો શરૂ કરો. કેન્યા, યુગાન્ડા અને ટાંગાનિકાના નાના નાના ગામડામાં જઇ ધંધો હાથ કરો, કે જેની ખરી ખુબી જ્યારે તમે ૪૦ થી ૫૦ વર્ષના થશો ત્યારે ખબર પડશે. આ બધું તમારા ફાયદા માટે ફરમાવીએ છીએ. તે ઉપર અમલ કરશો તો ફાયદો મેળવશો. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૭ મું.

નૈરોબી તા. ૧૮-૪-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે લાઇબ્રેરી કમિટીને ફરમાવ્યું:

"ઇસમાઇલી ઇતિહાસની બુકો લાઇબ્રેરીમાં રાખવાની ઘણીજ જરૂર છે. ઇજીપ્ત, સ્પેન, ઇરાન વિગેરે મુલ્કોમાંથી ઇસ્લામી બુકો મળી શકશે કે જેમાં આપણા ઇસમાઇલી ધર્મનો ઇતિહાસ ઘણો છે. ઉર્દુમાં પણ ઘણી બુકો લખાએલ છે અને તેમાં પણ ઇસમાઇલી મઝહબનો ઇતિહાસ છે. આપણી ધાર્મિક શાળાઓમાં તેવો ઇસમાઇલી ઇતિહાસ શીખવવાની ઘણીજ જરૂર છે."

પંજેભાઇ કમિટીને ફરમાવ્યું:

"અમે અમારા કોઇપણ ઇસમાઇલી મુરીદને ગરીબ જોવા ઇચ્છતા નથી. ઇસમાઇલી કોમમાં ખુદાવંદતાલાએ વેપારી જુસ્સો બક્ષેલ છે; જેવી રીતે મોમનાઓને ખેતિવાડીની બક્ષિસ છે, તેવીજ રીતે ઇસમાઇલી ખોજાઓમાં વેપારી જુસ્સો છે. હાજતમંદોને મદદ કરી ધંધે લગાડો.

મુસાફરી દરમ્યાન અમારા જોવામાં આવ્યું છે કે, કેટલાક નાનાં નાનાં ગામડામાં એક પણ ઇસમાઇલી વેપારી જોવામાં આવતો નથી, માટે જે મહેનતુ અને ધંધો કરી શકે તેવા હોય, તેઓને નાણાની મદદ કરી, તેવા નાના ગામડાઓમાં દુકાન કરાવી આપો."

શિક્ષીકાઓને ફરમાવ્યું:

"અમે ગઇ કાલે ઘરના કામકાજ સબંધી ફરમાનો કરેલ, તે તમે સાંભળ્યા હશે. એક માતા ગર્ભ ધારણ કરે છે, ત્યારથીજ બચ્ચાંનું જતન કરવું જોઇએ. તમે ખુબ ખાઓ. તમારા શરીર બહુજ નબળા છે. યુરોપીઅન બાળાઓ ઘણી તંદુરસ્ત હોય છે. બચ્ચાંને પેટમાં પુરતી જગ્યા મળી શકે, તેવી રીતે તમારા શરીરને વિકસાવવુ જોઇએ.

તમે તમારા શરીરની સંભાળ રાખતા નથી, અને પછી અમને આવીને ફરિયાદ કરો છો કે "ખુદાવંદ બચ્ચાં થતા નથી." માટે તમારા શરીરને બરાબર વિકસાવવું જોઈએ. યુરોપીઅનો ગોસ ખાય છે, તમે બકાલું અને કુરૂટ ખાઓ. બાઈઓ છે તે ખુદાવંદતાલાનો બગીચો છે, અને બચ્ચાંઓ છે, તે તેના ફુલ છે. જેથી તેને (બચ્ચાંને) સંભાળવા પેટમાં પુરતી જગ્યા હોવીજ જોઈએ."

ફાંગાની (નૈરોબી)ના જમાતખાનામાં પધારી જમાતને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવી ફરમાવ્યું:

"અમે જે ફરમાનો નઈરોબીના જમાતખાનામાં ફરમાવેલ છે, તે ફરમાનો તમે સઘળાઓ માટે પણ છે. જેથી તે તમે સઘળા વાંચજો અને તેના ઉપર અમલ કરશો તો ફાયદો મેળવશો.

જમાતખાને પગે ચાલીને આવવાથી ઘણોજ ફાયદો થાય છે."

શાળાના બાળકોને ફરમાવ્યું:

"તમે ખુદાના રૂહાની બચ્ચાંઓ છો, તમે તમારા રૂહાની પિતાને કદી પણ ભુલી જતા નહિ. અમે તમો રૂહાની બચ્ચાંઓને હમેશાં તાલિકાથી યાદ કરીએ છીએ. અમે તમો સઘળાઓને જોઈને ઘણાજ રાજી થયા છીએ ખાનાવાદાન."

## ફરમાન ૪૭૮ મું.

નૈરોબી તા. ૧૯-૪-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે શાળાના બાળબાળાઓને ફરમાવ્યું:

"અમે હમેશાં રાત અને દિવસ તમને યાદ કરીએ છીએ અને હમેશાં દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમારા દુન્યવી માબાપો તમને ભુલી જતા નથી, તો રૂહાની પિતા તમને કેમ ભુલી જાય? રૂહાની પિતાનો રૂહ બહુજ જોરાવર છે અને તેવીજ રીતે રૂહાની પિતાનો ઇશ્ક પણ ઘણોજ વધારે છે. ખાનાવાદાન.

અમે દુન્યવી ફાયદાઓ માટે ઘણા ફરમાનો કર્યા છે, તે સઘળા ફરમાનો તરફ બાળ બાળાઓ માટે પણ સમજવાના છે. તેમજ ઈકોનોમીક અને એજ્યુકેશન કોન્ફરન્સમાં પણ જે ફરમાનો કર્યા છે, તે તમારે વાંચીને મનન કરવા જોઈએ.

બાળ બાળાઓ ઉમર લાયક થાય કે તરતજ તેના લગ્ન કરવા બહુજ જરૂરી છે. છોકરાની ઉમર વીસ (૨૦)થી વધુમાં વધુ બાવીશ (૨૨) વર્ષની અને છોકરીની ઉમર ૧૭થી વધુમાં વધુ ૨૦ વર્ષની થાય ત્યાં સુધીમાં તેઓના લગ્ન થવા જરૂરી છે. છોકરા છોકરી મોટી ઉમરના થાય ત્યાં સુધી બેસી રહેવાથી આળસુ થઇ જાય છે, અને લગ્ન થવાથી તેઓના ઉપર જોખમદારી આવે છે, જે બજાવવાથી બન્નેને ફાયદો થાય છે; તેમજ છોકરા અને છોકરીઓના લગ્ન થવાથી તેઓ બન્ને એક સાથે જમે છે અને જીવન ગુજારે છે, જેથી ખુદાવંદતઆલા પણ તેઓની રોજીમાં બરકત આપે છે."

બાદ મીશન સોસાયટીને ફરમાવ્યું:

"અત્યાર સુધી હિંદુસ્તાનથી મિશનરીઓ અત્રે આફ્રિકા આવતા હતા, પણ હવેથી અમારો ઈરાદો છે કે આફ્રિકામાંજ મિશનરીઓ તૈયાર કરવા. જેમ હિંદુસ્તાનમાં રિક્રીએશન કલબ કે જે હાલ ઇસમાઇલીઆ એસોસીએશનના નામથી ચાલે છે, અને ધાર્મિક પુસ્તકો તેમજ મિશનરીઓ વિગેરે તૈયાર કરવાનું કામકાજ કરે છે, તેવીજ રીતે અત્રે આફ્રિકામાં એક જુદી ઇસમાઇલીઆ એસોસીએશન સ્થાપવી અને તે બાબત એક ધાર્મિક કોનફરન્સ જંગબાર કે દારેસલામ બોલાવવા ઇરાદો છે. સર્વને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૭૯ મું.

કિસુમુ, તા. ૮-૫-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આજે યુરોપમાં બ્રિટીશ સરકારની આ લડાઈમાં જીત થયેલ છે, જેથી આફ્રિકાની સર્વે જમાતો તરફથી બ્રિટીશ સામ્રાજ્યની ફતેહ માટે જે તસબી અને દુઆ ગુજારવામાં આવે છે, તે હવેથી બંધ કરવી, અને આજથી ત્રણ દિવસ સુધી શુક્ર ગુજારી કરો. ખાનાવાદાન."

## ફરમાન ૪૮૦ મું.

કિસુમુ, તા. ૯-૫-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઘણા માણસો અમારી પાસે અરજ ગુજારે છે કે, અમને ધંધા રોજગારની સરખાઇ નથી, જેથી રોજી માટે કયાં જવું? જયારે તેઓને પુછવામાં આવે છે, ત્યારે તેઓ મોટા શહેરમાં અથવા હિંદુસ્તાન તરફ જવાનું કહે છે, પણ કોઈ જંગલમાં જવાનું કહેતા નથી. આવા વિચારો સારા નથી. જો તમારા બાપદાદાઓ આવા વિચારના હોત તો તેઓ કદી પણ અત્રે આવી શકયા ન હોત. આજથી ૪૦થી ૫૦ વર્ષ પહેલાં તેઓમાં એટલી બધી હિંમત હતી કે, તેઓ આવા જંગલ જેવા મુલકમાં આવી વસ્યા હતા.

અમારી જાહેરી આંખોથી જોયું છે કે, અમારા મુરીદો જંગલમાં બહુજ ઓછા પ્રમાણમાં ગએલ છે, તે ઘણી દીલગીરીની વાત છે. ગીલગીલ, નઇવાસા, નકુરૂ અને નાનયુકી જેવા ગામોમાં અમારા મુરીદો ભાગ્યેજ જોવામાં આવે છે. આનું કારણ અમે તો એમ માનીયે છીએ કે તેઓ તકલીફ અને મહેનત લેવા ખુશી હોતા નથી, પણ મોટા શહેરોમાં રહેવા વધારે ખુશી હોય છે.

નાના નાના ગામડાઓમાં અને જંગલોમાં ભાઈબંધ કોમો ઘણીજ મહેનત અને તકલીફ સહન કરી ફકત ખમીસ અને ઇજાર પહેરી ઉઘાડે પગે વરસાદમાં અને ઠંડીમાં મહેનત કરે છે, અને ફાયદો મેળવે છે. તમે પણ તેઓની માફક તકલીફ અને જહેમત ઉઠાવશો ત્યારેજ તમે ખરો લાભ મેળવી શકશો.

હમણાના યુવાનો શહેરમાં રહેવું, સીનેમા જોવા અને એશ-આરામ કરવાનું વધારે પસંદ કરે છે. જો અત્યારના યુવાનોના આવાજ વિચારો હોય અને તકલીફ તથા મહેનત કરવા તૈયાર ન હોય, તો ફાયદો કેવી રીતે મેળવી શકશો અને ભવિષ્યમાં ઓલાદને પણ કઇ રીતે ફાયદો થઈ શકશે ?! જેઓને શહેરમાં સરખાઇ ન હોય તેઓ આવા નાના નાના ગામડાઓમાં જાય અને વેપાર જરૂર હાથ કરે. કોઇ મુરીદ પાસે મુડી ન હોય તો પણ તેણે હિંમત કરવી જોઇએ; કારણ કે હવે કો-ઓપરેટીવ સોસાઈટી હસ્તીમાં આવે છે, કે જે સોસાઈટી આવા મુરીદોને વેપાર માટે નાણાની મદદ કરશે. આવી કો-ઓપરેટીવ સોસાઈટીઓ ત્યારેજ ફાયદા કારક થશે કે જ્યારે અમારા મુરીદો નાના નાના ગામડાઓમાં જઇ નાણાની મદદ મેળવી વેપાર હાથ કરશે. આમ કરવાથી અરસ પરસ બન્નેને ફાયદો થશે.

એક કુટુંબમાં ત્રણથી ચાર બચ્ચાં હોય, તો તેમાંથી એક યા બે શહેરમાં રહે અને બાકીના જંગલોમાં અથવા નાના નાના ગામડાઓમાં જાય અને તકલીફ ભોગવી મહેનત કરી નાની દુકાનો ચાલુ કરે. તમે યુરોપીઅનોની નકલ કરવા માંગો છો, પણ તેઓએ ૮૦ વર્ષ પહેલાં આપણાં કરતાં પણ વધારે તકલીફ ઉઠાવી હતી, તેવીજ રીતે તમે પણ મહેનત અને તકલીફ સહન કરશો તોજ ફાયદો થશે.

કેન્યા, યુગાન્ડા અને ટાંગાનિકા વિગેરે મુલ્કો હજી બચપણની હાલતમાં એટલે કે ઉગતા મુલકો છે, જેથી નાના નાના ગામડાઓમાં પણ યુવાનોએ પહોંચી જઇ વેપાર હાથ કરવો જોઇએ. **અમે અમારા કોઇપણ મુરીદને ગરીબ જોવા માંગતા નથી,** તેથી નાના નાના ગામડાઓમાં જઇને વેપાર હાથ કરશો, તો સુખી અને આબાદ થશો.

આ ફરમાન ફકત કિસુમુ માટે નથી પણ આખા આફ્રિકાની સઘળી જમાતો માટે ફરમાવીએ છીએ. ખાનાવાદાન.''

## ફરમાન ૪૮૧ મું.

કિસુમુ તા. ૧૦-૫-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઈમામે ફરમાવ્યું :

"જે જે જમાતો અત્રે આવેલ, અને જે જે જમાતો અત્રે આવી શકી નથી, તેઓ સર્વે બાઈઓ ભાઈઓ, બચ્ચાંઓ વિગેરેના એક વર્ષના બાવન સંભા થાય છે. તેની બાવન સંભાની દસ્તપોશી અમે કબુલ ફરમાવીએ છીએ અને સઘળાઓને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ."

કન્યાશાળાની બાળાઓને ફરમાવ્યું:

"તમો બાળાઓ અમારી રૂહાની દીકરીઓ છો. તમારી એ ફરજ છે કે તમારૂં ઘર કેમ સંભાળવું, સાફ કેમ રાખવું વગેરે ઘરના દરેક કામ તમારે શીખવા જોઇએ."

જમાતખાનું સાફસુફ કરવાવાળી બાઇઓને ફરમાવ્યું:

"જેવી રીતે તમે અમારૂં ઘર યાને જમાતખાનું સાફ કરો છો તેવી રીતે તમારૂં દીલ હમેશાં સાફ રહેશે."

પંજેભાઇઓના અગ્રેસરોને ફરમાવ્યું:

"તમે પંજેભાઇઓના અગ્રેસરો અમારૂં લશ્કર છો. તમારૂં કામ બેકારોને કામે લગાડવાનું છે, અને તે પ્રમાણે તમે બેકારોને કામે લગાડો છો, તે ઘણું સારૂં કામ કરો છો, પણ કોશિષ કરી આવા બેકારોને નાના નાના ગામડાઓમાં મોકલવા જોઇએ. જેનું શહેરમાં બરાબર ચાલતું ન હોય તેઓને કોશિષ કરી ગામડામાં મોકલાવો.

તમને મળીને અમે ઘણાજ ખુશી થયા છીએ. દરેક સાથે વાત કરવાનું બની શકયું નથી, પણ બાતુનમાં અમે હમેશાં સર્વે સાથે વાત કરીયે છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૮૨ મું.

કિસુમુ, તા. ૧૧-૫-૧૯૪૫.

હઝ મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"બચ્ચાંઓ જે રમત ગમત અને કસરતમાં ભાગ લે છે, તે ઘણું સારૂં છે. મોટી ઉમર થતાં રમત ગમત અને કસરત બંધ કરવી નહિ. અલબત તેઓ વેપારમાં જોડાવાથી વખત મળતો ન હોય, તે છતાં પણ તેઓએ બને ત્યાં સુધી વધુ પ્રમાણમાં પગે ચાલવું જોઈએ. જેઓ પાસે મોટર હોય અને પોતે જુવાન હોય તો તેઓએ અઠવાડીએ બેથી ત્રણ વખત પોતાની મોટરને ગેરેજમાં રાખી પગે ચાલવાની આદત પાડવી જોઈએ. આમ કરવાથી પેટ્રોલ અને ટાયરનો બચાવ થશે, તેમજ જોરથી ચાલવાની પણ ફરજ પડશે, અને કસરત પણ થશે. બુઢા માણસોએ પણ બને ત્યાં સુધી પગે ચાલવાની કોશીષ કરવાથી ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૮૩ મું.

કિસુમુ, તા. ૧૨-૫-૧૯૪૫.

હઝ મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"આજે સારા સમાચાર મળેલ છે કે, તમારા માટે ન્યાન્ઝા કમરસીઅલ કો-ઓપરેટીવ સોસાયટી રજીસ્ટર થઇ ગયેલ છે. મજકુર સોસાયટીનો પુરતો લાભ ઉઠાવશો, તો તમને ઘણોજ ફાયદો થશે. સોસાયટીના શેરો ખરીદી શેરહોલ્ડર બનશો તો ભવિષ્યમાં ફાયદો થશે. એક વેપારી પેઢી તોડવી સહેલી છે, પણ કો-ઓપરેટીવ સોસાયટી તોડવી ઘણી મુશ્કેલ છે; માટે આ સોસાયટીનો જરૂર પુરતો લાભ ઉઠાવશો.

બીજા પણ ખુશીના સમાચાર એ છે કે, ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ રજીસ્ટર કરવા ગવરમેન્ટ તરફથી

મંજુરી મળી ગયેલ છે. આને લગતા કેટલાક ઉપયોગી ફરમાનો અમારા તરફથી થોડો વખતમાં ફરમાવવામાં આવશે, જે વાંચી તેનો બરાબર અમલ કરજો.''

ઈસમાઇલીઆ કારપોરેશનને ફરમાવ્યું:

“તમારા પાસે વધારાની રકમ જે પોસ્ટમાં જમા પડેલ છે, તે રકમ ડાયમન્ડ જ્યુબીલી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટમાં રોકજો. હવે કો-ઓપરેટીવ સોસાઇટી રજીસ્ટર થઇ ગએલ હોવાથી કોરપોરેશન અને કો-ઓપરેટીવ સોસાઇટીને સાથે કરી દેવી જોઈએ, કારણ કે બે કંપનીઓ જુદી જુદી રાખવાથી ખર્ચ વધારે આવે છે માટે સાથે કરી આપશો તો ખર્ચ ઓછું આવશે.”

## ફરમાન ૪૮૪ મું.

મુસોમા તા. ૧૩-૫-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મુસોમા અને તાબાની ગામોની જમાતોને કો-ઓપરેટીવ સોસાઇટી સ્થાપવા ફરમાવી ફરમાવ્યું:

“અમે રાત અને દિવસ તમો સર્વેને દુઆ આશિષો ફરમાવીએ છીએ. તમે અંદરો અંદર એક બીજા સાથે સંપીને રહેશો તો આબાદ થશો. અમારા હુકમથી અત્રે જંગલમાં તમે આવ્યા છો તેથી અમારે પણ અત્રે તે માટે આવવું પડયું છે.

દારેસલામ ખાતે ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ બે કરોડની કેપીટલથી રજીસ્ટર કરવાની મંજુરી મળી ગયાના સમાચાર, અમને ગઇ કાલે કિસુમુ ખાતે તારથી મળી ગયા હતા, તેની તમો જમાતને મુબારકી ફરમાવીએ છીએ.

તમે વેપારમાં એકબીજાની સાથે હસદ અને દુશ્મની કરો છો તે બીલકુલ વાજબી નથી. જો આવી રીતે હસદ અને દુશ્મની કરશો તો પાયમાલ થઇ જશો, માટે વેપાર અગર બીજી કોઇપણ બાબતમાં એક બીજાની હસદ અગર દુશ્મની કરશો નહિ ખાનાવાદાન.”

## ફરમાન ૪૮૫ મું

મ્વાન્ઝા તા. ૧૪-૫-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મ્વાન્ઝા તેમજ તાબાના ગામોની સર્વે જમાતોને ફરમાવ્યું :

"તમો જમાતની મુલાકાતથી અમે ઘણા ખુશી થયા છીએ. રાત અને દિવસ તમારા સઘળાઓનો વિચાર કરતા હતા.

તમે જાણીને ખુશી થશો, કે ટાંગાનીકા સરકારે ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ રજીસ્ટર કરવાની મંજુરી આપેલ છે. આ ટ્રસ્ટની કેપીટલ શિલીંગ બે કરોડ રાખવામાં આવેલ છે, જેમાં દોઢ કરોડના શેરો ભરાઈ ગયા છે, બાકીના ૫૦ લાખના શેરો પણ તુરતમાં ખુલ્લા મુકવામાં આવશે, જે ઉમેદ છે કે જલદીથી ભરાઇ જશે, આ ટ્રસ્ટ કંપનીથી તમને ઘણુંજ ફાયદા થશે. એકસો વર્ષ સુધી તમારી આર્થિક સ્થિતિ માટે તે તમને મદદરૂપ થઇ પડશે. કરકસરથી બચાવેલ નાણામાથી આ ટ્રસ્ટ કંપનીના શેરો લેવા હજી પણ તમને ભલામણ કરીએ છીએ. બહુ થોડા મુદતમાં આ ટ્રસ્ટ કંપનીના શેરોની કિંમત ઉંચી જશે, એમાં શક નથી."

મ્વાન્ઝાની ડીસ્ટ્રીક જમાતોના વેપાર સંબંધી અને આર્થિક બાબતોના ખબર અંતર પુછી ફરમાવ્યું:

"કો-ઓપરેટીવ અથવા કોરપોરેશન જરૂર સ્થાપો. આવી સોસાઇટીઓ સ્થાપવાથી તમને ઘણો ફાયદો થશે. ડીસ્ટ્રીકટમાં વેપાર સારા હોવાથી ત્યાં આવી સોસાઇટીઓ તમને મદદકર્તા અને ઉપયોગી થશે. આવી સોસાઇટીઓને તેઓની કેપીટલના પ્રમાણુમાં ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તરફથી બહુજ ઓછા વ્યાજે નાણા ધીરવામાં આવશે. આવી સોસાયટીઓના શેરો ઇસમાઇલી સિવાય બીજા કોઇને આપવા નહિ, પણ નાણા ધીરવા વિગેરેનું બાબતોનું કામકાજ બીજી કોમો સાથે કરવું, અને તેઓને

બજારના વ્યાજના દરથી ઓછે દરે નાણા ધીરવા કે જેથી તેઓ આવી સોસાઈટીઓ પાસેથી નાણા વ્યાજુ લેવા પ્રેરાય. ખાનાવાદાન."

## ફરમાન ૪૮૬ મું.

મસાકા, તા. ૧૬–૫–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે ઘણી તકલીફ અને મહેનત લીધેલ છે, અને આવો સારો મંડપ બંધાવેલ છે, તેના માટે તમો સર્વેને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ."

ત્યારબાદ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ રજીસ્ટર કરવાની મંજુરી મળી ગયા બાબત જણાવી તેની અગત્યતા સમજાવી વેપાર ઉપરાંત જે કાંઇ વધારો હોય તેના આ ટ્રસ્ટના શેરો લેવા ભલામણ કરી ફરમાવ્યું :

"તમે અત્રે કો–ઓપરેટીવ સોસાયટી તથા કોરપોરેશન સ્થાપો અને તેને ઇસમાઇલી નામ નહિ આપતા બીજું કોઇ યોગ્ય નામ આપો કે, જેથી બીજી કોમો પણ તમારી સાથે છુટથી લેતી દેતી કરી શકે, અને કો–ઓપરેટીવ સોસાઇટી તેમજ કોરપોરેશનને વધારે લાભ થાય."

બાદ ફરમાવ્યું:

"શાદી જલ્દીથી કરી લેવી એ ઇસ્લામી અને ઇસમાઇલી મઝહબમાં ખાસ જરૂરનું છે. જેઓ શાદી જલદીથી કરવાના મતથી વિરૂદ્ધ હોય તેઓને આપણા ધર્મથી વિરૂદ્ધ સમજવા જોઇએ."

## ફરમાન ૪૮૭ મું.

કમ્પાલા, તા. ૧૭–૫–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"યુગાન્ડાની સઘળી જમાતોને જોઇને અમે ઘણા ખુશી થયા છીએ. તમો જમાતને જોઇને અમને બહુજ આનંદ થયેલ છે. આ જમાતખાનું ૧૯૩૭માં અમે કરેલ સુચના મુજબ થયું છે, તે જોઇ

અમે ખુશી થયા છીએ."

ત્યારબાદ ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટને લગતાં ફરમાનો કર્યા હતા તે બાદ ફરમાવ્યું :

"જેઓ પાસે નાણાની છુટ હોય તેઓને ભલામણ કરીએ છીએ કે તેઓ આ કંપનીના શેર ખરીદશે, તો તેઓને ઘણો ફાયદો થશે. આ ટ્રસ્ટ કંપનીનું કામકાજ કોમના બાહોશ અને હોશીઆર યુવાન કાર્યકર્તાઓના હાથમાં સોંપવામાં આવેલ છે. ઉમેદ છે કે તેઓ તેને સારી રીતે ફતેહમંદ બનાવશે. જેઓ પાસે વેપાર ઉપરાંત નાણાનો વધારો હોય અને તેવા વધારાના નાણા બેન્કમાં અથવા પોસ્ટ ઓફીસમાં વ્યાજે રાખતા હોય તેઓને ભલામણ કરીએ છીએ કે તેઓ આવા વધારાના નાણા ટ્રસ્ટ કંપનીના શેરોમાં અથવા ડીપોઝીટ તરીકે રાખશે તો તેઓને સારૂં ડીવીડન્ટ અને વ્યાજ મળશે, કે જે ડીવીડન્ટ અને વ્યાજ ઈસ્લામી સિધ્ધાંત પ્રમાણે પણ હરામ નથી.

અહીં જે કોરપોરેશન ચાલે છે તેની કેપીટલ શિલીંગ એક લાખની છે તેના બદલે શિલીંગ બે લાખની કરવામાં આવે એ ઈચ્છવા યોગ્ય છે; કારણકે મસાકા, બરારા અને બીજા સ્થળોએ કોરપોરેશને પોતાની શાખાઓ ખોલવી જોઈએ, માટે કેપીટલમાં વધારો કરવાની જરૂર છે."

મીશન સોસાઇટીને ફરમાવ્યું :

"અમારા ફરમાનોની તારવણી કરી જમાતને સમજણ પાડવી એ મીશનરીઓનું ખાસ કામ છે.

શાદીઓ જેમ બને તેમ વધુ પ્રમાણમાં થવાની જરૂર છે. ઈસમાઇલી તેમજ ઈસ્લામી ધર્મના સિધ્ધાંત અનુસાર ઉમર લાયક બચ્ચાંઓની જલદીથી શાદી કરવી જોઇએ. આમ કરવાથી ઓલાદ થશે જેથી ઘણોજ સવાબ થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૮૮ મું.

કમ્પાલા તા. ૨૨-૫-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

**"તમે વરસાદ અને તડકામાં તકલીફ અને મહેનત લઇ અત્રે આવ્યા છો તેનો બદલો તમને બન્ને જહાનમાં મળશે."**

શાદીઓ ઓછા પ્રમાણમાં થવનું કારણ પુછતાં જવાબમાં જણાવવામાં આવ્યુ કે "ખુદાવદ દીકરીઓના માવીત્રો સાહુકાર ઘર જુએ છે, અને ગરીબોને દેવા ઇચ્છતા નથી."

જે ઉપરથી મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું:

**"આજે જે શાહુકાર છે, તે આવતી કાલે ગરીબ થઇ જાય, અને આજે જે ગરીબ છે તે આવતી કાલે શાહુકાર થઈ જાય, તે ખુદાના હાથમાં છે. ઇન્સાને તંદુરસ્ત, ઈમાનદાર અને સારી ચાલ-ચલણવાળા છોકરા છોકરી જોઇને લગ્નો જલદીથી કરવા જોઇએ, કે જેથી બરકત પણ થશે."**

ત્યારબાદ નામદાર કાઉન્સીલને ફરમાવ્યું:

**"લગ્નોનું કામકાજ જુવાનોને આપો કે જે કામ કરી શકે. બચ્ચાંઓ મોટી ઉમરના થાય તે સારૂં નથી. આ બાબત જમાતને સમજાવો અને વધુ પ્રમાણમાં શાદીઓ થાય તેવી કોશીષો કરો.**

**ખાનાવાદાન."**

## ફરમાન ૪૮૯ મું.

કમ્પાલા તા. ૨૩-૫-૧૯૪૫.

એક ભાઇએ બરકતનું તાવીજ આપવા અરજ ગુજારતાં મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :

**"બરકતનું તાવીજ હોઈ ન શકે, પણ તમે કરકસર કરો, નવાં કપડા લત્તા બુટ વિગેરેમાં ઓછું ખર્ચ કરો, તેમજ સીનેમા અને**

મોજશોખના ખર્ચ બંધ કરો, તમારી આવક કરતાં ખર્ચ ઓછું રાખો તો મૌલા તમને જરૂર બરકત આપશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૦ મું.

કમ્પાલા, તા. ૨૪-૫-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"છેલ્લા પાંચ વર્ષ થયા અમે તમને તાલીકા મોકલી કરકસર કરવા અને ખર્ચા ઓછા કરવા ફરમાવી રહ્યા છીએ. હજુ એક વખત સખ્ત મંદીનો આવશે. જરૂર આવશે. આ દુનિયા છે, આખરત નથી. દુનિયા વધે તેમ આગળ વધવું જોઈએ. તકલીફ અને સખ્તીના છેલ્લા આઠ વર્ષો ભોગવ્યા બાદ અત્યારે તમે આબાદ થયા છો, પણ ફરીને મંદી તથા સખ્તી એક વખત જરૂર આવશે; માટે દુન્યવી ખર્ચા ઓછા કરો, ખાવા, પહેરવાની દરેક ચીજોમાં કરકસર કરો. ખોરાક સારો પણ કરકસરવાળો ખાવો. ખોરાકમાં તાકાતવાળી ચીજો ખાવી જોઈએ. કપડાં પણ તદન ખલાસ થઈ ગયા બાદ બીજા નવાં કપડાં શીવડાવવા જોઈએ. કપડાં ઘણાંજ સસ્તા થશે.

કરકસર કરી નાણા બચાવો અને તે બચાવેલ નાણામાંથી ધી ડાયમંડ જ્યુબીલી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના શેરો ખરીદો. આ ટ્રસ્ટ કંપની ઇસમાઇલીઓની ભવિષ્યની થાપણ છે. ધી ડાયમંડ જ્યુબીલી ઈન્વેસ્ટ-મેન્ટ ટ્રસ્ટના શેરો તમને તકલીફના દિવસોમાં આશિર્વાદ રૂપ થશે. જેમ ગવર્નમેન્ટ પાસે રીઝર્વ ફંડ હોય છે, તેમ આ ટ્રસ્ટ કંપની પણ ઇસમાઇલીઓનું એક રીઝર્વ ફંડ છે, જેથી આ ટ્રસ્ટ કંપનીના શેરો લેવા ભલામણ કરીએ છીએ.

જેઓની પાસે મોટર હોય તેઓએ પણ અઠવાડીઆમાં બેથી ત્રણ દિવસ પગે ચાલવું જોઇએ. જેથી શરીરને કુવ્વત મળશે. બિમાર તેમજ વૃધ્ધોએ પણ બની શકે તો અઠવાડીઆમાં એક દિવસ

પગે ચાલવા કોશિષ કરવી જોઈએ. આમ કરવાથી તમને ફાયદો થશે. એકતો એ કે પગે ચાલવાથી કસરત થશે અને મોટરકારનો ઉપયોગ નહિ કરો તો પેટ્રોલ, ટાયર વિગેરેમાં બચાવ થશે. આવી રીતે બચાવેલ રકમમાંથી ધી ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટના શેરો લીઓ તો ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૧ મું.

કમ્પાલા, તા. ૨૫–૫–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"બાળાઓએ ઘરનું દરેક કામકાજ જેવું કે પકાવવું, શીવવું વિગેરે ખાસ શીખવું જોઇએ. પોતાના કપડાં પોતે જાતેજ શીવતાં તથા ખાવાનું પણ પોતાના હાથેજ પકાવતાં શીખવું જોઇએ. ખાલી નકામી વાતો કરવામાં વખત ગુમાવવા કરતાં ઘરનું દરેક કામકાજ પોતાના હાથેજ કરવું જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૨ મું.

મ્બાલે, તા ૨૬–૫–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો સંર્વ જમાત તથા તાબાના ગામોની સઘળી જમાતોને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. તમારી જાહેરી મુલાકાતથી ઘણા ખુશી થયા છીએ. તમે ઉઠાવેલ તકલીફ માટે ઘણા ઘણા ખાનાવાદાન ફરમાવીએ છીએ.

અમે દુનિયાના કોઇ પણ ભાગમાં હોઇએ છીએ, ત્યાંથી તમો જમાતને વખતો વખત યાદ કરીએ છીએ, અને તાલીકા મારફત દુઆ આશિષ ફરમાવીએ છીએ.

બચ્ચાંઓ મોટી ઉમરના થાય ત્યાં સુધી શાદી કરતા નથી, તે બીલકુલ બરાબર નથી. શાદી માટે વધુમાં વધુ છોકરાની ઉમર ૨૦ થી ૨૨ વર્ષ અને છોકરીની ઉમર ૧૮ થી ૨૦ વર્ષ સુધીની યોગ્ય ગણાય. ગરીબ સ્થિતીના માવિત્રોના છોકરા અને છોકરીઓ સાથે રહેતા હોય, પણ તેવાજ છોકરા અને છોકરીઓ જો શાદી કરી સાથે રહે તો ઘણી બરકત થાય."

ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ કંપની રજીસ્ટર કરવામાં આવશે એમ જણાવી ફરમાવ્યું:

"તમે કરકસર કરી નાણા બચાવી આ ટ્રસ્ટ કંપનીના શેરો નોંધાવજો. આ શેરો તમારા ભવિષ્યના ભલા માટે ઘણાજ ફાયદાકારક થશે. તેમજ સખ્ત મંદીના વખતે તમને ઉપયોગી થશે. તમારી પાસે વેપારમાં ઉપયોગમાં આવતાં ન હોય તેવા વધારાના નાણા બેન્કમાં જમા હોય તે આ ટ્રસ્ટ કંપનીમાં ડીપોઝીટ તરીકે રાખશો, તો તમને સારો લાભ મળશે.

મ્બાલે અને તાબાના ગામોની જમાતો મળીને મોટી વસ્તી હોઇને કો-ઓપરેટીવ સોસાયટી તેમજ કોરપોરેશન સ્થાપી રજીસ્ટર કરાવવી જોઇએ, અને આવી કો-ઓપરેટીવ સોસાયટી તથા કોરપોરેશન દરેકની કેપીટલ એક એક લાખ શિલીંગની હોવી જોઇએ. આવી સોસાયટીઓ રજીસ્ટર હશે, તો તેવી સોસાયટીઓને તેની જેટલી કેપીટલ હશે, તેટલીજ રકમ ધી ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તરફથી સસ્તા વ્યાજના દરે ધીરવામાં આવશે, જેથી કો-ઓપરેટીવ તથા કોરપોરેશન સ્થાપી રજીસ્ટર કરાવવાની ઘણી જરૂર છે.

ખાનાવાદાન."

## ફરમાન ૪૯૩ મું.

કિસુમુ તા. ૨૭-૫-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો જમાતની આજે ફરીથી થયેલ મુલાકાતથી ઘણા ખુશી થયા છીએ અને સઘળી જમાતને ઘણા ઘણા દુઆઆશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૪ મું.

નૈરોબી તા. ૩૦–૫–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે અમારી લેક ડીસ્ટ્રીકટની મુસાફરીથી પાછા ફર્યા છીએ. જ્યાં અમને એક બાબત જોઈને ઘણી દીલગીરી થાય છે કે, મોમ્બાસા અને નૈરોબી જેવા મોટા શહેરોમાં હિંદી વસાહતમાં આપણી કોમ સારા પ્રમાણમાં છે, પરંતુ નાના નાના ગામડાઓમાં આપણી કોમનું પ્રમાણ બહુજ ઓછું જોવામાં આવે છે. કોઇ કોઈ જગ્યાએ તો બીલકુલ જોવામાં આવતા નથી. દરેક માણસ કંઇ મોટા શહેરોમાં નજ રહી શકે. તેમજ માલેતુજાર પણ નજ બની શકે, માટે નાના નાના ગામડાઓમાં જઇ પોતાની આજીવીકા મેળવવી જોઈએ.

શાળાઓમાંથી જે બચ્ચાંઓ શિક્ષણ મેળવી બહાર આવે છે, તેઓએ નાના નાના ગામડાઓમાં જવું જોઇએ, અને ભાઇબંધ કોમો જેવી રીતે મહેનત અને તકલીફ સહન કરી ઉઘાડે પગે કામ ધંધો કરે છે, તેવીજ રીતે તમારે પણ નાના નાના ગામડાઓમાં જઇ મહેનત કરી તકલીફ સહન કરી વેપારમાં આગળ વધવું જોઇએ. આમ તકલીફ ઉઠાવશો તોજ ફાયદો મેળવી શકશો.

કેન્યા, યુગાન્ડા અને ટાંગાનીકામાં તેમજ આફ્રિકાના બીજા ભાગોમાં નાના નાના સેન્ટરો ખુલશે. આ મુલ્કો હજી બચપણની હાલતમાં છે, એટલે કે જોઇએ તેટલા ખીલ્યા નથી. આપણા યુવાનોએ મોટા શહેરોમાં રહેવાનો, સારા સારા કપડા પહેરવાનો અને સીનેમા વિગેરે મોજ શોખ કરવાનો મોહ છોડી દેવો જોઇએ. નાના ગામડા-

ઓમાં અત્યારથીજ જઇને વેપાર હાથ કરવો જોઇએ. આમ નાના ગામડાઓમાં જઇ વેપાર ખેડી તકલીફ અને જહેમત ઉઠાવી નાણું કમાશો, તો ભવિષ્યમાં મોટા શહેરોમાં આવી મોટા વેપાર પણ ખેડી શકશો. તેમજ જુવાનીમાં તકલીફ અને જહેમત ભોગવી નાણું એકઠું કર્યું હશે, તો ખરાબ વખતમાં તેમજ મોટી ઉમરે સુખ અને આનંદમાં રહી શકશો.

બચ્ચાંઓ તો શાળામાં કસરત કરતા હોય છે, પણ યુવાનો અને મોટી ઉમરનાઓએ પણ કસરત કરવાની ઘણીજ જરૂર છે. આપણી કોમમાં ભાઈઓ તેમજ બાઇઓમાં મીઠાં પેશાબની બિમારી બહુ જોવામાં આવે છે, તે પણ જોઈતા પ્રમાણમાં કસરત ન કરવાથી થાય છે. ખાસ કરીને પૈસાદાર કે વર્ગના માણસો કે જેઓ મોટરમાં વધુ ફરતા હોય છે, અને પગે ચાલવાનું પસંદ નથી કરતા તેઓને. મીઠા પેશાબની બિમારી વધુ પ્રમાણમાં થાય છે. જેઓ પાસે મોટરો હોય તેઓએ પણ અઠવાડીયામાં બે થી ત્રણ દિવસ પગે ચાલવું જોઈએ, અને મોટરને ગેરેજમાં રાખવી કે જેથી કરકસર થશે અને શરીરને પણ કસરત મળશે.

બુઢાઓએ પણ અઠવાડીયામાં એક દિવસ જરૂર પગે ચાલવું જોઇએ તેના ફાયદા માટે જુઓ જંગબારવાળા મુખી અલીદીના કાનજીને કે જેઓ ૧૦૦ વર્ષ ઉપરની ઉમરના થયા છે, તે છતાં પણ કેવા તંદુરસ્ત છે ?! તેમજ તેમના પિતાશ્રી મર્હુમ કાનજી રામજી પણ તે વખતના ઇમામના દિદાર કરવા પુનાથી મામલેસર ૫૦ માઇલ પગે ચાલીને જતા હતા. અમે એમ નથી કહેતા કે, તમારે પણ તેમ કરવું, પણ અઠવાડીઆમાં બે થી ત્રણ દિવસ તો જરૂર પગે ચાલવુંજ જોઇએ.

ખુદાવંદતઆલાએ ઇનસાનને ચાલવા માટે પગ આપેલ છે, તે છતાં પગે નહિ ચાલતા વાહનોનો ઉપયોગ કરી, બિમારી પેદા કરો છો. શરીરની અંદર અડધી બિમારી તો ઇન્સાન પોતાની કસુરથી પેદા કરે છે, તેમાં ખુદાવંદતઆલાની કંઈ પણ કસુર નથી. અલબત

અડધી બિમારી કુદરતી આવે છે, અને તે માટે તમને ખોરાક અને કસરત સંબંધી ફરમાનો કર્યા છે, જે વાંચી તે પ્રમાણે લાભ ઉઠાવજો.

નઈરોબી જેવા શહેરમાં કે જ્યાં રહેણાંક દુર દુર હોવાથી સાઈકલ વાપરતા શીખવું જોઇએ. અત્રે બાળાઓ સાઇકલ ચલાવે છે, તે સાંભળી અમે ઘણા ખુશી થયા છીએ, તેવીજ રીતે મોટી બાઈઓએ પણ સાઇકલ ચલાવતા શીખવું જોઇએ.

જેવી રીતે મોટરમાં મરદ અને ઓરત સાથે બેસીને ફરવા નીકળે છે, તેવીજ રીતે તેઓએ સાઇકલ ઉપર પણ સાથે ફરવા નીકળવું જોઇએ. મોટરને બદલે સાઈકલનો ઉપયોગ કરવાથી શરીરને કસરત મળે છે, તેમજ કરકસર પણ થાય છે.

સાઇકલ માટેના આ ફરમાનો નઇરોબી જેવા શહેરમાં કે જ્યાં રહેણુંક ગામથી દુર હોવાથી કરેલા છે; મોમ્બાસા અને જંગબાર જેવા શહેરોમાં કે જ્યાં રહેણુંક ગામની નજીક છે, ત્યાંના માટે આ સાઇકલના ફરમાનો કરતા નથી, ત્યાં તો પગેજ ચાલવું વધારે ફાયદા કારક છે. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૫ મું.

નૈરોબી, તા. ૫-૬-૧૯૪૫

૪૮ મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગર્લ્સ ગાઇડસને ફરમાવ્યું :

"તમે અમારી રૂહાની બાળાઓ છો. તમે ગમે તેટલી વૃધ્ધ થાઓ તો પણ અમને ભુલતા નહિ. તમારે કસરત પુરતા પ્રમાણમાં કરવી જોઇએ તેમજ સાઇકલ ચલાવતા પણ શીખવું જોઇએ કે જેથી શરીર પ્રફુલીત અને તંદુરસ્ત બને. જે બાળાઓ સાઇકલ ચલાવતા જાણુતી હોય તેઓએ બીજી જે બાળાઓને સાઇકલ ચલાવતા આવ-

ડતી ન હોય તેઓને શીખવવી જોઇએ, કારણ કે તેઓ તમારી બ્હેનો છે. તમારી સ્કુલમાં વિશાળ જગ્યા છે, ત્યાં તમે તમારી બીજી બ્હેનોને સાઇકલ શીખવી શકો છો. ખાનાવાદાન.”

## ફરમાન ૪૯૬ મું.

નૈરોબી તા. ૧૦-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

“અમારી આ પધરામણી દરમ્યાન જમાતના મુખી કામડીઆ, કાઉન્સીલના પ્રેસીડેન્ટ અને મેમ્બરો, લેડીઝ અને જેન્ટસ વોલન્ટીઅર કોર, તેમજ બીજી સંસ્થાઓ અને રૂહાની બચ્ચાંઓએ જે જે ખિજમત બજાવેલ છે, તે માટે સઘળાઓને ઘણા ઘણા દુઆ આશિષ અને ખાનાવાદાન ફરમાવીએ છીએ. આફ્રિકાની સર્વે જમાતોની મુલાકાતથી અને તેઓએ બજાવેલ ખિજમતથી ઘણાંજ ખુશી થયા છીએ અને સઘળાઓને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ.

આ પધરામણી વખતે જમાતોને દુન્યવી તેમજ આખરતની બહેતરી માટેના ફરમાનો કર્યા છે, તે હમેશાં વાંચી દીલમાં નકશ કરશો અને તે પ્રમાણે અમલ કરશો, તો બન્ને જહાનમાં તેનો બદલો મેળવશો. અમે જાહેરમાં અત્યારે તમારી પાસે હાજર છીએ તેથીજ તમને યાદ કરીએ છીએ તેમ નથી, પણ હમેશાં તમો સઘળાઓને યાદ કરીએ છીએ. ખાનાવાદાન.”

## ફરમાન ૪૯૭ મું.

મોમ્બાસા તા. ૧૨-૬-૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

“આફ્રિકાના અમારા રૂહાની ફરજંદોને અમે હમેશાં યાદ કરતા હતા, અને આજે જાહેરમાં મોમ્બાસા જમાતને જોઇને ઘણા ખુશી

થયા છીએ, અને તમો જમાતને ઘણા ઘણા દુઆ આશીષ ફરમાવીએ છીએ.

તમો જમાતે ઘણી તકલીફ લઇને બહુજ સારો મંડપ બનાવેલ છે. આ મંડપથી અમે ઘણાજ ખુશી થયા છીએ, અને સઘળી જમાતને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ઘણા વર્ષ પછી આજે અમે અત્રે પધાર્યા છીએ. તમો જમાતને અમે હર વખત યાદ કરતા હતા અને જમાત ઉપર ઘણા રાજી હતા અને તમો જમાતને ઘણા ઘણા દુઆ આશીષ અને ખાનાવાદાન ફરમાવીએ છીએ.

ધાર્મિક કામકાજો ન હોય ત્યારે દરેક પોત પોતાના ધંધા ઉપર પુરતું ધ્યાન આપે. બધાએ પોત પોતાના ધંધા અને વેપાર ઉપર બરાબર ધ્યાન આપવું.

અમે નઇરોબીમાં જમાતને ઘણા ફાયદાકારક ફરમાનો ફરમાવેલ છે, જેનો અમલ કરશો તો આ અને પેલી દુનિયામાં ફાયદો મેળવશો. આ ફરમાનો કાનથી સાંભળી પેટમાં હજમ કરવાના છે. એક કાનથી સાંભળી બીજે કાનથી કાઢી નહિ નાખજો. અંહી પણ એક દિવસ ફરમાન કરશું. નઇરોબીમાં જે ફરમાનો કર્યા છે, તેનો અમલ કરશો, તો ઘણોજ ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૮ મું

મોમ્બાસા, તા. ૧૨-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે એચ. એચ. ધી આગાખાન્સ "ઓલ્ડ ગર્લ્સ એસોસીએશન"ની બાળાઓને ફરમાવ્યું:

"અમને આ નામ પસંદ નથી. અમારી બાળકીઓ કદી પણ ઘરડી થતી નથી, તેઓ હમેશાં જુવાન હોય છે, જેથી ઓલ્ડ ગર્લ્સ

એસોસીએશનને બદલે "યંગ ગર્લ્સ" અથવા "ફોરમર ગર્લ્સ" એસોસીએશન નામ રાખવું.

તમારે રાંધણ કળા શીખવાની ઘણીજ જરૂર છે. ખોરાકને વધારે પ્રમાણમાં પકાવવો જોઇએ નહિ, કે જેથી તેમાં રહેલા પુષ્ટીકારક તત્વો નાબુદ થઇ જાય, પણ તેને વઇજ્ઞાનિક દ્રષ્ટિએ પકાવતા શીખવું જોઇએ કે જેથી વનસ્પતિ, માંસ વિગેરેમાં રહેલા પુષ્ટીકારક તત્વો નાબુદ ન થઇ જાય, અને તેમાંજ રહે તેવી રીતે પકાવશો તો ફાયદો થશે. મરચી મસાલા જેમ બને તેમ ઓછા પ્રમાણમાં ખાઓ. આ બાબતમાં અમે નેરોબીમાં ઘણા ફરમાનો ફરમાવેલ છે, જે વાંચી અમલ કરશો તો ફાયદો થશે.

તમારે તમારા પોતાના કપડાં જાતે શીવતા શીખવું જોઇએ. દરેક સ્રીને પોતાના હાથેજ કપડા કાપતા અને શીવતા આવડવું જોઇએ, જેથી તમે બધાને કપડા શીવતા શીખવાડજો, તેમજ તમારે ડ્રાઇ કલીનીંગ કરતાં પણ શીખવું જોઇએ."

લેડીઝ લેકચરીંગ સોસાયટીને ફરમાવ્યું:

"તમે લેકચર કરો છો, તે ઘણું સારૂં છે. તમારે દર મહીને જમાતની બાઇઓ સમક્ષ સારા સારા વિષયો ઉપર લેકચરો આપવા જોઇએ. લેકચરોમાં વિષયો એવા સચોટ અને મુદ્દાસરના શોધવા જોઇએ કે જેમાં બાઇઓને સારો ઉત્સાહ અને ઉમંગ થાય તેમજ તેઓને મદદરૂપ થઇ પડે. તમે પ્રૌઢ બ્હેનોને શિક્ષણ આપો છો તે ઘણું સારૂં કામ છે. તમે અમારા મોમીનોને ભણાવી હુશીઆર કરો છો, તે જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. ખાનાવાદાન."

મિશન સોસાયટીમાં બાનુ મેમ્બરોને ફરમાવ્યું:

"હજી ઘણી બાનુ મેમ્બરો થશે. ખાનાવાદાન."

જમાતખાનું સાફસુફ કરનાર બાઇઓને ફરમાવ્યું:

"તમે જમાતખાનું સાફ કરો છો, તે સાંભળી અમે ઘણા ખુશી થયા છીએ. આખરતમાં અમે તમારૂં ઘર સાફ રાખશું. ખાનાવાદાન."

## ફરમાન ૪૯૯ મું.

મોમ્બાસા, તા. ૧૪-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"જેમ દુન્યવી માવિત્રો પોતાના નાના બચ્ચાંઓને તેમના ભલા માટે પોતાની ફરજ અનુસાર હમેશાં શીખવતા રહે છે, તે પ્રમાણે અમે તમારા રૂહાની માબાપ છીએ અને અમને જરૂરનું લાગે છે કે અમારા રૂહાની બચ્ચાંઓને તેમના ફાયદાની વાત કહેવી જોઇએ.

બચ્ચાંઓની શારીરિક તંદુરસ્તીમાં અમને બહુજ નબળાઇ જોવામાં આવે છે. અમે બચ્ચાંઓની તંદુરસ્તી વધુ સારી અને સરસ જોવા ઇચ્છીએ છીએ. તંદુરસ્તીના વિષય ઉપર નૈરોબીમાં અમારા ફરમાન અનુસાર ગુજરાતીમાં હેન્ડબીલો છાપી વહેંચવામાં આવ્યા છે, જે હેન્ડબીલો અત્રે મોમ્બાસામાં પણ વહેંચવામાં આવે, અને અમારી ઇચ્છા છે કે બાઇઓ, બચ્ચાંઓ અને મરદો તેનું વાંચન કરે, અને પુરતો ફાયદો ઉઠાવે. આ ફરમાનોનો અમલ કરવાથી બિમારી માટેની અરજીઓ અમારી પાસે ઓછી આવશે. અલબત બિમારી તો થાય, એવું તો નથી કે કોઇ વખત બિમારી નજ થાય. પણ હેન્ડબીલ પ્રમાણેના ફરમાનો ઉપર અમલ કરવાથી બિમારી ઘણીજ ઓછી થશે.

દારૂ અને તમાકુ સાથે અમારે કોઇ દુશ્મનાવટ નથી, તેમ કોઇ દિવસ આ ચીજોએ અમને દુઃખ કે તકલીફ આપેલ નથી; પણ આ વસ્તુઓ તમારી પોતાનીજ દુશ્મન છે. આફ્રિકામાં તમારે યુરોપીઅનો સાથેજ હમેશના માટે હરીફાઇ કરવાની હોય છે. યુરોપીઅનોનું ઇલ્મ અને કેળવણી કઇ અને દોલત કઇ?! જ્યારે તમારી કેળવણી અને દોલત કઇ? એ લોકોનું રાજ્ય છે, આપણા પોતાના દેશમાં આપણું રાજ્ય નથી, તો આ દેશમાં ક્યાંથી હોય? તેઓની

સામે હરીફાઇમાં આ દેશમાં તમારી પાસે એ હથીયાર છે. દારૂ અને તમાકુનો ત્યાગ કરો. યુરોપીઅનો દારૂ અને તમાકુ પાછળ પૈસા ખર્ચે છે અને વખત બરબાદ કરે છે, તેમજ શારીરિક તંદુરસ્તીને પણ નુકસાન પહોંચાડે છે. જો આ બે વસ્તુઓ તમે છોડી આપશો, તો તેઓની સામે જરૂર હરીફાઇ કરી શકશો. આવો મોટો ફાયદો શા માટે છોડી આપો છો?

તમે જાણો છો કે ઈન્સાન જઇફ યાને નબળા મનનો છે. બહુ વર્ષોની આદત તુરત છોડી શકાતી નથી. કમનસીબીને પરિણામે આ આદત પડી છે, તે ઓછી કરવાની ઘણીજ જરૂર છે. બની શકે તો આ આદત છોડી દેવી જોઇએ, નહિ તો ઓછી તો જરૂર કરવીજ જોઇએ.

યુવાન લોકોની એ ફરજ છે કે, નાના નાના ગામડાઓમાં જઇ ત્યાં વેપાર હાથ કરે. અમે અમારા લેક ડીસ્ટ્રીકટ અને કેન્યાના પ્રવાસમાં જોઈ શકયા છીએ કે, આપણા માણસો નાના નાના ગામડાઓમાં બહુજ ઓછા છે. કોઇ જગ્યાએ પાંચ, દશ અથવા કોઇ જગ્યાએ પંદર કે વીસ અને કોઈ જગ્યાએ બે અગર બીલકુલ નથી. આવી જગ્યાએ યાને (નાના નાના ગામડાઓમાં) પરકોમ, ભાઇબંધ કોમો વરસાદમાં તથા ઠંડી અને સખ્ત તડકામાં પણ ફકત ખમીસ પહેરીને મહેનત કરી વેપાર ખેડે છે, જ્યારે આપણા લોકો તો મોટા શહેરોમાં, મોજશોખ, સીનેમા અને હરવા ફરવામાં વખત બરબાદ કરે છે.

નાના નાના ગામડાઓમાં વેપાર હાથ કરવા જરૂર પ્રયત્ન કરવોજ જોઈએ. જેઓ પાસે નાની મુડી હોય તેવા માણસોએ મોટા શહેરોમાં રહેવા કરતાં નાની નાની જગ્યાઓમાં વેપાર માટે જવું ઘણું જરૂરનું છે.

અમે એમ નથી કહેતા કે સીનેમામાં ન જવું, પણ પહેલાં મહેનત કરી નાણા એકઠા કરો અને ત્યાર પછીજ મોજશોખ અગર

સીનેમાના સાધનોનો ઉપયોગ કરો. જેનું કામકાજ મોટા શહેરોમાં સારી રીતે ચાલતું હોય, તેઓએ મોટા શહેરમાંથી નીકળી નાના ગામડાઓમાં જવાની જરૂર નથી, પણ જેનું કામકાજ ઓછું ચાલતું હોય તેઓએ ગામડાઓમાં જરૂર જવું જોઇએ.

આફ્રિકા ખંડ હજુ ઉગતો પ્રદેશ છે, જેથી પુરતી તકો છે અને ઘણી તકો મળશે, માટે નાના ગામડાઓમાં જઇ વસવાટ કરો. આફ્રીકાના કાળા લોકો અત્યારે બહુ જંગલી અવસ્થામાં છે, એટલે હજી તેઓ ઉઘાડા અને નગ્ન હાલતમાં રહે છે; પરંતુ એ વખત આવશે કે, જ્યારે તેઓ પોતાના શરીરને ઢાંકવા માટે કપડા, ટોપી અને બીજી જરૂરીઆતો પુરી પાડવા માટે ખરીદી કરવા બહાર પડશે, ત્યારે તેવી ચીજો તેઓને પુરી પાડવા માટે અત્યારથીજ તમારે તૈયાર રહેવું જોઇએ. હજી સુધી એ વખત આવ્યો નથી, પરંતુ તે વખત આવવાનો છે, જેથી તે માટે જુવાન વર્ગે ખાસ યાદ રાખવાનું છે.

અંહીના વતનીઓના શેવીંગ માટે રેઝર, બ્લેડઝ, દાંત માટેના બ્રશ, દાંતનું મંજન વિગેરેની જરૂર પડશે, ત્યારે આવી વસ્તુઓ મોટા પ્રમાણમાં પુરી પાડવા અત્યારથીજ એજન્સીઓ હાથ કરેલી હોય તો કેટલો મોટો ફાયદો થાય. ?!

કોમના આગેવાનો અને ભણેલાઓએ આવી બાબતો ઉપર વારંવાર જમાતખાનામાં લેકચરો કરવાની બહુજ જરૂર છે.

આફ્રીકાની અંદર લગભગ પચીસ ઇસમાઇલી ડોકટરોની જરૂર છે. અમે ઇકોનોમીક કોનફરન્સમાં જે મેડીકલ સ્કીમ મંજુર ફરમા-ફરમાવેલ છે, તે જ્યારે શરૂ કરવામાં આવશે, ત્યારે આપણી પોતાની ડીસ્પેન્સરીઓ માટે પચીસ ઇસમાઇલી ડોકટરોની જરૂર પડશે.

બાઇઓ પોતાની તંદુરસ્તીના વખત દરમ્યાન જો ડોકટરોની સલાહ નહિ લીએ તો પછી બિમારી આવી ગયા પછી શું કામ આવે ?

ખુદાએ ચાલવા માટે પગો આપેલ છે. જેની પાસે મોટર હોય તેમણે પણ પગે ચાલવાની જુની આદત ભુલવી જોઇએ નહિ. બાઇઓએ પણ પગે ચાલવાની આદત રાખવી જોઇએ. નઇરોબી જેવા શહેરમાં કે જ્યાં વસવાટ દુર દુર હોવાથી અગવડો હોય છે, પરંતુ અત્રે મોમ્બાસામાં તો વસવાટ નજીક હોવાથી, અઠવાડીઆમાં ત્રણ દિવસ પોતાની મોટર સહેલાઈથી ગેરેજમાં મુકી શકાય છે. આ પ્રમાણે કરવાથી તંદુરસ્તીને ઘણોજ ફાયદો થશે, તેમજ કરકસર પણ થશે અને પેટ્રોલ તથા ટાયરનો પણ બચાવ થશે. જેઓ પાસે મોટર ન હોય તેમને તો પગે ચાલવાની ફરજ પડે છે. પગે ચાલવાથી તંદુરસ્તીને ફાયદો થાય છે, તેમજ તબીયત પણ સારી રહે છે.

તમારા દુન્યવી માવિત્રો જેવી રીતે તમને બચપણથીજ તમારા ફાયદા માટે નસીહતો આપે છે, તેવીજ રીતે આજે અમે તમારા રૂહાની પિતા તમારા ફાયદા માટે ફરમાનો ફરમાવીએ છીએ. આ ફરમાનોનો અમલ કરવાથી તમને ઘણો ફાયદો થશે.

આજે ફકત તમને દુન્યવી બાબતો ઉપરજ ફરમાનો કરેલ છે. દીની બાબતો ઉપર આજે કાંઇ પણ ફરમાન કરેલ નથી. ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું :

"નર્સરી સ્કુલ ઘણી જરૂરની છે, તથા ઘણી સારી છે. બચ્ચાંઓ બહાર રખડી હલકું ખાય છે, તેનાથી નુકસાન થાય છે. જ્યારે નર્સરી સ્કુલથી બચ્ચાંઓને ઘણો ફાયદો થાય છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૦ મું

મોમ્બાસા તા. ૧૭-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે શાળાના વિદ્યાર્થીઓને ફરમાવ્યું :

"તમે દરેક કામ કરતી વખતે હિંમત રાખો. તમારા અભ્યાસમાં બહુજ હિંમત રાખી આગળ વધો. તમે જ્યારે અભ્યાસ કરતા હો

ત્યારે આજુબાજુના બીજા કંઈ પણ વિચારો કર્યા સિવાય જે પાઠો ચાલતા હોય તે ઉપરજ પુરેપુરૂ ધ્યાન આપો.”

કન્યાશાળાની બાળાઓને ફરમાવ્યું:

“આપણી શાળામાંથી જે બાળાઓ ભણી રહી પછી શિક્ષિકાઓ તરીકે શાળામાં કામ કરે છે, તે જોઇ અમે ઘણાજ ખુશી થયા છીએ. આજે અમારી રૂહાની બાળાઓને જાહેરમાં જોઈ અમને બહુજ આનંદ થયેલ છે. તમો સર્વે બાળાઓને ઘણા ઘણા દુઆ આશીષ ફરમાવીએ છીએ.

હિંદુસ્તાનમાં એક વાત અમે સેંકડો વખત કરેલ છે, જે વાત એકવાર ફરીથી અંહી તમોને કરીએ છીએ.

એક માવીત્રને છોકરો અને છોકરી એમ બે બચ્ચાં હોય અને આ બે બચ્ચાઓમાંથી ફકત એકજ બચ્ચાંને શિક્ષણ આપવા જેટલી તેનામાં શક્તિ હોય, તો તેવા માવીત્ર જો અમારી સલાહ લેવા આવે તો અમે તેઓને પહેલાં છોકરીને શિક્ષણ આપવાની સલાહ આપીએ અને કહીએ કે છોકરો પોતાનું કરી લેશે, માટે પહેલાં છોકરીને કેળવણી આપવી જોઈએ; તેનું એક કારણ એ પણ છે કે, જો માતા કેળવાયલી હશે, તો તેણી પોતાના બચ્ચાંઓને જાતે કેળવણી આપી શકશે, પરંતુ જો પિતા કેળવાયેલ હશે, તો પણ તે પોતાના દુન્યવી ધંધાની જંજાળમાં એટલો બધો રોકાયલો હશે, કે તે પોતાના બાળકોને એક કેળવાએલી માતા જેટલું શિક્ષણ નહિજ આપી શકશે.

બીજી બાબત એ છે કે એક મરદ માણસ તો આખો દિવસ મજુરી કરી સ્ટીમર કે ગોદી ઉપર કામ કરીને રસ્તા ઉપર અગર તો ગમે ત્યાં સુઈ જશે, પણ એક સ્ત્રીને જો ધણી ન હોય અને ગુજરાન મેળવવાનું કાંઇપણ સાધન ન હોય, તો શું તેણી થોડી રસ્તા ઉપર રખડીને સુઈ શકે છે?

બાળાઓને ઉતમ કેળવણી આપવી જોઇએ. પુરૂષો કરતાં સ્ત્રીઓએ ધર્મમાં પુરેપુરૂં ઈમાન અને હિંમત રાખવાં જોઇએ. બાળાઓએ રૂહાની શકિત કેળવવી એ બહુજ જરૂરનું છે. અમે ઇસમાઈલી બાઇઓને આઝાદ અને સ્વતંત્ર બનાવી છે; જો તેમ ન હોત તો બીજી મુસ્લિમ સ્ત્રીઓ પરદા રાખી પરતંત્રતાથી રસ્તાઓ ઉપર ચાલતી હોય છે, તેવી તમારી સ્થિતી હોત; પરંતુ તમારા ઈમામે તમને સંપુર્ણ આઝાદી આપી છે. ઈસમાઇલી કોમ બીજી મુસ્લિમ કોમો કરતાં પચાસ વર્ષ આગળ છે. જે સ્વતંત્રતા ઇસમાઇલી કોમની સ્ત્રીઓને મળી છે, તેવી સ્વતંત્રતા તેઓ વીસ વર્ષ સુધીમાં પણ મેળવી શકશે નહિ. ખાનાવાદાન."

બોય સ્કાઉટસ ગ્રુપ અને ગર્લ્સ ગાઇડઝને ફરમાવ્યું:

"આવતા સાલમાં અમારી ડાયમંડ જ્યુબીલી પ્રસંગે દારેસલામ ખાતે સ્કાઉટસ ગરૂપ અને ગર્લ્સ ગાઇડઝની જામ્બોરી જરૂર કરજો. આવતી સાલમાં અમારી પધરામણી પ્રસંગે બીજા ધાર્મિક કામકાજો કરવાના નહિ હોવાથી તમે સ્કાઉટસ ગરૂપ અને ગાઈડઝની રેલી મોટા પાયા ઉપર ગોઠવજો; અમે જરૂર તમારી રેલીમાં હાજરી આપશું."

ગાઇડઝને ફરમાવ્યું:

"તમારા માટે રાંધણ કળા શીખવી એ બહુજ જરૂરનું છે."

બાદ સર્વેને ફરમાવ્યું:

"તમે ફુરૂટ, તરકારી અને ભાજીપાલો ખુબ ખાઓ. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૧.

મોમ્બાસા, તા. ૨૦-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું.

"જેમ ગોલ્ડ ગ્રાંટમાંથી નાણા આપવામાં આવતા હતા તેમ હવેથી અમારા તરફથી અમારી ઇચ્છા હોય ત્યાંસુધી ચાઈલ્ડ વેલફેર વિગેરે માટે ગ્રાંટ આપવા અમે મંજુરી ફરમાવીએ છીએ.

અમારી ગ્રાંટનો જો જમાત પુરેપુરો ફાયદો નહિ ઉઠાવે તો ગ્રાંટ આપવાથી કાંઇ ફાયદો નથી. આ કામમાં દિલોજાનથી ધ્યાન નહિ આપો, તો ફાયદો નહિં મેળવો અને પરિણામે અમને નાસીપાસી થશે અને અમારે ગ્રાંટ બંધ કરવી પડશે.

બચ્ચાંના જન્મ પછીની માવજતની જેટલી જરૂરત છે, તેટલીજ ગર્ભાવસ્થા દરમ્યાન માવજત લેવાની જરૂરત છે. અમે જાણીને ઘણાજ ખુશી થયા છીએ કે મોમ્બાસા જમાતની બાઇઓએ ગર્ભાવસ્થા દરમ્યાન માવજત કરવાના કામકાજ ઉપર પુરતું ધ્યાન આપવું શરૂ કર્યું છે. લેડીઝ કમિટીને ઘણું જરૂરનું છે કે સ્ત્રી જ્યારે ગર્ભાવસ્થામાં હોય ત્યારે તેણીને કલીનીકોમાં લઈ જાય અને ડોકટરોની સલાહ લઇ તે પ્રમાણે વર્તન કરાવે. જ્યાં જ્યાં જમાતોમાં લેડીઝ કમિટી હોય, ત્યાં ત્યાં ડોકટરો અને નર્સો પાસેથી ગર્ભાવસ્થા દરમ્યાન લેવા જોઇતા ઉપાયો અને સલાહની પત્રિકાઓ બનાવી છપાવવી અને દરેકને તેવી પત્રિકાઓ આપવી કે જેથી સૌની તંદુરસ્તી જળવાઇ રહે.

અલબત ખુદાવંદતાલાએ દુનિયામાં બિમારી મોકલી છે, પણ સાથે સાથે મનુષ્યને અકકલ પણ આપેલ છે, જેથી આવા વખતે બિમારી અટકાવવાના ઉપાયો લેવા અને તેનો સામનો કરવો જોઇએ. ચાઈલ્ડ વેલફેર યાને બાળ ઉછેરની સ્કીમથી જમાતને ઘણો ફાયદો થયો છે. ગર્ભાવસ્થા દરમ્યાન ઉપાયો અને સલાહ મુજબ વર્તવામાં આવે તો બિમારી ઓછી થશે. બિમારી નહિજ થાય તેમ નહિ પણ બહુજ ઓછી થશે.

લેડીઝ કમિટી, લેડીઝ વોલન્ટીઅર કોર, લેડીઝ સ્કુલ કમિટી વિગેરે જો બાળ ઉછેર અને ગર્ભાવસ્થા દરમ્યાન માવજત લેવા

માટે અમે જે ગ્રાંટ મંજુર ફરમાવેલ છે, તેનો ફાયદો ઉઠાવવા પુરતુ ધ્યાન આપશે તો જરૂર અમારી ગ્રાંટનો પુરેપુરો લાભ ઉઠાવ્યો કહેવાશે. બાળ ઉછેર અને ગર્ભાવસ્થા દરમ્યાન માવજત લેવી એ બન્ને બાબતો ઘણીજ અગત્યની છે, જેથી સઘળી કાઉન્સીલોએ તે બાબતમાં પુરેપુરો સહકાર આપવો જોઇએ. આ બન્ને બાબતો ઘણી જ અગત્યની છે, જેથી પુરેપુરૂં ધ્યાન આપી ફાયદો ઉઠાવજો.

પૈસાદાર અને તવંગર બાઇઓ ઘર કામમાં જે કંઇ હાલ થોડું કામ કરે છે, તેના કરતાં વધુ કામ કરવાની જરૂર છે. રાંધણ કળા, કપડા ધોવા, ઘર સાફસુફ રાખવું અને તેમાં પણ ખાસ કરીને રાંધણ કળા વગેરે કામ આપણી બાઈઓએ અને મુખ્યત્વે કરીને પૈસાદાર વર્ગની બાઇઓએ પોતે જાત મહેનતથી કરવાની જરૂર છે. જયાંસુધી બાઈઓ પોતાના હાથથી આવા કામો નહિ કરે ત્યાંસુધી તંદુરસ્તીને લાભ નહિ થાય. નોકરો ઉપર આવા રાંધવાના કામો મુકવાથી આપણુને સારો ખોરાક અને તંદુરસ્તી મળવી મુશ્કેલ છે. નોકરો ઉપર આધાર રાખવાથી ખોરાક ઉપર મચ્છર, માખી વિગેરે જંતુઓ બેસે છે, તેની નોકરો દરકાર રાખતા નથી. જેથી બાઇઓની પોતાની દેખરેખ વગર ફાયદો નહિ થાય. રાંધણ કળાના કામમાં કરકસર કરવાની પણ ઘણી જરૂર છે. અનાજનો બગાડ ન થાય તે બાઈઓએ ખાસ જોવું જોઇએ. આવું ત્યારેજ બને કે જ્યારે આવા બધા કામો બાઇઓ પોતાના હાથેજ કરે; આવા કામો નોકરોના હાથમાં રહેવાથી અનાજનો બગાડો થાય છે, અને તેથી ગુનાહ થાય છે. જેથી દરેક બાઇઓએ પોતાના હાથેજ રાંધવું જોઇએ.

અમને જાણીને દીલગીરી થયેલ છે કે, અત્રેની આપણી કન્યા-શાળામાં રાંધણકળાની સગવડ નથી. નવી કન્યાશાળામાં રાંધણકળાનું કામ તરતજ શરૂ કરવું. નઇરોબીમાં રાંધણકળા ઉપર સુંદર ધ્યાન અપાય છે, અને તેવીજ રીતે અંહીની કન્યાશાળામાં પણ રાંધણ કામ ઉપર પુરતું ધ્યાન આપવું જોઇએ.

હવે જે વાત અમે કહેવા ઇચ્છીએ છીએ તે વાત કહેતાં અમને ઘણીજ દીલગીરી થાય છે. આ વાત દીલગીરીની નહિ પણ શરમની વાત છે. ઘણા મોટા પ્રમાણમાં નહિ પણ થોડા પ્રમાણમાં માવિત્રો પોતાના બચ્ચાંઓને કોનવેન્ટ સ્કુલમાં મોકલે છે અને આપણી સ્કુલમાં મોકલતા નથી. આપણી સ્કુલમાં ખરાબી હોય તો એજ્યુકેશન બોર્ડને બતાવવું જોઈએ કે તેમાં શું ખરાબી છે. બોર્ડને આવી સુચના કરવાની માવિત્રોની ફરજ છે, પણ કોનવેન્ટ સ્કુલમાં બચ્ચાંને મોકલવા તે ઘણીજ દીલગીરી અને શરમની વાત છે. જો આપણી સ્કુલમાં બચ્ચાંને ન મોકલવા હોય, તો બીજી કોઇ પણ ગવર્નમેન્ટ કે ઇન્ડીઅન સ્કુલમાં મોકલો પણ ફોરેન સ્કુલમાં બચ્ચાંને બીલકુલ મોકલવા નહિ.

કોનવેન્ટ સ્કુલ ફકત એન્ટી ઈસમાઇલી કે એન્ટી ઇસ્લામ નહિ પણ તે હિન્દી માત્રથી વિરૂધ્ધ છે. સૌથી વધારે ખરાબી એ છે કે ત્યાં એક પણ એશીઆટીક ભાષા, જેવી કે ઉર્દુ, ગુજરાતી, મરાઠી કે હિંદી ભાષા શીખવવામાં આવતી નથી, તેમજ અરેબીક કે પૂર્વ દેશની ભાષા પણ શીખવવામાં આવતી નથી.

અમે અત્રેની જમાતના બચ્ચાંના માવિત્રોને પુછવા માગીએ છીએ કે, જ્યારે છોકરીઓ ઉર્દુ, ગુજરાતી, મરાઠી, હિંદી કે અરેબીક વિગેરે નહિ શીખે અને ફકત અંગ્રેજી શીખશે તો શું તમારૂં એમ માનવું છે કે, તેઓની ચામડી સફેદ અગર તો આંખો બ્લુ અને વાળ સોનેરી થઇ જશે? અને યુરોપીયન બની જશે? અમને એક પણ છોકરી બતાવો કે જે એ પ્રમાણે કોનવેન્ટ સ્કુલમાં જવાથી બદલી ગઇ હોય અને યુરોપીઅન જેવી થઇ ગઇ હોય, જો એમ હોય તો અમે ઘણીજ ખુશીથી રજા આપશું. આમ કરવાથી શું યુરોપીઅનો તમને હાઇલેન્ડમાં જમીન આપશે કે રહેવા દેશે? તથા યુરોપીઅનોના જે હકો છે, તે હકો તમને ભોગવવા દેશે?

એક યા બીજા કારણસર આપણી બાળાઓ આપણી સ્કુલમાં ન આવવા માગતી હોય, તો અમે નથી કહેતા કે તેઓ ફકત આપણીજ સ્કુલમાં જાય પણ એવી કોઈ પણ બીજી ગુજરાતી સ્કુલમાં કે જ્યાં હિંદી ભાષા શીખવવામાં આવતી હોય ત્યાં જાય, તો તેના માટે અમને દીલગીરી નથી, પણ આપણા બચ્ચાંઓ કોનવેન્ટ સ્કુલમાં જાય છે, તે સાંભળી અમને વધારે દીલગીરી થાય છે. શું જમાતનો વિચાર પોતાનાજ પગો કાપવા અને પોતાનેજ લાત મારવાનો છે? કંઈ પણ કરશો, તો પણ તમે એસીઆટીક છો, અને એસીઆટીકજ રહેવાના છો, પણ યુરોપીઅનો તો નહિજ બનો.

યુરોપમાં ટર્કી છે, તેઓમાં આજે ૮૦૦ વર્ષ થયા યુરોપીઅન લોહી છે. એક ટીપું પણ એસીઆટીક લોહી નથી છતાં તેઓ પોતાને એસીઆટીક કહેવડાવે છે, અને ટર્કી ભાષા વાપરે છે. બહુજ જુની સમરકંદ અને બુખારાની ભાષા બોલે છે, કોઈ પણ દિવસ પોતાની ભાષા છોડતા નથી. માણસ દીન બદલાવી શકે છે, વિચારો પણ બદલી શકે છે, બીજી કોમમાં લગ્ન કરવાથી રંગ પણ બદલી શકે છે, પણ જબાન યાને (ભાષા) બદલી શકાતી નથી. પોતાની ભાષાને તજી દેવાથી શું ફાયદો છે? તમે કોઇ પણ ડોકટરને પુછશો, તો તે કહેશે કે જબાનમાં ખુદાની શકિત છે, અને કહેશે કે માતૃભાષા સરળ છે, જો તેને મુકાવી દેશો તો ભવિષ્યમાં મગજ શકિતમાં ફેર પડી જશે યાને મગજ ગુમાવી બેસશે.

એસીઆટીક બચ્ચાંઓને માતૃભાષા શીખવવાનો વિચાર ન હોય તો અરેબીક શીખવો પણ એસીઆટીક એક ભાષા તો જરૂર શીખવવીજ જોઇએ. સીંધમાં અમે પોતે ગુજરાતી ભાષા બંધ કરેલ છે, પણ તેના બદલે સીંધી ફારસી ભાષા દાખલ કરાવેલ છે. જેમ ઉર્દુ ભાષા જમણેથી ડાબી બાજુ લખાય છે તેમ તે ભાષા લખાય છે. તમે હિંદુસ્તાન જાઓ અને એક પણ હિંદી ભાષા ન આવડે તો તે કેટલી શરમભરેલ અને દીલગીરીની વાત છે?! આપણા બચ્ચાંઓ આપણી

ભાષા નહિ જાણે તો ધુઆ પડો છો તે તેઓ કેમ સમજશે? તેમજ બીજા ધાર્મિક કામોમાં પણ શું સમજશે?

આ ફરમાન ફકત મોમ્બાસા માટે નથી પણ આખા આફ્રિકાની સઘળી જમાતો માટે ફરમાવેલ છે, જેથી તેનું મનન કરી પુરતો અમલ કરો.

માવિત્રોની ફરજ છે કે, આપણી સ્કુલમાં કંઇ ખરાબી હોય તો બોર્ડને જણાવે. લોકલ સ્કુલ કમિટીથી સંતોષકારક સુધારો ન થાય અને ન સાંભળે તો પ્રોવીન્સીઅલ બોર્ડ પાસે જવું, અને ત્યાંથી પણ સંતોષ ન થાય તો સેન્ટ્રલ બોર્ડ પાસે જવું, અને સ્કુલમાં જે કંઇ ખરાબી હોય તેનો ઉપાય કરો. અમે એમ નથી કહેતા કે, આપણી સ્કુલોની એબ છુપાવવી, પણ ખુલ્લી પાડો અને તેઓને બતાવો, કે જેથી સુધારો થઇ શકે. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૨.

મોમ્બાસા, તા. ૨૩-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે તમને આ અને પેલી દુનિયા માટે જે ફરમાનો કરેલ છે, તે કદી પણ ભુલી જતા નહિ. હમેશાં વાંચી ધ્યાનમાં લેજો. આ બધા ફરમાનો તમારા ફાયદા માટે ફરમાવેલ છે, જેથી તે ઉપર અમલ કરશો તો ફાયદો મેળવશો.

આજે પણ બે નાની વાત તમને ફરમાવીએ છીએ. ગરમીના દિવસોમાં બાઇઓ તથા બચ્ચાંઓએ ઘરમાં બેસી નહિ રહેતા દર-રોજ દરીયા કીનારે અથવા કલબમાં ફરવા જવું તેમજ કલબમાં અથવા બહાર પીકનીક યાને ઉજાણી માટે જવાથી બાઇઓ તથા બચ્ચાંઓને હવાખોરી થશે, આનંદ મળશે, અને ફાયદો પણ થશે.

લડાઇ પછી જરૂરનું છે કે થોડાક યુવાનો આફ્રિકાની મુસાફરી ઉપર જાય. જેવી રીતે અંગ્રેજ લોકો બહાર જઇ ત્યાંની વિગતો પોતાના કોનસલ યાને એલચીને આપે છે, તેવીજ રીતે આપણા યુવાનોએ પણ પોતાની મુસાફરીનો અનુભવ અને જ્યાં જ્યાં વેપારના ક્ષેત્રો હોય તે તથા બીજી બાબતોનો રિપોર્ટ કાઉન્સીલને આપવો. આખા યુરોપ અને અમેરીકામાં જેવી રીતે (Commeroial Travellers) મુસાફર વેપારી તરીકે ફરીને પોતાના માલની જાહેરાત અને કેન્વાસીંગ કરે છે અને ઘણી યુરોપીઅન પેઢીઓ જેવી રીતે ટ્રાવેલીંગ એજન્ટો મારફત પોતાના માલના સેમ્પલો મોકલી ઓર્ડરો મેળવે છે, તેવીજ રીતે આપણો યુવાન વર્ગ પણ બધે ફરી કેનવાસીંગ કરે અને વેપારના ક્ષેત્રો તથા વેપાર સંબંધી માહીતી વિગેરે મેળવી, પોતપોતાની કાઉન્સીલોને પુરતી વિગતો મોકલી આપે. યુવાનીઆઓ આવી રીતે પોતાના શેઠ તરફથી કેનવાસીંગ માટે જતા હોય, તો તેઓ પણ પુરતી તપાસ કરી દરેક વિગતો મેળવી પોતાના શેઠને તેવી જાતની વેપાર સંબંધી દરેક હકીકતોથી માહિતગાર કરે.

એ ઘણું જરૂરનું છે કે આફ્રિકન લોકોને વેપાર અને ખરીદીમાં રસ લેતા કરવા જોઇએ, તેમજ તેઓની જરૂરીઆત પુરી પાડવા અને આપણો સંબંધ તેઓ સાથે સારો અને નિકટનો રહે તેવી કોશીષ કરવી જોઇએ. આ ફરમાનો અત્યાર માટે નથી પણ ૧૦ વર્ષ પછી શું થવાનું છે, તેના માટે ફરમાવીએ છીએ. આફ્રિકન લોકો હવે થોડા થોડા પૈસાવાળા થતા જાય છે, જેથી આ પ્રજાને યાને આફ્રિકન લોકોને કપડાં, બુટ, મોજા, લાલ ટોપી, ઈંગ્લીશ ટોપી, દાંતના બ્રશ, દવાઓ વિગેરે ચીજોની જરૂર પડશે, તેથી તેઓના સમાગમમાં આવી હમણાથીજ વેપાર હાથ કરવાની જરૂર છે કે જેથી આવી ચીજોનો વેપાર બીજા કોઇના હાથમાં નહિ જતાં આપણી પાસે રહે.

અમને જાણીને ઘણી દીલગીરી થાય છે કે આપણી કોમમાં

કેટલાક માવિત્રો પોતાના બચ્ચાંઓના ક્રીશ્ચીઅન નામો જેવા કે જોન, જીમી, ટોમી વિગેરે રાખે છે. જો તમે ૧૦૦ વર્ષ સુધી પણ તમારા બચ્ચાંઓના નામો ક્રીશ્ચઅન રાખશો અથવા મઝહબ બદલી ક્રીશ્ચીઅન થઈ જશો અને પાદરી પાસે છાંટો નંખાવશો તો પણ તમને હાઈલેન્ડમાં જગ્યા નહિ મળે અથવા તો રહેવાના હકો પણ મળશે નહિ. આમ કરવા છતાં પણ ૧૦૦ વર્ષ પછી પણ યુરોપીઅનો તમને રાજી ખુશીથી હાઈલેન્ડમાં હકો આપશે નહિ, પણ રાજદ્વારી દ્રષ્ટિએ મળે તો તે જુદી વાત છે. રાજદ્વારી દ્રષ્ટિએ તો હિંદુ અને મુસલમાનના હકો સરખા છે. આવા ક્રીસ્ચીઅન નામો રાખવાથી તમે તમારી પોતાની બેઈજ્જતી કરો છો. આ માબાપની ઘણીજ કુસુર છે, જે બહુજ ખરાબ છે. જેમ તમે તમારા બચ્ચાંઓને ઉર્દુ કે ગુજરાતી ભાષા ન શીખવો અને જેવી હાલત થાય તેવીજ હાલત આવા ક્રીસ્ચીઅન નામો રાખવાથી થશે. હોશીઆર માણસો આવા નામો સાંભળશે, તો તેઓ માવિત્રોને નાદાન અને ગાંડા સમજશે. અંગ્રેજ લોકો હસશે અને એસીઆટીકો પણ હસશે. જો તમારે જોન નામ રાખવુંજ હોય તો પછી જોનમહુમદ રાખો."

કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"તમારા ઉપર ઘણોજ મોટો બોજો છે, જેમ કે મેટરનીટી હોમ, હોસ્પીટલ, બોર્ડીંગ ઓર્ફનેજ, હાઇસ્કુલ, નર્સરી સ્કુલ અને મુસાફરખાનુ વિગેરે બાંધકામનો ઘણો મોટો બોજો છે. મોમ્બાસા કાઉન્સીલે આ ઘણો મોટો બોજો ઉપાડેલ છે જેથી લડાઈ બાદ આ બધા બાંધ કામને લગતા કામકાજ શરૂ કરવા માટે ચાર નવા હોશીઆર, ભણેલા અને અનુભવી યુવાનોને કાઉન્સીલમાં મેમ્બર તરીકે દાખલ કરવાની જરૂર છે અને તેના માટે અમને નામો આપજો. આ બાંધકામના કામકાજ માટે તેઓ ઘણાજ ઉપયોગી અને મદદરૂપ થઈ પડશે. કાઉન્સીલે જમીન વિગેરે મેળવવા માટે હમણાંથીજ પુરતી કોશીષ કરવાની ઘણીજ જરૂર છે.

ધી ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ કંપની ઇસમાઇલીઓ માટે એક તળાવ માફક છે. તળાવમાં પાણી આવે છે અને પછી બહાર જાય છે. આ ટ્રસ્ટ કંપની ઇસમાઇલીઓની એક રીઝર્વ કંપની છે. આગળ જતાં એક વખત આ ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ કંપની "મા" બનશે અને બેન્ક તેનાં બચ્ચાં રૂપ હશે.

કાઉન્સીલ જલ્દીથી ગવર્નમેન્ટ પાસેથી જમીન મેળવવા માટે પુરતી કોશીષ કરશે, તો વાંધો આવશે નહિ. મોમ્બાસામાં એરીઆ બને છે, તો જલ્દીથી જમીન મેળવવા દરેક કોશીષ કરો. જરૂર હોય તો અત્યારથીજ કાઉન્સીલમાં ત્રણથી ચાર વધુ મેમ્બરો આ કામ માટે લઇ લીઓ અને અમને નામો આપો તો અમે હમણાંજ નવા મેમ્બરો નીમી આપીએ. ત્રણથી ચાર યુવાન, હોશીઆર, અનુભવી અને ભણેલા હોવા જોઈએ.

અમે એકસો વખત ફરમાવેલ છે કે, અમારા તરફથી આપવામાં આવતી ગ્રાંટનો એક શિલીંગનો એકજ શિલીંગ લાભ લેવો, એ તો હરામ છે. એક શિલીંગનો ઓછામાં ઓછો બે શિલીંગ તો લાભ લેવોજ જોઇએ, બલ્કે એક શિલીંગનો દોઢ શિલીંગ લાભ લ્યો ત્યારેજ તે હલાલ કહેવાય. અમારા તરફથી મળતી ગ્રાંટનો જયારે તમે ડબલ અથવા દોઢો લાલ ઉઠાવો ત્યારેજ તે હલાલ કહેવાય. આ બાબતની આગેવાનો ઉપર પુરતી જવાબદારી છે.

મુખી કામડીઆ અને સઘળી જમાતને ઘણા ઘણા દુઆ આશીષ ફરમાવીએ છીએ. મુખી કામડીઆઓએ અમારી ઘણી સારી ખીજમત બજાવેલ છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૩

ટાંગા તા. ૨૫-૬-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમે તમને હમેશાં યાદ કરતા હતા તેમજ વારંવાર તારથી પણ યાદ કરતા હતા. અમે હમેશાં તમારા ખ્યાલમાં હોઈએ છીએ. હમણાં જાહેરમાં અમે અત્રેથી રવાના થઇશું, પણ તમને ભુલીશું નહિ, તમે પણ તમારા રૂહાની મા બાપને ભુલજો નહિ.

તમારી દુન્યવી અને આખરતની બહેતરી માટે અમારે ફરમાનો કરવાનો વિચાર હતો પણ વખત બહુજ ઓછો છે, જેથી આ બાબતના ફરમાનો અમે નઇરોબી તેમજ મોમ્બાસામાં ફરમાવેલ છે, તે વાંચી તેના ઉપર અમલ કરશો તો ફાયદો મેળવશો."

આ લડાઇ દરમ્યાન બર્મામાં રંગુન ખાતે ૩૦ ઇસમાઇલી મુરીદો શહીદ થયાના સમાચારનો તાર મૌલાના હાઝર ઇમામને મળતા હાઝર ઇમામે ફરમાવ્યું:

"જે ૩૦ મુરીદો રંગુનમાં આ લડાઈમાં શહીદ થયા છે, તેઓ સર્વેની રૂહાનીઓને અમે દુઆ આશીષ ફરમાવીએ છીએ."

બાદ ફરમાવ્યું :

"છોકરા તથા છોકરીઓએ જલ્દીથી શાદી કરી લેવી એ ઘણું જ અગત્યનું છે. શાદી કર્યા પહેલાં છોકરો તથા છોકરી જુદા જુદા પોતપોતાના માવિત્રોને ત્યાં જમે છે, તે કરતાં લગ્ન કરી બન્ને સાથે જમવાથી ઘણોજ ફાયદો થશે; તેમજ ખુદાવંદતાલા તેઓની રોજીમાં પણ બરકત આપશે અને નેક જીંદગી ગુજારી શકશે, તેમજ ઓલાદ પણ થશે, જેથી વધારે ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૪.

જંગબાર તા. ૨૬-૬-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમે તમો બધા રૂહાની બચ્ચાંઓને આજે જાહેરમાં જોઇને ઘણા ખુશી થયા છીએ. આઠ વર્ષ પછી આજે ફરીથી જંગબાર

જમાતની મુલાકાતથી આનંદ થયો છે. સઘળી જમાતને ઘણુા ઘણુા દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે તમને હમેશાં યાદ કરતા હતા અને તારથી પણ તમને દુઆ આશિષો ફરમાવતા હતા. આજે આવા ખુલ્લા બગીચામાં તમો સઘળી જમાતને જોઇને ખુશી થયા છીએ અને ઇન્સાઅલ્લાહ આવતી દુનિયામાં પણ આવીજ રીતે ખુલ્લા બગીચામાં સાથે હશું.

અમે ઇચ્છીએ છીએ કે યુવાનો જમાતખાનામાં જમાતને વાએઝ તથા ગીનાનનો લાભ આપે, કે જેથી અમે ઘણા ખુશી થશું. અમારા ફરમાનોનો દરેક પોતાની અકલ પ્રમાણે અર્થ કરી વાએઝ કરે. અમારા ફરમાનોની પીરોના ગીનાનોની સાથે સરખામણી કરી વાએઝ કરશો, તો અમને ઘણો આનંદ થશે.

અત્રે જંગબારમાં મોટી ઉમરની ઘણી છોકરીઓ કુંવારી જોવામાં આવે છે, તેનું કારણ શું છે? શા માટે જલ્દીથી શાદી કરવામાં આવતી નથી ? તમે બહારગામ છોકરીઓ આપતા નથી અને પૈસાદારને પસંદગી આપો છો તે સાંભળી અમે ઘણાજ દિલગીર થઇએ છીએ. ઇમાનદાર અને તંદુરસ્ત છોકરો જોઈ જલ્દીથી છોકરીઓની શાદી કરી આપો.

સન ૧૯૨૫ની સાલમાં આ મુલક ખાલી કરી, ટાંગાનીકા, કેન્યા અને યુગાન્ડા તરફ જવા તમને ફરમાવ્યું હતું કારણ કે આ ટાપુ બહુજ નાનો છે. ૪૦ વર્ષથી અમે તમને કહેતા આવ્યા છીએ કે જંગબારને આગળ વધવાની બહુ ઓછી આશા છે, જેથી જંગબાર ખાલી કરી જાઓ. તે વખતે કોન્ગો અને પાડોશના મુલકો બધા ખુલ્લા હતા અને કોન્ગો તરફ જવા ખાસ ભલામણ કરી હતી તે છતાં તમે તે ફરમાનોની દરકાર કરી નહિ.

અમે ઘોડાને પાણી પાસે લઇ જઇએ છીએ, પણ ઘોડો પાણી ન પીએ તો અમે શું કરીએ? પાણી ન પીવાથી તેનેજ નુકશાન

થાય છે. અમારા ફરમાનો સાંભળી ત્રીજા ભાગના માણસો તેનો અમલ કરી બહારગામ નીકળી ગયા એટલે કે ત્રીજા ભાગના માણસોએ પાણી પીધું અને બે ભાગના માણસો પાણી પીધા વગરના રહી ગયા. ફરી પાછા ૧૯૩૭માં પણ અમે તમને જંગબાર ખાલી કરી બહાર ગામ જવા ઘણા ફરમાનો કર્યા હતા, છતાં ત્યાર પછીના આઠ વર્ષના સમય દરમ્યાન પણ ઘણા થોડા માણસો બહાર નીકળી ગયા.

શરૂઆતમાં જેઓ અમારા ફરમાનોનો અમલ કરી બહાર ગામ ગયા તેઓએ ઘણું પાણી પીધું છે, પણ જેઓ પાછળથી મોડા નીકળ્યા તેઓએ ઓછું પાણી પીધું છે. હજી અમે તમને અત્યારે પણ ફરમાવીએ છીએ કે જંગબારમાંથી ઓછામાં ઓછા એક હજાર માણસો જરૂર નીકળી જાઓ તો ઘણુંજ સારૂં છે. તમે દારેસલામ કે ઠાંગા જેવા શહેરોમાં નહિ પણ ટાંગાનીકાના ગામડાઓમાં જાઓ. જંગબારમાં વેપાર નથી તો બહારગામ નીકળી જાઓ, તો ઘણું સારૂં છે. આમ કરવાથી જેઓ બહાર ગામ જશે તેઓ આબાદ થશે અને જેઓ જંગબારમાં બાકી રહેશે તેઓ પણ ઓછી સંખ્યા હોઈ હરીફાઈ નીકળી જતાં લાભ મેળવશે. અમે ઇચ્છીએ છીએ કે યુવાનોએ બહાર ગામ જઈ હિંમતથી મુસીબતોનો સામનો કરી જંગલો વસાવવા જોઇએ. અંગ્રેજ લોકો પણ દુર દુરના મુલ્કોમાં જઇ શહેરોનો મોહ છોડી દઇ જંગલો વસાવ્યા, તેમ તમે પણ કરશો તો આબાદ થશો.

છોકરાઓએ શાળામાંથી ભણીને બહાર પડતાની સાથેજ બહાર ગામ જઇ નાના ગામડાઓ અને જંગલો વસાવવા જોઇએ, કે જેથી તમે સુખી અને આબાદ થશો.

જો તમે અમારા ફરમાનો નહિ માનો અને અમને નારાજ કરશો, તો તમારી દુનિયા અને આખરત બન્ને બગડશે.

જેમ બને તેમ જલ્દીથી જંગબારમાંથી નીકળી જાઓ.

તમારામાંથી કેટલાક કેન્યા તરફ જઈને બરાબર સંતોષકારક કામ નહિ કરવાથી જંગબાર પાછા આવ્યા તે ઘણુંજ ખરાબ છે.

આળસુ નહિ બનો. હિંમત રાખી આગળ વધો. જો અંગ્રેજો તમારી માફક આળસુ બન્યા હોત તો તેઓ ભુખે મરત. ઈમીગ્રેશન માટે દારેસલામ ખાતે એક કોનફરંસ બોલાવવામાં આવનાર છે. આ કોનફરંસના ઠરાવોની પત્રિકાઓ છપાવી આપણી કોમમાં વહેંચજો પણ છાપાઓમાં છપાવજો નહિ કે જેથી બીજાઓ તેનો લાભ ઉઠાવી જાય. બહારગામ જવા બાબતના આ સર્વ ફરમાનો તમે જંગબારવાસીઓ માટેજ છે. જેથી હજી પણઓછામાં ઓછા એક હજાર માણસો જરૂર બહારગામ નીકળી જાઓ અને ટાંગાનીકા તેમજ દક્ષિણ તરફના ગામડાઓ અને જંગલો વસાવો.

આ અમારા છેવટના ફરમાન છે. હજી પણ જો અમારા ફરમાન નહિ માનો તો પછી પાણી સુકાઇ જશે, પછી અફસોસ કરવો નકામો છે, માટે અમારા ફરમાનો માની હમણાંથીજ અમલ કરશો તો ફાયદો ઉઠાવશો. ખાનાવાદાન."

**ફરમાન ૫૦૫.**

જંગબાર તા. ૨૮-૬-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"નોકરીઆત વર્ગના માણસો સાંજે અથવા રજાના દિવસે અમારા દિદાર માટે આવી શકે છે. અમે આ બાબતમાં તમને નઇરોબી તેમજ મોમ્બાસાથી તાર માર્ફત ફરમાવેલ કે, જેઓ ગવર્નમેન્ટ સરવીસમાં, બેન્કમાં કે વેપારી પેઢીઓમાં કામ કરતા હોય, તેઓએ પોતાના કામ ઉપર પુરતું ધ્યાન આપવું જોઈએ.

કલબમાં એટલે કે આવી ખુલ્લી જગ્યામાં હમેશાં ફરવા આવો. આવી ખુલ્લી જગ્યામાં આવવાથી તમને ઘણોજ ફાયદો થશે, કારણકે

ગામમાં ગરીબ તેમજ તવંગર સર્વના મકાનો ઘણી ધીચ જગ્યામાં આવેલ છે, જેથી ત્યાં ચોખી હવા મળવી મુશ્કેલ છે. કલબની આ જગ્યા મુંબઈમાં હસનાબાદ છે તેવી મોટી છે, તો તમે આવી ખુલ્લી જગ્યામાં ફરવા આવશો, તો તમારી તંદુરસ્તીને ઘણો ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૬.

જંગબાર તા. ૩૦–૬–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"લગ્નો જેમ વધુ પ્રમાણમાં થશે તેમ અમે વધુ ખુશી થઈશું, માટે જેમ બને તેમ વધુ શાદીઓ કરવાની કોશીષ કરો. અત્યારે અમારી હાજરી હોવાથી તમને શાદીના કામકાજો પતાવવા માટે સારી તક છે; કારણ કે અમારી હાજરીમાં લગ્નો પતાવવાથી તમને બહુજ ઓછો ખર્ચ થશે. શાદીના કામ તો જરૂર અમારી હાજરી દરમ્યાન પતાવજો એથી અમે ઘણાજ ખુશી થઈશું. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૭.

જંગબાર તા. ૧–૭–૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"પહેલે દિવસે અમે તમને બહારગામ જવા સંબંધી જે ફરમાનો કર્યાં છે, તે ભુલી જતા નહિ. જેઓના કામધંધા અત્રે સારી રીતે ચાલતા હોય અને જેઓને છાંભા તેમજ બીજી મીલ્કતોની આવક સારી હોય, તેઓએ બહારગામ જવાની ખાસ જરૂર નથી; પણ જેઓની પાસે સારી મુડી હોય અને પાંચ સાત પુત્રો હોય તેઓએ તેમાંથી બેથી ત્રણ પુત્રોને વેપારની ખીલવણી માટે બહાર ગામ મોકલવા જોઇએ. ખાનાવાદાન."

**ફરમાન ૫૦૮.**

જંગબાર તા. ૮-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આફ્રિકામાં અમે કીસુમુ, કમ્પાલા, નઈરોબી અને મોમ્બાસામાં જે જે ફરમાનો ફરમાવ્યા છે, તે તમે વાંચજો અને તે પ્રમાણે અમલ કરશો તો ઘણોજ ફાયદો થશે. આ ફરમાનો તમે જમાતખાનામાં જરૂર વાંચજો અને તેના ઉપર અમલ કરશો તો તમને આ તથા પેલી દુનિયામાં ફાયદો મળશે.

હવે અમે થોડી વાતો ખાસ કરીને જંગબારના લાભ માટે કહેવા માંગીએ છીએ.

એક તો એ છે કે, ચાઇલ્ડ વેલફેર એટલે કે બાળ ઉચ્છેર બાબતમાં મોમ્બાસાની લેડીઝ કમિટી જેવી રીતે કામ કરે છે, અને તેઓને અમે જે સલાહ આપેલ છે, તે સર્વે અત્રેની બાઈઓને સમજાવવાથી ઘણો ફાયદો થશે. બચ્ચાંઓ જન્મે ત્યારથી તેઓની કેવી રીતે માવજત કરી ઉછેરવા તથા કેવી જાતનો ખોરાક આપવો, તે સંબંધી તેમજ તંદુરસ્તીના વિષય ઉપર અમારા ફરમાન અનુસાર નૈરોબીમાં ગુજરાતીમાં પત્રિકાઓ છાપી વહેંચવામાં આવેલ છે. અમારી ઈચ્છા છે કે, તમે સઘળાઓ તે પત્રિકાઓ વાંચી તે પ્રમાણે અમલ કરશો, તો ફાયદો ઉઠાવશો. આ પત્રિકાઓમાં જણાવવામાં આવ્યા પ્રમાણે અમલ કરશો તો બિમારી માટેની અરજીઓ અમારી પાસે ઓછી આવશે.

લેડીઝ કમિટીને જરૂરનું છે કે તેઓ દરેકના ઘરે જઇને બચ્ચાં-ઓની માવજત કેવી રીતે કરવી, ઘરમાં સફાઈ કેમ રાખવી અને તંદુરસ્તીના નિયમો બાબત બાઈઓને સમજાવવું જોઈએ કે જેથી કોમમાંથી પચાસ ટકા જેટલી બિમારીઓ દુર થઈ જશે. બાકીની

પચાસ ટકા બિમારી તો કુદરતી આવે છે અને તેના માટે દીલગીર થવું જોઇએ નહિ, બલ્કે ખુશી થવું જોઇએ, કારણ કે તેવી કુદરતી બિમારીઓથી ઇન્સાનના પાપો ધોવાય છે અને આ દુનિયામાંજ તેનો ફેરો સફળ થાય છે, અને પેલી દુનિયામાં તેના માટે આસાની છે.

અત્રે રહેવાના મકાનો બહુજ નજીક નજીક અને ગીચો ગીચ આવેલા હોવાથી હવાની આવજાવ પુરતા પ્રમાણમાં થઇ શકતી નથી, જેથી ગંદવાડ પણ વધુ પ્રમાણમાં થાય છે, જે તંદુરસ્તીને નુકશાન કર્તા ગણાય; માટે તમારા રહેવાના મકાનો બહુજ સફાઇદાર અને ચોકખા રાખવાની ઘણીજ જરૂર છે, કે જેથી તમારા મગજને અને તબીયતને પણ ઘણોજ ફાયદો થશે.

શાળામાં અભ્યાસ કરતી બાળાઓને પણ ઘરો કેવી રીતે સ્વચ્છ રાખવા તે બાબતનું શિક્ષણ આપવું જોઇએ, તેમજ રાંધણ કળા શીખાવવાની પણ ઘણીજ જરૂર છે અને તેમાં પણ માદક અને મસાલાવાળા પદાર્થો કે જે તંદુરસ્તીને નુકશાનકર્તા છે તેવા પદાર્થો જેમ બને તેમ ઓછા પ્રમાણમાં વાપરવા શીખવવું જોઇએ.

શાળામાં અભ્યાસ કરતા બચ્ચાંઓને અભ્યાસમાં બેદરકાર રહેવા બદલ અથવા મસ્તી તોફાન કરવા માટે શિક્ષકો તરફથી કાનુન પ્રમાણે જે કંઇ મર્યાદિત શિક્ષા કરવામાં આવે, તે બાબતની ફરીઆદ બચ્ચાંઓ તરફથી માવિત્રો પાસે કરવામાં આવે તો માવિત્રોએ તેથી નારાજ થવું જોઇએ નહિ, તેમજ બચ્ચાંઓને ઉતેજન નહિ આપતા સમજાવી શાળામાં મોકલવા જોઇએ. માવિત્રોએ સમજવું જોઇએ કે અભ્યાસમાં બેદરકારી તેમજ મસ્તી તોફાન માટે થતી શિક્ષાથી બચ્ચાંઓનું ભવિષ્ય સુધરે છે. જો આવી શિક્ષા પણ બચ્ચાંઓને નથી કરવામાં આવતી તો આગળ જતાં તેઓ આળસુ અને નાદાન બની જાય છે.

તમે તમારા બચ્ચાંઓના ક્રીશ્ચીયન નામો જેવા કે જીમ્મી, જોન, ટોમી, વિગેરે રાખો છો, તે ઘણુંજ ખરાબ છે, અત્યારે તમને ઇસ્લામી નામો આપવામાં આવે છે, તે ઘણાંજ સારા છે. ક્રીસ્ચીઅન નામો રાખવાથી શું તમે સુધરેલા થઇ જશો? ફકત અંગ્રેજી નામો રાખવાથીજ સુધરેલા નથી થઇ શકાતું; તેથી તમારે ઇસ્લામી નામો પેગમ્બરો, ઇમામો અને પીરોની પુઠીઉમાંથી રાખવા જોઇએ.

આજે અમે તમને ફરીથી ખાસ અગત્યની સલાહ આપવા માગીએ છીએ અને તે એ છે કે, શાદી જલ્દી કરવી જોઇએ. આપણી કોમમાં ઉમર લાયક બચ્ચાંઓની શાદી જલ્દી કરો. વિધવાઓ અને છુટાછેડા થયેલ સ્ત્રીઓની પણ ફરીથી શાદી કરવાની ખાસ જરૂર છે. આ પ્રમાણે પુનર્લગ્ન કરવા એ ઘણુંજ સારૂં છે અને તેનાથી ઘણોજ ફાયદો થશે. હિંદુઓ કે જેઓ આજે વર્ષો થયા પુનર્લગ્ન કરતા ન હતા, તેઓને પણ અત્યારે ભાન થયેલ છે, અને આજના સુધરેલા હિંદુ યુવાનો પુનર્લગ્નો કરે છે. તલાક અપાએલ ઓરત સાથે ફરી લગ્ન ન કરવા તે ઇસ્લામના સિધ્ધાંતની વિરૂધ્ધ છે. અમે જે ફરમાનો કરીએ છીએ તે પ્રમાણે લગ્નો જલ્દીથી કરવાજ જોઇએ, પણ તમે તેમ કરતા નથી, જે ઘણુંજ ખરાબ છે. ફરી પણ ભલામણ કરીએ છીએ કે કુંવારી કન્યાઓની મોટા પ્રમાણમાં શાદીઓ થવીજ જોઇએ. આવા અગત્યના ફરમાનો પ્રમાણે અમલ નહિ કરો તો તમને ફાયદો કયાંથી થશે?

તમારા પોતાના ઘરમાં કુંવારી કન્યાઓ મોટા પ્રમાણમાં બેઠેલી હોય, તો પછી અમે તમને વિધવાઓ અને તલાક અપાએલ સ્ત્રી-ઓની ફરીથી શાદી કરવા કેમ ફરમાવીએ? સ્ત્રીઓના લગ્નો જલ્દીથી કરવામાં ઘણો ફાયદો છે. કેટલાક માણસો કહે છે કે પૈસા નથી, ખાવાનું નથી વિગેરે પણ અમે તમને પુછીએ છીએ કે ખાવા વગર માણસ કેમ જીવી શકે? એક છોકરી પોતાના માબાપના ઘેર જમે

છે, અને પરણ્યા બાદ પોતાના પતિના ઘરે તેની સાથે જમશે, તો તેથી વધારે ફાયદો થશે.

જાહેરમાં તમો જમાત સાથે હોવાથી અમે ઘણા ખુશી થયા છીએ. બાતુનમાં તો હમેશાં તમારી પાસેજ હોઇએ છીએ. અમે તમને હમેશાં યાદ કરીએ છીએ. તમે પણ તમારા રૂહાની પિતાને કદી પણ ભુલી જતા નહિ. હમેશાં યાદ કરજો. ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું :

"આવતી સાલ અમારી ડાયમંડ જ્યુબીલી પ્રસંગે જ્યારે અમે અત્રે પધારીએ ત્યારે કોઇએ શણગાર કે રોશની વિગેરે કાંઇ પણ ખર્ચ કરવું નહિ.

અમે અત્યાર સુધી જે જે ફરમાનો કર્યા છે, તે સર્વ તમે હમેશાં વાંચશો અને તે પ્રમાણે અમલ કરશો તો ફાયદો ઉઠાવશો. એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાંખશો કંઈ પણ ફાયદો થશે નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૫૦૯.

દારેસલામ તા. ૯-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પંજેભાઇ કમીટીને ફરમાવ્યું :

"તમે બેકારોને કામે લગાડો છો, તે જાણી અમે ઘણા ખુશી થયા છીએ."

જમાતખાનુ સાફસુફ કરનાર બાઇઓને ફરમાવ્યું :

"તમે અમારૂં ઘર એટલે જમાતખાનું સાફ કરો છો, તો અમે તમારૂં દીલ સાફ કરીશું."

મિશન સોસાયટીને ફરમાવ્યું:

"તમે જમાતખાનામાં વાએઝ-લેકચરો કરો છો અને મારફતી જ્ઞાન એલ્મનો બોધ આપો છો, તે જાણી અમે ઘણા ખુશી થયા છીએ. તમારા સભ્યોએ "નુરૂમ મુબીન"નો અભ્યાસ કરવો જોઇએ કારણ કે તેમાં આપણા મઝહબની ઈતિહાસિક ઘણી વાતો લખેલ છે. આવી ઇતિહાસિક વાતો જમાતને સંભળાવી બોધ આપવો એ ઘણુંજ જરૂરનું છે.

આવતા વર્ષે અમારી ડાયમંડ જ્યુબીલી અત્રે ઉજવવામાં આવશે, તેથી આ વર્ષે તમે ઓછો ખર્ચ અને શણગાર કરો. આ સર્વ જાહેરી અને દુન્યવી મોજમજાહ છે, જ્યારે ખરી અને બાતુની મોજમજાહ તેમજ ખુશી તો જમાતખાનામાં આવી દુઆ પડવામાં રહેલી છે.

જ્યુબીલીનો પ્રસંગ પાંચથી છ ઇમામોના વખતમાં થએલ છે, પણ ડાયમંડ જ્યુબીલીનો આ અપુર્વ પ્રસંગ ઈતિહાસમાં અજોડ અને પહેલોજ બનશે, તેથી તે વખતે જેટલો બને તેટલો વધુ શણગાર અને રોશની તેમજ આનંદ ઉજવજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૧૦.

દારેસલામ તા. ૧૦-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમે અત્રે લગભગ એક મહીના સુધી રહીશું, તેથી જેઓ નોકરી કરતા હોય, તેઓએ પોતાની નોકરી છોડીને તથા વેપારીઓએ પોતાના કામધંધા બંધ કરીને અમારા દિદાર માટે આવવું નહિ, પણ સાંજે તેમજ રજાના દિવસોએ તેઓ અમારા દિદારનો લાભ લઈ શકશે. એક દુકાનમાં બે માણસો કામ કરતા હોય તો તેઓએ વારાફરતી દિદાર માટે આવવું જોઈએ."

ઓલ્ડ બોયઝ એસોસીએશનને ફરમાવ્યું:

"તમે આવતી સાલ અમારી ડાયમન્ડ જ્યુબીલી પ્રસંગે અંગ કસરત અને વ્યાયામના ખાસ પ્રયોગો મોટા પ્રમાણમાં ગોઠવજો, અને આખા ઇસ્ટ આફ્રિકાની શાળાઓના વિદ્યાર્થીઓને હરીફાઇમાં ભાગ લેવા આમંત્રણો આપજો."

ઓલ્ડ ગર્લ્સ એસોસીએશનને ફરમાવ્યું:

"અમારી રૂહાની દિકરીઓ કદી પણ બુઢી થતી નથી, તેઓ તો હમેશાં જુવાનજ હોય છે. જેથી તમારી એસોસીએશનનું નામ "ઓલ્ડ ગર્લ્સ" ને બદલે "ફોરમર ગર્લ્સ" એસોસીએશન રાખજો. આવતી સાલ અમારી ડાયમન્ડ જ્યુબીલી પ્રસંગે તમે મોટા પ્રમાણમાં કળા પ્રદર્શન ગોઠવજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૧૧.

દારેસલામ તા. ૧૧–૭–૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અત્રે અમારી હાજરી હોવાથી ઉમર લાયક જુવાન છોકરા અને છોકરીઓએ અમારી હાજરીમાં જલ્દીથી લગ્નો પતાવવા જોઇએ. લગ્નો માટે ઢીલ કરવી અગર બેદરકારી સેવવી એ ઘણુંજ ખરાબ છે. તેમજ લગ્નો કરવા માટે નાણાંની અગર બીજી તકલીફોના વિચારો કરવા તે પણ બરાબર નથી; કારણ કે છોકરો અને છોકરી લગ્નો પહેલાં પોતાના માવિત્રોને ત્યાં જુદા જુદા જમે છે, અને લગ્ન કર્યા પછી સાથે જમે છે, તો તેમાં ખર્ચ વધુ થતો નથી. આમ સાથે રહેવાથી ખુદાવંદતાલા તેઓની રોજીમાં પણ બરકત આપે છે, અને તેઓને ઘણો લાભ થાય છે, તેથી અમારી હાજરીમાં જેમ બને તેમ વધુ લગ્નો પતાવવા જમાતને અમે ખાસ ભલામણ કરીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૧૨.

દારેસલામ તા. ૧૩-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"આજે અમે જમાતને ઘણાં અગત્યના અને ખુશીના સમાચાર આપવા માંગીએ છીએ અને તે એ છે કે ધી ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ આજે રજીસ્ટર થઈ ગયેલ છે અને તેનું સરટીફીકેટ ગવર્નમેન્ટ પાસેથી મળી ગએલ છે. જમાતની આ મોટામાં મોટી જવાબદારી છે. શેરહોલ્ડરોએ પોતાની ખરી ધગશ અને હિમતથી આ ટ્રસ્ટ કંપનીને આગળ વધારી પોતાની દરેક ફરજો બજાવવી જોઇશે. આ જવાબદારી ટાંગાનીકા ઉપર અને ખાસ કરીને દારેસલામ ઉપર વધારે રહેલ છે, કારણ કે આ કંપની દારે-સલામમાં રજીસ્ટર થયેલ છે, અને તેની હેડ ઓફીસ પણ દારેસલા-મમાં હોવાથી બધું કામકાજ તમારેજ કરવાનું રહેશે. જો તમે ખંત, હિંમત અને ખરી ઇમાનદારીથી આ કંપનીને આગળ વધારવા કોશીષ નહિ કરો તો અમારી બધી મહેનત ફોગટ જશે.

આ કંપનીને સ્થાપી રજીસ્ટર કરાવવાના સર્વ કામકાજને પહોંચી વળવા માટે શરૂઆતમાં અમે આઠ પ્રોમોટર્સ નીમ્યા હતા અને તેઓએ પોતાનું કામ પુરૂં કર્યું છે. આ આઠ ઉપરાંત બીજા ૧૩ ડાયરેકટરોની એક વર્ષ માટે ચુંટણી કરવાની છે.

ધી ડાયમન્ડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડના ડાયરે-કટરોને ચુંટવાની એક બહુજ મોટી અને ગંભિર જવાબદારી શેર હોલ્ડરો ઉપર રહેલી છે. કંપનીની સફળતાનો સર્વ આધાર ડાયરેક-ટરો ઉપર રહે છે. દરેક સેન્ટરોમાંથી ડાયરેકટરો ચુંટાય તેવી કોશીષ કરવી જોઇએ કે જેથી દરેક સેન્ટરના હિત જળવાય.

ડાયરેકટરોની ચુંટણી કરતી વખતે શેર હોલ્ડરોએ કોઇપણ

જાતની અંગત લાગવગ, પક્ષપાત, મિત્ર કે સગાઓના સંબંધથી દોરવાઇ નહિ જતાં, નિઃડરપણે અનુભવી, લાયક, પ્રમાણિક, હોશીઆર અને નાણાંકિય બાબતોમાં પ્રવિણ હોય તેવાઓને ચુંટવા જોઇએ. આવી સામુદાયિક કંપની માટે વેપારી કુનેહ ધરાવનાર તેમજ નાણા વિષયક સંપુર્ણ જોખમદારી સમજનારા ડાયરેકટરો ચુંટવાથી કંપનીને ઘણોજ ફાયદો થશે.

અમે તો ઘોડાને પાણી પાસે લઇ જઇએ, પછી પાણી પીવું કે નહિ, તે ઘોડાની પોતાની મરજીની વાત છે. આ કંપની પાણી માફક છે. તમને અમે પાણી નજીક લાવીએ છીએ, હવે પાણી પીવું કે નહિ તે તમારા ઉપર આધાર રાખે છે. મતલબ કે કંપનીને સફળ બનાવવી તે તમો શેર હોલ્ડરો અને નિપુણ ડાયરેકટરોના હાથમાં છે.

ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડને એક આગબોટ રૂપે, ૯૯ વર્ષે, ધારેલી જગ્યાએ પહોંચાડવા વકી રાખવી જોઇએ. શેર હોલ્ડરો ખલાસી મીસાલ અને ડાયરેકટરો કેપ્ટન મીસાલ છે, જેથી બન્નેએ એટલે કે શેરહોલ્ડરો અને ડાયરેકટરોએ એક બીજાના સહકારથીજ આગબોટને ધારેલી મંજલે સહીસલામત પહોંચાડવી જોઇએ.

આ કંપની બે કરોડ શિલીંગની મુડીથી રજીસ્ટર કરાવવામાં આવેલ છે, જેમાંથી દોઢ કરોડ શિલીંગથી વધુ રકમના શેરો વેચાઇ ગયા છે. બાકીના શેરો પણ તુરતમાં વેચવા ખુલ્લા મુકવામાં આવશે, જે તમે સખ્ત કરકસર કરી બચાવેલ નાણામાંથી જરૂર ખરીદજો. જેઓ પાસે પોતાના વેપારમાં જોઇતા નાણા કરતાં વધારાની રકમ હોય, તેઓએ તેવા વધારાના નાણા આ ઉદ્ધર કંપનીમાં રોકવા જોઇએ."

બાદ ફરમાવ્યુ :

"ડાયમન્ડ જ્યુબીલીની ઉજવણી ઓગસ્ટ ૧૯૪૬માં થવાની છે,

પણ ડાયમન્ડ જ્યુબીલીનો ખરો દિવસ તા. ૧૭મી ઓગસ્ટ ૧૯૪૫ નો છે. તે દિવસ યાને ૧૭મી ઓગસ્ટ ભવિષ્યમાં દર વર્ષે ડાયમન્ડ જ્યુબીલીની ખુશાલી તરીકે ઉજવજો.

અમારા સર્વે મુરીદોએ ડાયમન્ડ જ્યુબીલીના ફંડમાં જે જે રકમો ભરેલ છે, તે તમામ રકમોનો સ્વતંત્ર ભેટ તરીકેનો સવાબ અમે તમને બક્ષી આપીએ છીએ અને તમે અમને મહેમાની કરેલ છે, એમ અમે સમજીએ છીએ. આ ડાયમન્ડ જ્યુબીલીના ફંડની રકમ અમે પોતે રાખવા ઇચ્છતા નથી પણ અમે ઇકોનોમીક કોનફરન્સમાં જાહેર કરેલ છે, તે પ્રમાણે અમારા હૃદયની અતિ ઉત્તમ ઇચ્છાઓ મુજબ કોમના ભલા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે. મજકુર રકમ ધી ડાયમન્ડ જ્યુબીલી ઇનવેન્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડને ૯૯ વર્ષની લાંબી મુદતના ડીબેન્ચર ઉપર વાર્ષિક અડધા ટકાના વ્યાજે આપવામાં આવશે, અને વ્યાજની જે આવક થશે તે કોમના લાભાર્થે વાપરવામાં આવશે.

જેઓ આ ડાયમન્ડ જ્યુબીલી ફંડમાં નાણા ભરશે, તેઓને પોતાના બચ્ચાં અને તેના બચ્ચાંના બચ્ચાંઓને પણ ૧૦૦ વર્ષ સુધી લાભ મળશે, જેથી અમે અમારા રૂહાની બચ્ચાંઓને સલાહ આપીએ છીએ કે બની શકે તેટલા વધુ નાણા ધી ડાયમંડ જ્યુબીલી ફંડમાં ભરવા. આ નાણા ધી ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ માર્ફત તેઓને એકસો વર્ષ સુધી લાભ અને બદલો આપશે. લીજ્યન કમિટીને અમે ભલામણ કરેલ છે કે મજકુર નાણાના વ્યાજની જે આવક થાય તેમાંથી જુદા જુદા સેન્ટરોની વસ્તીના પ્રમાણમાં બાળ બાળાઓને ઉંચ કેળવણી અર્થે દેશાવર જવા, સ્કોલરશીપ માટે આપવા.

ધી ડાયમન્ડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડનું મુખ્ય કામ એ છે કે તેણે જુદી જુદી કોરપોરેશન અને કો-ઓપરેટીવ સોસાયટીઓને બહુજ ઓછે વ્યાજે નાણા ધીરવા. ધી ડાયમંડ

જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ તેમજ કોરપોરેશન અને કો-ઓપરેટીવ સોસાયટીઓ વિગેરેની અરસપરસ એક મોટી જવાબદારી એ છે કે, તેઓએ નાણાને નુકશાન પ્હોંચે નહિ અથવા ખોટા થાય નહિ તે માટે પુરતી કાળજી રાખવી જોઇએ.

આજે અમે તમને તમારી દુન્યવી બહેતરી માટેના ફરમાનો કરીએ છીએ અને તે એ છે કે, જ્યારે અમે તમને દુ:ખી જોઇએ છીએ, ત્યારે અમને ઘણું દુ:ખ થાય છે; પણ જ્યારે તમે સુખી હો છો, ત્યારે અમે પણ સુખી હોઇએ છીએ, તેથી તમે કેમ સુખી થાઓ તેનો અમે હમેશાં વિચાર કરીએ છીએ!

ઇમામ, ઇન્સાન ઉપર આવતા કિસ્મતી અને કુદરતી દુ:ખો ટાળવા કોશીષ નજ કરે. જો ઇમામ તેમ કરે, તો પછી બીજી દુનિયા અંહીજ હોય, યાને કે દુનિયા અને આકબત કે આખરત જેવું કંઇ રહે નહિ. ઈન્સાનને આ દુનિયામાં જે દુ:ખ પડે છે, તેથી નારાજ થવું જોઈએ નહિ; પણ તેના માટે ઇન્સાને ખુશી થવું જોઇએ. કારણ કે આવા કુદરતી દુ:ખોથી ઈન્સાનના પાપો ધોવાય છે, અને આત્માને પાપમાંથી મુકિત મળે છે."

ત્યાર બાદ મુંબઇનો એક દાખલો આપતાં ફરમાવ્યું:

"અમે જ્યારે મુંબઈ હતા ત્યારે બદકશાનનો મુખી અમારી પાસે આવ્યો હતો કે જેનું આખું શરીર સફેદ કોઢથી નહિ પણ કાળા કોઢથી જખમી થયેલ હતું, અને તેના શરીરના બધાં અવયવો બહુ અશકત હાલતમાં હતા, છતાં પણ તે ખુશી થતો હતો અને અમારો આભાર માની કહેતો હતો કે, આથી અમારા પાપ ધોવાય છે, અને જે તકલીફ મને આ દુનિયામાં પડે છે, તેથી આવતી દુનિયામાં મને તકલીફ ભોગવવી નહિ પડે."

બાદ ફરમાવ્યું:

"તમને જે દુ:ખ અને તકલીફ આવે છે, તેની ફરીયાદ નહિ

કરતા, તેને ખુશી થઇને કબુલ કરી લેવી જોઇએ. તમારે સમજવું જોઇએ કે, કિસ્મતના જે દુઃખો અને તકલીફો નિર્માણ થએલ હોય છે, તે સહન કરવાથીજ આત્મા શુધ્ધ થાય છે, પણ જે બિમારીઓ અને દુઃખો તમારી બેદરકારીથી આવે છે, તેનાથી પાપ ધોવાતા નથી. ઇન્સાનને ખુદાવંદતાલાએ અકલ આપી છે જેથી તેનો ઉપયોગ કરી ગફલતીથી આવતી બિમારીઓના ઉપાયો કરવા જોઇએ. ખાનાવાદાન."

બાદ ફરમાવ્યું:

"હવે લડાઈ ખતમ થયેલ છે, અને મંદીનો વખત આવશે, માટે તમારા દુન્યવી ખર્ચાઓમાં પાંચથી સાત વર્ષ સુધી સખ્તમાં સખ્ત કરકસર કરવાની ઘણીજ જરૂર છે. મોજશોખ અને સિનેમા વિગેરેના ખોટા ખર્ચા બને તેટલા ઓછા કરો. તમે તમારા વેપાર તેમજ કામધંધા ઉપર પુરતું ધ્યાન આપો.

દારૂ અને તમાકુ સાથે અમને અને અમારા વડવાઓને કોઈ દુશ્મની નથી, તેમજ તે ચીજોએ અમને કાંઇ પણ નુકશાન કરેલ નથી, પણ તે બન્ને બદીઓ ઇન્સાનની કટી દુશ્મન છે. યુરોપીઅનો આ બન્ને બદીઓમાં ચકચુર અને ઓતપ્રોત રહે છે. જો તમે આ બદીઓ તજી દેશો, તો તેઓનો સામનો તમે કરી શકશો, પણ જો આ બન્ને ખરાબ આદતો ચાલુ રાખશો, તો તેઓનો મુકાબલો તમે નહિ કરી શકો અને મહાત થઈ પાછા પડશો. યુરોપીઅનો સામે આર્થિક હરીફાઇ માટે તમારે આ બન્ને બદીઓથી દુર રહેવુંજ જોઈએ.

અગર જો તમારી સામે કોઇ એકસો શિલીંગની નોટ બાળી નાખે યા તો તેથી વધુ ફુઝુલ ખર્ચ કરે તો તમે તેને શું કહેશો? તમે તેને નાદાન કહી હસી કાઢશો. વૈદકશાસ્ત્ર પણ પુરવાર કરે છે કે આ વસ્તુઓ તંદુરસ્તી માટે ઘણીજ નુકશાનકર્તા છે. તમાકુ અને

દારૂ એ બન્ને વસ્તુ ઝેર છે, કે જે દમ જેવી ગંભિર બિમારી ઉત્પન્ન કરે છે. જો આ ચીજો તમે થોડા પ્રમાણમાં લેશો તો તેથી થોડું ઝેર થશે અને વધુ પ્રમાણમાં લેશો તો હળાહળ ઝેર થશે.

ઝેર પીવું તો હજી સારૂં છે કે તેથી ઇન્સાન તરતજ મરી જાય, પણ આ દારૂ અને તમાકુ લેવાથી ઇન્સાન રિબાઈ રિબાઇને મરે છે. આ બન્ને વસ્તુઓએ અમારૂં અને અમારા વડવાઓનું કાંઇ બગાડયું નથી, પણ અમે તમારા પોતાનાજ ભલા માટે તમને ભાર પુર્વક ભલામણ કરીએ છીએ કે આ વસ્તુઓ છોડી આપો.

જેઓ આ વ્યસનો સદંતર મુકી શકે તેઓએ તો મુકીજ દેવું જોઇએ, પણ અમે સમજીએ છીએ કે તમારામાં માનસિક હિંમત નથી, તેથી એકદમ તમે તે છોડી નહિજ શકો, પણ રફતે રફતે તદન છોડી દેવું જોઇએ. જેઓ સદંતર મુકી ન શકે તેઓએ મુકી દેવા માટે સોગંદ લઇને નિશ્ચય કરવો જોઇએ, અને પચાસ ટકા તો જરૂર ઘટાડો કરવો જોઈએ, કે જેથી પચાસ ટકાનો તો ફાયદો થાય; છતાં પણ આ વ્યસનને સદંતર છોડી દેવાય તો ઘણુંજ સારૂં છે."

બાદ ફરમાવ્યું:

"માંસ જેટલું બને તેટલું ઓછું ખાઓ, કારણ કે માંસ ખાવાથી બિમારી પેદા થાય છે, છતાં પણ જો તમે માંસ ખાવાની આદત છોડી નજ શકતા હો તો મહીનામાં એક વખત અથવા બહુ તો અઠવાડીઆમાં એક વખત ખાઓ, કે જે વધુ નુકશાન નહિ કરે. માંસ પકાવતાં શીખવું જોઇએ. તાજી મચ્છી ખાવી તે ઘણી સારી છે, તેમજ તાજા ઇંડા પણ ખાવાથી ફાયદો થશે. ચીઝ (પનીર) ખાતા શીખવું જોઇએ. તાજી મલાઇમાંથી તાજુ ચીઝ કેવી રીતે બનાવવું તે બાઇઓએ ખાસ શીખવું જોઇએ.

માંસમાં જે જંતુઓ હોય છે, તેવા જંતુઓ આ તાજી ચીઝમાં હોતા નથી. માંસની બદલીમાં દુધ, દહીં, છાશ અને ચીઝ વિગેરે

ખાવાથી તંદુરસ્તીને ઘણોજ ફાયદો થશે, અને શરીરને પણ તાકાત મળશે.

દુધ જેમ બને તેમ વધુ પ્રમાણમાં પીવું જોઇએ. કેળાં, મચુંગા, કેરી, પપાઇ અને બીજા તાજાં ફળો ખાવાથી ફાયદો થશે. જ્યારે તમે મચુંગા ખાઓ ત્યારે તેનો એકલો રસ નહિ પણ બધો ગર્ભ પણ સાથેજ ખાવો જોઇએ. કાચી પપાઇ ચાવીને ખાવી ફાયદાકારક છે. જેઓને દાંત ન હોય તેઓએ પણ કાચી પપાઇનો છુંદો કરીને ખાવો જોઇએ અને જેઓને દાંત હોય તેઓએ દાંતથી ચાવીને ખાવી જોઇએ. મોટી ઉમરના માણસોએ નીમક ઓછા પ્રમાણમાં ખાવું જોઇએ.

દાંત સવારના ઉઠીને અને રાત્રે સુતી વખતે એમ બે વખત સાફ કરવા જોઇએ."

બાદ ફરમાવ્યું :

"બાઇઓએ ઘર સુઘડ અને સાફ રાખતાં શીખવું જોઇએ, તેમજ ખોરાક પણ એકદમ કરકસરથી અને ખાવા પુરતો જોઇતા પ્રમાણમાંજ બનાવવો જોઇએ કે જેથી બગાડ ન થાય. જેઓના ઘરની પાછળ વધારાની ખુલ્લી જગ્યા હોય તેઓએ ત્યાં ટમાટા, બટાટા અને બીજી તરકારી ઉગાડવી જોઇએ. આવા નાના નાના કામો બાઇઓએ કરતાં શીખવું જોઇએ કે જેથી તેઓને કસરત મળે અને શરીર પણ મજબુત અને તંદુરસ્ત બને.

જેઓ પાસે મોટરકાર હોય તેઓએ અઠવાડીઆમાં બે ત્રણ દિવસ મોટરકારને મુકી દઇને પગે ચાલવું જોઇએ. બાઇઓએ પણ ઘરકામ ઉપરાંત જમાતખાને તેમજ કલબમાં પણ પગે ચાલીને જવું ઘણું જરૂરનું છે.

તમારે તમારા બચ્ચાંઓના ઇસ્લામી નામો રાખવા જોઇએ.

તમને હિંદુમાંથી ઇસ્લામી નામો આપવામાં આવ્યા છે, તે શું સારા નથી કે તમે તમારા બચ્ચાંઓના ક્રીશ્ચીયન નામો રાખો છો? જીમી, ટોમી, જેક, જોન વિગેરે તો સોલજરો અને ખલાસીઓના નામો હોય છે. ઇસ્લામી પેગમ્બરો અને ઇમામોના નામો કરતાં શું આવા ક્રીશ્ચીયન નામો સારા લાગે છે? તમારે તમારા બચ્ચાંઓના નામો ઇસ્લામના પેગમ્બરો, ઇમામો અને પીરોની પુઠીઉમાંથી રાખવા જોઇએ.

આપણી શાળાઓમા ઓછામાં ઓછી એક તો હિંદી ભાષા જરૂર શીખવવીજ જોઇએ. ઉર્દુ, ગુજરાતી અથવા તો હિંદી, કોઇ પણ એક ભાષા તો જરૂર શીખવવીજ જોઇએ.

બચાંઓએ કંઇ ઉંચ કેળવણી લેવાની ખાસ જરૂર નથી પણ વેપાર પુરતું જ્ઞાન મેળવી પોતાના પિતાના ધંધામાં જોડાવું જોઇએ અને અનુભવ મેળવી આગળ વધવું જોઇએ. જે વિદ્યાર્થીઓ ઉંચ કેળવણી લીધા બાદ હુન્નર ઉદ્યોગમાં આગળ વધવા માગતા હોય તેઓએ કેમીસ્ટ્રી, ડોકટરી, ડેન્ટીસ્ટ્રી, એગ્રીકલચર અને ઇનજીનીઅરીંગ વિગેરે ધંધાનું જ્ઞાન મેળવવું જોઇએ.

અમારા તરફથી જે જે સંસ્થાઓને ગ્રાંટ આપવામાં આવે છે, તેના કાર્યકર્તાઓએ સમજવું જોઇએ કે આવી ગ્રાંટના નાણાનો ઇમાનદારીથી ઉપયોગ કરવો જોઇએ. અમારા તરફથી આપવામાં આવતા નાણામાંથી તમારે એક શિલીંગ ખર્ચી તેનો દોઢ શિલીંગ જેટલો ફાયદો ઉડાવવો જોઇએ. અમે ગ્રાંટની રકમ સહેલાઇથી આપીએ છીએ, પણ તે ખુદાઇ પૈસો છે, અને તેનો ઉપયોગ બહુજ સંભાળપુર્વક કરવો જોઇએ. ગ્રાંટનો દુર ઉપયોગ કરનારાઓને બન્ને જહાનમાં સહુન કરવું પડશે. ઇમામના નાણાની ગ્રાંટનો દુર ઉપયોગ કે ગેરવ્યવસ્થા કરવી એ બહુજ ગંભિર અને ભયંકર ગુનાહ છે.

આજે જે ફરમાનો ફરમાવેલ છે, તે તમે કદી પણ ભુલી જતા

નહિ. જમાતના આગેવાનોની ફરજ છે કે તેમણે આ ફરમાનો જમાતખાનામાં વારંવાર વંચાવવા જોઇએ. આ ફરમાનોનો અમલ કરશો, તો તમારા દુઃખો અને આદતોમાં પચાસ ટકા સુધારો થશે, બાકીના પચાસ ટકા દુઃખો કિસ્મતના અને કુદરતી હોય છે, કે જે દુઃખો ઇન્સાનની સત્તાથી બહાર હોય છે અને તેવા દુઃખો સહન કરવાથીજ ઇન્સાનનો આત્મા સાફ થાય છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૧૩.

દારેસલામ તા. ૧૭-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યુંઃ

"શહેરોમાં જેઓ પોતાનો નિવાહ ચલાવી ન શકતા હોય તેવા નાના નાના વેપારીઓએ ભરમાં નાના ગામડાઓમાં વેપાર માટે જવું ઘણું જરૂરી અને ફાયદાકારક છે. જેમ દુન્યવી માવિત્રો પોતાના નાના તેમજ મોટા બચ્ચાંને તેઓના હિતની જુદી જુદી સલાહ આપે છે, તેમ અમે તમારા રૂહાની પિતા, તમને સુખ અને બહેતરી માટેના રસ્તાઓ બતાવીએ છીએ.

કેટલાક માવિત્રો એમ કહે છે કે, જંગલમાં અગર તો નાના ગામડાઓમાં જવાથી બાળકો કેળવણીથી અજ્ઞાત રહે છે. ગામડાઓમાં ગએલા માવિત્રોના બચ્ચાંઓ કેળવણી લઇ શકે તે માટે બોર્ડીંગો વિગેરે સ્થાપવાની યોજનાઓ તૈયાર થઇ રહી છે અને જેમ બનશે તેમ જલ્દીથી તેવી બોર્ડીંગો ચાલુ કરવામાં આવશે. તે છતાં તેવી બોર્ડીંગો ચાલુ થાય તેની રાહ નહિ જોતાં નાના વેપારીઓએ અત્યારથીજ નાના નાના ગામડાઓમાં જવું ઘણું જરૂરી છે. મોડું કરશો તો બીજી ભાઇબંધ કોમો ત્યાં જઇ વેપાર હાથ કરી લેશે, માટે અત્યારથીજ નાના નાના ગામડાઓમાં જઇ વેપાર હાથ કરો.

જુઓ યુરોપીઅનો પોતાના બાળકોને પ્રાઇવેટ બોર્ડીંગોમાં મુકી દુર દુરના મુલ્કોમાં વેપાર અને કામધંધા માટે જાય છે, તેમ તમારે

પણ તમારા બાળકોને બોડીંગમાં મુકી નાના નાના ગામડાઓમાં અને દુર દેશાવર વેપાર કરવા જવું જોઇએ.

શહેરમાં વસતા દીનદારો કે જેઓના કુટુંબમાં બેથી ત્રણ બચ્ચાંઓ હોય તેઓએ આવા બહારગામ વેપાર અર્થે જતા દીનદારોના બચ્ચાંઓની ખાધાખોરાકી અને જીવન નિર્વાહ પુરતો ખર્ચ લઈને રાખવા જોઈએ. આ પ્રથા એક બોડીંગ કે જેમાં ૧૦૦થી ૨૦૦ બાળકો હોય તેનાથી પણ વધારે સારી છે. આવી પ્રથા અત્યાર સુધી પ્રચલિત નથી, પણ તેને વ્યવહારૂ પ્રથા તરીકે ગ્રહણ કરવામાં આવે તો અરસ પરસ બધા મુરીદોને ઘણોજ ફાયદો થાય. આવી પ્રથાને લગતા ધારા ધોરણો કેળવણી ખાતાના અધિકારીઓએ બનાવી કોમને સમજાવવા જોઇએ. જમાતખાનામાં તે બાબત ઉપર અવારનવાર ભાષણો પણ કરવા જોઈએ કે જેથી માણસો આવી પ્રથાને અમલમાં મુકવા પ્રેરાય."

બાદ ફરમાવ્યું:

"ગાજર, ડુંગળી અને લસણ ઉપરની છાલ અને ફોતરા ઉતારીને કાચા ખાવાથી બહુજ ફાયદાકારક છે. આ ચીજો ખાવાથી કેટલીક બિમારીઓ નાબુદ થાય છે, અને એ તંદુરસ્તીને ફાયદો પહોંચાડે છે.

હવે અમે તમને ઘણીજ અગત્યની બાબત ઉપર સલાહ આપવા માગીએ છીએ. અમને કહેતા ઘણીજ દીલગીરી થાય છે કે તમને જે સલાહ આપીએ છીએ તેનું તમે પુરતું પાલન કરતા નથી. હજી પણ જો તમે અમારી સલાહ પ્રમાણે અમલ નહિ કરો તો તમને ઘણું નુકશાન થશે.

મુખ્ય વાત એ છે કે તમારામાં આપસ આપસમાં ભાઈચારો બહુ ઓછો જોવામાં આવે છે. અંદરોઅંદર હસદ અને અદેખાઈ કરવી એ બહુજ ખરાબ છે. તમે વેપારમાં પણ ખોટી હરીફાઇ કરીને

એક બીજાને નુકશાન પહોંચાડો છો, તે સારૂં નથી. તમે આમ અંદરો અંદર હસદ, દુશ્મની અને હરીફાઇ કરી બરબાદ થાઓ છો, ત્યારે બીજી ભાઇબંધ કોમો પોતામાં સંપ સલાહ અને આઇચારાથી આગળ વધે છે અને આપણા લોકો પાછળ રહી જઇ વસાહત પણ ઓછી કરે છે.

જથાબંધ અને મોટા વેપારીઓએ નાના વેપારીઓને સહકાર આપી વેપારમાં મદદ કરવી જોઇએ અને સમજવું જોઇએ કે નાના વેપારીઓ થકીજ મોટાઓ નભી શકે છે. તેમજ નાના વેપારીઓની પણ ફરજ છે કે તેઓએ પોતાની કોમના મોટા વેપારીઓ પાસેથીજ માલ ખરીદવો જોઇએ. અંદરો અંદર હસદ તથા હરીફાઇ નહિ કરતાં સંપ અને સહકારથી એક બીજાએ આગળ વધવું જોઇએ.

અમને કહેતા ઘણી દિલગીરી થાય છે કે તમને ૩૦ થી ૪૦ વર્ષ થયા ફરમાન કરીએ છીએ છતાં હજી તમે કચ્છી–કાઠીયાવાડીનો ભેદભાવ રાખો છો અને હસદ તથા દુશ્મની કરો છો; એ બહુજ ખરાબ છે. અગર જો તમે આ પ્રમાણે કચ્છી–કાઠીયાવાડીનો ભેદ-ભાવ રાખશો તો રૂહાની બચ્ચાંઓ કેમ કહેવાશો? આવો ભેદભાવ તમારે કાઢીજ નાંખવો જોઇએ. તમે સર્વે એકજ રૂહાની પિતાના બચ્ચાંઓ છો, જેથી એકજ થઇને રહેવું જોઇએ. આ ફરમાનો ફક્ત અત્રે માટેજ નથી પણ આખા ઇસ્ટ આફ્રિકામાં વંચાવવા જોઇએ અને તેનો અમલ થવો જોઇએ.

ભાઇચારો અને સંપ સલાહ બાબત અમે નૈરોબીમાં ફરમાન કરેલ છે, તેમજ એક બીજાને પંજા લેવડાવી હસદ અને દુશ્મની દુર કરાવેલ છે. કેટલાક કુટુંબમાં ઘરની સ્ત્રીઓ એકબીજાથી અબોલા લઇ સગા ભાઇઓ વચ્ચે કીનો અને દુશ્મની ઉત્પન્ન કરાવે છે, તે વાત બહુજ ખરાબ અને ધિક્કારવા જેવી છે. વ્યવહારિક બાબતમાં એક બીજાએ પોતાના હકો સંભાળવા જોઇએ, પણ સામુદાયિક ચાલતા

વેપાર ધંધાને નુકશાન પહોંચવા દેવું જોઈએ નહિ. ભાઈઓ વચ્ચેની દુશ્મનાવટ ઘણીજ ખરાબ છે.

કોમના બે ચાર માણસો સાથે મળી ભાગીદારીથી કોઈ વેપાર ધંધો કરતા હોય, ત્યારે તેઓ દરેકે પ્રમાણિકપણે અને ઇમાનદારીથી વર્તવું જોઇએ. કોઈએ પણ કોઈનો હક પચાવી પાડવા કોશીષ કરવી જોઇએ નહિ. કેટલાક એવા સામુદાયિક ધંધા હોય છે કે, જેની અંદર બે ચાર અગર તો વધારે ભાગીદારોની જરૂર પડે છે, અને તેવા ધંધામાં એક બીજા ભાગીદાર ઉપર વિશ્વાસ રાખવોજ જોઈએ. જો એક પણ ભાગીદાર અનિતી અગર વિશ્વાસઘાત કરે તો તેથી વર્ષોની જુની પેઢી અગર વેપારને બહુજ ગંભિર નુકશાન પહોંચે, અને તેમ થતાં બીજા માણસો ભાગીદારીથી સામુદાયિક ધંધાઓ કરવા હિંમત નજ કરી શકે કે જે આખી કોમને બહુજ હાનીકારક અને નુકશાનકર્તા થાય.

આમ વિશ્વાસઘાત કરી કાયદાની દ્રષ્ટિએ કદાચ તમે કોઇને છેતરી શકો, પણ તે નિતી અને પ્રમાણિકપણું નથી. ઇમાનદારી અને પ્રમાણિકપણું એ જુદીજ વસ્તુ છે, જે તમારે કેળવવી જોઇએ. આ સર્વે ફરમાનો ફકત દારેસલામ કે ટાંગાનીકા માટે નથી પણ આખા આફ્રિકા માટે ફરમાવીએ છીએ, જેથી તે વાંચી પુરતો અમલ કરશો તો ઘણોજ ફાયદો મેળવશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૧૪.

દારેસલામ તા ૨૧-૭-૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"આજે અમારી ગ્રાલગ્રેહુની ઉજવણી છે તેથી તમો સર્વે જમાતને જોઇને ઘણા ખુશી થયા છીએ. આજે જેમ તમે અમારી નજીક છો તેમ આવતી દુનિયામાં તમે અમારી નજીક હશો. આજને

અમારી જન્મ જયંતિની ખુશાલીનો આ પ્રસંગ બહુજ અમુલ્ય પ્રસંગ છે, પણ આવતી સાલ ડાયમંડ જ્યુબીલીનો પ્રસંગ મહાન અને ઇતિહાસમાં અજોડ બનશે, જે પ્રસંગ ઇસમાઈલીઓ માટે અપુર્વ અને અલભ્ય હશે, જેથી તે તમે તમારા ઇમામ પ્રત્યેની ખરા જીગરની વફાદારી અને ઉત્સાહ તથા આનંદથી ઉજવજો.

અમે છેલ્લા પાંચ વર્ષ થયા સ્વીઝરલેન્ડમાં હતા અને ત્યાંથી તમને લડાઇના સંજોગો અંગે તમારી બહેતરી અને ભલાઈ માટેના સમયસરના ફરમાનો અને સલાહો મોકલતા હતા, કે જે આફ્રિકાની સર્વે જમાતોમાં દર બીજે દિવસે, અઠવાડીએ અને દર મહીને વાંચવામાં આવતા હતા, તે સંદેશાઓ હવે લડાઇ બંધ થયેલ હોવાથી વાંચવા બંધ કરજો.

હવે આ દેશમાં તમારી અત્યારની-તેમજ ભવિષ્યની બહેતરી, તંદુરસ્તી અને ભલાઈ માટેના ફરમાનો અને સલાહોનો સંદેશો એકઝીક્યુટીવ કાઉન્સીલ મારફત મોકલાવીશું, જે સંદેશો આફ્રિકાની સઘળી જમાતોમાં દર અઠવાડીએ વાંચવામાં આવશે, અને તેનો અમલ કરી લાભ ઉઠાવશો તો ફાયદો મેળવશો.

ઈસ્ટ આફ્રિકાના અંદરના પ્રદેશમાં અને નાના ગામડાઓમાં ઈસમાઇલી વસ્તી બહુજ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. કેટલીક જગ્યાએ તો ઈસમાઈલીઓ બીલકુલ જોવામાં આવતા નથી. આ મુલ્કમાં કોમની આબાદી અને વસાહત વધારવા ઈસ્ટ આફ્રિકાના ચારે પ્રદેશોમાં અંદરના એકે એક ગામડામાં ઈસમાઇલીઓની દુકાનો હોવાની ઘણીજ જરૂર છે. યુવાનોએ હિંમત અને ઉત્સાહથી જ્યાં કોઇ પણ ઇસમાઇલી ન હોય તેવા એકે એક ગામડામાં જઇને વસવાટ કરવો જોઇએ.

જેઓ મિશનરી તરીકે જોડાયા વગર ઓનરરી સેવા આપે છે, તેઓ ઇમામ અને કોમની ઘણી સારી ખીજમત કરી રહ્યા છે.

દરેક જમાતમાંથી ભણેલા અને ઉત્સાહી યુવાનોએ ઓનરરી મીશનરી તરીકે કોમને સેવા આપવી જોઈએ. આવા ઓનરરી મીશનરીઓએ અમારા ફરમાનો, પીરોના ગીનાનો અને ઇતિહાસસિદ્ધ મઝહબના મુળ તત્વો અને ઉસુલો ઉપર મુદ્દાસરની સચોટ અને અસરકારક વાએઝ જમાતને સંભળાવવી જોઇએ; તેમજ કેળવણી ખાતાઓના અધિકારીઓને મળી શાળાના બાળકોને પણ મઝહબી બોધ આપવાની ઘણીજ જરૂર છે. તેમને ઈમામ તથા ઇસમાઇલી ધર્મના મુળ તત્વો અને ઉસુલોનું ખરૂં રહષ્ય સમજાવવું જોઇએ, કે જેથી બચ્ચાંઓ કોઈના ફરેબમાં આવી બીજા ધર્મ તરફ દોરવાઇ જાય નહિ.

કોમના હોશીયાર, ભણેલા અને ધાર્મિક જ્ઞાન ધરાવનારા યુવાનોએ આ પ્રમાણે ઓનરરી સેવા આપવાની ખાસ ફરજ છે; આમ કરવાથી અમારી તેમજ કોમની ઘણી સારી સેવા બજાવેલ ગણાશે.

શાળામાં અભ્યાસ કરતા બાળકોને અભ્યાસમાં બેદરકારી તેમજ મસ્તી તોફાન કરવા માટે શિક્ષા તો થવી જોઈએ, પણ તે આધુનિક સમયના ગવર્નમૅન્ટના કાનુન મુજબની હોવી જોઈએ. જો બચ્ચાંઓને તેની બેદરકારી અને મસ્તી તોફાન માટે બીલકુલ સજા કરવામાં આવે નહિ તો, બચ્ચાંઓ આળસુ અને નાદાન બની જાય છે, અને પછીથી માબાપોને પસ્તાવો કરવો પડે છે, તેથી બાળકોને આવી કાયદેસરની થતી સજા માટે માવિત્રોએ વાંધો ઉઠાવવો કે નારાજ થવું જોઇએ નહિ, કારણ કે તે બચ્ચાંઓના ભલા માટે હોય છે.

શાળામાં અભ્યાસ કરતા બાળકોએ પોતાના શિક્ષક અને શિક્ષિકાઓનું તેમજ મોટેરાઓનું માન જાળવતા શીખવું જોઇએ તેમજ જમાતના આગેવાનો અને મોટેરાઓએ પણ શિક્ષક અને શિક્ષિકાઓની કદર કરવી જોઈએ, કે જેથી બચ્ચાંઓ તેનું અનુકરણ કરતાં શીખે. બાળકો અદબ અને હલીમી જેવા ગુણો શાળામાંથીજ શીખી શકે છે.

અમને કહેતાં ઘણીજ દીલગીરી થાય છે કે, કેટલાક માવિત્રો પોતાના બચ્ચાંઓને ક્રીસ્ચીઅન મીશન સ્કુલોમાં મોકલાવે છે એ ઘણુંજ ખરાબ છે. જે માવિત્રો પોતાના બચ્ચાંઓને ક્રીશ્ચિયન મીશન સ્કુલોમાં મોકલાવે છે, તેઓ ત્રણ જાતના દ્રોહ કરે છેઃ—

પહેલું ઇસ્લામનો વિશ્વાસઘાત કરે છે.

બીજું એશીઆનો દ્રોહ કરે છે, એટલે કે એશીઆટીક માણસો ઉપર વિશ્વાસ નહિ રાખતા બીજાઓ ઉપર વિશ્વાસ રાખે છે.

ત્રીજો અને સૌથી વધુ વિશ્વાસઘાત તો ઇસમાઇલીઓનો એટલે કે પોતાનીજ કોમનો કરે છે.

જો તમે કોઇ પણ કારણુસર આપણી શાળામાં બાળકોને મોકલવા ઇચ્છતા ન હો તો બીજી કોઇ ગવર્નમેન્ટ કે હિન્દી શાળામાં, કે જ્યાં એકાદ પણ હિન્દી ભાષા શીખવવામાં આવતી હોય, તેવી શાળામાં મોકલવા જોઇએ.

કદાચ પચીસ, પચાસ કે સો માવિત્રો નબળા મનના, બેઈમાન અને ધર્મની આસ્થા વગરના હોય અને તેવા માવિત્રો પોતાના બચ્ચાઓને કોનવેન્ટ સ્કુલમાં મોકલતા હોય તો, તેઓના માટે બહેતર છે કે તેઓએ આપણો પાક ઇસમાઇલી મઝહબ તજી ચાલ્યા જવું જોઇએ.

અમને ઘણીજ દીલગીરી થાય છે કે આવા માવિત્રો પોતાના બચ્ચાંઓને માતૃ તેમજ હિંદી ભાષાથી અજ્ઞાત રાખી ઇસ્લામ અને ઇસમાઇલી મઝહબથી બેનસીબ બનાવી તેઓમાં યાને બચ્ચાંઓમાં પશ્ચિમના સામાજીક સંસ્કારો અને ક્રીસ્ચીઅન ધર્મનું શિક્ષણ દાખલ કરી તેઓની જીંદગી બરબાદ કરે છે. આવા માવિત્રોને પોતાના ધર્મ અને દેશ માટે પ્રેમ નથી, તે જોઇ અમને ઘણોજ આઘાત થાય છે, એથી ફરીથી પણ કહીએ છીએ કે, આવા માણસોએ તો આપણો ધર્મ શાન્તીથી તજી નીકળી જવું જોઇએ.

આ પ્રદેશોની સરકારો આફ્રિકનોને રાજ્યદ્વારી દરેક પ્રવૃતિમાં રસ લેતા કરવા, તેમજ રાજતંત્રની દરેક નાની મોટી નોકરીઓમાં તેઓને વધુ પ્રમાણમાં રાખી, ઉત્તેજન આપવાની નીતિ સેવે છે, અને તેગ કરી હિંદીઓને જેમ બને તેમ ઓછા કરી, કાઢી નાખવા ઇચ્છે છે. આ વાત અમે તમને ઘણા વર્ષો થયા કરી રહ્યા છીએ, કે અગર જો તમે વિશ્વાસ અને સહકારથી એક બીજાને મદદ કરી આગળ નહિ વધો તો બીજાઓની સામે તમે ટકી શકશો નહિ.

જ્યાં જ્યાં વધુ પ્રમાણમાં ઇસમાઇલીઓ હોય, ત્યાં ત્યાં કો-ઓપરેટીવ સોસાયટીઓ અને કોરપોરેશનો બનાવી પ્રમાણિકપણે અને સત્યતાથી આગળ વધવું જોઇએ. જ્યાં થોડા માણસો હોય, ત્યાં પણ પ્રાઈવેટ કંપનીઓ અગર સીન્ડીકેટો ઉભી કરી, સંગઠીત રીતે ભેગા મળી કામ કરવું જોઈએ. આમ સંયુકત થઈ કામ કરશો તોજ તમે બીજાઓ સામે ટકી શકશો અને આ દેશમાં તમારી હસ્તી જાળવી શકશો. કોરપોરેશનો અને કોઓપરેટીવ સોસાયટીઓ અમારા હુકમ અનુસાર સ્થાપન થવી જોઇએ, અને તેના કાર્યકર્તાઓએ પ્રમાણિકપણે વફાદારીથી અને કોમ પ્રત્યેની ખરી ખંત અને ધગશ રાખી આવી સંસ્થાઓને આગળ વધારવી જોઇએ. જેઓ આવી સંસ્થાઓને વફાદારીથી સેવા અર્પશે, તેઓ અમને પણ વફાદાર છે, અને જેઓ તે પ્રત્યે બેવફા બનશે, તેઓ અમને પણ બેવફા થયા એમ અમે સમજીશું.

ધી ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ, કોરપોરેશન અને કોઓપરેટીવ સોસાયટીઓને બહુજ ઓછા વ્યાજના દરે નાણા ધીરશે. કોરપોરેશન અને કોઓપરેટીવ સોસાયટીઓ, નાના મોટા વેપારીઓને બેન્ક અને શરાફી પેઢીઓના વ્યાજ કરતાં ઓછા વ્યાજે નાણા ધીરશે, જેથી મંદીના સમયમાં આ સોસાયટીઓ તેવા વેપારીઓને બહુજ આશીર્વાદ રૂપ નીવડશે, જેથી તેને સહકાર આપી સંગઠીત રીતે અને પ્રમાણિકપણે આવી સોસાયટીઓનો પુરો લાભ

ઉઠાવજો. નાણુા લેનારાઓએ પણ પ્રમાણિકપણે અને ઇમાનદારીથી તેઓએ લીધેલ નાણુા વખતસર પાછા આપી, અરસપરસ સહકાર જાળવી સંયુકત રીતે લાભ ઉઠાવવો જોઇએ.

તમે એક ઘોડાને પાણીની નજીક લઇ જાઓ, અગર તો તેને નદી કે સરોવરની વચ્ચે લઇ જઇ પાણીમાં ડુબાડી પણુ દીઓ, છતાં જો તે રાજી ખુશીથી પાણી ન પીએ તો તમે તેને શું કરી શકો? તેથી કંઈ પણુ ફાયદો નથી. મતલબ કે તમે અરસપરસ ખંત, હિંમત, વિશ્વાસ અને પ્રમાણિકપણે એક બીજાનો લાભ લઈ જમાતને અને પોતાને ફાયદો નહિ પહોંચાડો તો, આ ઘોડાની માફક બધું નકામું છે, અને અમારી રાત દિવસની જહેમત અને ચિંતા બરબાદ જશે, માટે આવી સંસ્થાઓનો નિતી અને ઇમાનદારીથી પ્રમાણિકપણે પુરેપુરો લાભ ઉઠાવજો, જેમકે એક કાગળનો ટુકડો હોય તો તે ટુકડાને સહેલાઇથી અને જલદીથી ફાડી શકાય છે, પણુ જો તેવા એકસો કાગળ સાથે હોય તો તેને ગમે તેવો એક જોરાવર માણુસ પણુ ફાડી શકશે નહિ; તેવીજ રીતે એક માણુસ બીજા માણુસને નુકશાન પહોંચાડી શકે, પણુ જો ઘણા માણુસો સાથે હોય તો, કોઈની તાકાત નથી કે તેઓને નુકશાન પહોંચાડી શકે.

તમારે આજથી પોતાના મન સાથે નકકી કરી ટેક લેવી જોઇએ કે, ગમે તેવા કજીયા, ફિસાદ અને વેપાર ધંધા અંગેના ઝઘડાઓ કોર્ટમાં નહિ જતાં બન્ને પક્ષોએ એક તટસ્થ માણુસોનું સરપંચ નીમી તેઓ પાસે પોતાનો ન્યાય કરાવવો જોઇએ, આમ કરવાથી કાયદાની નજરે કોર્ટમાં જવાથી જે અરસપરસ ઝેર અને દુશ્મનાવટ ઉત્પન્ન થાય છે, તે નહિ થાય, તેમજ વખત અને નાણુાનો પણુ ઘણો બચાવ થશે.

આફ્રિકાની બધી ઈસમાઇલી જમાતોમાં દારેસલામની જમાત મોટી છે. અત્રે લગભગ પાંચ હજાર ઇસ્માઇલીઓની વસ્તી છે, તેથી

દારેસલામ ઇસમાઇલીઓનું પાટનગર ગણાય. જેઓના કામ ધંધા અત્રે બરાબર ચાલતા ન હોય, તેવા પાંચશોથી હજાર માણુસોએ ભરમાં નાના નાના ગામડાઓમાં જઇ વેપાર કરવો જોઇએ. ગામડે ગામડે તથા જંગલે જંગલમાં ઇસમાઈલીઓની વસાહત કરવાની ઘણીજ જરૂર છે. અમારા એક પણ ઇસમાઈલી મુરીદને અમે ગરીબ જોવા ઇચ્છતા નથી.”

## ફરમાન ૫૧૫.

દારેસલામ તા. ૨૭-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

“બાનુઓને ઘરેણાઓનો બહુજ મોહ હોય છે. અત્યારે લડાઈના સમયમાં માણસો નાણાવાળા થયા છે, જેથી આજના મોજશોખના જમાનામાં બાઈઓ જાતજાતની ફેશનના ઘરેણા કરાવે છે, પણ તેઓએ સમજવું જોઇએ કે અત્યારે જે ઘરેણાં બને છે, તેમાં સોનું ઘણું ઓછું અને ભેળસેળવાળું વાપરવામાં આવે છે, તેમજ લડાઇ અંગે સોનાના ભાવો ઉંચા ગએલ હોવાથી જે નાણું ઘરેણામાં નાંખવામાં આવે છે તે અને ઘડાઇ, મજુરી કુઝુલમાં જાય છે. સોનું તો તેમાં બહુ ઓછું હોય છે, જ્યારે કેટલાક માણસો ઘરમાં પડેલાં જુના પણ સારા અને સાચા સોનાના ઘરેણા ફેશન અને શોખને ખાતર વખતો વખત નવી નવી ડીઝાઇનો બનાવવા ફેરબદલીમાં વાપરે છે, જેથી પોતાનું સારૂં અને સાચું સોનું ગુમાવી હલકું ભેળસેળવાળું સોનું મેળવવા પામે છે.

આવા ફેશન અને મોજશોખ ખાતર બનાવવામાં આવતા ઘરેણા પાછળ કોમનું ઘણું નાણું વેડફાઈ બરબાદ જાય છે, જે ઘણુંજ ખરાબ અને નુકશાનકર્તા છે.

ઘરેણા એ સ્ત્રીઓનું આભુષણ છે, પણ અત્યારના મોંઘવારીના સમયમાં હલકા સોનામાં નાણા વેડફી નાંખવા તે ઘણુંજ ખરાબ છે.

હિંદુસ્તાનમાં પંજાબના મુલ્કમાં આપણા ઇસમાઇલી સોનીઓ ઘણા છે, જેઓ દાગીના બનાવવામાં નકશીકામ અને મીનાકારીના હુન્નરમાં ઘણાજ પ્રવિણ હોય છે, તેઓને અત્રે આ મુલ્કમાં બોલાવી મોટા મોટા શહેરોમાં સોની તરીકે કામ ધંધે લગાડવા જોઇએ. અધિકારીઓએ જેમ બને તેમ જલ્દીથી રાવલપીંડી અને તેની આજુબાજુના પંજાબના મુલ્કના આપણા ઇસમાઇલી સોનીઓને અત્રે બોલાવી શહેરોમાં વસાવવાની ઘણી જરૂર છે. આપણી બાઇઓએ તેઓ પાસે સોના, ચાંદી અને મીનાકારીના ફેન્શી તથા નકશીદાર ઘરેણાઓ બનાવરાવી પહેરવા જોઇએ. આમ કરી હિંદુસ્તાનના અમારા ગરીબ ઇસમાઇલી મુરીદોને કામ ધંધે લગાડવાથી અમે ઘણાજ ખુશી થઇશું. તેમજ કોમનું નાણું કોમમાંજ રહેશે. ખાનાવાદાન.”

## ફરમાન ૫૧૬

દારેસલામ તા. ૨૯-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

“કોરપોરેશન અને કો-ઓપરેટીવ સોસાઇટીઓ સ્થાપવામાં મુખ્ય એ ઉદ્દેશ સમાએલ છે કે, તેમાંથી આપણા દીનદારો બહુજ ઓછા વ્યાજે નાણા મેળવી શકે. નાણા લેનારાઓએ તેનો પુરતો લાભ ઉઠાવવો જોઇએ, કે જેથી સોસાઇટીઓને તેમજ લેનારાઓ બન્નેને લાભ હાસલ થાય. નાણા લેનારાઓએ પોતાની ખાસ ફરજ સમજી સાવચેતી પુર્વક નિયમિત રીતે હફતાઓ ભરવા જોઇએ. આમ થવાથી નાણાની ઘણાંજ વધુ પ્રમાણમાં વાર ફેર અને ધીરધાર થઇ શકશે અને હાજતમંદો વિના વિલંબે નાણા મેળવી શકશે, જેથી નાણા લેનારાઓએ પોતે ઉપાડેલ નાણાના હફતાઓ ભરવામાં કોઇ જાતની બેદરકારી બતાવી સંસ્થા અને બીજા હાજતમંદોને નુકશાન પહોંચે તેમ કરવું જોઇએ નહિ.

ઈકોનોમીક કોનફરન્સ વખતે મેડીકલ સ્કીમ માટે અમે મોટી રકમની ગ્રાંટ મંજુર ફરમાવેલ છે. મજકુર સ્કીમ મુજબ કાર્યકર્તાઓએ જલ્દીથી કામને ગતિ આપવાની જરૂર છે અને જમાતે તેનો પુરતો લાભ ઉઠાવવો જોઈએ. મોટા શહેરોમાં તો સ્થાયી ડીસ્પેન્સરીઓ યાને દવાખાનાઓ થશે, પણ નાના નાના ગામડાઓમાં રહેતા મુરીદો પણ દવા દારૂ અને ડોકટરની સલાહનો લાભ ઉઠાવી શકે તે માટે જુદા જુદા વિભાગો માટે "મોબાઇલ ડીસપેન્સરીઓ" યાને કે ફરતા દવાખાનાઓ ચલાવવામાં આવશે. આ દવાખાનાઓ એવી રીતના હશે કે મોટી મોટર લોરીઓમાં અમુક સાધારણ બિમારીને લગતી દવાઓ સાથે ડોકટર વખતો વખત નિયમસર દરેકે દરેક ગામડાની મુલાકાત લેશે, અને દરેક દીનદારને તપાસી જરૂરી સાધારણ દવાઓ આપશે તેમજ ગંભિર બીમારીઓ અને ઉપચારો માટે પ્રીસ્ક્રીપશન અને દવા ચીઠીઓ લખી આપશે, તથા જરૂરી ઇલાજો માટેના રસ્તાઓ બતાવશે.

અમે અમારા રૂહાની બચ્ચાંઓની બહેતરી માટે ઘણીજ મોટી રકમોની ગ્રાંટ આપીએ છીએ, તેનો તમે સર્વે બચ્ચાંઓ પુરેતો લાભ ઉઠાવજો."

બાદ ફરમાવ્યુ :

"સાંભળીને દીલગીરી થાય છે કે, તમે અંદરોઅંદર એકબીજાની હસદ અને દુશ્મની કરો છો; તે ઘણુંજ ખરાબ છે. તમે હસદ અને દુશ્મની કરો છો તેથી અમારા શરીરમાં ઈજા થાય છે. અમે તમારા રૂહાની પિતા છીએ અને તમે અમારા રૂહાની બચ્ચાંઓ કુસંપ અને કજીયા ફિસાદ કરો છો, તેથી અમને ઘણોજ રંજ અને દુઃખ થાય છે. માટે તમારે સંપ સલાહ અને મહોબતથી એક બીજા વચ્ચે ભાઈચારો પેદા કરી સહકારથી રહેવું જોઈએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૧૭.

દારેસલામ તા. ૩૦–૭–૧૯૪૫.

હાલમાં દરરોજ, અઠવાડીએ બે વખત, અઠવાડીક અને માસિક જુદા જુદા જે સંદેશાઓ વંચાય છે, તેને બદલે ફક્ત નીચે પ્રમાણેનો ખાસ સંદેશો દર અઠવાડીએ એક વખત આખા આફ્રિકામાં રૂહાની બચ્ચાંઓ સમક્ષ બંદગી પછી વાંચવામાં આવે એમ ફરમાવી ફરમાવ્યું :—

**"આફ્રિકાના સઘળા અત્યંત વહાલા રૂહાની બચ્ચાંઓને પિતા તરીકેના દુઆ આશીષો ફરમાવીએ છીએ.**

રાત અને દિવસ તમો સઘળાઓનો વિચાર કરીએ છીએ. હવે યુરોપની લડાઇ ખતમ થયેલ છે, જેથી દરેક ઠેકાણે લડાઈ પછીની યોજનાઓ અમલમાં મુકવામાં આવશે અને સઘળી હરીફાઈની સામે ટકી રહેવા માટે તેમજ સફળતાથી મુશ્કેલીઓનો સામનો કરવા માટે સઘળા દુન્યવી ખર્ચાઓમાં સખતમાં સખત કરકસર કરવાનું ઘણુંજ અગત્યનું છે. આ પ્રયત્નની અંદર તમારૂં મુખ્ય હથીયાર તમાકુ અને કેફી પીણાથી દુર રહેવામાં છે, કે જે શારીરિક, માનસીક અને આર્થિક રીતે નુકશાન કરે છે.

સાદો ખેરાક પુષ્કળ ફળફળાદી અને બકાલું ખાવા તરફ ઘણુંજ ગંભીર ધ્યાન આપવું જોઇએ, તેમજ માંસ અને મસાલા તજી દઇ દુધ પીવું જોઇએ. પણ, અમારો કહેવાનો હેતુ એ છે કે દુધને બદલે વપરાતું ડબાનુ દુધ નહિ પણ ગાય, બકરી અથવા ગધેડીનું તાજું દુધ પીવું જોઇએ. તેમજ દુધના પદાર્થો દહીં છાસ અને પનીર ખાવા જોઇએ. જ્યાં પુષ્કળ દુધ મળતું હોય તેવા ભાગોમાં રહેનારાઓને અમે ખાસ ભલામણ કરીએ છીએ કે તેઓ પનીર બનાવતાં શીખે, અને તેના વિજ્ઞાનિક નિયમ પ્રમાણેના પારસલો બનાવી શહેરોમાં રહેતા રૂહાની બચ્ચાંઓને મોકલાવે, કે જેઓ અમને આશા છે કે પનીરનો પુષ્કળ વપરાશ કરશે. તેઓ વળી હિંદુસ્તાનની માફક તાજા દુધમાંથી પનીર

બનાવતાં શીખે. કલેજા અને ગુરદાઓ ઉપર ઉલ્ટી અસર કર્યા વગર દહીં અને છાસ માંસની ગરજ સારે છે, અને તેના જેટલાજ ફાયદાઓ કરે છે. નાસ્તા વખતે કાચી પપાઇ અને બીજા ખાણા વખતે પાકી પપાઇ ખાવીજ જોઇએ; તેમજ ડુંગળી લસણ અને ગાજર ઉપરથી બહારના ફોતરા અને છાલ સંભાળપુર્વક કાઢયા પછી કાચા ખાવાથી તે ફાયદાકારક અને પાચન ક્રીયા માટે ઉત્તમ ઔષધ રૂપે અસર કરે છે. બકરાના માંસને બદલે બકરાની કલેજી અઠવાડીઆમાં એક અથવા બે વખત લીઓ, અને તેના રસના તત્વો હજી તેમાંજ હોય તેમ સહેજ રાંધી તાકાત માટે તે ખાઓ; અગર જો આપણી ભવિષ્યની ઓલાદની તંદુરસ્તીને જોખમમાં ન નાખવી હોય તો આ બધુ ઘણુંજ જરૂરનું છે.

રોજીંદા જીવનમાંથી સખત કરકસરથી બચાવેલ સઘળા નાણા હમણાં સ્થાપવામાં આવેલ ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ કંપની લીમીટેડના શેરોમાં અથવા તો અનામત તરીકે સલામતીથી રોકવામાં આવે; તેવીજ રીતે વધારાના સઘળા નાણા જેની વેપારમાં તાત્કાળીક જરૂર ન હોય તે, આ મુખ્ય કંપનીમાં અને આપણી કોરપોરેશનો તથા કો-ઓપરેટીવ સોસાયટીઓમાં રોકવામાં આવે, આમ કરી આ દેશોમાં આપણા પાયા મજબુત બનાવો, અને લડાઇ પછીની મંદી દરમ્યાન જે ખરાબ સમય આવવાનોજ છે, તેના માટે ઘટતી ગોઠવણ કરો."

## ફરમાન ૫૧૮.

દારેસલામ તા. ૨-૮-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"માલેવાજેબાત આપવી એ કાંઇ નવી વસ્તુ નથી પણ અસલથી ચાલી આવતી રૂઢી છે, અને તે દરેક મઝહબમાં છે. હિંદુ,

મુસલમાન, ક્રીસ્ચીઅન વિગેરે દુનિયાના સર્વે ધર્મોમાં માલેવાજેબાત યાને ધાર્મીક ટેકસ આપવાનું સુચવવામાં આવેલ છે. જેમ દુનિયાના રાજ્યો પોતાની પ્રજાના રક્ષણ અને સલામતી માટે તેમજ રાજતંત્ર ચલાવવા માટે પ્રજા પાસેથી જુદી જુદી જાતના કરવેરા લે છે, તેમ ધાર્મિક રાજ્ય ચલાવવા ઇમામને માલેવાજેબાત આપવોજ જોઇએ. ધાર્મિક હકુમત ચલાવવા માટે માલેવાજેબાત આપવી એ ઘણુંજ જરૂરનું છે અને તેનો બદલો આ તથા બીજી દુનિયામાં મળે છે. માલેવાજેબાત એ ઇમામનો હક્ક છે. માલેવાજેબાતની ખુબી અને જરૂરીઆત વિષે બચ્ચાંઓને બચપણથીજ જ્ઞાન આપવું જોઇએ, કે જે જ્ઞાન તેઓની નસેનસમાં ઓતપ્રોત થઇ ગયું હોય; જેથી તેઓ જ્યારે મોટા થાય ત્યારે પણ માલેવાજબાત આપવામાં બીલકુલ કાહેલી કરે નહિ. ખાનાવાદાન.

બચ્ચાંઓ જ્યારે ઉમર લાયક થાય ત્યારે જલ્દીથી તેઓના લગ્ન કરી આપવા એ બહુજ જરૂરનું છે. મોટી ઉમર સુધી બચ્ચાંઓના લગ્ન નહિ કરી આપવા એ ઇસ્લામ તેમજ ઇસમાઈલી મઝહબથી ઉલટું છે. લગ્ન વખતે દેજ–કરીઆવરમાં ઘણા કપડા દાગીના આપવામાં વધુ પડતો ફુઝુલ ખર્ચો કરવા કરતાં તેના બદલે ધી ડાયમન્ડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ અથવા તો કો–ઓપરેટીવ કે કોરપોરેશનના શેરો ખરીદી આપવા ઘણા સારા છે; અથવા તો જ્યુબીલી ઇન્સ્યુરન્સ કંપનીમાં વીમો ઉતરાવી આપવો એ ઇચ્છવા યોગ્ય છે. આમ કરવાથી ભવિષ્યમાં ખરાબ વખતમાં આવા શેરો તેઓને આશીર્વાદરૂપ થઇ પડશે.

લગ્ન એ ઇન્સાનની જીંદગીનો સોદો છે, જેથી યુવાન અને સમજુ બચ્ચાંઓને તેઓની ઇચ્છા મુજબ લગ્ન કરવા દેવા જોઇએ. ધર્મ, ગંભિર બિમારી અથવા તો તેવાજ બીજા કોઇ સંગીન કારણો સિવાય માવિત્રોએ બચ્ચાંઓને તેઓની ઇચ્છા વિરૂધ્ધ દબાણ કરવું જોઇએ નહિ. મહોબત અને ખરા પ્રેમથી પરણેલ દંપતિ આખી જીંદગી સુખ અને આનંદમાં ગાળી શકે છે.

કેટલાક માવિત્રો પોતાની દીકરીઓને નાના નાના ગામડાઓમાં મોકલવા ખુશી હોતા નથી, તે અમારા ફરમાનથી વિરૂધ્ધ કહેવાય, કારણ કે અમે યુવાનોને નાના નાના ગામડાઓમાં અને જંગલોમાં વેપાર માટે જવા કહી રહ્યા છીએ, તો તેઓ એકલા ત્યાં જઇ કેવી રીતે રહી શકે? બધા માણસો કંઇ શહેરોમાં નજ રહી શકે; જેથી તમારે તમારી દીકરીઓને તેઓના ધણીના સાથે નાના નાના ગામડાઓમાં તથા જંગલોમાં મોકલવી જોઇએ. આમ કરવાથી કોમ આબાદ થશે.

તમે નાના નાના ગામડાઓમાં અને જંગલોમાં વેપાર અર્થે જાઓ, ત્યારે ત્યાં ફકત દુકાનોમાં માલ ભરી રાખી, ઘરાકો આવવાની રાહ જોઈ બેસી રહો નહિ, પણ જેમ બીજા મુલ્કોમાં ગુજરીઓ ભરાય છે, તેમ તમારે પણ તમારો માલ ત્યાંના વતનીઓમાં જઈને વેચતા શીખવું જોઇએ, કે જેથી આફ્રિકનોમાં તમારા માલનો પ્રચાર થાય, અને તેઓની ખરીદ શકિત વધવા સાથે માલ લેતાં શીખે. આમ કરવાથી આફ્રિકનો સાથે તમારો સારો સંબંધ બંધાશે અને અરસ પરસ મહોબત થવાથી તમે વેપારમાં સારો ફાયદો મેળવી શકશો.

કેટલાક માવિત્રો પોતાના બાળકોને હજામ પાસે સુન્નત બેસાડે છે, પણ તેથી કેટલીક વખતે બાળકને ઇજા થવા પામે છે અને કોઇ કોઇ વખત બાળકને જીંદગી સુધીની તકલીફ કે ખોડ રહી જાય છે, માટે માવિત્રોએ હોશીઆર અને અનુભવિ ડોકટર પાસે બાળકોને સુન્નત બેસાડવા જોઇએ. બાળકને બચપણથીજ સુન્નત બેસાડી દેવું એ ઘણું સારૂં છે અને તેથી બચ્ચાંની તંદુરસ્તીને પણ ઘણોજ ફાયદો થાય છે.

માતાઓએ ગર્ભાવસ્થા દરમ્યાન પુરતી કાળજી રાખવી જોઇએ, અને એન્ટીનેટલ કલીનીક કલાસોમાં જઇ ડોકટરોની સલાહ અને સુચનાઓ મુજબ વર્તવું જોઇએ, કે જેથી માતા અને બાળક બન્નેની

તંદુરસ્તી જળવાઇ રહે. લેડીઝ કમિટીની ફરજ છે કે તેઓએ એન્ટીનેટલ અને ચાઇલ્ડ વેલફેર કલીનીકને લગતી ફીલ્મો મંગાવી બાઇઓને બતાવી પુરતો પ્રચાર કરવો જોઈએ.

આપણી બાઇઓએ હવે ચાલુ જમાના પ્રમાણે રાંધતાં, કપડાં ધોતાં તેમજ બીજા દરેક ઘરકામ વખતે એપ્રન યાને ઉપ-વસ્ત્ર પહેરતાં શીખવું જોઈએ કે જેથી પહેરેલા સારા કપડા બગડે કે મેલા થાય નહિં.

નોકરી કરનારાઓએ પોતાના શેઠ તરફ સંપુર્ણ વફાદારીથી વર્તવું જોઇએ. વેપાર ધંધામાં પોતાના શેઠના માલ પ્રત્યે બેદરકાર રહી નુકશાન પહોંચવા નહિ દેતાં તેનું સંભાળપુર્વક જતન કરવું જોઈએ, અને શેઠને તેના દરેક કામમાં વફાદારીથી પ્રમાણિકપણે મદદકર્તા થવું જોઇએ, કે જેથી નોકરોમાં રહેલી ઇમાનદારી અને વફાદારી જોઈ શેઠ તેમના ઉપર જવાબદારી મુકી શકે અને તે કોમને પોતાની સેવા અર્પી શકે.

અમે જે જે સંસ્થાઓ, મંડળીઓ અને બીજી બાબતોની ગ્રાંટો આપીએ છીએ, તેના કાર્યકર્તાઓએ તેનો સંભાળપુર્વક, પ્રમાણિકપણે અને ઇમાનદારીથી ઉપયોગ કરવો જોઇએ. અમારા તરફથી આપવામાં આવતી ગ્રાંટના નાણાનો એક શિલીંગ વાપરી તેનો ઓછામાં ઓછો દોઢ શિલીંગ જેટલો લાભ લેવો જોઇએ. ગ્રાંટના નાણા બહુજ કરકસરથી ખર્ચવા જોઇએ. ગ્રાંટના નાણા બેદરકારીની વેડફી નાખનાર સંસ્થા, મંડળી અગર તો વ્યકિત દરેક ખુદાના ગુનેહગાર છે, કારણ કે આ ગ્રાંટ જે તમને આપીએ છીએ તે ખુદાઈ પૈસો છે. આ એક મોટી જવાબદારી છે, અને તે સંસ્થાઓ અને મંડળીઓના કાર્યકર્તાઓ તેમજ દરેક વ્યકિતને લાગુ પડે છે, માટે તેમાં જેઓ બેદરકાર રહેશે, તેઓ પાસેથી બીજી દુનિયામાં જવાબ માંગવામાં આવશે, માટે અમારા તરફથી

આપવામાં આવતી ગ્રાંટના નાણાનો કોમે પુરેપુરો લાભ ઉઠાવવો જોઈએ.

અત્યારસુધી અમે તમને જે જે ફરમાનો કર્યા છે, તે ભુલી જતા નહિ, પણ તેનું નિયમીત વાંચન કરી તે પ્રમાણે અમલ કરશો તો ફાયદો મેળવશો. તમારી ધાર્મિક તેમજ દુન્યવી બહેતરી માટેના અમે તમને આ સર્વે ફરમાનો કર્યા છે, તેનું વાંચન કરી તે અનુસાર અમલ કરશો તો બન્ને દુનિયામા ફાયદો હાંસલ કરશો.

ખાનાવાદાન."

## ફરમાન ૫૧૯.

દારેસલામ તા. ૩-૮-૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"ઈસમાઈલી કોમ એ વેપારી કોમ છે. અત્યારસુધીમાં તમે વેપારમાં આગળ વધ્યા છો અને હજી પણ આગળ વધવા પુરતું ધ્યાન આપતા રહેજો. આ ઉપરાંત આપણી કોમે આ મુલ્કમાં ખેતીવાડીમાં રસ લેતા થવું જોઇએ, કારણ કે તમારી અત્યારની બધી યુવાન પ્રજા આ મુલ્કમાંજ જન્મેલ છે અને આ મુલ્કનાજ વેપાર તથા ખેતીવાડીમાં તમારી ભવિષ્યની પ્રજાના સર્વે હિતો સમાયલા છે. જો તમે વેપાર ઉપરાંત ખેતીવાડીમાં રસ લઈ આગળ વધ્યા હશો, તો કોઇ પણ વખતે આ મુલ્કની સરકાર પાસે તમારા હકો માટે મજબુત રીતે માંગણી કરી શકશો અને તેઓને હક આપવાની ફરજ પડશે, માટે જેઓ પાસે નાણાની સગવડ હોય, તેઓએ સામુદાયિક લીમીટેડ અગર ખાનગી પેઢીઓ ઉભી કરી, ખેતીવાડીમાં પુરતો રસ લેવો જોઇએ.

કેટલાક મુરીદો લગ્નો તેમજ મહેમાનીઓના કામકાજો ખાનગી રીતે મારે બંગલે આવી કરવા પ્રેરાય છે, તે ઉદારદિલ મીસાલ

ગણાય, જે સારૂં નથી ખાસ કોઈ કુટુંબી તકલીફો અથવા તો વેપારને સખ્ત નુકશાન પહોંચતું હોય, તો તેવા કારણોને અંગે બંગલે મહેમાની રાખે તે જુદી વાત છે. તે સિવાય મહેમાનીઓ અને લગ્નોના કામકાજ જમાતખાનામાં અથવા તો મંડપમાં, મતલબ કે જ્યાં આખી જમાત હાજર હોય અને જોઈ શકે તેવી રીતે રાખવા જોઇએ કે જેથી તેઓ સિંહહૃદયના ગણાય. આવા નેક કામો હિંમત અને બહાદુરીથી જમાતોની વચ્ચે કરવા જોઇએ કે જેથી તે જોઈ બીજા દીનદારો પણ તેવા સારા કામો જમાત વચ્ચે કરવા પ્રેરાય.

જ્યુબીલી ઈન્સ્યુરન્સ કંપની એ આપણી ઇસમાઇલી પ્રજાનીજ કંપની છે, જેથી આફ્રિકાના દરેક ઇસમાઇલીની ફરજ છે કે, પોતાના વીમા તેમજ વેપાર અંગેના દરેક જાતના વીમાનું કામકાજ આ આપણી પોતાનીજ કંપનીને આપવું જોઇએ. હિંદુસ્તાનમાં પણ તેનો પ્રચાર કરવો જોઇએ અને ત્યાંના ઇસમાઇલીઓએ પણ વીમાને લગતું દરેક કામકાજ આપણી પોતાનીજ કંપનીને આપવું જોઇએ. જો કદાચ બીજી કંપનીઓ કરતાં આપણી આ કંપનીનું પ્રીમીયમ વધારે હોય તો પણ દરેક ઇસમાઇલીની ફરજ છે કે, આ આપણી પોતાનીજ કંપનીને દરેક જાતનું કામકાજ આપીને ઉતેજન આપવું જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૨૦.

મોઝામ્બીક તા. ૧૮-૮-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"મોઝામ્બીકમાં કો-ઓપરેટીવ સોસાઇટી અથવા તો કોરપોરેશન સ્થાપવી જોઇએ કે જેથી નાના નાના વેપારીઓ ઓછે વ્યાજે નાણા મેળવી વેપાર ધંધામાં તેમજ હુન્નર ઉદ્યોગમાં આગળ વધી ફાયદો ઉઠાવી શકે.

અમને ઇમામતની ગાદી ઉપર આવ્યે તા. ૧૭મી ઓગસ્ટ ૧૯૪૫ના ૬૦ વષ પુરા થયા છે જેથી આવતી સાલથી દર વર્ષે તા. ૧૭મી ઓગસ્ટનો દિવસ ખુબ ઉત્સાહ અને ઉમંગથી ખુશાલી તરીકે ઉજવજો.

અમારી આ વર્ષની આફ્રિકાની પધરામણી દરમ્યાન જુદી જુદી જગ્યાએ કોમની બહેતરી, કરકસર, તંદુરસ્તી, ખોરાક અને ધાર્મિક બાબતો ઉપર જે ફરમાનો ફરમાવ્યા છે, તે તમે જરૂર નિયમિત વાંચજો અને તે પ્રમાણે અમલ કરશો તો ફાયદો મેળવશો. ખાનાવાદાન."

## ફરમાન પ૨૧.

નૈરોબી તા. ૨૧-૮-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

અમને ઈમામતની ગાદી ઉપર આવ્યે તા. ૧૭મી ઓગસ્ટ ૧૯૪૫ના રોજ ૬૦ વર્ષ પુરા થયા છે એટલે કે ડાયમંડ જ્યુબીલીના સમય પછી આજે પહેલી વખત તમો જમાતની મુલાકાતથી ઘણા ખુશી થયા છીએ, અને સઘળી જમાતને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. આવતી સાલ એટલે ૧૯૪૬થી દર વર્ષે તા. ૧૭મી ઓગસ્ટનો દિવસ **"ડાયમન્ડ જ્યુબીલી ડે"** તરીકે હૃદયના ખરા પ્રેમ અને મહોબતથી ખુશાલી તરીકે ઉજવજો.

અત્યાર સુધીમાં ફકત ત્રણજ ઇમામોએ ડાયમંડ જ્યુબીલી એટલે કે ઈમામતની ગાદી ઉપર ૬૦ વર્ષ પસાર કર્યા છે, જેમાં પહેલા હક મૌલાના શાહ મુસ્તનસિર બિલ્લાહ (અ.) (પહેલા) કે જેવણે ૬૦ વર્ષ ઈમામત ભોગવી હતી. બીજા હક મૌલાના શાહ કાસમશાહ કે જેવણ પણ ૬૧ વર્ષ સુધી ઇમામતની ગાદી ઉપર બીરાજમાન હતા, અને ત્રીજા અમારા દાદા હક મૌલાના શાહ આગા હસનઅલીશાહ દાતાર (બીજા) જેમણે પણ ૬૫ વર્ષ સુધી ઇમામતની

ગાદી ભોગવી હતી અને હવે અમને ઈમામતની ગાદી ઉપર ૬૦ વર્ષ તા. ૧૭મી ઓગસ્ટ ૧૯૪૫ના રોજ પુરા થયા છે. આ પહેલોજ
7 ડાયમંડ જ્યુબીલીની તુલાવિધીનો અપુર્વ અને ઇતિહાસમાં અજોડ પ્રસંગ દુનિયામાં ઉજવવામાં આવશે, જે માટે તમે સર્વે જમાતને ઘણી ઘણી મુબારકીઓ અને ઘણુા ઘણુા દુઆ આશિષો ફરમાવીએ છીએ. ખાનાવાદાન.

આફ્રિકાની આ પધરામણી દરમ્યાન જુદી જુદી જગ્યાઓએ જે જે ફરમાનો અમે કર્યાં છે, તે તમે કદી પણ ભુલી જતા નહિ પણ તેનું નિયમિત વાંચન કરી તે પ્રમાણે અમલ કરશો તો ફાયદો ઉઠાવશો. અમે આ સર્વે ફરમાનો તમારી ધાર્મિક તેમજ દુન્યવી બહેતરી માટે કર્યાં છે, તો તમે જરૂર વાંચજો અને તે પ્રમાણે અમલ કરજો, તો ફાયદો મેળવશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૨૨ મું.

કરાચી તા. ૮-૧૧-૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે તમારી મુલાકાતથી ઘણા ખુશી થયા છીએ તમે અમને જોઇ ખુશી થયા છો તેના કરતાં વિશેષ અમે તમને જોઇ ખુશી થયા છીએ.

અમે લડાઇના વખતમાં જાહેરમાં તમારાથી દુર હતા પણ હમેશાં અમે અમારા રૂહાની બચ્ચાંઓના ખ્યાલમાં હતા; હમણા જો ડાયમંડ જ્યુબીલી થવાની ન હોત તો અમે તમારી પાસે ચાર દિવસ રહેત.

આ ડાયમંડ જ્યુબીલીનો અવસર ૪૮ ઇમામોમાંથી ફકત ત્રણ ઇમામોનો થએલ છે. આ વખતે તમે બધા એક થઇ જાઓ.

આવો વખત ઘડી ઘડી નથી આવવાનો, આ ડાયમંડ જ્યુબીલીનો અવસર જોવા, બધા મુંબઇ આવજો. ગરીબ અને બિમાર ઉપર અમે ફરજ નથી નાંખતા, પણ આ અવસર તમે જોવા વગર ચુકજો નહિ. તે જોવા માટે જરૂર મુંબઇ આવજો. તેરસો વર્ષમાં ફકત ત્રણ ઇમામોની ઇસમાઇલીઓએ ડાયમંડ જ્યુબીલી હાસલ કરી છે.

બિમાર અને ગરીબ ઉપર ફરજ નથી નાંખતા, બાકી બીજા ભલે ખુશીથી આ અવસર જોવા મુંબઇ આવે. સ્ટીમર અને રેલ્વે રસ્તે આવવા જવાની તકલીફ તો પડશે, પણ આ વખતે જરૂર મુંબઇમાં આવજો. બાઇઓ, બચ્ચાં વિગેરે માટે સારો બંદોબસ્ત રાખવાની ભલામણ એકઝીકયુટીવ કમિટીને અમે જરૂર કરશું. સ્ટીમર અને રેલ્વે રસ્તે આવવાની કોશિશ કરો. થોડી તકલીફ તો થશે પણ તમે જરૂર એ લાભ લેજો.

અમારી ૬૦ વર્ષ સુધીની ઇમામત દરમિયાન અમે કયારે પણ તમારા ઉપર બોજો રાખ્યો નથી, પણ આ વખતે અમે તમારા ઉપર બોજો રાખીએ છીએ કે, આ વખતે જરૂર મુંબઇ આવો, ડાયમંડ જ્યુબીલીનો આ અવસર જોવા જરૂર આવો. ગરીબ અને બિમાર ઉપર ફરજ નથી. ખાનાવાદાન."

## ફરમાન ૫૨૩ મું.

આગ્રા તા. ૨૩-૧૧-૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમારા મુરીદો ખોજા, પંજાબી અગર બીજા કોઇ હોય, તે બધા એકજ છે, કોઇ જુદા નથી; જુદા નહિ કહો. જુદા નહિ સમજો.

જુલ્મગાર પોતેજ જુલ્મનો ભોગ બને છે. તમે આપસમાં એખલાસ અને મહોબત રાખજો, કોઇ તમારી દુશ્મની કરે તો પણ

તમે દુશ્મની નહિ કરજો. જે બીજા ઉપર જુલ્મ કર તે મટે જો સરકારે ગવર્નમેન્ટમાં ફરિયાદ કરે છે તો તે શિક્ષાને પાત્ર થાય છે, પણ આપણા મઝહબમાં યાને રૂહાની ફિલોસોફીવાળા મઝહબમાં તે પોતેજ જુલ્માતમાં મુકાય છે. ખાનાવાદાન.

આ પ્રસંગે જે લગ્નના કામ ઉકેલશે તેને કાંઈ ખર્ચ થશે નહિ અને અમે પણ ઘણા ખુશી થઇશું. માટે લગ્નના કામ જરૂર ઉકલાવજો."

સગાઈ કરવા માટે દંપતિને ઉભા રાખી અરજ કરવામાં આવતાં ફરમાવ્યું:

"કયા કરનેકા હય?"

અરજ કરવામાં આવી

"મંગની કરનેકા હય."

એ ઉપરથી ફરમાવ્યું:

"શાદી કબ કરેંગા?"

જવાબમાં અરજ કરવામાં આવી કે,

"ડાયમંડ જ્યુબીલી પર."

એ ઉપરથી ફરમાવ્યું:

"ડાયમંડ જ્યુબીલીકી રાહ કયા ખર્ચ કરનેકે લીયે દેખતા હય? આજ ડાયમંડ જ્યુબીલી સમજો. આઓ"

દંપતિના હાથ મેળાવી આપી દુઆ આશિષ ફરમવી ફરમાવ્યું:

"બ્હોત માલ, બ્હોત અવલાદ. ખાનાવાદાન."

એક સગાઇ કરવા દંપતિને ઉભા કરી અરજ કરવામાં આવી કે,

"મંગની કરનેકા હય."

એ ઉપરથી ફરમાવ્યું:

"લાઓ, આઓ, ઇસકાબી શાદી કર દેંગા. ઉમરકા તો કાયદે મુતાબીક બાદ નહિ હય?"

જવાબમાં ઉમરનો બાદ નથી એમ અરજ કરતાં હાઝર ઇમામે દંપતિના હાથ મીલાવી આપી દુઆ આશિષ ફરમાવી ફરમાવ્યું:

"બ્હોત માલ, બ્હોત અવલાદ. ખાનાવાદાન."

## ફરમાન પ૨૪ મું.

આગ્રા તા. ૨૭-૧૧-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે બુટ, સુઝ તથા ચામડાના વેપારીઓને ફરમાવ્યું:

"એક બીજા, એક બીજાને ગળે વળગી પ્રેમથી રહેજો. હમેશાં એખલાસથી એક થઇ ચાલજો. ખાનાવાદાન."

## ફરમાન પ૨પ મું.

આગ્રા તા. ૨૯-૧૧-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આલીજાહ જીવાભાઇ ઇસમાઇલ સેવાધારી હતા અને એનો બદલો તમો કુલ જમાતને મળે છે. ખાનાવાદાન."

## ફરમાન પ૨૬ મું.

મુંબઇ તા. પ-૧૨-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જેઓના ધાર્મિક કામકાજો હોય તે સિવાયના ફકત દિદાર માટે નોકરી ધંધો છોડી આવે તે જરૂરનું નથી. હમેશાં તમે કામ-કાજ છોડી દિદાર કરવા આવો છો તે અમને પસંદ નથી. તમારૂં દુન્યવી નુકશાન થાય તેમાં અમે રાજી નથી. ખાસ કરીને નોકરી-વાળાઓને નુકશાન થાય તે જોવાની અમારી ખાહેશ નથી. કામકાજ છોડીને હમેશાં દિદાર કરવા નહિ આવવું, ઓફીસરો પણ ન આવે. અલબત જમાતના મુખી કામડીયા ભલે આવે પણ તેના ઉપર અમે ફરજ નાંખતા નથી. જેના ધાર્મિક કામકાજો હોય તેના સગાવ્હાલા ભલે આવે.

જે દિવસ તમને કામકાજ અને ધંધાની રોકાણુ ન હોય અને રજાનો દિવસ હોય, જેવો કે આતવાર, તે વખતે દિદાર કરવા ભલે આવો. લેકીન કામધંધો કે નોકરી છોડી આવવાની જરૂર નથી. એક તો ઇસમાઇલીઓને બીજા લોક નોકરીએ રાખતા નથી અને ખાડા કરે અને નોકરી છુટી જાય તો નુકશાન થાય. એ લોકો કે જેની નાની દુકાન છે, તેઓ દુકાન ઉપર નહિ બેસે તો કોણુ સંભાળશે? ગાડીવાળા હોય, દુધવાળા હોય યા મોટર ડ્રાયવર હોય તો તેઓને નુકશાન થશે.

બાઈઓને પણુ રોજ રોજ ઘરનું કામકાજ છોડીને આવવું એ ઠીક નથી. અલબત કોઇ દિવસ કામકાજ ન હોય અને હવા ખાવાનું મન થાય તો ભલે આવે. ખાનાવાદાન."

ઓરીસા–પાલનપુરમાં ઇસમાઇલીઓ વધુ સંખ્યામાં વસવાટ કરે એ બાબતની અરજ થતાં ફરમાવ્યું:

"પચાસ વર્ષથી કાઠીયાવાડને અમે કહેતા આવ્યા છીએ કે, બહાર જાઓ પણુ સાંભળતા નથી. ભુખે મરશે ત્યારે જશે તો પછી શું ફાયદો?

પાલનપુર, રજપુતાના, જોધપુર જાઓ. મોટો ધંધો નહિ તો છેવટે મિરચી મસાલાના ધંધામાં પણુ રોટી તો જરૂર મળશે. તમે પણુ બીજાઓને બોલાવો. તમે જે કામ કર્યું છે તેથી અમે ઘણા ખુશી છીએ.

આજે અમને ગાદી ઉપર બેસવાને સાઠ વર્ષથી વધુ વખત થઇ ગયો છે. ડાયમંડ જ્યુબીલી તો થઇ ગઇ, હવે તો તેની ઉજવણી બાકી છે. એવા વખતે અમે કાઠીયાવાડ છોડવાને ફરમાન કરીએ છીએ.

આજે ત્રીસથી પાંત્રીસ હજારની સંખ્યા કાઠીયાવાડમાં છે. એમાંથી પંદરથી વીસ હજાર ડાયમંડ જ્યુબીલી ઉપર ગરીબ હોવ..

કારણે આવી શકશે નહિ. એ વખતે અમે ફરમાતા હતા કે આફ્રિકા જાઓ, કાઠીયાવાડની બહાર જાઓ, જેઓ ગયા તેઓ આબાદ છે. જો આ લોકો પણ ગયા હોત તો બધા ડાયમન્ડ જ્યુબીલી ઉપર આવી શકત. હવે આફ્રિકા બંધ છે, હિંદુસ્તાન ખુલ્લું છે. ભુખે મરે પછી જાય તો શું ફાયદો? ખાનાવાદાન."

## ફરમાન પર૭મું.

પુના તા. ૬-૧૨-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અલહમ્દો લિલ્લાહ, દુન્યવિ કરકસરથી તમારી હાલત ઘણી સારી છે, એનો મતલબ એવો નથી કે ખર્ચ વધારે કરવું. આફ્રિકા ખાતે ઇકોનોમિક યાને કરકસર બાબતમાં અમે ઘણા ફરમાનો કર્યા છે, તે હિંદુસ્તાનને પણ લાગુ પડે છે.

નવા કપડા નહિ લેવા. જુના જ્યાંસુધી ચાલે ત્યાંસુધી ચલાવો. ખાવાપીવા બાબતમાં આફ્રિકામાં અમે ફરમાનો કર્યા છે તે હેન્ડ બીલો મંગાવો અને એ મુજબ ખોરાક ખાઓ. વધુ પડતું દુન્યવિ ખર્ચ ઓછું કરો અને એ બચેલી રકમ વેપારમાં નાખો. બને તેટલું કો–ઓપરેશન યાને સહકારથી કામ કરો.

એક કો–ઓપરેટીવ સોસાયટી અંહી છે, એને આગળ લઇ જાઓ. તેના વધારે મેમ્બર હોવા જોઇએ, આગળ લઇ જાઓ.

એક આદમીને કોઈ પણ તોડી નાખશે, પણ વીસ આદમીને કોઇ તોડી શકશે નહિં.

પુનાની બધી જમાતે કો–ઓપરેશન સહકારની યાદ દિલમાં રાખવી જોઇએ અને મેમ્બર બનવું જોઇએ.

કોઇ બહારના માણસ પાસેથી વ્યાજે નાણા લેવા જોઇએ નહિ. એ તો દિવાનાનું કામ છે.

શાદી ગમીમાં પૈસાનું ખર્ચ ઓછું કરો. હમણાં કુંવારા છોકરા છોકરીઓ વધારે છે. હમણાં શાદી ન કરવામાં આવે એ ખરાબ ટેવ છે.

ઉપરના ગામોમાં એવાં ઘણા છે, જેમને ખબર પણ નથી કે, પુનામાં આટલી છોકરીઓ છે. એ બહુજ જરૂરનું છે કે, એમને ખબર આપવી. મેળાના વખતે બધા આવશે, ત્યારે એની ઓળખાણ કરાવો. બદકશાની લોકની છોકરીઓ લો. એ ઇરાની છે. તે ખાલુ ઇરાની લોક ઈસમાઇલી છે, તેની છોકરી લો, તેમાં બહુ સારૂં છે, તે શીખેલી પડેલી અને હુન્નરમંદ છે. એવું નહિ બોલવું અથવા ખ્યાલ ન કરવો કે આ નવી જમાતના છે.

સારી વાત એ છે કે છોકરીઓને હુન્નર શીખવો. નવી જુની બધી જમાતોની છોકરીઓને એટલું શીખાવવું જોઇએ કે તે પોતાની રોજી મેળવી શકે. ખાનાવાદાન.”

## ફરમાન પ૨૮ મું.

પુના, તા. ૧૫-૧૨-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે આફ્રિકાની જમાતોને તાલીકાથી ફરમાવ્યું:

અમારો નીચે મુજબનો સંદેશો દર રવીવારના સાંજના બંદગી પછી વાંચવામાં આવે:-

“આખા આફ્રિકાના વહાલા રૂહાની બચ્ચાંઓ જોગ.

યાદ રાખો કે અમે તમારા રૂહાની પિતા અને માતા તમો સઘળાઓને જેટલા ચાહીએ છીએ તે કરતાં વધારે કોઇ પણ દુન્યવિ પિતા અને માતા ચાહી નહિજ શકે, તેથી બન્ને જહાનમાં એટલે કે આ અને બીજી દુનિયામાં તમારી ઉન્નતિ થાય એ જોવાના અમોને નિરંતર વિચારો રહ્યા કરે છે, અને અમારે તમને હમેશાં બદફેલીઓ અને આફતો સામે ચેતવણી આપવીજ જોઇએ.

હવે પૈસાની મોટી રકમોથી ગંજીફા અને જુગાર રમવું તે કંઇ અમારા હિત વિરૂધ્ધ નથી પણ તમો મારા સઘળા વહાલા બચ્ચાંઓ માટે નાશકારક છે. જો તમને ઘર આંગણે કોઇ આનંદની રમત જોઇતી હોય તો, ફક્ત મોજ ખાતર પૈસાની નાની રકમથી ગંજીફા રમો, પણ જુગાર નહિ ખેલો. પરંતુ આવી રમતો પાછળ સમયનો ભોગ આપવા કરતાં વધુ બહેતર એ છે કે, યુવાનોએ ઘર આંગણે અંગકસરત કરવામાં અથવા તો બહાર રમવા જેવી બીજી રમતો પછવાડે વખત રોકવો જોઇએ. અને મોટેરાંઓએ ઘર આંગણે બની શકે ત્યારે બીલીઅર્ડ રમવું અથવા બહાર હવાખોરી માટે ફરવા જવું જોઇએ. તમારા પોતાના ભલાની ખાતર અમે તમને ચેતવણી આપીએ છીએ કે પૈસાથી જુગાર રમવું તે તમારી ઉન્નતિ માટે (આલાકોહોલ) કેફી પીણાં જેટલુંજ ભયંકર છે. જો તમારે મોજ ખાતર ગંજીફા રમવાજ હોય તો તેવા પૈસાની રકમ એટલી નાનામાં નાની રાખો કે તે ફકત હમેશાં આનંદી હારજીત તરીકે રહેવા પામે.

દુન્યવી ખર્ચમાં કરકસર કરવાના અમારા ફરમાનો મુજબ ઘેબા પૈસો ઓછામાં ઓછો ત્રણ યા ચાર વધુ વર્ષો માટે સંભાળપુર્વક સાચવી રાખવો જોઇએ અને વિચારપુર્વક તેને વેપારમાં અથવા થાપણમાં રોકવો જોઇએ.

અમારા પ્યાર ભર્યા વિચારો હર હમેશાં તમો સઘળાઓ સાથે છે."

## ફરમાન પ૨૯ મું.

મુંબઇ તા. ૨૪-૧૨-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારા રૂહાની બચ્ચાંઓની મુલાકાત કરવાથી અમે ઘણા ઘણા રાજી થયા છીએ અને સઘળી જમાતને જોઇને ઘણા ઘણા ખુશી થયા છીએ.

તમારે કોઈ કામ નથી હોતું અને દીદાર કરવા અંહી આવો છો ત્યારે, અમે તમને જોઇને ઘણા ખુશી થઈએ છીએ, પણ નોકરી છોડીને અને પોતાના ધંધામાં નુકશાન ઉઠાવી અંહી આવો છો, તેથી અમે ખુશી થતા નથી. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૦ મું.

મુંબઇ (વાડી) તા. ૨૯-૧૨-૧૯૪૫

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમે જાણતા હશો કે આજે પળે પળે માનવીનું જીવન અને જગત પલ્ટાતા જાય છે, દરેક વસ્તુ બદલાતી રહે છે, જેમાં ખરી દોરવણી હાજર ઈમામજ આપી શકે. **ઈસમાઈલીઓ પાસે દોરવણી માટે કોઇ લખેલું પુસ્તક નથી, પણ હૈયાત ઈમામ છે.**"

એચ. એચ. ધી આગાખાન લીજ્યન સેન્ટ્રલ કમીટીની કોન્ફરંસમાં ફરમાવ્યું:

"અમારી આખી જીંદગીમાં અમે દબાણ કરેલ નથી, પણ આ પ્રસંગ અજોડ અને કોમ માટે અત્યંત ફાયદાકારક હોવાથી, અમે તમને ભારપુર્વક અપીલ કરીએ છીએ.

કોઈપણ પ્રસંગે અમે કોઇને પણ દબાણ કરેલ હોય એવી કોઈ વ્યકિત હોય તો તે ઊભી થાય."

થોડીવાર રાહ જોયા બાદ કોઈ ઊભું નહિ થવાથી ફરમાવ્યું:

"કોઈ એવો દાખલો નથી. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૧ મું.

મુંબઇ તા. ૩૦-૧૨-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ઇસમાઈલીઆ સ્ટુડન્ટસ એજ્યુકેશન સોસાઇટીના વિદ્યાર્થીઓને ફરમાવ્યું:

"બચ્ચાંઓ તમે જુવાન છો, તમે મોટી અભિલાષાઓ ધરાવો છો, પણ તમારે જમીન ઉપર ચાલવું છે, એ તમે બરાબર સ્મર્ણમાં રાખજો. તમે કંઇ ઉડવા જઇ રહ્યા નથી માટે તમારે તમારા ધંધામાં ધ્યાન આપવું જોઇએ. તમે તમારા માટે ભલા થાઓ અને તમારૂં કાર્ય સારી રીતે કરો. તમારૂં રોજીંદુ કાર્ય તમે બની શકે એટલા ઉમંગ પુર્વક કરો અને તેમાં તમે એકાગ્રતા રાખો, એમ અમે ઇચ્છીએ છીએ.

આ થોડા શબ્દો સાથે અમારા રૂહાની બચ્ચાંઓને અમારા ઉત્તમમાં ઉત્તમ અને વહાલભર્યા પિતા અને માતા તરીકેના દુઆ આશિષ ફરમાવીએ છીએ અને પ્રેમની લાગણી દર્શાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૨ મું.

મુંબઇ તા. ૩૧-૧૨-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે એચ. એચ. ધી આગાખાન્સ લીજીયન સેન્ટ્રલ કમિટીની કોન્ફરન્સમાં પધારી ફરમાવ્યું :

"ઈમામતની ગાદી નશીનીને ૬૦ વર્ષ પુરા થયા છે તેનો આ અપુર્વ પ્રસંગ છે. સમસ્ત જગતનો આ અજોડ પ્રસંગ છે. આખી દુનિયાના તવારીખમાં આવો પ્રસંગ કદી બન્યો નથી.

નાની કોમ આવું મોટું કાર્ય પુરૂં કરે અને હાઝર ઇમામની બે વખત તુલાવીધી કરે, એ ખચિત અદભુત બાબત છે. આ કામથી દુનિયાભરમાં તમારી કીર્તિ પ્રસરી જશે, જાતી સ્વમાનની વૃધ્ધિ થવા પામશે. હિંદુસ્તાનમાં આવું કાર્ય થયું હોત તો તેઓ આસમાન સુધી પહોંચી ગયા હોત.

કાલે શું થવાનું છે, તે કોણે જોયું છે. અવસર આજનો છે. વંશપરંપરા આ વસ્તુ કામ આવવાની છે. તમે આ સારૂં કાર્ય કરીને

તમારી ઓલાદનું ભવિષ્ય સારૂં ખાત્રીવાળું બનાવા છો.

અમારા રૂહાની બચ્ચાંઓએ સુંદર કાર્ય કર્યું છે. આ કાર્યમાં તેમને સફળતા મળી છે પણ તેથી જવાબદારી પુરી થઇ જતી નથી. તમારો સમય અને શકિત કોમના ભલા માટે વાપરજો. સમસ્ત જીવનમાં પ્રયત્નશીલ રહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૩ મું.

મુંબઇ તા. ૧-૧-૧૯૪૯.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"તમે બધા એક દિલથી કામ કરજો. પ્રેસીડેન્ટ અને સેક્રેટરી કામ ચલાવવા માટે છે, નહિ તો બધા સરખા છે. પ્રેસીડેન્ટ અને સેક્રેટરીની વાત સાંભળજો એમાં ફાયદો છે."

બાદ ફરમાવ્યું :

"કાઉન્સીલમાં કોઇપણ છુટાછેડાનો કેસ આવે તો જોર જબરીથી છુટાછેડા આપવા નહિ જોઈએ. જો કોઇ બીજા લગ્ન કરવા માંગતું હોય તો સારો બંદોબસ્ત કરવાનો વિચાર રાખવો જોઈએ. આજના જમાનામાં વાતાવરણ ઘણું નાજુક છે. તેથી કોઇપણ છોકરીના લગ્ન કરવા હોય તો તેની માતાને "મહર"નો વિચાર કરવો જોઇએ અને તેણે હક "મહર" બરાબર લેવી જોઇએ. એટલે હક "મહર" ઓછી ન જોઇએ. જો કોઇ વ્યકિત અદાલતમાં પણ જઇને છુટાછેડા લેવા માંગે તો તેને "મહર"નો વિચાર સ્વભાવિક રીતેજ આવે.

મહર પોતાની મિલ્કત પ્રમાણેની હોવી જોઇએ ૫૦૦ અથવા ૧૦૦૦ ની નહિ હોવી જોઇએ. જો લખપતી માણસ હજાર રૂપિયા લખાવે તો તે વ્યાજબી કહેવાય નહિ."

## ફરમાન ૫૩૪ મું.

મુંબઇ તા. ૬-૧-૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે, એક બુઢા માણસે "બાઇઓ લાજ કાઢે છે, લાજ કાઢવાનુ મુકતી નથી. લાજ કાઢવાથી કપડાં પગમાં ભરાઈ જાય છે અને પડી જાય છે છતાં લાજ કાઢવાની રૂઢી મુકતી નથી." એવી અર્જ કરતાં ફરમાવ્યું:

"અમે ઘણા વર્ષો સુધી ફરમાન કર્યાં કે લાજ યાને ઘુમટો કાઢી નાંખો પરંતુ સાંભળતા નથી. લાજ કાઢવી ઘણી ખરાબ છે. એમને બેઇમાન નહિ કહો. એ લોકો જાહીલ છે. તેઓને બેઇમાન નહિ કહો."

## ફરમાન ૫૩૫ મું.

મુંબઈ તા. ૧૧-૧-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે, અમલદારોએ અરજ કરી કે, "કાઠીયાવાડના મોમીન ભાઇઓ પોતામાંજ છોકરા છોકરીઓ લે છે અને દે છે, પણ બીજા ઇસમાઈલીને નથી આપતા." તે ઉપરથી ફરમાવ્યું:

"એ તો રજપુતની રીત છે. તમે રજપુત તો નથી? એ શું વાત છે જે એક બીજાઓને છોકરી લેતા દેતા નથી? કંઇ કારણ છે? રીવાજ છે? બેન ભાઈ તો નથી જે નથી આપતા? બીજા. ઇસમાઇલીઓથી ખુશી સાથે શાદી કરો. એક બીજા સાથે વધારે લગ્ન કરો તો વધારે ઔલાદ થશે અને વધારે ફાયદો થશે.

ખાનાવાદાન."

## ફરમાન ૫૩૬ મું.

મુંબઇ તા. ૧-૨-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મહુંમ અબ્દુલમલેક શીવજી બાટલાવાળાના સંબંધમાં પુછા કરી ફરમાવ્યું:

"તે ખુશીમાં છે. તેના માટે રડવું નહિ. તે તમારાથી વધારે ખુશીમાં છે. એના બાપને કહેજો કે તેના માટે દિલગીર નહિ થાય, પણ પોતાના માટે દિલગીર થાય."

મર્હુમ હજુરમુખી કાનજી રહીમના સંબંધમાં ફરમાવ્યું:

"તેણે અમારી ઘણી ખિદમત કરી છે."

"મર્હુમ ડાયમંડ જ્યુબીલી જોવા નસીબદાર નથી થયા" તે બાબતની અરજ કરવામાં આવતાં ફરમાવ્યું:

"તે આસમાનમાંથી જ્યુબીલી જોશે. ઘણી દુઆ આશિષ. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૭ મું.

કિસુમુ (આફ્રિકા) તા. ૨૩-૫-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે તમો જમાતને જોઇ ઘણા ખુશી થયા છીએ. ટુંક મુદ્દતમાં તમો જમાતને ફરીથી જોઇને અમને ઘણો આનંદ થાય છે. જેમ તમે અત્યારે અમારી હજુરમાં બેઠા છો તેવીજ રીતે બીજી દુનિયામાં પણ બધા અમારી હજુરમાં બેઠા હશો.

અત્રેની કો-ઓપરેટીવ સોસાયટી સંબંધમાં જે સમાચાર મળેલ છે, તેથી અમને ઘણીજ દીલગીરી થાય છે. કો-ઓપરેટીવ અને કોરપોરેશનો તમારા દુન્યવી ફાયદાઓ માટે છે. ગઇ સાલમાં આ સંબંધી અમે ઘણાં ફરમાનો કરેલ છે અને જમાતની ફરજ છે કે તેનો અમલ કરી ફાયદો હાસલ કરવો જોઇએ. જો તમે કો ઓપરેટીવ સોસાઇટીઓ અને કોરપોરેશનો દીલોજાનથી હળીમળીને નાહ ચલાવો તો ઘણુંજ નુકશાન થશે, માટે સંપ સલાહ અને ભાઇચારાથી ચલાવી પુરતો લાભ લેવો જોઇએ. કો-ઓપરેટીવ અને કોરપોરેશનો તેના કાયદા પ્રમાણે બરાબર ચલાવી તેનો દુન્યવી ફાયદો તમારે દુનિયામાંજ જરૂર મેળવવો જોઇએ. કદાચ

કોઇ ભુલ પણ કરે, ઇન્સાન છે, તો એક બીજાએ સાથે મળી સુધારી લેવી જોઇએ. હવે તમે આગલી વાતો ભુલી જાઓ અને એકબીજા સાથે હળીમળીને સંપસલાહથી કામ કરો.

રાત અને દિવસ તમો સઘળાઓને યાદ કરીએ છીએ અને ઘડી પણ વિસરતા નથી. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૮ મું.

લીન્ડી (આફ્રિકા) તા. ૩-૬-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અત્રે અમે કેટલાક બચ્ચાંઓની આંખો દુખતી જોઈએ છીએ અને તેના માટે બહુજ સાદી અને ખર્ચ વગરની દવા બતાવીએ છીએ, જે એ છે કે દરરોજ સવારના ગરમ પાણીમાં ચાના પાંદડા નાખી તેને ઉકાળી સ્ટ્રોંગ બનાવ્યા બાદ ચુલા ઉપરથી ઉતારી, તે પાંદડાવાળું પાણી ઠંડુ પડવા દઈ, તેમાં રૂ બોળીને તે રૂથી આંખ સાફ કરવી. જો બન્ને આંખો દુખતી હોય તો દરેક આંખ સાફ કરવા માટે જુદું જુદું રૂ લઇને વાપરવું. એક આંખ સાફ કરેલું રૂ બીજી આંખ સાફ કરવામાં વાપરવું નહિ, કારણ તેમ કરવાથી નુકશાન થાય છે. આંખનો દુખાવો એક ચેપી રોગ સમાન છે, અને જો ઘરમાં કોઈ એક જણની આંખ દુખતી હોય તો તેની અસર બીજાને પણ થવા પામે છે, અગર જો આંખ વધારે દુખતી હોય તો ઉપર જણાવ્યા મુજબ ચાના પાંદડા પાણીમાં ઉકાળીને પાણી ઠંડુ પડયા પછી તેમાં રૂ બોળી તેનાથી સાફ કરવી અને ત્યારબાદ તે પાણીને ફરીથી સ્હેજ ગરમ કરી તેમાં રૂ બોળીને તે રૂ બે થી ત્રણ કલાક સુધી આંખો ઉપર રાખવું. જો આંખો બહુજ વધારે દુખતી હોય તો ડોકટરની સલાહ જલ્દીથી લેવી જોઇએ. જેઓની આંખો દુખતી ન હોય તેઓ પણ જો ઉપર જણાવ્યા મુજબ ફક્ત ચાવાળા પાણીમાં રૂ બોળી પોતાની આંખો નિયમીત સાફ કરશે, તો તેને પણ ઘણો ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૩૯ મું.

તાનાનારીવ (માડાગાસ્કર) તા. ૫-૬-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"તમો જમાતને જોઇને અમે ઘણા ખુશી થયા છીએ.

ડાયમન્ડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડના શેરો માડાગાસ્કાર માટે જે જુદા રાખવામાં આવ્યા હતા, તે તમો જમાતે ખરીદી લીધા છે, તે જાણી અમે ઘણા ખુશી થયા છીએ. આ શેરોમાં રોકેલ નાણાનો ફાયદો તાત્કાળિક તો નહિજ મળે, પણ આગળ જતાં તમને અને તમારી ઓલાદને ઘણો મોટો ફાયદો થશે.

ખાનાવાદાન."

## ફરમાન ૫૪૦ મું.

તાનાનારીવ તા ૬-૬-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે જે ધાર્મિક ફરમાનો કરીએ છીએ તે પ્રમાણે અમલ કરી આત્મિક ફાયદો હાસલ કરવો એ તમારી ફરજ છે; તેમજ દુનિયાની બહેતરી માટેના જે જે ફરમાનો કરીએ છીએ તે ફરમાનો મુજબ એકબીજાઓએ સાથે મળી ચર્ચા કરી દુન્યવિ લાભ પણ મેળવવો જોઇએ. તમારે આ મુલ્કમાં કોરપોરેશન અને કો-ઓપરેટીવ સોસાયટીઓ સ્થાપવી જોઇએ. અત્યારે માડાગાસ્કરની બધી જમાતો અત્રે એકઠી થયેલ છે, જેથી જુદા જુદા ગામના અગ્રગણ્ય વેપારીઓ અને આવી બાબતોમાં રસ ધરાવતા દીનદારોએ એકઠા મળી કોરપોરેશન અને કો-ઓપરેટીવ સોસાયટીઓ સ્થાપવા બાબત પુખ્તપણે વિચાર કરવો જોઇએ. કોમના નાના મોટા સર્વે વેપારીઓ કઇ રીતે વેપારમાં આગળ વધી શકે તે બાબત અરસપરસ વિચારોની આપ લે

કરવી જોઇએ. કોર્પોરેશન અને કો–ઓપરેટીવ સોસાયટીઓને જો વધુ નાણાની જરૂર પડે તો ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ પાસેથી ઓછા વ્યાજના દરે મેળવી શકાશે, અને આમ કરી તમે વેપારમાં સહકાર સાધી ઘણોજ લાભ મેળવી શકશો. આ સર્વે તમારી ઉન્નતિ માટે ફરમાવીએ છીએ, જેનો જરૂર લાભ ઉઠાવજો. ખાનાવાદાન.”

## ફરમાન ૫૪૧ મું.

તાનાનારીવ તા. ૭–૬–૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

“તમો જમાતે કો–ઓપરેટીવ સોસાયટી સ્થાપવા નકકી કરેલ છે તે સાંભળી અમે ઘણા રાજી થયા છીએ. સોસાયટીઓના શેરો લેવા એ કંઇ સખાવત નથી પણ વેપાર છે. નાણાવાળા માણસોને કદાચ આવી સોસાયટીઓની જરૂર ન હોય, પણ નાના વેપારીઓ માટે આવી સંસ્થા ઘણીજ જરૂરી અને ઉપયોગી ગણાય. પૈસાદાર માણસો પોતાના નાણા આવી સોસાયટીઓમાં રોકશે, તો તેઓ ૩ થી ૪ ટકાનું વ્યાજ કદાચ મેળવી શકશે, પણ ભવિષ્યમાં તેની ઔલાદને તે નાણા અગર તો શેરો ઘણાજ ઉપયોગી થઇ પડશે.

કો–ઓપરેટીવ સોસાયટી બરાબર સારી રીતે ચલાવવા માટે કોમમાંથી વફાદાર અને કોમ પ્રત્યે હમદર્દી ધરાવતા હોશીયાર અને લાયક ડાયરેકટરો નીમવાની ખાસ જરૂર છે; અગર જો કંપની કે સોસાયટીની કેપીટલ ગમે તેટલી મોટી હશે, તો પણ જો ડાયરેકટરો બીન વફાદાર નીવડશે અને નાણાનો ગેર ઉપયોગ કરશે, તો કોમને ફાયદો થવાને બદલે ઘણુંજ નુકશાન સહન કરવું પડશે, જેથી આવી સોસાયટીના કાર્યકરો વફાદાર અને ઇમાનદાર નીમવાની ખાસ જરૂર છે. ખાનાવાદાન.”

બાદ ફરમાવ્યુ :

"હવે અમે તમને બીજી બે બાબતો ઉપર ફરમાન કરવા ઇચ્છીએ છીએ જેમાં પહેલી બાબત એ છે કે:

પુરૂષો અને સ્રીઓએ કેળવણી અવશ્ય લેવી જોઇએ. કેળવણીનો વિષય એટલો બધો ગંભિર અને જરૂરનો છે કે, કોઇપણ કોમ અગર તો જમાતના જીવન મરણનો તે સવાલ છે. અમારો કહેવાનો મતલબ એમ નથી કે ફકત મોટા મોટા પુસ્તકો વાંચવા અને ડીગ્રીઓ મેળવવી; પણ વ્યવહારૂ કેળવણીની મુખ્ય જરૂર છે અને તે એ છે કે, તમે જે દેશમાં રહેતા હો, તે દેશની ભાષા શીખી, સામાન્ય જ્ઞાન મેળવી આર્થિક અને સામાજીક લાભો હાસલ કરવા જોઇએ. આ મુલ્ક ફ્રેન્ચ ગવર્નમેન્ટનો છે, જેથી તમારે રાષ્ટ્રિય ભાષાનું શિક્ષણ લેવાની ખાસ જરૂર છે. આ દેશમાંથી કોઇ યુવાનો ઇસ્ટ આફ્રિકા અગર તો ઇંગ્લેન્ડ જઇ તે દેશોની કેળવણી લીએ તો તેથી તેને ખાસ કંઇ ફાયદો નહિ થાય, પણ જો તે આ મુલ્કનું ફ્રેન્ચ શિક્ષણ મેળવશે તો તેથી તેને ઘણોજ ફાયદો થશે. મતલબ કે તમે જે દેશમાં રહેતા હો તે દેશની રાષ્ટ્રિય અને પ્રજાકિય ભાષા અને જ્ઞાન મેળવવાથી ઘણોજ ફાયદો મળી શકે.

બીજી બાબત એ છે કે દારૂ અને તંબાકુ જેવી વ્યસની ચીજોનો ત્યાગ કરવો જોઇએ. યુરોપીઅનો રાજ્ય કરતી અને હોશીઆર પ્રજા છે, પણ તેઓ દારૂ અને તંબાકુ જેવી નુકશાનકારક બદીઓનું સેવન કરે છે, જ્યારે આપણે તેઓની સામે ટકી રહેવા માટે દારૂ અને તંબાકુ જેવા વ્યસનોથી દુર રહેવું જોઇએ. જો કોઇ માણસ એકસો (૧૦૦) ફ્રાન્કની નોટ બાળી નાંખે તો તેને મુર્ખ કહીએ, તેવીજ રીતે એકસો (૧૦૦) ફ્રાન્કની તંબાકુ લઇ પીએ તે પણ મુર્ખજ કહેવાય. આથી ઇન્સાન નાણું ગુમાવે છે અને શરીરની તંદુરસ્તીને પણ આવા વ્યસનોથી ઘણુંજ નુકશાન પહોંચાડે છે,

તેમજ પોતાના કુટુંબ અને ઓલાદને દુ:ખી અને પરેશાન કરી મુકે છે, જેથી આવી બદીઓનો ત્યાગ કરવો જોઇએ.

બાળઉચ્છેર, બચ્ચાંઓની માવજત અને પ્રસુતિ પહેલાંની માતાએ લેવી જોઇતી સંભાળ બાબતમાં બાઇઓએ રસ લેતા થવું જોઇએ. આ બાબતમાં અમે ગઇ સાલ કેન્યા અને ટાંગાનીકામાં ઘણા ફરમાનો કરેલ છે, જે ફરમાનો વાંચી તે ઉપર અમલ કરી લાભ ઉઠાવવો જોઇએ. આ બાબતો ઉપર કોમની ભવિષ્યની પ્રજાની તંદુરસ્તીનો આધાર રહેલો છે, જેથી બાઇઓમાં આ વિષયનો પુરતો પ્રચાર કરવો જોઇએ. ગર્ભવતી બાઇઓએ સાદો અને પુષ્ટિકારક ખોરાક લેવો જોઇએ કે જેથી તેણીને અને બચ્ચાંને શકિત મળી શકે; તેમજ બચ્ચું જનમ્યા બાદ પણ પુષ્ટિકારક અને શકિતવર્ધક ખોરાક લેવો જોઇએ કે જેથી બાળકને પોતાની માતાનું દુધ મળી શકે, કે જે દુધથી બચ્ચું બહુજ તંદુરસ્ત અને સશકત બને છે.

બાઇઓએ દુન્યવી કેળવણી લેવીજ જોઇએ. જો બાઇઓ કેળવાએલ હશે તોજ તેઓ પોતાના બચ્ચાંઓને કેળવણી આપી હોશિઆર બનાવી શકશે. ઘરમાં સાફસુફ કરવું, રાંધવું–પકાવવું, કપડા ધોવા, ઝાડુ કાઢવું વિગેરે દરેક નાના મોટા ઘરકામો બાઇઓએ જાતેજ કરવા જોઇએ. ખોરાક અને બીજી દરેક બાબતમાં કરકસર કરતાં શીખવું જોઇએ. અમારી બેગમ પણ રાંધવા–પકાવવાનું કામકાજ જાતે કરે છે. આ સર્વે ઘર કાર્યો કરવામાં કાંઇ શરમ નથી પણ કુદરત તરફથી નિર્માણ થયેલ સ્રીઓની ફરજો છે. બાઇઓ કેળવાએલ, કરકસરવાળી, હોશિઆર અને ગૃહકાર્યમાં પ્રવિણ હશે, તો તેના બાળકો પણ તેવાજ હોશિઆર અને ચાલાક થશે, જેથી કોમ પણ પ્રગતિમાન અને આબાદ થશે.

અમે તમારી બહેતરી માટે ઘણા ફરમાનો કર્યા છે, જેમકે દુનિયામાં અને વેપારમાં આગળ વધવા કોરપોરેશન અને કો–ઓપરેટીવ સોસયટીઓ ઉભી કરેલ છે, તેમજ બહુજ ઓછા વ્યાજે નાણા

મેળવી શકો તે માટે ધી ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ જેવી સધ્ધર કંપની બનાવેલ છે. ઉપરાંત કેળવણી અને તંદુરસ્તીને લગતા ઘણા રસ્તાઓ બતાવ્યા છે, તે મુજબ અમલ કરશો તો ઘણોજ ફાયદો મેળવશો. અમે ઘોડાને પાણી પાસે લઇ જઇએ છીએ, એટલે કે તમને તમારી દુન્યવી આર્થિક અને સામાજીક દરેક પ્રકારની બહેતરી માટે ફરમાનો કરીએ છીએ; હવે ઘોડાએ પાણી પીવું કે નહિ તે તેની મરજીની વાત છે, તેવીજ રીતે તમારે પણ અમારા ફરમાનો પ્રમાણે વર્તવું કે નહિ તે તમારી મરજીની વાત છે. જો અમારા ફરમાનો મુજબ વર્તશો, તો દીન અને દુનિયામાં સુખી અને આબાદ થશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૨ મું.

તાનાનારીવ તા ૮-૬-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યુ :

"આજે અમે ઇસમાઇલી મઝહબી રાજ્ય કયા સિધ્ધાંતો ઉપર રચાએલ છે, તે બાબત ઉપર ફરમાનો કરીએ છીએ.

સૌથી અગત્યનો અને પહેલો સિધ્ધાંત એ છે કે, ઇસમાઇલી મુરીદ નાના યા મોટા દરેકે દરરોજ નિયમિત જમાતખાને અવશ્ય આવવું જોઇએ અને સાથે મળીને દુઆ ગુજારવી જોઇએ. જમાતખાને આવવામાં જો કાહેલી કરશો તો રફતે રફતે તમારૂં ઇમાન ઓછું થતું જશે; જેથી દુઆ વખતે દરરોજ નિયમીત જમાતખાને હાજર થવાની દરેકે દરેક ઇસમાઇલી ઉપર મુખ્ય ફરજ છે.

બીજી બાબત એ છે કે દુનિયાના દરેક રાજ્યો પોતાનું રાજતંત્ર ચલાવવા પ્રજા પાસેથી જકાત અને જુદી જુદી જાતના કરવેરાઓ લે છે. જો આવી રીતે કરવેરાઓ લેવામાં ન આવે તો કોઇપણ રાજ્ય ચાલી નજ શકે; અગર જો કોઇ માણુસ રાજ્યના કરવેરા નથી ભરતો

તો સરકાર તેની પાસેથી સત્તા અને જબરજસ્તીથી વસુલ કરે છે. આ એક દુન્યવી રાજ્યની વાત થઇ. તેવીજ રીતે દીની રાજ્યચલાવવા માટે મુરીદોએ પોતાના ઇમામને માલેવાજબાત આપવીજ જોઇએ. નબી સાહેબના વખતમાં પણ ખુમ્સ અને જકાત આપવામાં આવતા હતા. તે જમાનાના માણસો સમજતા હતા કે, દીની રાજ્ય ચલાવવા માટે આવા ટેકસો આપવાજ જોઇએ, તે સિવાય રાજ્ય નજ ચાલી શકે. પીર સદરદીને પણ તમને ઇમામનો હકક આપવા શીખવેલ છે. જેઓ ખરા મોમન છે, તેઓ પોતાની કમાણીમાંથી ઇમામનો હક રાજી ખુશીથી આપે છે. ઇસમાઇલી મઝહબમાં માલેવાજબાત વસુલ કરવા દુન્યવી રાજ્યોની માફક પોલીસ અગર તો બળજબરી વાપરવામાં આવતી નથી, પણ મોમનને તેનું મનજ પોલીસ બની ઇમામનો હક આપવા પ્રેરે છે. જો તમે માલેવાજબાત આપવામાં કાહેલી કરશો, તો કોમની સામાજિક જરૂરીઆતોનો લાભ પણ મેળવી નહિજ શકો. માલેવાજબાત એ ધર્મનો મુખ્ય પાયો છે, જેથી ચોકખી માલેવાજ-બાત આપવીજ જોઇએ અને તે આપશો તોજ તમે દીન ઉપર મુસ્તકીમ રહી શકશો.

તમે ફ્રેન્ચ સરકારના રાજ્યમાં રહો છો, જેથી તમારે ફ્રેન્ચ પ્રજા-જન એટલે કે આ મુલ્કની વતની પ્રજા બની જવું જોઇએ, અને વતની પ્રજા તરીકેના દરેક હકકો મેળવવા માટે કોશીષ કરવી જોઇએ. આ મુલ્કમાં જન્મેલા બચ્ચાંઓ માટે પણ વતની પ્રજા તરીકેના દરેક હકો સરકાર પાસેથી મેળવવા જોઇએ. વતની પ્રજા તરીકેના હકો મેળવવા માટે એકાદ બે વખત કોશીષ કરી બેસી રહેવાથી કઇ સરકાર તમને હક આપી નહિ દીએ, પણ વારંવાર દબાણપુર્વક કોશીષ કરશો તોજ ફાવી શકશો. દસ કે વીસ વર્ષ પછી શું થવાનું છે, તે અમે જાણીએ છીએ અને તેથીજ તમને ફરીથી પણ ભાર પુર્વક ભલામણ કરીએ છીએ કે, તમે માડાગાસ્કારની વતની પ્રજા મલગાસ કોમ સાથે હળીમળીને રહો. મલગાસી તેમજ ફ્રેન્ચ ભાષા શીખી મલગાસ લોકો સાથે તેઓના જેવાજ વતની બની જાઓ અને તેમ

કરશો તોજ ભવિષ્યમાં જો સરકાર પરદેશીઓને આ મુલ્કમાંથી ચાલ્યા જવાનું કહે તો, ત્યારે તમે આ મુલ્કની વતની પ્રજા સાથે રહેણીકરણી વિગેરેમાં હળીમળી ગયા હશો, અને વતની પ્રજા તરીકેના હકો મેળવેલા હશે તો તમને કાઢી નહિ શકે, બલ્કે રાજી ખુશીથી આ મુલ્કમાં તમને રહેવાના હકો આપવા કબુલ કરશે. જેમ બર્માની અંદર આપણા ઈસમાઇલીઓ અમારા ફરમાન મુજબ અમલ કરી ત્યાંની વતની પ્રજા બર્મીઝની સાથે પહેરવેશ અને રહેણી કરણીમાં ભેળસેળ થઇ ગયા હતા તેથી લડાઈ દરમ્યાન જ્યારે જાપાનીસોએ તે મુલ્ક જીતી લીધો ત્યારે જેમ બીજી પ્રજાને દુઃખી થવું પડયું હતું તેમ ઈસમાઇલીઓને હેરાન થવું પડયું ન હતું; કારણ કે તેઓએ અમારા ફરમાનો પ્રમાણે અમલ કર્યો હતો. તેવીજ રીતે તમે પણ અમારા આ ફરમાન પ્રમાણે વર્તશો, તો તમને ભવિષ્યમાં કંઇ પણ તકલીફ પડશે નહિ. આપણે દુનિયામાં રહીએ છીએ, નહિ કે સ્વર્ગમાં, જેથી અમે તમો મારા મુરીદોની બહેતરી માટે જે જે ફરમાનો કરીએ છીએ અને કરી રહ્યા છીએ, તે મુજબ મનન કરી વર્તન કરશો તો આ અને બીજી દુનિયામાં સુખી અને આબાદ થશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૩ મું.

તાનાનારીવ તા. ૯-૬-૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઈસમાઇલી કોમ એ એક વેપારી કોમ છે જેથી વેપારમાં એક બીજાએ હળી મળીને સંપ સલાહથી આગળ વધવું જોઇએ. જો પંખીની માફક એક એક જુદા પડી જશો, તો જોઇએ તેવો લાભ મેળવી શકશો નહિ. વેપારમાં હમેશાં સલાહ સંપથી સહકારી દ્રષ્ટિએ ભેગા મળીને કામ કરો કે જેથી તમને ઘણોજ ફાયદો મળે. બધાએ એકજ વેપાર પાછળ જવું એ બરાબર નથી, પણ જુદી જુદી જાતના વેપાર ધંધાઓ કરતાં શીખવું જોઇએ અને તેમ કરશો તોજ વધુ લાભ મેળવી શકશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૪ મું.

તાનાનારીવ તા. ૧૦-૬-૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"કાઉન્સીલના મેમ્બરો, દરેક ગામના મુખી અને કામડીઆઓ, વોલન્ટીઅરો અને સઘળી જમાતોએ આ અમારી પધરામણી દરમ્યાન જે જે મહેનત અને તકલીફ ઉઠાવેલ છે, તે માટે સઘળાઓને ઘણા ઘણા દુઆ આશિષો અને ખાનાવાદાન ફરમાવીએ છીએ.

તમે સઘળા અમારા રૂહાની ફરજંદો છો જેથી એક બીજા વચ્ચે કોઇ પણ જાતની હસદ કે દુશ્મની રાખશો નહિ; પણ એક બીજા સાથે સંપ સલાહથી હળી મળીને રહેજો કે જેથી બીજી કોમના માણસો પણ વખાણ કરે કે ઈસમાઇલી કોમ કેવી સંપીલી અને દાના છે. તમારે સમજવું જોઇએ કે તમે સઘળા એકજ રૂહાની પિતાના રૂહાની ફરજંદો છો, જેથી કોઇને દુઃખ દેવું જોઈએ નહિ. દુઃખ કેવું હોય છે, તેનો જાતે અનુભવ લેવો જોઇએ કે જેથી બીજાને કેટલુ બધુ દુઃખ થશે, તે સમજી શકાય; માટે એક બીજા સાથે હળી મળી મહોબત અને સંપ સલાહથી રહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૫ મું.

તાનાનારીવ તા. ૧૩-૬-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું :

"આજે અમે તમને તંદુરસ્તી સંબંધી ફરમાનો કરવાના છીએ, જે બરાબર ધ્યાન આપી સાંભળજો. અગર જો અમારા ફરમાનો સાંભળી તે મુજબ અમલ નહિ કરો તો કંઇ ફાયદો નહિ થાય. જેમ એક ઘોડાની પાસે પાણી મુકવામાં આવે અને તે પીએ નહિ તો

તેમાં પાણી પીનરાવવાવાળો શું કરી શકે ? કંઇજ નહિ. તેવીજ રીતે અમે તમને ફરમાનો કરીએ અને તમે તે પ્રમાણે અમલ ન કરો, તેમાં અમારી કંઇ તકસીર નથી.

કેટલીક બિમારીઓ એવી હોય છે કે જેના માટે અમે તાવીજ આપીએ છીએ અને તેનાથી ફાયદો થાય છે. જયારે બીજી કેટલીક બિમારીઓ તમે જાતે બેદરકારીથી ઉભી કરો છો. આ મુલ્કમાં મચ્છરનો ઉપદ્રવ બહુજ છે, જેથી તમારે મચ્છરદાની વાપરવી જોઇએ. મચ્છરદાની વાપરવામાં બેદરકારી કરશો તો બિમાર પડશો. કેટલાક માણસો મચ્છરદાની વાપરે છે, પણ તેમાં કાણાં હોય છે, જેમાંથી મચ્છરો અંદર સહેલાઇથી જઇ શકે છે. આવી મચ્છરદાનીઓ વાપરવાથી શું ફાયદો ? આવી મચ્છરદાનીઓ વાપરનારા અને જેઓ બીલકુલ ન વાપરે તેઓ બન્ને સરખાજ છે અને તાવ જેવી બિમારીના ભોગ બને છે; જેથી કાણાં વગરની અને ફાટેલ ન હોય તેવી સારી મચ્છરદાનીઓ વાપરવી જોઇએ.

આ મુલ્કમાં ગધેડીનું દુધ મળતું નહિ હોય, પણ જો ગધેડીનું દુધ મળતુ હોય તો બચ્ચાંઓ તેમજ મોટા માણસોએ તે પીવું જોઇએ, કારણ કે તે દુધ તંદુરસ્તી માટે ઉત્તમ અને અને સાધારણ દુધ કરતાં દશ ગણું વધારે પુષ્ટિકારક હોય છે. જો ગધેડીનું દુધ મળતું ન હોય તો બકરી અથવા ગાયનું તાજું દુધ પીવું જોઇએ, તેમાં પણ ગાય કરતા બકરીનું દુધ વધારે સારૂં છે. બચ્ચાંઓ તેમજ મોટા માણસોએ પણ બકરીનું તાજું દુધ પીવું જોઇએ. તે જોઇતા પ્રમાણમાં ન મળી શકે તો પછી ગાયનું તાજું દુધ પીવું જોઇએ, તેમજ દુધમાંથી બનેલા દહીં અને છાશ પીઓ કે જે તંદુરસ્તીને ઘણોજ ફાયદો પહોંચાડે છે.

માંસ અઠવાડીયામાં એકથી બે વખત ખાઓ, પણ તે એકદમ પકાવીને નહિ; કારણકે માંસ પાકી જતાં તેમાંથી તાકાતના તત્વો નાબુદ થઇ જાય છે, જેથી અર્ધ કાચું પકાવી ખાવું જોઇએ. માંસ કરતાં

જો દુધ, દહીં, છાશ. વિગેરે લેવામાં આવે તો તે શરીરને વધુ શક્તિ આપે છે તેમજ જો માંસને બદલે કલેજી અને ગુરદા અર્ધ કાચા પકાવેલા કે જેની અંદર તાકાતના સત્વો સમાએલા રહે છે, તે ખાઓ તો બહુજ ફાયદાકારક છે. તમે ચોખા ઓછા પ્રમાણમાં ખાઓ, કારણ કે ચોખા વધુ ખાવાથી કબજિયાત થાય છે અને તેમાંથી ઘણી જાતની બિમારીઓ થાય છે. આ મુલ્કના વતનીઓ મલગાસોનો મુખ્ય ખોરાક ચોખા છે અને તે ખાવાથી તેઓ કેવા ફીક્કા અને અશક્ત જેવા લાગે છે? માટે તમે ચોખા ઓછા પ્રમાણમાં ખાઓ, અગર તો એક ભાગ ચોખા અને બે ભાગ બાજરો ભેગો કરી પીસાવી તે આટાની રોટલી બનાવી ખાઓ.

તમારે મહીનામાં એક વખત એરંડીઆ તેલ Castor Oil નો જુલાબ લેવો જોઇએ, કે જેથી કબજિઆત અને પેટની સાધારણ બિમારીઓ દુર થઈ તંદુરસ્તી મળે.

દાતણ કરવામાં વિલાયતી દંતમંજન અને પાવડરો વાપરો છો, તેના કરતાં નીમકથી દાંતણ કરવું વધારે સારૂં છે. નીમક વાપરવાથી દાંતો મજબુત થશે અને ઘણો ફાયદો થશે.

પાણીમાં ચાના પાંદડા અગર તો ભુકી નાખી તે પાણી ચાની માફક ઉકાળી નીચે ઉતારી ઠંડુ પડવા દેવું અને ત્યાર બાદ તેમાં રૂ બોળી તે રૂથી આંખને સાફ કરો. એક આંખ ધોએલું રૂ બીજી આંખ ધોવામાં વાપરશો નહિ, જો તેમ કરશો તો આંખને નુકશાન થશે, માટે જુદા જુદા રૂથી જુદી જુદી આંખ ધોવી. આમ કરવાથી તમારી આંખોને ઘણોજ ફાયદો થશે.

અમે ઇચ્છીએ છીએ કે આ મુલ્કમાંથી બે ચુવાનો ડોકટર થવા બહાર પડે, કે જેઓને ફ્રાંસ જઈ ડોકટર થવા માટે અમે સ્કોલરશીપ આપીશું. જો કોઇ પોતાના ખર્ચે ફ્રાંસ જઇ ડોકટર બની શકતા હોય તો તેવા બેક ચુવાનો ડોકટર થવા જાય. આ

યુવાનો ડોકટર થઇ અત્રે આવી કોમને લાભ આપે અને આ મુલ્કના નાના મોટા દરેકે દરેક ઇસમાઇલીની ખંત અને કાળજીથી દવા કરી કોમ પ્રત્યેની પોતાની ફરજ અદા કરે, જેથી અમે ઘણાજ ખુશી થઇશું.

અમે તમને તંદુરસ્તીતે લગતા ઘણા ફરમાનો કર્યા છે, જે મુજબ અમલ કરશો તો બિમાર પડવાનો બહુજ ઓછો સંભવ રહેશે, છતાં પણ જો કોઇ વધુ પડતી અને ગંભિર બિમારી થવા પામે તો જલ્દીથી ડોકટરની સલાહ લેવી અને ડોકટર તરફથી આપવામાં આવેલી દવા કાળજીથી હમેશાં નિયમિત પીવી, તેમજ જો કોઇ પરહેજી સુચવવામાં આવે તો તેનું પણ બરાબર પાલન કરવું જોઇએ કે જેથી બિમારી જલ્દીથી દુર થઇ ફાયદો હાંસલ થાય.

અમારા આ સર્વે ફરમાનો માડાગાસ્કરના દરેકે દરેક ગામમાં અઠવાડીઆમાં બે વખત જમાતખાનામાં વંચાવવા જોઇએ અને વાંચી મનન કરી તેનો લાભ ઉઠાવવો જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૬ મું.

તાનાનારીવ તા. ૧૭-૬-૧૯૪૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"આ મુલ્કમાં કેળવણી માટે અમે એક એડમીનીસ્ટ્રેટર નીમીએ છીએ કે જેનો દરજ્જો કેન્યા, યુગાન્ડા, ટાંગાનીકા અને જંગબારના એડમીનીસ્ટ્રેટરની બરાબર છે. આ એડમીનીસ્ટ્રેટરે કેન્યા, યુગાન્ડા, ટાંગાનીકા અને જંગબાર વિગેરે સ્થળોએ જઇને ત્યાંના એડમીનીસ્ટ્રેટરોને મળી ત્યાંની કેળવણી સબંધી દરેક અનુભવ લેવો જોઇએ અને અત્રે અપાતી કેળવણીમાં

જે કંઇ ખામી હોય તે સુધારી દુર કરવી જોઇએ. તેવીજ રીતે કેન્યા, યુગાન્ડા, ટાંગાનીકા અને જંગબારના એડમીનીસ્ટ્રેટરોએ પણ ક્રમવાર દર વર્ષે આ મુલ્કમાં આવી અત્રેની કેળવણી તપાસી ખામી દુર કરી ઘટતા સર્વે સુધારા વધારાઓ કરાવવા જોઇએ. અમે કેળવણી માટે ગંજાવર રકમની ગ્રાંટ આખા આફ્રિકા માટે આપીએ છીએ અને આ મુલ્ક માટે પણ મોટી રકમની ગ્રાંટ મંજુર ફરમાવીએ છીએ. આ ગ્રાંટના નાણાનો એક ફ્રાન્કનો ફકત એકજ ફ્રાન્ક જેટલો લાભ ઉઠાવવાથી કઈ ફાયદો ન કહેવાય, પણ એક ફ્રાન્કમાંથી બે ફ્રાન્ક જેટલો લાભ ઉઠાવો ત્યારેજ ફાયદો થયો ગણાય. અમારા તરફથી આપવામાં આવતી આ ગ્રાંટના નાણાની સર્વે વ્યવસ્થા એડમીનીસ્ટ્રેટરના હાથમાં અમે સોંપીએ છીએ. આ એડમીનીસ્ટ્રેટરની ફરજ છે કે, તેણે આ મુલ્કની દરેક નિશાળોની અવારનવાર તપાસ લઇ કેળવણીનો તેમજ ગ્રાંટના નાણાનો કેમ પુરેપુરો લાભ ઉઠાવે છે કે નહિ, તે જોવું જોઇએ. એડમીનીસ્ટ્રેટરની આ એક ઘણીજ જોખમભરેલી અને ગંભિર ફરજ છે.

કેળવણી માટે અમે ગ્રાંટ આપીએ છીએ છતાં તમારે સરકાર પાસેથી પણ ગ્રાંટ મેળવવી જોઇએ, કે જે તેની ફરજ છે, પણ આ ત્યારેજ બની શકે કે જ્યારે તમે આ મુલ્કની વતની પ્રજા બની જઇ ફ્રેન્ચ સરકાર પાસેથી તેવા હકો મેળવો. અમે તમને વીસ વર્ષ પહેલાં ફરમાવ્યું હતું કે તમે ફ્રેન્ચ ગવર્નમેન્ટ પાસેથી વતની પ્રજા તરીકેના હકો મેળવો. જો તમે અમારા ફરમાનો પ્રમાણે અમલ કરેલ હોત તો આજે ઘણી મુશ્કેલીઓ ઓછી થઇ ગઇ હોત. જે સરકાર પ્રજા પાસેથી કરવેરા લેતી હોય, તેના ઉપર પ્રજાના બાળકોની કેળવણી માટે ગ્રાંટ આપવાની જોખમદારી અને ફરજ રહેલી છે, અગર જો આ મુલ્ક કદાચ મલગાસીઓને મળી જાય તો પણ જો તમે વતની પ્રજા તરીકેના હકો મેળવી તેઓ સાથે ભળી ગયા હો તો તેઓ તમને પોતાના ભાઈઓ સમાન સમજી દરેક જાતનું શિક્ષણ આપવા બંધાએલા રહે.

અમે બર્માના ઇસમાઇલીઓને ફરમાન કરેલ કે તેઓ ત્યાંની વતનીપ્રજા બર્મીઝ લોકોની માફક રહે અને તેઓ સાથે ભાઇચારો સાધી એકમેક થઇ જાય. રહેણીકરણી તેમજ પહેરવેશ અને નામો પણ બર્મીઝ રાખે. અમારા આ ફરમાનો મુજબ બર્માવાસીઓએ અમલ કર્યો તેથી લડાઇના વખતમાં તેઓને મુશ્કેલી પડી નહિ. તેઓએ પોતાના નામો પણ બર્મીઝ રાખેલ હોવાથી બીજા લોકો પણ તેઓને ઓળખી ન શક્યા કે તેઓ બર્મીઝ છે કે નહિ. તેવીજ રીતે તમે પણ આ દેશમાં રહો છો અને સ્થાયી રહેવાનાજ છો, જેથી આ દેશની પ્રજા સાથે ભાઇચારો સાધી સંપ અને મહોબતથી તમારે ભળી જવું જોઇએ. આ અમારા ફરમાનો પ્રમાણે વર્તશો તો ભવિષ્યમાં મલગાસ લોકો તમને પોતા સાથે વસવાવાળા પોતાના ભાઇઓ માફકજ ગણશે અને તમે સુખી અને આબાદ થશો.

આ મુસાફરી દરમ્યાન અમે તમને તમારી તંદુરસ્તીને લગતા તેમજ દુન્યવી, આર્થિક, સામાજીક અને ધાર્મીક ઘણા ફરમાનો તમારી બહેતરી અને ઉન્નતિ માટે કર્યા છે, જે સર્વે વખતો વખત જમાતોમાં વાંચી પ્રચાર કરી અમલમાં મુકશો તો તમને ઘણોજ ફાયદો થશે અને તમો સુખી અને આબાદ થશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૭ મું.

નૈરોબી (કેન્યા) તા. ૫-૭-૧૯૪૫.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આજે અમે તમને કેટલાક ફરમાનો કરવાના છીએ, જે ફક્ત નઇરોબી માટે નહિ પણ આખા આફ્રિકા માટે છે. આજે અમે તમને મઝહબી ફરમાનો કરવાના નથી પણ રૂહાની પિતા તરીકે તમારી તંદુરસ્તી અને બહેતરી માટેના ફરમાનો કરવાના છીએ. જેનો અમલ કરશો, તો દુનિયામાં ઘણોજ ફાયદો હાંસલ કરી શકશો.

અમે સમજીએ છીએ કે, તમે ઇન્સાન છો અને જલ્દીથી બદી અને નબળાઇના ભોગ બની જાઓ છે, જેમ થવું ન જોઇએ, પણ મનને કાબુમાં રાખી હિંમતથી સામનો કરવો જોઇએ.

દારૂ, તંબાકુ વિગેરે વ્યસની પદાર્થોનો ઉપયોગ કરવાથી ઇન્સાનને લીજત અને આનંદ આવે છે, પણ જ્યારે નિશો ઉતરી જાય છે, ત્યારે માણુસને કમતાકાતવાન અને સુસ્ત બનાવી મુકે છે અને શરીરની અંદર ઝેર બની જાત જાતના દર્દો ઉત્પન કરે છે. આ ચીજો બહારથી સારી લાગે છે, પણ અંદરખાને દુશ્મનની ગરજ સારે છે, તેમજ તમારી તંદુરસ્તીને ઘણુંજ નુકશાન પહોંચાડે છે. તમારે આ મુલકમાં યુરોપીઅનો સામે હરીફાઇ કરવાની છે, તેમજ ભવિષ્યમાં આફ્રિકનો સામે પણ હરીફાઇ કરવી પડશે. આફ્રિકનો જ્યારે પૈસા કમાશે ત્યારે તેઓ દારૂ તંબાકુ જેવી ચીજોનો વપરાશ કરી તંદુરસ્તી અને નાણાની બરબાદી કરશે. જો તમે દારૂ તંબાકુ જેવી કેફી વસ્તુઓ તજી દેશો તો યુરોપીઅનો અને આફ્રિકનો કે જેઓ આવી બદીમાં ફસાએલા પડયા હશે, તેઓની સામે હરીફાઇ કરી તેઓને મહાત કરી શકશો.

કેટલાક માણસો કામધંધાથી પરવારી સાંજે થાક ઉતારવા, આવી કેફી વસ્તુઓનું સેવન કરે છે અને મનથી સમજે છે કે તેથી થાક ઉતરી જઇ આશાએશ મળે છે, પણ આવી માન્યતા ગંભિર ભુલ છે કેફી પીણા તાત્કાળિક માણસને કદાચ તાઝગી આપતા હોય છતાં પણ નિશો ઉતરી જતાં માણસને પહેલાં કરતાં પણ વધુ બેહાલ અને તંગ બનાવી શરીરની અંદર ધીમા ઝેર તરીકે પ્રસરી તંદુરસ્તીને ઘણીજ હાની પહોંચાડે છે. કામધંધેથી ઘેર આવી થાક ઉતારવા છાશ તેમજ જુદા જુદા ફ્રુટ જેવા કે સંતરા, નારંગી, પેશન ફ્રુટ વિગેરેનો રસ પીઓ; તેમજ ટમેટાનો રસ નિમક અગર ખાંડ નાખી પીઓ, કે જેથી શરીરમાં ચેતન, સ્ફુર્તિ અને કુવત આવશે. છાશ, ટમેટા, ફ્રુટના રસો વિગેરેમાં કુદરતી શકિતવર્ધક સત્વો અને ગુણો સમાએલા છે. આ ચીજોનું સેવન કરવાથી ફકત એકાદ મહીનામાંજ તમને ઘણો ફાયદો જોવામાં આવશે.

કેટલાક વૃદ્ધ માણુસો પણ ઘણા વર્ષોથી આવી કેફી વસ્તુઓનું સેવન કરતા હોય છે, જે તેઓ એકદમ તો મુકી નજ શકે પણ તેમણે રફતે રફતે જરૂર ઓછું કરવું જોઇએ. બની શકે તો આ બદીને સદંતર નાબુદ કરવી જોઇએ, નહિતર આસ્તે આસ્તે ૬૬ થી ૭૫ ટકા તો જરૂર ઓછી કરવી જોઈએ. યુવાનોએ પણ આવા કેફી પીણા સદંતર મુકી દેવા જોઇએ અને તેના બદલે છાશ તેમજ ટમેટા અને ફ્રૂટના રસો પીવા જોઇએ. દારૂ તંબાકુ જેવી કેફી અને શરીર તેમજ તંદુરસ્તીને નુકશાન પહોંચાડતી વસ્તુઓનું જેઓ સેવન કરે છે, તેઓ ઉપર અમને ગુસ્સો નથી પણ દિલગીરી થાય છે; બલ્કે આંખમાં આંસુ આવી જાય છે અને દુઃખની લાગણી પેદા થાય છે. અમે ઇમામ તરીકે એમ નથી કહેતા કે આવી કેફી વસ્તુઓનું સેવન કરવાથી ગુનાહ છે, પણ જેમ અમારા બચ્ચાંઓને અમે તેઓની તંદુરસ્તી અને બહેતરી માટે નસીહતો કરતા હોઇએ તેમ તમો અમારા રૂહાની બચ્ચાંઓને તમારી તંદુરસ્તી, ભલાઈ અને દુનિયાની બહેતરી માટે ફરમાવીએ છીએ. અમે અમારા મુરીદોને દુનિયામાં સુખી અને આબાદ જોવા માગીએ છીએ, માટે જો તમે અમારા ફરમાનો મુજબ વર્તશો, તો તમે તેમજ તમારી ઓલાદ દુનિયામાં સુખી અને આબાદ થશો.

આ મુલ્કમાં તમારે અંગ્રેજી પેઢીનો પહેરવેશ રાખવો જોઇએ, કે જે ઘણો સાદો અને શોભિતો છે. અમે એમ નથી કહેતા કે તમે જે ચાલુ કપડા પહેરો છો તેને ફેંકી દીઓ, પણ તે ફાટી જાય અગર ખલાસ થાય તો નવા કપડાં અંગ્રેજી રૂઢીના કરાવવા જોઇએ. આ મુલ્કની વતનીપ્રજા પણ યુરોપીઅન રહેણી કરણી અને પહેરવેશનું અનુકરણ કરે છે અને તમારે પણ આ મુલ્કમાં યુરોપીઅનો અને વતનીપ્રજાઓ સાથે વસવાનું છે, જેથી જ્યારે જુના કપડાં ફાટી જાય ત્યારે ફરી નવા કપડાં અંગ્રેજી ઢબના બનાવી પહેરો. આ પહેરવેશ કરકસરવાળો સસ્તો અને સાદો છે. તેમજ કામધંધામાં પણ કોઈ જાતની તકલીફકર્તા નથી. બલકે અનુકુળ અને સગવડ ભરેલો છે.

જેમ પહેરવેશ માટે અમે ભાઈઓને ફરમાન કરેલ છે, તેજ પ્રમાણે બાઇઓએ પણ સમજવાનું છે કે તેઓના ચાલુ કપડા ફાટી ખલાસ થાય ત્યારે ફરીથી નવા કપડા યુરોપીઅન બાઇઓ પહેરે છે, તેવા બનાવરાવી પહેરે કે જે બહુ કરકસરવાળા અને સગવડ ભરેલા છે. નિશાળમાં અભ્યાસ કરતી બાળાઓ અને ગર્લ ગાઇડઝ ફ્રોક, ટોપી વિગેરે પહેરે છે, તે જોઇ અમને ઘણોજ આનંદ થાય છે. આ પહેરવેશથી ઘરના સર્વ કામકાજ બહુ સહેલાઇથી અને જલ્દી કરી શકાય છે. રાંધવા પકાવવામાં અને તેવાજ બીજા દરેક ઘરકામમાં આ પહેરવેશ બહુજ અનુકુળ આવે છે. ફરીથી તમને ભારપુર્વક ભલામણ કરીએ છીએ કે ભાઇઓ, બાઇઓ અને બચ્ચાંઓ સર્વેએ આ મુલ્કમાં યુરોપીઅન રૂઢીના કપડા પહેરવા જોઇએ; પણ યાદ રાખો કે ચાલુ કપડા જે તમે પહેરતા હો તે ફાટી જાય અને નવા કપડા બનાવવાની જરૂર પડે ત્યારેજ તે યુરોપીઅન ઢબના બનાવી પહેરવા જોઈએ, કે જે બહુજ ઓછા ખર્ચાળ અને સહેલાઇથી વખતો વખત ધોઈને પહેરી શકાય છે.

આગેવાનો અને હોદ્દેદારો જ્યારે પોતાની ડયુટી યાને ફરજ ઉપર હોય ત્યારે પોતાના હોદ્દા મુજબ ઝબા અને પાઘડી વિગેરે પહેરવા જોઇએ. આ બાબત ખાસ મહત્વની અને મુદ્દાની છે, તે ભુલવી નજ જોઇએ. હોદ્દેદારો જ્યારે પોતાની ડયુટી એટલે ફરજ ઉપર ન હોય ત્યારે ભલે ચાલુ યુરોપીઅન ઢબનો પહેરવેશ પહેરે.

બાઈઓએ રાંધવા પકાવવાનું, ઘરમાં સાફસુફ કરવાનું અને બીજું દરેક ઘરનું કામ જાતે કરતાં શીખવું જોઇએ. આ બાબત ગયે વર્ષે પણ તમને ઘણા ફરમાનો કર્યા છે, તેમજ પહેરવેશ પણ અંગ્રેજી ઢબનો પહેરશો, તો ઘરનું દરેક કામકાજ બહુજ સહેલાઇથી અને ઝડપથી કરી શકશો. ગર્લ ગાઇડઝ અને સ્કુલમાં અભ્યાસ કરતી બાળાઓએ સ્કુલમાંથી છુટયા બાદ પણ પોતે અત્યારે જે અંગ્રેજી ઢબના કપડા પહેરે છે, તેજ પહેરવાનું ચાલુ રાખવું જોઇએ.

મોટી ઉમરની બાળાઓએ અને જેઓ સ્કુલમાંથી છુટે તે સર્વે બાળાઓએ ફ્રોક, ટોપી વિગેરે અંગ્રેજી ઢબનો પોશાક કે જે ચાલુ તેઓ પહેરતી હોય તે બીલકુલ છોડવો નજ જોઈએ, જેથી તેઓનું અનુકરણ કરી, જે બાળાઓ આવો અંગ્રેજી ઢબનો પોશાક નહિ પહેરતી હોય તેઓ પણ પહેરવા પ્રેરાશે. આ પોશાક બાબતના ફરમાનો ઉપર પુરતો અમલ કરશો, તો તમને ઘણોજ ફાયદો થશે.

ખાનાવાદાન."

## ફરમાન ૫૪૮ મું.

નૈરોબી તા. ૧૬–૭–૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

સાદો અને પુષ્ટિકારક ખોરાક પકાવતા શીખવા માટે બાઇઓની ફુડ કમિટી અત્રે ઉભી કરવામાં આવેલ છે, તે જાણી અમે ઘણા ખુશી થયા છીએ. આવી સંસ્થામાં દરેક બાઇઓએ જોડાઈ તંદુરસ્તીને અનુકુળ શકિતવર્ધક ખોરાક રાંધતા શીખવું જોઇએ. દરેક મોટા શહેરોમાં આવી સંસ્થાઓ સ્થાપી બાઇઓને ખોરાકને લગતી માહિતીઓ આપવાની ઘણી જરૂર છે.

અત્યારનો જમાનો પ્રગતિમાન છે, તેથી તમારે પણ જમાનાના દોર મુજબ પ્રગતિ સાધવી જોઇએ. યુવકોએ અને યુવતીઓએ કોમી સંસ્થાઓમાં તેમજ જમાતી દરેક કામકાજમાં આગળ પડતો ભાગ લેવો જોઇએ. યુવકોએ અને યુવતીઓએ કોમી બધી પ્રવૃતિઓનો બોજો ફકત બુઢાઓ ઉપર મુકી આળસુ અને નચિંત બનવું ન જોઇએ, પણ ચાલુ જમાના પ્રમાણે કોમ અને ધર્મને છાજતા જરૂરી સુધારાવધારા સાથે દરેક કોમી પ્રવૃતિમાં ઉત્સાહ અને ખંતથી ભાગ લઈ ઈસમાઈલી કોમને દુનિયામાં આગળ પડતી કોમ બનાવવી જોઈએ. આ ફરજ અને જવાબદારી કોમના યુવાન વર્ગની છે, જે તેઓએ જરૂર અદા કરી પોતાના ઇમામ, ધર્મ અને કોમ પ્રત્યેની વફાદારી બતાવવી જોઈએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૪૯ મું.

નૈરોબી તા. ૨૧-૭-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"ગર્ભવતી બાઇઓએ પોતાની રહેણીકરણી ખાવાપીવા વિગેરેમાં બહુજ ધ્યાન રાખવું જોઈએ. મરચી મસાલાવાળા તામસી ખોરાકો બીલકુલ લેવા જોઈએ નહિ, પણ સાદો અને શકિતવર્ધક ખોરાક લેવો જોઈએ. દુધ, ફ્રૂટ, ઇંડા વિગેરે ખાવું જોઇએ, તેમજ દરરોજ પગે ચાલવાની કોશિષ કરવી જોઇએ કે જેથી શરીરમાં સ્ફુર્તિ અને ચેતન્ય આવે. આ પ્રમાણે વર્તશો તો બાળક તંદુરસ્ત અને તાકાત-વાન જન્મશે; તેમજ માતાને પણ સુવાવડમાં તકલીફ ઓછી પડશે અને તંદુરસ્તી તથા શકિત જાળવી શકશે. જો માતા તંદુરસ્ત અને તાકાતવાન હશે, તો તેણી પોતાના બાળકને પણ તંદુરસ્ત અને તાકાતવાન બનાવી શકશે.

ગર્ભવતી બાઈઓએ ગર્ભાવસ્થામાં તેમજ બચ્ચું જન્મયા બાદ તે ધાવતું હોય ત્યાંસુધી અને બાળક બેથી ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી માતાઓએ કઈ જાતનો ખોરાક લેવો તેમજ કેવી જાતની રહેણી કરણી રાખવી અને હરવું ફરવું વિગેરે બાબતમાં અમે ગઈ સાલ તમને ઘણા ફરમાનો કર્યા છે, તેમજ તેને લગતી તંદુરસ્તી અને ખોરાક સંબંધી પત્રિકાઓ છપાવી બહાર પાડવામાં આવી હતી, જે સર્વે તમોએ વાંચેલ હશે. અમારા ફરમાનો મુજબ અમલ કરશો તો બચ્ચાંઓ અને માતાઓ તંદુરસ્ત રહેશે. જે શહેરમાં મેટરનીટી હોમ (સુવાવડખાનું) હોય ત્યાં, બાઇઓને ગર્ભ રહે ત્યાંથી તે બચ્ચું જન્મે અને મોટું થાય ત્યાં સુધી તેઓએ કેવી જાતનો ખોરાક લેવો, કેમ રહેવું વિગેરે બાબતની સમજ આપવા હોશિઆર અને અનુભવી દાઈઓ રાખવી જોઇએ, તેમજ વખતો વખત કલીનીક કલાસો ભરી બાઈઓને પુરતી સમજ આપવી જોઇએ.

દરેક મોટા શહેરોમાં દર ત્રણ મહીને બેબી શો ભરવો જોઇએ. કાઉન્સીલ તેમજ લેડીઝ કમિટીની આ મુખ્ય ફરજ છે. નાના ગામોમાં પણ દર છ મહીને એક વખત બેબી શો ભરવો જોઇએ. આવા બેબી શોમાં ફકત તંદુરસ્ત બચ્ચાંઓજ ભાગ લીએ તે બસ નથી, પણ દરેક બચ્ચાંઓએ ભાગ લેવો જોઇએ કે જેથી ડાકટરો દરેક બચ્ચાંઓને તપાસી તેઓમાં રહેલ નબળાઈ અને બિમારી માવિત્રોને બતાવી તેવી બિમારી અને નબળાઈ દુર કરવાના ઈલાજો બતાવે. ડાકટરોની સલ્લાહ અને સુચનાઓ મુજબ અમલ કરવાથી બચ્ચાંઓ તંદુરસ્ત અને શકિતવાન થવા પામશે.

આ ફરમાન ફકત નઈરોબી માટે નથી, પણ આખા આફ્રિકાની સઘળી જમાતો માટે છે, જેથી તેનું મનન કરી પુરતો અમલ કરજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૦ મું.

મોમ્બસા તા. ૨૭-૭-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"અત્રે કેળવણી ખાતા ઉપર બોજો વધુ હોવાથી કેળવણીમાં રસ લેતા યુવાનોએ હિંમતથી બહાર પડી કોમને પોતાની ખિજમત આપવી જોઈએ. અમે ઇચ્છીએ છીએ કે કેળવણી માટે ખિજમત કરવા વધુ નહિ તો બેથી ત્રણ યુવાનોએ તો જરૂર આગળ આવી હિંમતથી પોતાની સેવા આપવી જોઇએ.

જેમ મુંબઇમાં અમારી ડાયમંડ જ્યુબીલી પ્રસંગે ત્યાંની બાનુઓએ બહાર ગામથી આવેલા દીનદારોના નાની ઉમરના બચ્ચાંઓને સંભાળી જ્યુબીલી જેવા મહાન પ્રસંગે હાજર નહિ રહેતા અમારા

ફરમાનને અમલ કરી કુરબાનીને સવાબ હાંસલ કરેલ હતો તેવીજ રીતે અમે તમારી પણ કુરબાની કબુલ કરશું.

ડાયમંડ જ્યુબીલીની તુલાવિધિને આ એક એવો અજોડ પ્રસંગ છે કે જે પાંચસોથી હજાર વર્ષે એક વખત પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી ૪૮ ઈમામોમાં ફકત ત્રણજ ઇમામોના વખતમાં ડાયમંડ જ્યુબીલી જેવો મહાન પ્રસંગ આવેલ છે, જેથી દરેક રૂહાની બચ્ચાંઓએ ખંત અને હિંમતથી ખિજમત કરવી જોઈએ.

ખાનાવાદાન."

## ફરમાન ૫૫૧ મું.

દારેસલામ તા. ૩૦-૭-૧૯૪૬.

(એક) મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યુ :

"ડાયમંડ જ્યુબીલી જેવો પ્રસંગ પાંચસોથી હજાર વર્ષે માંડ એક વખત આવે છે. બધા ઇન્સાનો પોતાની જીંદગીમાં આવો પ્રસંગ જોઇ શકતા નથી, પણ તમે નસીબદાર છો કે તમારી જીંદગીમાં આવો મહાન અવસર જોવા ભાગ્યશાળી થયા છો. આ પ્રસંગે કેન્યા, યુગાન્ડા, ટાંગાનીકા, જંગબાર, કોન્ગો, માડાગાસ્કર, સાઉથ આફ્રિકા અને આફ્રિકાના જુદા જુદા સ્થળોએ વસતા સઘળા મુરીદો અત્રે એકઠા થશે. આ પ્રમાણે જુદા જુદા મુલકના મુરીદોને આવી રીતે એકઠા થવાનો જીંદગીમાં ભાગ્યેજ બીજો અવસર મળે, જેથી અમે ઇચ્છીએ છીએ કે આ પ્રસંગે ઓછામાં ઓછા પાંચસો લગ્ન થવાજ જોઇએ. ૧૭ વર્ષની ઉપરની છોકરીઓ લગ્ન થયા વગર પાછી જવી ન જોઇએ. અત્યારે તમે જુદા જુદા વિભાગના મુરીદો અત્રે એકઠા થયા છો, જેથી જુદા જુદા વિભાગના છોકરા અને છોકરીઓ લગ્નગ્રંથીથી જોડાય તો ઘણુંજ સારૂં છે. તમે નજીક નજીકના સગા કે ઓળખાણ પીછાણવાળાઓ પોતાના દીકરા દીકરીઓનાં લગ્નો અરસપરસ કરો, તે કરતાં દુર દુરના અજાણ્યા મુરીદો પોતાના

છોકરા છોકરીઓના લગ્નો કરી સગપણ જોડે, તે વધારે ઈચ્છવા-યોગ્ય છે. આમ કરવાથી દુર દુરના ઈસમાઈલી મુરીદો વચ્ચે સગપણ સંબંધ જોડાશે, ભાઇચારો અને મહોબત વધશે, તેમજ દુન્યવી અને આર્થિક લાભો પણ થશે. માવિત્રોએ પોતાના બચ્ચાંઓની શાદી કરતી વખતે છોકરા અગર છોકરીની તંદુરસ્તી તપાસવી જોઇએ. **અગર જો છોકરા અને છોકરીની તંદુરસ્તી અને ધર્મ પ્રત્યેની વફાદારી નહિ જોતા, જો નાણુ અને મોટાઇ જોઈ સગપણ જોડશો, તો બરકત નહિ થાય.** ઉમર લાયક છોકરા અને છોકરીઓએ આવા ઉત્તમ મેળા વખતે લગ્ન કરીનેજ જવું જોઇએ. જો કોઇ છોકરાઓ અને છોકરીઓ એક બીજાને ચાહતા હોય અને તંદુરસ્ત હોય તેમજ ધર્મના સિધ્ધાંતોને કોઈ જાતનો બાધ ન આવતો હોય, તો તેઓએ જલ્દીથી લગ્નો કરી લેવા જોઇએ. અગર જો આવા લગ્નોમાં કોઇના માવિત્રો વિરૂધ્ધ હોય અને સંમતિ ન આપે તો તેવા માવિત્રોને આગેવાનોએ સમજાવવા જોઇએ કે ખરા પ્રેમથી જે છોકરો અને છોકરી જોડાવા માંગે છે અને જેના ઉપર તેઓની આખી જીંદગીની મીઠાશ અને મહોબત રહેલાં છે, તેમજ તંદુરસ્ત અને ઇમાનદાર છે, તો શામાટે તેઓના દિલ રંજ કરો છો ? આમ કરવાથી ઔલાદ પણ થતી અટકે છે કે જેથી માવિત્રો બહુજ મોટા ગુનાહ કરે છે, માટે માવિત્રોએ આવા લગ્નોની રાજીખુશીથી સંમતિ આપવી જોઇએ.

ઉમર લાયક વિધવાઓ અને છુટાછેડા થયેલ બાઇઓએ પણ બેસી ન રહેતા ફરી લગ્નો કરી લેવા જોઇએ. ૫૦ વર્ષની અંદરની વિધવાઓ અને છુટાછેડા થયેલ બાઈઓએ બેસી નહિ રહેતા ફરી લગ્નો જરૂર કરી લેવા જોઇએ. આપણે હિંદુ નથી. ઇસ્લામ ધર્મ પુનર્લગ્ન કરવાની છુટ આપે છે. મહાન પેગમ્બર નબી મહમદ મુસ્તફાએ પણ કેટલીક વિધવા બાઈઓ સાથે લગ્ન કર્યા હતા. જુવાન બાઈઓએ લગ્ન કર્યા વગર બેસી રહેવું એ બહુજ ખરાબ છે. આ દુનિયા છે. ઇન્સાનના વિચારો હમેશાં એક સરખા નથી રહી શકતા; તેમજ

જુસ્સો પણ પાક નથી રહી શકતો, તેથી બહેતર છે કે ઉમર લાયક વિધવાઓ અને છુટાછેડા અપાએલ બાઇઓએ જલ્દીથી ફરી લગ્નો કરી લેવા જોઈએ. આ બાબતમાં આગેવાનોની ખાસ ફરજ છે, કે આવી બાઇઓને સમજાવી તેઓના લગ્નો કરાવી આપે. ખાનાવાદાન"

## ફરમાન ૫૫૨ મું.

ડાયમન્ડાબાદ કેમ્પ.
દારેસલામ તા. ૧-૮-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"આ કેમ્પને અમે '**ડાયમન્ડાબાદ**' નામ આપેલ છે, તેમજ અમારી ડાયમંડ જ્યુબીલી ઉજવવા સર્વે મુરીદો અત્રે આવી રહ્યા છો, જેથી જો કોઇને પોતાના બચ્ચાંઓના નામો લેવા હોય તો અથવા કોઇ બાઇને અત્રે આવતાં રસ્તામાં બચ્ચું જન્મે યા તો અત્રે કેમ્પમાં બચ્ચાં જન્મે તો જો પુત્ર હોય તો તેનું નામ '**ડાયમંડ**' રાખે અને જો પુત્રી હોય તો તેનું નામ '**અલમાસ**' રાખવામાં આવે. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૩ મું.

દારેસલામ તા. ૧૦-૮-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ડાયમંડ જ્યુબીલી પ્રસંગે અપુર્વ ભાષણ કરતાં ફરમાવ્યું:

"અમારી ૬૦ વર્ષની ઇમામતની યાદગીરી કાયમ કરવા આફ્રિકામાં આવો ભવ્ય અને દેદિપ્યમાન ઉત્સવ યોજવા બદલ, અમારા દરેક રૂહાની ફરજંદોને, આજે અમે કોઇ પણ કુટુંબનાં પ્રેમ અને મહોબતથીયે વધુ પ્રેમ અને મહોબત વડે, હૃદયના ઉંડાણમાંથી, સઘળાને ઘણી ઘણી દુઆ આશિષો ફરમાવીએ છીએ. અમે માત્ર એકજ ટુંકું વાક્ય કહીશું. "માવિત્ર તરીકેના મહોબતભર્યા દુઆ આશિષો સદાયે-હંમેશ માટે-પ્યારભર્યા ઉત્તમ દુઆ આશિષો."

આફ્રિકાની સમસ્ત ઇસમાઇલી કોમ વતી અને અમારા પોતા તરફથી ટાંગાનીકાના નામદાર ગવર્નર અને ટાંગાનીકાની શાહી સરકાર, કેન્યા અને યુગાન્ડાના નામદાર ગવર્નરો અને બન્ને પ્રાંતોની શાહી સરકાર, માડાગાસ્કરના ગવર્નર જનરલ અને માડાગાસ્કરની સરકાર, પોર્ચુગીઝ આફ્રિકા, બેલ્જીયમ કોંગો અને સાઉથ આફ્રિકાની સરકાર, અને ફીલ્ડ માર્શલ સ્મટસ એ સઘળાનો, તેઓએ ઈસમાઈલી કોમને ડાયમન્ડ જ્યુબીલી ઉજવવાના પ્રયત્નોમાં સફળ બનાવવા જે હરેક પ્રકારની સહાય, મદદ, ઉત્સાહ અને સગવડો કરી આપી છે, તે બદલ સૌનો અંતઃકરણપુર્વક અમે આભાર માનીએ છીએ.

અમારે એ કહેવાની જરૂર નથી કે ટાંગાનીકા, કેન્યા, યુગાન્ડા અને ઝાંઝીબારની ઓધ્ધેદાર વ્યક્તિઓ તેમજ પુર્વ આફ્રિકાના ગવર્નરોની કોન્ફરંસની સહૃદયી–ભાવભરી શુભેચ્છા અને મદદ વગર આ ઉત્સવની ઉજવણીને અમે શકયતાનું રૂપ નજ આપી શકત.

તદઉપરાંત નામદાર શાહી સરકારના સેક્રેટરી ઓફ સ્ટેટસ ફોર ધી કોલોનીઝ અને અંડર સેક્રેટરી ઓફ સ્ટેટ, કે જેઓએ આ પ્રસંગે હાજરી આપી અમને મોટું માન આપ્યું છે, તેમજ ઉદાર ભરી મદદ અને સહાય અમને આપી છે અને ખાસ કરીને આ ઉત્સવ માટે હિરાઓ મેળવવા, જે સગવડો કરી આપી છે, તે માટે તેઓનો અમે હાર્દીક આભાર માનીએ છીએ. જુદી જુદી ડાયમંડ સીન્ડીકેટો કે જેઓએ આ મુશ્કેલીભર્યા સાહસમાં થઇ શકે તેટલી સઘળી સહાય આપી છે તે માટે અમે સહુ તેઓનો ઘણોજ એહશાન માનીએ છીએ.

રેલ્વે સતાવાળાઓ, બ્રીટીશ ઇન્ડીઆ સ્ટીમ નેવીગેશન કંપની, મેસર્સ સ્મીથ મેકેન્ઝી, ધી બ્રીટીશ ઓવરસીઝ અને ધી ઇસ્ટ આફ્રિકન એરવેઝ કોરપોરેશન, એ સઘળી સંસ્થાઓએ, અમારા પ્રત્યે હદ ઉપરાંત માયાભરી લાગણી દર્શાવી છે, અને અમને ખાત્રી

છે કે અમે તેઓ સૌના આભારી છીએ. અમને ચારે દીશાએથી શુભેચ્છાઓ અને લાગણી ભરેલ સહકાર મળેલ છે. એકયતા, ભાતૃ-ભાવ અને સમજણભરેલ બંધુપ્રેમની લાગણીથી ભરેલ દુધનો ઝરો આ પ્રસંગે છુટથી વહેલ છે.

બારકલીઝ બેન્કે અમને બહુજ સહાય કરી છે અને ગયે વર્ષે ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ સ્થાપવા જે મદદ આપી હતી તે માટે સઘળા ઈસમાઈલીઓ સ્ટાન્ડર્ડ બેન્ક ઓફ સાઉથ આફ્રિકાના આભારી છે. ટાંગાનીકાની રેલ્વે ઓથોરીટીઝ અને કેન્યા એન્ડ યુગાન્ડા રેલ્વેઝ એન્ડ હારબર્સ–બન્નેએ અમને મદદ કરવા–પોતાની હદનીચે બહાર ગએલ છે, અને જહેમતભર્યું મુશ્કીલ કામ ઉઠાવી અમારા મુરીદો માટે તકલીફભરી મુસાફરીઓની પ્રસંશનિય સગવડ કરી આપી છે. અહિં દારેસલામ ખાતે, પોલીસ ખાતું હરેક બાબતમાં હદ ઉપરાંત મદદગાર થઈ પડયું છે અને ઈસમાઇલીઓ વતી અમે કમીશનર ઓફ પોલીસ મી. ડબલ્યુ. ડી. બીથરે અને તેમના ઓફીસરો તેમજ અસ્કારીઓ, કે જેઓ સઘળાએ ભાગે પડતી અને તે ઉપરાંત બીજી ફરજો, હસ્તા ચહેરે આનંદથી બજાવી છે, તેઓ સૌનો અમે આભાર માનીએ છીએ.

કેમ્પમાં જે સરસ તંદુરસ્તી જળવાઇ રહી છે, સુંદર સ્વચ્છતા અને જાજરૂ વિગેરેની ઉત્તમ પ્રકારની સગવડ, અને લગભગ ન માની શકાય તેવી ચોકકસાઇ અને ખંતભરેલ આ કાર્ય, દારેસલા-મના મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ ડબલ્યુ. જે. એટકનને આભારી છે કે જેમને આખા આફ્રિકાના ઇસમાઇલીઓ વતી અમે કહીએ છીએ કે "Thank You Doctor."

હવે જો આ પ્રસંગ અમારી ૬૦ વર્ષની ઇમામત બદલ આભારદર્શન તરીકે અથવા તો માત્ર ભવ્ય ઉત્સવ તરીકેજ લેખવામાં આવે તો લગભગ ૫૦ હજાર લોકોને જે હિસાબ વગરની તકલીફો,

ખર્ચ અને ભોગ વેઠવા પડયા છે તે લેખે નજ લાગે; પણ ના! આ ઉત્સવે છેલ્લા દશ વર્ષોથી અમે જે તકની રાહ જોઈ રહ્યા છીએ, અમારા રૂહાની બચ્ચાંઓના વ્યહવારૂ અને રોજીંદા જીવનમાં મુળભુત ફેરફારો કરવાનો આરંભ કરવાની ઘડીની રાહ જોઇ રહ્યા છીએ, તે તક અમને સાંપડી છે. છેલ્લા દશ વર્ષો દરમ્યાન અમે જોઇ લીધું છે કે જીવનનો આધુનિક વ્યહવાર જેમ ચાલે છે તેમ ચાલવા દેવાનોજ આગ્રહ કરવામાં આવશે તો પ્રત્યેક ઇસમાઇલીઓ ન અટકાવી શકાય તેવા પતનના પ્રવાહમાં ઢળી પડશે.

મોટા ભાગના લોકો માટે, આ જીવનની મીઠાશ કયા પ્રકારની હતી? અને હજીએ કઇ છે? અંગત પ્રયાસો અને અમે એમજ કહીએ છીએ કે આવા પ્રયાસો ઇન્સાનને ઇન્સાનથી વીખુટા પાડી દે છે. જનસમુહથી વેગળા કરી નાખે છે. દુકાન કરીને બેસવું, એજન્સીઓ ખોલવી, અને બીજા પ્રકારનો વેપાર કરવો એ સઘળું ભુતકાળમાં બરાબર હતું. પણ જો તેને ગુલામી વૃતિથી આંધળી રીતે અનુસરવામાં આવશે તો ભવિષ્યમાં તે કંગાલીયત અને વિનાશ તરફ ઘસડી જશે અને પરિણામે અંદરોઅંદર હદ ઉપરાંતની હરીફાઇઓ જાગશે. મુડીના આભાવે સાહસિક ફતેહમંદ કાર્યો ગેબ થઇ જશે અને જેને અમે રીતસરનો સટો કહીએ છીએ તે પરિણમશે.

ભવિષ્ય ઝાંખુ અને ભયસ્પ્રદ જણાતું હતું, લોકોની તંદુરસ્તી અને શિક્ષણ માટે યોજનાઓ અને દુરઅંદેશીની જરૂર હતી, અને હજીએ છે. આવા સંજોગોમાં અમારા મુરીદોના માત્ર રોજીંદા વ્યહવારમાંજ નહિ પણ આખા જીવનનો અત્યારે જે સામાન્ય માર્ગ છે તેમાંજ મોટા ફેરફારો કરવાની અપુર્વ તક સમી ડાયમંડ જ્યુબીલી આવી. છેલ્લા ૧૦૦ વર્ષ દરમ્યાનનો મુડીવાદથી પુરો રંગાએલ અને અંગત સ્વતંત્ર સાહસ ખેલતો હિંદી વેપારી, હવે મોતના તરફડીઆ મારી રહ્યો છે. છેલ્લા ૧૦૦ વર્ષ દરમ્યાન બ્રીટનની સમૃધ્ધિ આબાદ બનાવનાર લીમીટેડ લાઈબીલીટીઝ સોસાયટીઓ જેવી કોઈ સંસ્થા

**સ્થાપવા પ્રત્યે કોઇએ પ્રયાસ પણ નથી કર્યો કે ભેગા મળી તે દીશામાં પ્રયત્નો પણ નથી આદર્યા.**

કંઇક બીલ્કુલ નવાજ પ્રકારનો માર્ગ, પણ ઇસમાઇલી જીવનના ભુત ભવિષ્ય અને વર્તમાન વહેણ ઉપરથી ઉદ્દભવેલ કુદરતી તેમજ માફક આવે તે પ્રકારનો બીલ્કુલ નવાજ પ્રકારનો માર્ગ ઇસમાઇલીઓ માટે જરૂરી હતો. અમે આ બીલ્કુલ નવાજ માર્ગને એવા પ્રકારનું રૂપ આપીએ વર્ણવી શકીએ કે કોઇને કોઇ રૂપમાં, ઉગતા સમાજ-વાદ સાથે, ૧૯મી સદીનો એક બીલ્કુલ પુરો મુડીવાદી હીન્દી વેપારી જોડાયો હોય, તેવા રૂપનો આ નવો માર્ગ છે. અત્યારે અમે જે પગથીએ ઉભા છીએ, ત્યાંથી ભવિષ્યની પેઢી સુધી સહીસલામત લઇ જવા અમને એક આજ માર્ગની આશા હતી.

આને માટે, જે વેળા સ્વીટઝરલેન્ડમાં કંઇક ઓછે વધતે અંશે એક આનંદી અને રૂઆબદાર કેદી તરીકે રહેતા હતા, ત્યારે અમારા રૂહાની ફરજંદો સાથે કે બહારની બીજી દુનિયા જોડે, તાર સિવાય બીજી કોઇપણ રીતે સંદેશા વ્યહવાર ચલાવી શકાતા ન હતા, તે વેળા અમે મોટી બીલ્ડીંગ કંપનીઓ અથવા ભુતકાળના પુનરાવર્તનથી વેગળા થઇ જવા, પ્રથમ પગલા તરીકે એક બેન્ક સ્થાપવા ભલામણ કરી હતી.

અમારી ભલામણો અનુસાર આફ્રિકાની જુદી જુદી કમિટીઓએ કાર્ય કર્યા. છેવટે જ્યારે દુનિયાના આ પ્રદેશ તરફ અમારૂં આગમન થયું ત્યારે અમે કોમના બુધ્ધિશાળી અને આવા વિચારો ધરાવતા સદગૃહસ્થોની એક ઇકોનોમીક કોન્ફરન્સ બોલાવી કે જેથી જીવનના માર્ગમાં અને વ્યહવારમાં યોગ્ય ફેરફાર લાવી શકાય. આ ઇકોનોમીક કોન્ફરન્સ નઇરોબી ખાતે ભરાઇ અને તેણે અમુક ઠરાવો પસાર કર્યા કે જે ઠરાવો અનુસાર અમુક નાના ફેરફારો સિવાય અમે તે મુજબનું કામ કર્યું છે, અને આજે બપોરે એક બીજું પગલું ભરવા ઇચ્છયું

છે. ટાંગાનીકાની સરકારની મદદથી ૧૦ લાખ પાઉન્ડની મુડી રોકી દારેસલામ ખાતે ડાયમંડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ સ્થપાઇ હતી.

પણ આ ટ્રસ્ટ કંપની કંઇ લંડન જેવા શહેરોમાં દેખાતી સામાન્ય કોટીની ટ્રસ્ટ કંપની સમાન નથી. સાધારણ રીતે ટ્રસ્ટ કંપનીની મુડીનો અમુક ભાગ ઇનવેસ્ટમેન્ટમાં રોકાય છે, ત્યારે મુડીનો બીજો મોટો ભાગ, ઇસમાઇલીઓના વ્યહવારૂ અને આર્થિક જીવન બીલ્કુલ નવી તરેહથી ઘડવાની યોજના અર્થે રોકાશે. કો–ઓપરેટીવ સોસાયટી, કોરપોરેશનો અને અમને આશા છે અને અમે ચોકકસ માનીએ છીએ કે નજીકમાંજ બીલ્ડીંગ સોસાયટીઓ પણ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટમાંથી પોતાની મુળ મુડી જેટલું નાણું વ્યાજે ઉપાડશે અને તે ત્રણ ટકાના દરે. ગમે તે પરિસ્થીતીમાં ટ્રસ્ટ કંપનીને લેણદારો પાસેથી ૬ ટકાથી વધુ દર લેવાની રજા નથી.

આ કોરપોરેશન અને કોઓપરેટીવો તેમજ બીલ્ડીંગ સોસાયટીઓ ભવિષ્યમાં એક કેન્દ્ર સમાન બનશે કે જે દ્વારા સાથે સાથે અંગત પ્રયાસોના સંયુકત પ્રયત્નો દ્વારા વ્યવસ્થિત પ્રગતિ સાધવામાં આવશે.

તમે સૌ જાણો છો તેમ, આ પ્રસંગે આ હિરાઓનું મુલ્ય અમને બીનશરતે ભેટ ધરવામાં આવ્યું છે. આ રકમ અમારે અમારા પોતાના ઉપયોગ અર્થે લેવાની ઇચ્છા નથી, પણ અમને અમારા રૂહાની ફરજંદોના લાભ અર્થે ઉત્તમ લાગે તેવા માર્ગે ઉપયોગ કરવાની ઈચ્છા છે.

ઘણા લાંબા વિચાર પછી અમે એવા મત પર આવ્યા છીએ કે, આ રકમનો સર્વોત્તમ પ્રકારનો ઉપયોગ અમે કરી શકીએ તો તે એ છે કે, બહોળા અર્થમાં લેતાં, ઉત્સવનો ખર્ચ ભરી આપ્યા

બાદ, બાકીની સઘળી રકમ સંપુર્ણ ભેટ તરીકે, અમારે ડાયમન્ડ જ્યુબીલી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટને આપી દેવી.

હજારોને હીસાબે ઈસમાઈલી કુટુંબોનો આ કંપનીમાં હિસ્સો છે. બેશક, ઘણા એવા પણ છે કે, જેઓએ રકમ નોંધાવી છે અને છતાં શેર હોલ્ડર નથી, પણ યોજનાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આવા અંગત લોકોએ હવે એકત્ર થઈ, કો-ઓપરેટીવ, ટ્રેડીંગ કોરપોરેશનો અને બીલ્ડીંગ સોસાયટીઓ બનાવી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ પાસેથી ત્રણ ટકાના દરે મુડી ઉપાડી આમ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટની સંપુર્ણ મુડીનો સુંદર નફો હાસલ કરે અને આજે જે જબરદસ્ત ભેટ મળી છે તેનો પણ લાભ હાસલ કરે. આમાં બીલ્કુલ ગેરસમજુતી થવા ન પામે.

ડાયરેકટરોમાંના બહુજ થોડાજ અને હકીકતમાં સામાન્ય શેર હોલ્ડરોમાંના બહુ થોડાજ શેર ધનાઢય લોકોના હસ્તક છે. ૮૦૦૦ થી પણ વધુ અંગત શેરહોલ્ડરો જ્યાં હોય ત્યાં આવી વસ્તુની હસ્તી ન હોઈ શકે. પૈસાદાર વેપારીઓ કરતાં ગરીબ લોકો વધુ પ્રમાણમાં છે. સામાન્ય કોટીના ગરીબ નોકરોનો પણ તેમાં હીસ્સો છે.

જ્યારે હવે બીલ્ડીંગ સોસાયટી, અમારૂં ભવિષ્યનું અગત્યનું અને ઉત્સાહી કાર્યક્ષેત્ર થવાનું હોઇ, સરકારને અને તેના અહિં હાજર રહેલ એકસેલેન્સી મારફત ગવરનર્સ કોનફરંસ અને કોલોનીઅલ ઓફીસને એક અપીલ કરવાની અમે રજા લઇએ છીએ. સર્વ સામાન્ય અને વ્યાજબી ગણાય તેવો એક પ્રકારનો ભય અમને લાગી રહ્યો છે અને તે એ કે, જો ઈનવેસ્ટમેન્ટ ટ્રસ્ટની સહાય વડે અને અપૂર્વ સંપ સલાહ અને અંદરોઅંદર સહકારથી ઇસમાઈલીઓ જો નવા અને વધુ સરસ મકાનો આ પ્રદેશોમાં બાંધે તો પરિણામ એ આવશે કે, સરકાર ટેક્ષમાં વધારો કરશે, અને પછી ભવિષ્યમાં બીજી કોમ કે જેઓ જાત મહેનત કરી આવી યોજનાઓ જાતેજ

અમલમાં મુકવા અશકત છે, તેવી કોમોને સરકારેજ મદદ કરવી પડશે; એટલે આવી પાછળ રહી ગયેલ કોમને અમારા જેવા સરસ મકાનો બંધાવવા, ગવર્નમેન્ટ તરફથી ગ્રાંટની મદદ મળશે જ્યારે અમારી કોમને ભાગે ભારે ટેક્ષ આપવાનો રહેશે.

આને લીધે અમે કોલોનીઅલ ઓફીસ અને ગવર્નમેન્ટને અપીલ કરીએ છીએ કે, અમારી બીલ્ડીંગ સોસાયટીઓને અમુક વર્ષ સુધી ટેક્ષમાં વધારો ન કરવાની ખાત્રી આપવી જોઈએ. છેલ્લા ૧૨ મહિના દરમ્યાન અમે પોતે આ બધી વિગતો તપાસી ગયા છીએ. વધારે સરસ મકાનો બનાવી તે દ્વારા જીવન ધોરણના સંજોગોમાં ફેરફાર કરવા માટે ગવર્નમેન્ટ તરફથી તે પ્રકારની ખાત્રી અને હુકમો દ્વારા ઇસમાઇલીઓને શા માટે વ્યાજબી તક ન મળે તેના અમે કોઈ પણ કારણ જોતા નથી.

બીજી મુખ્ય જરૂર છે કોમની તંદુરસ્તીમાં સુધારો કરવાની. આ માટે પણ ડાયમંડ જ્યુબીલીએ અમને અમુક ચોકકસ પ્રકારની યોજના ઘડવાની તક આપી છે, પણ આમાંયે અમને સરકારની સહાયની આવશ્યકતા છે.

આમાંની એક યોજના આ છે કે, દારેસલામ અને મોમ્બાસા ખાતે, કોઇ તંદુરસ્તી પોષે તેવી ખુશનુમા આબોહવાવાળા સ્થળે, મેટરનીટી હોમ, ડીસ્પેન્સરી અને નર્સીંગ હોમ એકી સાથે, હાલ તુરત સ્થાપવા અને બીજા ઇસમાઇલી સેન્ટરોમાં પછીથી સ્થાપવા.

બીજી યોજના આ છે કે, પછાત રહી ગયેલ કેંદ્રો જેવા કે લેઈક ડીસ્ટ્રીકટ, ટાંગાનીકાના દક્ષિણ ભાગો અને ટાંગાનીકા રેલ્વે લાઇનની લગોલગ અને શકય છે કે મોમ્બાસા અને નાઇરોબી વચ્ચે, મુસાફરી કરતા ડોકટરો ફરે. તેઓ સાથે મોબાઇલ ફાર્મસી એટલે સાથે ઉંચકી શકાય અને ફેરવી શકાય તેવું ગોઠવેલ દવાખાનું હોય. આવા ડોકટરો નાના શહેરમાં રહેતા લોકો અથવા શામ્બા કે ગામડાઓમાં રહેતા લોકોની તંદુરસ્તી સાંચવે.

પણ ઈસમાઈલીઓને સૌથી વધુ જરૂર હોય તો તંદુરસ્તીની દ્રષ્ટિએ, ડેન્ટીસ્ટ એટલે કે દાંતના ડોકટરોની છે. અત્યારે તો આ બાબતમાં એવી કફોડી સ્થિતિ છે કે જે સાંભળતા કોઇનું હૃદય ભાંગી જાય! અંહી જે ભેગા થયેલ તમે હુજરો! અમારા મુરીદો જુઓ છો તેમાંથી એક પણ મુરીદે પોતાના દાંત પ્રત્યે ધ્યાન નહિ આપ્યું હોય, કે તેએની જીંદગીના કોઇ પણ કાળે તેઓ ધ્યાન નહિ આપી શકે. આમાં અતિશયોકિત નથી.

અમારી પાસે માત્ર એકજ ડેન્ટીસ્ટ નાઇરોબીમાં છે અને સ્વભાવિક છે કે તે પોતાની આખી જીંદગી દયાના સખાવતી કામો કરવા પાછળ ન જ ગાળી શકે. તેને પોતાના ધંધાનું હિત પણ જાળવવું જોઇએ; અને તેથી નઇરોબીના ધનાઢય વર્ગમાં તેનો ઘણો સમય નીકળી જાય છે. યુરોપીયન ડેન્ટીસ્ટ ભાગ્યેજ છે અને અમારા મુરીદોમાંથી ૯૯ ટકા જેટલા મુરીદો આવા યુરોપીયન ડેન્ટીસ્ટની ફી ભરી શકે તેવી શકયતા પણ નથી. ગયે વર્ષે નાઇરોબીમાં જયુબીલીની અમારી અનેક યોજનાઓમાંની એક મુખ્ય યોજના આ હતી કે, વ્યાજબી પ્રમાણમાં ડેન્ટીસ્ટો બનાવવા. માનો કે દર પાંચ હજારની વસ્તીએ એક ડેન્ટીસ્ટ. આ ધોરણ યુરોપીયન ધોરણના હિસાબમાં બહુજ ઓછું કહેવાય, આમ છતાં યુરોપની સઘળી ડેન્ટલ હોસ્પીટલના બારણા અમારા સારૂ બંધ છે. અમે એક પણ છોકરો તેમાં દાખલ કરી શકતા નથી. અમે અમારા પોતા વતી વિદ્યાર્થીઓને મોકલવા પ્રયત્નો કરી જોયા, છતાં દરેક સ્કુલે ના પાડી છે. તેઓ હરેક વખતે એમજ કહે છે: We are full up–We are full up જગા નથી. ઇન્ડીઆની ડીગ્રી અને ડીપ્લોમા સ્વિકારવામાં નથી આવતા અને ઈન્ડીઅન ડેન્ટીસ્ટને પ્રેકટીસ કરવાની રજા નથી. બાકી રહ્યો એકજ દેશ આયર્લેન્ડ, પણ ત્યાં સખ્ત આકરી લેટીનની પ્રીલીમીનરી પરિક્ષા લેવામાં આવે છે કે જે અમારી રહી સહી આશાને ભાંગી નાખે છે.

દાંતની પીડા અને સડાની શરૂઆતથી જીંદગીમાં જે ખાના ખરાબી થાય છે અને તેના જે વિનાશકારક પરિણામો પાછળથી થવા પામે છે અને જેને લીધે હજારોની તંદુરસ્તીને જે હાની થાય છે, ખરૂં પુછો તો અત્યારે આ સાંજે અહીં જે હજારો લોકોને તમે જુઓ છો તેના મોટા ભાગના લોકોની તંદુરસ્તીની આવી હાનીને તમે ધ્યાનમાં લો, તો પછી, તે અટકાવવા મનુષ્ય જાતીની અન્ય પ્રકારે ઉત્તમ સેવા બજાવવાની બીજી કોઇ સારી તક અમે નથી જોતા અને તેથી અમે કોલોનીઅલ ઓફીસની લાગવગને અપીલ કરીએ છીએ કે જેથી અર્ધોક ડઝન જુવાનીઆઓને, ગ્રેટ બ્રીટનની ડેન્ટલ કોલેજમાં મોકલવાની અમને તક પ્રાપ્ત થઇ શકે.

અમને આશા છે અને અમે માનીએ છીએ કે, અન્ય સખાવતી સંસ્થાઓ જેવી કે સંયુકત ડીસપેનસરી, નર્સીંગ હોમ અને મેટરનીટી હોમ કે જે વિષે અમે કહી ગયા તેમ મોટા શહેરોમાં આવી સંસ્થા સ્થાપવામાં આવશે. આવા કાર્યોમાં પણ અમે માનીએ છીએ કે ગવર્નમેન્ટ અમને સહાય આપશે.

અમે અમારાં મુસ્લીમ બંધુઓ માટે તેઓના શિક્ષણના બારામાં અને સામાન્ય જીવન માર્ગ સુધારવા જે નમ્ર પ્રયાસો કર્યા તે બદલ અમારી જે પ્રસંશા કરવામાં આવી છે તે માટે અમે પુર્વ આફ્રિકાની ઈસ્લામી વેલફેર સોસાયટી અને ટાંગાનીકાના અમારા મુસ્લીમ ભાઇઓનો સહૃદય આભાર માનીએ છીએ. આ કામની હજી શરૂઆત છે; હજી બચપણ અવસ્થામાં છે; પણ અમે હરેક મુસ્લીમ બીરાદરોને એક અપીલ કરીએ છીએ. ગયે વર્ષે મુસ્લીમ કોન્ફરંસે દર્શાવેલ માર્ગે તમે સૌ ચાલો, અને આફ્રીકન મુસ્લીમ બીરાદરો, સ્વાહીલી, સોમાલી કે બગાન્ડા–તેઓની બહેતરી તરફ ધ્યાન આપો.

હવે સમય બગાડવાનો નથી અને અહિં ભેગા થએલ, મુસ્લીમ ભાઇઓ, અને બીજા કોઇ પણ પ્રદેશોમાં અમારૂં આ ભાષણ સાંભ-

ળતા મુસ્લીમ બીરાદરો સૌને અમે એક વિનંતિ કરીએ છીએ. તમારી અતિશય મર્યાદિત શક્તિ વેડફી નહિ નાખજો. તમારૂં છેક નજીવું બળ અને જુદી જુદી સોસાયટીઓ સ્થાપવાનું તમારૂં બીન અનુભવીપણું વિખેરી નહિ નાખજો, પણ મુસ્લીમ વેલ્ફેર સોસાયટીની સાથે રહી, શકિતને એકત્ર કરી, કામ કરો. અમને આશા છે કે મુસ્લીમ વેલ્ફેર સોસાયટી આપણામાંના કોઈ ઉત્તમ અને ઉત્સાહી મુસ્લીમ કાર્યકરની બાંહેધરી હેઠળ કામ કરી, અરબ અને આફ્રીકન મુસ્લીમ બીરાદરોના શિક્ષણ તંદુરસ્તી અને સામાજીક જીવનના ધોરણમાં મોટા ફેરફારો કરી શકવા સમર્થ બનશે.

હવે એક શબ્દ, જો અમને કહેવા દેવામાં આવે તો, સામાન્ય સલાહનો. અંહિના વતનીઓને ભલે તે ગમે તે નાત, જાત કે રંગના હો—

અશાંતિ અને યુદ્ધના કારણોનો અમને કંઈક અનુભવ છે. અમે લીગ ઓફ નેશનના એક ઘણાજ રસ ધરાવતા ઉત્સાહિ સભ્ય હતા. સાત વર્ષ સુધી હથીયારબંધી કોન્ફરંસમાં પણ અમે ઉત્સાહથી ભાગ લીધો હતો. એ બધું નિષ્ફળ કેમ ગયું? તેની નિષ્ફળતાનું છેવટનું એકજ કારણ હતું ધિક્કાર. અને છતાં લોકો એકબીજાને ધિક્કારે છે? બીક. જ્યાં બીક હોય ત્યાં પ્રેમ નજ સંભવે અને બારણા બંધ રાખો તોયે ધિક્કાર બારી વાટે પણ સહેલાઈથી ઘુસી જાય છે.

અમે તમો સઘળાને અપીલ કરીએ છીએ. આફ્રિકન, યુરોપીઅન અને હિંદી—તમે એક બીજાથી ડરો નહિ. હળીમળીને કામ કરો. આ દેશ ઘણો મોટો છે. અંહિ હજી એવી કુંવારી જમીન પડી છે કે જેને બીલ્કુલ સ્પર્શ પણ થયો નથી. હજી તે જરા પણ ખોતરાઈ નથી. અંહિ કંઇ ચાઈના, હિંદુસ્તાન કે યુરોપ જેમ ઘીચ વસ્તી નથી. હજી કમથી કમ એકસો વર્ષ સુધી જીવનની હસ્તી માટે

તરકડીયા મારવા પડે તેમ નથી. તો પછી શા માટે પ્રપોત્રોના પુત્રો માટે તકલીફ નોતરો છો? એટમ બોમ્બ અને જ્ઞાનની પ્રગતિ તેમજ સાયન્સનો આભાર છે કે, જો વિનાશ બદલે વસ્તુસ્થિતિ પ્રગતિ અને ભલા અર્થે વળી, તો આપણે ખાત્રી રાખીએ શકીએ કે, કુદરતના નવા બળો ઇન્સાનના એક બીજાના સંબંધને વધુ મીઠો બનાવશે અને હરેકે હરેકને રક્ષણ આપશે.

આજે અંહિ કોમીવાદની અશાંતિ માત્ર કાલ્પનિક છે. ઉપદ્રષ્ટા હંમેશ રમતને બરાબર જોઇ શકે છે, અને અમે અંહિની રમતને બરાબર જોઇ રહ્યા છીએ. આમાંથી છટકવાનું નથી. જો તમારા મનમાંથી બીકને એક વાર તજી દો તો તમને ખાત્રી થશે કે કાળા–ધોળા અને ઘઉંવર્ણા સઘળા એકજ રાજકિય સામાન્ય શરીરના અવયવોજ છે.

જો શંકા અને બીક હજીએ ચાલુ રાખશો તો મળવાનો હજીયે એક માર્ગ છે. એ બીક અને શંકાને સુલેહ અને શાંતિ બનાવવાનો એક માર્ગ છે તે–રાઉન્ડટેબલ કોનફરંસ.

જો શંકાના પ્રથમ ચિન્હો જણાતા તુરતજ રાઉન્ડ ટેબલ કોન્ફ્રેન્સ ગોઠવવામાં આવે તો બીકને દુર કરવાનું સબળ સાધન બની શકે તેમ છે. અમારા મનમાં એટલી બધી વસ્તુઓ છે કે અમે માત્ર એકજ દ્રષ્ટાંત આપીશું. લગભગ વીશેક વર્ષ પહેલાં જનરલ હર્ટઝોગ, તે વેળાના સાઉથ આફ્રિકન ગવર્નર, ડો. મલાન, અને સાઉથ આફ્રિકાની હિંદી કોમ વચ્ચે એક રાઉન્ડટેબલ કોન્ફ્રેન્સ ગોઠવાઇ હતી. આ કોન્ફ્રેન્સે કપરા સંજોગોમાં પણ સુંદર અને વ્યવસ્થિત પ્રકારની સમજુતી ઘડી કાઢી અને ત્યાર પછી લગભગ એક પેઢી સુધી આ ખંડના દક્ષિણ પ્રદેશમાં હિન્દી અને યુરોપીઅન કોમ વચ્ચે શાંતિ રહી હતી અને અશાંતિનું કોઇ કારણ ન્હોતું રહ્યું.

કેવી દયાની વાત કે આવી સુંદર સમજુતી વ્હોળી રીતે હજીએ અનુસરવામાં નથી આવતી?

અમે માત્ર ઇસમાઇલી કોમના કાર્યોનો ઝાંખો ચિતાર આપ્યો છે. જો અમારા વિચારોને જુદી જુદી કાઉન્સીલો, સંસ્થાઓ વિગેરે અપનાવે અને અંહીં સ્થાપના કરે અને સૌથી વધુ અગત્યની એવી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ કે જેની સમૃધ્ધિમાં આજે ૧/૪ જેટલો વધારો થઇ તેની અભિવૃધ્ધિ થઇ છે તે ટ્રસ્ટ અમારા વિચારો ગ્રહણ કરવાનું ધારે, તો માત્ર લાંબા ભાષણોથીજ આવા સ્વપ્નાઓને હકીકત અને વ્યહવારૂ દુનિયામાં લાવી નહિ શકાય. અમે રીમાઇન્ડરો, તાર, કાગળો, અંગત ઠપકાઓ અને વિરોધો, ઉત્સાહ, સલાહ, એ સઘળાથી અમે અમારા ભાગનું કાર્ય કર્યું છે. જેઓ અંહી અમારા પ્રતિનીધીઓ છે, તેઓ અને અમારા અન્ય મુરીદોના જીવનનો મુખ્ય ધ્યેય અને આકાંક્ષા એક હોવી જોઇએ.

છેવટ એ સમય આવ્યો છે કે ફાયદો હાંસલ કરવાનું શકય છે અને તેથી જરૂર ફાયદો ઉઠાવો કે જેની શરૂઆત આવા રચનાત્મક સમાજવાદથી થઇ છે."

## ફરમાન ૫૫૪ મું.

અરૂષા તા. ૧૫-૮-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"મોટા શહેરોમાં જમાતોને દિદાર આપવા અમે જમાતખાને પધારીએ છીએ અને અત્રે પણ જો કે જમાતખાનું નાનું છે છતાં ખાસ પગલા કરવા પધાર્યા છીએ. અત્રે જમાત વધશે જેથી ભવિષ્યમાં આ જમાતખાનું મોટું કરવું પડશે. આ મુલ્ક ઘણો આગળ વધવાનો છે, તેથી તમારે હિંમતથી સાહસ કરી વેપારમાં આગળ વધવું જોઇએ. અત્રે કો-ઓપરેટીવ સોસાયટી, કોરપોરેશન અને બિલ્ડીંગ સોસાયટી વિગેરે બનાવવી જોઇએ કે જેથી નાના નાના વેપારીઓને વેપારમાં આગળ વધવા ઓછા વ્યાજે રકમો મળી શકે.

જો વધુ નાણાંની જરૂર પડે તો સોસાયટી અને કોરપોરેશનને તેની ભરપાઈ મુડીની રકમ જેટલીજ બીજી રકમ જ્યુબીલી ઇન્સ્યુરન્સ કંપની અને ડાયમંડ જ્યુબીલી ઈનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ પાસેથી બહુજ ઓછે વ્યાજે મળી શકશે. કોઈ એક વેપારી કે પેઢીને તોડવી હોય તો બહુજ સહલાઇથી તોડી શકાય, પણ દશ, વીસ કે તેથી વધુ માણસોથી બનેલી સંયુકત કંપની તોડવી બહુજ મુશ્કેલ થઇ પડે; જેથી તમે સંયુકત સહકારી કંપનીઓ ઉભી કરી હિંમતથી આગળ વધો તો ઘણો ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૫ મું.

નેરોબી તા. ૧૬-૮-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"દારેસલામથી પાછા ફરી પોતાને ગામ જતા બહારગામના સઘળા મુરીદોએ ઘણી તકલીફ લીધેલ છે. ટાઢ, તડકો અને રસ્તાની મુસાફરીથી જહેમત ઉઠાવેલ છે, જે બદલ ભાઈઓ, બાઈઓ અને બચ્ચાંઓ સર્વેને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. ડાયમંડ જ્યુબીલી જેવો ખુશી અને આનંદનો વખત પાંચસોથી હજાર વર્ષમાં એક વખત પ્રાપ્ત થાય છે, જેથી તમે ઉઠાવેલ જહેમત અને તકલીફ ખુશી અને આનંદની છે અને તે અમે તમારી ઇબાદત તરીકે કબુલ ફરમાવીએ છીએ.

ડાયમંડ જ્યુબીલી અંગેની ગઇ સાલ અને આ સાલની અમારી પધરામણી દરમ્યાન દીની, દુન્યવી આર્થિક, સામાજીક બહેતરી અને ભલાઇ માટે અમે ઘણા ઘણા ફરમાનો કર્યા છે. હવે તમારી ફરજ છે કે અમારા આ ફરમાનો પ્રમાણે અમલ કરી ફાયદાઓ મેળવવા જોઇએ. દુન્યવિ અને આર્થિક જીવન સુધારવા તમારે નાના નાના

ગામડાઓમાં કે જ્યાં ૨૦૦થી ૩૦૦ માણુસોની વસ્તી હોય ત્યાં પણ કો-ઓપરેટીવ સોસાયટી અને કોરપોરેશન સ્થાપવી જોઇએ. નજીક નજીકના ગામડાવાળાઓએ પણ જુદી જુદી અગર તો સાથે મળીને આવી કંપનીઓ બનાવી દુન્યવિ ફાયદો હાસલ કરવો જોઇએ.

આંફ્રિકામાં જુદા જુદા સ્થળોએ બીલ્ડીંગ સોસાયટીઓ ઉભી કરવી જોઇએ. આવી સોસાયટીઓને ડાયમન્ડ જ્યુબીલી ઇનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ પાસેથી બહુજ ઓછા વ્યાજે નાણા મળી શકશે. બીલ્ડીંગ સોસાયટી મકાનો બંધાવી કોમના માણુસોને ઓછે ભાડે આપે, કે જેથી આવા મકાનોમાં રહેનારાઓ ભાડુ, વ્યાજ અને મકાનની કિંમતના અમુક ટકા દર વર્ષે સહેલાઇથી ભરી શકે અને અમુક વર્ષે ભાડુત મટી મકાન માલિક બની શકે. કાઉન્સીલના મેમ્બરો અને જમાતના આગેવાનોની ફરજ છે કે તેઓએ સરકાર પાસેથી બહુજ ઓછીજ કિંમતે અગર તો સસ્તે ભાડે જમીનો મેળવવી જોઇએ. આવી જમીનો ઉપર બીલ્ડીંગ સોસાયટીની સ્કીમ મુજબ મકાનો બંધાવી કોમને તેનો લાભ આપવો જોઇએ. એકેએક ઇસમાઇલીએ આવા મકાનોનો લાભ લઇ જમીન અને મકાન માલિક બનવું જોઇએ.

કો-ઓપરેટીવ સોસાયટીઓ, કોરપોરેશનો, જ્યુબીલી ઇન્સ્યુરન્સ કંપની, ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તેમજ બીલ્ડીંગ સોસાયટીઓ, જે અત્યારે હસ્તીમાં છે, અને ભવિષ્યમાં ઉભી કરવામાં આવે તે બધી કંપનીઓના સંચાલકોએ પોતાની ઇમાનદારીથી બીનસ્વાર્થે પ્રમાણિકપણે દરેક કાર્યો કરવા જોઇએ. કાર્યકર્તાઓ અંગત સ્વાર્થ કે લાગવગથી દોરવાશે અથવા તો બેઇમાનથી ગાફલ અને બેદરકાર રહી કામ કરશે, તો કંપનીઓને ઘણુંજ સહન કરવું પડશે. કંપનીને નુકશાન તે દરેક શેર હોલ્ડરને એટલે કે એકે એક ઇસમાઇલીને નુકશાન પહોંચશે, તેથી ડાયરેકટરો અને અધિકારીઓએ નિસ્વાર્થપણે ઇમાનદારીથી ખંત અને હોશીઆરીથી કામ લેવું જોઇએ; તેમજ કંપનીઓ સાથે લેતી દેતી કરનારાઓએ પણ ઇમાનદારીથી પ્રમા-

ણિકપણે વર્તવું જોઈએ. આમ અરસ પરસ બધા દિલની ખરી લાગણીથી વર્તશો તો દુનિયામાં સુખી અને આબાદ થશો.

અમારી ડાયમંડ જ્યુબીલીની ઉજવણી પ્રસંગે દારેસલામ ખાતે તા. ૧૦મી ઓગસ્ટના રોજ સર્વે જમાતો બાઇઓ, ભાઇઓ અને બચ્ચાંઓએ બહુજ સરસ રીતે શાંતિ જાળવી શિસ્તપાલન કરેલ હતું. જેમ એક લશ્કર પોતાના અમલદારના હુકમનું પાલન કરે તેમ તમે ધૈર્ય અને શાંતિથી વ્યવસ્થા જાળવેલ હતી. નાના બચ્ચાંઓએ પણ સંપુર્ણ શાંતિ જાળવી હતી અને ઇસમાઇલીઓનું નામ ઉજવળ કર્યું હતું. આવું સરસ શિસ્તપાલન કરી બીજી કોમો ઉપર પણ બહુજ સરસ છાપ પાડી હતી અને દુનિયાને બતાવી આપ્યું હતું કે, તમે કેવા સંપીલા અને તમારા ઇમામ પ્રત્યે વફાદાર છો. ખરેખર તેના માટે અમે ઘણાજ મગરૂર છીએ અને આવા સરસ શિસ્તપાલન માટે આફ્રિકાના સર્વે ઇસમાઇલી મુરીદો ઉપર બહુજ ખુશી થયા છીએ અને સઘળાઓને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૬ મું.

કમ્પાલા તા. ૧૯-૮-૧૯૪૬.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આપણી કોમની આર્થિક ઉન્નતિ માટે કો-ઓપરેટીવ સોસાયટી, કોરપોરેશન વિગેરે સંયુકત કંપનીઓ ચાલુ કરવાની ઘણીજ જરૂર છે."

અત્રે કમ્પાલા ખાતે કોરપોરેશન હસ્તીમાં હોવાનું જણાવવામાં આવેલ તેમજ નવી યોજના પ્રમાણે એક હોલસેલ કો-ઓપરેટીવ સ્ટોર ઉભો કરવા જમાતે વિચારણા કરેલ છે તે મૌલાના હાઝર ઇમામ પાસે રજુ કરવામાં આવેલ કે મજકુર કો-ઓપરેટીવ સ્ટોર પોતાની ભરપાઇ મુડી જેટલી બીજી રકમ ડાયમંડ

જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ પાસેથી ઓછા વ્યાજે મેળવે અને દેશાવરથી જથાબંધ માલ મંગાવી નાના વેપારીઓને વાજબી નફે વેચે. દરેક વર્ષને અંતે થયેલ નફામાંથી શેર હોલ્ડરોને મર્યાદિત પ્રમાણમાં નફાની વહેંચણી આપી બાકીનો નફો તેના ગ્રાહકોને લેતી દેતીના પ્રમાણમાં બોનસ તરીક વેંચી આપે. આ યોજના સાંભળી મૌલાના હાઝર ઈમામ ઘણાંજ ખુશી થયા હતા અને ફરમાવ્યું :

"આ બહુજ સરસ યોજના છે. આવા કો–ઓપરેટીવ સ્ટોરમાં યુગાન્ડાના દરેક ઈસમાઇલીએ ઓછામાં ઓછો એક શેર તો લેવોજ જોઈએ. કંપનીના કાર્યવાહકોએ બહુજ સંભાળપુર્વક અને સવચેતીથી કામ કરવું જોઇએ. જો કોઇ દશથી પંદર મજલાના મકાનને બાળવું હોય તો તે ફકત એકજ માણસ સહેલાઇથી કરી શકે છે, પણ તેવી મોટી ઇમારત બાંધવી મુશકેલ છે; તેમજ છુટી એક લાકડી સહેલાઇથી ભાંગી શકાય છે, પણ પાંચથી દશ લાકડીઓ ભેગી કરી ભાંગવા જતાં તે ભાંગી નહિ શકાય; જેથી હમેશાં સહકારથી સંગઠીત થઈ, એક દિલથી એકઠા મળી કામ કરશો તો, બહુજ આગળ વધશો અને ફાયદો મેળવશો. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૭ મું.

કમ્પાલા તા. ૨૧–૮–૧૯૪૫.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યુ :

"આ મુલ્કમાં કોમની આર્થીક સ્થિતિ સુધારવાની ઘણી જરૂર છે. કોરપોરેશન અને કો–ઓપરેટીવ સોસાયટીઓ દરેક સેન્ટરોમાં જલ્દીથી ઉભી કરવી જોઇએ કે જેથી પાંચ–દશ વર્ષે કોમની આર્થીક સ્થિતિ મજબુત બને. જો આવી બાબતમાં બેદરકારી રાખશો અને આવી સહકારી કંપનીઓ ઉભી નહિ કરો, તો કોમને ઘણુંજ સહન કરવું પડશે. હવે એ જમાનો નથી કે એકલો માણસ કામ કરી લાભ મેળવી લે, પણ પાંચ દશ કે વધુ માણસો સાથે મળી કામ કરશો તોજ ફાયદો મળી શકશે. નાના વેપારીઓને ઉંચે લઇ આવવા બનતી

કોશીષો કરવી જોઇએ. આવી સહકારી કંપનીઓની સ્થાપનાથી અમને અનહદ આનંદ થાય છે, માટે તમારી આર્થીક સ્થિતી સુધારવા અરસપરસ સહકાર સાધી આગળ વધવા દરેક કોશીષ કરજો.

આ મુસાફરી દરમ્યાન માતા સલામતના જોવામાં આવ્યું હતું કે આફ્રિકા ખાતે વિધવા બાઈઓને જે મદદ આપવામાં આવે છે, તે પુરતી નથી હોતી. વિધવા બાઈઓ તેમજ તેઓના બચ્ચાંઓના જીવન નિર્વાહ અને કેળવણી માટે વધુ રકમની મદદ આપવી જોઇએ. આ પ્રમાણે માતા સલામતની ઇચ્છા અને સુચના હોવાથી અમે મોટી રકમની ગ્રાંટ મંજુર ફરમાવીએ છીએ અને કાઉન્સીલો ઉપર ફરજ મુકીએ છીએ કે વિધવાઓને મદદ કરવા અમે જે ગ્રાંટ મંજુર કરીએ છીએ તેની વ્યવસ્થા કરવા માટે ઉત્સાહી મેમ્બરોની કમિટી નીમવી જોઈએ, કે જેમાં ભાઈઓ તેમજ બાઈઓની પણ નિમણુંક કરવી જોઈએ. આ કમિટીના મેમ્બરોએ પોતાની કાઉન્સીલોં હસ્તકના તાબાના ગામોમાં વખતોવખત ફરીને હાજતમંદ વિધવાઓની દરેક સ્થિતિ તપાસી તેઓ પોતાનું અને બચ્ચાંઓનું શું કામ કરી, કેવી રીતે જીવન ગુજારે છે અને કઈ રીતના કામકાજ અને કેટલી નાણાંની મદદ આપવાથી તેણી પોતાનું તેમજ પોતાના બચ્ચાંઓનું ભરણપોષણ કરી, જીવન નિર્વાહ તેમજ બચ્ચાંઓની કેળવણી વિગેરેને આસાનીથી ચલાવી શકે, તે બાબતની બહુજ બારીકાઇથી વિગતો મેળવી પોતાના અભિપ્રાયો સાથે કાઉન્સીલને મોકલાવે, જે ઉપરથી કાઉન્સીલ પુખ્તપણે વિચાર કરી હાજતમંદ વિધવાઓને અને તેઓના બચ્ચાંઓને કેળવણી અને જીવનનિર્વાહ સહેલાઈથી નભાવી શકે તેવા અનુકુળ કામકાજો અને સાધન સગવડો કરી આપે, ઉપરાંત જરૂર મુજબ નાણાંની મદદ કરે. અમે જે આ ગ્રાંટ આપીએ છીએ તે વિધવા બાઇઓને આપી દઇ આળસુ બનાવવા માગતા નથી પણ જેઓ કંઈ પણ કામકાજ કરી ન શકે અને હાજતમંદ હોય તેવીજ વિધવાઓને અને તેઓના બચ્ચાંઓને મદદ આપવામાં આવે. આથી એમ પણ નથી સમજવાનું કે યુવાન

અને સશકત વિધવાઓ પુનર્લગ્ન કર્યા વગર બેસી રહે અને આવી ગ્રાંટો ઉપર જીંદગી પસાર કરે. યુવાન કે આધેડ સશકત વિધવાઓએ તો ફરીથી લગ્નો કરવાજ જોઇએ. આ ઇસ્લામ ધર્મનો ખાસ સિધ્ધાંત છે, માટે પુર્નલગ્ન તો જરૂર કરવાજ જોઇએ. આ સર્વે કાઉન્સીલો અને કમિટીની ખાસ ફરજ છે, કે બહુજ બારીકીથી તપાસ અને પુખ્તપણે વિચાર કરી ગ્રાંટના નાણામાંથી મદદ કરે.

પ્રોવીન્શીઅલ કાઉન્સીલો ફકત લગ્નો કે છુટાછેડાના નિવેડા કરે એટલુંજ પુરતું નથી પણ નવા બંધારણો મુજબ કોમની આર્થિક અને સામાજીક પ્રગતિ કેમ થાય, હાજતમંદ દીનદારોને કામે લગાડવા, વિધવાઓના પુનર્લગ્નો કરાવવા અને જરૂર મુજબ અમારા તરફથી આપવામાં આવતી ગ્રાંટોમાંથી મદદો કરવી વિગેરે દરેક કામો તેમણે કરવાના છે. કોમની આર્થિક, સામાજીક અને બીજી દરેક જાતની ઉન્નતિ અને સુધારા વધારા પવિત્ર બંધારણની હદમાં રહીને કરવાની દરેક પ્રોવીન્શીઅલ કાઉન્સીલ ઉપર ખાસ ફરજ અને જવાબદારી છે, જે તેઓ જરૂર અદા કરશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૮ મું.

કમ્પલા તા. ૨૨-૮-૧૯૪૬.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"બાતુનમાં તો અમે હમેશાં તમારી સાથેજ છીએ પણ જાહેરમાં તમારી સાથે રહેવાથી અમને ઘણોજ આનંદ થયેલ છે. અમે જલ્દીથી આફ્રિકા ફરી પધારી તમો સર્વે જમાતોને મળવા ઉમેદ રાખીએ છીએ. આફ્રિકાની સર્વે જમાતોને ઘણા ઘણા દુઆ આશીષો ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૫૯ મું.

નૈરોબી તા. ૨-૮-૧૯૪૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારી આવી મોટી ઉમર છતાં ઝહેમત વેઠી તમો જમાતના પાસે આવી તમો જમાતને જોઈ ઘણા ઘણા ખુશી થયા છીએ. તમો આફ્રિકાની જમાત ઘણીજ ખુશનસીબ છે કે અંહી રાજ્યદ્વારી શાંતી હોવાથી જેમ ચાહીએ તેમ આવીને મરજી પ્રમાણે મળી શકીએ છીએ. તમો જમાતે ખુદાના લાખો શુક્રાના અદા કરવા જોઇએ કે, આફ્રિકામાં શાંતી છે. કોઇપણ જાતની લુંટફાટ કે મારામારી ચાલતી નથી. આ દેશે તમને શાંતી અને આબાદી આપી છે. તમારી ફર્ઝ છે કે આ દેશને બહુજ વફાદાર થઇ રહેવું જોઇએ; જે કાંઇ થઈ શકે તે આ દેશની આબાદી માટે આજુબાજુ જોયા વગર તમારે કામકાજ કરવું; તે ઉપરાંત તમારા માટે એ જરૂનું છે કે આ દેશના વતની આફ્રિકનો સાથે દોસ્તી જેવો અને સારો સંબંધ રાખવો જોઇએ. તમારા આફ્રિકન નોકરો સાથે માયાળુ અને શાંતિભર્યો વર્તાવ રાખવો જોઇએ. જે જે દુકાનદારો આફ્રિકનો સાથે વેપાર કરતા હોય, અને આફ્રિકન ઘરાકો આવતા હોય તેમની સાથે સારો સહકાર અને તેમના તરફ સદભાવ રાખવો જોઇએ.

જે પ્રમાણે યુગાન્ડામાં આપણી બસ કંપની છે તે પ્રમાણે તમારી પાસે કંપની હોય તો આફ્રિકનો અને યુરોપીઅનોને તેમાં થોડો હિસ્સો આપવો જેથી તેઓની સહાનુભુતિ રહે. આ બાબત લીમીટેડ કંપનીને લાગુ પડે છે, અંગત ધંધા માટે નથી.

અમારા કેળવણી ખાતાને અમે ખાસ દોરવણી આપીએ છીએ. સ્કુલોમાં જે ભાષ શીખવવામાં આવે છે તે સંબંધી દોરવણી એ છે કે આ મુલ્કને માટે જે ભાષા કામ આવે તે ભાષા આપણા બચ્ચાંઓને શીખવવી જોઈએ, પછી ભલે તે જાપાનીઝ કે ચાઈનીઝ ભાષા હોય. આપણા બચ્ચાંઓએ આ દેશમાં રહેવું છે. ગુજરાતી અને બીજી ભાષા સંબંધમાં આપણી લાગણી શું છે તે ધ્યાનમાં ન લેતા જરૂરી ભાષા શીખવવી જોઈએ.

જેમ એક નાના બચ્ચાં ઉપર તેની તાકાત કરતાં વધુ બોજો

મુકતાં શરીર તુટી જશે તેમ શિક્ષણ સંબંધમાં પણ બચ્ચાંના મગજના પ્રમાણમાં શીખવવું. એક સાથે વધારે શીખવવાથી તેનું મગજ તુટી જશે. એક વખતે આપણે આ બાબતનો ખ્યાલ ન કરીએ અને શક્તિનો ખ્યાલ કર્યા વગર અંગ્રેજી, ગુજરાતી અને સ્વાહીલી શીખવવા જતાં બચ્ચાંનું મગજ તેના બોજા તળે દબાઇ જશે અને તેની શકિત તુટી જશે. સ્વાહીલીનું શિક્ષણ આ દેશમાં જરૂરનું છે.

આ દેશ બહુજ આગળ વધવાનો છે અને આબાદ થવાનો છે. બહુજ વધારે આગળ વધવાનો છે. હાલમાં તો તે બાળક જેટલું જ બન્યું છે. તે ભવિષ્યમાં બહુજ આગળ વધશે. ઇન્ડીઆ, બરમા, મલાયા વગેરે બીજા દેશોમાં યુરોપીયનોનું જેટલું નાણું હતું તે રાજ્યદ્વારી બાબતો અંગે તેઓ આફ્રિકામાં રોકવાનાં છે, તેથી આફ્રિકા બહુજ આગળ વધવાનો છે, તેથી તમારી ફર્જ છે કે આ દેશની આબાદીના માટે, તમારે તમારા છોકરા અને તેના છોકરા માટે આ દેશમાં તમારા પાયા મજબુત કરવા જોઇએ.

ભવિષ્યના માટે તમારા માટે બહુજ ખરાબીની નિશાની અમોને દેખાય છે. આ ખરાબી મોટાઓના મનમાંજ નહિ, પરંતુ નાનાઓના મનમાં પણ મોજુદ છે. મોટાઓ અને બાળકોમાં આ ચિન્હ નજરે પડે છે. આ ભય જે નજરે પડે છે તેનો તુરતા તુરત સામનો નહીં કરો તો તે તમારો નાશ કરી નાંખશે. જે ભુલ ઈન્ડીયામાં પારસીઓએ ભુતકાળમાં કરી હતી એ ભુલ એ હતી કે તેઓ તેમના બચ્ચાંઓને બેરીસ્ટર, ડોકટર, ડેન્ટીસ્ટ અને પ્રોફેસરનાં ધંધા માટે મોકલતા. અમારી ડાયમંડ જ્યુબીલી પ્રસંગે અમે તમને ભલામણ કરી હતી કે, ડોકટર, ડેન્ટીસ્ટ આપણી કોમ માટે જોઇએ છીએ; પરંતુ કેટલા? તેની કંઈ હદ અને પ્રમાણ તો હોવું જોઇએ.

એક બાબતથી અમે રાજી થયા છીએ કે યુરોપ વગેરેની યુનીવર્સીટીઓમાં જગ્યા મળતી નથી. મળતી હોત તો તંદુરસ્ત સારા દેશમાં હજારે એક હોય છે તેની જગ્યાએ પાંચ સાત કે સેંકડે એક ડોકટર થઇ જાત.

આ બધા શું કરશે? કદાચ થોડું ઘણું કામ કરી શકશે, પરંતુ બહુજ આગળ વધી નહી શકે. તેનું ક્ષેત્ર નાનું છે, જ્યારે વેપારનું ક્ષેત્ર બ્હોળું છે. વેપાર ધંધા માટે તમે આ દેશમાં આવ્યા છો તે મુકી બીજા કામે લાગશો તો તમારો નાશ થઇ જશે. અમે બે વરસ અગાઉ તમને ભલામણ કરેલ કે, લીંડી તરફ દેશ બહુજ આગળ વધશે; પણ આપણા જુજ માણુસો ત્યાં ગયા છે. સુદાનમાં વેપારનું ક્ષેત્ર બહોળું છે. ત્યાંની ગવર્નમેન્ટ મુસલમાનો અને ખાસ કરી ઇસમાઇલીઓને લેવા તૈયાર છે. ત્યાં જવું જરૂરનું છે, પણ આપણા માણુસો ત્યાં ગયા નથી, તેમ જવાની મરજી પણ નથી. અત્રે સુદાનનો વેપાર ગ્રીક અને આરમેનીઅન પાસે છે. ઇજીપ્તમાં પણ માણુસો અમને પુછે છે કે વેપારી બુધ્ધિનાં અને પૈસાવાળા તમારા માણુસો શા માટે સુદાનમાં જઇ વસ્તા નથી?! બ્રીટીશ રાજ્યમાં વેસ્ટ આફ્રિકામાં અંદરના ભાગમાં બહુજ સારૂં ક્ષેત્ર છે. ત્યાં આપણા માણુસોએ બીલ્કુલ નજર કરી નથી. અંદરના ભાગમાં મુશ્કેલીઓ પણ ઓછી છે. છેટેની વાત મુકી દો. તમારે ઘર આંગણે મોટું ક્ષેત્ર છે. શહેર છોડી ગામડામાં જઇ વસવાટ કરો તો બહુજ મોટી તકો અને મોટું ક્ષેત્ર તમારા માટે તમારે ઘર આંગણે છે.

લડાઇ દરમ્યાન અમે હુમેશાં ફરમાન કરેલ કે જમીન, મકાન ખરીદો. કેટલાક એમ કહેતા હતા કે મોંઘું છે, એમ કહી ન લીધું. લીધું હોત તો આપણુને કેટલો બધો ફાયદો થયો હોત? જે જે માણુસોએ ઉધાર લીધેલી નાણાથી નહિ, પરંતુ પોતાના પૈસાથી વેચાતી જમીન લીધી હોય તેઓએ ઉંચા નીચા ભાવોથી નહી બીતાં ટકાવી રાખવાથી આ દેશમાં તેઓને ઘણો ફાયદો થશે.

યુરોપ ખાતેના જાણુકાર બુધ્ધિશાળી માણુસો છે તેઓ કહે છે કે આફ્રિકા ત્રીસ વર્ષમાં અમેરીકા જેવું થઇ જશે. તમારા દીકરા ડોકટરો અને ડેન્ટીસ્ટ હશે તો જ્યારે ત્રીસ વર્ષે આ દેશની પ્રગતિ

થશે ત્યારે તેઓને દાંત કાઢવાનું અને આંતરડા કાઢવાનું રહેશે. તેમ કરતાં જે આફ્રિકનો વેપારમાં પડયા છે તેમના નોકરો થઇ જશે.

અમને મુખ્ય ભય એ લાગે છે કે આપણા સારામાં સારા બુધ્ધિશાળી છોકરાઓ ડોકટર અને ડેન્ટીસ્ટના ધંધામાં જાય છે ત્યારે વેપાર માટે સારા, બુધ્ધિશાળી છોકરાઓ મળતા નથી. આવા બુધ્ધિશાળી, હોશિયાર છોકરાઓ પાસે આશા રાખીએ કે દેશને આબાદ બનાવે પણ દાંત કાઢવામાં બુધ્ધિને વાપરી નાખે નહી. આ અમારી સલાહ અને સુચના માત્ર નઈરોબી માટે નથી પરંતુ સમસ્ત આફ્રિકા માટે છે. આ ખબર આખા આફ્રિકાના દીનદારોને આપવાની છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૦ મું.

નૈરોબી તા. ૩-૮-૧૯૪૮.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"છેલ્લા ત્રણ વર્ષમાં બચ્ચાંઓની તંદુરસ્તી બહુજ સારી રહેવા પામી છે, આનું ખાસ કારણ ખાવાપીવામાં સુધારા થવાનું છે. ગઇ કાલે અમે ફરમાનો કરેલ તેમાં ખાસ ડોક્ટર અને ડેન્ટીસ્ટ સંબંધમાં ફરમાન કરેલ તેની જમાતને પુરતી સમજ ન પડી હોય તેમ અમને લાગે છે. અમે એ પ્રમાણે ફરમાવેલ કે, ડેન્ટીસ્ટ અને ડોકટરનું પ્રમાણ એટલું હોવું જોઇએ કે આપણી જમાતની સંખ્યાના પ્રમાણમાં. પ્રમાણ કરતાં વધારે થઇ જાય તો જેમ બીરીયાનીમાં જરૂર કરતાં વધારે નીમક નાંખવાથી તેનો સ્વાદ ખરાબ થઇ જાય છે, તેમજ ઓછું નાખવાથી સ્વાદ રહેતો નથી. જરૂરીઆત પ્રમાણમાં હોવું જોઇએ. જેટલા પ્રમાણમાં ડોકટર, ડેન્ડીસ્ટ અને બેરીસ્ટરોની આપણી કોમને જરૂર હોય તેટલા થાય તો આપણે પ્રમાણ જાળવી શકીએ. અત્યારસુધી ઇસમાઇલીઓ યુરોપમાં ગયા છે તેમાં અબ્રામે ડબ્લીનમાં દુકાન કરી છે, તેના કામથી અમને સંતોષ છે.

જો વેપારી મગજશક્તિ ધરાવતા હો તો ડબ્લીનમાં પણ વેપાર કરી શકાય છે. ડબ્લીનવાળાઓ પોતાના ભાઇઓની દુકાને જવા કરતાં અબ્રામની દુકાનેથી માલ લેવાનું વધુ પસંદ કરે છે. એણે વેપારની તાલીમ લીધી ન હતી, પરંતુ કુદરતી બક્ષીસ, શક્તિ અને પ્રમાણિક-પણાથી સક્સેસ યાને ફતેહ મેળવેલ છે.

ગઇ મુસાફરી બાદ બે વર્ષના ગાળા બાદ ફરીથી અમારી આંખોથી બચ્ચાંઓની ગાલની લાલી ઉપરથી જોઇ શકયા છીએ કે તેઓની તંદુરસ્તી સુધરેલી છે. તેઓના ચ્હેરાના દેખાવ ઉપરથી બચ્ચાંઓ તંદુરસ્ત અને સારા થયેલા દેખાય છે. બચ્ચાંઓની સારી તંદુરસ્તી જોઇ અમે અમારો સંતોષ જાહેર કરીએ છીએ અને લેડીઝ કમીટીને તેઓએ કરેલા કામ બદલ ઘણા ઘણા દુઆઆશિષો ફરમાવીએ છીએ. નઇરોબીની લેડીઝ કમિટીનું કામકાજ મોમ્બાસા, દારેસલામ અને બીજા શહેરો માટે દાખલારૂપ છે. જે જે બાઇઓ પ્રેગનન્ટ યાને ગર્ભવતિ છે તેઓએ કલીનીકનો લાભ લેવો જોઇએ અને ડોકટરોની સલાહ પ્રમાણે અમલ કરવો જોઇએ, જેથી બિમારી હોય તો નીકળી જાય અને બચ્ચાંઓ સંતોષકારક જન્મે. કોઇપણ પ્રેગનન્ટ બાઈ ડોકટરની સલાહ વગર રહેવી ન જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૧ મું.

નૈરોબી તા. ૪-૮-૧૯૪૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"બાઈએ, ભાઇઓ, માવિત્રો અને સગાંવ્હાલાંઓએ ધ્યાનમાં રાખવાનું છે કે, છોકરા છોકરીઓના લગ્ન વ્હેલાસર થાય તે ઇચ્છવા યોગ્ય છે. છોકરો પૈસાદાર ન હોય પરંતુ હોંશ્યાર, તંદુરસ્ત અને બદફેલી ન હોય તો છોકરી આપવામાં વાંધો નથી અને વાંધો હોવોજ ન જોઈએ. જમાત જો મેરેજ કમિટીને સહકાર ન આપે તો મેરેજ કમીટી પોતાની ફરજો બજાવી નહિ શકે. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૨ મું.

નૈરોબી તા ૬-૮-૧૯૪૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જમાતની સંખ્યાનાં પ્રમાણમાં લાઇબ્રેરીનાં મેમ્બરો બહુજ ઓછી સંખ્યામાં છે. વધુ પ્રમાણમાં મેમ્બર બની ભાગ લેવો જોઇએ. માત્ર નોવેલો નહીં વાંચતા છાપા તેમજ અન્ય પુસ્તકો વાંચવા, જેથી ફાયદો થાય. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૩ મું.

નૈરોબી તા. ૧૦-૮-૧૯૪૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"માતા સલામતે જોએલ છે કે અંહીની સરકારી હોસ્પીટલમાં પુરતી જગ્યા નથી કે જેથી દરેકને તેનો પુરતો લાભ મળી શકે. ચેપી દર્દીઓ માટે તદન અલાહેદી જગ્યા રાખવી જોઇએ. નહીં કે અંહીની હોસ્પીટલમાં સાથે ખાટલા રાખવામાં આવે છે તેમ. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૪ મું.

મોમ્બાસા તા ૧૪-૮-૧૯૪૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમને જાણીને આનંદ થાય છે અને તમને પણ જાણી આનંદ થશે કે આપણામાં બાળમરણની સંખ્યા યુરોપ કરતાં ઓછી છે, જે ખુશી થવા થવા જેવું છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૫ મું.

મોંબાસા તા. ૧૫-૮-૧૯૪૮.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"માત્ર મોંબાસા અને કેન્યા નહીં, પરંતુ ઇસ્ટ આફ્રિકા અને હિંદુસ્તાન અને બીજા મુલ્કમાં બની શકે ત્યાં સુધી પોતાના વિમાઓ આપણી કંપની "જ્યુબીલી ઇંશ્યુરંસ કંપની"માં ઉતરાવો કે જેથી કંપની અને આપણને લાભ મળે. વિમો ઉતરાવવો જરૂરી છે અને તે ખાસ કરીને આપણીજ કંપનીમાં ઉતરાવવો જોઇએ.

અમુકની એવી માન્યતા છે કે, ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ધર્માદા ખાતું છે, એ તદન ખોટી માન્યતા છે. જો આ ખાતું ધર્માદા હોત તો આપણું સત્યાનાશ નીકળી જાત. આવા ધર્માદા ખાતાથી કેવું નુકશાન થાય છે તે ગોલ્ડ ગ્રાંટ કમિટીનાં દ્રષ્ટાંત ઉપરથી સમજી શકાય તેમ છે, કે જેઓએ આ સંસ્થા પાસેથી નાણા ઉપાડેલા હતા તેઓએ કોઇપણ પ્રકારનો ફાયદો ઉઠાવવાને બદલે દુરઉપયોગ કર્યો છે. જાણે બારીમાંથી નાણા ફેંકી દીધા હોય તેમ બન્યું છે. ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનું મુખ્ય ધ્યેય અને ફરજ આપણી કોમની વ્યક્તિઓને સસ્તે દરે નાણા મળે તે છે. સસ્તા દરનો મતલબ એ થાય છે કે બીજા કરતાં ટકા બે ટકા ઓછે વ્યાજે આપણને નાણા મળી શકે, જેનો લાભ વેપારમાં ઉઠાવી શકાય, જે વ્યવસ્થીત રીતે કો–ઓપરેટીવ કોરપોરેશન મારફતે મળે, પણ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટની મુખ્ય ફરજ એ જોવાની છે કે આવી કો–ઓપરેટીવ કોર્પોરેશન સારી રીતે કામ ચલાવે છે. આ સંસ્થાઓ એવી રીતે ચાલતી હોવી ન જોઇએ કે તેનાં કોઇ દહાડો નાણા ખોટા થાય અને કોમને નુકશાન પહોંચે. આ કો–ઓપરેટીવ કોર્પોરેશન સધ્ધર સ્થિતીમાં હોવી જોઇએ અને સરકાર તરફથી તેને સર્ટીફીકેટ મળવી જોઇએ, તોજ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તેને નાણા આપે. જ્યારે આપણા વેપારીઓને બેંકથી ઓછા દરે નાણા મળે ત્યારે આવા વેપારીઓના ખાતાં સધ્ધર હોવા જોઇએ; નહિ તો ધર્માદાનો મુદ્દો થયો, જે આપણો મુદ્દો નથી; આથી તો ગેરલાભ થાય છે.

ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટે એક પણ સેન્ટ પોતાની બેદરકારીથી આફ્રિકામાં ગુમાવેલ નથી, પણ જે નાણા ખોટા થયા છે તે ચોક્ખી રીતે

લુંટ (Robbery) થો ગયા છે. આ જે નાણા ખોટાં થયા છે તેની મુખ્ય મુશ્કેલી ઇંડીઆથી આવી છે અને નહીં કે આફ્રિકામાંથી. ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનાં શેર હોલ્ડરો આપણાજ માણસો છે અને ધર્માદા તરીકે નાણા આપતાં તે ખોટા થાય તો નુકશાની આપણાજ માણસોને છે.

હવે અમે અત્યારે ઈમામ તરીકે નહી પણ માતાપિતા તરીકે ફરમાન કરીએ છીએ, જે ખાસ કરીને જુવાન બચ્ચાંઓએ ધ્યાન પૂર્વક પોતાના મન ઉપર લેવાના છે. અલબત મોટા માણસોને પણ આ ફરમાન લાગુ પડે છે. આવતી દુનિયા માટે નહિ પણ આ દુનિયા માટે.

દારૂ અને તમાકુ તમારા દુશ્મનો છે જેમાં શક તથી. વારસ પાક જ્યુબીલી ઈન્વેસ્ટમેન્ટનાં મેનેજીંગ ડાયરેકટર છે તે ખાત્રી આપશે કે, જે વ્યકિત દારૂ અને તમાકુનું સેવન કરતી નથી તેની જીંદગી લાંબી ગણાય છે. દારૂ એ ધીમું ઝેર છે અને દસ, પંદર કે વીસ વર્ષે અંતમાં માણસને મારી નાખે છે. જો કે આવી રીતે મોતને આવતાં વાર લાગે છે, છતાં સરવાળે એ આપણો નાશ કરે છે. દરેક મનુષ્યની જીંદગી નક્કી કરવામાં આવેલ છે. ૭૦ કે ૮૦ વર્ષ; પરંતુ જો તેઓ દારૂ વાપરે તો તકદીરમાં લખેલ જીંદગી દસ, પંદર કે વીસ વર્ષ ઓછી થઈ જાય છે. દારૂ કે તમાકુ સાથે અમને વેર નથી. તેઓએ અમારૂં શું નુકશાન કરેલ છે? પરંતુ તમારા તો તેઓ કટ્ટા, છુપા દુશ્મનો છે. યુરોપીઅનો અને બીજી કોમની હરીફાઈમાં ઉભા રહેવા માટે એકજ હથિયાર છે કે તમે દારૂ પીતા નથી. જો તે ગુમાવી નાખશો તો યુરોપીઅનો અને બીજી કોમ સામે હરીફાઈમાં કેવી રીતે ઉભા રહી શકશો? જેઓ દારૂ પીએ છે તેમની સામે અમને ગુસ્સો નથી, પરંતુ ક્ષય માટે જેમ અમને દિલગીર થવું પડે તેમ દારૂ પીનાર માટે દિલગીરી થાય છે. જેઓ ફ્રુટ કે દુધનો ઉપયોગ કરતા નથી અને દારૂ પીએ છે તેઓ માટે દિલગીરી થાય છે. આવા માણસો માટે અમને બહુ લાગી આવે

છે. નાનપણુથી બચ્ચાંઓએ પોતે નક્કી કરવું જોઇએ કે, તેઓ આ બદીથી દુર રહે. અમે ખાત્રી આપીએ છીએ કે તેઓ તંદુરસ્ત અને સુખી રહેશે. આ આદતો જેમને છે તેમણે દ્રઢ નિશ્ચય કરી મુકી દેવી. આ પ્રમાણે જેઓ કાબુ ન રાખી શકે તેઓ પોતાની જીંદગી ઓછી કરશે. આ રીતે ઓછી જીંદગી થાય તો એમાં અમો શું કરીએ? આ આદતને નહી મુકો તો દુઃખી રહેશો અને પોતાની પંકિતની બીજા કરતાં હલકી ગણુના થશે.

પહેલાં તો એ યાદ રાખો કે જન્મથી યુરોપીઅન પ્રજા તમારાં કરતાં શારીરિક રીતે મજબુત હોય છે. બીજું યુરોપીઅનો આ દેશમાં પોતાના કુટુંબીઓથી જુદા રહે છે, જ્યારે તમે સાથે રહો છો. યુરોપીઅનો જ્યાં કુટુંબમાં હોય છે ત્યાં તેઓ પાંચ ટકા બારમાં પીવા જાય છે. લંડનના સાધારણુ યુરોપીઅનોનો દાખલો લ્યો. જેઓ માત્ર બીઅર પીએ છે કે જેમાં આલ્કોહોલનું પ્રમાણુ ઓછું છે. જો આખા વર્ષમાં રોજની બીયરની એક બાટલી પીવામાં આવે તો એક વીસ્કીની બાટલીનું પ્રમાણુ થાય. સાધારણુ રીતે દિવસમાં એક વખત ખાણુા સાથે એક ગલાસ બીઅર પીએ છે જ્યારે બીજા સમયે તેઓ ચાનો વપરાશ કરે છે. ફ્રાંસ અને ઇટલીમાં લાઇટ વાઇન પીએ છે. તેમાં આલ્કોહોલનું પ્રમાણુ બહુજ ઓછું હોય છે અને પીધેલી હાલતમાં મુકાવા માટે તે વાઇન ગેલનનાં ગેલન પીવો જોઇએ. આવા લાઇટ વાઇનમાં પણુ તેઓ ઘણું પાણી ઉમેરીને પીએ છે. આ વાઈન તમોને આ દેશમાં મળતું નથી. અંહીના વાઇનમાં વધુ પ્રમાણુમાં આલ્કોહોલ હોય છે અને પડી રહેવાથી તેનું પ્રમાણુ વધતું જાય છે.

આપણી બાનુઓ અને બાળકોની તંદુરસ્તી છેલ્લા ત્રણુ વર્ષમાં સુધરી તે જોઇ અમે બહુ ખુશી થયા છીએ. તેમના ચ્હેરા અને સુરત ઉપરથી જોઇ શકાય છે કે અમે ખાધાખોરાકી સંબંધી જે ફરમાનો કર્યાં છે તેનું પાલન કરવામાં આવ્યું છે. અંહી બેઠેલી બે

ન્હાની છોકરીઓને જોઇ અમને આનંદ થાય છે કે તેઓ યુરોપીયન કોમની સરખામણીમાં વધુ તંદુરસ્ત છે. આ વખાણુથી ફુલાઇ જવાનું નથી. તમારે એમ વિચાર કરવાનો નથી કે તમે છેલ્લી ટોચ ઉપર પહોંચી ગયા છો. હજી તો તમારે દિન પ્રતીદિન આ દિશામાં વધારે પ્રગતિ કરવાની છે.

ફરીથી એક વખત યુવાનો જેઓ દારૂની બદીમાં ઊંડા ઉતર્યા નથી, તેઓને ભલામણ કરીએ છીએ કે, આ કીચ્ચડમાં પડે નહીં અને તેમાં ફસાય નહી. થોડી ઘણી તે તરફ મનોવૃતી થતી હોય તો મજબુત મન કરી તેમાંથી નીકળી જવું જોઈએ. જેઓ મનોબળ ધરાવતા નથી તેઓએ એક વખત નકી સમજી લેવું જોઈએ કે તેઓ ઉપર દુઃખ આવવાનું છે અને જીંદગી ટુંકી થવાની છે. ધીરજ અને સહનશીલતાથી મુશ્કેલીનો સામનો કરવો જોઇએ.

નાઇરોબી ખાતે ફરમાન કરેલા છે કે નર્સીંગની લાઇન બહુ સારી અને મનુષ્યનાં ભલા માટે છે, માટે બાનુઓએ સ્વાર્થ સાથે પરમાર્થનું આ કામ શીખવું જોઈએ અને તેનો લાભ ઉઠાવવો જોઇએ. નર્સીંગ હોમમાં આની ટ્રેનીંગ લેવાનો પ્રબંધ કરવામાં આવેલો છે. કોમે આનો લાભ અવશ્ય ઉઠાવવો જોઇએ. મીડવાઇફ–દાઈનાં ધંધામાં આપણી બાનુઓએ વધારે રસ લઈ પ્રગતિ કરવી જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૬ મું.

મુંબઇ તા. ૪-૧-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"રાત અને દિવસ અમે તમારા ખ્યાલમાં છીએ. તમો રૂહાની બચ્ચાંઓને બહુજ યાદ કરીએ છીએ. રૂહાની બચ્ચાંઓથી બહુજ ખુશી છીએ. સર્વે જમાતને અમે રોજ યાદ કરીએ છીએ. બહુજ દુઆ આશિષો ફરમાવીએ છીએ.

દુનિયા બ્હાને અમારી બિમારીના સબબને લીધે લાંબે વખતે
અમે આવ્યા છીએ. ઇન્શાઅલ્લાહ હવે પછી બીજે વખતે આટલું
1 મોડું નહિ થાય. ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ.”

મર્હુમ પ્રે. ગુલામઅલી જી. મરચન્ટના સબંધમાં ફરમાવ્યું :

“કાઉન્સીલના મર્હુમ પ્રેસીડેન્ટ ગુલામઅલી જી. મરચન્ટે અમારી ઘણીજ ખિદમત કરી છે. આખી જીંદગી સુધી ખિદમત કરી છે તે માટે તેના રૂહને ઘણી ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન.”

## ફરમાન ૫૬૭ મું.

મુંબઇ તા. ૫-૧-૧૯૫૦

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સિધ્ધપુર મોમિન જમાતને શાદીમાં ખર્ચ નહિ કરવા ફરમાવી ફરમાવ્યું:

“દાગીના બનાવવામાં કંઇ હરકત નથી તે તો માલ છે બાકી ધામધુમ, વાજા, રોશની, વિગેરેમાં પૈસા બાળી નાંખવા નહિ. એ પૈસા વ્યર્થ જાય છે. દાગીના બનાવવા સારા, પણ પૈસા બાળી નાંખવા એ સારૂં નથી.”

## ફરમાન ૫૬૮ મું.

મુંબઇ તા. ૭-૧-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે મોમિન જમાતને ફરમાવ્યું:

“તમે અમારી હજુરમાં આવ્યા, અમારા દુઆ આશિષ મેળવ્યા, દિદાર કર્યા, ઘણા સારા કામ કર્યા. હવે તમે અંદરોઅંદર જુદાઇ નહિ રાખજો. મરેડીયા અને મોકણોંજીઆ બન્ને ભાઇઓ તરીકે વર્તજો. તમે અંહીથી પાછા તમારે ગામ જાઓ, ત્યારે મેથાણ અને

બીજા ગામોમાં તડા છે તે નહિ રહેવા જોઈએ. અમે બધાને એક જોવા માંગીએ છીએ. તમે બધા આપસમાં એક બીજા મળી જાઓ. જ્યારે તમે અમને માબાપ તરીકે સ્વિકારો છો તો પછી તમે અંદરોઅંદર એક બીજામાં જુદાઈ કેમ રાખી શકો? અમને બન્ને બચ્ચંઓ સરખાં છે. તમારામાં જો બે પાર્ટીઓ હોય તો પછી અમારા બચ્ચાં કેવી રીતે થઇ શકો? જ્યારે તમે અમારા બચ્ચાં છો તો પછી તમારે જુદાઇ બિલકુલ નહિ રાખવી જોઇએ. એક થવું જોઈએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૬૯ મું.

મુંબઇ તા. ૮-૧-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક જેતપુર (કાઠીયાવાડ) વાળા ભાઇની અર્જ ઉપરથી ફરમાવ્યું :

"અગર નુકશાની થાય છે તો જલ્દી જલ્દી બહાર નીકળી જાઓ, કોઇ પણ ઠેકાણે જાઓ. નુકશાની થતી હોય તો રહેવું સારૂં નથી. એ ગામ છોડી દેવું સારૂં છે. અમે આ અગાઉ પણ ઘણી વખત ફરમાન કર્યા છે, કે કાઠીયાવાડ છોડી બીજા મુલ્કમાં જાઓ પણ તમે સાંભળ્યું નહિ."

## ફરમાન ૫૭૦ મું.

મુંબઈ તા. ૧૨-૧-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"જે બાઈઓને દિવસના ફુરસદનો ટાઇમ મળતો હોય તો તેઓએ હેલ્થ સેન્ટરમાં જઇને મદદ કરવી યા વીઝીટર તરીકે સાથ આપે એ ઘણું સારૂં કામ છે.

અમારા ફરમાન અનુસાર નાઈરોબી અને દારેસલામમાં દાઇઓ અને નર્સો ઘણું સારૂં કામ કરે છે જેથી દુનિયાની હાલતમાં ઘણો

સુધારો થયો છે. તેમ અંહીયા તમો બાઇએ શા માટે કામ કરતા નથી? મદદ કરવાથી કોમનું ભલું થાય છે તેમ પોતાનું પણ ભલું થાય છે.

દુઆ અને બંદગી વખતે બાઇઓએ બહુજ શાંતિ રાખવી જોઇએ. બંદગી વખતે શાંતિ જાળવવાથી ધ્યાન મજબુત રહે અને સવાબ મળે. લેડીઝ કમીટીએ આ બાબત ઉપર ધ્યાન રાખવાની જરૂર છે.

જમાત અને અમલદારોમાં સંપુર્ણ સહકાર હોવો જોઇએ. કાઉન્સીલના તાબામાં રહેવું જોઇએ અને દરેક ખાતાના અમલદારોએ કાઉન્સીલ અને કાયદાનું માન જાળવવું જોઈએ.

ઈદ નમાઝ નવ વાગામાં પડાવવી જોઇએ, નાહુ કે અગિયાર વાગાના ટાઇમ પર પડાવવી.

દહેજની રકમ કાઉન્સીલે નકકી કરવી જોઇએ. દહેજમાં ઓછી રકમ રાખવાથી છોકરીઓને સારી જગ્યાએ આપી શકાય.

દહેજની જેટલી રકમ અને દાગીના જે થાય તેના ઉપર છોકરીનો હક છે.

મહોર પણુ વધારે હોવી જોઇએ, જેથી ફારગતી વખતે છોકરીને નુકશાન ન થાય. મહોર વધારે રાખવાથી જો ફારગતી કરવામાં આવે તો છોકરી પોતાનું ગુજરાન ચલાવી શકે. બનતાં સુધી ફારગતી કરવી નહી, પણ લાચારીથી ફારગતી કરવી.

ગવર્નમેન્ટનો પણુ છુટાછેડા આપવાનો કાયદો છે, માટે છોકરીઓના ફાયદા માટે મહોર વધારે રાખવી જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૧ મું.

મુંબઇ (કાન્ડી મહોલ્લા) તા. ૧૪-૧-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"ઈત્માદી નજરઅલીભાઇ હાસમ તથા ઈત્માદી રહેમતુલા વીરજીએ અમારા ઘરની ઘણી ઘણી ખિદમત કરી છે, તે માટે તેઓની રૂહાનીને દુઆ આશિષ ફરમાવીએ છીએ. તેમના કુટુંબને પણ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

મહુમ ઈત્માદી નજરઅલી હાશમે કાન્ડી મહોલ્લા જમાતની ઘણી ખિદમત કરી છે અને ઇત્માદી રહેમતુલા વીરજી ઇસમાઈલીયા એસોસીએશન શરૂ થઇ ત્યારથી ખિદમત કરતા હતા. ડાયમન્ડ જયુબીલી વખતે પણ ઘણી ઘણી તકલીફ લીધી હતી. ખાસ કરીને ઈત્માદી રહેમતુલા વીરજીએ દરેક બાબતમાં ઘણી તકલીફ લીધી હતી. ડાયમન્ડ જયુબીલીના કામની શરૂઆત પણ એણે કરી હતી અને છેવટ સુધી એણે કામ કર્યું હતું. ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૨ મું.

પુના (નારંગીબાગ) તા. ૧૫-૧-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું :

"નવા જમાતખાનાની અને તેની અતરાફમાં સ્વચ્છતાવાળી કોલોની બાંધવાની તમારી સ્કીમ જોઈને અમે ઘણાજ ખુશી થયા છીએ. અમારા રૂહાની બચ્ચાંઓ અહીં બાળબચ્ચાંઓ સાથે વસીને તંદુરસ્ત માલેતુજાર અને શાણા બનશે.

અમારે એ કહેવાની જરૂર જણાય છે કે અમારા અંહી વસ્તા રૂહાની બચ્ચાંઓ દખ્ખણને પોતાનું વતન ગણશે અને તેની તરફ વફાદાર રહેશે. જેમ અમે આફ્રિકાવાસીઓને તેમજ બર્માવાસીઓને જણાવ્યું હતું કે, તેઓએ પોતાને હિંદુસ્તાની અગર પાકિસ્તાની ગણાવવાની ખાહેશ રાખવી નહિ અને તે તરફ લક્ષ નહિ રાખતાં પોતે જયાં વસે છે તેનેજ પોતાનું વતન માનીને

તેનાજ તરફ વફાદાર રહેવું જોઈએ કારણ કે બે તરફની વફાદારીથી કાંઈ ફાયદો નથી, બલ્કે નુકશાન છે. તેવીજ રીતે તમારે પણ પોતાને દખ્ખણીજ ગણીને તેના તરફ વફાદાર રહેવું જોઈએ અને બીજી કોઇપણ બાજુ તમારે લક્ષ રાખવું જોઇએ નહિ. તમે દખ્ખણમાં આવી, દખ્ખણીઓથી ફાયદો ઉઠાવેલો છે, તો હવે તેમને પણ તમારાથી ફાયદો ઉઠાવવા દો.

નારંગી બાગનું નામ ફેરવવાનું કંઈ કારણ અમને જણાતું નથી. જેમ નારંગીનો બગીચો ફળેફુલે છે અને મીઠાં ફળ આપે છે તેવીજ રીતે અંહીઆ વસતા અમારા બધા રૂહાની બચ્ચાંઓ સદા ફળેફુલે અને આબાદ રહે, માટે આ જગ્યાનું અસલ નામ છે તેજ "નારંગીબાગ" રહેવા દો. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૩ મું.

પુના તા. ૧૮-૧-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

" ખાલુ, બદકશાની, નવી જમાત, ખોજા સઘળા ઈસમાઇલીઓ છે અને એક છે. ઈમામ ચામડી અને ખુનને જોતા નથી. તમે બધા એક છો. હમણાં નવું જમાતખાનું નારંગી બાગમાં બનાવ્યું છે, ત્યાં બધા સાથે મળીને બેસો. આ જમાતખાનુ નાનું હતું એટલે જુદા બેસવા માટે ફરમાવ્યું હતું. નવું જમાતખાનું મોટું અને હવા ઉજાસવાળું છે. હવે તમે બધા ત્યાં સાથે મળીને બેસજો. અંહિ જમાતખાનું નાનું હતું એટલે જુદા બેસવા ફરમાવ્યું હતું.

અમે કરાચી જશું ત્યારે દુઆની અંદર થોડો ફેરફાર કરશું. તેમાં પરશીયન અને અરબી શબ્દો આવશે, જેથી ખાલુ અને બદકશાનીને દુઆ પડવામાં સગવડ પડશે અને સમજી શકશે. હવે એવો વખત છે કે દુઆમાં ફેરફાર કરવો જરૂરી છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૪ મું

મુંબઈ (વાડી) તા. ૨૬-૧-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"સ્કુલના જવાન છોકરાઓને જોઇને અમે બહુજ ખુશી થયા છીએ. ઘણી ઘણી દુઆઆશિષ ફરમાવીએ છીએ.

અમે ઇચ્છીએ છીએ કે, દરેક સ્ટુડન્ટ મહેનત કરે અને પહેલો નંબર આવે. દરેક જણ તો પહેલો નજ આવી શકે પણ જે ખરા દિલથી મહેનત કરે છે, તે નૈતિક રીતે પહેલોજ નંબર છે.

આજે અમે એક બે સલાહના બોલ કહેવા માંગીએ છીએ. અમે તમારા રૂહાની પિતા છીએ એટલે સલાહ આપીએ છીએ. તમને કદાચ અમારી આ સલાહ પસંદ નહિ આવે, પણ જો તે ઉપર અમલ કરશો તો બહુજ ફાયદો થશે.

આજકાલ જો ઉંચી કેળવણી લેવી હોય તો સસ્તામાં મળી શકે નહિ. આજ ચાળીશ વર્ષથી અમે ગ્રાંટ આપીએ છીએ અને હમણાં ડાયમન્ડ જ્યુબીલી ટ્રસ્ટ તરફથી પણ તમને ગ્રાંટ મળે છે. આ સ્કુલ તમારી છે, તેની કેળવણી જો તમને પસંદ ન આવે તો, તમે તેમાં ફેરફાર કરી શકો છો, સ્કુલ બદલાવી શકો છો, છોડી શકો છો.

હાલના સંજોગોમાં પચાસ ટકા ઓછે ખર્ચે કેળવણી મળી શકે નહિ, પણ તમને ૧૫-૨૦ ટકા ફાયદે કેળવણી મળી શકે છે.

હાલના સંજોગોમાં જો તમને ૨૫-૩૦ ટકા ઓછે ખર્ચે પણ કેળવણી મળે છે તો તમારે પોતાને બહુજ ખુશનસીબ સમજવા જોઇએ અને ખુદા અને ઇમામના શુક્ર ગુજારવા જોઈએ.

ગર્વમેન્ટમાં તમારી સ્કુલનો રીપોર્ટ સારો છે, એટલે તમારે તેમના પાસેથી ગ્રાંટ મેળવવી જોઈએ. જો તમારી સ્કુલનો રીપોર્ટ સારો ન હોય તો ગવરમેન્ટ એક પૈસો પણ આપે નહિ. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૫ મું.

મુંબઇ (હસનઆબાદ) તા. ૨૬-૧-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે, ફરમાવ્યું:

"ભવિષ્યના માટે ઈત્માદીની ઘરવાળીને ઈત્માદીબાનું, રાઇની ઘરવાળીને રાઈબાનુ અને આલીજાંહની ઘરવાળીને આલીજાંહબાનું, હુઝુરમુખીની ઘરવાળીને હુઝુરમુખીયાણીબાનું, એ પ્રમાણેના નામથી બોલાવવું.

તમે બધાને અમારા રૂહાની બચ્ચાંઓ તરીકે ગણીએ છીએ. અમે અમારી રૂહાની દીકરીઓને કોઇ દિવસ પણ ભુલતા નથી તેમજ તમે પણ તમારા રૂહાની પિતાને ભુલી જતા નહિ.

અમે અમારા રૂહાની બચ્ચાંઓને કદી પણ ભુલતા નથી, તેમ તમે પણ તમારા રૂહાની પિતાને ભુલી નહિ જજો, ને હમેશાં યાદ રાખજો.

જેવી રીતે જાહેરમાં તમે અમારા દીદાર કરો છો તેવી રીતે રૂહાની દીદાર પણ કરતા રહેજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૬ મું.

મુંબઇ તા. ૨૭-૧-૧૯૫૦

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"જાહેરમાં અમે તમારી વચ્ચે હાજર નહિ હતા પણ બાતુનમાં તમો સર્વેને અમે હમેશાં યાદ કરતા હતા. અમે તમારી વચ્ચે રૂહાની તરીકે હાજર હતા.

તમે બીજી કોમ કરતાં ચાલીશથી પચાસ વર્ષ આગળ આવ્યા છો.

મર્દ કરતાં બાઇઓની વધુ ફરજ છે કે મઝહબને સંભાળે અને પોતાના બચ્ચાંઓને મઝહબનું શિક્ષણ આપે અને મઝહબ ઉપર મજબુત રહે.

તમે ઇમામ અને તેની આલને ઓળખ્યા તેથી તમે બુરખામાંથી બહાર આવ્યા છો. અમારા ફરમાન થકી તમે બુરખામાંથી બહાર આવ્યા છો. હવે કુદરતી કોઈ એવા સંજોગ આવી પડે તો તમે પોતે ધંધો રોજગાર કરી શકો છો, પણ જો તમે બુરખામાં હોત તો કેવી રીતે ધંધો રોજગાર કરી શકતે?

ઇમામની ફરમાનબરદારી અને વફાદારીથી તમારી કિર્તી સારી થઇ છે.

આખી જમાત અમારાં ફરમાન સાંભળી શકી નથી, તેથી જેઓએ આ ફરમાન સાંભળ્યા છે તેઓ બીજાઓને સંભળાવે.

છોકરા અને છોકરીઓ અમારૂં ફરમાન પાળે.

આ ફરમાન પંજેભાઇઓ, ગર્લ્સ ગાઇડ, સ્કાઉટ વોલન્ટીયર, જેઓએ સાંભળ્યા છે તેઓ બીજાને સંભળાવે.

આ ફરમાન દરેકને સંભળાવવાની તમારી ફર્જ છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૭ મું.

આગ્રા તા. ૨૭-૧-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"આજકાલ દુન્યવિ ખર્ચ ઘણો સમજી શોચીને કરવો જોઇએ. ખોરાક સસ્તો અને કુવ્વતવાળો ખાઓ. એની વિગત મુંબઇના હેલ્થ સેન્ટર પાસેથી મંગાવજો. ત્યાં અમે સારામાં સારા ડોકટરો રાખ્યા છે, તેથી તમને દુન્યવિ ખર્ચમાં ઘણો ફાયદો થશે. તમે ખાવાની બાબતમાં બેદરકારી રાખો છો. જ્યારે અમે આ તંદુરસ્તી માટેનો

દરવાજો યાને હેલ્થ સેન્ટર ખોલેલ છે તો તેની અંદર આવો, જેથી ખર્ચમાં ઘણો ફાયદો થશે.

કપડા સાદા પહેરવામાં પૈસાવાળાઓ પહેલ કરી સાદો પોષાક પહેરી દાખલો બેસાડે, કે જેથી બીજા પણ તેનું અનુકરણ કરે.

જે માણસોએ અમારી સલાહ માંગી છે તેમાંના વધારે માણસોએ રૂપિયા ૪૦૦ની કમાણી બતાવી છે, ને રૂપિયા એક હજારનો ખર્ચ બતાવેલ છે, તો તે આ દુનિયામાં કેવી રીતે નભી શકે? બીજી કોમ ચારસોની આવક હોય તો પાંચસોનો ખર્ચ કદી પણ નહિ કરે. તેનો તમારે દાખલો લેવો જોઇએ.

અમે દુન્યવિ બાબતમાં આફ્રિકામાં ફરમાનો કરેલા છે, તે તમો બધના માટે છે. તેમાંથી લાભ ઉઠાવજો.

જ્યારે આવક ચારસોની છે, તો ચારસોના હિસાબેજ માલેવાજબાત દેવી જોઇએ. એમ નહિ કે ખર્ચ વધારે કરી માલેવાજબાત આપવામાં ખામી લાવો. દુન્યવિ ખર્ચ તમારી આવક કરતાં કદી પણ વધારે ન હોવો જોઇએ.

બે પાંચ વર્ષ પહેલાં જે માણસની સ્થિતી સારી હતી, પણ તેનો હાલનો વખત જુદો છે.

ગોસ કરતાં પનિરમાં વધારે તાકાત છે. તેનો વધારે વપરાશ કરવો જોઇએ. ગોસ ખાવાનું ઓછું કરી પનિર વધારે ખાઓ, તેનાથી તમને તાકાત મળશે ને ફાયદો થશે.

બાઈ માણસોએ તરકારી પકાવતાં શીખવું જોઈએ. તમે તરકારી એવી રીતે પકાવો છો કે તેમાંથી તાકાત મરી જાય છે, માટે મુંબઈમાં હેલ્થ સેન્ટર છે ત્યાંથી પેમ્ફલેટ મંગાવજો, ને તે બાઈઓએ ખાસ વાંચવું અને શીખવું જે વેજીટેબલ અને બટાટા કેમ પકાવવા. એ બાઈઓએ શીખવાની ખાસ જરૂર છે.

અમે જે ફરમાનો ઇકોનોમીક તથા ખાવાપીવાના તથા કપડા અને હેલ્થ સેન્ટર માટે કર્યા છે તે ઉપર અમારા જે સાચા મુરીદો હશે તે બરાબર અમલ કરશે.

કેમ પકાવવું તે બાઇઓને શીખવાની જરૂરત છે. તમે મુંબઇ હેલ્થ સેન્ટરને લખો તો તેઓ પેમ્ફલેટ મોકલી આપશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૮ મું.

કરાચી તા. ૪-૨-૧૯૫૦

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"સકર, શિકારપુર, આખું બલુચિસ્તાન, કવેટા, પંજાબ વિગેરે મુલ્કોમાં આપણા ઇસમાઇલી જેવા કે કચ્છ, કાઠીયાવાડ, મુંબઇ વિગેરે મુલ્કોમાંથી આવ્યા છે તેઓ, તેમજ અંહીના લોકો, જેમ આફ્રિકામાં નાના નાના ગામોમાં જઇ ઇસમાઇલીઓ નાના પાયા પર વેપાર, રોજગાર, ધંધો જમાવ્યો છે, તેમ તમે પણ ઉપર જણાવેલા ગામોમાં જઇ નાના પાયા પર વેપાર જમાવી તરક્કી કરો.

આફ્રિકામાં માડાગાસ્કાર વિગેરેમાં એવી એવી જગ્યાઓ છે જેમાં ફક્ત એક બે અને ચાર ઇસમાઇલી છે જે વેપાર કરે છે. આવા નાનાં ગામોમાં જ્યાં ઇસમાઇલીઓએ વસવાટ કર્યો છે, ત્યાં તેઓ સિવાય બીજા મુસલમાન કે હિંદુની દુકાન નથી, પણ તેઓએ ખાસ આફ્રિકનોના વચમાં રહી ધંધા ખોલ્યા છે, તેમ તમે પણ નાના નાના ગામોમાં જઇ ધંધા વેપારમાં વધારો કરવો જોઇએ. આવી રીતે કરવાનો ચાન્સ હજુ બે ત્રણ વર્ષ સુધી છે.

આવતી સાલ અમે આવશું ત્યારે વધારેમાં વધારે મુહાજરીનો ઉપર જણાવેલ ગામોમાં જઇ વેપારનો લાભ લેતા હોવા જોઇએ.

આફ્રિકામાં જેમ ઇસમાઇલીઓએ કર્યું છે તેમ તમે પણ કરશો તો તમારા માટે ઘણું સારૂં છે અને તેથી તમને ઘણો ફાયદો થશે.

કરાચી તેમજ બીજા શહેરોમાં ખાસ કરીને મકાન તેમજ જગ્યાની ઘણી તંગી છે, પણ બહારના ગામોમાં એ બધી ચીજોની સગવડ છે યાને મળી શકે છે.

આફ્રિકામાં એક બે વાતો ઘણી સારી છે તે એ છે કે આપણી કાઉન્સીલો અને બીજી સંસ્થાઓ એક મુલ્કમાંથી બીજા મુલ્કમાં વેપારની જગ્યા, તે સિવાય રહેણીકરણી, હવા પાણી જીંદગી અને વેપારની બાબતમાં એક બીજાને આસપાસની ખાસ ખબર અને અનુભવના સમાચારો મોકલે છે.

તે મુજબ સિંધ, બલુચીસ્તાન વિગેરેમાં વખતો વખત વેપારની સલાહ, રહેણીકરણી, જીવન, કેટલી મુડીની જરૂરત તેમજ હવાપાણી વિગેરેની ખબરો મોકલતા રહો. ખાનાવાદાન."

## ફરમાન ૫૭૯ મું.

કરાચી તા. ૫-૨-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારી ઇચ્છા છે અને તમારા ઉપર ફરજ નાખીએ છીએ કે તમે સિંધમાં ફેલાઇ જઇ નાના નાના ગામોમાં જઇ દુકાનદારી વિગેરે કરો.

તમને યાદ હશે કે, આફ્રિકામાં આપણા ઇસ્માઇલીઓ આગળ વધ્યા તેનું કારણ એ છે કે તેઓ નાના નાના ગામોમાં જઇ વેપારમાં વધારો કર્યો, તેવા નાના ગામોમાં બે ઇસમાઇલીઓ વસે છે અને બાકીના આફ્રિકનો વસે છે,

અમારો હુકમ છે કે આ ફરજ ફકત નવા આવેલા માટે નથી પણ કરાચીમાં જેઓ નાની મુડીવાળા છે તેઓ સઘળા સખર, શિકારપુર, નવાબશાહ, જેકબઆબાદ તરફ વસવાટ કરે."

તે બાદ હાઝર ઇમામે બલુચિસ્તાનની યાદી આપતા ફરમાવ્યું:

"બલુચિસ્તાન, કોઇટા, જીયારત તેમજ નાના ગામોમાં જઇ પોતાની માલી હાલત સુધારો. હમણાં તમને ચાન્સ મળેલ છે; જો તમે તેનો લાભ નહિ ઉઠાવશો તો આવો સારો લાભ હવે પછી મળવો મુશ્કેલ છે.

તમો સઘળાઓએ અમારા ફરમાનો સાંભળ્યા છે, તેના ઉપર અમલ કરશો તો ઘણો ફાયદો થશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૦ મું.

કરાચી તા. ૭-૨-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક બુઝુર્ગ માણસની મહેમાની વખતે ઉઠીને તેની પાસે પધાર્યા, ત્યારે તે બુઝુર્ગ માણસે અરજ કરી કે ખુદાવંદ હું બુઢો થયો છું ત્યારે ફરમાવ્યું:

"ઉમર કેટલી છે?"

તેણે અરજ કરી ૭૫ વર્ષની છે. જે ઉપરથી હાઝર ઇમામે હસીને ફરમાવ્યું:

"૭૫ વર્ષની ઉમર કંઇ વધારે નથી. ૭૫ વર્ષની ઉમરના માણસને બુઢો નહિ કહેવાય. ૮૫થી ૧૦૦ વર્ષની ઉમરવાળાને બુઢો કહી શકાય."

એક દીનદારે હુઝુરમાં અરજ કરી કે, "મૌલા મને માફ કરો" ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમારી હુઝુરમાં આવ્યા તેથી બધું માફ છે, પાક અને પવિત્ર થયા. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૧ મું.

કરાચી તા. ૯-૨-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે એક ભાઇએ બાતુની દીદાર મળે એ બાબતની અરજ કરતાં ફરમાવ્યું:

"જુઓ, જે મોમન દુઆ માલેવાજબાત બરાબર અદા કરે છે તો તેને અલબત દીદાર થાય છે."

અસલ મકાન મેળવવા માટે અરજ થતાં હાઝર ઇમામે ફરમાવ્યું:

"દુઆ અને માલેવાજબાત જેની બરાબર છે તે અસલ મકાને જઈ શકે છે."

વારસ ડો. પીરમોહમદ હુદભાઇને ફરમાવ્યું:

"બકાલુ, ભાજી ખાવા માટે આપણી કોમમાં પ્રચાર કરો, ભાજી ખાવી ઘણી જરૂરી છે, ભાજી ખાવાથી ઘણો ફાયદો થાય છે.

એવો પ્રચાર કરવો જોઇએ કે ગોસ ખાવાથી તંદુરસ્તીને નુકશાન થાય છે.

અમે આફ્રિકામાં ઘણા ફરમાનો કર્યા છે તેનો અત્રે પણ પ્રચાર કરવો જરૂરી છે."

બાદ ફરમાવ્યું:

"અંહી લોકો સીગારેટ ઘણી પીએ છે, તેનાથી નુકશાન થાય છે. રૂહાની તાકાતને પણ ઘણું નુકશાન થાય છે.

રૂપિયાની નોટ બાળી નાખવી એ બહેતર છે પણ સિગારેટો પી પોતાના બદન તેમજ રૂહને બાળી નાખવું એ ઘણુ ખોફનાક છે; તેમજ તમારે દારૂ પીવાની વિરૂધ પ્રચાર કરવો જોઇએ, તેઓને સમજાવવા જોઇએ, અટકાવવા જોઇએ અને દવાઓ આપવી જોઇએ.

દારૂ પીવાવાળાઓના માટે યુરોપ અને અમેરીકામાં એવા ઈંજેકશન બનાવવામાં આવ્યા છે જે ખરીદવા અને તેનાથી એવી આદતો છોડાવી શકાય છે.

અમે જાણીએ છીએ કે તેઓને એ આદત ઘણી બુરી તરેહથી લાગેલી છે. તે એક ઘેલછા છે તેમજ પાગલપણું છે. તેઓની મિસાલ એવી છે કે જેમ દમ વગર માણુસ ચાલી શકતો નથી યાને અફી-ણુના બંધાણી માફક છે.

ઉપર જણાવેલા ઇંજેકશનોનો વપરાશ કરશો તો કેટલીક હદ સુધી તેને રોકી શકશો અને આગળ જતાં તેને કબજામાં લાવી શકશો.

દારૂ (શરાબ)ની આદત એક જાતની માનસિક બિમારી છે. મનની બિમારી જીસમની બિમારી કરતાં વધારે ભયંકર છે."

## ફરમાન ૫૮૨ મું.

કરાચી તા. ૧૦-૨-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમારે ગોસ ઘણું ઓછું ખાવું જોઇએ તેના બદલામાં ભાજી, મકાલું, તરકારી વિગેરે ખાઓ જેમાં તાકાત છે. ગોસ વધારે ખાવાથી શરીરને નુકશાન થાય છે. મોટી ઉમરમાં તેનાથી નાસુર જેવી બીમારી થાય છે.

આ ફરમાન ધ્યાનથી સાંભળી દિલની અંદર નકસ કરી રાખજો.

ગોસ અને મછી હફતામાં બે, ત્રણ યા વધુમાં વધુ ચાર વખત ખાઓ. તેનાથી વધારે વખત ખાવાથી નુકશાન થાય છે. બાકીના દિવસોમાં ભાજી, બકાલું, ટમાટા ગાજર, વિગેરે તાકાત આપનારા ખોરાક ખાઓ જેથી ફાયદો થાય. જે માણસ વધારે સખત મજુરી કરે છે તેઓ વધુ ગોસ ખાય તો હરકત નથી, પરંતુ બાઇઓ, મરદો, બચ્ચાંઓ જેઓ ટેબલ પર બેસી કામ કરે છે તેઓ બે ત્રણ કે તેથી વધારે ચાર વખત ખાય. ભાજી, બકાલું વધારે ખાઓ.

ખાસ કરી ૭૦થી વધારે ઉમરના માણસે હફતામાં એક વખત ખાવું સારૂં છે. ભાજી, બકાલું, દુધ, માખણ, પનીર ખાઓ. કેળા અને પપૈયા પણ ખાઓ. પેરૂ યાને જામને પકાવીને ખાવું. કેળા અને પપૈયાનો જેટલો વધારે ઉપયોગ થાય તેટલો ફાયદામંદ થાય અને તંદુરસ્તીના માટે ઘણું સારૂં છે.

શરાબ, તમાકુ અને અલકોહોલ યાને કોઈબી જાતનો દારૂ, તેનાથી અમારે દુશ્મની નથી પણ તમારા દુશ્મન છે. તેઓ ઘણું નુકશાન પહોંચાડે છે તેનો ઉપયોગ નહિ કરવો. તેનો ઉપયોગ કરવાથી તબીયત ખરાબ થાય છે. પૈસાની નહિ પણ જાનની બરબાદી થાય છે. આ તમારા ફાયદા માટે ફરમાન કરીએ છીએ. અમને કોઈ નુકશાન નથી. અમે તમને એક દાખલો આપીએ છીએ.

એક માણસે પાંચ રૂપિયાની નોટ બાળી, તેને બીજા માણસે કહ્યું કે તું કેવો નાદાન છે જે પાંચ રૂપિયાની નોટને બાળી નાખી? તેઓમાંથી એક શરાબી દોસ્તે કહ્યું કે તું કેવો બેવકુફ છે! તે માણસે જવાબ આપ્યો કે તું મારાથી વધારે બેવકુફ છે, કારણકે મેં તો મારી ફકત પાંચ રૂપિયાની નોટ બાળી છે, તેનાથી મારા બદનને કાંઈ નુકશાન થયું નથી, પરંતુ તેં આવા બુરા કામોમાં ન ફકત પૈસા બલ્કે તારી જાનને પણ નુકશાન પહોંચાડેલ છે. શરાબ અને તમાકુના વાપરનારા બીલકુલ બેવકુફ છે. તેઓ ફકત પૈસા નહિ પણ પોતાની જાન અને તંદુરસ્તીને પણ ખરાબ કરે છે. જેઓની દારૂ પીવાની આદત વધારે હોય છે તેઓની તમન્ના યાને ખ્વાહેશને લીધે તે ટેવ છોડી શકતા નથી. તેઓના માટે ત્રણ ઈલાજ છે.

૧–તેને ઘટાડવી જોઇએ. થોડે થોડે ઘટાડવાની કોશિશ કરે. કમનસીબીથી બધા (પીવાવાળા) ઘટાડો કરવા માટે હિંમત નથી રાખી શકતા તો તેઓના માટે નીચેના બે ઈલાજ છે.

૨–એવો માણસ દારૂના બદલે બીલકુલ થોડા પ્રમાણમાં અફીણનો ઉપયોગ કરે. થોડું અફીણ પણ નુકશાનકર્તા તો છે. અફીણ વધારે ખાવાથી મરણ નીપજે છે. તે પણ ખરાબ છે. અફીણ ઝેર છે, ખરાબ ચીજ છે. શરાબ પીવા કરતાં થોડું અફીણ ખાવું તે થોડું નુકશાનકારક છે.

૩–અલ્હમ્દોલિલ્લાહ ત્રીજો ઈલાજ એ છે જે યુરોપ અને અમેરીકામાં એક એવી દવા પેદા થઇ છે કે જેને વાપરવાથી યાને

ઉપયોગમાં લેવાથી દારૂની નજીક જવા માટે અને પીવાવાળાને નફરત યાને ધિક્કાર પેદા થાય છે.

તમે અમેરીકાથી એ દવા મંગાવવાનો બંદોબસ્ત કરો અને સખ્તમાં સખ્ત બિમાર ઉપર તેનો ઇલાજ કરજો. આ દવા બરાબર મળી શકે તેનો બંદોબસ્ત કરી સખ્ત બિમારી ઉપર ઉપયોગ કરાવો.

જેઓ પોતાના મન ઉપર કાબુ રાખી શકે છે, તેઓના માટે જરૂર નથી. તેઓ આસ્તે આસ્તે તે આદતને છોડી આપે.

જે ઇન્શાન શરાબ અને તમાકુ પીએ છે, તેઓને માટે જીંદગીની હરીફાઈ યાને મુકાબલામાં મોટામાં મોટી તકલીફ છે.

આફ્રિકામાં અમારા ઇસમાઈલીઓ યુરોપીયનો સામે મુકાબલામાં ટક્કર ઝીલી શકે છે, તેનું કારણ એ છે કે યુરોપીઅનો દારૂ વધારે પીએ છે અને અમારા માણુસો થોડા અંદાજમાં વાપરે છે.

અંહીના બીજા મુસલમાનો શરાબ પીએ છે તેઓના સામે જો તમે શરાબ નહિ પીશો તો ઉભા રહી શકશો અને આગળ વધી શકશો.

જેઓને શરાબ, તમાકુ પીવાની આદત છે, તેઓની સામે જેઓને તેની આદત નથી તેઓ વેપારમાં અને રહેણીકરણીમાં મુકાબલો કરી શકે છે.

અમે તમોને એક સંગિન દાખલો આપી છીએ કે, આફ્રિકામાં યુરોપીઅન કોમ નશાવાળી ચીજોનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરે છે, જ્યારે અમારા માણુસો થોડા પ્રમાણમાં ઉપયોગ કરતા હોવાથી આગળ વધી ફતેહમંદ થયા છે.

જે ઈન્સાન શરાબ અને તમાકુનો વપરાશ કરતો નથી, તેની સામે શરાબ અને તમાકુ વાપરનારા મુકાબલામાં ઉભા રહી શકતા નથી.

અમે નથી કહેતા કે થોડા વખતમાં, પણ આસરે પાંચ વર્ષ પછી, જે માણુસ શરાબ અને તમાકુથી દુર રહ્યા છે તેઓની સામે એ ચીજોના વાપરનાર મુકાબલામાં ઉભા નહિ રહી શકે.

આપણા ઈસમાઈલીઓએ અગર યુરોપીયન જેટલો દારૂ અને તમાકુનો વપરાશ કર્યો હોત તો એકબી ઈસમાઈલી મુશ્કેલીથી ત્યાં રહી શકયો હોત."

જીમખાના કેમ્પમાં પધરામણી કરી હાઝર રહેલાઓને ફરમાવ્યું:

"વિલાયતી અથવા દેશી શરાબ, તમાકુ, સિગરેટ, બીડી પીવાની આદત ખરાબ છે. તેનો વપરાશ કરવાથી જીસ્મ અને રૂહને નુકશાન થાય છે. મીસાલ આપતા ફરમાવ્યું કે, એક માણસે પાંચ રૂપિયાની નોટ બાળી નાખી, તે જોઇને તેના દોસ્ત બીરાદર જે બીડી, તમાકુની ટેવવાળા હતા તેઓએ તેને એમ કરવાનું કારણ પુછ્યું. તેણે જવાબમાં જણાવ્યું કે, તમે મહિનામાં પાંચ રૂપિયા કરતાં વધારે નાણાને સીગરેટો, બીડીઓ અને દારૂના વપરાશમાં ખરચો છો અને તમે નાણા, જીસ્મ અને પોતાની જાનને બાળો છો, જે મારી એક નોટ કરતાં વધારે ખરાબ છે.

તમે ધીરે ધીરે રૂપિયામાંથી બાર આના, આઠ આના, ચાર આના એમ કરતાં એ ટેવને મુકી દયો. સિગરેટ, બીડી, તમાકુથી જીંદગી ખરાબ થાય છે. જેઓ એ ચીજોનો વપરાશ કરતા નથી તેઓના સામે તેઓ ધંધા વેપારમાં તેમજ બીજી વાતોમાં ઉભા નથી રહી શકતા.

અલ્હમ્દોલિલ્લાહ અત્યાર સુધી તમારામાં એ આદત નહિ હતી, પણ વેપાર ધંધામાં બરકત થઇ અને તમે આબાદ થયા અને તમે એવી બદીમાં ફસી પડયા છો. આબાદીના ફળ એવા હોવા જોઇએ કે વેપાર તેમજ જીંદગીની બહેતરી તથા તંદુરસ્તીની બહેતરી થવી જોઇએ; નહિ કે પોતાને અને પોતાના રૂહને એવી આદતોની આગમાં બાળી નાખવા! સિગરેટ, બિડી, તમાકુ અને અલકોહલ યાને શરાબ માણસોના માટે આગ મિસાલ છે. હમણાં તમારામાં એ

આદતોની શરૂઆત થઈ છે. એ આદતો તમારા શરીરમાં વધુ જોર પકડે તે પહેલાં એવી આદતોને કાબુમાં રાખો. હવેથી હિંમત કરો. તમારા દેશમાં જેઓ છે તેઓને પણ એવી આદતો માટે નસિહત કરો. આ આદતો વધારે નુકશાન કરે તે પહેલાં એની જડ કાઢી નાખો કે જેથી કરી તે હમેશના માટે નીકળી જાય.

જો તમે તેનો મુકાબલો નહિ કરશો તો પછી એવી આદતો વધારે વધી જશે; પછી તેને કાબુમાં રાખવા માટે તમને ઘણી મહેનત પડશે અને તમને દુઃખ થશે. હવે જો કાબુમાં નહિ રાખશો તો આગળ જતાં મુશ્કેલી નઝર સામે આવશે.

જુગાર રમનારને છ મહિનામાં ખબર પડે છે કે કેટલા બરબાદ થઈ ગયા છીએ?! જો એક વર્ષ સુધી જુગાર રમશે તો તે બરબાદ થઈ જશે. દારૂ મોત મિસાલ ખોફનાક છે. દારૂ પીવાથી કલેજાની ઘણી જાતની બીમારીઓ પેદા થાય છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૩ મું.

કરાચી (બગીચા) તા. ૧૧-૨-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આ દુનિયામાં નાદાન માણસ હોય ને તે દર મહિને પાંચ રૂપિયાની નોટ બાળી નાખે તે વખતે જોનાર માણસ તેને કેવો કહેશે? કહેશે કે તે બેવકુફ છે. પણ બાળનાર કહેશે કે મેં તો આ નોટ બાળી છે, પણ બીડી, તમાકુ, દારૂ વાપરનાર મહિનામાં પાંચ અને દશ રૂપિયાની નોટ બાળે છે. તેની સાથે પોતાની જાન અને રૂહને પણ બાળે છે. જે કોઈ માણસ શરાબ, દારૂ, સિગારેટ, તમાકુ વાપરે છે તે પોતાની જાન અને રૂહને બાળે છે.

દારૂ, તમાકુ, સિગરેટ અમારા ઘરના દુશ્મન નથી, પણ દારૂ,

તમાકુ, સિગરેટનો તમે વપરાશ કરો છો જેથી તમને નુકશાન થાય છે. તમારૂં એક નાનું બચ્ચું આગમાં પડતું હોય, તો તમે તેને આગમાં પડતાં નહિ જોઇ શકો અને તમે તેને આગમાં પડતાં અટકાવશો. તેમ કરવાથી આગની સાથે તમારી દુશ્મની નથી પણ તમે તમારા બચ્ચાંના પ્યારના સબબથી તેને આગમાં પડતા અટકાવો છો. એવી રીતે તમે સઘળા અમારા રૂહાની ફરઝંદ છો. અમને ઘણા પ્યારા લાગો છો. તમને સિગરેટ અને દારૂ જેવી આગમાં પડતાં અમે જોઇ શકતા નથી.

તમારા માટે દારૂ, તમાકુ, સિગરેટ, આગ જેવી છે. હમણાથીજ તમે હિંમત કરો, દારૂ, સિગરેટ અને તમાકુને છોડી આપો.

આફ્રિકામાં આપણા ઇસમાઇલીયો, યુરોપીઅન તેમજ બીજી કોમો સામે મુકાબલામાં ટકી રહ્યા છે તેનું ખાસ કારણ એ છે કે, બીજી કોમો અને યુરોપીયનો વધારે પ્રમાણમાં દારૂ, તમાકુ અને સિગરેટનો વપરાશ કરે છે. ત્યાં યુરોપિયનો તેમજ બીજી કોમો આપણી કોમ કરતાં વધારે ઇલ્મ ધરાવે છે, હોશિયાર છે, પણ તેઓ પોતાના માણસો પાસે એ ચીજોનો વધારે વપરાશ કરાવે છે, જેથી કરી આપણા લોકો તેઓની સામે ટક્કર ઝીલી શકયા છે. જો કદાચ એમ નહિ હોત તો તેઓ દશ દિવસ પણ ન રહી શકતે.

આ મુલ્કમા તમે સિગરેટ, દારૂ, તમાકુ પીશો તો પાકીસ્તાનમાં બીજી કોમો જે સિગરેટ, દારૂ અને તમાકુનો બીલકુલ વપરાશ કરતી નથી તેઓના મુકાબલામાં કેમ ટકી શકશો? જે કોમ દારૂ અને તમાકુનો વપરાશ બીલકુલ નથી કરતી તે કોમ બીજી કોમ કે જે કોમ એ ચીજોનો વપરાશ કરે છે, તેઓથી દરેક રીતે આગળ વધેલી હોય છે.

જે કોમ સિગરેટ, દારૂનો ઉપયોગ નથી કરતી તેને એક વર્ષ નહિ પણ આશરે દશ વર્ષની અંદર ખબર પડશે કે એ ચીજોનો ઉપયોગ હમેશના માટે બંધ કરવો જોઇએ.

જે માણુસોમાં આ બદી લાંબા વખતથી ઘર કરી ગઇ છે, તેઓ એકદમ છોડી નહિ શકતા હોય તો તેઓ ઉપર અમે ફર્ઝ નાખીએ છીએ કે તે પોતાની આ ટેવને બીલકુલ ઘટાડી નાખે, એવી રીતે આસ્તે આસ્તે છોડી દે. (અલકોહલ) નશો, તમાકુ ઝેર છે, જેટલું ઓછું વાપરશો તેટલું ઓછું ઝેર ખાશો.

જે માણુસોની આ જુની ટેવ છે તેઓની કમનસીબી છે. એવા માણુસો માટે અમે વઝીર ડોકટર હુદભાઇ અને રાઈ ડોકટર અલીદીનાને ફરમાવ્યું છે કે સ્વીડન અને યુરોપમાંથી દવાઓ મંગાવી તેવા માણુસો ઉપર અજમાએશ કરે. તે દવાનો ઉપયોગ કરવાથી નશાવાળી ચીજો તરફ તેઓને એવી નફરત પેદા થશે કે તેની નજીક જવાથી તે ચીજો તેને કંટાળા ભરેલી લાગશે એટલુંજ નહિ પણ તે દવાની અસરથી બેજાર બની જશે.

અગર એ બદીને છોડવા માટે તેઓમાં મનશકિત નહિ હશે તો તે દવાની અસર તેઓને ફાયદો કરશે.

તમારા લોકો ગોસ વધારે ખાય છે. ગોસ વધારે ખાવાથી શરી-રને ઘણું નુકશાન છે, તે માટે હફતામાં ફકત બે અથવા ત્રણ વખત ખાવું જોઈએ. વધારેમાં વધારે ચાર વખત ખાવું. બાકીના દિવસોમાં તરકારી, ભાજી, દુધ, મલાઇ, છાશ, પનીર, માખણ ખાવું જોઈએ. ગોસ વધારે ખાવાથી કંઈ પણ ફાયદો નથી, બલ્કે નુકશાન છે. ખાસ કરીને ૭૦ વર્ષના બુઢા માણુસો માટે ઘણું નુકશાનકર્તા છે, જેથી તેઓ ફકત હફતામાં એક વખત ખાય. બીજા વખતમાં દુધ, મલાઈ, પનીર, છાશ, માખણ, તરકારી વિગેરે ખાય. જુવાન માણસ માટે ચાર વખત ગોસ, મચ્છી ખાવી પુરતી છે. બાકીના વખતમાં પનીર, દુધ, રોટલી, મલાઈ, છાશ, દંહી, તરકારી વિગેરે ખાય.

તમારામાંથી કોઇ શરીરથી મહેનત મજુરીના કામ જેવા કે ગુણો ઉપા-ડવી, પથ્થરો તોડવા, પથ્થરા ઉપાડવા, વગેરે કામ ગોદીમાં કરતા

હોય તો તેવા માણુસ રોજ ગોસ ખાય તો હરકત નથી, પણ વધારે વખત ખાવું નુકશાનકર્તા છે, પણ તમારામાં કેટલાક માણુસો ટેબલ ખુરસી પર બેસી વેપાર અથવા બીજા કામ કરતા હોય તેઓ જો વધારે ગોસ ખાશે તો બીમાર પડશે.

ડાયાબિટીશ યાને મીઠા પેશાબવાળા માણુસે ડોકટરની સલાહ મુજબ ગોસ ખાવું જોઇએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૪ મું.

કરાચી તા. ૧૨-૨-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"હવે પાકીસ્તાન થયું છે. જેથી તમારા ઉપર ડબલ ફરજ છે કે તમે કેળવણીમાં પાછળ ન રહો. જો કદાચ તમારી સ્કુલમાં પુરતો બંદોબસ્ત ન હોય તો બીજી સ્કુલોમાં મોકલો. અમે નથી ચાહતા કે ઇસમાઇલીઓ કેળવણીમાં પાછળ રહે. તેઓ બીજાથી આગળ વધે.

અલહમ્દોલિલ્લાહ ઈસમાઈલી બાઇઓ બીજી કોમની બાઈઓ કરતાં સો વર્ષ આગળ વધેલ છે, એવી રીતે ભાઈ માણુસો પણ આગળ વધે.

બાઇઓને જરૂરનું છે કે તેઓ મઝહબને સંભાળે. તેઓ આઝાદ છે. બીજી કોમો કરતાં સો વર્ષ આગળ છે. તેઓની ઉન્નતિ થાય એવી રીતે કોશિશ કરો. આ કારણથી બાઈઓપર ડબલ ફરજ છે કે મઝહબને સંભાળે. જેઓ મહેનત કરે છે તેઓના માટે આખરત ઘણું સારૂં છે.

એ જરૂરનું છે કે જુવાન બાઈઓ ટીચર યાને શિક્ષીકાના ધંધામાં સામેલ થાય. તેઓ શિક્ષીકા બને. શિક્ષીકાઓની ઘણી અછત હોવાથી તેઓ તેનો ફાયદો ઉઠાવે.

બહારગામથી જે જમાતો અંહી આવેલ છે તેઓ છોકરા, છોકરીની સગાઇ અને લગ્ન સાથે સાથે કરશે તો ઘણો થોડો ખર્ચ આવશે અને અમે ઘણા ખુશી થઇશું. જે માણસો જુદી જુદી જગ્યાએથી અંહી આવ્યા છે તેઓ પોતામાં મળી શાદીના કામ ઉકલાવશે તો અમે ઘણા ખુશી થઇશું અને તેઓને પણ ફાયદો થશે.

ખાનાવાદાન."

## ફરમાન ૫૮૫ મું.

કરાચી તા. ૧૪-૨-૧૯૫૦.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ગિલગિટથી આવેલ એક બાઇ જે તખ્તની નજીક પોતાના ૧૨ બચ્ચાં સાથે બેઠી હતી, તેનો નાનો બાબુ ઘણો તંદુરસ્ત અને ખુબસુરત હતો તેને પોતાની હુઝુરમાં લાવવા હુકમ કર્યો. તેની બાજુમાં મુંબઇવાળા ઇત્માદી હુસેનઅલીની દીકરી પોતાની બેબી સાથે બેઠેલ હતી, તે પણ માશાઅલ્લાહ તંદુરસ્ત હતી. તે બાબુ અને બેબીને હાઝર ઇમામના ફરમાન અનુસાર માઇક્રોફોન પાસે લાવવામાં આવ્યા. તેઓને જમાત જોઇ શકે એટલા ઉંચા રાખી જમાતને દેખાડવામાં આવ્યા. તે ઉપરથી ફરમાવ્યુ:

"આવા મોટા તાજા અને ખુબસુરત બચ્ચાં હોવા જોઇએ. મિશનરીઓને લાજમ છે કે તેઓ જમાતખાનામાં હેલ્થ યાને તંદુરસ્તી ઉપર પોતાની વાએઝ કરે."

કો-ઓપરેટીવ સોસાયટીવાળાઓને ફરમાવ્યું :

"તમારી સોસાયટી રજીસ્ટર થએલ છે? આવી સોસાયટીઓ જમાતોનો આત્મા છે. આવી કો-ઓપરેશન અને કો-ઓપરેટીવે આફ્રિકામાં ઇસમાઇલીઓની જીંદગી બચાવી છે."

ત્યારબાદ મલેરીયા તાવ રોકવા માટે હાઝર ઇમામે ફરમાવ્યું:

"આફ્રિકામાં આવી નાની બિમારીના ઇલાજ માટે સારો બંદોબસ્ત છે. ત્યાં ઇંજેકશન પણ આપવામાં આવે છે, તેથી મલેરીયાનો અટકાવ થાય છે. તમે પણ એવો બંદોબસ્ત કરો. કાઉન્સીલની પણ

ફરજ છે કે આવી વાતો ઉપર ધ્યાન આપે અને ઝેરી બિમારીઓને રોકવા માટે બંદોબસ્ત કરે.

વાયજમાં પણ મિશનરી એવી બિમારીઓમાંથી બચવા જરૂરી સંભાળ અને તેના ઇલાજ માટે ખુલાસો કરે અને સલાહ આપે. એવી વાતો માટે મિશનરી પોતે શીખે અને બીજાને શીખાડે.

આવી ઝેરી બિમારીઓને રોકવા માટે ગવરમેન્ટ સાથે મળી બંદોબસ્ત કરવો તેમજ તેને સાથ આપવો.

જુઓ હમણાં તમને બે બચ્ચાંઓ દેખાડવામાં આવ્યા તે કેવા ખુબસુરત અને માશાઅલ્લાહ તંદુરસ્ત છે?! અમારી મરજી છે કે તમારા બધાના બચ્ચાં પણ એવા હોવા જોઈએ.

જુઓ હેલ્થ સેન્ટર ચલાવવા માટે કેટલો બધો ખર્ચ કરીએ છીએ. મિશનરીઓની ફરજ છે કે હેલ્થ સેન્ટરનો લાભ લેવા માટે પ્રચાર કરે જેથી કરી જમાત તેનો ફાયદો ઉઠાવે અને ખર્ચ નકામો નહિ જાય. જે જમાત એનો ફાયદો ઉઠાવશે તેના ઉપર અમે ઘણા ઘણા ખુશી થશું. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૬ મું.

કરાચી તા. ૧૮–૨–૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"શાદીના વખતે મહરની રકમ ઓછામાં ઓછી ૨૫૦૦ હોવી જોઈએ. જે માલદાર હોય તે ભલે વધારે લખાવે. શાદીમાં વગર ફાયદાના ખરચમાં જેમ બને તેમ ઘટાડો કરો. એ બાબતના આફ્રિકામાં ઘણા ફરમાનો કર્યા છે, તે વાંચી તે ઉપર અમલ કરવો જોઈએ.

અમે કોમના પૈસાવાળા સમુહને ખાસ કરીને અપીલ કરીએ છીએ કે તેઓ શાદીના મોકા ઉપર ખર્ચ થોડો કરે. કોમના ગરીબ

સમુહને એવો દાખલો પુરો પાડે જેથી પૈસાવાળાઓને જોઇને ગરીબ માણસોના દિલમાં લાગી ન આવે. જેથી કોમને ઘણો ફાયદો થશે."

ત્યારબાદ દુઆના વિષે ફરમાવ્યું:

"હવેથી તમે સુધારેલી દુઆ પડજો, જે અમે પોતાના હાથે સુધારેલ છે. તે ચાલુ જમાના માટે પુરેપુરી બરાબર છે. આ દુઆ આખા પાકીસ્તાન, હિંદુસ્તાન અને આફ્રિકાના માટે છે. મજકુર દુઆની જાહેરાત થયા પછી પડાવવામાં આવે.

અમે રાત દિવસ બાતુન રીતે તમો બધાને યાદ કરતા હોઇએ છીએ, અમને ઉમેદ છે કે તમે પણ એવી રીતે રાત દિવસ અમને યાદ કરતા રહેશો. અમારા રૂહાની ફરઝંદો માટે હમેશાં અમારા દિલમાં જગ્યા છે. હકીકતી મોમનના દિલમાં અમારૂં ઘર છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૭ મું.

મુંબઇ તા. ૨૫-૧૨-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"બીજી મુલાકાતથી અમે ઘણાજ રાજી થયા છીએ. શાબાશ. અમે જ્યાં હોઇએ છીએ, ત્યાં રાત દિવસ તમને યાદ કરીએ છીએ. આ વર્ષે ઘણા ઠેકાણે જવાનું છે.

જે કોઇ બાઈ, ભાઇ જમાતખાનામાં આવે છે, તેને રાત દિવસ અમારા બાતુની દિદાર થાય છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૮૮ મું.

મુંબઈ (વાડી) તા. ૩૧-૧૨-૧૯૫૦.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે પહેલી ઓલ ઇન્ડીયા જનરલ મીશન એસેમ્બલીમાં પધારી સ્ટુડન્ટ મિશનરીઓને ફરમાવ્યું:

"નુરમ મુબીન, હકૂત બાબ, પીર શાહબુદ્દીન શાહની કિતાબ અને ફાતમી ખિલાફતનું પુસ્તક પણ વાંચવું જોઈએ.

અમારી પાસે જે લોકો ફરિયાદ લઈને આવે છે, તેમાં એંસી ટકા પોતાના હાથે બિમાર પડેલા હોય છે, જેઓ ખાવાપીવાનું ધ્યાન રાખતા નથી, તેમજ માબાપો પણ પોતાના બચ્ચાંઓનાં ખોરાકનું ધ્યાન રાખતા નથી, તેમાં પછી અઝરાઈલનો શો વાંક?

અમે એમ નથી ફરમાવતા કે ઉંચી કિંમતના મોંઘા પકવાનો ખાવા. ઓછા ખર્ચના અને તબીયતને નુકશાન ન થાય એવો ખોરાક લેવાની બાબત ઉપર તમે લોકોએ વાયેઝો કરવી જોઇએ અને સમજાવવું જોઈએ. મહિનામાં એક વખત એવી સમજણ આપવી જોઇએ.

આફ્રિકામાં મીશનરીઓની જરૂર છે. આફ્રિકામાં સ્વાહીલી શીખવાની જરૂર છે. એ ભાષા સહેલી છે. રોમન અને અરબી બન્ને લીપીથી તે લખી શકાય છે.

તમે લોકો જમાતોમાં તો વાએઝ કરો, પણ બહાર બીજી કોમવાળાઓ સામે જઈને વાએઝ કરી શકો, એમ થવું જોઇએ.

દશ અવતારની ફિલસુફી લઈ ઈસ્લામી સિધ્ધાંતથી સમજાવવી જોઇએ અને દુનિયાની ઉત્પતિ પહેલાંથી ચાલતા આવેલા ખુદાઇ નુરની સમજણ આપવી જોઈએ. ઈસ્લામશાહના વખતમાં પીર સદરદીને જે સિધ્ધાંતો સમજાવ્યા હતા, તે પ્રમાણે સમજાવવું જોઇએ.

ખાનાવાદાન."

## ફરમાન ૫૮૯ મું.

રાજકોટ તા. ૪–૧–૧૯૫૧.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અંહિયાં જેઓને સારૂં છે, ધંધો સારી રીતે ચાલે છે, તેઓને અમે બહાર જવા ફરમાવતા નથી. જેઓને સારી રીતે રોટલી મળે

છે, તેઓએ અંહિજ રહેવું. તમારે સરકારના વફાદાર રહેવું જોઈએ, ખરા દિલથી વફાદાર રહેવું જોઈએ.

જેઓને દેશાટન કરવું છે, તેઓ હિંદુસ્તાન, દક્ષિણ વગેરે સ્થળે જાય.

છોકરીઓ બહુ મોટી ઉમરની થાય, તે પહેલાં તેમની શાદી કરવાની જરૂર છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૦ મું.

મુંબઇ (હસનાબાદ) તા. ૫-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે સરથાણ જમાતની મહેમાનીમાં પધારી ફરમાવ્યું:

"હવે એમને નવા ઇસ્માઇલી તરીકે નહિ બોલાવવા જોઇએ. તેઓ હવે જુના છે. શાદીની બાબત ઉપર ધ્યાન વધુ આપવું જોઈએ. મીક્ષ શાદીઓ થવી જોઈએ. ફક્ત તેઓની છોકરીઓ લેવાથી કાંઇ વળે નહિ, તેઓને દીકરીઓ આપવી પણ જોઇએ. આ લોકોને સંભાળવા જોઈએ. મીટીંગો કરતાં આ કામ વધુ ઉપયોગી છે. આ પોઝીટીવ (ખરૂં) કામ છે. વાતો કરવા કરતાં આ કામ કિંમતી છે. કો-ઓપરેટીવ સોસાયટીની ઘણી જરૂર છે. તમે ભેગા થઈને કોઓપરેટીવ સંસ્થા શરૂ કરો, જેથી તમને સામાન. ચીજો ખરીદ કરવામાં સસ્તું અને ફાયદાકારક થાય. કો-ઓપરેટીવ સોસાયટી સ્થાપીને તેનું કામ બરાબર ચલાવજો અને લગ્નના ખોટા "હરામ" ખર્ચામાં પૈસા બગાડવા નહિ. કો-ઓપરેટીવ ધોરણે કામ કરવાની ઘણી જરૂર છે. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૧ મું.

મુંબઇ તા. ૭-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે સાલગ્રેહના દરબારમાં ફરમાવ્યું:

"અમે ઘણા ખુશી થયા છીએ કે મુંબઇમાં અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ સાથે સાલગ્રેહની ઉજવણીમાં અમે ભાગ લઇએ છીએ. જેમ તમે અમને યાદ કરો છો, તેમ અમે ઘણા નજદીક અથવા દુર હોઇએ તો પણ તમારા પ્યારભર્યા વિચારો અમને આવે છે. તમારા સાથનો આજનો આ મહાન ખુશાલીનો અર્થ એવો નથી કે અમારા વિચારો જ્યારે તમે અમારી સાલગ્રેહ ઉજવો છો, ત્યારેજ તમારી સાથે છે અને બીજા પ્રસંગોએ તમારી સાથે નથી. જેઓએ આજે અમારૂં સન્માન કર્યું છે, તે સઘળાઓને અમારા ઉ-તમ દુઆ આશિષો ફરમાવીએ છીએ.

હવે અમારે રૂહાની બચ્ચાંઓને કંઇક સલાહ આપવી જોઇએ. અમે સાંભળીએ છીએ કે મોટી સંખ્યાના માબાપો પોતાના બચ્ચાં-ઓને જ્યાં અંગ્રેજીનું શિક્ષણ શરૂ થતું હોય તેવી સ્કુલોમાં મોકલવાનું પસંદ કરે છે. જ્યારે અત્રેની આપણી સ્કુલ (ડાયમંડ જ્યુબીલી હાઇ સ્કુલ) ભવિષ્યમાં પ્રજાસતાક હિંદમાં શહેરીઓ માટે ઉપયોગી થઇ પડ-વાના ધોરણ ઉપર ખાસ કરીને ચલાવવામાં આવે છે. અમે સારી રીતે સમજી શકીએ છીએ કે ત્રીશ અથવા ચાળીશ વર્ષ પહેલા, કદાચ વીસ વર્ષ પહેલા માબાપોએ ધારેલું હોવું જોઇએ કે પોતાના બચ્ચાંઓને યુરોપીયન અસર હેઠળ ચાલતા કોન્વેન્ટો અને બીજી સ્કુલોમાં મોકલવા એ સારૂ છે, કે જ્યાં મુળ શરૂઆતથીજ અંગ્રેજીનું શિક્ષણ લગભગ પોતાની કુદરતી ભાષા તરીકે મેળવી શકે; છતાં આજે સરકારનો પાકો ઇરાદો હિન્દી અને સ્થાનિક ભાષાઓ, જેવી કે ગુજ-રાતી અથવા મરાઠીને સામાન્ય શિક્ષણનું માધ્યમ બનાવવાનો હોવાથી અમને લાગે છે કે વધુ ને વધુ તે જરૂરનું છે કે જવાનોની કેળવણી સરકારના કેળવણી ખાતાનાં વિચારોને અનુસરતી હોવી જોઇએ. મઝ-ગામ આગાહોલમાં ચાલતી આપણી સ્કુલ જે ઘણી સંભાળથી એવી રીતે ચલાવવામાં આવે છે કે જે સ્વતંત્ર પ્રજાસ-તાક અને લોકશાહી હિંદમાં વિદ્યાર્થીઓની ભવિષ્યની પ્રવૃતિઓને મદદગાર થઇ પડશે. અમે

આ ખાતાંનો લાભ લેવાની માબાપોને ભલામણ કરીએ છીએ, કારણ કે તેમાં ચાલુ શિક્ષણ ઉપરાંત તાજી હવા અને બહોળી ખુલ્લી જગ્યાનો ફાયદો પણ તેઓ મેળવી શકશે.

આપણી એજ્યુકેશન બોર્ડે વચન આપ્યું છે કે તેઓ ફરજીયાત સામાન્ય કેળવણીનો વખત પુરો થયા પછી ઇસમાઇલી છોકરાઓને ધાર્મિક શિક્ષણ આપવામાં આવે અને પોતપોતાની વચ્ચે ધાર્મિક ક્રિયાઓ અને જુદી જુદી મિજલસો ગોઠવવાનું ઉત્તેજન આપવામાં આવે એ બાબત ઉપર ધ્યાન આપશે.

અમે બીજી ઘણી અગત્યની બાબત કે જે કેટલીક રીતે કદાચ કેળવણી કરતાં વધારે અગત્યની છે તે ઉપર હવે આવીએ છીએ. તમે સઘળાઓ ઘણી સારી રીતે જાણો છો કે આપણે ઇમામી ઇસમાઇલી ફીરકાના મુસ્લિમો છીએ અને સામાન્ય રીતે ઇસ્લામમાં અને ખાસ કરીને ઇસમાઇલીઓ એ બન્નેમાં એવી માન્યતા અને શ્રધ્ધા છે કે ખુદાનું માત્ર ખરૂં ઘર—મસ્જીદ ઇન્સાનનું શરીર છે કે જેમાં રૂહ, ડીસીપ્લીન, આનંદ, મુશીબતો અને ગમગીનીઓની દુન્યવી અસર હેઠળ રહે છે. આ શરીરની સંભાળથી જતન લેવી જોઇએ. કેટલીક બિમારીઓ અને રોગો તદન કુદરતી છે અને કસોટીઓ જેવા છે, જેમાંથી આપણે સઘળાઓએ પસાર થવું જોઇએ, પણ કમનસીબે અમે જોઇએ છીએ કે આપણી વચ્ચે આવી એકાદ કુદરતી બિમારી અથવા નાદુરસ્ત તબિયતવાળા પાંચ અથવા દશ (કેસો) તો ખામી-ભર્યા પોષણથી અને તંદુરસ્તીના નિયમોથી વિરૂધ્ધ જવાને લીધે થતા હોય છે. મુંબઇમાં અને કાઠીયાવાડમાં અત્યાર પહેલા (હેલ્થ સેન્ટરો તરફથી) ઘણું સારૂં કામ બજાવવામાં આવ્યું છે અને અમે આશા રાખીએ છીએ કે પુનાથી મદ્રાસ સુધી દક્ષિણમાં મુંબઇના ધોરણે હેલ્થ સેન્ટરો ચલાવી વધુ સારૂં કામ બજાવવામાં આવશે; પણ એ બધું છતાં હેલ્થ સેન્ટરો ચોકકસ ઉમરે પુગતાં સુધીના બચ્ચાંઓને ફકત મદદ કરી શકે છે અને જયારે આ બચ્ચાંઓ પોતાનાં કુટુંબમાં મોટા થાય છે, કહો કે

ત્રણુથી દશ અથવા અઢાર વર્ષની ઉમરની વચ્ચે પહોંચે છે, ત્યારે ખામીભર્યા ખોરાક અને પોષણુ ફરીથી હેલ્થ સેન્ટરોએ બચપણુમાં જે કંઈ સારૂં કર્યું હોય તેને નીષ્ફળ બનાવી દે છે

અમે કોમના ગરીમ સભ્યો વચ્ચેજ નહિ, પણુ સારી સ્થિતીના સભ્યો વચ્ચે ચાલુ જોઈએ છીએ કે ખુલ્લાં ખામીભર્યા પોષણુનાં કેસો સામાન્ય નબળાઈ લાવે છે અને સઘળી જાતના ચાલતા રોગોનો ભોગ આ કમનસીબ દર્દીઓ થઈ પડે છે. ખરાબ તંદુરસ્તી ધરાવનારાઓનો નેવું ટકા ભાગ તમારી વચ્ચે અમે જોઈએ છીએ કે જે ખામીભર્યા પોષણુને અને બચપણુ તથા મોટી ઉમર વચ્ચે લેવામાં આવતા ખોટા તથા મુર્ખાઈભર્યા ખોરાકને ખુલ્લી રીતે આભારી છે.

ઉમરે પુગેલાઓનો ખોરાક પણુ રીતરીવાજ અને અગાઉથી બાંધી લીધેલા વિચારો ઉપર ખાસ કરીને રચાયેલો હોય છે પણુ તેના ગુણુ ઉપર હોતો નથી. આફ્રિકામાં અમને આ ઝુબેશ સામાન્ય રીતે ઉપાડવી પડી હતી અને ફરી ફરીથી અમારા રૂહાની બચ્ચાંઓની યોગ્ય પોષણુની અગત્યતા માટે અમને ચાલુ ફરમાનો કરવાં પડયાં છે.

અંહી ખરી રીતે વખત આવી લાગ્યો છે કે જયારે કોમનું ભલું ઇચ્છનારાઓએ ખોરાક પકાવવાની અને પોષણુના પ્રકારની ખરી તથા ખોટી રૂઢીઓ વિષે હિંદના ઇસમાઇલીઓને કેળવવાની સાચી અને ગંભિર કોશિષ કરવી જોઇએ. કેટલાક તબીબી આગેવાનોએ ઘણું ધ્યાન આપ્યું છે અને હેલ્થ સેન્ટરોના કામમાં મદદ કરી છે. તેમજ તેઓએ અમને વચન આપ્યું છે કે તેઓ ઉમરે પુગેલાઓને તેમજ બચ્ચાંઓને, કહો કે, બે અથવા ત્રણુ વર્ષની વચ્ચેના અને મોટી ઉમરનાઓને કેળવવાના કામમાં મદદ કરશે સૌથી સહેલી પણુ ઓછી ફતેહમંદ રીત, હેન્ડ બુકો પ્રગટ કરવાની અને તે જમાતને આપવાની છે. બીજું પગલું જુદી જુદી પંજેભાઈઓની ટોળીઓ અને જમાતેની જુદી જુદી મીજલસો દરમ્યાન તંદુરસ્તી વિષે ઉપદેશ

આપવાનું હોવું જોઈએ. ઉમેદવાર પંજેભાઇઓ હેન્ડબુકોની મદદથી, અમે ધારીએ છીએ કે વખતો વખત થોડીક મીનીટો પણ તેમ કરી શકે, પણ ઉપદેશ અને શિક્ષણ આપવા કરતાં વધારે અગત્યનું પગલું એ છે કે, તેઓ સમક્ષ ઘટતી રીતે તૈયાર કરેલો ખોરાક મુકવાથી વહેવારૂ પરિણામ આવશે. મોટાં જમાતખાનામાં તમે હમણા એક નાની કેન્ટીન ધરાવો છો. આ એક યોગ્ય દિશાએ ભરવામાં આવેલું પગલું છે, પણ કોમના ખોરાકમાં મોટા ફેરફારો લાવવા માટે તે પુરતું અથવા અસરકારક નથી. એટલા માટે ખુદાનો આભાર માનો કે હાલની સરકારની ડહાપણભરી રાજનીતિથી કોમમાં થતી મીજબાનીઓ અને ખાણાંઓ ઉપર અંકુશ મુકવામાં આવ્યો છે. અમને લાગે છે કે જમાતખાનાનાં મોટાં ભઠિયારખાનાને સુધરેલી ઢબની મોટી કેન્ટીનમાં ફેરવી નાખવું જોઈએ, કે જેથી વધુ ને વધુ બાનુઓ જેઓને પોતાના ભરણ પોષણના સાધનો મેળવવાની જરૂર છે, તેઓ ત્યાં આવી શકે અને રાંધી શકે. તેજ વેળાએ ફેરિયાઓ પાસેથી ખરીદવાને બદલે આ ખોરાક ખરીદવાને જમાતને ઉત્તેજન આપવામાં આવે, તેમજ જેને ઘેર પુરતી સગવડ ન હોય તે બાનુઓ આવીને ખોરાક ખરીદી શકે અને પોતાને ઘેર લઈ જઇ શકે; પણ આવી રીતે રાંધેલો ખોરાક અત્યારે દરરોજ વાપરવામાં આવે છે, તેવોજ ન હોવો જોઇએ.

જે ડોકટરોએ હેલ્થ સેન્ટરોને મદદ કરી છે, તેઓએ અમને વચન આપ્યું છે કે તેઓ નિષ્ણાતોને લાવી ગોશ્ત અને શાકભાજી તથા ચરબીવાળા પદાર્થો પકાવવાની ખરી રીતો બતાવશે અને શીખવશે. ઉપરાંત તાજાં અને કાચા શાકભાજી જેવાં કે ગાજર અને બીજી જાતના લીલા તથા સફેદ શાકભાજીનો વધુ ઉપયોગ સહેલાઈથી ખોરાક પચાવવા માટે કેવી રીતે કરવો તે પણ બતાવશે અને શીખવશે. આ એક એવી જગ્યા થઇ પડશે કે જ્યાં જે બાનુઓ ઘરમાં પોતે પોતાનો ખોરાક રંધવા માગતી હશે, તેઓ કેન્ટીનના બાનુઓને રાંધતા જોઈ

કંઇક શીખી શકશે; એટલે આ એક કામ, હેલ્થ સેન્ટર અથવા એજ્યુકેશન બોર્ડની આપણી પ્રવૃતિની અગત્યની શાખા, પોતાની રીતે કહેવાશે. આ ઉપરાંત અમે કોમના જુવાન તબીબી સભ્યો બાનુઓ તથા ગૃહસ્થો બન્ને પાસેથી તેમજ જુદા જુદા ઉત્સાહી તથા સેવાભાવી કાર્યકર્તાઓ પુરૂષો તથા સ્ત્રીઓ બંન્ને પાસેથી એવી ઉમેદ રાખીએ છીએ કે તેઓ બહાર આવે અને અત્રે દર્શાવવામાં આવેલા ધોરણ ઉપર આ હીલચાલને ઉપાડી લે. અમે દુઆ કરીએ છીએ કે જેવી રીતે બચ્ચાંઓ માટેનું હેલ્થ સેન્ટર ફતેહમંદ નિવડયું છે, તેવી રીતે તે પોતાની રીતે ફતેહમંદ નિવડે.

આવતે વખતે આ જગ્યાએ જો કે સંપુર્ણ વિકાસ પામેલાં નહિ પણ કોઇપણ રીતે કોમમાં ખીલતાં જતાં અને આગળ વધતા કાર્યના પરિણામો જોવાની અમે આશા રાખીએ છીએ.

અમારા સઘળા રૂહાની બચ્ચાંઓને અમારા સૌથી ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.”

## ફરમાન ૫૯૨ મું.

મુંબઈ તા. ૯-૧-૧૯૫૧.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ઇસમાઇલીયા સ્ટુડન્ટસ એજ્યુકેશન સોસાયટીના સભ્યોને ફરમાવ્યું:

“બદલાતા જતા સંજોગોને ધ્યાન પર લેતાં વિદ્યાર્થીને જે વિષયમાં રસ પડતો હોય તેવાજ વિષયમાં તેણે આગળ વધવું જોઇએ. આ બાબતમાં તે વિદ્યાર્થીની શકિતનું માપ પહેલાં કાઢી લેવું જોઇએ.

કોઈ વિદ્યાર્થી એકદમ એક સરખા હોઇ ન શકે. આથી મા બાપ તથા વાલીની ફરજ છે કે પોતાના બાળકો કઈ બાબતમાં વધુ રસ ધરાવે છે તે જાણી લેવું તથા તે પ્રમાણે બાળકોને ઉચ્ચ

શિક્ષણ માટે માર્ગદર્શન કરવું. જો આધ્યાપકો અને શિક્ષકોને એમ લાગે કે વિદ્યાર્થીને ગણિત પ્રત્યે વધુ રસ છે અને આગળ વધવા માટે તે શકિતશાળી છે તો તેવા વિદ્યાર્થીઓએ એન્જીનીઅરીંગ લાઇનમાં જવું.

જો તે ગણિતમાં હુશિયાર ન હોય તો તેણે કાયદાનો અભ્યાસ કરવો. કારણ કે ડોકટરી તથા એન્જીનીઅરીંગના ધંધા પછી આ ધંધો અનુક્રમે સારો છે.

ડોકટર થવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નાની વયે ડોકટરીની પરીક્ષા પાસ કરી હિંદમાં પ્રેકટીસ કરવી, કારણ કે આફ્રિકામાં અંહીની ડીગ્રી ચાલતી નથી. વળી થોડા સમયમાં આફ્રિકા દાંતના ડોકટરો તથા બીજા ડોકટરોથી ઉભરાઇ જશે અને આપણને વધુ ફાયદાકારક નિવડશે નહિ.

છોકરાઓ ધંધો ગ્રહણ કરી શકે, પણ ધંધા માટે આફ્રિકા તોજ જવું કે ત્યાં તેમના કોઇ સગા હોય અથવા પીઠબળ હોય: આફ્રિકા જવાની પ્રબળ ઇચ્છા ધરાવતા લોકો માટે એ જાણવું જરૂરી છે કે ભવિષ્ય ઉજળું કરવા માટે આફ્રિકા જવાનું દરેક સંજોગોમાં બહુ લાભદાઈ નથી.

છોકરી જો હુશીયાર અને શક્તિશાળી હોય તો તેણે પોતાનો અભ્યાસ ચાલુ રાખવો અને કોઇક ઉપયોગી લાઇન લેવી. લગ્ન કરવાં અને બાળકો ઉછેરવાં એ છોકરીઓનું પ્રધાન કાર્ય છે."

ઇન્ટર સાયન્સ પાસ થવા પછી મેડીકલ લાઇનમાં જવા માટે આજકાલ કોલેજોમાં પ્રવેશ મેળવવાનું અત્યંત મુશ્કેલ બની ગયું છે, એવી અરજ થતાં ફરમાવ્યું:

"જ્યાં ભવિષ્ય ઉજળું દેખાય અને સલામતી હોય એવે સ્થળે કુટુંબને કોઇ પણ તકલીફમાં મુકયા વગર જવું જરૂર યોગ્ય ગણાય.

ખાસ કરીને શિક્ષકનો ધંધો સારો છે, તેમજ માનપ્રદ પણ છે. ગગનગામી આશાઓ સેવતા લોકો માટે તે ઉપયોગી નથી, પણ જેને શિક્ષણ પ્રત્યે પ્રેમ અને આદર હોય અને બુધ્ધિ કુશાગ્ર હોય, તેમના માટે એ લાઈન સારી છે. આફ્રિકામાં અમે લાખો રૂપિયા શિક્ષણ અને શિક્ષકો માટે ખર્ચીએ છીએ. હુશીઆર અને સારા શિક્ષકો માટે આફ્રિકામાં ઉજળું ભાવી છે. ઓછામાં ઓછા પચાસ વિદ્યાર્થીઓએ આ માટે દર વર્ષે તૈયાર થવું જોઈએ. જ્યાં સુધી અમે છીએ અને જમાત છે ત્યાં સુધી તમારી સંપુર્ણ સલામતી છે."

સ્કોલરશીપ બાબતમાં ફરમાવ્યું:

"અમારી જમાતે અમને પૈસા આપ્યા, તે અમે જમાતના ઉપયોગ માટે ડાયમંડ જ્યુબીલી ટ્રસ્ટને આપ્યા, પણ તેમાંના ઘણા પૈસા ગેરવલ્લે ગયા હોવાથી છુટથી સ્કોલરશીપો આપી શકાતી નથી, પણ એ પરિસ્થિતી જલદી સુધરે એવી આશા છે."

## ફરમાન ૫૯૩ મું.

પુના, તા. ૧૪-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે કાઉન્સીલના મેમ્બરોને ફરમાવ્યું:

"જમાતને વાજબ છે કે શાદીના કામો સાદાઈ અને બીલકુલ ઓછા ખર્ચે ઉકેલવામાં આવે. મરણની ક્રિયાઓમાં પણ ભાતી ન કરવી અને બેઠી જીયારત કરી, કામ ટુંકા અને ઓછા ખર્ચે ઉકેલવા. આ બાબતમાં કાઉન્સીલ એક વરસ સુધી પ્રોપેગેન્ડા કરી, જમાતને સમજુતી આપે.

તમે જમાતને ભલામણ કરો કે તમારી રહેણીકરણી અને પહેરવેશ બીજી ભાઇબંધ કોમો સાથે હળીમળી જાય તેવા રાખો અને બીજી કોમો સાથે તમારો ભાઈચારો વધારો. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૪ મું.

હઈદરાબાદ (દક્ષિણ) તા. ૧૬-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"તમો સઘળાઓને જોઈને અમે ઘણા ખુશી થયા છીએ. તમે સૌ જે ઉમેદો લઈને આવ્યા છો તે બધી અમે પુરી કરીએ છીએ અને ઘણી દુઆઆશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૫ મું.

નાગપુર તા. ૧૭-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમારા સી.પી. અને બીરારના રૂહાની ફરઝંદોને અમે ભુલી ગયા નથી. ઘણા ખાનાવાદાન ફરમાવીએ છીએ. હમેશાં રૂહાની બચ્ચાંઓને યાદ કરી દુઆઆશિષ ફરમાવીએ છીએ. તમારા તાર અમને હમેશાં આવે છે, તેના જવાબ અમે આપીએ છીએ. મુંબઇ વધારે આવીએ છીએ પણ તબીયતના કારણે અંહી આવવાનું બની શકતું ન હતું."

બાદ કાઉન્સીલને ફરમાવ્યું:

"તમને અમે ફરમાવીએ છીએ કે તમે અમારી જમાતને સંભાળજો અને ઘણી ખિદમત કરજો."

ગોંદિયા ધાર્મિક સ્કુલવાળાઓને ફરમાવ્યું:

"શિક્ષણમાં નુરમ મુબીન, મૌલાના રૂમની કિતાબ પડો. ઈમામોનો ઇતિહાસ શીખવો. તેનો અભ્યાસ કરાવો. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૬ મું.

રંગુન તા. ૨૪-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે દરબારમાં પધારી ફરમાવ્યું :

**"અંહીની બાળાઓ તંદુરસ્ત અને સશક્ત જોવામાં આવે છે. હિંદુસ્તાનની બાળાઓ પણ આટલી તંદુરસ્ત જોવામાં આવતી નથી.**

**ગુજરાતી શિક્ષણ બાળકો અને બાળાઓને આપવું હવે જરૂરનું નથી. હવેથી બર્મીઝ અને ઈંગ્લીશ વધુમાં વધુ શીખવવું.**

**મુંબઇની ઈસમાઇલીઆ એસોસીએશને હવેથી આપણા મઝહબની કિતાબો અંગ્રેજીમાં છાપવી શરૂ કરેલ છે, તે તમે મંગાવો અને તે બચ્ચાંઓને શીખવો. હવે ગુજરાતી ભાષાની જરૂર નથી. ઇંગ્લીશમાં શીખશે તો તેઓ વધુ સારી રીતે સમજશે. દુઆ અંગ્રેજીમાં પડવી બાળકોને સહેલી થશે. દુઆ તો તેની તેજ છે પરંતુ અક્ષરો અંગ્રેજી લીપીના રહેશે. ફરમાન પણ ઈંગ્લીશમાં છાપવામાં આવશે. "નુરમ મુબીન" પણ ઈંગ્લીશમાં મળશે. પીર શાહબુદ્દીનશાહની તવારિખ પણ અંગ્રેજીમાં છે. આખી દુનિયામાં પણ ઈંગ્લીશ ભાષા મોટા પ્રમાણમાં ચાલુ છે, માટે તમારા બચ્ચાંઓને અંગ્રેજી તથા બર્મિઝ શિક્ષણ આપો. ખાનાવાદાન."**

## ફરમાન ૫૯૭ મું.

રંગુન તા. ૨૬-૧-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

**"કોમના નામે બોલવાનો કે કોમના નામે જાહેરાત કરવાની સત્તા અમે કાઉન્સીલને આપીએ છીએ; તેઓ સિવાય અન્ય કોઈને કોમને નામે બોલવાની કે જાહેરાત કરવાની સત્તા નથી. કાઉન્સીલ વધુ મતે જે મુજબ નકકી કરે તે મુજબ કરવું.**

તમે બરમામાં અમારા એક હજાર મુરીદો છો, પણ દુનિયાભરમાં અમારા લાખો મુરીદો છે, તેમાંથી કેટલાકો અમને તકલીફ આપે છે, પણ તમે બરમાના અમારા મુરીદોએ અમને કોઇ દિવસ તકલીફ આપેલ નથી. કોઈ દિવસ તમારે લીધે અમે ચિંતાગ્રસ્ત રહેલ નથી ને એવું કોઈ દિવસ બનેલ નથી કે તમારી ચિંતામાં અમને રાત્રે ઉંઘ ન આવી હોય. અમે બરમા જમાતને હમેશાં યાદ કરીએ છીએ અને હમેશાં દુઆ આશિષો તારથી મોકલીએ છીએ. પરંતુ આજે અમને સાંભળીને દિલગીરી થાય છે કે બે આગેવાન કુટુંબોમાં આપસમાં મતફેરી છે, આપસમાં અદેખાઇ કરે છે. ઈમામની સેવામાં હરિફાઈ કેરવી ઘટે છે, અદેખાઇ ને હસદ કરવો ન જોઇએ; માટે બન્ને કુટુંબો આપસમાં પંજા લઇ એકત્ર થાય."

શાદી વખતે મહોરની રકમ સંબંધમાં ફરમાવ્યું:

"પચાસ વર્ષ અગાઉની રસમ હવે કેમ ચાલે? બાઇને માટે મહોરની મુંબઈમાં રૂા. ૫૦૦૦ ની રકમ નકી કરેલ છે.

મહોરની રકમ અગાઉથી દેવી પડતી નથી. ફારગતી વખતે દેવી પડે છે. જો રકમ વધુ હોય તો ફારગતી આપવા અગાઉ ધણી બે વખત વિચાર કરશે. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૮ મું.

આગ્રા તા. ૨૯-૧-૧૯૫૧.

હક મોલાના ધણી સલામત સરકાર સુલતાન મોહમ્મદશાહ હાઝર ઇમામે ફરમાવ્યું:

"અમે એક વરસ જાહેરમાં તમારી પાસે હાઝર નહી હતા.

જેને કંઇ પુછવું હોય તે અમોને પુછે, પણ બિમારી માટેની વાતો અમને નહિ પુછતા. પેટમાં દુઃખતું હોય અગર ગળામાં દુખાવો હોય, ડોકટર પાસે જાવ. એવી બિમારીઓ તો ઘણાને હોય છે. ડોકટરથી આરામ થાય તેમ ન હોય તોજ અમને કહેજો. ખાલી

દુઆ આશિષ માટે અમને નહિ લખતા. એતો હમેશાં તમને આપીએ છીએ. **અમે મુશ્કીલ કુશા છીએ અને મુશ્કીલ આસાન કરવા અમે આવ્યા છીએ.** તો તમને એવી કોઇ મુશ્કેલી હોય તો અમને ગુજરાતીમાં કે અંગ્રેજીમાં લખીને આપજો. ખાનાવાદાન."

## ફરમાન ૫૯૯ મું.

કરાચી તા. ૪-૨-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઈમામે ફરમાવ્યું:

"અમારા રૂહાની ફરજંદોની મુલાકાતથી અમે બહુજ ખુશી થયા છીએ. અમે જ્યાં પણ હોઇએ છીએ ત્યાં હમેશાં રાત અને દિવસ આ મુલ્કના રૂહાની ફરજંદોને યાદ કરીએ છીએ અને દુઆ આશિષ ફરમાવીએ છીએ. જમાત ઉપર અમે બહુ રાજી અને ખુશી છીએ. એક બાબત બહુ જરૂરી અને વાજબ છે. એ જરૂરનું છે કે કોઇ ઈસમાઈલી એવો ખ્યાલ ન કરે કે આ મુહાજીર છે, આ અન્સાર છે, આ બહારથી આવ્યો છે, આ સિંધી છે, આ મુંબઇનો છે કે કાઠીયાવાડનો. આ નવા છે, આ જુના છે. આવા ખ્યાલ કરશો તો કેમ આબાદ થશો? આવા ખ્યાલો નહિ કરવા. જુઓ એમ કરશો તો બેઉ તરફથી મરો થશે. એક બાપ અને એક માના બેટા સમજીને એકબીજાને મદદ કરવી.

એકબીજાને કમજોર નહિ કરવા. દુ:ખી નહિ કરવા. ખુશી કરવા. જોર આપવું એ જરૂરનું છે. એકબીજાને કમજોર કરવાનો વિચાર હશે તો કેમ કામ આવશે? કોઇને ફાયદો નહિ થાય. આ આ છે, આ તે છે એવું કદિ નહિ જોઇએ.

જેઓ મોટા લીડર છે, તેઓ હમેશાં ખ્યાલ કરે કે કામ કેમ આગળ વધે. અગર બે મત હોય તો કામ કેમ આગળ ચાલે?

એક આમ બોલશે, ને બીજો તેનાથી વિરૂધ્ધ બોલશે. જરૂરનું છે કે ફાયદો જુઓ.

**અમારા ફરમાન દિલોજાનથી કબુલ કરવાની ઘણી જ જરૂર છે. આ કામ ઉપર ચાલવાની ફરજ છે. અમારા ફરમાન ઉપર અમલ કરજો."**

સાંજના ગાર્ડન કવાર્ટરમાં પધારી ફરમાવ્યું:

"અમારા બધા રૂહાની બચ્ચાંઓ, નાના મોટા, મરદ ઓરત, બધાની મુલાકાતથી અમે બહુ ખુશી થયા છીએ. જાહેરમાં અમે જ્યાં પણ હોઇએ ત્યાં તમો બધાને યાદ કરીએ છીએ. ખાસ કરીને પાકીસ્તાનના રૂહાની બચ્ચાંઓને. તેઓ અમને ઘણા નજીક છે.

પાકીસ્તાનમાં એક વાતથી અમને ઘણી દીલગીરી થાય છે. તે વાત એ છે કે પાકીસ્તાનમાં અમારા રૂહાની બચ્ચાંઓના દિલમાં કોઈ કોઇ વખત એવો ખ્યાલ આવે છે કે આ મુહાજિર છે, આ અન્સાર છે, આ સિંધી છે, આ બહારથી આવ્યા છે. આ વાત ઈસમાઇલીઓને માટે બહુ ખરાબ છે.

એ જરૂરનું છે કે બીજા ઇસ્લામીઓમાં તમે દાખલો બેસાડો અને તેઓને બતાવી આપો કે અમે બધા ઇસ્લામીસ્તાનમાં આવ્યા છીએ અને બધા એક છીએ. જો તમે જુદાઇના ખ્યાલ રાખશો તો બીજાઓ ઉપર તેની ખરાબ અસર થશે અને તેમને તમારા માટે ખરાબ ખ્યાલ ઉત્પન્ન થશે, કે આ કેટલા ખરાબ છે? સિંધી, કચ્છી, મુહાજરીન, અન્સાર વગેરે અલગ અલગ સમજશો તો બેઉ મરી જશો. એવો ખ્યાલ નહિ હોવો જોઇએ.

અલબત, એક બીજાના વિચારો જુદા હોઇ શકે છે અને એકની વાત બીજાની અકકલમાં નથી ઉતરી શકતી; પણ જ્યારે તમારી સામે એવી કોઇ વાત આવે તો શેમાં વધારે ફાયદો છે તે જુઓ અને શરીયતને પણ જોવી જોઇએ.

આ દેશમાં એવા ખ્યાલ નહિ રાખવા કે આ અલગ છે ને તે અલગ છે. તમે સર્વે એક મા અને બાપનાં બચ્ચાંની માફક છો. જો તમે એવું નહિ સમજશો તો ઘણુંજ ખરાબ છે અને ઘણીજ દીલ-ગીરીની વાત છે અને જો એવા ખ્યાલ રાખશો તો મરવા માફક છે. અમે ઉમ્મીદ રાખીએ છીએ કે ફરીથી આ દેશમાં અમે એવી વાત નહિ સાંભળીએ કે ઇસમાઇલીઓ પોતપોતામાં નાઈતફાકી રાખે છે. ખાનાવાદાન."

## ફરમાન ૬૦૦ મું.

કરાચી તા. ૫-૨-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહુમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું :

"અમારા સાંભળવામાં આવ્યું છે કે તમો જમાતમાં દારૂ, તમાકુ અને બીડીનો વપરાશ ઓછો થયો છે. આ જાણીને અમને બહુજ ખુશી થઈ છે. ઇન્શાહ અલ્લાહ આવતી વખતે આ બે ખરાબ કામ યાને દારૂ-તમાકુની વપરાશ સદંતર છોડી આપશો. જ્યારે શેતાન તમને દારૂ-તમાકુ વાપરવા ફરેબ આપે, ઉંધે રસ્તે દોરે, લલચાવે, ત્યારે અમને યાદ કરજો. દારૂ તમાકુની ટેવ એ એક બુરાઈ છે.

અમારા રૂહાની ફરજંદોની મુલાકાતથી અમે ઘણાજ ખુશી થયા છીએ. અમે જાહેરમાં ગમે ત્યાં હોઇએ તો પણ અમારા દિલ અને જાન તમારી સાથે છે. ખાનાવાદાન."

ત્યારબાદ ખારાધર જમાતમાં પધારી ફરમાવ્યું:

"અમારા તરફથી બધી જમાતને કહો કે, અમે બહુ ખુશી થયા છીએ. ઘણીજ દુઆઆશિષ ફરમાવીએ છીએ. તમાકુ, આલ્કોહોલ, ૨૦ ટકા કમતી થયાનું સાંભળીને અમે ઘણાજ ખુશી થયા છીએ. અમે દુઆ કરીએ છીએ. તમે હિંમત કરો. આ વખતે ૨૦

ટકા ઓછા થયા તો બીજી વખત ૫૦ ટકા ઓછા થયાનું સાંભળીને અમે બહુ ખુશી થશું. શરાબ અને તમાકુ તમારા વાસ્તે નુકશાન-કર્તા છે. એ નુકશાનની તમને ખબર છે અને તમે ઓછા કર્યા, તેથી અમે ઘણા ખુશી છીએ. જ્યારે શેતાનની બાજી આવે, શરાબ અને તમાકુ યાદ આવે, શેતાન જોર કરે કે પીઓ, ત્યારે અમને યાદ કરજો. અમારો ખ્યાલ કરજો. બધું ઓછું થઈ જશે. ખાનાવાદાન."

## ફરમાન ૬૦૧.

કરાચી તા. ૬-૨-૧૯૫૧.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે ફરમાવ્યું:

"આપણી પાસે ઈન્ડસ્ટ્રીયલ હોમ છે. તેઓએ ઘણું સારૂં કામ કર્યું છે. ત્યાં ઘણી ચીજો છે. જમાનને જરૂરનું છે કે તેને ઉત્તેજન આપે. હવેથી ખાવા પકાવવાનું કામ પણ થશે, કે જે ઘણું જરૂરનું છે. જમાત સહકાર આપે. જમાતના ફાયદા માટે તે ઘણું જરૂરનું છે કે, જમાત ઈન્ડસ્ટ્રીયલ હોમમાંથી સામાન ખરીદે. બહારથી ચીજો લેવા કરતાં ત્યાંથી લ્યો. જેમ ત્યાંથી વધુ ચીજો ખરીદશો તેમ ઇન્ડસ્ટ્રીયલ હોમ વધશે. ઈન્ડસ્ટ્રીયલ હોમમાંથી જેમ વધારે ચીજો બહાર પડશે તેમ તેને વધારે ફાયદો થશે. તેમાં જમાતને અને ઈન્ડસ્ટ્રીયલ હોમ બન્નેને ફાયદો છે. ગરીબોને પણ આથી ઘણો ફાયદો થશે.

અમે ઘણા ખુશી થયા છીએ કે ઈસમાઇલી ડોકટરો અને હેલ્થ એસોસીએશને બચ્ચાંઓની તંદુરસ્તી માટે ઘણી મદદ કરી અને ઘણો સુધારો કર્યો છે. પહેલાની હાલત કરતાં છેલ્લા પાંચ વર્ષમાં ઘણી પ્રગતિ થઇ છે. બચ્ચાંઓની તંદુરસ્તીમાં સુધારો થયો છે. અમે પોતે અમારી આંખોથી જોઇએ છીએ કે છેલ્લા પાંચ વર્ષની અંદર બચ્ચાં-ઓની તંદુરસ્તી ઘણીજ સારી થઇ છે. ખાનાવાદાન."

## ફરમાન ૬૦૨.

કરાચી તા. ૭-૨-૧૯૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે હેલ્થ બોર્ડના મેમ્બરોને ફરમાવ્યું:

"અમે તમને મળીને ઘણા ખુશી થયા છીએ અને મુબારકી ફરમાવીએ છીએ. તમે જે આ કામ કરો છો તે અગત્યનું છે. બાર મહિના પહેલાં બચ્ચાંઓ હતાં તેના કરતાં અત્યારે ઘણાં તંદુરસ્ત જોવામાં આવે છે અને જમાતની તંદુરસ્તીમાં ઘણો સુધારો દેખાય છે, તે જોઇને અમે ઘણા રાજી થયા છીએ. તમે જે ફુડ પ્રોગ્રામ રાખેલ છે, તેનાથી ઘણું સારૂં થયું છે. અમે અત્યંત રાજી થયા છીએ.

માતા યાને શીળીને માટે બચાવ કરવા રસી નાખવા માટે ઉત્તેજન આપવું જોઇએ, એ ઘણું જરૂરનું છે અને જ્યારે માતા નીકળવાની હવા ફેલાય ત્યારે શીળી કઢાવવાની ઘણી જરૂર છે; તેમજ દરેક સાત વર્ષે એક વખત સાધારણ રીતે શીળી કઢાવવા જોઇએ. પણ અમે તો એવી ભલામણ કરીએ છીએ કે આ દેશમાં દર પાંચ વર્ષે કઢાવવા જોઇએ. ખાનાવાદાન."

ઇસમાઇલીઆ એસોસીએશનના ઓફીસરો તથા મેમ્બરોને ફરમાવ્યું:

"જુના મીશનરીઓ ફાઉન્ડેશન યાને પાયો છે. તેઓ નોર્મલ સ્કુલ છે, એટલે કે નોર્મલ સ્કુલ માસ્તરોને શીખવી તૈયાર કરે છે. આફ્રિકાનો સવાલ જુદો છે. ત્યાં ખાતે આવું ઓર્ગેનાઇઝીંગ થયું નથી એટલે ત્યાં રેગ્યુલર મીશનરીનું કામ છે.

એ કાંઇ જરૂરનું નથી કે તમે બધાને અરબી ભાષામાં પ્રવિણ કરો અને તેઓ અરબીમાં કાબેલ થાય. તેઓ ફકત અરબી વાંચી જાણે એટલું બસ છે. એ જરૂરનું નથી કે તેઓ લખી જાણે, જેમ કે પાંચમા છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ વાંચી જાણે છે તે પ્રમાણે.

અમારો મતલબ એ છે કે ઇમામોનો ઇતિહાસ શીખાડો. ભાષાના ધોરણે તે ભલે ઇંગ્લીશમાં હોય, અરબીમાં હોય અથવા ગુજરાતીમાં હોય, જે નાની નાની નોવેલના જેમ હોય, જે જમાત વાંચે.

પ્રકાશનો બહાર પાડો ત્યારે એ વાત ખ્યાલમાં રાખો કે નાની નાની પુસ્તિકાઓ બહાર પાડો અને પછી મોટી કિતાબો બહાર પાડો અને તે પણ મુખ્તેસર હોવી જોઇએ.

બીજી બાબત એ છે કે જમાતને રાહેરાસ્ત પર લાવવાનો બોજો, વજન ઓનરરી મીશનરી ઉપર રહેલો છે, અને જુના મીશનરીને જરૂરનું છે કે તેઓ નોર્મલ સ્કુલની માફક બની ઓનરરી મીશનરી તૈયાર કરે. આફ્રિકા માટે જુદી વાત છે; ત્યાં રેગ્યુલર મીશનરીની જરૂર છે; કેમકે ત્યાં લાંબી મુસાફરી પર જવું પડે છે, કારણ કે ગામો દુર દુર છે; જ્યારે હિંદ–પાકીસ્તાનની વાત જુદી છે. અંહી ઓનરરી મીશનરીઓ કામકાજ કરી શકે છે ઓનરરી મીશનરીઓ પાસે વક્તૃત્વશકિત હોવી જોઈએ. તે લોકો માટે ઇલ્મની સખ્તાઇની જરૂર નથી પણ તે લોકો ઈમાનદાર, અક્કલમંદ અને સારા બોલવાવાળા હોય, દીલી લાગણીવાળા હોય, જમાતના હૃદયને અસર કરી શકે, વાયેઝ નસિહત કરી મઝહબ ઉપર મુસ્તકીમ રહી શકે અને જમાતનું દિલ ખેંચી શકે! એ જરૂરનું નથી કે તેઓને મોટી મોટી કિતાબોનો અભ્યાસ હોવો જોઇએ. તેઓને પરિક્ષાઓની સખ્તાઈઓ નહિ હોવી જોઈએ. તેઓની વાયેઝ પ્રેકટીકલ હોવી જોઇએ, કે જેથી જમાતના દિલની અંદર તેઓ મઝહબને ઉતારી શકે. તેઓ એવા આકર્ષક વાયેઝ કરનાર હોવા જોઇએ, કે જે જમાતને પોતાની સાથે લઇ જઇ શકે.

એ જરૂરનું નથી કે તેણે જાણવું જોઇએ કે જુદા જુદા વિષયમાં જુદા જુદા વખતમાં, જુદા જુદા પીરો, ઇમામો અને ઈસમાઈલી ફિલસોફરોએ આમ કહ્યું હતું અને આજે તો આમ છે.

**તમારા મઝહબનો એ પાયો છે કે, જેમ વખત બદલાય છે તેમ ફરમાનો બદલતા રહે છે.** ઇસમાઈલી મઝહબ એકજ પુષ્પ ભિન્ન ભિન્ન રંગમાં છે. જમાના અનુસાર જુદા જુદા જમાનાને અનુકુળ ફરમાનો થાય છે. જેમ જેમ જરૂર પડે છે તેમ તેમ ફરમાનો બદલતા રહે છે.

ઓનરરી મીશનરીઓ એવા હોવા જોઇએ કે તેઓ આ બાબત પોતે પહેલાં સમજે અને પછી પોતે જમાતને સમજાવે. જમાના પ્રમાણે ફરમાનો થાય એને સમજવા એ મઝહબનો પાયો છે. ફરમાનો કે અહકામો વચ્ચે વિરોધાભાષ હોઇ શકે. અમારી ઇમામતના સીંતેર વર્ષમાં અમે સીંતેર વખત ફેરફારો કર્યા છે, એટલે કે અમારા શરૂઆતના ફરમાનો અને હમણાના ફરમાનોમાં તમે ઘણો તફાવત જોશો.

જેમ જમાનામાં ફેરફાર થાય છે તેમ ફરમાનોમાં પણ ફેરફાર થાય છે; માટે આ બાબતનું તત્વ સમજવું જોઈએ. ઇમામની જ્યોત એકજ છે, તેના સ્વરૂપો જુદા જુદા છે; જેમ કે લાઈટના બલ્બ બ્લુ, લાલ, પીળા, લીલા, રંગના હોય છે, પરંતુ લાઈટ એકજ છે. તત્વ એનું એજ છે, સ્વરૂપો જુદા જુદા છે.

એ જરૂરનું નથી કે તવારિખના સામાન્ય સત્યો શિવાય વધુ જાણવું જોઇએ. તવારિખની વધુ વિગત નહિ પણ તત્વ સમજવું જોઈએ. અસલથી ઇમામ જાફર સાદિકના જમાનાથી લઇ મિસર, ઇરાન અને હિંદમાં ઇમામત કેવી રીતે આવી? કયા કયા વખતમાં ઇમામત કેવી રીતે પસાર થઇ? એટલું યાદ રહે તો બસ છે. ઇલેક્ટ્રીકસીટી એકજ છે અને હજાર જાતના સ્વરૂપો છે.

એ જાણવું જરૂરનું છે કે ઇમામતનો શજરો કેવી રીતે ચાલ્યો આવે છે. ખાનાવાદાન."

બાદ સાંજે પધારી ફરમાવ્યું:

"આપણા ઈસ્માઈલી મઝહબનો વિકાસ કેવી રીતે થયો હતો, તે બાનું તેમજ મર્દ ઓનરરી મીશનરીઓએ જાણવાની ઘણી જરૂર છે. તેમણે ઈમામોનો ઈતિહાસ વિગતવાર નહિ પણ તેનો સાર જાણવો જોઇએ.

તેમણે મદીના, મિસર, ઇરાન વગેરેના સમયના ઇમામોનો ઇતિહાસ જાણવો જોઇએ અને જમાતોને વાયઝોમાં ખુલાસાથી સમજાવવો જોઇએ.

તેમણે જમાતોને એ પણ ખુલાસાવાર સમજાવવું જોઇએ કે આપણો મઝહબ કયાંથી અને કેવી રીતે શરૂ થયો અને કેવી રીતે વિકાસ પામ્યો ?! આ સારતત્વ ઘણી સહેલાઈથી દસ, પંદર મિનિટમાં બલ્કે એક મિનિટમાં, ખુલાસાથી સમજાવી શકાય એમ છે.

ઓનરરી મીશનરીઓએ ઈતિહાસવેત્તા થવાની જરૂર નથી. તેમણે દરેકે દરેક હકીકત જાણવાની જરૂર નથી, પણ ફકત તેનો સારતત્વ ગ્રહણ કરી લેવો જોઇએ. દાખલા તરીકે જમાતોને એ સમજાવવું ઘણું સહેલું છે કે ત્રણ ઇમામો જેવા કે મુસ્તનસિર બિલ્લાહ, શાહ હસનઅલી અને અમે પોતે લાંબા વખત સુધી યાને ૬૦ વર્ષો સુધી ઇમામત ભોગવી છે.

મિસરનું સામ્રાજ્ય પ્રથમ કોણે સ્થાપ્યુ ? એ તેમણે જાણવું જોઇએ. તેમણે માત્ર પોતેજ જાણવું જોઇએ એટલુજ નહિ પણ તેમણે જમાતને એ શીખવવું જોઇએ. તેમણે એ પણ જાણવું જોઇએ કે એ જમાનામાં લોકો મુરીદો–કેવા પ્રકારની સામાજીક સેવાઓ આપતા હતા ? તે વખતે તમારી સેવાઓ કેવી હતી ?

અલ હાકિમ બિ અમ્રિલ્લાહના જમાનામાં કારે બુઝુર્ગ ઘણુંજ આગળ વધ્યું હતું.

ઓનરરી મીશનરીઓએ ઓછામાં ઓછું દરેક ઈમામોની મુખ્ય બાબતો વિષે જાણવું જોઇએ. મધ્ય એશિયામાં કયા કયા ઈમામના

વખતમાં કયા કયા મીશનરીઓ-દાઈઓએ કામ કર્યું, એ તેમણે જાણવું જોઇએ.

તમારા પુર્વજો તરફ કયા ઇમામના વખતમાં કયા મીશનરીઓ આવ્યા હતા અને તેમને ઇસમાઇલી બનાવ્યા હતા, એ પણ તમારે જાણવું જોઇએ.

આખી દુનિયા જાણે છે કે ઇમામ મુસ્તિાનશાહે આપણે ત્યાં મીશનરી મોકલ્યા હતા. જર્મન અને અંગ્રેજ એ બધા લોકોને આ વાતની ખબર છે. આની ખબર નથી એવા લોકો હોય તો તે આપણે છીએ. ખાનાવાદાન."

**ફરમાન ૬૦૩.**

કરાચી તા. ૯-૨-૧૯૫૧.

હક મોલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે લેખિત સંદેશામાં નીચે પ્રમાણે ફરમાવ્યું:

'ઇસમાઈલીઆ એસોસીએશન આજે અગાઉના ઇસમાઇલી દાઈઓ અને મીશનોની મુખ્ય વારસદાર છે. બધા ઇસમાઈલીઓની ફરજ છે કે તેઓ ભલી લાગણી અને માનથી તેને મદદ કરે. જો ટીકા કરવામાં આવે, તો તેને મદદગાર થઇ પડે તેવી રીતે થવી જોઇએ, તેનો વિરોધ કરવા માટે નહિ. ખાનાવાદાન."

# કલામે ઇગામે મુબીન-પુસ્તક બીજું.

## શબ્દોના અનુક્રમણિકા.

**સુચના :** આ નીચે આપેલા શબ્દો તેની સામે આપેલા પાનાઓમાં આવેલાં છે.


અકલ-૩૩૮
અગત્યતા-૪૭૭
અગ્રેસરો-૩૧૬
અટકાવ-૪૭૦
અદેખાઇ-૨૩૩, ૪૮૪
અધિકારીયો-૨૮૨, ૩૬૬, ૩૭૦
અનુકરણ-૧૭૨, ૩૦૮, ૩૦૯
અનુભવ-૧૦૬, ૨૯૩, ૩૪૩
અપીલ-૬૩, ૩૯૩, ૪૨૭, ૪૨૯
અપ્રીણ-૩૦૬, ૪૬૩
અબ્દુલમલેક શીવજી-૩૯૬
અબ્રામ-૪૪૨
અબોલા-૨૦, ૩૬૭
અભ્યાસ-૩૫૫, ૪૮૦, ૪૯૦
અમલ-૧, ૯૦, ૯૪, ૨૦૮, ૨૨૬, ૩૦૮, ૩૬૫, ૪૦૫, ૪૧૮, ૪૮૬
અમલદારીયો-૫૦, ૪૫૧
અરજી (ઓ)-૭૯, ૯૭, ૧૧૮, ૧૭૦, ૨૬૧, ૩૦૬, ૩૩૨, ૩૫૧
અરૂસી-૪૯
અલમદાર-૨૪૪
અલમાસ-૪૨૦
અલીદીના કાનજી-૩૨૭
અલીદીના (ડોકટર)-૪૬૮
અલીદીના (વારસ)-૧૦૩
અલીમામદ મનજી નથુ-૧૮
અસર-૩૭૮, ૪૬૮, ૪૭૫, ૪૭૬, ૪૮૬
અંકુશ-૪૭૮
આગાહોલ-૪૭૫
આત્મા-૩૬૫, ૪૭૦
આદત-૯, ૨૪, ૫૯, ૭૫, ૧૧૦, ૧૭૦, ૧૭૩, ૧૭૪, ૨૧૧, ૨૧૬, ૨૧૯, ૨૯૨, ૩૧૭, ૩૩૩, ૩૩૫, ૩૬૧, ૩૬૨, ૪૬૨, ૪૬૩, ૪૬૪.
આફ્રિકા-૩૬૭, ૪૪૧
આબાદી-૨૬૨, ૪૪૦
આબે રૂહાની-૧૩૫
,, સફા-૨૭૫, ૩૦૪
આભૂષણ-૩૭૫
આમાલ-૫૦, ૬૯, ૧૪૮
આરામ-૪૮૪
આલ્કોહોલ-૪૪૭
આવક-૩૫૦, ૪૫૭
આશરો-૩૧૦
આશા-૨૮૯, ૩૪૭, ૪૮૧
આંખ (આંખો)-૭૩, ૮૩, ૯૪, ૧૦૬
ઇચ્છા-૧૭૧, ૨૦૫, ૨૯૪, ૪૩૭, ૪૮૦
ઇજ્જત-૬૩, ૧૩૨, ૧૪૯
ઇતિહાસ-૩૧૧, ૪૮૨, ૪૯૦, ૪૯૨

ઇ-તેકાદ–૩૯
ઇન્જકશન–૨૪૪, ૩૦૩
ઇન્સાન–૭૯
ઇન્સાફ–૨૨, ૬૮, ૮૭. ૧૩૨, ૩૦૧, ૩૦૨
ઇબાદત–૮૦, ૨૬૫, ૨૧૯, ૨૭૭
ઇમાન–૧. ૧૩૪, ૨૫૭, ૨૬૮, ૩૩૭
ઇમાનદારી–૩૮૧
ઇમામ–૨૧૦, ૨૨૬, ૨૫૫, ૨૬૦ ૩૫૫, ૩૮૪ ૩૮૫, ૩૮૬, ૩૯૩, ૪૧૮. ૪૯૩
ઇમામત–૪૨૨, ૪૯૧. ૪૯૨
ઇલ્મ–૫૧, ૫૯, ૨૬૭, ૩૩૨
ઇલાજ–૨૩૬
ઇસમાઇલ (વઝીર)–૬૬, ૧૨૭ ૧૪૮
ઇસ્માઇલી–૪૧, ૧૪૦, ૧૯૦, ૩૪૬, ૪૦૯, ૪૧૧, ૪૩૬, ૪૫૮ ૪૫૯, ૪૭૭
ઇસ્લામશાહ (ઇમામ)–૪૯૩
ઇસા (વારસ)–૧૩૭, ૧૫૦, ૨૬૬
ઇશ્ક–૩૪, ૯૮, ૨૨૩, ૨૨૫, ૩૧૨
ઉજવણી–૧૮૦, ૩૫૮, ૩૬૮, ૪૨૧, ૪૩૫, ૪૭૫
ઉત્સવ–૪૨૦
ઉત્સાહ–૪૧૫
ઉદ્દેશ–૨૧૮, ૪૨૬
ઉન્નતિ–૨૦૯
ઉપદેશ–૪૭૭
ઉપયોગ–૧૧૦, ૧૩૯, ૧૮૦, ૩૨૪, ૩૬૪
ઉપાય–૩૩૮, ૩૬૧
ઉમેદ–૨૦૨
ઉંધ–૪૮૪
કજીયા–૧૨, ૧૫૮
કન્યા (કન્યાઓ)–૬૬, ૧૫૮, ૩૫૩
કન્યાશાળા–૧૮, ૨૯, ૬૬, ૩૩૯
કપડા–૫૩, ૫૭, ૫૮, ૬૫, ૧૧૪, ૧૬૩, ૧૯૬, ૨૩૧, ૩૨૩, ૩૨૬, ૩૩૧, ૩૩૪, ૩૮૧, ૩૯૦, ૪૧૩, ૪૧૪
કબર–૬૦
કમાઇ–૧૯૯, ૨૭૨
કમીટી–૧૧૧, ૧૩૪, ૧૮૦, ૧૮૭, ૨૫૧, ૨૬૩, ૨૭૨, ૨૭૬. ૨૭૭, ૨૮૫, ૩૩૮, ૩૪૨, ૩૫૧, ૩૫૯, ૪૧૫. ૪૩૭, ૪૪૩, ૪૫૧
કરકસર–૨૯૬, ૨૯૭, ૩૨૩, ૩૬૧, ૩૭૭, ૩૯૦, ૪૦૨
કરવેરા–૩૭૯
કલબ–૨૮૭, ૩૧૩
કલમેગો–૨૪૬
કલેજી–૩૭૮
કસરત–૭૮, ૧૨૦ ૧૭૦, ૩૨૪, ૩૨૭, ૩૨૮
કસુર–૧૩૬, ૨૭૪, ૩૨૭, ૩૪૪
કંપની–૩૧૦, ૩૧૮, ૩૪૫. ૩૫૮, ૩૭૨, ૩૭૮, ૩૮૩, ૪૦૩. ૪૨૫, ૪૩૩, ૪૩૪, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૯
કાઉન્સીલ–૨૬. ૧૧૧, ૧૧૨ ૩૪૪

કાનજી રહીમ–૩૯૭
કાસમ (વઝીર)–૬૬, ૧૪૮, ૧૨૭
કાનુન–૨, ૬૨, ૬૩, ૩૭૦
કાપડ–૬૫
કાબુ–૪૬૪
કાબેલ–૪૮૯
કાયદા–૫૯, ૧૪૭, ૨૧૪. ૨૯૪, ૪૫૧
કાર્યકરો (કાર્યકર્તાઓ)–૧૪૨, ૪૦૦, ૪૭૯
કાર્યવાહકો–૪૩૬
કાસમ બુધવાણી–૨૭૬
કાહેલી–૩૭૯, ૪૦૩, ૪૦૪
કાળજી–૩૮૦
કિતાબ–૭૪, ૮૩, ૩૦૧, ૪૭૨, ૪૮૨, ૪૮૩, ૪૯૦
કિર્તી–૩૯૪, ૪૫૬
કિનો–૨૨, ૨૩, ૩૦૨
ક્રિયા (ક્રયાઓ)–૮, ૪૯, ૧૮૦, ૨૪૪, ૨૪૬, ૪૭૬
કુટુંબ–૩૧૫, ૪૨૬, ૪૮૪
કુનેહ–૩૫૮
કુવ્વત–૩, ૭૮, ૧૧૬, ૧૭૬, ૩૨૩
કુસ્તી–૨૩૮
કુસંપ–૩૦, ૨૩૨
કંપની–૧૯૧, ૧૯૨, ૨૧૧, ૨૧૫
કેન્ટીન–૪૭૮
કેપીટલ–૨૪૯, ૩૧૮, ૩૧૯, ૩૨૧, ૩૨૫, ૪૦૦
કેમ્પ–૪૬૫
કેસ–૧૧૭, ૨૨ ૩૨, ૬૨, ૭૬, ૧૭૮, [illegible] ૪૭૬, ૪૭૭
કેળવણી–૮૩, ૮૪, ૯૧ ૧૦૪, ૧૦૬, ૧૨૪, ૧૨૬, ૧૩૧, ૧૩૨, ૧૪૫, ૧૮૪, ૧૮૫, ૧૮૯ ૨૦૨, ૨૨૨, ૨૨૮ ૨૪૯, ૨૫૯, ૨૬૪, ૨૭૮, ૩૩૬ ૩૩૭, ૩૫૯, ૩૬૪, ૪૦૧, ૪૦૨, ૪૩૭, ૪૫૪, ૪૭૫
કોઓપરેટીવ–૪૨૫
કોઠી–૬૦
કોન્ફરન્સ–૬૦, ૬૫, ૩૦૦, ૩૦૧ ૩૦૩, ૩૧૩, ૩૪૯, ૩૫૯, ૩૭૬, ૪૨૪, ૪૨૬, ૪૨૯, ૪૩૦, ૪૩૧.
કોરપોરેશન–૪૨૧
કોલેજ–૪૨૯
કોલોની–૪૫૨
ખર્ચ–૩૭, ૫૪, ૫૮, ૭૫, ૧૨૦, ૧૬૩, ૧૮૪, ૧૮૬, ૧૯૦, ૧૯૫, ૧૯૬, ૨૧૭, ૨૪૭, ૨૯૦, ૨૯૨, ૨૯૫, ૨૯૬, ૩૨૩, ૩૫૦, ૩૬૧, ૩૬૬, ૩૭૭, ૩૭૯, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૪૨૫, ૪૪૯, ૪૫૭, ૪૭૦, ૪૭૧, ૪૭૪
ખટપટ–૧૦૨
ખરાબી–૩૪૦, ૩૪૨
ખાત્રી–૯૪
ખાસુ–૪૭
ખાસિયત–૨૮૭
ખાહેશ–૪૫૨
ખિદમત–૪, ૨૯, ૩૩, ૩૪, ૫૧, ૬૨, ૭૬, ૮૨, ૮૯, ૯૯, ૧૦૪, ૧૦૮, ૧૨૧, ૧૨૬, ૧૨૭, ૧૨૯, ૧૩૭, ૧૩૮, ૧૪૪, ૧૪૬, [illegible], ૧૫૧,

૧૫૪. ૧૭૧, ૧૭૨, ૧૭૬, ૧૮૮, ૧૯૦, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૨૦૭, ૨૨૭, ૨૩૨, ૨૪૨, ૨૪૫, ૨૪૬, ૨૬૧ ૨૮૯, ૩૦૨, ૩૪૫, ૩૬૯, ૩૯૬, ૪૧૭, ૪૧૮, ૪૪૯, ૪૫૨, ૪૮૨
ખિલાત–૭૫, ૧૦૧
ખીલવણી–૩૫૦
ખુબ્બા (ખુબ્બીચો)–૨૦૮, ૨૧૯, ૩૭૯
ખુરાંસાની–૪૭
ખુલાસો–૧૫૬, ૩૦૦
ખુશહાલી–૧૨૫, ૩૫૯, ૩૮૪
ખોજા-૧૫૫. ૩૧૧
ખોડ–૩૮૦
ખોદણી–૩૦, ૩૧
ખોરાક–૧૧૩, ૧૯૫, ૨૦૭, ૨૧૦, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૬૨, ૨૯૦, ૨૯૨, ૨૯૫, ૩૦૬, ૩૩૯, ૩૭૭, ૪૦૨. ૪૦૮, ૪૧૫, ૪૧૬, ૪૫૬, ૪૬૨, ૪૭૭, ૪૭૮
ગરજ–૩૭૮, ૪૧૨
ગરીબ–૨૫૮, ૨૯૧, ૩૧૫
ગવર્નમેન્ટ–૪૧૦
ગવર્નર–૪૨૧, ૪૩૧
ગળુ (ગળા)–૧૧૭, ૧૭૯
ગાજર–૨૯૦
ગાદી–૩૮૪, ૩૮૫, ૩૯૪
ગાદીવારસ–૨૧૮
ગ્રાન્ટ–૧૩૧, ૧૮૪, ૧૮૫, ૨૩૫, ૨૪૯, ૨૭૭, ૩૦૩, ૩૩૮, ૩૬૪, ૩૭૬, ૩૮૧, ૪૧૦, ૪૩૭, ૪૫૪
ગુજરાન–૫૦, ૬૭, ૮૪, ૧૧૯, ૧૨૪, ૧૩૯
ગુણો–૩૭૦
ગુન્હા–૩૬૪, ૪૧૯
ગુન્હેગાર–૩૮૧
ગુલામઅલી જી. મર્ચંટ (વકીલ)–૪૪૯
ગુસ્સો–૨૭૩
ગોઠવણ–૨૪૫, ૨૪૭, ૨૪૮
ગોસ–૩૦૧
ઘટપાટ–૧૫૭
ઘર (ઘરે-ઘેર)–૧૩, ૧૪, ૨૧, ૭૫, ૮૯, ૯૫, ૧૧૧, ૧૬૦, ૧૭૩, ૧૭૭, ૨૪૧, ૨૪૩, ૨૫૫, ૨૬૦, ૨૬૧, ૨૭૧, ૩૦૮, ૩૫૩, ૩૫૪, ૪૭૬
ઘરકામો–૪૦૨
ઘરવાળી (ટાઇટલધારીઓની)–૪૫૫
ઘરેણા–૭૬, ૩૭૪, ૩૭૫
ઘુમટો–૧૨૪, ૨૬૫
ચર્ચા–૧૮૬, ૨૭૯
ચડતી–૨૦૮
ચલણ–૧૫૧
ચશ્મા–૨૪૪
ચહેરા (ચહેરો)–૯૦, ૧૨૩, ૧૯૭
ચળવળ–૨૯૪
ચા–૧૭૦, ૨૨૧, ૨૪૪
ચાન્સ–૧૭૭
ચારિત્ર–૧૩૩
ચીઝ (પનિર)–૩૬૨
ચોપડી–૨૭૫, ૨૭૯

ઝોલ–૩૬૬

ઝાંટો–૩૪૪

છુટ–૪૧૯

છુટાછેડા–૩૯૫

છોકરા–૩૫૬, ૪૪૨, ૪૭૬

છોકરાઓ–૩૬, ૩૮, ૯૨, ૧૦૭, ૧૬૩, ૧૯૯, ૨૦૦, ૨૧૮, ૨૩૮, ૨૪૦, ૨૭૭, ૪૫૪

છોકરી (છોકરીઓ)–૧૯, ૨૦, ૩૦, ૪૦. ૫૮, ૯૪, ૧૧૨, ૧૧૭, ૧૪૦, ૧૫૭, ૨૫૪, ૩૪૭, ૩૫૬, ૩૯૧, ૪૪૨, ૪૪૮, ૪૭૪, ૪૭૬

જજમેન્ટ–૧૦૬

જતન–૩૧૧, ૩૮૧, ૪૭૬

જમાત–૧૨, ૨૧, ૨૩, ૨૫, ૩૪, ૩૯, ૪૩, ૪૮, ૬૭, ૭૪, ૮૨, ૮૭, ૯૪, ૯૯, ૧૦૦, ૧૦૪, ૧૩૦, ૧૩૧, ૧૩૮, ૧૪૦, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૬૩, ૧૬૫, ૧૬૮, ૧૬૯, ૧૭૧, ૧૭૨, ૧૭૮, ૧૮૮, ૧૯૭, ૨૧૧, ૨૧૪, ૨૨૦, ૨૩૦, ૨૩૨. ૨૩૩, ૨૩૪, ૨૩૬, ૨૪૧, ૨૪૮, ૨૫૨, ૨૫૩, ૨૫૭, ૨૬૧, ૨૬૨, ૨૬૫, ૨૬૬, ૨૮૦, ૨૮૧, ૨૮૨, ૨૯૧, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૨૯૫, ૨૯૬, ૨૯૭, ૨૯૮, ૩૦૩, ૩૦૮, ૩૧૪, ૩૧૫, ૩૨૦. ૩૨૪, ૩૨૫, ૩૨૯, ૩૬૨, ૩૭૩, ૩૮૩, ૩૯૦, ૩૯૧, ૩૯૯, ૪૧૭, ૪૩૯, ૪૫૨, ૪૫૬, ૪૮૪

જમાતખાનું–૯૯, ૧૧૪, ૧૨૭, ૧૩૫, ૧૫૩, ૧૮૪, ૨૫૦, ૨૫૯. ૩૧૨, ૪૩૨, ૪૫૩

જમીન–૭૩, ૯૩, ૧૫૧, ૩૪૦, ૪૩૦, ૪૩૪, ૪૪૧

જયોત–૪૯૧

જવાબદારી–૨૦૯, ૨૭૩, ૩૪૫, ૩૫૭, ૪૩૮

જહાન–૩૨૯, ૩૬૪

જહેમત–૧૨૦, ૩૭૩

જંગ–૫૨, ૧૪૦

જંજાળ–૩૩૬

જંતુ (જંતુઓ)–૩૩૯, ૩૬૨

જાન–૧૬૧, ૨૭૬

જામ્બોરી–૩૩૭

જામીનગીરી–૨૯૬

જાહેર ખબર–૧૫૫

જાહેરાત–૨૫૮, ૩૪૩, ૪૮૩

જાહોજલાલી–૪૭, ૨૭૧

જીન્દગી–૯૦, ૧૪૧, ૧૫૪, ૨૧૪, ૩૭૯, ૪૩૮, ૪૪૬, ૪૪૮, ૪૭૦

જીયારત–૪૮૧

જીવ–૧૦૫, ૨૧૧, ૨૩૮, ૨૭૨

જીવન–૧૩૩, ૨૦૫, ૩૦૭, ૩૦૯, ૩૯૩, ૪૨૩, ૪૩૩

જીવા ઇસમાઇલ–૩૮૮

જુદાઇ–૪૮

જુલ્મ (જુલ્માટ)–૯૬, ૨૨૭

જુસ્સો–૧૪૧, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૩૧૧

જોખમ–૧૬૪, ૨૩૯

જોખમદારી-૩૧૩
જોર-૧૧૭, ૧૧૮, ૨૦૧
ઝઘડો-૨૩, ૧૦૪, ૧૩૪, ૨૬૧
ઝબાન-૨૯, ૪૯, ૧૨૧, ૧૩૯, ૧૫૧, ૧૭૮, ૨૪૩
ઝરો (દુધનો)-૪૨૨
ઝાડ-૧૪૮, ૧૯૧, ૨૩૮
ઝેર-૨૯૬, ૪૧૨, ૪૪૬
ટર્કી-૩૪૧
ટંટા-૧૩૦
ટ્રસ્ટ-૩૧૭, ૩૧૮, ૩૭૨, ૪૨૫, ૪૩૨, ૪૩૩, ૪૩૪, ૪૩૬, ૪૪૫, ૪૫૪, ૪૮૧
ટાઇટલ-૧૨૧
ટાઇમ-૧૦૨, ૧૫૭, ૨૨૧, ૨૪૭; ૨૫૮, ૨૫૯; ૪૫૦
ટાપુ-૩૪૭
ટેકા-૧૨૩
ટેવ-૨૭૩, ૩૦૭, ૪૬૮, ૪૮૭
ટેક્ષ-૨૩૫, ૩૭૫
ટ્રેનીંગ-૧૩૯
ટોપી-૨૮૪, ૩૪૩
ટોળી (ટોળીઓ)-૧૫૪, ૧૫૬, ૧૬૦, ૪૭૭
ટોચ-૪૪૮
ઠરાવ-૬૩
ઠંડક-૨૪૪
ડયુટી-૧૨૦
ડર-૨૧૯
ડાયમન્ડ જયુબીલી ડે-૩૮૪
ડાયરેકટર-૩૫૭, ૩૫૮, ૪૦૦, ૪૪૬
ડાહ્યાભાઇ વેલજી (વારસ)-૭૧, ૭૨
ડીગ્રી-૪૨૮, ૪૮૦
ડીઝાઇનો-૩૭૪
ડીપોઝીટ-૩૨૫
ડીએટ-૭૭
ડીબેન્ચર-૩૫૯
ડીસપેન્સરી-૩૩૪, ૩૭૬, ૪૨૯
ડ્રીલ-૧૩૮
ડેન્ટીસ્ટ-૪૨૮
ડ્રેસ-૧૩૧, ૧૬૪
ડોકટર-૨૯૦, ૩૮૦, ૪૨૭, ૪૨૮, ૪૩૧, ૪૪૦, ૪૫૬, ૪૮૦, ૪૮૮
તક (તકો)-૩૩૪, ૪૨૩, ૪૨૭, ૪૨૯
તકતી-૧૯૦
તકદીર-૧૧
તકરાર-૧૨૯
તકલીફ-૧૪૯, ૧૮૯, ૨૩૦, ૨૪૯, ૨૫૯, ૨૬૧, ૨૯૮, ૩૨૨, ૩૮૬, ૪૧૬, ૪૨૨, ૪૫૨, ૪૬૪
તકસીર-૧૩૪, ૨૦૬
તખ્ત-૧૩૦
તજવીજ-૧૩૧, ૧૯૩, ૨૭૮
તડકો-૨૮૫
તત્વ (તત્વો)-૩૩૧, ૪૦૭, ૪૯૧
તંદુરસ્તી-૧૮૭, ૨૭૩, ૩૩૨, ૩૭૮, ૩૮૦, ૪૦૨, ૪૧૯, ૪૨૩, ૪૨૭, ૪૨૯, ૪૪૨, ૪૪૩, ૪૪૭, ૪૭૭, ૪૮૮, ૪૮૯
તપાસ ૯૪, ૪૧૦

તફાવત–૨૮૪
તબીયત–૪૭૬
ત્યાગ–૭૭, ૨૯૫, ૩૩૩, ૪૦૧, ૪૦૨
તરકકી– ૨૪૬
તરફદારી–૫૧
તરીકો (તરીકા)–૧૩૦, ૨૫૭
તવારીખ–૯૬, ૩૦૧, ૩૯૪, ૪૮૩
તસબીહ–૭૪, ૮૮
તહોમત–૧૫૫
તંગી–૪૫૯
તાકાત–૭૮, ૮૨, ૧૧૪, ૨૦૧, ૨૨૧ ૨૨૩, ૨૪૦, ૩૦૩, ૩૬૩, ૪૫૭, ૪૬૧
તાજીયાદારી–૨૪૬
તાઝગી–૪૧૨
તાબુત–૫૬
તાબેદારી–૧૦૪
તારવણી (ફરમાનોની)–૩૨૧
તારીખ–૩૫૯, ૩૮૪, ૩૮૫, ૪૩૫
તારીફ–૧૯, ૧૭૦
તાલીમ–૪૮, ૫૦, ૫૨, ૮૫, ૧૦૫, ૧૩૧, ૧૬૩, ૨૪૬, ૪૪૩
તાવ–૪૭૦
તાવિજ-૩૨૨
તુલાવિધી–૩૮૫, ૩૯૪
તેલ-૨૭૭
તોક–૬
તૌબા–૧૨૯
થાપણ–૩૨૩
થારીયા ટોપણ–૨૦૪
દર્દી–૪૪૪
દર્દો–૪૧૮
દબાણ–૩૭૯, ૩૯૩
દર(વ્યાજના)–૩૨૫, ૪૨૫, ૪૨૬
દરજ્જો–૨૬૦, ૨૭૬
દરબાર–૧૮૦
દવા (દવાઓ)–૮૧, ૮૨, ૯૨, ૨૬૮ ૩૦૧, ૩૭૬, ૩૯૮, ૪૦૯, ૪૬૪, ૪૬૮
દસ્ત–૨૮૦
દસ્તબોશી–૧૪૬, ૧૪૮, ૩૧૬
દંપતી–૩૭૯
દ્રષ્ટાંત–૪૩૧, ૪૪૫
દ્રષ્ટિ–૩૩૧, ૩૪૪, ૩૬૮, ૪૦૫, ૪૨૮
દાઇ (મીશનરી)–૨૪૮, ૪૯૩
દાઇ (સુયાણી)–૪૧૬, ૪૫૦
દાઉદ ખાનમામદ–૧૫૦, ૨૬૬
દાખલો ૧૫૯, ૧૬૪, ૨૦૧, ૨૧૨, ૨૨૭, ૨૭૮, ૩૬૦, ૪૪૭, ૪૬૪, ૪૮૬
દાતણ–૪૦૮
દામન–૨૨૬
દ્રોહ–૩૭૧
દિકરી–૧૪, ૨૫ ૩૬, ૫૭, ૫૮, ૫૯, ૧૯૪, ૨૦૭ ૨૧૨, ૩૧૬, ૩૫૬, ૩૮૦
દિકરો (દિકરા)–૪૪, ૯૪
દિદાર–૧, ૨૭, ૨૮, ૩૬, ૩૮, ૧૦૭, ૧૮૪, ૨૦૮, ૨૨૫, ૨૫૯, ૨૮૦, ૨૯૯, ૩૦૦, ૩૨૭ ૪૩૨, ૪૫૫ ,૪૬૦, ૪૭૨

દિલ–૧૧, ૪૨, ૬૫, ૧૧૫, ૩૧૦, ૪૭૨, ૪૮૬. ૪૯૦
દિલગીર (દિલગીરી)–૩૦૩, ૮૦, ૩૯ ૪૬,
દિશા–૪૨૨
દીન–૫, ૮, ૧૧, ૨૦, ૩૧, ૩૬
દુઆ–૯, ૩૪, ૧૧૨, ૧૪૬, ૧૪૮, ૨૫૩, ૪૭૨, ૪૮૩
દુકાન–૧૧૪, ૨૨૫, ૨૩૫, ૨૬૩, ૨૮૧, ૩૧૧, ૩૧૫, ૩૫૫, ૩૬૯, ૩૮૯, ૪૪૩, ૪૫૮
દુઃખ (દુઃખો)–૧૭, ૩૬, ૩૦૬, ૩૬૦, ૩૬૧
દુઃખાવો–૨૧૬, ૩૯૮, ૪૮૪
દુધ–૧૦૦, ૨૧૩, ૨૭૩, ૨૭૪, ૨૭૭, ૨૯૮, ૩૧૧. ૪૦૨, ૪૦૭
દુનિયા–૧૬, ૨૮, ૩૨, ૩૪, ૩૬, ૪૧, ૪૩, ૬૦, ૬૮, ૬૯, ૭૧, ૭૨, ૭૩, ૮૬, ૯૦, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૨૬, ૧૩૪, ૧૩૫, ૧૪૧, ૧૫૦, ૧૯૭, ૧૯૮, ૨૦૨, ૨૨૩, ૨૩૦, ૨૪૪, ૨૫૯, ૨૮૬, ૨૯૪, ૩૦૮, ૩૩૦, ૩૪૨, ૩૪૭, ૩૫૧, ૩૫૨, ૩૬૦, ૩૬૮, ૩૭૯, ૩૮૨, ૩૯૧, ૩૯૬, ૪૦૫, ૪૩૨, ૪૪૬, ૪૬૬
દુશ્મન–૪, ૧૬. ૨૦૧, ૩૦૬, ૩૩૨, ૩૬૧, ૪૪૬
દુશ્મની (દુશ્મનાવટ)–૧૩૦, ૧૬૫, ૧૭૮, ૨૪૬, ૩૧૮, ૩૩૨, ૩૬૧, ૩૬૮
દેખરેખ–૧૩૯
દેખાવ–૪૪૩
દેશ (દેશો)–૨૦૪, ૨૦૬, ૨૧૧, ૩૩૨, ૪૩૦
દેશાટન–૧૪૨, ૧૮૦, ૨૬૩
દેશાવર–૨૩૩
દોર–૪૧૫
દોરવણી–૩૯૩
દોલતમન્દ–૨૯૦
દોસ્તી–૧૪૭, ૧૫૬
દોષ–૧૪૭
ધડો–૧૫૪
ધણી–૧૬૪, ૩૩૬
ધર્મ (ધર્મો)–૭૩, ૯૮, ૩૨૧, ૩૭૦, ૩૭૯, ૪૧૯
ધ્યાન–૫૨, ૮૨, ૧૨૩, ૧૩૮, ૧૬૫, ૧૬૬. ૧૮૫, ૧૮૯, ૨૫૧, ૨૯૩, ૩૦૩, ૩૦૬, ૩૩૦, ૩૩૬, ૩૩૮, ૩૩૯, ૩૪૯, ૩૬૧, ૩૭૭, ૩૮૨, ૩૯૪, ૪૨૮, ૪૭૩
ધ્યેય–૪૩૨
ધંધો (ધંધા)–૨૨, ૨૫, ૮૩, ૧૦૦, ૧૧૬, ૧૨૨, ૧૪૩, ૧૬૯, ૧૮૩, ૨૨૮, ૨૪૦, ૨૫૨, ૩૩૦, ૩૬૮, ૩૮૯, ૪૪૨, ૪૪૮, ૪૬૯, ૪૮૦, ૪૮૧
ધામ–૨૦૪
ધાસ્તી–૧૯૯, ૨૦૩
ધીરધાર–૧૬૭, ૨૯૭
ધોરણ–૪૨૮, ૪૭૫. ૪૭૬, ૪૭૯, ૪૯૦

નકલ—૩૧૫
નજર—૩૮, ૩૯, ૭૪
નજરઅલી હાશમ—૪૫૨
નદી—૫
નફરત—૪૬૪
નફો—૪૨, ૧૫૩, ૨૫૧
નબળાઇ—૨૧૬, ૨૩૨, ૪૭૭
નમન—૧૨૩
નમાઝ—૨૩૨, ૪૫૧
નમુના—૧૮
નવરોઝ—૧૧૬
નસિહત (નસિહતો)—૬૩, ૧૧૧, ૧૧૨, ૧૧૫, ૧૮૪, ૧૯૦, ૨૯૮, ૩૩૫
નર્સો—૩૦૪
નાઇ-તેફાકી—૪૮૭
નાણા (નાણુ)—૧૧૮, ૨૧૭, ૨૧૮, ૩૧૯, ૩૨૧, ૩૨૫, ૩૩૮, ૩૫૮ ૩૫૯, ૩૬૪, ૩૭૨, ૩૭૪, ૩૭૫ ૩૮૧, ૩૮૩, ૩૯૦, ૪૨૫, ૪૪૦, ૪૪૧, ૪૪૫
નાણી—૩૦૯
નાદાની—૨૭૦
નામોશી—૧૨૦
નારંગી બાગ—૪૫૩
નિકાલ—૮૩
નિકાહ—૮૮, ૨૯૫
નિર્ણય—૧૮૦
નિતી—૩૭૨
નિમક—૩૬૩, ૪૪૨
નિમણુંક—૨૩૩, ૨૪૯, ૨૭૭, ૨૯૫ ૩૦૦, ૪૩૭
નિયમ નિયમો—૮૯, ૩૫૧, ૪૭૬
નિવેડો— ૭૬, ૮૩, ૯૭, ૪૩૮
નિશાની—૭, ૧૧, ૨૧૩, ૪૪૦
મિષ્ઠા—૨૯૪
નિશ્ચય—૩૬૧, ૪૪૦
નુકશાન (નુકશાની)—૮૬, ૧૦૧, ૧૧૫, ૧૬૪, ૧૮૪, ૨૧૪, ૨૬૧, ૨૬૫, ૨૯૨, ૩૦૬, ૩૩૩, ૩૬૧, ૩૬૮, ૩૭૫, ૩૮૩, ૩૮૮, ૩૯૩ ૪૦૦, ૪૫૧, ૪૬૨, ૪૬૫
નુર—૬૧, ૧૯૭, ૩૦૨
નોકરી (નોકરીયો)—૨૦, ૧૦૭, ૧૩૬, ૧૪૭, ૨૦૦, ૨૯૧, ૩૭૨
નોકરો—૩૦૯, ૪૨૬, ૪૩૯
નોટ—૩૬૧, ૪૦૧, ૪૬૧, ૪૬૩, ૪૬૫, ૪૬૬
નોવેલ—૪૯૦
પઇસા (પઇસાદાર)—૫૮, ૬૨, ૯૭, ૧૧૮, ૧૨૪, ૧૯૯, ૨૫૩, ૨૭૧ ૨૭૩, ૨૯૧, ૩૮૧, ૪૮૧
પકવાનો—૪૭૩
પગ—૪૪, ૭૩, ૧૩૭, ૨૧૨, ૨૧૪, ૨૨૨, ૩૧૪ ૩૨૭, ૩૩૫, ૩૪૧
પગલું—૧૯૨
પટેલ (કોમ)—૧૧૭
પડદામાં—૫૫
પદાર્થો—૩૫૨, ૪૧૨, ૪૭૮
પપાઇ—૩૬૩, ૩૭૮
પયગમ્બર—૩૬૪, ૪૧૯
પ્યાર—૮૧, ૮૭, ૧૩૭, ૧૮૬, ૨૧૨, ૨૨૩, ૨૭૯, ૪૬૭

પ્યાલી (નુરની)–૧૦
પરવાનગી–૧૭૯
પરિણામ–૨૦૫
પસ્તાવો–૩૭૦
પહેરવેશ–૨૫૯. ૪૧૩, ૪૧૪.
પક્ષ–૯૬, ૨૫૩, ૩૭૩
પક્ષપાત–૧૫૮
પક્ષી (બાજ)–૧૬૫
પત્રિકાઓ–૩૩૮, ૩૪૯, ૩૫૧, ૪૧૬
પંજેભાઇ (પંજેભાઇઓ)–૪, ૨૧, ૧૨૭, ૧૫૪, ૧૫૬, ૧૬૦, ૧૭૫, ૨૯૩
પંજો (પંજા)–૧૦૨, ૩૦૨
પ્રકાર–૪૭૭
પ્રગતી–૧૪૭, ૧૯૭, ૨૪૭, ૪૩૧, ૪૩૮, ૪૮૮
પ્રચાર–૧૬૦, ૧૬૭, ૨૦૬, ૨૦૭, ૨૨૧, ૩૦૬, ૩૦૭, ૩૮૦, ૩૮૧, ૪૬૧
પ્રજા–૯૧, ૨૦૧, ૩૮૨, ૪૦૪, ૪૦૫, ૪૧૦, ૪૧૩
પ્રજાજન–૪૦૪
પ્રથા–૩૬૬
પ્રદેશ–૨૦૪, ૨૫૨, ૩૩૪, ૪૩૧
પ્રમાણ–૯૨, ૧૦૧, ૧૫૬, ૧૭૨, ૧૮૩, ૨૧૩, ૨૨૯, ૩૦૫, ૩૧૪, ૩૧૯, ૩૨૨, ૩૨૬, ૩૩૧, ૩૩૪, ૩૪૦. ૪૨૮, ૪૩૬, ૪૪૦, ૪૪૨, ૪૪૪, ૪૪૭, ૪૬૩
પ્રયત્ન (પ્રયત્ને)–૩૦૩, ૩૩૩, ૪૨૧
પ્રવાસ–૧૧૩, ૩૩૩
પ્રસંગ–૯૮, ૨૧૧, ૨૮૨, ૨૯૩ ૩૫૫, ૩૬૯, ૩૯૩, ૩૯૪, ૪૧૭, ૪૧૮
પાટનગર–૩૭૪
પાર્ટીઓ–૮૩, ૧૬૫, ૪૫૦
પાણી–૧૩૪, ૧૩૫, ૧૪૩, ૧૫૭, ૧૬૬, ૧૮૭, ૩૪૫, ૩૪૮, ૩૯૮, ૪૦૩, ૪૦૬. ૪૪૭
પાદરી–૨૪૩
પાપ (પાપો)–૨૯૬, ૩૫૨, ૩૬૦
પાયતખ્ત–૬૯
પાયો–૩૦, ૭૫, ૯૨, ૧૦૮, ૧૨૦, ૧૩૬, ૧૪૪, ૧૫૧, ૧૭૦, ૧૯૩
પારસીયો–૩૭, ૪૪૦
પારૂ (વારસ)–૪૪૬
પાલન–૨૮૭, ૨૯૨, ૨૯૪, ૪૩૫
પાવર–૫૬ ૨૮૦
પિતા–૩૦, ૫૬, ૫૭, ૭૩, ૭૪, ૮૩ ૯૯, ૧૦૩, ૧૨૨, ૧૩૬, ૧૪૦, ૧૫૨, ૧૫૯, ૧૬૩, ૧૮૧, ૧૮૬, ૧૮૮. ૨૦૭, ૨૭૫, ૨૯૪, ૩૦૧, ૩૧૨, ૩૩૫, ૩૫૪, ૩૬૫, ૩૬૭, ૩૭૬, ૩૯૧, ૪૦૬, ૪૧૧, ૪૫૪, ૪૫૫
પ્રીત–૯૪
પીડા–૪૨૯
પીણા (કેરી)–૨૯૨, ૨૯૫, ૪૧૩
પીર (પીરો)–૪૦૪, ૪૭૩, ૪૯૦
પીરમહમદ હુદભાઇ–૪૬૧, ૪૬૮
પુઠીયું–૩૫૩, ૩૬૪
પુર્નલગ્નો–૪૩૮

પુસ્તકો (પુસ્તીકાઓ)–૩૦૧, ૩૧૩, ૩૯૩, ૪૦૧, ૪૭૨, ૪૯૦
પુષ્પ–૪૯૧
પેઢી (પેઢીઓ)–૮૦, ૩૪૩, ૩૬૮, ૩૮૨, ૪૨૪
પ્રેમ–૯૮, ૪૮૧
પોઝીશન–૧૬૭
પોશાક–૪૧૫, ૪૫૭
પોષણુ–૪૭૬
પ્રોપેગન્ડા–૧૫૨–૪૮૧
ફરજ–૧૭, ૨૧, ૨૯, ૫૦, ૫૧, ૬૮, ૭૫, ૮૯, ૯૫, ૧૦૦, ૧૦૧ ૧૦૨, ૧૦૬, ૧૧૧, ૧૨૬, ૧૩૫, ૧૩૮, ૧૩૯, ૧૫૬, ૧૫૯, ૧૬૦, ૧૬૩, ૧૬૪, ૧૭૪, ૧૭૫, ૧૮૬, ૧૮૯, ૧૯૦, ૨૦૧, ૨૨૨, ૨૩૭, ૨૪૯, ૨૮૧, ૨૮૪, ૩૦૭, ૩૦૮, ૩૧૭, ૩૩૩, ૩૩૫, ૩૪૨, ૩૬૫, ૩૬૭, ૩૮૧, ૩૮૩, ૩૮૬, ૩૮૭, ૪૦૨, ૪૦૩, ૪૧૦, ૪૧૭, ૪૨૦, ૪૩૪, ૪૩૭, ૪૩૮, ૪૫૬, ૪૬૯, ૪૭૧, ૪૭૯, ૪૯૩
ફરજંદ (ફરજંદો)–૧૧, ૨૫, ૨૭, ૪૩, ૧૪૮, ૨૧૦, ૨૨૫, ૨૨૭, ૨૫૩, ૨૭૦, ૪૮૨
ફરજંદ (રૂહાની–હકીકી)–૮, ૯, ૧૧, ૧૫, ૧૭, ૨૫, ૨૭, ૩૦, ૩૮, ૫૫, ૬૦, ૬૪, ૭૮, ૯૪, ૧૪૬, ૧૫૦, ૧૫૨, ૧૫૫, ૧૫૭, ૧૬૧, ૧૬૬, ૧૭૪, ૧૭૮, ૧૮૧, ૧૮૨, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૯૪, ૧૯૬, ફરજંદ (ચાલુ)–૧૯૭, ૨૧૦, ૨૧૬, ૨૨૨, ૨૨૫, ૨૩૨, ૨૫૯, ૨૬૯, ૨૮૦, ૨૮૩, ૩૨૯, ૪૦૬, ૪૨૦, ૪૨૪, ૪૨૫, ૪૬૭, ૪૭૨, ૪૮૫, ૪૮૭
ફરમાન–૩૪૪, ૩૪૬, ૩૪૮, ૩૪૯
ફરમાનબરદારી–૬૨
ફરેબ–૨૩, ૪૮૭
ફલેગ–૧૯૭
ફળ (ફળો)–૧૭૧, ૧૭૪, ૧૭૫, ૧૯૭, ૩૬૩, ૪૫૩, ૪૬૫
ફાયદાકારક–૨૩૮, ૩૨૫
ફાયદો (ફાયદા)–૮૬, ૧૦૯, ૧૧૨, ૧૧૩, ૧૧૫, ૧૨૯, ૧૫૫, ૧૬૪, ૧૭૭, ૧૭૮, ૧૮૫, ૧૮૬, ૧૯૩, ૧૯૪, ૧૯૯, ૨૦૧, ૨૧૧, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૨૦, ૨૨૧, ૨૨૩, ૨૨૮, ૨૩૨, ૨૩૫, ૨૪૦, ૨૪૩, ૨૪૫, ૨૫૧, ૨૫૪, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૮, ૨૮૪, ૨૮૫, ૨૮૭, ૨૯૦, ૩૦૬, ૩૦૭, ૩૧૨, ૩૧૩, ૩૧૫, ૩૧૭, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૮, ૩૪૬, ૩૪૯, ૩૫૦, ૩૫૧, ૩૫૨, ૩૫૮, ૩૬૨, ૩૬૩, ૩૬૬, ૩૭૩, ૩૮૦, ૩૯૬, ૩૯૭, ૩૯૯, ૪૦૧, ૪૦૩, ૪૦૭, ૪૦૮, ૪૧૧, ૪૪૫, ૪૭૨, ૪૮૮
ફિતનો (ફિતના)–૩૦, ૮૩, ૨૪૯, ૨૪૬
ફિલ્ડ–૯૨
ફિલ્મો–૩૮૧

ફિલસુરી (દશઅવતારની)–૪૭૩
ફિસાદ–૨૨૭
ફુલ–૧૨૮, ૧૯૭
ફુટ–૨૧૩
ફેરફાર–૪૫૩, ૪૯૧
ફેરો–૩૫૨
ફેલાવો–૪૫, ૧૪૨, ૧૫૦, ૨૭૭
ફેંસલો–૬૨, ૭૬, ૯૬
બકાલુ–૨૯૦
બગાડ–૩૩૯
બગીચો (બગીચા)–૯૨, ૧૨૮, ૩૧૨, ૩૪૭, ૪૫૩
બચત–૨૯૫, ૨૯૬, ૨૯૭, ૩૧૦
બચાવ–૬૨, ૩૧૭, ૩૨૪, ૩૩૫, ૩૭૩
બદલો (બદલા)–૧૦, ૨૯, ૬૦, ૭૦, ૯૯, ૧૦૪, ૧૦૭, ૧૦૮, ૧૧૯, ૧૨૦, ૧૨૩, ૧૨૭, ૧૩૫, ૨૦૫, ૩૨૨, ૩૮૮
બદીયો–૩૬૧
બન્દગી–૨૫
બયાન–૨૪૬
બરકત–૧૪, ૨૫, ૩૦, ૧૦૯, ૧૫૮, ૧૮૩, ૩૧૩, ૩૪૬, ૩૫૬, ૪૬૫
બરબાદી–૪૧૨, ૪૬૩
બસરીયા (વઝીર)–૧૨૬, ૨૪૫
બહેતરી–૨૧૮, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૨૯, ૩૪૬, ૩૬૦, ૩૭૬, ૩૮૨, ૩૮૫, ૪૦૫, ૪૬૫
બળ (બળો)–૨૪૮, ૪૩૦, ૪૩૧
બક્ષામણી–૩૩
બક્ષીશ–૩૧૧, ૪૪૩
બંગલો (બંગલાઓ)–૯૯, ૧૦૫
બંદોબસ્ત–૧૧૨, ૧૭૩, ૧૯૦, ૨૧૧, ૨૨૮, ૩૮૬, ૩૯૫
બંધાણી–૪૬૧
બાગ–૨૫૬
બાજરી (બાજરો)–૨૨૦, ૪૦૮
બાજી–૭૨, ૪૮૮
બાપ (રૂહાની)–૭૦, ૧૮૧, ૪૮૫
બિમારી–૧૧૫, ૧૧૬, ૧૨૦, ૨૦૧, ૨૧૦, ૨૧૭, ૨૨૦, ૨૪૪, ૨૬૬, ૩૦૩, ૩૦૫, ૩૨૭, ૩૨૮, ૩૫૨, ૩૫૭, ૩૬૨, ૩૬૬, ૩૭૬, ૩૭૯, ૪૦૮, ૪૦૯, ૪૬૨, ૪૬૪, ૪૬૬, ૪૭૦, ૪૭૧, ૪૭૩, ૪૭૬
બિરાદરો–૭૩, ૪૩૦
બીઝનેસ–૪૮, ૧૮૩
બીથરે ડબલ્યુ ડી.–૪૨૨
બીયર–૪૪૭
બુક–૩૧૧
બુધ્ધિ–૪૪૨, ૪૮૧
બુમ (બુમો–૮૬
બેઇજ્જતી–૩૪૪
બેકારી–૧૬૩, ૨૬૩
બેગમ (રાણીમાતા)–૩૦૯, ૩૧૦
બેન્ક (બેન્કો)–૯૧, ૧૬૭, ૨૧૪, ૩૪૫, ૪૨૨
બોજો–૨૨૨, ૩૪૪, ૪૧૫
બોર્ડ–૩૪૨, ૪૭૯
બોર્ડિંગ–૭૨, ૩૬૫
બોધ–૧૭૧, ૩૫૫, ૩૭૦

બોમ્બ (એટમ)–૪૩૧
ભરણપોષણ–૪૩૭
ભરોસો–૭૬, ૨૭૩
ભલામણ–૧૦૧, ૧૨૦, ૧૩૩, ૨૩૪, ૨૩૬, ૨૪૯, ૨૬૪, ૨૭૫, ૨૮૬, ૨૮૯, ૩૮૬, ૪૮૧
ભવિષ્ય–૪૪, ૧૪૧, ૨૦૨, ૩૫૨, ૩૯૫, ૪૮૦
ભાઇચારો–૩૬૬
ભાગ (ભાગો)–૨૦૩, ૩૧૭, ૪૨૫, ૪૩૦, ૪૭૭
ભાગીદાર–૪૬
ભાતી–૪૮૧
ભાવ (ભાવો)–૧૯૮, ૨૫૫, ૩૨૬, ૩૭૪, ૪૨૭, ૪૪૧
ભાવના–૨૮૨
ભાવી–૪૮૧
ભાષણ (ભાષણો)–૬૫, ૧૯૩, ૧૯૫, ૩૦૭, ૩૬૬, ૪૨૦
ભાષા–૪૯, ૮૦, ૧૩૯, ૧૪૬, ૧૬૩, ૧૭૬, ૨૬૧, ૩૪૦, ૩૪૧, ૩૪૪, ૩૬૪, ૩૭૧, ૪૦૧, ૪૦૪, ૪૩૯, ૪૭૫, ૪૮૧, ૪૮૩
ભેટ (ભેટો)–૨૦૫, ૨૦૯, ૪૨૫
ભેદ–૭૧, ૧૧૭
ભેદભાવ–૨૪૨, ૨૫૦, ૨૮૮, ૩૬૭
ભુલ–૭૯, ૧૪૮, ૨૨૦
મકસદ–૧૪૩. ૧૫૬
મકાન (મકાનો)–૪૮, ૨૪૨, ૩૫૨, ૪૨૬, ૪૬૧
મગજ–૨૦૮, ૨૨૨, ૪૪૦
મચ્છર–૪૦૭
મચ્છરદાની–૧૨૦, ૪૦૭
મચ્છી–૩૬૨
મજા–૩૦૮
મજુરી–૪૬૨
મઝહબ–૨, ૨૦, ૪૧, ૪૩, ૬૦, ૭૬, ૧૦૫. ૧૫૫, ૧૮૭, ૧૯૪, ૨૦૮, ૨૧૦, ૨૪૬, ૩૦૧, ૩૨૦, ૩૭૧, ૩૮૭, ૪૦૪, ૪૯૬
મત–૬૨, ૧૧૭, ૧૮૭, ૪૮૫
મતભેદ–મતફેર–મતફેરી–૬૩, ૩૦૨, ૪૮૪
મતલબ–૮૪, ૮૬, ૮૭, ૧૧૩, ૧૭૩, ૨૬૩
મદદ ૪૩૮, ૪૫૦, ૪૭૮, ૪૯૩
મન–૯૮
મરજી–૩૫૮
મરણ–૧૫૩, ૪૬૩
મરદ–૮૬
મલાઇ–૩૬૨
મહેનત–૫૬, ૮૦, ૧૪૪, ૧૭૪, ૧૮૭, ૧૮૯, ૧૯૮, ૨૧૪, ૨૩૭, ૨૮૯, ૩૦૪, ૩૧૪, ૪૫૪
મહોબત–૮, ૨૫, ૩૯, ૪૧, ૧૧૬, ૧૩૪, ૧૫૯, ૨૧૪, ૩૮૦
મહોર–૪૫૧, ૪૮૪
મંજલ–૩૫૮
મંડપ–૩૨૦, ૩૩૦
મંડળી (મંડળીઓ)–૯૭, ૧૨૩, ૨૨૧
મા (માતા)–૧૦૧, ૧૨૬, ૧૮૯, ૨૭૦, ૨૭૪, ૨૭૭, ૨૭૯, ૩૧૧, ૩૩૬
માર્ગ–૪૨૪, ૪૩૧
માનતા (માનતાઓ)–૩૩, ૯૭, ૧૭૦
માન્યતા ૪૪૫
માફી–૧૦૨
મામદ અમરેલીવાળા (વારસ)–૧૭
મામદ અલીભાઇ હકીમજી–૨૩

મામદ નાસર-૧૦૯
મામદ રેમુ (વઝીર)-૨૪૫
મામદ વારસ રહેમતુલા-૩૩
માયના-૨, ૧૬૮, ૧૮૬, ૧૯૪, ૨૦૦, ૨૧૫, ૨૩૭, ૨૪૮, ૩૦૮
માલ-૨૪, ૧૦૫, ૩૮૦
માલેવાજબાત-૩૭૯, ૪૦૪, ૪૫૭
માવજત-૧૫૧, ૨૧૦, ૨૧૭, ૨૨૯, ૨૪૭, ૨૫૧, ૨૬૪, ૨૭૬, ૨૮૫, ૩૩૮, ૩૩૯, ૩૫૧, ૪૦૨
માસ-૭૬, ૯૫
માસ્તરો-૮૫
માહિતી-૩૪૩, ૪૧૫
માંગણી-૧૫૨
માંદગી-૧૮૦
માંસ-૩૭૮
મીજબાનીઓ-૨૯૬
મીજલસ (મીજલસો)-૭૧, ૧૫૪, ૧૬૦, ૧૬૯, ૧૭૫, ૨૦૨, ૨૮૬, ૪૭૭
મીટીંગ-૧૩૪, ૧૭૮, ૧૮૫, ૨૯૦
મીઠાશ-૪૧૯, ૪૨૩
મીશન-૨૮૮
મીશનરી (મીશનરીઓ)-૫૩, ૧૫૬, ૧૫૯, ૧૬૦, ૧૭૦, ૨૧૫, ૩૧૩, ૩૭૦, ૪૮૯, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૪૯૩
મુક્તિ-૩૬૦
મુડી-૯૧, ૧૬૪, ૨૭૮, ૩૩૩, ૩૫૦, ૩૫૮, ૪૨૬
મુડીવાળા-૯૦
મુર્તી-૪૧
મુદ્દો (મુદ્દા)-૧૩૯, ૧૮૬, ૨૦૮, ૪૪૫
મુલ્ય-૧૩૩, ૪૨૫
મુલાકાત-૮૭, ૧૬૭, ૧૮૭, ૧૮૮, ૨૦૭, ૨૯૮, ૩૧૯, ૩૨૪, ૩૪૭, ૩૮૪, ૩૯૨, ૪૮૫
મુશ્કીલકુશા-૪૮૫
મુશ્કેલી-૧૫૬, ૩૦૭, ૪૪૬
મુસ્તનસિરબિલ્લાહ (પહેલા)-૩૮૪
મુસ્લિમ (મુસ્લિમો)-૧૧, ૨૯૧, ૪૨૯, ૪૩૦, ૪૭૬
મુસાફરી-૨૧૨, ૨૯૭, ૩૨૬, ૩૪૩, ૪૩૩, ૪૯૦
મુળ-૪૯, ૧૧૭
મેઘજી મુરજી (મુખી)-૧૩૭, ૧૫૪
મોકો (મોકા)-૧૦૨, ૨૭૬, ૪૭૧
મોજમજાહ-૩૫૫
મોજીઝો-૧૭૨
મોટર (મોટરો)-૧૭૬, ૨૫૧, ૩૧૭, ૩૩૫
મોભો-૧૨૫
મોમન-૧, ૨, ૪, ૫, ૧૦, ૧૩, ૧૬, ૨૧, ૧૦૭, ૧૩૦, ૧૫૫, ૧૬૮, ૧૮૫, ૨૩૫, ૨૩૬
મોહ-૩૪૮, ૩૧૪
યઝીદ-૨૪૬
યઝીદી (કોમ)-૧૩૫
યાદ ૮૧, ૯૮, ૧૦૯, ૧૧૭, ૧૨૦, ૧૨૨, ૧૬૬, ૧૭૮, ૧૮૫, ૧૮૮, ૧૯૩, ૧૯૭, ૧૯૮, ૨૦૮, ૨૧૪, ૨૨૪, ૨૨૫, ૨૨૭, ૨૩૯, ૨૪૩, ૨૫૭, ૨૬૦, ૨૭૫, ૨૯૮, ૩૧૨, ૩૨૪, ૩૪૬, ૩૯૮, ૪૭૨
યાદગીરી-૧૮૯
યાદી-૪૬૦
યુનિવર્સીટીઓ-૪૪૦
યુવાન (યુવાનો) ૧૯૬, ૩૧૫, ૩૨૧, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૫૩, ૩૭૦

યોજનાઓ—૩૬૫, ૩૭૭
રઇયત—૨૭૪
રકમ (રકમો)—૧૩૭, ૨૦૯, ૨૮૬, ૩૧૦, ૩૧૮, ૩૫૮, ૩૬૪, ૩૯૦, ૩૯૨, ૪૨૬, ૪૩૨, ૪૩૩, ૪૭૧, ૪૮૪
રચના ૧૦૯
રજવાડા—૧૮૪
રજા—૩૦૦, ૪૨૮
રમત (રમતો)—૩૯૨
રસ—૪૩, ૨૦૦, ૨૦૧, ૨૧૬, ૨૩૭, ૪૧૨, ૪૧૩, ૪૮૦
રસ્તો (રસ્તા)—૬૮, ૭૭, ૭૮, ૮૬, ૧૧૫, ૧૧૮, ૧૪૨, ૧૭૩, ૧૮૬, ૨૩૭, ૨૮૮, ૨૯૭ ૩૬૫, ૩૭૬
રસમ (રસમો)—૪૩, ૪૪, ૧૧૮, ૧૭૩, ૪૮૪
રસ્સી—૨૦૮
રસી (ઇન્જકશન)—૪૮૯
રહીમ (વઝીર)—૬૬, ૧૨૬, ૧૩૨, ૨૪૫
રહેમત—૧૮, ૨૪૮
રહેમતુલા વાલજી (મુખી)—૧૦૮, ૧૦૯
રક્ષક—૨૮૧
રક્ષણ—૧૮૯, ૩૭૯, ૪૩૧
રંગ—૧૬૩, ૪૯૧
રંજ—૨૨૭
રાજનીતિ—૪૭૮
રાજ્ય (રાજ્યો)—૯૬, ૨૦૮, ૨૨૮, ૨૭૯, ૩૩૨, ૩૭૯, ૪૦૩, ૪૦૪, ૪૪૧
રાજા—૧૬૫
રાજીનામું—૯૬
રાત—૨૫૪
રાહ—૩૮૦, ૩૮૭, ૪૨૩
રાહેરાસ્ત—૪૯૦
રીઝર્વ ફંડ—૩૨૩
રીત (રીતો—રીતે—૮૨, ૨૦૭, ૨૧૯, ૨૫૩, ૩૯૬, ૪૭૮
રીપોર્ટ—૫૫, ૩૪૩, ૪૫૪
રીવાજ—૪૭, ૭૬, ૧૨૪
રૂઢી (રૂઢીઓ—૨૬૩, ૩૭૮, ૩૯૬ ૪૭૭
ઋતુ—૨૫૨, ૨૯૧
રૂપીયા ૯૧, ૧૧૩, ૧૬૪, ૨૧૯, ૨૫૧, ૨૭૦, ૩૯૫, ૪૬૫, ૪૭૧, ૪૮૧
રૂહ—૩, ૫, ૭, ૯, ૯૪, ૩૧૨
રૂહાનિયત—૨૦૩
રેલી—૩૩૭
રોકાણ—૨૨૩, ૨૯૬, ૩૮૯
રોગ (રોગો)—૮૬, ૧૪૨, ૩૯૮
રોજી—૧૯૩, ૨૬૮, ૨૭૮
રોટલી (રોટલા)—૨૨૧, ૨૮૭, ૪૦૮
રોશની—૪૫, ૬૧, ૧૨૩
લકબ—૫૩
લગ્ન (લગ્નો)—૭૫, ૮૩. ૧૨૮, ૩૧૩, ૩૨૨, ૩૪૧, ૩૫૩, ૩૭૯, ૩૯૫, ૪૧૮, ૪૧૯, ૪૩૮, ૪૪૩
લડાઇ—૧૧. ૧૦૨, ૧૭૪, ૩૭૭
લશ્કર—૨૯, ૩૪, ૩૮, ૪૧, ૫૨. ૮૯, ૧૩૦, ૧૭૨, ૧૭૩, ૧૮૭, ૧૯૮
લાઇટ—૮૨, ૪૯૧
લાઇન—૧૮૩, ૨૦૩, ૪૪૮, ૪૮૦, ૪૮૧
લાઇબ્રેરી—૩
લાગણી—૩૯૪, ૪૧૩, ૪૨૧, ૪૯૩
લાગવગ—૪૨૯
લાજ (ધુમટો)—૧૧૮

લાનત–૨૪૬
લાભ–૧૧૩, ૧૧૬, ૧૪૨, ૧૬૭, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૯, ૨૧૫, ૨૨૬, ૨૪૭, ૨૪૯, ૨૬૨, ૨૮૮, ૩૦૦, ૩૦૬, ૩૦૮, ૩૧૪, ૩૧૭, ૩૨૫, ૩૩૯, ૩૪૫, ૩૪૭, ૩૪૮, ૩૫૧, ૩૫૫, ૩૫૯, ૩૭૩, ૩૭૬, ૩૮૨, ૩૯૯, ૪૦૧, ૪૦૪, ૪૦૯, ૪૧૯, ૪૩૪, ૪૪૩, ૪૭૧
લાયબીલીટીઝ–૪૨૩
લાલચ–૮૩
લીડર–૮૦, ૧૦૯, ૨૪૧, ૪૮૫
લીપી–૪૭૩
લુગડા–૩૭
લેક્ચર–૧૧૧, ૧૯૩, ૨૨૨, ૩૩૪
લેણદેણ–૯૮
લબાસ–૫૯
લેવડદેવડ (છોકરીની)–૧૪૦
લોહી–૬૧, ૩૦૧, ૩૪૧
વર્કશોપ–૨૮૬
વર્ગ–૨૦૦, ૩૪૩, ૪૧૫, ૪૨૮
વતન–૧૦૬, ૧૪૪, ૨૦૬, ૪૫૨
વપરાશ ૩૭૭, ૪૪૭
વતની–૧૪૯
વફાત–૧૮૧
વફાદાર–૪૩૫, ૪૭૪
વફાદારી–૨૯૩, ૩૬૯, ૩૮૧, ૪૧૫, ૪૧૯, ૪૫૩
વ્યક્તિઓ–૪૨૧
વ્યય–૨૯૬
વ્યવસ્થા–૨૦૯, ૨૧૧, ૨૪૯, ૨૭૨, ૨૯૦, ૪૧૦
વ્યાજ–૨૩૬, ૩૫૯, ૩૭૨, ૪૦૦
વરસાદ (રહેમતનો)–૮૫
વલણ ૧૭૩
વસ્તી ૬૨, ૧૬૫, ૨૨૬, ૨૮૬, ૩૫૯, ૩૭૩, ૪૨૮, ૪૩૦, ૪૩૪
વસવાટ–૧૭૭, ૨૪૩
વસાહત–૩૭૪
વશ–૨૧૮
વાઇન–૪૪૭
વાગો (વાગા)–૩૭, ૫૪
વાતાવરણ–૩૯૫
વાદવિવાદ–૫૪, ૭૭
વાયેજ–૨, ૭૭, ૧૧૪, ૧૧૫, ૧૨૫, ૧૮૬, ૩૫૫, ૪૭૦, ૪૭૩, ૪૯૦
વારસો (વારસા)–૮૦, ૨૪૨
વાલન્ટીયર–૪૨, ૯૭, ૧૦૭
વાવટો (વાવટા)–૧૨૮, ૧૫૦, ૨૦૬
વાંક–૪૭૩
વિકાસ ૪૯૨
વિચાર (વિચારો)–૧૧૫, ૧૬૪, ૧૬૭, ૨૦૫, ૨૧૨, ૨૨૦, ૨૫૫, ૨૯૧, ૨૯૬, ૩૧૫, ૩૩૬, ૩૪, ૩૪૬, ૩૫૬, ૩૭૭, ૩૯૫, ૪૧૮, ૪૮૬
વિઝીટ–૧૭૫
વિદ્યાર્થી (વિદ્યાર્થીઓ)–૫૯, ૧૮૭, ૧૯૫, ૨૯૦, ૪૮૧, ૪૮૯
વિધવા (વિધવાઓ)–૩૭, ૭૬, ૮૩, ૪૧૯, ૪૩૭, ૪૩૮
વિરોધાભાષ–૪૯૧
વિવેચન–૫૫
વિશ્વાસઘાત–૩૭૧
વિમો (વીમા)–૧૯૧, ૩૭૯
વેપાર–૩૨, ૧૩૬, ૧૩૭, ૧૪૯, ૧૮૩, ૨૧૮, ૨૨૫, ૨૨૮, ૨૪૦, ૨૬૮, ૨૭૮, ૨૮૩, ૨૮૬, ૩૧૯, ૩૨૭, ૩૩૩, ૩૬૮, ૪૦૫, ૪૩૯, ૪૪૧, ૪૪૩, ૪૫૮, ૪૬૯
વેપારી–૪૫, ૧૬૨, ૨૭૨, ૨૭૮, ૩૧૧, ૪૨૩, ૪૨૪

વેપારીઓ–૩૬૫, ૩૬૭, ૩૭૮, ૩૮૩, ૩૯૯, ૪૦૦, ૪૨૬. ૪૩૨, ૪૩૬
વેર–૪૪૬
વેલશી ધનજી–૨૬૬
સ્કાઉટો–૧૭૨
સ્કીમ–૨૧૧, ૩૩૪, ૩૩૮, ૩૭૬
સ્કુલ (સ્કુલો)–૮૪, ૧૦૬, ૧૧૯, ૧૩૫. ૧૬૯, ૧૭૫ ૧૮૫, ૨૩૫, ૨૭૦, ૨૮૪, ૩૩૫, ૩૪૦, ૩૪૧, ૩૭૧, ૪૭૫, ૪૮૯
સગવડ–૨૮૪, ૩૮૨, ૪૫૩
સગાંવ્હાલાં–૨૭૨
સચ્ચાઇ–૧૫૯
સ્ટેજ–૧૯૯
સ્ટેટ (નિઝામ)–૧૪૪
સ્ટોર–૪૩૫, ૪૩૬
સત્વ (સત્વો)–૩૦૫, ૪૦૮, ૪૧૨
સત્તા–૧૩૫, ૨૪૬, ૩૬૫, ૪૮૩
સતાડો–૨૦૧, ૨૦૨
સ્ત્રીઓ–૭૭, ૧૦૧, ૨૩૪, ૨૫૬, ૩૩૭, ૩૫૩, ૩૬૭
સ્થાપના–૧૫૬, ૧૮૮, ૨૫૦
સફાઇ–૩૦૪, ૩૫૧
સબ્જાઅલી (ઇત્માદી)–૨૫૦
સમજ–૨૧૭, ૪૪૨
સમજણ–૨૮૫, ૩૨૧, ૩૨૨, ૪૭૩
સમય–૨૯૫, ૨૯૬, ૩૭૪, ૩૭૫
સમાચાર–૬૪, ૧૫૨, ૨૬૩, ૨૯૮, ૩૧૭, ૩૪૬, ૪૫૯
સમુહ–૨૪૦, ૪૭૧, ૪૭૨
સરખાઇ–૧૦૧, ૧૦૩, ૩૧૪, ૩૧૫
સ્લાઇડ–૨૦૭, ૪૪૩, ૪૬૯
સલાહ–૨૦, ૧૮૩, ૨૩૭, ૨૪૬, ૨૮૨, ૨૯૩, ૩૦૩, ૩૦૫, ૩૩૪, ૩૩૮, ૩૬૫, ૩૮૦, ૩૯૮, ૪૦૯, ૪૧૭, ૪૩૦
સ્વભાવ–૧૮૨
સ્વાદ–૨૦૦
સ્વાર્થ–૨૭૬, ૩૫૯, ૪૧૮
સહકાર–૧૬૦, ૨૧૪, ૨૪૩, ૨૮૧, ૨૮૨, ૨૯૩, ૨૯૭, ૩૧૯, ૩૩૯, ૩૫૮, ૪૦૦
સહાય–૨૮૪, ૨૯૭, ૪૨૬
સંજોગો–૧૦૧, ૧૧૮, ૨૯૫, ૪૨૭, ૪૩૧, ૪૫૪, ૪૫૬
સંતોષ–૨૯૨
સંદેશો (સંદેશા)–૨૫૦, ૨૯૫, ૪૨૪, ૪૯૩
સંપ–૧૧૭, ૧૯૮
સંબંધ–૬૧, ૨૩૨. ૪૩૧
સંભવ–૧૬૮, ૪૦૯
સંભાળ–૭૯, ૧૩૬, ૧૮૮. ૨૧૭, ૨૧૮, ૨૩૭, ૨૭૦, ૨૮૪, ૨૯૭, ૩૦૭, ૩૧૨, ૪૦૨
સંસ્કાર–૩૭૧
સાટા (સગપણના)–૧૩, ૧૪
સાધન (સાધનો)–૧૩૯, ૧૭૬, ૩૩૩, ૩૩૪, ૩૩૬, ૪૩૧, ૪૭૮
સામનો–૨૯૩, ૩૪૮, ૩૭૭, ૪૪૦, ૪૪૮
સારવાર–૩૦૩
સાલેહ (વઝીર)–૫. ૬
સિધ્ધાંત–૩૨૧, ૩૫૩, ૪૦૩, ૪૩૮, ૪૭૩
સીન્ડીકેટ–૪૨૧
સીલસીલો–૧૮૭
સુકાની–૨૩૨
સુખ–૩૨૭
સુચના (સુચનાઓ)–૧૯૯, ૨૩૬, ૨૪૯, ૩૦૦, ૩૪૦
સુદામો–૧૭૧
સુધારો (સુધારા)–૫૪, ૧૫૮, ૩૦૮, ૩૪૨, ૪૪૨

સુન્નત (બાળકોની)–૩૮૦
સુપ્રીમ કાઉન્સીલ–૨૯
સેક્રેટરી–૩૦૦, ૪૨૧
સેન્ટર (સેન્ટરો)–૩૨૬, ૪૨૭, ૪૫૭, ૪૫૮, ૪૭૧, ૪૭૬, ૪૭૭, ૪૭૯
સેવન–૪૦૧, ૪૧૨, ૪૧૩, ૪૨૬
સેવા–૧૦૫, ૧૦૯, ૧૧૯, ૧૨૦, ૧૨૯, ૧૩૬, ૧૩૭, ૧૫૨, ૧૫૩, ૧૫૭, ૧૬૫, ૧૯૬, ૨૩૦, ૨૮૧, ૨૮૨, ૨૮૯. ૩૦૪, ૩૭૦, ૩૮૧, ૪૯૨
સોદો–૯૬, ૩૭૯
સોનીઓ–૩૭૫
સોનુ–૧૩૮, ૧૮૦, ૩૭૪
સોસાઇટી (સોસાઇટીઓ)–૫૪, ૧૯૦ ૧૯૧, ૧૯૨, ૨૧૪ ૨૧૮, ૨૪૨, ૩૧૫, ૩૧૭, ૩૧૮, ૩૨૫, ૩૫૯, ૩૬૦, ૩૭૧, ૩૭૫, ૩૭૮, ૩૮૩, ૩૮૬, ૩૯૦, ૩૯૯, ૪૦૦, ૪૦૨, ૪૨૯, ૪૩૦, ૪૩૨, ૪૩૪, ૪૩૫, ૪૩૬, ૪૭૪
શકિત–૨૧૯, ૨૮૧, ૩૩૭, ૩૪૧, ૪૩૦
શજરો–૪૯૧
શનાખત–૭૭
શબ્દ (શબ્દો)–૧૦૪, ૨૦૫, ૨૮૨, ૪૩૦, ૪૫૩
શરબત–૨૩૮
શરાબ (દારૂ)–૧૦૯. ૧૧૦, ૧૨૦ ૧૨૧, ૨૦૦, ૨૦૧, ૩૦૬, ૩૩૨, ૩૩૩, ૩૬૧, ૪૦૧, ૪૧૨, ૪૧૩, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૪. ૪૬૫, ૪૬૬, ૪૬૭
શરીર–૧૬૨, ૨૦૧, ૨૯૮, ૪૭૬
શરૂઆત–૬૦, ૧૭૦, ૨૨૮, ૨૪૭, ૨૬૬. ૪૨૯. ૪૩૨, ૪૫૨
શાદી–૨૩, ૩૯, ૫૮, ૨૩૪. ૨૪૨, ૨૪૫, ૨૪૭, ૩૨૦, ૩૨૧, ૩૪૬, ૩૪૭, ૩૫૩, ૪૧૯
શાળાઓ–૩૧૧, ૩૫૬, ૩૭૧
શિક્ષણ–૮૩, ૯૨, ૧૦૭, ૧૧૨, ૧૧૯, ૧૨૦, ૧૨૬, ૧૩૯, ૨૧૦, ૨૧૯, ૨૨૨, ૨૨૮, ૨૭૮, ૩૩૧, ૩૩૬, ૩૭૧, ૪૦૧, ૪૪૦, ૪૭૫, ૪૭૯, ૪૮૦, ૪૮૩
શિક્ષણ (ધાર્મિક–ગુજરાતી)–૨૯, ૪૪, ૫૦, ૭૫, ૮૫, ૧૩૧, ૧૩૩, ૪૫૬, ૪૭૬, ૪૮૩
શિક્ષા–૩૭૦
શુક્ર (શુકરાના)–૨૯૩, ૪૩૯, ૪૫૪
શુક્રગુજારી–૩૧૪
શેર હોલ્ડરો–૪૨૬
શો–૧૯૩, ૪૧૭
શોખ–૫૭
શોધ–૨૩૩
હક (હકો)–૧૧, ૨૦, ૧૬૭, ૨૪૨, ૨૪૬, ૩૪૦, ૩૪૪, ૩૬૭, ૩૬૮, ૩૭૯, ૪૦૪, ૪૦૫, ૪૫૧
હકુમત (ધાર્મિક)–૩૭૯
હથિયાર–૧૧૫, ૧૧૬, ૩૦૬, ૩૩૩, ૪૪૬
હફતાઓ–૩૭૫
હબીબ (વઝીર)–૬૬
હરિફાઇ–૧૦૨, ૧૧૦, ૧૮૩, ૧૯૮, ૨૩૮, ૩૦૨, ૩૦૬, ૩૩૨, ૩૬૧, ૩૬૬, ૪૧૨, ૪૨૩, ૪૬૪, ૪૮૪
હવા–૭૭, ૮૬, ૧૧૨, ૧૮૯, ૨૦૭, ૨૧૩, ૨૯૨, ૩૫૦, ૪૭૬
હવાખોરી–૩૪૨
હવાડા–૩૨
હસદ–૩૫, ૨૧૩, ૨૫૧, ૩૦૨ ૩૧૮, ૩૬૬, ૩૬૭, ૩૭૬
હસનઅલીશાહ (ઇમામ)–૩૮૪
હાજરી–૧૫૩, ૧૫૪, ૧૫૬, ૧૬૦, ૧૭૫. ૨૪૧, ૨૭૪ ૨૮૬, ૩૦૪, ૩૩૭

હાજી એસ. જી. (ડોકટર)–૫૩
હાજી નજરઅલી (કામડીઆ–૧૧
હાડમારી–૬૭
હાથ (હાથે)–૪૧, ૪૨, ૮૯, ૧૦૨, ૧૨૩ ૧૩૦, ૧૩૨, ૧૭૮, ૨૫૧ ૨૫૩, ૨૬૩, ૨૮૭, ૩૦૯, ૩૧૦, ૩૨૨ ૩૩૧, ૩૩૯
હાની–૨૬૧
હાનીકારક–૩૦૭
હાર જીત–૩૯૨
હાલત–૬૧, ૧૧૦, ૧૬૪, ૧૮૨, ૧૯૧, ૨૦૩, ૨૫૮, ૨૬૪, ૨૭૧, ૨૮૭, ૨૮૮, ૨૯૧, ૩૧૫, ૩૨૬, ૩૩૪, ૩૬૦, ૪૪૭, ૪૫૦, ૪૬૦, ૪૮૮
હિંમત–૮૦, ૧૦૨, ૧૧૯, ૨૧૨, ૨૩૫, ૨૬૨, ૩૩૫, ૩૬૨
હિસાબ–૧૯, ૬૪
હુકમ–૧૫, ૨૯, ૬૨, ૬૩, ૯૦, ૯૫, ૯૬, ૧૦૦, ૧૦૨, ૧૩૨, ૧૫૯, ૧૭૩, ૧૮૬, ૨૯૨
હુન્નર–૭૨, ૨૧૪, ૩૭૫
હુન્નરશાળા–૧૮૪, ૧૮૫
હુમલો–૧૫૮
હેતુ–૧૯૬, ૨૦૪, ૨૯૧, ૩૭૭
હેલ્થ સેન્ટર–૪૫૬, ૪૭૯
હૈયાતી–૧૭૧
હોદો–૨૬૩
હોમ–૨૮૭, ૪૨૭, ૪૨૯, ૪૪૮, ૪૮૮
હોસ્પીટલ–૧૬૩, ૪૪૪
ક્ષેત્ર–૯૧, ૧૧૪, ૧૪૧, ૧૫૨, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૬૩, ૨૭૨, ૨૭૫, ૩૪૩, ૪૪૧
જ્ઞાન–૧૧૧, ૧૬૩, ૨૦૪, ૨૪૯, ૨૫૭, ૨૭૨, ૩૫૫, ૩૬૪, ૩૭૯, ૪૦૧

(પાના ૪૯૩નું અનુસાધન)

## ફરમાન ૬૦૪

પુના (યરોડા પેલેસ) તા. ૧૫-૧-૫૧.

હક મૌલાના ધણી સલામત સરકાર **સુલતાન મોહમ્મદશાહ** હાઝર ઇમામે, ઇસમાઇલીયા એસોસીએશન ફોર ભારતના ઓફીસરોએ અર્જ ગુજારી કે "મોટી ઉમરનાઓ નવી દુઆ મોઢે કરી શકતા નથી તેમણે શું કરવું?" એ ઉપરથી ફરમાવ્યું:

**"જેઓને નવી દુઆ મોઢે ચઢતી ન હોય તો તેઓ પોતે ભલે જુની દુઆ પડે અથવા ત્રણ તસ્બી 'યા અલ્લાહ, યા મોહમ્મદ અને યા અલી' ના નામની કાઢે પણ જમાતખાનામાં તો નવી જ દુઆ પડવી."**

ભારતમાં સર્ટીફીકેટ વગર વાએઝ કરવા બાબતમાં ફરમાવ્યું:

**"અમે ઇચ્છીએ છીએ કે બધા ઇસમાઇલીઓ વાયેઝ કરે. જમાતના મુખી જેને હુકમ આપે તે વાયેઝ કરે પણ જો તેની વાએઝમાં કાંઇ વાંધા ભરેલું જણાય તો તેને વાએઝ કરવા દેવી નહિ. સાધારણ ભુલો થાય તો હરકત નથી કારણ કે તે પાછળથી સુધારી શકાય છે. ખાનાવાદાન."**